Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Sosa, Amarsinh R., 2008, *નિરાંત મહારાજ: જીવન અને કવન - એક અધ્યયન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/242

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે પ્રસ્તુત કરવામાં આવેલ મહાનિબંધ.

**મહાનિબંધનું શીર્ષક**

# ''નિરાંત મહારાજ : જીવન અને કવન– એક અધ્યયન''


**❁ પ્રસ્તુત કરનાર ❁**

**પ્રા. અમરસિંહ રાણાભાઈ સોસા**

ગુજરાતી વિભાગ

શ્રી એમ. એન. કંપાણી આર્ટ્સ અને

શ્રી એ. કે. શાહ કોમર્સ કૉલેજ,

માંગરોળ, જિ. જુનાગઢ.

**❁ માર્ગદર્શન ❁**

**ડૉ. નાથાલાલ ગોહિલ**

અધ્યક્ષ

ગુજરાતી અનુસ્નાતક વિભાગ,

એન. પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,

કેશોદ, જિ. જુનાગઢ.



**૨૦૦૮**

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે, પ્રા. સોસા અમરસિંહ રાણાભાઈએ ‘‘નિરાંત મહારાજઃ જીવન અને કવન-એક અધ્યયન’’ વિષય પરનો મહાનિબંધ વિનયન વિદ્યાશાખામાં ગુજરાતી વિષયમાં પીએચ.ડી. ની પદવી માટે તૈયાર કર્યો છે. આ મહાનિબંધ મારા માર્ગદર્શન હેઠળ અને મારાં સલાહ-સૂચનો અનુસાર તૈયાર કર્યો છે. આ વિષયમાં તેમણે કરેલું સંશોધન મૌલિક છે.

વિશેષમાં આ મહાનિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયેલ નથી, તેમ કોઈ પદવી માટે અન્ય યુનિવર્સિટીમાં રજૂ કર્યો નથી.

તારીખ :

સ્થળ :

(ડૉ. નાથાલાલ ગોહિલ)

અધ્યક્ષ,

ગુજરાતી અનુસ્નાતક વિભાગ,

એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,

કેશોદ. જિ. જુનાગઢ.

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| ૦૧ | નિવેદન | I |
| ૦૨ | અધ્યયનનું કાર્યઃ ક્ષેત્ર અને મર્યાદા | III |
| ૦૩ | પ્રકરણ - ૧<br>નિરાંતનું પૂર્વકાલીન-સમકાલીન સમાજજીવન<br>(સાંસ્કૃતિક પરિવેશ) | ૧ |
| ૦૪ | પ્રકરણ - ૨<br>નિરાંત મહારાજઃ જીવન અને કવન | ૩૮ |
| ૦૫ | પ્રકરણ - ૩<br>નિરાંત મહારાજની કાવ્ય સંપદા | ૮૩ |
| ૦૬ | પ્રકરણ - ૪<br>જ્ઞાનમાર્ગ અને નિરાંત મહારાજ | ૨૬૪ |
| ૦૭ | પ્રકરણ - ૫<br>નિર્ગુણમાર્ગ અને નિરાંત મહારાજ | ૩૩૮ |
| ૦૮ | પ્રકરણ - ૬<br>નિરાંત સંપ્રદાયઃઉદ્‌ભવ અને વિકાસ | ૩૬૪ |
| ૦૯ | પ્રકરણ - ૭<br>સામાજિક ક્રાન્તિકારી નિરાંત મહારાજ | ૪૩૪ |
| ૧૦ | પ્રકરણ - ૮<br>નિષ્કર્ષ અને સમાપન | ૪૫૯ |
| ૧૧ | પરિશિષ્ટ | ૪૬૮ |
| ૧૨ | સત્સંગીઓની પ્રત્યક્ષ મૂલાકાત. | ૪૭૨ |

# નિવેદન

સંતસાહિત્ય પ્રત્યે મને હંમેશા આકર્ષણ રહ્યું છે. મારા રસ અને રુચિનો વિષય પણ સંતસાહિત્ય જ છે. મારા પરિવારના આધ્યાત્મિક વાતાવરણે પણ, તેમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ભજન-સત્સંગના માહોલ વચ્ચે જ મારો ઉછેર થયો છે. મારા વિદ્યમાન વડીલ બંધુ જગુભાઈ પણ સંતવાણીના રંગે રંગાયેલા છે. તેઓ મને સતત માર્ગદર્શન આપતા રહ્યા છે. તેઓ હંમેશા કહ્યા કરે છે કે, 'ભજન ગાવા માટે નથી, પણ ભજન કરવા માટે સંતોએ ભજન સર્જ્યાં છે.' બાળપણથી સંતવાણીનું સતત શ્રવણ કરવાનો જે લાભ પ્રાપ્ત થયો, તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. મારા ઉચ્ચ શિક્ષણના અભ્યાસ દરમિયાન પણ, સંતસાહિત્ય પ્રત્યે મને હંમેશા લગાવ રહ્યો છે. જ્ઞાતિ-જાતિ અને વર્ણના ભેદનું તિરોધાન કરતું, તથાકથિત કથાકારો, ધર્મગુરુઓના પાખંડ, દંભ અને ઢોંગને અનાવૃત કરતું ; આ સાહિત્ય મારા મનને હરહંમેશ ભાવતું રહ્યું છે. અધ્યાત્મના પ્રશ્નોને ચર્ચતું, આ સાહિત્ય સંસાર-વ્યવહાર જીવનના પ્રશ્નોને પણ ચર્ચે છે. તથાગત બુદ્ધના સમતા, સમાનતા, માનવતા અને બંધુભાવના આદર્શને ચરિતાર્થ કરતું આ સાહિત્ય માનવ-માનવ વચ્ચે સર્જાતી વિસંવાદિતાને દૂર કરી, સંવાદિતા સ્થાપિત કરે છે. એ રીતે સંતસાહિત્ય ભારતીયતાને અખંડિત્ રાખવા સક્ષમ છે, તેવું મને સમજાયું છે.

ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં સંતસાહિત્ય વિશે છેલ્લા બે દશકથી સંશોધન કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. હું પણ ઘણા સમયથી સંતસાહિત્ય વિષયક સંશોધન કાર્ય કરવાનું વિચારી રહ્યો હતો. તેવામાં મારા આદરણીય પ્રોફેસર ડૉ. નાથાલાલ ગોહિલ સાહેબે મારી રૂચિને ધ્યાનમાં લઈ, મને સંતસાહિત્ય સંશોધન માટે પ્રોત્સાહિત કર્યો. ડૉ. ગોહિલ સાહેબે સંતસાહિત્ય વિશે ઘણું સંશોધન કર્યું છે. ગુજરાતી સંતસાહિત્યમાં, જે જુદા જુદા પંથ-સંપ્રદાય છે, તે સર્વનો અભ્યાસ કરી, સંશોધન મૂલક ઘણું સારૂં કાર્ય કર્યું છે. તેઓ શ્રીના લખેલા પુસ્તકોમાં સૌપ્રથમ 'સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ', 'આગમવાણી', 'સંતવાણીનું સત્ત્વ અને સૌંદર્ય', 'સતી લોયણના ભજનો', 'રવિએ રમતા દીઠો', 'મોરલો મરત લોકમાં આયો', 'સત્‌સાહેબની સરવાણી' અને બીજાં અનેક પુસ્તકો પ્રકાશિત કર્યા છે. સૌરાષ્ટ્રમાં ઝવેરચંદ મેઘાણી અને જયમલ પરમાર પછી, સંતસાહિત્યમાં સંશોધન-સંપાદનનું ઉમદાકાર્ય જો કોઈએ કર્યું હોય તો તે મારા આદરણીય પ્રોફેસર ડૉ. નાથાલાલ ગોહિલ સાહેબ છે. તેમણે મને માત્ર પ્રોત્સાહિત જ નથી કર્યો, પરંતુ સમયે સમયે મને સંતસાહિત્ય વિશે, પૂરેપૂરૂં માર્ગદર્શન પણ આપ્યું છે. આ ઉપરાંત જરૂરી સંદર્ભગ્રન્થો વિશેની માહિતી તેમજ સૂચનો પણ કરતા રહ્યા છે. ડૉ. ગોહિલ સાહેબનું માર્ગદર્શન પ્રાપ્ત થયું, એને હું મારૂં સદ્‌ભાગ્ય સમજાું છું.

આ સંશોધન કાર્યમાં મારા સહકર્મી પ્રોફેસર ડૉ. રમેશ મહેતા, પ્રા. સતીશ દવે, ડૉ. સંજય પંડયા, ડૉ. સુરેશ ઉપાધ્યાય, પ્રા. કાર્તિક ભડાણિયા, મનજીભાઈ બડવા વગેરે મિત્રોએ પણ, મારા આ કાર્યમાં રસ દાખવી, મને પ્રોત્સાહિત કર્યો છે.

આ સંશોધન કાર્યમાં અમારા આચાર્ય ડૉ. હમીરસિંહ ઝણકાત સાહેબે પણ સાથ-સહકાર આપ્યો છે. સંદર્ભગ્રન્થો કૉલેજની લાઈબ્રેરીમાંથી જ મળી રહે, તે માટે વ્યવસ્થા કરવા હંમેશા તત્પર રહ્યા છે. તેમણે મને જે સુવિધા પ્રાપ્ત કરી આપી, તે બદલ તેમનો આભાર માનું છું.

આ મહાનિબંધના ફિલ્ડવર્ક માટે જે તે ગાદીસ્થાનો, આશ્રમો અને સંતો-મહંતોની મૂલાકાત લેવા દૂરદરાજ વિસ્તારોમાં જવાનું થયું ત્યારે, મારા શ્વસુર દેવગઢ બારિયા, જિ. દાહોદ ડૉ. રાજુભાઈ મયાત્રા અને મારા સાસુ શ્રીમતિ જસુબેન આર. મયાત્રા પોતાની મોટરની વ્યવસ્થા ડ્રાઈવર સહિત કરી આપતા હતા. તેમનો પણ આ તકે આભાર માનું છું. ઉપરાંત મારી સમ્યકદર્શિની (પત્નિ) હંસા, મારા બન્ને સંતાન મૌલિક અને દૃષ્ટિ એ પણ મારા આ કાર્યમાં સતત સહયોગ આપ્યો છે. આ સાથે શ્રી રામ કોમ્પ્યુટર અને જોયસ્ટિક કોમ્પ્યુટર-કેશોદ અનુક્રમે દિનેશભાઈ ફળદુ અને રજનીભાઈ જાવિયા એ આ મહાનિબંધનું જે ચિવટપૂર્વક કાર્ય કરી આપ્યું તેમનો પણ આ તકે આભાર માનું છું.

આ શોધપ્રબંધના કાર્યમાં 'નિરાંત સંપ્રદાય'ના આશ્રમો-ગુરુગાદીઓ જેવી કે, દેથાણ-તા. કરજણ, મિયાગામ-તા. કરજણ, માલોસણા-તા. વડગામ વગેરે ગાદીપતિઓના સલાહ-સૂચન પ્રાપ્ત થયાં છે. 'નિરાંત સંપ્રદાય'ના વયોવૃદ્ધ આચાર્ય જયદેવ બાપુ 'કબીર પંથ'ના વયોવૃદ્ધ આચાર્ય અમરદાસ બાપુ, 'સત્‌નામ સતસંગ આશ્રમ-મિતિયાજ, તા. કોડીનારના' મહંત નારણરામ બાપુ અને બીજા અનેક સતસંગીઓએ મારી સમજણને વિશદ્ કરી છે. આ તકે તેમનો આભાર માનું છું. મારા આ સંશોધનકાર્યમાં રસ લેનારા વડીલો, મિત્રો, સ્વજનો, સહકર્મીઓનો આભાર માનું છું. આ તકે પુનઃ ડૉ.નાથાલાલ ગોહિલ સાહેબનો આભાર માની, કૃતજ્ઞતા વ્યક્ત કરૂં છું.

પ્રા. સોસા અમરસિંહ રાણાભાઈ
ગુજરાતી વિભાગ,
શ્રી એમ. એન. કંપાણી આર્ટ્સ અને
શ્રી એ. કે. શાહ કોમર્સ કૉલેજ
માંગરોળ, જિ. જુનાગઢ

# અધ્યયનનું કાર્યઃ ક્ષેત્ર અને મર્યાદા

માનવસર્જિત્ સર્વ લલિતકળાઓમાં સાહિત્યકળા વિશિષ્ટ અને અનુપમ છે. લેખક કે કવિ પોતાના સંવેદનને ભાષાના માધ્યમથી અભિવ્યક્ત કરે છે. આ અભિવ્યક્ત થયેલું સંવેદન, દેશ, કાળ, પરિવેશ અને લેખક કે કવિના કુળગત સંસ્કારથી પ્રભાવિત થયેલું હોય છે. લેખક કે કવિ જે સમયમાં જીવે છે, તે સમયના સમાજની તાસીર ને પણ તે પ્રગટ કરે છે. કવિ કે લેખક પોતાના સમયનું સંતાન હોય છે. તેથી તેના સામાજિક પરિવેશથી તે અળગો રહી શકતો નથી. સાહિત્યકાર ક્રાન્તદષ્ટા હોય છે. આ ક્રાન્તદષ્ટા કવિ પોતાનો યુગધર્મ બજાવે છે. આ યુગધર્મ બજાવવા માટે કવિ સમાજમાં પ્રવર્તતી સામાજિક, રાજકીય, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ગતિવિધિ પ્રતિ સૂક્ષ્મ દષ્ટિ રાખે છે. કવિ કે લેખક સમાજજીવનના આ પરિવેશને ઝીલે છે. આ સાંસ્કૃતિક પરિવેશ પોતાની અભિવ્યક્તિનો વિષય બને છે.

ભારતીય સંસ્કૃતિ કોઇ એક ધર્મ/સંપ્રદાય કે કોઇ એક પરંપરા આધારિત નથી. ભારતીય સંસ્કૃતિ વિવિધ રંગી છે. ભાષા, જાતિ, વર્ણ અથવા નસ્લ અને ધર્મની દષ્ટિએ ભારતીય સંસ્કૃતિ વિકસી છે. ભારતનું સામાજિક માળખું, વર્ણવ્યવસ્થા અર્થાત્ જ્ઞાતિ-જાતિ આધારિત રહ્યું છે. જાતિ-જ્ઞાતિ આધારિત સંસ્કૃતિ રહી હોવાથી, તેમના રીત-રિવાજ, ખાન-પાન, પહેરવેશ, ભાષા અથવા બોલી ધર્મ/સંપ્રદાય વિધિ-વિધાન, આસ્થા, શ્રદ્ધા-અંધશ્રદ્ધા- મૂલ્યો, આદર્શો અને પરંપરાઓમાં વિવિધતા રહી છે.આ પ્રકારની વિવિધતા હોવાથી, સદીઓથી ભારતીય સમાજ વિભાજિત રહ્યો છે. આ વિભાજતિ ભારતીય સમાજમાં માત્ર ઊંચવર્ણ અને નિમ્નવર્ણ એવા બે વર્ણો નથી. આ સામાજિક વ્યવસ્થાની ઈમારત માત્ર અસમાનતાના પાયા ઉપર જ નથી, પરંતુ ક્રમિક અસમાનતા પાયા ઉપર ઊભેલી છે. આ ક્રમિક અસમાનતાએ અનેક જ્ઞાતિઓનું સર્જન કર્યું. ભારતમાં હજારોની સંખ્યામાં જ્ઞાતિઓ જોવા મળે છે. આ જ્ઞાતિઓ પરસ્પર ઊંચ-નીચની ભાવનાથી ગ્રસિત રહી છે. પરિણામે ભારતીય સમાજનું સામાજિક, રાજકીય, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક જીવન અસ્ત-વ્યસ્ત રહ્યું. તથાગત બુદ્ધ જેવા મહાપુરૂષોએ ભારતીય સમાજ જીવનને સ્વચ્છ અને સ્વસ્થ કરવા ઘણા પ્રયત્નો કર્યા. ઈ.સ. પૂર્વે પાંચમી સદીથી આ પ્રકારના પ્રયત્નો શરૂ થયા, તેવું નિર્વિવાદ રીત કહી શકાય. કેમ કે 'શ્રમણધર્મ' અને 'બ્રાહ્મણધર્મ'નો સંઘર્ષ સદીઓથી રહ્યો છે.

ભારતીય સંતસાહિત્યનો પ્રારંભ કબીરસાહેબ થી શરૂ થાય છે. અલબત્ત તે પૂર્વે પણ ભારતમાં સંતધારા પ્રવાહમાન હતી જ. પરંતુ સંતસાહિત્ય એવો શબ્દ પ્રયોગ કબીરસાહેબના જીવન-કવનથી શરૂ થાય છે તેમ વિદ્વાનોનું કહેવું છે. સંતસાહિત્યનો પ્રારંભ કબીરસાહેબથી થયો, તેમ માની આપણે મધ્યકાલીન સંતસાહિત્યનું યોગ્ય મૂલ્યાંકન કરવું જોઈએ. સંતસાહિત્યની પોતિકી એક આગવી ઓળખ રહી છે. આ સંતધારામાંથી અનેક સંત પરંપરાઓ વિકસી છે. જેમ કે મહાધર્મ અથવા નિજારપંથ, રવિ-ભાણ સંપ્રદાય, અખો અને તેમની પરંપરા, નિરાંત સંપ્રદાય, આમ વિવિધ પ્રકારની સંતપરંપરાઓ વિદ્યમાન રહી છે.

પ્રસ્તુત મહાનિબંધનો વિષય છે 'નિરાંત મહારાજ : જીવન અને કવન-એક અધ્યયન.' નિરાંત મહારાજ ઉત્તરમધ્યકાળના નિર્ગુણમાર્ગી સંતકવિ છે. તેના જીવન અને કવનનો સ્પષ્ટ અને સર્વગ્રાહી અભ્યાસ રજૂ કરવાનો આ મહાનિબંધમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. નિરાંત મહારાજ અને તેમના સર્જનાત્મક સાહિત્ય વિશે કોઈ તલસ્પર્શી કહી શકાય તેવો અભ્યાસ થયો નથી. આ સંતકવિ ઉપેક્ષિત રહ્યા છે. તેમના જીવન અને કવનનો વિસ્તૃત અભ્યાસ અહીં રજૂ કર્યો છે.

આ શોધપ્રબંધમાં નિરાંત મહારાજ દ્વારા સ્થાપિત 'નિરાંત સંપ્રદાય' તેનો ઉદ્દ્ભવ અને વિકાસ. આ ઉપરાંત વર્તમાન સમયમાં નિરાંત સંપ્રદાયની ગતિ-વિધિ, સ્થિતિ, તેમજ નિરાંત મહારાજના સાહિત્યમાં પ્રગટ થતા વિચારો, સિદ્ધાંતો અને ઉપાસના પદ્ધતિને તંતોતંત પ્રગટ કરવાનો મારો હેતુ રહ્યો છે. 'નિરાંત સંપ્રદાય'ની ગુરુગાદીઓ તેમજ વર્તમાન સમયમાં પ્રસ્થાપિત એવા નિરાંતધામ-આશ્રમો અને તેમની પરંપરાના વિદ્યમાન શિષ્યોની પ્રત્યક્ષ મૂલાકાત લીધી છે. નિરાંત મહારાજની પ્રાપ્ય કૃત્તિઓનું સંશોધન કરીને નિરાંત તથા તેમના સંપ્રદાય વિશે નિ:શેષ માહિતી પ્રાપ્ત કરી છે. આ શોધપ્રબંધમાં પ્રસ્તુત વિષયને વૈજ્ઞાનિક દષ્ટિકોણથી તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. તેમજ સંશોધનની શિસ્ત મુજબ વિવિધ પ્રકરણોમાં પ્રસ્તુત વિષયને વિભાજિત કર્યો છે.

નિરાંત મહારાજના સર્જનાત્મક સાહિત્યને આઠ પ્રકરણોમાં વિભાજિત કર્યું છે. જે નીચે પ્રમાણે છે.

પ્રકરણ-૧ માં 'નિરાંત મહારાજ: પૂર્વકાલીન-સમકાલીન સ્થિતિ (સાંસ્કૃતિક પરિવેશ)'નું નિરૂપણ કર્યું છે. તેમાં રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનો વિગતે અભ્યાસ કર્યો છે. આ સમય દરમિયાન ગુજરાતમાં સર્વક્ષેત્રે પ્રવર્તતી

અંધાધૂંધી અને અરાજકતાનું ચિત્ર સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે.

પ્રકરણ-૨ માં નિરાંત મહારાજના જીવન વૃતાંતને આલેખિત કર્યું છે. મધ્યકાલીન ગુજરાતી સંતસાહિત્યના ઇતિહાસમાં ઉપેક્ષિત રહેલા, આ સંતકવિની સર્જક પ્રતિભાનું અહીં મૂલ્યાંકન કર્યું છે. તેમના પૂર્વજો વિશેની દંતકથા, જન્મ, ગૃહસ્થ જીવન, ગુરુપ્રાપ્તિ, સંત જીવન અને 'નિરાંત સંપ્રદાય' વિશેની માહિતીનો સમાવેશ કર્યો છે.

પ્રકરણ-૩ માં નિરાંત મહારાજના સર્જનાત્મક સાહિત્યનો પરિચય આપી, તેમના સાહિત્યનું યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કર્યું છે. નિરાંત મહારાજના સાહિત્યનું અહીં આ પ્રકરણમાં વિષયગત તેમજ સ્વરૂપગત વિભાજન કરી, તેનું મૂલ્યાંકન કર્યું છે.

પ્રકરણ-૪ માં જ્ઞાનમાર્ગની ભૂમિકા અંતર્ગત વેદ-વેદાંત, ષડ્દર્શન, લોકાયિતો, ચાર્વાક, બૌદ્ધદર્શન, જૈનદર્શન અને સંતમતની વિવિધ સાધના ધારામાંથી પ્રગટ થતા, જ્ઞાનમાર્ગનું આલેખન કર્યું છે. ત્યારબાદ મધ્યકાલીન જ્ઞાનમાર્ગ ધારાને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાએ પોતાનું એક અલાયદું સ્વરૂપ ધારણ કર્યું, તે પૂર્વેની પ્રાક્નરસિંહ યુગની સામાજિક પરિસ્થિતિનું નિરૂપણ કરી, સંતમત દર્શનની વ્યાપક ચર્ચા કરી છે.ત્યાર પછી જ્ઞાનમાર્ગી નિરાંત મહારાજનું મૂલ્યાંકન કર્યું છે.

પ્રકરણ-૫ માં નિર્ગુણમાર્ગની પૂર્વભૂમિકા ચર્ચી, મધ્યકાલીન સંતસાહિત્યના નિર્ગુણમાર્ગીની સમીક્ષા કરી છે. તદ્‌વિષયક વિદ્વાનોના મંતવ્યોનો આધાર લીધો છે. સંતમત ધારામાં નિર્ગુણમાર્ગનો પ્રારંભ પ્રાગૈતિહાસિક છે. તે વિશે આધારભૂત મંતવ્યોનો અહીં ઉપયોગ કર્યો છે. એજ રીતે મધ્યકાલીન નિગુર્ણમાર્ગના ઉદ્‌ભવની પાર્શ્વભૂમાં સામાજિક જીવનની સ્થિતિગતિને તપાસી છે. વિદ્વાનોએ નિર્ગુણમાર્ગ વિશે કરેલા નિરીક્ષણોનો અહીં આધાર લીધો છે.

પ્રકરણ-૬ માં 'નિરાંત સંપ્રદાય: ઉદ્‌ભવ અને વિકાસ'ની ચર્ચા કરી છે.તત્કાલીન પરિસ્થિતિમાં સંપ્રદાયની પ્રસ્તુતતા, તેનું દર્શન, વર્તમાનમાં તેની ઉપયોગિતા અને તે દ્વારા સમાજ જીવન ઉપર પડેલા પ્રભાવની ચર્ચા કરી છે. ઉપરાંત 'નિરાંત સંપ્રદાય' ના પૂર્વકાલીન-સમકાલીન સમાજ જીવનને ચર્ચવાનો પણ ઉપક્રમ રાખ્યો છે. 'નિરાંત સંપ્રદાય'નો ઉદ્‌ભવ કઇ પરિસ્થિતિમાં થયો, તે વિશે પણ ચર્ચા કરી છે. નિરાંત મહારાજની શિષ્ય પરંપરા, ગુરૂગાદીની ગુપ્તતાને પણ અહી પ્રગટ કરી છે.

પ્રકરણ-૭ માં ક્રાન્તિકારી તરીકે નિરાંત મહારાજનું મૂલ્યાંકન કર્યું છે. તેમના જીવન અને કવનમાંથી પ્રગટ થતા ક્રાન્તિકારી વિચારોને અહીં આલેખિત કર્યા છે.

પ્રકરણ-૮ માં આ મહાનિબંધ વિશેના તારણો અને નિર્ગુણમાર્ગી સંતસાહિત્ય વિશે તથા નિર્ગુણ માર્ગી નિરાંત મહારાજ વિશે મહત્ત્વના નિર્દેશો કરવોના ઉપક્રમ રાખ્યો છે.

◈ ◈ ◈

## અભ્યાસની મર્યાદાઓ

- Þ અભ્યાસ અને સંશોધન માટે પ્રસ્તુત મહાનિબંધમાં વડોદરાના રાજવી શ્રી સયાજીરાવ ગાયકાવડે તેમના કેળવણી ખાતા દ્વારા ઈ.સ. ૧૮૯૦ માં પ્રગટ કરાવેલ 'નિરાંત કૃત કવિતા' પુસ્તકને અભ્યાસમાં લીધું છે.
- Þ પ્રસ્તુત મહાનિબંધમાં 'નિરાંત સંપ્રદાય' દ્વારા ગ્રન્થરૂપે પ્રકાશિત કરેલા પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- Þ 'નિરાંત સંપ્રદાય'ના આશ્રમ, ગુરુગાદીઓની પ્રત્યક્ષ મૂલાકાત લીધી છે.
- Þ 'નિરાંત સંપ્રદાય'ના સત્સંગીઓની પણ પ્રત્યક્ષ મૂલાકાત લીધી છે.
- Þ 'નિરાંત મહારાજ : જીવન અને કવન એક-અધ્યયન'નો વિષય હોવાથી, અન્ય સંત પરંપરાઓ, આશ્રમો કે ગુરુગાદીઓની મૂલાકાત કે તત્સંબંધી ધાર્મિક પુસ્તકોનો આ અભ્યાસમાં સમાવેશ કર્યો નથી.

આમ, આ શોધપ્રબંધમાં ઉત્તરમધ્યકાલીન સંતકવિ નિરાંત મહારાજના સર્જનાત્મક સાહિત્ય ને તેમજ 'નિરાંત સંપ્રદાય'ના ઉદ્‌ભવ અને વિકાસની ગતિવિધિ અને સ્થિતિને તપાસી છે. ઉપરાંત નિરાંત મહારાજના સામાજિક પ્રદાનને પણ લક્ષમાં લઈ, તેમનું સર્વગ્રાહી મૂલ્યાંકન કર્યું છે.

# પ્રકરણ-૧
# નિરાંતનું પૂર્વકાલીન-સમકાલીન સમાજજીવન
## (સાંસ્કૃતિક પરિવેશ)

### ◈ *પ્રસ્તાવના :*

નિરાંત મહારાજ ઉત્તરમધ્યકાળના, નિર્ગુણમાર્ગી ધર્મસાધનાના સંતકવિ છે. તેમનો સમય અઢારમી અને ઓગણીસમી સદીની વચ્ચેનો રહ્યો છે. તેમનો જન્મ ઈ.સ. ૧૭૪૭ માં અને નિર્વાણ ઈ.સ. ૧૮૫૨માં થયું હતું. તેઓ રવિસાહેબ, સ્વામી સહજાનંદ, પ્રીતમ, ધીરો, સંત ભોજલરામ અને દયારામના સમકાલીન હતા. તત્કાલીન ગુજરાતાનું સમાજ જીવન સર્વક્ષેત્રે અંધકારમાં સબડતું હતું. ત્યારે આ સંતકવિઓએ, પોતાના જીવન અને કવન વડે સમાજ જીવનને સતત પ્રકાશિત રાખવાનો પ્રયાસ કર્યો હતો. જ્ઞાન, ભક્તિ અને ઉપદેશ વડે પ્રજાજીવનને સતત પોષણ આપી પરિપ્લાવિત કર્યું હતું અને એટલે જ તો વિદ્વાનો એ આ નિગુર્ણમાર્ગી સંતકવિઓને ભારતીય સંસ્કૃત્તિના વિવેક વણજારા કહ્યા છે.

નિરાંત મહારાજના પૂર્વકાલીન સમયના ગુજરાત વિશે જોઈએ તો - ભારતમાં મોગલસત્તા નામશેષ થઈ ગઈ હતી. તેનો પ્રભાવ પણ રહ્યો ન હતો. તે પછી મારઠી સત્તાનો પ્રાદુર્ભાવ થયો હતો. પેશવાઈ સત્તાનો ઘણો પ્રભાવ હતો. રાજકીય રીતે સમગ્ર દેશ છિન્ન-ભિન્ન હતો. ગુજરાતના સુબાઓ સ્વતંત્ર થવા લાગ્યા હતા. મુલકગિરિ, ઈજારાશાહી, વેઠની પ્રથા, દુષ્કાળ, ખોટા રીત-રિવાજો, અંધશ્રધ્ધાઓ, જ્ઞાતિસંસ્થાની જડતા, વહેમો, ભૂતપ્રેતની માન્યતાઓ, અસ્પૃશ્યતા આ સર્વ આપણો પરિવેશ હતો. રાજ્યો છિન્ન ભિન્ન હતાં. રાજાઓ પણ સારી રીતે રાજ્યવહીવટ કરતા ન હતા. રાજાઓ લૂંટારા જેવા હતા. અપવાદરૂપે કોઈક રાજાઓ ઘણા જ સારા હતા. વડોદરામાં ગાયકવાડનું રાજ્ય હતું. ગાયકવાડને પેશ્વા લૂંટતો, ગાયકવાડ ઈજારદારોને લૂંટતા. આમ લૂંટણખોરીનો ભોગ પ્રજા બનતી હતી. ખેડૂત, મજુર અને કારીગરોનો વ્યવસાય કરનારા લોકોનું જીવન યાતનામય હતું.

સામાજિક, રાજકીય, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃત્તિક અધઃપતનના વમળમાં ફસાઈ ગયેલા સમાજને, નિર્ગુણમાર્ગી સંતકવિ નિરાંતે પોતાની જ્ઞાનાશ્રયી કવિતા અને ઉપદેશ વડે, માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. નિરાંત મહારાજ નિગુર્ણમાર્ગી સંતકવિ હતા. તેમની જ્ઞાનાશ્રયી કવિતા સમાજજીવનમાં શાંતિ અને સ્વસ્થતા નિર્મા કરવાના પ્રયત્નસમી લાગે છે. નિરાંત મહારાજનો કવનકાળ અંધાધૂંધી અને અરાજકતાના સમયમાં શરૂ થયો હતો. તેમની જ્ઞાનાશ્રયી કવિતામાં તત્કાલીન સમયના કેટલાક સંકેતો પ્રાપ્ત થાય છે. કોઈપણ કવિ

પોતાના સમયના પરિબળોને ઝીલતો હોય છે. તેમના સર્જનકાર્યમાં આસપાસનો પરિવેશ પ્રતિબિંબિત થતો હોય છે. નિરાંત મહારાજ નિર્ગુણમાર્ગી સંત પરંપરાના પ્રવાસી હતા. મધ્યકાળની નિગુર્ણ સંતપરંપરાએ પ્રજાજીવનની વચ્ચે રહીને, તેમના સુખદુ:ખમાં પ્રત્યક્ષ ભાગ લીધો હતો અને તેથી જ તો તેઓ 'લોકસંતો' પણ કહેવાય છે. આ નિર્ગુણમાર્ગી સંત કવિઓના ધર્મને વિદ્વાનોએ 'લોકધર્મ' કે 'માનવધર્મ' પણ કહ્યો છે.

નિરાંત મહારાજના કવનનો વિષય નિર્ગુણનિરાકાર અને માનવધર્મનો રહ્યો છે. તે અંતર્ગત જ્ઞાન, ભક્તિ, ઉપદેશ, વૈરાગ્ય અને નિવૃત્તિમાર્ગનો મહિમા તેમણે ગાયો છે. નિરાંત મહારાજનું કવિ કર્મ અને સમાજ પ્રત્યેનું તેમનું ઉત્તરદાયિત્ત્વ ધ્યાનાર્હ છે. પ્રસ્તુત પ્રકરણમાં નિરાંતના પૂર્વકાલીન અને સમકાલીન સમાજ જીવનના સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થિતિને અભિવ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે. જે નીચે પ્રમાણે છે :

## ◈ *સમાજિક સ્થિતિ :*

ભારતની સામાજિક સ્થિતિ અન્ય દેશોની તૂલનાએ જુદી છે. સાંપ્રતમાં ભારતીયસમાજ હજારો જ્ઞાતિઓમાં વિભાજિત છે. જુદી-જુદી જ્ઞાતિ-જાતિમાં વિભક્ત ભારતીય સમાજનું નિર્માણ શું પ્રથમથી જ થયેલું છે ? આર્યપ્રજાના 'ઋગ્વેદ' ગ્રંથમાં કહ્યું છે તેમ, શું બ્રહ્માએ સમાજ વ્યવસ્થાની રચના કરી છે ?! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર ઉપરાંત અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિમાં ગણાતી જ્ઞાતિઓનું સર્જન શું બ્રહ્મા નામના ભગવાને કર્યું છે ?! આ પ્રશ્ન નો ઉત્તર શોધવા માટે આપણે ઈતિહાસમાં ડોકિયું કરવું જોઈએ.

વૈદિક સાહિત્યનો સર્વપ્રથમ ગ્રન્થ 'ઋગ્વેદ' છે. આ 'ઋગ્વેદ' નું અધ્યયન કરીએ તો જણાશે કે, તે સમયનું ભારતીય સમાજજીવન અંધકાર ભર્યા સમયમાંથી પસાર થઈ રહ્યું હતું. આ 'ઋગ્વેદ'માં આર્ય-અનાર્યના સંઘર્ષનું વર્ણન છે. જેને 'દેવાસૂર' સંગ્રામ પણ કહેવામાં આવે છે. આર્ય અનાર્યના યુદ્ધ ચિત્ર 'ઋગ્વેદ' માં સ્પષ્ટ રીતે ચિત્રિત થયેલું છે. આર્ય ભારતીય હતા. સૌપ્રથમ ભારત ઉપર તેઓએ આક્રમણ કરેલું. 'भारतमे विदेशी आक्रमणका जो सबसे पहला प्रमाण उपलब्ध है, वह ' ऋग्वेद ' के आर्यो का है। जो ई. पू. १५०० के आसपास हुआ था। ये निश्चित ही एक भारोपीय भाषा का इस्तेमाल करते थे। इस बात की संभावना से इन्कार नहीं किया जा सकता, कि कुछ अंशो तक इनके बाल साफ होते थे और आँखे नीली।'[७]

(भारत मे जातिप्रथा, स्वरुप, कर्म और उत्पति) ले. जे. एय, हटन अनुवाद - मंगलनाथसिंह

ભારતમાં આર્યોનું આગમન થયું, તે પછી જ ભારતીય સમાજને વિભાજિત કરવામાં આવ્યો હતા. અહીંના મૂળનિવાસી ભારતીયોને શુદ્ર અને અતિશુદ્રની શ્રેણીઓમાં વિભાજીત કરી, તેમને શિક્ષણ, સત્તા અને સંપતિથી પણ વંચિત કરી દેવામાં આવ્યા હતા. 'આર્ય બ્રાહ્મણ આક્રમણ કરીને ભારત ઉપર વિજય પ્રાપ્ત કર્યો. અહીંના મૂળનિવાસીઓ પર પોતાની વ્યવસ્થા ઠોકી બેસાડી. પોતાનું વર્ચસ્વ બનાવી રાખવા માટે સામાજિક વ્યવસ્થાનું જાતીય વર્ગીકરણ કર્યું. સમાજ વ્યવસ્થામાં પોતાને સર્વોચ્ચ સ્થાને રાખી, મૂળ નિવાસીઓને નીચલી કક્ષાએ નીચામાં નીચી જાતિઓમાં રાખ્યા. આ રીતે તેણણે ભારતના મૂળનિવાસીઓની ઓળખને નષ્ટ કરી, પોતાની ઓળખ નિર્ધારિત કરી.જેથી મૂળનિવાસીઓ એ યાદ પણ ન કરી શકે અને વિચારી પણ ન શકે, કે તેઓ હકીકતમાં ભારતના શાસક છે. મહિલાઓને શુદ્ર ઘોષિત કરી. કારણ કે આક્રમણકારી આર્ય બ્રાહ્મણ પોતાની સાથે મહિલાઓ લાવ્યા જ ન હતા. દ્રવિડ ભાષાનું મિશ્રણ કરી, ભાષામાં વિકૃત્તિ પેદા કરી.'[૧૮]
(D.N.A.)લે. પ્રો. પી.ડી. સત્યપાલ.(વિશાખાપટ્ટનમ્)

વર્ણવ્યવસ્થા અંતર્ગત જાતિ વ્યવસ્થા-જ્ઞાતિ વ્યવસ્થાનું નિર્માણ કરવામાં આવ્યું. શુદ્રવર્ણને દાસ-ગુલામ બનાવવામાં આવ્યો. આ શુદ્રવર્ણને અનેક જ્ઞાતિઓમાં વિભાજિત કર્યો. કારણ કે તેઓ કયારેય પણ એક ન થઈ શકે. કામધંધા પ્રમાણે તેઓ જ્ઞાત થયા. જ્ઞાત ઉપરથી જ્ઞાતિ શબ્દની વ્યુત્પતિ કરી શકાય. આ પ્રકારની સામાજિક સ્થિતિના આધારે ભારતીય સમાજ દીનહીન અને કંગાલ થયો અને પછી તે પછાત ગણાયો. એસ.સી. એસ.ટી. અને ઓ.બી.સી. ગણાતો સમાજ સમાજિક રીતે પછાત ગણાયો. આ વ્યવસ્થાનો ભોગ બનેલ ભારતીય સમાજ અનેક પ્રકારની રૂઢિઓમાં ગ્રસ્ત બની ગયો. શિક્ષણ, સત્તા અને સંપતિ વિહિન ભારતીય સમાજ સર્વક્ષેત્રે અધોગતિને પામ્યો. તેમાંથી તેઓને ઉગારવા માટે, મુક્ત કરવા માટે અને તેમને સુધારવા માટે સંત મહાપુરૂષોએ ભગીરથ પ્રયત્ન કર્યો. સંતસાહિત્ય-સંતકવિતા દ્વારા તેમને માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

અગિયારમી સદીમાં મુસ્લિમોએ ભારત ઉપર આક્રમણ કર્યું હતું. તેઓએ હિન્દુ મંદિરો તેમજ બૌદ્ધ વિહારોનો વિનાશ કર્યો. ભારતમાં મુસ્લિમોએ શાસન સ્થાપ્યું. રાજકીય ઉથલ-પાથલમાં પ્રજા રહેંસાતી રહી હતી. સમાજમાં 'મારે તેની તલવાર' જેવી સ્થિતિ પ્રવર્તતી હતી. સમાજમાં કહેવાતી ઉચ્ચજ્ઞાતિઓ, કહેવાતી નિમ્ન ગણાતી જ્ઞાતિઓ ઉપર જુલ્મ કરતા હતા. વર્ણવ્યવસ્થાના નિયમોને લઈને પ્રથમથી જ શુદ્રવર્ણની જાતિઓ-

જ્ઞાતિઓને શિક્ષણનો અધિકાર ન હતો. બ્રાહ્મણો સંસ્કૃતનું અધ્યયન કરી શકતા હતા. જયારે ક્ષત્રિય અને વૈશ્યવર્ગને લાખવા-વાંચવા પૂરતું પ્રાકૃતમાં શિક્ષણ મળતું હતું. ભારતમાં શુદ્ર અને અતિશુદ્રની જાતિઓ-જ્ઞાતિઓની સંખ્યા અને વસ્તી સૌથી વધુ હતી. તેમને શિક્ષણનો અધિકાર જ ન હોવાથી, મોટાભાગની વસ્તી અશિક્ષિત રહી જવા પામી હતી. પરિણામે સમાજમાં જડતા અને અંધશ્રદ્ધા પ્રવેશી હતી. શિક્ષણ ન હોવાથી તેમનામાં બૌદ્ધિકસત્ર ઘણું નીચું હતું એટલે સમાજમાં અનેક પ્રકારની રૂઢિઓ અને માન્યતાઓનો જન્મ થયો. મધ્યકાળના ગુજરાતમાં કેટલીક અમાનુષી પ્રથાઓનું પ્રગટીકરણ થયું હતું. જે નીચે પ્રમાણે છે :

- દિકરીનો જન્મ નિંદનીય.
- સતીપ્રથા.
- વિધવાની દયનીય સ્થિતિ.
- વેઠપ્રથા.
- અશિક્ષિત સમાજ.
- સ્પર્શાસ્પર્શનો ભેદ.

(૧) દિકરીનો જન્મ નિંદનીય ગણાતો હતો. કેટલીક જ્ઞાતિઓમાં, ખાસ કરીને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યમાં દિકરીને દૂધ પીતી કરવાનો રિવાજ હતો.

(૨) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વર્ણમાં પુરૂષના મૃત્યુ પછાળ, તેની સ્ત્રીએ સતી થવું પડતું હતું એટલે કે ઉચ્ચવર્ણમાં સતીપ્રથા હતી.

(૩) શુદ્ર અને અતિશુદ્રને બાદ કરતા ઉપલાવર્ણમાં વિધવાની સ્થિતિ દયનીય હતી. તે અપમાનિત અને અપશુકનિયાળ ગણાતી. પુનર્લગ્નની પ્રથા ન હતી. ઘરમાં તેનું સ્થાન પશુથી પણ બદતર હતું.

(૪) વેઠપ્રથા હતી. શુદ્ર(ઓ.બી.સી.) અને અતિશુદ્ર(એસ.સી./એસ.ટી.)ના લોકોએ વેઠ કરવી પડતી હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જમીનદારો હતા. આ જમીનદારોની વેઠ એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. અને ખેડૂતોએ કરવી પડતી હતી. તેમના ગુલામ થઈને જીવવું પડતું હતું.

(૫) શિક્ષણનો અધિકાર માત્ર દ્વિજ વર્ણને હતો. 'મનુસ્મૃતિ' અનુસાર સમાજજીવન ગોઠવાયેલું હતું એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યને શિક્ષણનો અધિકાર હતો. શુદ્ર

(ઓ.બી.સી.) અને એસ.સી./એસ.ટી.ના લોકોને શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર ન હતો. પાછળથી વડોદરા રાજ્યના રાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ દરેક જ્ઞાતિ-જાતિ માટે શિક્ષણની વ્યવસ્થા કરેલી. તે એટલે સુધી કે શિક્ષણ પ્રાપ્ત કરવું ફરજિયાત હતું. સ્ત્રી-પુરૂષોને સમાનધોરણે શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા રાજ્ય એ કરી હતી. ગાયકવાડે આ રીતે ભારતમાં ક્રાન્તિ સર્જી હતી.

(૬) સમાજમાં અસ્પૃશ્યતાનો ખ્યાલ વ્યાપક હતો. બ્રાહ્મણ ધર્મના શાસ્ત્રોમાં ઊંચ-નીચની ભાવના ભરી પડી છે. આ પ્રકારના શાસ્ત્રોનો વ્યાપક પ્રસાર-પ્રચાર થયો હોવાથી નિમ્ન ગણાતી જ્ઞાતિઓ(એસ.સી./એસ.ટી.)ના લોકોથી અસ્પૃશ્યતા રાખવામાં આવતી હતી.

### ◉ દિકરીનો જન્મ નિંદનીય :

સમાજમાં દિકરીનો જન્મ નિંદનીય ગણાતો હતો. નિરાંત મહારાજની વાણીમાં પણ આ પ્રકારના સંકેતો પ્રાપ્ત થાય છે. જુઓ -

'જો પુતરૂપે તું આવે, તો તો સબ બોલાવે,
પુત્રી રૂપે હોય જો તું, તો મોઢું મરડી રોય.'

- નિરાંત

ભારતીય સમાજમાં આ એક કલંકરૂપ ઘટના હતી. એ સમયે પુત્રીઓને જન્મતાંજ દૂધપીતી કરવાનો દ્વિજવર્ણોમાં રિવાજ પ્રચલિત થયો હતો. ૧૯મી સદીના પ્રારંભમાં ગાયકવાડના શાસનમાં અંગ્રેજો ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આવે છે. ત્યારે દૂધપીતી કરવાના રિવાજે કર્નલ વૉકરનું ધ્યાન ખેંચ્યું. આ રિવાજથી અવગત થતાં તેમને ઘણું જ દુ:ખ થયું હતું. તેમણે નિશ્ચય કર્યો કે આ અમાનુષી પ્રથા બંધ થવી જ જોઈએ. એ સાથે જ તેમણે પોતાના રાજકીય કામ ઉપરાંત આ રિવાજના નિવારણ માટેના ઉપાયો પણ વિચાર્યા હતા. ગુજરાતમાં ત્યારે અંગ્રેજોની સત્તા ન હતી પણ ગાયકાવાડના મિત્ર તરીકે અંગ્રેજો અહીં આવ-જા કરતા રહેતા હતા. 'કર્નલ વૉકર જે રાજાઓના સંપર્કમાં આવતા તેમને આ રિવાજ બંધ કરવાનો ઉપદેશ આપતા હતા. એટલું જ નહીં પરંતુ પ્રસંગ આવે ત્યારે, તેમના પર પૂરતું દબાણ કરવાનું તેઓ ચૂકતા ન હતા.'- આમ કર્નવ વૉકરે ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રના ક્ષત્રિયોમાં દિકરીઓને દૂધ પીતી કરવાનો જે રિવાજ હતો, તેને દૂર કરવા તેઓએ કમર કસી હતી. આ ઉપરાંત તેઓ રાજાઓની સાથે કરાર

કરતા ત્યારે નીચેની કલમ અવશ્ય ઉમેરતા –

'Another Indispensable artical is the relinquishment of the Custom of Female Infanticide. This is a Concession their regard and will render the character of Jehaja Illustious for abolishing a practies which all Civilised people so strongly Condemn.'

ક્ષત્રિયોમાં દિકરીઓને દૂધપીતી કરવાનો રિવાજ હતો. તેની સાથે અન્ય જ્ઞાતિ સંદર્ભમાં પણ અનુકરણથી આ પ્રકારની પ્રથા જન્મી હતી. તેને નાબુદ કરવા સરકારે ઘણા પ્રયત્નો કર્યા હતા. 'ભરૂચ પાસેના એક ગામમાં સેંકડો પુરૂષોની વચ્ચે પૂરી એક ડઝન સ્ત્રીઓ પણ ન હતી અને તે પ્રથાને નાબુદ કરવા સરકારે કાયદો ઘડી કેટલોક પ્રયાસ કર્યો હતો પણ જોઈએ તેવી સફળ રહ્યો ન હતો. ઈ.સ. ૧૮૬૯ માં પાટડીના દરબાર જોરાવરસિંહજીએ કણબીઓનો જ્ઞાતિમેળો ભરી દિકરીઓના સંરક્ષણ સારૂ નિયમો ઘડયા હતા.'

કર્નલ વૉકરે આ દિશામાં ઘણું સુંદર કાર્ય કર્યુ હતું. ભારતીય સમાજ માટે સુલેહ, શાંતિ અને સંરક્ષણના પગલાં ભર્યા હતાં. ઉપરાંત દિકરીને દૂધપીતી કરવાની જે અમાનુષી પ્રથા હતી. તેને નિર્મુળ કરી. ભારતમાં એક અંગ્રેજના હાથે ઉમદા કાર્ય થયું હતું, તેની નોંધ લેવી જોઈએ.

### ◉ સતીપ્રથા :

નિરાંત મહારાજના પૂર્વકાલીન ભારતીય સમાજમાં સતીપ્રથા હતી. ભારતમાં અંગ્રેજી શાસન સમયે લોર્ડ બેન્ટિકે કાયદો કરીને વિચિત્રપ્રથાને આ દેશમાંથી કાઢી નાંખી હતી. હવે તો આ પ્રથા એક ઐતિહાસિક દસ્તાવેજ બની ગઈ છે.

'સતીનો રિવાજ માત્ર ભારતમાં જ હતો એવું નથી. પણ એ 'ઈન્ડો-જર્મનિક' છે. અર્થાત્ આર્યોના પૂર્વજો અને હાલના જર્મન કે બીજા યુરોપીય આર્યોના પૂર્વજો સાથે રહેતા તે કાળથી આર્યપ્રજામાં આ રિવાજ હતો. એમ શ્રેડરે (Schrader) ઈતિહાસ પૂર્વકાલીન પ્રાચીનવૃત (Prebistoric Antiquites, p.39) માં લખ્યું છે. એ પ્રાચીનતમ આર્યોના જુદા જુદા વંશજોની જુદીજુદી ભાષાઓમાં જેનો પતિ મરી ગયો હોય, એવી સ્ત્રી માટે એક જ શબ્દ મળે છે. સંસ્કૃતમાં વિધવા, અંગ્રેજીમાં Widow અને લેટિનમાં Vidua એ ત્રણે શબ્દો મૂળ એક શબ્દના સહેજ જ ઉચ્ચારના ફેરફારવાળાં રૂપો છે. લેટિન અને સંસ્કૃત શબ્દો તો લગભગ સમાન જ છે. આજે પણ વિધવા શબ્દનો ઉચ્ચાર કોઈ અંગ્રેજ કરે તો

એ લેટિન શબ્દને મળતો જ કરશે.'

શ્રેડરનું વિધાન આર્યપ્રજામાં સતીપ્રથાનો નિર્દેશ કરે છે. પણ ઋગ્વેદમાં સતીપ્રથા હોય તેમ દેખાતું નથી. જુઓ -

'उदीष्य मार्यमि जीवनो कं गता सप्रेत मुगशेष ह हि।
हस्त ग्रामस्य दिधिषोस्तवेदं प्रत्युर्जनित्वम् भिसंण्मुथा॥'

'હે નારી, આ મૃત માણસ પાસે તું સૂતી છે, પણ હવે જીવલોક(ઘર) તરપ ચાલ.'

આ મંત્ર જોતાં ઋગ્વેદ પૂર્વે મૃત્યુ પામેલા પતિની ચીંતામાં સૂઈને પત્નિ બળી મરતી હશે. તે પછી ઋગ્વેદના સમયમાં બની મરવાનો રિવાજ બંધ થયો હશે ! જૂના રિવાજ પ્રમાણે પતિના શબની સાથે થોડો સમય સ્ત્રી સૂતી હશે. પછી તેના સંબંધીઓ-સ્નેહીઓ તે સ્ત્રીને ઘરે લઈ જતા હશે. ઋગ્વેદ ઉપરાંત અથર્વવેદમાં પણ સતીપ્રથાનો રિવાજ ન હતો. નીચેના મંત્ર દ્વારા તેનું પ્રમાણ પ્રાપ્ત થાય છે :

'इयं नारी पति लोकं वृणाना निषधते उपत्वमर्त्य प्रेतम।
धर्मपुराणा मनु पालयन्ति तस्यै पुजां द्रवितां चेह धे हि॥'
- અથર્વવેદ ૧:૮:૩:૧:

'હે , મર્ત્ય, પતિ લોકને ઈચ્છનારી આ સ્ત્રી તારા મરેલા શરીર પાસે પુરાણા ધર્મને અનુસરીને પડી છે. તેને તું પ્રજા અને ધન આપે.'

આ મંત્રથી સ્પષ્ટ થાય છે કે, પતિના શબ પાસે સ્ત્રીએ સૂવું એને 'પુરાણોધર્મ' કહ્યોં છે. એટલે સતી થવાનો રિવાજ ઋગ્વેદકાળમાં અને અથર્વવેદના કાળમાં ન હતો. 'પ્રજા અને ધન આપ' એ શબ્દો શું સૂચવે છે ? કદાચ પુનર્લગ્નનું સૂચન તેમાં જોઈ શકાશે. ઉપરાંત સ્ત્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલી હશે.

સતીપ્રથાનો રિવાજ ભારતીય સમાજમાં કેવી રીતે શરૂ થયો. તે નિશ્ચિત રીતે કહેવું મુશ્કેલ છે. 'મનુસ્મૃતિ'માં સ્ત્રીને મનુએ નિમ્નસ્થાન આપ્યું જણાય છે. તેમ છતાં તેમણે પણ સ્ત્રીને સતી થવાનું કહ્યું નથી.

'मृते मर्तरी साध्वी स्त्री ब्रह्मचर्ये व्यवस्थिता।
स्वर्ग गच्छात्य पुत्रीपि यथा तेब्रह्मचारिणी॥'

- મનુસ્મૃતિ, અધ્યાય-૫શ્લોક૧૬૦

'ભર્તા(પતિ) મરી જતાં સાધ્વી સ્ત્રી બ્રહ્મચર્ય પાળીને રહેતો અપુત્ર હોવા છતાં એ સ્ત્રી બ્રહ્મચારી પુરૂષો પેકેજ સ્વર્ગમાં જાય છે.' -આમ છતાં એ નોંધવું જોઈએ કે પ્રસ્તુત શ્લોકમાં 'સાધ્વી સ્ત્રી' વિશે જ કહેવાયું છે.

'विष्णुधर्मसूत्रमां' भर्तरिमृते ब्रह्मचर्य मनवा रोहणं वा।

એમ કહ્યું છે. પતિના મૃત્યુ પછી તેની સ્ત્રી બ્રહ્મચર્યનું પાલન કરીને રહે કે સતી થાય, એવો વિકલ્પ પણ આપ્યો છે !

એજ રીતે -

'બ્રાહ્મણ સ્ત્રીનો પતિ દૂરના સ્થળે મૃત્યુ પામે તો તે સ્ત્રી સતી થઈ ન શકે પણ ક્ષત્રિય યુદ્ધમાં મૃત્યુ પામે તો પણ તેની પાદુકા સાથે તેની પત્નિ સતી થઈ શકે. પરંતુ ગર્ભિણી સ્ત્રી થી તથા દેની પ્રજા (બાળક) હોય, તેનાથી સતી થી શકાય નહીં. વગેરે પ્રકારના નિયમો પણ સતીપ્રથાનો રિવાજ પુનઃ શરૂ થવાના પ્રમાણરૂપ ગણાવા જોઈએ. પ્રોફેસર પાંડુરંગ વામનકાણે ઈ.સ. ના આરંભની આસપાસ સતીપ્રથા શરૂ થયાનું માને છે. તે શ્રતિ-સ્મૃતિના પ્રમાણો જોતા યથાર્થ લાગે છે.'

મહાભારતના સમયમાં સતી થવાનો રિવાજ હતો. પાંડુની પાછળ માદ્રી સતી થઈ હતી. (આદિપર્વ અધ્યાય-૧૨૫) તથા કૃષ્ણની પાછળ સુક્રિમણિ, શૈલ્યા અને બીજી પત્નિઓ સતી થઈ હતી. આ ઉપરાંત કવિ બાણ કૃત 'હર્ષચરિત'માં સતી પ્રથાનો નિર્દેશ કર્યો છે. 'કાંદબરી'માં પણ સતી થવાનો ઉલ્લેખ છે પણ અહીં નોંધવું જોઈએ કે 'કાંદબરી'માં એવા બીજા કેટાલક વિધાનો છે, તે જોતાં કવિ બાણ સતીપ્રથાના રિવાજની તરફેણ કરતા નથી.

ઉત્તરમધ્યકાળના સમયમાં સતી થવાના અસંખ્ય બનાવો બન્યાં હતા. આ બનાવ કે ઘટના પ્રતિ તત્કાલીન અંગ્રેજ સરકારનું ધ્યાન ગયું હતું. ઈ.સ. ૧૮૨૯માં લોર્ડ બેન્ટિકે કાયદો કરીને સતીના રિવાજને બંધ કર્યો હતો.

'ઈતિહાસકારોનું એવું માનવું છે કે, ઈ.સ.ના પાંચમાં-છઠ્ઠા સૈકામાં મધ્યએશિયામાંથી શક, ગુર્જર, હૂણ વગેરે જાતિઓ ભારતમાં ઉતરી આવી હતી અને વખત જતાં સતા બળે ભારતીય સમાજમાં ભળી ગઈ હતી. તે પછી સતી થવાનો ચાલ(રિવાજ) પુનઃદાખલ થવા પામ્યો હતો.'

સતીપ્રથાનો રિવાજ ધાર્મિક-કર્મકાન્ડો અને વિધિ વિધાનોનો એક ભાગ બની ગયો હતો. લોર્ડ બેન્ટિકના કાયદાની સામે સનાતની રૂઢિચૂસ્ત પંડિત-પુરોહિતોએ સખત વિરોધ કર્યો હતી. સતી થવા પાછળ બીજા આર્થિક અને સામાજિક ગણતરી પણ જવાબદાર હતી વિધવા સ્ત્રી સતી થઈ, બની મરે તો સગાં-સંબંધીઓને મિલ્કતનો વારસો મળે. ઉપરાંત તેની અનેક પ્રકારની પંડિત-પુરોહિતો ધર્મત્મીર પ્રજા પર પોતાનો પ્રભાવ કાય રાખવા માટે પણ, આ કુરિવાજને પ્રોત્સાહન આપતા રહેતા હતા. વિધાવ પોતાની જાતે પોતાની મરજીથી સતી થતી અને પંરપરા-પ્રાપ્ત ધર્મનું સમર્થન પણ મળતું રહેતું હતું. સંવત ૧૭૯૭ની આસપાસ રચાયેલ એક પદ જોઈએ -

'ચોહમગથી અગ્નિ લાગ્યો ઉપર નાંખી ધાંસરે,
સતીમાયે વેમાને કીધો વૈકુંઠ કેરો વાસરે.
જયારે સતીની મઢી લાગી ત્યારે થયો હંગામરે,
કોઈ વધાવે સોપારી, કોઈ વધાવે બાદામરે.
કેટલાક સવારે આવ્યા, ઘણા રહ્યા છે રાતરે,
સતીમાતા અલોપ થયાં તે જુગમાં ચાલી વાત રે.
સવંત્ ૧૭૯૭ના ભાદરવા વદ સાર રે,
દ્વાદ્રશી શુભવાર ભૃગુએ સતી થયા નિરધાર રે.'

ભારતીય સમાજમાં જયારથી વિદેશી આર્યનો પગપેસારો થયો, ત્યારથી ભારતમાં સતીપ્રથાનો પ્રારંભ થયો; એમ નિર્વિવાદ રીતે કહી શકાય. કારણ કે આ રિવાજ માત્ર દ્વિજવર્ણમાં (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય)માં પ્રવર્તતો હતો, આર્યો એ વર્ણવ્યવસ્થાની રચના કરી અને તેને પોતાને ઊંચ વર્ણ-જાતિઓમાં સ્થાન આપ્યું. પોતે જ પોતાને સર્ટીફિરેટ આપીને મહાન, ઉચ્ચ અને પવિત્ર હોવાનું માન મેળવી લીધું. વેદકાળ પૂર્વે ભારતીય સમાજમાં માતૃપ્રધાન વ્યવસ્થા હતી. સ્ત્રીઓને ખુબ જ માન-સન્માન આપવામાં

આવતું હતું. પરંતુ આર્યોના આગમન પછી, સ્ત્રીને શુદ્રવર્ણમાં સ્થાન આપ્યું. આર્યપ્રજા સ્ત્રીઓને સાથે લાવ્યા ન હતા. પરંતુ તેમની સ્ત્રીઓ ભારતીય હતી તેથી તેમનું અધ:પતન કરવામાં આવ્યું.

## ◉ વિધવાની દયનીયતા :

નિરાંત મહારાજના પૂર્વકાલીન-સમકાલીન સમયમાં વિધવા સ્ત્રીની સ્થિતિ દયનીય હતી. પ્રવર્તમાન ધર્મ અને સમાજે સ્ત્રીઓની સ્થિતિ દુખ:દાયી કરી મૂકી હતી. તેનું જીવન જ તેને બોજારૂપ થઈ પડે, એવી રીતે તેના તરફનું વર્તન કરવામાં આવતું હતું. 'વિધવા સ્ત્રીઓની ઉપાઇધઓની સીમા હોતી નથી. શુભ પ્રસંગમાં એ પ્રત્યક્ષ ભાગ લઈ શકતી ન હતી. વખતે સામી મળે તો તે અપશુકનિયાળ ગણાતી હતી. સાસરિયાંમાં તેની વહારે ચડે કે, સહાનુભૂતિના બે મીઠા શબ્દો કહે એવું કોઈ જવલ્લે જ હોય છે. મહેણા-ટોણાં ખાતં પણ તેને એમ સદા લાગે કે તે ઘરની એક વિધવા છે, દાસી છે.'

આપણે ત્યાં બાળલગ્નનો રિવાજ હતો અને મૃત્યુ દર ઊંચો હોવાથી સમાજમાં રહેતી હતી. વિધવા પુન:લગ્નની છૂટ ન હોવાથી પણ તેની સંખ્યા વધુ હોય તે સ્વાભાવિક છે. 'મનું,નારદ, પારાશર વગેરેના સ્મૃતિ દર્શાવેલી છે. વેદકાળમાં અને તે પછી પણ નિયોગની પ્રથા પ્રચલિત હતી. પણ વચ્ચેના સમયમાં સંજોગોવસાત સમાજ બંધારણમાં પરિવર્તન આવ્યું. રૂઢિબળ સર્વોપરી સહી લઈએ. પણ તેને પુનર્લગ્ન કરવાની રજા તો ન જ અપાય ! અને તેમાં જો વિરોધ માલુમ પડે, તો સ્ત્રી વર્ગનો જ ! વિધિની આ કેવી વિચિત્રતા!'

અહીં જોઈ શકાશે કે સ્મૃતિકારોએ વિધવા વિવાહનું સમર્થન કર્યું છે. પરંતુ એ પછી કાળના પ્રવાહમાં બધું બદલાયું હશે અને એ રીતે સમાજ બંધારણમાં પરિવર્તનને લઈને રૂઢિ શરૂ થઇ હશે અને પછી રૂઢિ જ જાણે કે શાસ્ત્રની આજ્ઞા છે. એમ મનાવા લાગે છે. વિધવા સ્ત્રીઓની સ્થિતિ વધુ કરૂણ બની હતી. વિધવા સ્ત્રીઓની દયનીય સ્થિતિ સ્ત્રીઓને હાથે પણ થઈ છે. જુઓ -

'જયપુરના રાજા બીજા જયસિંહે પોતાના રાજ્યમાં પુનર્વિવાહની પરવાનગી આપવા નિર્ણય કર્યો હતો પણ એમના માતૃશ્રીએ તેનો સખત વિરોધ કર્યો અને એવી વિચિત્ર દલીલ પ્રસ્તુત કરી કે મને પ્રથમ પરણાવ અને પછી એ રિવાજ ને ચાલુ કર.'

આમ, વિધવા વિવાહનો પ્રશ્ન સમયાન્તરે ચર્ચાતો રહ્યો હતો. પુન:લગ્નની વાત પણ વહેતી કરવામાં આવતી હતી. પરંતુ 'સ્ત્રીની દુશ્મન સ્ત્રી' એ વિધાન ને સ્ત્રીઓ

એજ સાર્થક કર્યું હતું. 'એવો પ્રયત્ન બંગાળમાં ઢાંકાના રાજ વલ્લભે અઢારમાં સૈકાના મધ્યમાં કર્યો હતો, પણ કિશન નગરના મહારાજા સ્થાનિક પંડિત-પુરોહિતો સામા થયા. એટલે તે પ્રયત્ન પડતો મૂકાયો હતો.'

આ ઉપરાંત 'પેશ્વાના દરબારમાં ફરશુરામભાઉ અગ્રસ્થાન ભોગવતા હતા. તેમનો માન મરતબો મોટો હતો. તેમની પુત્રી દુર્ગાબાઈનું નવ વર્ષની વયે લગ્ન થયું હતું. લગ્ન સમારંભ પૂરો થયો ન હતો. એટલામાં વરરાજા કાળનો ભોગ થઈ પડયો હતો. હાહાંકરા થઈ ગયો. સૌની દિલસોજી એમના તરફવળી. એમણે તો સંસારમાંથી નિવૃત થવાનો નિશ્ચય જાહેર કર્યો પણ પેશ્વા એમની સેવાનો લાભ ખોવા ઈચ્છતા ન હતા. તેથી શ્રી શંકરાચાર્યને ફરશુરામ ભાઉ પ્રતિ કંઈક દ્વૈષ હોય. એનો નિર્ણય તેમણે આપ્યો નહીં. તે પરથી પેશ્વાએ કાશીના પંડિતોએ પુનર્લગ્ન કરવાની સંમતિ આપી. શંકરાચાર્ય અને તેમના આશ્રિત પુનાના બ્રાહ્મણોના હાથ આમ હેઠા પડતા, તેઓ એ બીજી યુક્તિ અજમાવી. ફરશુરામ ભાઉના પત્નિને તેમણે હાથ કરી લીધા હતા અને તેની પાસે જ ફરી લગ્ન કરવવાની ના પડાવી. એ પુનર્લગ્નને ધારો ચાલુ થાય અને પોતાના કુટુંબને કલંક લાગે તેના કરતા દિકરીનું વૈધવ્યનું દુ:ખ સહન કરી લેવામાં પોતે તત્પર છે.'

આમ, સ્ત્રીઓના હાથે સ્ત્રીઓનો ઉદ્ધાર ન થયો. નિરાંત મહારજના શિષ્ય બાપુ સાહેબ ગાયકવાડે તત્કાલીન સ્ત્રીઓ વિશે લખ્યું છે.

'ગોરી જેની ચામડી, તે મોઢું મરડે છે,
ને કાળીના પાડે છે ચાળા.
ચાર થાય ભેળીઓને કજીઓ કરે છે,
ને ભાત ભાતના કાઢે છે ટાળા.'

– બાપુ સાહેબ ગાયકવાડ.

**◉ વેઠપ્રથા :**

ભારતમાં આર્યપ્રજાએ પ્રવેશ કર્યો તે પછી સ્થાનિક મૂળનિવાસી પ્રજાને શુદ્રવર્ણમાં ગણી, તેમને ગુલામ કે દાસ બનાવ્યા. એવું વિદ્વાનોનું પ્રતિપાદન છે. ભારતમાં વૈદિક કાળથી ગુલામીની પ્રથા શરૂ થી હતી. 'રામાયણ' અને 'મહાભારત'માં દાસ, દાસીની પ્રથાના સંકેતો પ્રાપ્ત થાય છે. 'આપણે ત્યાં પ્રાચીન સમયથી ગુલામીની પ્રથા જોવા મળે છે. યુદ્ધમાં જેની હાર થાય અને જે પકડાય, તેને ગુલામ-દાસ બનાવવામાં આવતા

હતા. ભારતમાં આર્યોએ દસ્યુ અને દ્રવિડ પ્રજાને હરાવી તેને શુદ્ર ગણીને દાસ-ગુલામ બનાવ્યા હતા. એ ગુલામો તેમના માલિકની મિલ્કત ગણાતી હતી. એટલે સુધી કે ગુલામના વંશજો પણ ગુલામ-દાસ બનીને રહેતા હતા. બીજી મિલ્કતની પેઠે તેમનું વેચાણ પણ થતું હતું. તેમજ તેમને ગીરે મૂકવામાં અથવા ભાડે આપવામાં આવતા હતા.'

ભારતમાં આર્યોના પ્રવેશ પછીજ ગુલામીનો વેપાર શરૂ થયો હતો. એ ઉપરનું પ્રમાણ જોતાં સ્પષ્ટ થાય છે. તે પછી મધ્યકાળમાં પણ એ પરંપરા ચાલુ રહી હતી અને રીતસર ગુલામોનો વેપાર થતો હતો. આ પ્રથા મુગલકાળ દરમિયાન ગુજરાતમાં પ્રચલિત હતી. સુબા જસવંતસિંહના સમયમાં બાદશાહ ઔરંગઝેબે પોતાના ફરમાનમાં ગુલામો વિશે કહ્યું છે કે, 'જો કોઈનો ગુલામ કે લોંડી નાસી ગઈ હોય અથવા કોઈ તેને ફોસલાવી લઈ ગયો હોય, અને તે ગુલામ કે લોંડી સરકારી અમલદારોના પકડવામાં આવે તો તેને તેના કાયદેસરના માલિકને સોંપવી.આ કાર્ય માટે કંઈપણ રકમ ન લેવી. આ હુકમના ભંગ બદલ સજા કરવામાં આવશે.'

ઔરંગઝેબના આ ફરમાનથી સ્પષ્ટ થાય છે કે, મુગલકાળના ગુજરાતમાં ગુલામી પ્રથા-વેઠપ્રથા પ્રચલિત હતી. મુગલકાળ પહેલા સલ્તનત કાળમાં પણ ગુલામી પ્રથા અસ્તિત્વમાં હતી. 'સલ્તનતકાળ દરમિયાન ગુજરાતમાં ધનિકો, અમીરો, સુલતાનો વગેરે ગુલામો રાખતા હતા. તેઓ ઘરકામ, ખેતી, કારખાના વગેરેમાં કામ કરતા હતા. મુસ્લિમ રાજવીઓના જનાના ઉપર ગુલામોનું વર્ચસ્વ રહેતું. જો ગુલામ તેના માલિકને ખુશ કરે, તો તેને ગુલામીમાંથી મુક્તિ પણ મળતી હતી. મલિક આયાઝ પ્રારંભમાં ગુલામ હતો. પણ તેને બાદશાહ મહમુદ બેગડાને યુદ્ધમાં પરાક્રમ કરી, ખુશ કર્યો હતો. ગુલામીમાંથી મુક્તિ મેળવી બાદશાહનો માનીતો સરદાર બન્યો હતો.'

ગુલામીની પ્રથામાં ગુલામ લોકોને તો માલિકની આજ્ઞા પ્રમાણે કામ કરવું પડતું હતું. કોઈ સ્ત્રી હોય તો, તે દાસી તરીકે સેવાઓ આપતી હતી. ઉપરાંત પરંપરિત ધર્મની આડમાં રહીને પણ ગુલામ સ્ત્રીઓનું શોષણ થતું. મંદિરોમાં તેને 'દેવદાસી' જેવું રૂપાળું નામ આપવામાં આવતું હતું અને એ દ્વારા તત્કાલીન કમભાગી સ્ત્રીઓનું શોષણ થતું રહેતું. 'ગુજરાતમાં સોમનાથના મંદિરમાં તેમજ બીજા કેટલાંક નાના મોટા મંદિરોમાં દેવદાસીની પ્રથા અસ્તિત્વમાં હતી આ દેવદાસીએ ધાર્મિક વૈશ્યાનું જ સ્વરૂપ હતું. તે સ્વૈચ્છાએ સમાજના કોઈ યુવાન સાથે લગ્ન કરી શકતી ન હતી. રાજાઓ, મહારાજાઓ, પંડિતો-પુરોહિતો અને ધનિકો નૃત્યુ અને સંગીતના બહાને તેમનો ઉપયોગ કરતા હતા.'

આમ, છેક પ્રાચીનકાળથી લઈ, ભારત સ્વતંત્ર થયું ત્યાં સુધી; એક યા બીજા પ્રકારે આપણે ત્યાં વેઠપ્રથા પ્રવાહમાન રહી હતી. સામાજિક અને આર્થિક રીતે પછાત લોકોએ વેઠ કરવી પડતી હતી. લોકો અશિક્ષિત હોવાથી તેમનું શોષણ કરવું સરળ થઈ પડતું હતું. ભારતમાં સમયે સમયે સંતો-ભક્તોએ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યના ઉપદેશ વડે આવા લોકોને જાગૃત કરવાના પ્રયત્નો કર્યા હતા. પરંતુ રાજસત્તા અને ધર્મસત્તાની તાકાત સામે આ પ્રયત્નોને ઝાઝી સફળતા મળી ન હતી. ઉલટું સંતો-ભક્તોને સંકટોનો સામનો કરવો પડતો હતો.

## ◉ અલ્પશિક્ષણ :

આપણે આગળ જોયું તેમ ગુજરાતમાં રાજકીય અંધાધૂંધી અને અવ્યવસ્થા હતી. મધ્યકાળના ગુજરાતમાં વારંવાર દુષ્કાળ અને અતિવૃષ્ટિ ને કારણે ખેતીને ભયંકર નુકશાન પહોંચ્યું હતું. પ્રજા જીવન ઉપર દમનનો કોરડો વિંઝાતો. નાના રજવાડાંના ખંડિયા રાજાઓ પ્રજા પાસેથી જોર જુલ્મ કરીને આકરા કર વસુલ કરતા હતા. બહારની દુનિયા સાથે ગ્રામજીવનને કોઈ સંપર્ક ન હતો. મર્યાદિત જીવન જીવનારો સમાજ સર્વક્ષેત્રે હતપ્રભ હતો પણ તેની ધરોહરને ઉજ્જવળ રાખનારા સાધુ સંતો, આખ્યાનકારો વેશ ભજવનારાઓ હતા. એ રીતે આપણી પ્રાચીન સંસ્કાર પ્રણાલીને જીવંત રાખવામાં સફળતા મળી હતી. તત્કાલીન સમયે સામાન્ય શિક્ષણની વ્યવસ્થા હતી ગામડાઓમાં ધૂળી નિશાળો હતી પરંપરા અનુસાર કોઈ બ્રાહ્મણને મહેતાજીનું પદ આપી, બાળકોના શિક્ષણનો પ્રબંધ કરવામાં આવતો હતો.

'એ નિશાળોનું ખર્ચ પણ ઝાઝું ન હતું બ્રાહ્મણ જ ગુરૂ હતા. તેમની સાદાઈ જાણીતી છે. તે તે સંતોષી પણ હતા. વિદ્યાર્થી દરરોજ મુઠી અનાજ શાળામાં જતી વખતે લઈ જતો હતો. વાર, તહેવારે દક્ષિણા આપતો હતો. પંડયાને ત્યાં કોઈ પ્રસંગ હોય, તો ટીપમાં ભરતો. ખાસ કરીને બાલકને નિશાળે બેસાડતી વકતે ગુરૂ મુકરર લાગો લેતો હતો.'

નિરાંત મહારાજના પૂર્વકાલીન-સમયકાલીન સમાજના સમયમાં બાળક સાત કે નવ વર્ષનું થાય, તે પછી જ નિશાળે બેસાડવામાં આવતું હતું. 'તે વખતમાં નિશાળે બેસાડવાની ઉંમર નવ વરસની ગણાતી હતી નાનપણમાં નિશાળે મૂકવાથી છોકરાઓનું શરીર સારૂ રહે નહી. નબળો પડી જાય ચહેરા ઉપર ફિકાશ આવી જાય. એ વહેમથી સાત કે નવમું વરસ બેસતાં પહેલાં થોડાક જ નિશાળે બેસાત હતા. સાતમેં આઠમેં કે નવમે વરસે પાટલો કે એકડો કાઢવો શરૂ થાય.'

એ સમયની રૂઢિ પ્રમાણે 'નિરાંત મહારાજ ને પણ સાત વરસની ઉંમર પછી નિશાળે અભ્યાસ કરવા બેસાડયા હતા. એ રીતે ધૂળી નિશાળમાં જરૂરી શિક્ષણ તેમણે લીધું હતું. લોકો તરફથી ગામઠી નિશાળો ખોલવામાં આવતી હતી. કોઈ સારા અનુભવી ચારિત્ર્યવાન બ્રાહ્મણને મહેતાજીનું પદ આપી, તેમના દ્વારા છોકરાઓને વાચનનું તથા વ્યવહારમાં જરૂર જેટલું ગણિતનું જ્ઞાન આપવામાં આવતું હતું. લખવાને માટે સ્લેટ-પેન ને બદલે લાકડાની એક લંબચોરસ પેટી અને લાકડાની અણીદાર સળી કે જેને 'વતરણું' કહેવામાં આવતું. આ બે વસ્તુઓ હતી. આ પાટી ઉપર ઝીણી ધૂળ પાથરી લાકડાની સળી(વતરણું) વડે લખવામાં આવતું હતું.'

આ રીતે આપણે ત્યાં શિક્ષણની વ્યવસ્થા હતી. માત્ર બ્રાહ્મણ વર્ગ જ સંસ્કૃતનું સઘન અધ્યયન કરી શકતો હતો. ક્ષત્રિય અને વૈશ્ય લખવા-વાંચવા પૂરતું શિક્ષણ પ્રાપ્ત કરી શકતા હતા. જયારે શુદ્રવર્ણ માટે શિક્ષણના દરવાજા બંધ જ હતા. નિરાંત મહારાજ રાજપૂત હતા. તેમણે લખવા-વાંચવા પૂરતું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. નિરાંત મહારાજના સમયમાં આપણે ત્યાં અંગ્રેજો શાસન કરતા હતા. વળી, ગાયકવાડ સરકારે પણ સર્વ જાતિઓ-જ્ઞાતિઓ માટે શિક્ષણની વ્યવસ્થા કરેલી. અંગ્રેજોએ કેળવણીની બાબતમાં મૂળભૂત ફેરફાર કર્યા હતા. અંગ્રેજોએ નક્કી કર્યું કે, ભારતીય પ્રજાને અંગ્રેજીનું શિક્ષણ આપવું. તેમાં જ તેમનું અને ભારતનું હીત છે. 'સને ૧૮૩૫માં તેમણે ભારતમાં અંગ્રેજી કેળવણી દાખલ કરી.'અંગ્રેજોએ અંગ્રેજી ભાષાને વહીવટની ભાષા બનાવી હતી. એક સરખી વહીવટી પદ્ધતિ દાખલ કરી. આ રીતે ભારતના જુદા-જુદા પ્રાન્તના લોકોમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત થઇ. આ ઉપરાંત 'સને ૧૮૦૫ થી ૧૮૫૪ દરમિયાન ગુજરાતમાં નૂતન શિક્ષણના પ્રચાર માટે ખ્રિસ્તી મિશનરી સંસ્થાઓ 'ગરીબોની કેળવણી માટેની સંસ્થા' બોમ્બે નેટીવ એજ્યુકેશન સોસાયટી' તથા 'બોર્ડ ઓફ એજ્યુકેશન' યતકિંચિત પ્રયાસો કર્યા હતા.'

અંગ્રેજોના સમયમાં દેશમાં શિક્ષણ વિશે ઘણી જાગૃતિ આવી હતી. બીજી બાજુ ભારતના સાડા પાંચ લાખ ગામડાંઓમાં તો પરંપરાગત શિક્ષણ અપાતું હતું. 'બોર્ડ ઓફ એજ્યુકેશને' શાળાઓનો કારભાર સને ૧૮૪૦માં સંભાળ્યો હતો. આ સાથે જ વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો. સને ૧૮૪૩માં અસંકીન બોર્ડના પ્રમુખ થયાં. તેમણે અંગ્રેજી માધ્યમની શાળાઓને ઉત્તેજન આપવાની નીતિ અખત્યાર કરી આ ઉપરાંત 'બોમ્બે નેટિવ એજ્યુકેશન સોસાયટી' એ સુરતમાં ત્રણ, ભરૂચમાં બે અને ખેડા, ડિયાદ,

ધોળકામાં એક-એક એમ કુલ દશ શાળાઓ ખોલી હતી.

આમ, અંગ્રેજી શિક્ષણની આપણા દેશમાં નવજાગૃતિની હવા પ્રગટી હતી. શિક્ષણ પ્રાપ્ત કરેલા લોકોમાં જગતને જોવાની નવી દષ્ટિ ખીલી. પરંતુ શિક્ષિતોની સંખ્યા ઘણી ઓછી હતી. માત્ર શહેરો પૂરતું સીમિત અને તેમાં પણ છીં માત્રામાં શિક્ષણ હતું બહુધા સમાજ અશિક્ષિત રહી જવા પામ્યો હતો. છેક 'મનુસ્મૃતિ' ના સમયથી સ્ત્રીઓને શિક્ષણથી વંચિત રાખવામાં આવી હતી. સમાજના રૂઢિની પ્રબળતા ઘણી હતી. '૧૯મી સદીનું બીજું ભયંકર સામાજિક દુષણ સ્ત્રીઓને શિક્ષણથી વંચિત રાખવાનું રહ્યું હતું. નાની કૂમળી વયે લગ્ન થઈ જવાના કારણે અને સામાજિક વહેમ શિક્ષિત સ્ત્રી વિધવા બને છે એવો હતો. આ પ્રકારની રૂઢિને કારણે સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવતું નહીં.'

## ◉ સ્પર્શાસ્પર્શનો ભેદ :

નિરાંત મહારાજના પુર્વકાલીન તેમજ સમકાલીન સમયના ગુજરાતમાં સ્પર્શાસ્પર્શનો ભેદ વ્યાપક હતો. ગુજરાતના મધ્યકાળનો ઈતિહાસ તેમજ સંતવાણીનું અવલોકન કરીશું તો સ્પષ્ટ થશે કે જ્ઞાતિ-જાતિના ઘણા ભેદભાવ હતા. સમાજમાં કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓ નિમ્નગણાતી જ્ઞાતિઓથી દૂર રહેતી હતી. આ દૂરતા માત્ર શારીરિક જ ન હતી પણ માનસિક પણ હતી. દરેક જ્ઞાતિને પોતાનો કહી શકાય તેવો એક સમાજ હતો. આમ, નાના નાના સમાજમાં ભારતીય પ્રજા વિભાજિત થયેલી હતી. મંદિરોમાં સાંપ્રતમાં ઓળખાતી અનુ.જાતિ અને જનજાતિની પ્રજા હિન્દુ મંદિરોમાં જઈ શકતી ન હતી. દરેક જ્ઞાતિને તેની પેટા જ્ઞાતિઓ પણ હતી. તેમની વચ્ચે પરસ્પર સંવાદિતા પણ ન હતી. મધ્યકાળમાં સંતો-ભકતોએ સંવચદિતા સ્થાપવાના પ્રયત્નો કર્યા હોય તેમ જણાય છે. નરસિંહ મહેતા હરિજન વાસમાં ભજન કીર્તિન ગાવા ગયાનું આપણે જાણીએ છીએ.એ જ રીતે ઉત્તરમધ્યકાળમાં નિરાંત શિષ્ય બાપુ સાહેબ ગાયકવાડ પણ નિમ્ન ગણાતી જ્ઞાતિઓના સ્થાનોમાં ગયાના પ્રમાણ મળે છે. એટલે જ નરસિંહની જેમ જ બાપુ સાહેબ ગાયકવાડે પણ કહ્યું કે -

'અમે બગડયા અમે બગડયા લેજો જાણી રે.'

જ્ઞાતિ-જાતિના ભેદને નિર્મુલન કરવાના સંતો-ભક્તોના વ્યાપક પ્રયત્નો છતાં, સમાજ જીવનમાં જોઈએ તેવું પરિવર્તન થયું નહીં. સંતો-ભક્તોના પ્રયાસો માત્ર ધર્મ પૂરતા અને તે પણ નિર્ગુણ સંત પરંપરાના ધર્મ સુધી સીમિત રહ્યા હતા. 'તત્કાલીન

સમાજમાં અસ્પૃશ્યતાના ખ્યાલો વિકૃત બન્યા હતા. આભડછેડના નિયમો ઘણા કડક હતા. કહેવાતા હરિજનોના રહેઠાણ નગર બહાર રાખવામાં આવતા હતા. તેમને નગરમાં પ્રવેશ કરતી વખતે ચોક્કસ રીતે જાહેરાત કરીને આવવું પડતું પોતાના માથામાં બાંધેલા ફેંટામાં શીગડું રાખવું પડતું હતું. તેમના માટેના જળાશયો પણ અલગ રાખવામાં આવતા હતા. સવર્ણોનો તેમને અનેક રીતે ત્રાસ ભોગવવો પડતો હતો.'

ભારતીય સમાજમાં સદીઓથી ઊંચ-નીચની ભાવના પ્રવર્તતી હતી. દરેક જ્ઞાતિ તેમનાથી નિમ્નગણાતી જ્ઞાતિઓથી શ્રેષ્ઠ છે. તેવું અભિમાન લેતી રહી હતી.

## ⦿ આર્થિક સ્થિતિ :

ભારત ખેતી પ્રધાન દેશ છે. તેમાં ગુજરાતનું સ્થાન પ્રથમથીજ વિશિષ્ટ રહ્યું છે. પ્રાચિન કાળથી ગુજરાતમાં ખેતી અને વેપારે મહત્વ આપવામાં આવ્યું છે પણ 'મુસ્લિમ આક્રમણોને લીધે ગુજરાતમાં ચારે બાજુ અશાંતિ ફેલાયેલી હતી પરિણામે સોલંકી કાળની ગુજરાતની જાહોજલાલી નાશ પામી હતી. પરદેશો સાથેનો વેપાર અટકી ગયો હતો. બંદરો સૂમસામ બન્યાં હતા. લૂંટના ભયે સામાન્ય વેપારી પણ ઘર આંગણે વેપાર કરી, જરૂરી રકમ કમાઇ લેતો હતો. ખેતી તેમજ નાના પ્રકારના ઉદ્યોગોનો વિકાસ અટકી ગયો હતો. યોગ્ય નાણાતંત્ર કે વિનિમય પદ્ધતિનો અભાવ વર્તાતો હતો. ગામડાંઓમાં બદલા પદ્ધતિ પ્રચલિત હતી.'

સોલંકીકાળના ગુજરાતની જાહોજલાલી આ રીતે મુસ્લિમ આક્રમણોને કારણે નષ્ટ થઈ હતી. ગુજરાત કેટલું સમૃદ્ધ હતું, તે જાણવા માટે 'નાભિનંદનો દ્વાર પ્રબંધ'માં તેના લેખક શ્રી કકકસૂરિ લખે છે :

'ગુજરાતનું વર્ણન તો હજારો જીભવાળો પણ ન કરી શકે. છતાં પણ જો એનું વર્ણન કરવું હોય તો કહેવાય કે આ દેશની ભૂમિ સર્વ પ્રકારના ધાન્ય જો કે મગ, તૂવેર, અડદ, ઘઉં, ચોખા, જુવાર વગેરેને ઉત્પન્ન કરવા સમર્થ છે. કૂવાની જમીનમાં પૂષ્કળ પાણી હોય છે. અનેક પ્રકારના ફળો તથા ફૂલો થાય છે. ગુજરાતના વેપારીઓ ઘણાં બંદરોમાં પોતાનો વેપાર ખેડે છે. અઢળક ધન પોતાના દેશમાં લાવે છે. ગામેગામ અન્નક્ષેત્રો છે. આ દેશના લોકો કસુંબાના અને મજીઠના રંગથી રંગાયેલા અને ઊંચી જાતના વણાટવાળા, ભાતભાતના કપડાં પહેરે છે. આ પ્રદેશમાં આવેલાં ગામડાં અતિશય વૈભવવાળા છે.'

આમ, ગુજરાત પ્રદેશ આર્થિક રીતે સક્ષમ અને સમૃદ્ધ હતો. અવલોકન કરતાં જણાય છે કે તે સમયે અનાજ ઘણું સસ્તું હશે. આર્થિક સમૃદ્ધિના આ સમયમાં મોંઘવારી

નહીં હોય. એકંદરે પ્રજા સુખી હતી. પરંતુ મરાઠાશાસન કાળમાં ગુજરાતના વેપારીઓ પોતાના જ ગામ કે શહેરમાં રહી, થોડાઘણાં પૈસા કમાઈ સંતોષ માનતા હતા. લૂંટફાટ અને અંધાધૂંધીને કરાણે ધનાઢ્ય માણસો પણ પોતાને નિર્ધન કહેડાવતા હતા. એ પ્રકારના કરૂણ સ્થિતિ હતી. જાહેર રસ્તાઓ પ્રવૃત્તિહીન બન્યાં હતા. ગુજરાતી પ્રજાનું જીવન જાણે કે થભી ગયું હતું. ચોરી લૂંટફાટ, ધાડ, બળાત્કાર, અપહરણ જેવી ઘટનાઓ રોજબરોજ બનતી હતી. 'ગુજરાતનો સાંસ્કૃતિક' ગ્રન્થમાં શ્રી નવિનચંદ્ર આચાર્ય જણાવે છે કે, 'મરાઠા કાલ દરમિયાન ગુજરાતની આર્થિક સ્થિતિ ઘણીજ ખરાબ હતી. મરાઠાઓના ધાડાં ચોથ અને સરદેશમુખી ઊઘરાવવાના બહાના હેઠળ અવાર-નવાર ગુજરાત ઉપર ચડી આવતા હતા. તેના પરિણામે ગામડાં બરબાદ થયાં હતાં. તેની ખેતી બરબાદ થઈ હતી. વરસાદ સિવાય ખેતી માટે સિંચાઈની બીજી કોઈ સારી વ્યવસ્થા ન હતી. પરિણામે ખેડૂત વર્ગ અતિશય ગરીબ બની ગયો હતો.'

ચોથ ઊઘરાવવાની રીત પણ વિચિત્ર કહી શકાય તેવી હતી. પ્રજાને રંજાડવાની પ્રવૃતિ ચાલતી હતી. એટલું જ નહીં, પરંતુ મરાઠાઓ પોતાના ઘોડાઓને ખેડુતોના ઊભાપાકમાં છૂટા મૂકી દેતા હતા. ઉપરાંત ગામડાઓમાં લૂંટફાંટ કરીને તેને ઉજ્જડ બનાવી મૂકતા હતા. આ રીતે ગુજરાત પ્રદેશ બરબાદ થઈ ગયો હતો. તેની ખએતીને વ્યાપક નુકશાન થયું હતું. વળી, આસમાની સુલતાની ઉપર જ નિર્ભર રહેવું પડતું હતું. રાજયસત્તા ખેડુતો માટે સિંચાઈની કોઈ વ્યવસ્થા કરતા ન હતા. વારંવાર દુષ્કાળ કે અત્તિવૃષ્ટિનો ભોગ ગુજરાતનો ખેડુત બનતો હતો. પરંતુ રાજ્ય તરફથી દયા કે રહેમનજર રાખવામાં આવતી ન હતી. પરિણામે ગુજરાત અતિશય કંગાળ બની ગયું હતું.

'ગુજરાત માં ૧૮મી સદીના ઉતરાર્ધમાં ભયંકર દુષ્કાળ પડયો હતો. વિ.સં. ૧૮૧૭ ઈ.સ. ૧૭૬૧માં આ દુષ્કાળથી અમદાવાદની અંદર ભયંકર નુકશાન થયું હતું. રોગચાળો ફાટવાથી હજારો માણસો મરકીમાં મૃત્યુ પામ્યાં હતા. માણસોને બચાવવાની પણ વ્યવસ્થા ન હતી. ભૂખમરો એટલો બધો હતો કે માણસો શેર અનાજ મેળવવા પોતાના બાળકોને પણ પાણીના ભાવે વેંચવા તૈયાર થતા હતા. ઈ.સ. ૧૭૯૦-૯૧ એટલે વિ.સં. ૧૮૪૭નો દુષ્કાળ 'સુડતાળો' ના નામે ઓળખાતો હતો. તેની ભયંકરતા એટલી બધી હતી કે કોઈ કંજુસને માટે તિરસ્કાર બતાવવો હોય તો લોકો એમ કહેતા કે તેના ઘરમાં 'સુડતાળો' ચાલે છે. ઈ.સ. ૧૮૧૨-૧૩ માં વિ.સં. ૧૮૬૯માં પડેલા દુષ્કાળે સમગ્ર ગુજરાતને બરબાદ કર્યું હતું. તે 'ઓગણોતરા' કાળ તરીકે ઓળખાતો હતો. વરસાદના અભાવ અને

તીડોના આક્રમણ સામે ગુજરાત ટકી શકયુ નહીં. અનેક માણસો ભૂખથી મૃત્યુ પામવા લાગ્યા હતા. મડદાંને બાળવા લાકડાં ન હતાં. ઉંચકનાર માણસો પણ મળતા નહીં. સ્ત્રીઓને મડદા ઉંચકવાનું કાર્ય કરવું પડતું હતું. રાજ્ય તરફથી અનાજની વહેંચણી કરવામાં આવતી હતી પણ તે અપૂરતી હતી. આમ, દુષ્કાળને કારણે ગુજરાતની ખેતી અને ઉદ્યોગો બરબાદ થયા હતા. વેપાર પડી ભાંગ્યો હતો. બંદરો ઉપર પરદેશીઓની અવર-જવર અટકી ગઇ હતી.'

અઢારમી સદીના ગુજરાતની આર્થિક સ્થિતિ અત્યંત ખરાબ હતી. એક બાજુ મુસ્લિમો, મરાઠાઓ, સ્થાનિક રાજાઓ, તેના જાગીરદારો-જમીનદારો, તો બીજી બાહુ બુદરતનો ખોફ, દુષ્કાળ અને રોગચાળો. આમ, ગુજરાતની પ્રજા સર્વ દીશાથી ભિંસાતી રહી હતી. લોકોનું જીવવું જ દોહ્યલું થઇ પડ્યું હતું. એક ઇશ્વર સિવાય બીજો કોઇ સહારો જ ન હતો. નિરાંત મહારાજના સમકાલીન સંત કવિ પ્રીતમ લખે છે :

'વાહાલાજી તું મોકલને વરસાદ રે, શામળિયા,
સાધુસંત શાનો કરશે પરસાદ રે, શામળિયા.
અન્નજલ ખૂટ્યાં તૂટ્યાં સગપણ સહુનારે શામળિયા,
નથી ખમાતાં દુ:ખડાં ગરીબ ગૌના રે, શામળિયા.
પશુ પીડાય ન મળે પાણી તરણરે શામળિયા,
બિરૂદ તારૂં કહાવે અશરણ શરણરે શામળિયા,'

\- પ્રીતમ

પ્રીતમ મહારાજના આ નવ પંક્તિના કાવ્યમાં તત્કાલીન સમાજની તાસીર પ્રગટ થઇ છે. એક ઇશ્વરના સહારા સિવાય બીજો કોઇ આધાર ન હોવા છતાં દુષ્કાળની દારૂણ પરિસ્થિતિથી લોકો ઈશ્વરથી પણ વિમુખ થયા હતા. તેવા સંકેતો પ્રીતમ મહારાજની કવિતામાંથી પ્રાપ્ત થાય છે.

રાજાઓ, સામંતો-જાગીરદારો અને મરાઠાઓનો ત્રાસ પ્રજા સહન કરતી હતી. બીજી બાજુ કુદરત પણ રૂઠી હતી. રાજાઓ ખંડણી ભરતા હોવાથી, બળજબરી પૂર્વક તેઓ ચોથ ઉઘરાવતા હતા. અપહરણ, લૂંટ, બળાત્કાર વગેરે રોજિંદી ઘટના હતી. ઉપરાંત બહારવટિયાઓનો રંજાડ અને ઉપદ્રવ પણ ઘણો હતો. આ પ્રકારની વિપરીત પરિસ્થિતિમાં

નિગુર્ણ સંતો પ્રજાની સાથે રહી તેને જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનો ઉપદેશ આપી સાચી દીશા ચીંધી હતી. નિરાંત મહારાજ પોતાની વાણી દ્વારા લોકોને કેવો દિલાસો આપતા હતા. તે જોઈ શકાય છે. નિરાંત મહારાજ લખે છે :

'દિલમત ધાંખા ધરના બંદે એહી ખુદાકા કરના. ટેક.
એક સમાતો એસા આવે સુબરા બરસે ખાના,
એક સમાતો એસા આવે ચુન ચુન ચુગના દાના.
એક સમાતો એસા આવે હસ્તિ ચઢકે ચલના.
એક સમાતો એસા આવે શિરપે બોની ધરના,
એક સમાતો એસા આવે રોજ પલંગપર સોનાન,
એક સમાતો એસા આવે ધરતી બિન બિછોના.
એક સમાતો એસા આવે અંગ ઝરીકા વાધાં,
એક સમાતો એસા આવે હાલ હવાલે નાગા.
સભી સમા સરખા ના જાવે, આદ્ય અંત વિચારી.
દાસ નિરાંત સમાકો સાધક, સાહેબ બો અધિકારી.'

– નિરાંત

'એક નામ સાહેબકા સમરો, મત ભૂલો મન ભાઈ રે,
અમુલખ જનમના જાય અવસ્થા, ભજલો એહી ભલાઈ રે,
તું નહીં કોઈકા કોઈ નહીં તેરા, કૌન ભરોંસે ભૂલે રે,
ગાફલ ગુના કરે બહોતેરા, દુઃખડાં માંહે ડૂલે રે.'

– નિરાંત

નિરાંત મહારાજના પૂર્વકાલીન સમાજ જીવનમાં આપણે ત્યાંથી હાથી દાંત, જાડું કાપડ અને એવી બીજી અનેક વસ્તુઓની પરદેશમાં નિકાસ થતી હતી. પરંતુ આયાત-નિકાસની વ્યવસ્થા સરકારે સંભાળવાની હોય છે. તે સમયના રાજા મહારાજાઓની સ્થિતિ અત્યંત વિકટ હતી. એટલે રાજકીય અંધાધૂંધીને કારણે પરદેશ સાથેના વ્યાપાર અટકી ગયો હતો. એ સમયમાં સુરત મૂકામે અંગ્રેજો એ જે કોઠીઓ સ્થાપી હતી. ત્યાંથી

માલની હેરાફેરી થતી હતી. સમય જતાં સુરત બંદર સમૃદ્ધ બન્યું હતું. સુરતની જાહોજલાલી જોઈને મરાઠાઓએ સુરતને અનેકવાર લૂંટ્યું હતું. મુસ્લિમો, અંગ્રેજો, ફ્રેન્ચો વગેરે વિદેશી પ્રજા હતી તેમની પાસેથી અપેક્ષા પણ શી હોય ? પરંતુ મરાઠાઓ તો આ દેશની જ પ્રજા! તેમણે પણ શોષણ કરવામાં અને ત્રાસ ગુજારવામાં કશું બાકી રાખ્યું ન હતું.

'રાજકીય અવ્યવસ્થાને કારણે પરદેશો સાથેનો વેપાર પડી ભાંગ્યો હતો. અહીંથી હાથીદાંત, જાડું કાપડ વગેરે આફ્રિકા અને અન્ય દેશોમાં જતું. સુરતમાં અંગ્રેજોની વેપારી કોઠીઓ શરૂ થતાં સુરત બંદરેથી માલની હેરાફેરી થતી રહેતી. ધીરે ધીરે સુરત બંદર સમૃદ્ધ થતું ગયું. તેની સમૃદ્ધિ જોઈને મરાઠાઓએ અનેકવાર સુરતને લૂંટયું હતું.'

સુરત પૂર્વે ભરૂચ આયાત-નિકાસનું કેન્દ્ર હતું. ભરૂચનો કાપડ ઉદ્યોગ ધમધમતો હતો. ભરૂચ બંદરેથી કાપડની નિકાસ થતી રહેતી હતી. લગભગ ચારથી પાંચ લાખ રૂપિયાનું કાપડ દર વરસે પરદેશ જતું. ઉપરાંત અનાજ અને ખાંડની પણ નિકાસ થતી હતી. પરંતુ અઠારમી સદીમાં રાજકીય અસ્થિરતાને કારણે ભરૂચના ઉદ્યોગોને ઘણી અસર પહોંચી હતી. તે પછી નિકાસ સુરત ધીકતું બંદર બન્યું હતું. સુરતમાં વહાણ બાંધવાના ઉદ્યોગો સ્થપાયા હતા. જહાજવાડાના માલિકો પારસીઓ હતા. તેમણે પછીથી મુંબઈમાં ગોદી બાંધી ને મુંબઇ બંદર વિકસાવ્યું હતું. એટલે સુરત બંદરની સ્થિતિ પણ ભરૂચ જેવી જ થઈ હતી.

આમ, નિરાંત મહારાજના પૂર્વકાલીન-સમકાલીન સમાજ જીવનની આર્થિક સ્થિતિ વિશે આપણે જોયું. પ્રજાએ ઘણા દુઃખ સહન કર્યા. સંતોએ પોતાની શીતળવાણી દ્વારા પ્રજાને જીવનબળ આપ્યું.

## ◉ રાજકીય સ્થિતિ :

નિરાંત મહારાજનું પૂર્વકાલીન સમાજ જીવન અંધાધૂંધી અને અરાજકતાનું રહ્યું હતું. ઈ.સ. ૧૭૦૭માં ઔરંગઝેબનું અવસાન થતાં જ, સુબાઓ સ્વતંત્ર થવા લાગ્યા હતા. પેશવાઈ સત્તાનો પ્રભાવપણ રહ્યો ન હતો. રાજકીય ઉથલ-પાથલના આ સમય દરમિયાન પ્રજાજીવન ભયગ્રસ્ત અને ભયત્રસ્ત બન્યું હતું. મરાઠાઓ અને પીંજારાઓને જાણે કે મોકળું મેદાન મળી ગયું હતું. તેઓએ ગુજરાતનો ધમરોળી, લૂંટફાંટ કરી ભયનો માહોલ સર્જી દીધો હતો. આ સમયમાં મરાઠા અને મોગલ સરદારો ગુજરાતમાં ચોથ ઉઘરાવતા હતા. ગુરાતમાં નાના ખંડણિયા રાજાઓ હતા. આ રાજાઓની પાસે પણ સંપૂર્ણ કહી શકાય તેવી કોઈ સત્તા ન હતી.

૧૮મી સદીના પ્રથમ દશકથી જ સમગ્ર રાષ્ટ્ર અશાંતિ અને અંધાધૂંધીની ગર્તામાં ધકેલાઇ ગયું હતું. મુગલ શાસનનો તો સૂર્યાસ્ત થઇ જ ગયો હતો. છત્રપતિ શાહુના સેનાપતિ ધનાજી જાધવે ગુજરાત ઉપર આક્રમણ કર્યું હતું. 'ઇ.સ. ૧૭૧૪માં અમદાવાદમાં હિન્દુ-મુસ્લિમ કોમી વિગ્રહ થયો હતો.'

ઇ.સ. ૧૭૨૦માં પીલાજી ગાયકવાડે સોનગઢ જીતી લીધું હતું.

આ સમય દરમિયાન હુજરાતમાં વારંવાર અથડામણો થતી રહેતી હતી. મરાઠાએ સત્તા માટે પ્રજા પર જુલ્મ ગુજાર્યા હતા. અઢારમી સદીના અર્ધભાગ સુધઈમાં ગુજરાતમાં 'ગાયકવાડ સરકાર' તરીકે ઓળખવામાં આવી હતી.

ઇ.સ. ૧૭૩૧ પછી વડોદરામાં ગાયકવાડ રાજયોનો પાયો નંખાયો આ સમય ઐતિહાસિક દૃષ્ટિએ મહત્વનો હતો. વિદેશી વેપારી પેઢીઓ-પોર્ટુગીઝો, ડચ, ફ્રેન્ચ અને અંગ્રેજોએ ગુજરાતની વિપરિત પરિસ્થિતિનો પૂરો લાભ લીધો હતો. 'પોર્ટુગીઝોની સત્તા તો સોળમી સદીથી દીવ દમણ અને ગોવામાં હતીજ. ઇ.સ. ૧૬૧૨માં અંગ્રેજોએ સુરતમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના નેજા હેઠળ કોઠી સ્થાપી.' આ સમયે મરાઠા અને મુસલમાનોના સુબા વચ્ચે સંઘર્ષ થતા રહેતા હતા. 'ઇ.સ. ૧૯૧૯માં ગુજરાતમાંથી પેશ્વાની સત્તા અસ્ત પામી હતી. તે સાથે જ કંપની સરકરાનું અંગ્રેજી શાસન સ્થપાયું. ગાયકવાડનું વડોદરા રાજ્ય પણ તેનું આશ્રિત બન્યું હતું.'

ગુજરાતની પ્રજાએ રાજકીય સત્તાની સાંઠમારીનો અંત જોયો અને રાજકીય ઉથલ-પાથલ શાંત થતાં, શાંતિનો અનુભવ કર્યો. પાછળથી આપણા અર્વાચીન યુગના કવિઓએ અંગ્રેજી શાસનને આવકાર્યું હતું. તેમના સર્જનમાં અંગ્રેજી શાસનનો પ્રભાવ સ્પષ્ટ અનુભવાય છે.

કવિ દલપતરામ લખે છે :

'વેર ગયાં જે ઝેર ગયાં, વળી કાળા કેર ગયા કરનાર,
પર નાતીલા જાતીલાથી, સંપ કરી ચાલે સંસાર,
દેખ બિચારી બકરીનો પણ કોઇ ન જાતાં પકડે કાન,
એ ઉપકાર ગણી ઇશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન.'

- દલપતરામ

આ પૂર્વે ૧૯મી સદીના ત્રીજા દશકમાં અંગ્રેજી શાસનને કારણે ગુજરાત રાજકીય સત્તાક્ષેત્રની શાંતિનો અનુભવ કર્યો હતો પણ અઢારમી સદીમાં રાજકીય અંધાધૂંધી અને અરાજકતા હતી. સતત ને સતત આક્રમણો થતાં રહેતાં હતા. પ્રજા સતત ભયગ્રસ્ત રહેતી હતી. દ્વિધાના દ્વિપ ઉપર ઊભેલી આ પ્રજા ન્યાય મેળવવા પણ કોની પાસે જાય ? જેવી પ્રજાની તેવી રાજાઓની પણ સ્થિતિ હતી. નાના નાના રજવાડાંઓમાં પરસ્પર દુશ્મની અને દ્વેષ પ્રવર્તતતા હતા. પરિણામે પરસ્પર સંઘર્ષ થયા કરતો હતો. આ ખંડણિયા રાજાઓનો પણ ઘણો ત્રાસ રહેતો હતો. તેઓ પ્રજા પાસેથી આકરા કર ઉઘરાવતા રહેતા હતા. 'ચોથ અને સરદેશમુખીના નામે પ્રજાને રંજાડવામાં આવતી હતી. ચોથ એટલે રાજ્યની કુલ આવકનો ચોથા ભાગ ખંડણીરૂપે લેવો ત અને સરદેશમુખી એટલે રાજ્યની કુલ આવકના દશ ટકા જેટલી રકમ ખંડણીરૂપે લેવી તે.'

અલબત્ત આ પ્રકારના કર અંગ્રેજી શાસન રાજ્યો પાસેથી વસુલ કરતાં હતા પણ રજવાડાંઓ પ્રજા પાસેથી વધુ કર લેતા હતાં તે પણ શાંતિ કે સલુકાઈપૂર્વક નહીં. પરંતુ ધાકધમકી અને બળજબરીપૂર્વક કર વસુલ કરવામાં આવતો હતો. આ સમયનો પૂરેપૂરો લાભ મરાઠાઓએ લીધો હતો. મરાઢાઓના ધાડાં ગુજરાત-સૌરાષ્ટ્રમાં ઉતરી પડતાં હતા. ગામડાઓને ઉજ્જડ અને વેરાન કરી મૂરતા હતા.

નિરાંત મહારાજના જન્મ સમય દરમિયાન વડોદરામાં ગાયકવાડ સરકાર શ્રીમન્ત દમાજીરાવ ગાયકવાડ શાસન કરી રહ્યા હતા. ગુજરાતમાં તે સમયે સૌથી મોટી સત્તા ગાયકવાડ સરકારની હતી. જયારે અમદાવાદમાં મુસ્લિમ સુબાઓ રાજ્ય શાસન કરી રહ્યા હતા. 'ઈ.સ. ૧૭૫૩ માં વિઠ્ઠલ શિવદેવ અમદાવાદનો વહીવટદાર હતો.' આ સમયગાળામાં ગુજરાતમાં નાનકડી રિયાસતો પણ સત્તા ભોગવતી હતી સાથે સાથે આ રજવાડાંઓ પોતાને સ્વતંત્ર માનીને પરસ્પર લડાઈઓ કર્યા કરતા હતા. રાજસત્તાના પલટાઓ અને તેમાંથી ઊભી થતી અમાનુષિતાઓ સમાજે સહવી પડતી હતી.

ઈ.સ. ૧૫૭૨ થી ૧૭૫૩ સુધી ગુજરાતમાં દિલ્હીમાં મુગલ બાદશાહોની સત્તા હતી અકબર, જહાંગીર, શાહજહાંનો શાસનકાળ ભારત માટે ખાસ કરીને ગુજરાત માટે સ્વાસ્થય, શાંતિ, સમૃદ્ધિ અને સલામતીનો 'સુવર્ણયુગ' હતો. 'ગુજરાતમાં મુસ્લિમ સલ્તનતના અંત સાથે જ અરાજકતા સર્જાઈ હતી. સુબાઓમાં આંતરકલહ પરાકાષ્ટાએ હતો. લશ્કરી દોડધામ ને પરિમામે પ્રજા અશાંત હતી. અકબરના શાસનમાં ગુજરાતે શાંતિ અનુભવી હતી. ઈ.સ. ૧૬૫૮ થી ૧૭૦૭ સુધી ઔરંગઝેબના શાસને પ્રજાને સુખ, શાંતિ અને

આબાદી આપી હતી.'

રાજકીય અવ્યવસ્થાથી પ્રજાકીય જીવન ઠપ્પ થઇ ગયું હતું. આ પ્રકારની પરિસ્થિતિમાં ગુજરાતની સર્વજ્ઞાતિઓમાં એકતા થવી જોઇએ, તેના બદલે પ્રત્યેક જ્ઞાતિઓએ અંગસોકચન કર્યુ હતું. પરિણામે સમગ્ર સમાજને ભયંકર નુકશાન થયું. વેદકાલીન સમયથી આપણે ત્યાં વર્ણવ્યવસ્થા અસ્તિત્વમાં આવી હતી. ઈ.સ. પૂર્વે બીજીથી પાંચમી સદીસુધીમાં તેમાંથી અનેક જાતિઓનું નિર્માણ થયું હતું. આ જાતિઓ-જ્ઞાતિઓનો પોતપોતાનો સ્વતંત્ર સમાજ હતો. તેમના ખાનપાન, રહેણી-કરણી, આચાર-વિચાર, પહેરવેશ, માન્યતાઓ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધાઓ વગેરેમાં ભિન્નતા હતી. મુસ્લિમોના આક્રમણ સમયે આ સર્વજ્ઞાતિઓ પોતાને અલગ અને સ્વંતંત્ર માની, મુકસાક્ષી બની જોઇ રહી હતી. તેમનામાં પરસ્પર વૈચારિક ભિન્નતા હોવાથી તેઓ એક ન થઇ શક્યા. બલ્કે વધુ સંકુચિત વલણ અખત્યાર કર્યું હતું. 'સને ૧૯૬૧માં પેશવાઈ મરણતોલ પટકાઇ અને ઈ.સ. ૧૮૧૮માં પૂરી રીતે ખલાસ થઇ ગઈ. પછી તેની ગાદી ઉપર પરદેશી અંગ્રેજી કંપની સરકાર ચડી હેઠી. ત્યાં સુધી ગુજરાતનું વાતાવરણ એકંદરે આવું ક્ષુબ્ધ રહ્યું હતું.'- દેશની રાજકીય રંગભૂમિ પર આવેલી અંગ્રેજી સત્તાઓ રાજદંડથી અને કાયદા તથા વ્યવસ્થાના સ્થાપનથી ગુજરાતમાં શાંતિ અને સ્વસ્થતાનું નિર્માણ થયું. નિરાંત અને તેમની શિષ્ય પરંપરાના સંત પરંપરાના સંત કવિઓએ પ્રજાને સન્માર્ગે વાળી હતી. પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પણ તેમણે સમાજજીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિના વિકાસમાં ફાળો આપ્યો હતો.

## ◉ ધાર્મિક સ્થિતિ :

આપણે ત્યાં પ્રાચીનકાળથી પરમતત્વ વિષયક-અધ્યાત્મક વિષયક ચિન્તન મનન થતું રહ્યું છે. છેક પ્રાગૌતિહાસિકકાળ એટલે કે હડપ્પા મોહન-જો-દરોની સંસ્કૃતિના સમયથી અધ્યાત્મ-ધર્મતત્વ પ્રગટ થતું રહ્યું છે. 'સિન્ધુ નદીની ખીણમાં વસેલા નગર સંસ્કૃતિના-હડપ્પા સંસ્કૃતિના લોકો તંત્ર વિદ્યામાં આર્યોથી આગળ હતા.' 'સાંખ્યકારિકા' અને 'સાંખ્યસૂત્ર' બન્ને ગ્રન્થો ઈસવીસન શરૂ થયા પછી રચાયા છે. સાંખ્યમત એનાથી લગભગ હજાર દોઢ હજાર વર્ષ પહેલાંનો છે. એ રીતે પ્રાગૈતિહાસિક સંસ્કૃતિ જોતાં આ બાબત સ્પષ્ટ થાય છે.

આર્યપ્રજાનું ભારતમાં આગમન થયું તે પછી તેમણે વેદ-ઉપનિષદો, સ્મૃત્તિઓ, રામાયણ, મહાભારત વગેરે ગ્રન્થોની રચના કરી. તો, બુદ્ધ અને મહાવીરે પોતપોતાના દર્શન વડે સામાજિક ક્રાન્તિ સર્જી હતી. એજ રીતે ષડ્દર્શનના રચયિતાઓએ

પણ ભારતીય અધ્યાત્મ દર્શનની ઉન્નતિમાં ફાળો આપ્યો હતો. ગુપ્ત રાજાઓના સમયમાં પુરાણો રચાયાં હતા. તો, આદિ શંકરાચાર્યએ ઉપનિષદની પરંપરાનો અદ્વૈત માર્ગ પ્રસ્તુત કર્યો હતો. આ સાથે જ બૌદ્ધધર્મમાંથી પ્રગટેલી શાખાઓમાંથી નાથપંથીઓ અને સિદ્ધપંથીઓએ પણ ભારતીય અધ્યાત્મ પરંપરાના પ્રવાહે સતત વહેતો રાખ્યો હતો. મધ્યકાલીન સંત પરંપરા આ સિદ્ધો અને નાથોની પરંપરાઓનું જ જાણે કે બદલાયેલું રૂપ હોય તેમ લાગે છે. મધ્યકાળના ઈસ્લામના સુફીવાદે પણ ભારતીય સંતપરંપરાને પ્રભાવિત કરી હોય તેમ જણાય છે.

મધ્યકાળમાં ભારતીય અધ્યાત્મ પરંપરાની અનેક શાખાઓ, માર્ગો, પંથો દ્રષ્ટિગોચર થાય છે. જેમકે શૈવ, શાકત, નાથ, વૈષ્ણવ, પુષ્ટિમાર્ગ, મહાપંથ, કબીરપંથ, નાનકપંથ, રવિભાણ પંથ, સ્વામીનારાયણ સંપ્રદાય વગેરે પંથો કે માર્ગોમાં ભારતીય અધ્યાત્મ સાદ્યંત વહેતું રહ્યું છે.

ભારતીય સંતપરંપરાના અગ્રદૂત કબીરસાહેબને માનવામાં આવે છે. કબીર વિચારધારાને અનુસરી ગુજરાતમાં કેટલાયે સંતકવિઓએ નિર્ગુણ નિરાકાર દર્શન પ્રસ્તુત કર્યું છે. 'મધ્યકાલીન સંત-ભકતકવિઓ આપણી સંસ્કૃતિના વિવેક વણજારા છે. અખો, ભોજો, પ્રીતમ, ધીરો, દાસી જીવણ, બાપુ સાહેબ ગાયેકવાડ, ગંગાસતી, બ્રહ્માનંદ અને નિરાંત જેવા કેટકેટલા જીવન ચિન્તક જ્ઞાની ભક્ત કવિઓએ ગુજરાતીઓના હૃદયને ભારતીય સંસ્કૃતિના ધર્મતત્વજ્ઞાનના પ્રકાશથી ઉજ્જ્વળ રાખ્યું છે !'

સદીઓથી ભારતીય સમાજનું માનસ ધર્મ રંગ્યું રહ્યું છે. ભારતમાં ધર્મ અને તેના પ્રવર્તકોનું સ્થઆન સૌથી ઊંચું રહ્યું છે. ભારતીય લોકો ધર્મનું રક્ષણ કરવા માટે પ્રાણીની આહુતિ આપતાં પણ અચકાતો નથી. પરિણામે આ પ્રકારની સ્થિતિનો તથા કથિત સાધુઓ ભરપૂર લાભ પણ લેતા હતા. ઢોંગી, દંભી, લાલચુ અને ચાલબાજ લોકો ધર્મનો અંચળો પહેરી પ્રજાનું ધાર્મિક શોષણ કરી રહ્યા હતા.

'આઝાદીની ચળવળ દરમિયાન મારા જેલવાસમાં એક કેદીનો મને પરિચય થયો. તે કહેતો – 'મારી સામે જુઓ મેં લંપટતા આદરી છે, છિનાળી કરી છે. ચોરી અને ખુન પણ કર્યા છે. પરંતુ ધર્મને કદી છોડયો નથી.' એને મન ધર્મની વ્યાખ્યા શી હશે ?! સવારમાં ઊઠીને ન્હાતો હશે. એકાદશી એ ઉપવાસ કરતો હશે. જપ કરતો હશે. એવી કંઈક એની ધર્મની વ્યાખ્યા હશે. આપણા દેશે આ રીતે બધુ જ કર્યું છે પણ ધર્મને છોડ્યો નથી.'

મધ્યકાળમાં નિર્ગુણ સંતો-ભક્તોએ ધર્મસુધારણા કરવાના પ્રયત્નો કર્યા હોવાનું સ્પષ્ટ જોઈ શકાય છે. છેક બે હજાર પાંચસો વર્ષ પૂર્વે તથાગત ગૌતમ બુદ્ધે પોતાના દર્શનને પ્રસ્તુત કરી, માનવધર્મની સ્થાપના કર્યાનું જોઈ શકાય છે. પરંતુ 'વિસ્તૃત કર્મકાંડો હિંસાત્મક યજ્ઞો, સ્વાર્થી લાલચુ પુરોહિતવૃત્તિ આ સમયે પરાકાષ્ટાએ પહોંચી હતી. ગરીબ અને સમૃદ્ધ વર્ગ સુદ્ધાંને બ્રાહ્મણવર્ગની આવી બિન ઉત્પાદક પ્રવૃત્તિ અને અર્થહીન પશુ હત્યાનો આર્થિકભાર વેઠવો પડતો હતો. હકીકતમાં બ્રાહ્મણોની ધાર્મિક અને કર્મકાંડવૃત્તિને ઉપનિષદો એ પણ પડકારી હતી.'

આ પ્રકારની પરિસ્થિતિને મધ્યકાળના સંતોએ પણ પડકારી હતી. દાનની સાથે ભક્તિ તત્વ પ્રબોધ્યું. નરસિંહ પણ કહે છે કે 'ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે,' વગેરે. પરંતુ કેટલાક વિદ્વાનોનો મત એવો છે કે, ભક્તિ અનાર્ય પ્રછુત્તિ હતી. આ વાત કદાચ એટલા માટે કહેવામાં આવી છે કે ભક્તિનો પ્રારંભ અને વિકાસ દક્ષિણ ભારતમાં થયો હતો. ભાગવતમાં એક શ્લોક છે. જેમાં ભક્તિ કહે છે :

'હું દ્રવિડ દેશમાં જન્મી, કનટીકમાં મારો વિકાસ થયો.
મહારાષ્ટ્રમાં હું થોડા દિવસ રોકાઈ અને
ગુજરાતમાં જઈને હું ઘરડી થઈ ગઈ.'

દક્ષિણના આલવાર સંતો-ભક્તોની ભક્તિ વિષયક પ્રવૃત્તિઓથી ઉત્તર તેમજ પશ્ચિમ ભારતમાં નૂતન વાતાવરણનું નિર્માણ થયું. મુસ્લિમ શાસનકાળમાં ભારતીય પ્રજા નિર્બળ, નિરાસ અને ઉદાસ બની ગઈ હતી. આ પ્રકારની પરિસ્થિતિમાં ભક્તિ આંદોલનનો પ્રારંભ થવાથી ભારતમાં સાંસ્કૃતિક ચેતના જાગત થઈ. સંતો-ભક્તો સમાજ સુધારક પણ હતા. તેમણે ધાર્મિક અને સામાજિક દૂષણો સામે અંગુલીનિર્દેશ કરી, સંતવાણીના માધ્યમ વે ભાઈચારાની સંવાદિતાની ભાવના વ્યક્ત કરી. આ ભક્તિ આંદોલનથી પ્રાદેશિક ભાષાઓનો પણ વિકાસ થયો.

'મરાઠાકાળ દરમિયાન સમાજમાં અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. ભૂતપ્રેતના નામે અનેક વહેમો પ્રચલિત હતા. વિવિધ માન્યતાના નામે પશુ હિંસા થતી હતી. પુજારીઓ દેવના પ્રસાદના નામે માંસ મદિરાનું પાન કરતા હતા. કહેવાતી નિમ્ન કોમોમાં પુત્રીને દૂધપીતી કરવાનો રિવાજ પ્રચલિત હતો. સીના નામે અનેક નિર્દોષ

સ્ત્રીઓનો ભોગ લેવામાં આવતો હતો. સમાજમાં પ્રચલિત સર્વ સંપ્રદાયોમાં શિથિલતા વ્યાપી હતી. પુષ્ટિ સંપ્રદાયમાં સંકુચિતતા વ્યાપક બનતા તેના પડકાર રૂપે 'સ્વામી નારાયણ' સંપ્રદાય ગુજરાતમાં પ્રસર્યો હતો.'

મરાઠાકાળમાં સમાજ જીવનમાં વ્યાપક દુષણો પ્રવર્તતા હતા. ર્ધમમાં અજ્ઞાનતા અને અંધશ્રદ્ધા પ્રવર્તતી હોવાથી ઢોંગી ધર્મગુરૂઓએ ભરપૂર લાભ લીધો હતો. સ્વાર્થી પંડિત-પુરોહિતો પણ આ તકનો એટલો જ લાભ લીધો હતો અને તેથી તો નિર્ગુણ નિરાંત મહારાજ લખે છે :

'કુળગોરતો સબકું કહાવુ, સબકું રાહ લગાવેગા,
તેરા રાહડી તું ને ખબર નહીં, અંતકાળ કહાં જાવેગા.'

આ ઉપરાંત નિરાંત શિષ્ય બાપુ સાહેબ ગાયકવાડ લખે છે :

'વેદ અલ્યા સોંપ્યા તને વિધિએ તું મૂઢ થયો,
તારા લેઈ આપે એ તો, સારી જેની છાપ રે,
ભાઈ માગે તું તો કોની પાસેથી જવાબ રે,
ઘરમાં તો વેદભણો, સુત છે સંસ્કાર હીન,
શુદ્ર જેવો તેહ અલ્યા શાસ્ત્ર કરે સાફ રે,'

'તે મનસુબા કરે છે ને મણકા ગણે છે,
જુઓ માળા ફેરવે છે એના કરમેં,
એ મન રહ્યું મેલું ને તનનેધૂએ છે,
રાફડી કૂટી નાંખ્યો ને સાપ દરમે.'

- બાપુ સાહેબ ગાયકવાડ

આ પ્રકારના વિધાનોથી સ્પષ્ટ થાય છે કે, તત્કાલીન ધાર્મિક સ્થિતિ કેટલી હદ સુધી કોહવાઈ ગઈ હશે ! મરાઠા શાસનમાં ધાર્મિક અંધાધૂંધી હોવા છતાં તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવામાં સંતોનું યોગદાન મહત્વપૂર્ણ છે. અનેક દેવદેવીઓની પૂજામાં

વ્યસ્ત રહેતા લોકોને નિરાંત મહારાજ કહે છે :

'આપ આપનું પારખીરે લેવું, બીજજો ભરમ ભૂલારો રે,
બ્રહ્મા ભાસી આન્ય ઉપાસી, આપ આપ રહ્યો ન્યારો રે,
જોગ જગન ને શ્વાસ સમાધિ, અન્ય દેવની આશા રે,
સબકો ઉપાસી અન્ય દેવકે, તન લગી એહી તમાસા રે,'

- નિરાંત

નિરાંતના પૂર્વકાલીન સંત કવિઓ નરસિંહ, અખો, માંડણ, નરહરિ, મૂળદાસ વગેરેએ તત્કાલીન સમાજમાં પ્રવર્તતી ધાર્મિક અંધાધૂંધીમાંથી પ્રજાને છોડવવાના ઘણાં પ્રયત્નો કર્યા હશે. તેમ એમની વાણીના આધારે કહી શકાય. એજ રીતે નિરાંત મહારાજના સમકાલીન સમાજ જીવનમાં પણ ઢોંગી, દંભી અને લાલચુ લોકો ગુરૂ બની યોગની ઉટપટાંગ ક્રિયાઓ કરી, પ્રજાને આકર્ષિત કરી રહ્યા હશે, ત્યારે નિરાંતે કહ્યું -

'જોગી, જતિને તપસ્વી સન્યાસી હાર ન મૂકે હઠકી,
અપની મતસે જહાં તહાં અટકે ભજવી ભેખ ઉટલકી.'

- નિરાંત

મધ્યકાલીન સંતવાણીમાંથી તત્કાલીન સમયની તાસીર આપણને પ્રાપ્ત થાય છે. અઢારમી સદીમાં શિક્ષણનું મહત્વ ન હોવાથી સમાજમાં અજ્ઞાનતાનું પ્રમાણ ઘણું મોટું હતું. પરંપરા અને રૂઢિ પ્રમાણે પંડિત પુરોહિતો પાસે ધર્મનું શાસન હતું. તો, તત્કાલીન સમયમાં મનોરંજનના કોઇ ઉપકરણો ન હોવાથી કેટલાક વ્યાસ અને પુરાણીઓ જેવું અને જેટલું આવડે તેવું ગાતા હતા. અમદાવાદના કૃષ્ણરામ મહારાજ પોતાના કળીકાળના ગરબામાં લખે છે :

'વાટે વાટે વ્યાસ થઈને માણ વગાડે,
પાંચકે બેઠા પાસ તેહ તાળીઓ પાડે.
શ્રૃતિ-સ્મૃતિની વાત, કાળ જીવ ઈશ્વરની,
જાણ નહીં કાંઇ જાત, રાગ, તાલ કે સ્વરની.

પીંગળ રીતે છંદ કવિતા કરી ન જાણે,
પોતા તણા પ્રબંધ રચી રાગડા તાણે.'

મધ્યકાળના સમાજમાં ધર્મસત્તા પરંપરાગત પંડિત-પુરોહિતો પાસે રહી હતી. મંદિરોમાં સંધ્યા, પૂજા આરતી, વ્યાખ્યાનો થતાં રહેતાં હતા. સમાજમાં નિમ્ન ગણાતી જ્ઞાતિઓને મંદિર પ્રવેશનો અધિકાર ન હતો. જ્ઞાન માર્ગી-નિર્ગુણસંત કવિઓ કે જેની સંખ્યા અલ્પ હતી તેઓએ પોતાની રીતે ધર્મ જાગૃતિ માટે કાર્ય કર્યું હતું. કેટલાક લોકોને સન્માર્ગે વાળ્યાના ઉદાહરણો પણ મળે છે. નરસિંહ, અખો, દાદૂ દયાળ વગેરે સંતો-ભક્તોએ ધર્મવિષયક ઘણું સુંદર કાર્ય કર્યું હતું. એજ રીતે રવિ-ભાણ સંપ્રદાયના કવિઓ કે જેઓ સાહેબ પંથી કહેવાય છે. તેમણે વસતી ચેતાવવાનું સારૂં કાર્ય કર્યું હતું. તો, સ્વામી સહજાનંદે કુસંગે ચડી ગયેલા લોકોને સન્માર્ગે વાળી, પોતાનું ઉત્તરદાયિત્વ સિદ્ધ કર્યું હતું. એજ રીતે નિરાંત અને તેમની શિષ્ય પરંપરાના કવિઓએ જ્ઞાતિ-જાતિને તિલાંજલી આપી વર્ગ વિહીન સમાજ રચના ના પ્રયત્નો કર્યાનું જણાય છે. પરંતુ બહુધા સમાજ અજ્ઞાનતાની ગર્તામાં ધકેલાતો જ રહ્યો. એ રીતે અઢારમી સદીનું ગુજરાત દીન-હીન અને કંગાળ બની રહ્યું.

### ◉ સાંસ્કૃતિક સ્થિતિ :

કોઈપણ દેશ, પ્રદેશ કે સમાજની સાચી ઓળખ તેની સંસ્કૃતિ આપી જાય છે. શિલ્પ-સ્થાપત્ય, ચિત્ર, સંગીત અને સાહિત્ય તેનું સાચું માપદંડ છે. વિદ્વાનોએ સંસ્કૃતિની કેટલીક વ્યાખ્યાઓ આપી છે. જે નીચે પ્રમાણે છે :

> 'પ્રકૃતિ દ્વારા ઉપલબ્ધ કરાયે પદાર્થો, તત્વોં ઔર શક્તિઓં કા ઉપયોગ કર મનુષ્યને ભૌતિક ક્ષેત્રમેં જો અસાધારણ ઉન્નતિ કી હૈ, ઉસીકો હમ 'સભ્યતા' કી સંજ્ઞા દેતે હૈ।'

> 'મનુષ્ય અપની બુદ્ધિ કા પ્રયોગ કર વિચાર ઔર કર્મ કે ક્ષેત્રમેં સૃજન કરતા હૈ, ઉસીકો 'સંસ્કૃતિ' કહેતે હૈ।'

'સંસ્કૃતિ વહ જટિલ સમગ્રતા હૈ, જિસમેં જ્ઞાન, વિશ્વાસ, કલા, આચાર, કાનૂન, પ્રથા તથા એસી હી અન્ય ક્ષમતાઓ ઔર આદતોકા સમાવેશ રહતા હૈ, જિન્હે મનુષ્ય સમાજકા સદસ્ય હોને કે નાતે પ્રાપ્ત કરતા હૈ।'

- ઈ. બી. ટોયલર.

'સંસ્કૃતિ ઉન ભૌતિક તથા બૌદ્ધિક સાધનો યા ઉપકરણો કા સંપૂર્ણ યોગ હૈ, જિસકે દ્વારા માનવ અપની પ્રાણી શાસ્ત્રીય એવં સામાજિક આવશ્યકતાઓં કી સંતુષ્ટિ કરતા હૈ, તથા અપને આપકો પર્યાવરણ કે અનુકૂલ બનાતા હૈ।'

- પિડિંગ્ટન.

કેટલાક વિદ્વાનો 'સંસ્કૃતિ' ને 'સંસ્કાર' નું રૂપાંતર માને છે. જીવનને ઉજ્જ્વળ બનાવવા માટે અનેક પ્રકારના સંસ્કારની જરૂર પડે છે. જીવનની શુદ્ધિ કરવા માટે, કરવામાં આવતા સંસ્કારોને સંસ્કૃતિ કહેવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિના સત્ય, અહિંસા, શાંતિ અને વિશ્વબંધુત્વનો સંદેશ આજે પણ વિશ્વની ત્રસ્ત માનવ જાત માટે આશાનું કિરણ છે. આવી મહાન સભ્યતા અને સંસ્કૃતિના નિર્માણમાં અનેક મહાપુરૂષો એ યોગદાન આપ્યું છે. સમયે સમયે તેમાં અનેક શ્રેષ્ઠ સંસ્કૃતિઓનો સમાવેશ પણ થતો રહ્યાનું જણાય છે. પ્રોફેસર હુમાયુ કબીર લખે છે :

'ભારતીય સંસ્કૃતિ કી કહાની એકતા,
સમન્વય, સમાધાનો એવં પ્રાચીન પરંપરાઓ
કે પૂર્ણ સંયોગ કી ઉન્નતિ કી કહાની હૈ।'

સોલંકી અને વાઘેલા રાજાઓના યુગમાં ગુજરાતી ભાષા સાહિત્યનો ઉદય થયો, તેમ કહી શકાય. જૈન કવિઓએ સારા પ્રમાણમાં 'રાસ' લખ્યાનું જણાય છે. મુસ્લિમોના આક્રમણ સમયે પણ જૈનધારાનો પ્રવાહ અવિરત વહેતો રહ્યો હતો. આ યુગને 'રાસયુગ' એવું નામ આપવામાં આવ્યું છે. પંદરમાં શતકથી નરસિંહ મહેતાના જીવન-

કવન સાથે 'ભક્તિયુગ'નો પ્રારંભ થયો છે. ગુજરાતી સાહિત્યિમાં સૌપ્રથમ નરસિંહ આખ્યાનનું બીજ રોપે છે. આ યુગમાં જ ભક્તિ અને જ્ઞાનધારાનો ઉદય થાય છે. સંતો-ભક્તોએ ગુજરાતના જીવનને પરિપ્લાવિત રાખ્યું હતું.

રાજકીય અસ્થિરતા લૂંટફાંટ, અપહરણ અને 'મારે તેની તલવાર' ના એ સમયમાં સંતો-ભક્તોએ પ્રજાને નવજીવન બક્ષ્યું હતું. તો, બીજી બાજુ દંભી ધર્મગુરૂઓ પોતાનું હીત સાધવા ગમે તે રીત અખત્યાર કરતા હતા. સંતવાણીનું અવલોકન કરીશું તો દેખાશે કે નરસિંહ મહેતાથી લઈ બાપુ ગાયકવાડ-નિરાંત મહારાજ સુધીના સંતો ભક્તોએ દંભી-ઢોંગી ધર્મગુરૂઓ ઉપર પ્રહારો કરેલા છે. નરસિંહ લખે છે :

'તું એમ જાણે જે હરિજન હુ થયો,
કીરતન ગાઈ-થયો ભક્ત ભવમાં,
કરણી તો કાગની, હોડ કરે હંસની,
તારીતો વાત હરિ કાઢે લવમાં.'

નરસિંહની વાણી શબ્દ ભેદે કવિ નિરાંત નીચેના શબ્દોમાં મૂકે છે :

'કાળઝાળમાં ગુરૂજી દાઝે, એનું ઉદર દેજો ભરવા,
જંજાળ જોઈને સાધુ કેવા દરશને લાગે વરવા.'
- નિરાંત

'મધ્યયુગની અરાજકતાઓની વચ્ચે આ સંતકવિઓએ પ્રજાને ધર્મ, નીતિ અને વ્યવહારનો બોધ કર્યો હતો. મનોરંજન આપી એમના જીવનને રસિક બનાવ્યું હતું. તે જેવી તેવી સેવા નથી.'

પ્રજાની ચેતનાને આ સંત કવિઓએ ઢંઢોળી. લોકોમાં વિલાસિતા અને અનાચાર વ્યાપ્યો ત્યારે અખો, ભોજાભગત, ધીરો ભગત, નિરાંત, બાપુ સાહેબ ગાયકવાડ, સ્વામી સહજાનંદ અને બીજા અનેક સંત ભક્ત કવિઓએ સમાજને સ્થિર અને સ્વસ્થ રાખવાનો પ્રયત્ન કર્યો હતો. 'ભાણફોજ' નામે ઓળખાતા 'રવિ-ભાણ સંપ્રદાય'ના સંતકવિઓએ વસતી ચેતાવવાનું ઉત્તમ કાર્ય કર્યું હતું. નરસિંહથી નિરાંત સુધીના સંત ભક્ત

કવિઓએ ગુજરાતનો સાંસ્કૃતિક વિરાસતની ઈમારત રચી છે. મધ્ય કાળમાં શિક્ષણની કોઈ વ્યવસ્થા ન હતી ત્યારે આ સંતકવિઓ-ભક્તકવિઓ જ સાચા શિક્ષકો બની રહ્યા હતા.

### ◉ સાહિત્ય :

સાહિત્ય સત્ય, અને સૌંદર્યને પ્રગટ કરે છે. કલાને સંસ્કૃતિનું અંગ કહ્યું છે. કોઈપણ દેશની વિશેષતા કે મર્યાદા તેના સાહિત્ય પરથી અંકાય છે. કોઈપણ સર્જક પોતાને પ્રાપ્ત થયેલ સાંસ્કૃતિક વારસાને પ્રગટ કરતો હોય છે. મધ્યકાળના ગુજરાતી કવિઓ એ લોકમંગલને દ્રષ્ટિ સમક્ષ રાખ્યું હતું. જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યનો ઉપદેશ સંત કવિઓ તેમજ આખ્યાનકારોએ આપ્યો છે. પદ્યવાર્તાકાર શામળે પોતાની વાર્તાઓ દ્વારા નીતિ-બોધને પ્રસ્તુત કર્યો હતો. જીવનને સુંદરતમ બનાવવાનું શ્રેય સાહિત્યને જ જાય છે. ધર્મ, નીતિ, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, તત્વજ્ઞાન, શિલ્પ-સ્થાપત્ય, સંગીત, ચિત્ર વગેરે સંસ્કૃતિના અંગો કહેવાય છે. મધ્યકાલીન સંત કવિઓના ભજનો એ માત્ર શાબ્દિક રચનાઓ જ નથી પરંતુ સંસ્કૃતિ કાવ્યો છે. તેમાં જીવન મૂલ્યો-આદર્શો, પ્રેમ, ભાઈચારો, વિશ્વબંધુત્વ ઈત્યાદી દષ્ટિ ગોચર થાય છે. નિગુર્ણ સંતકવિઓ મધ્યકાલિન ગુજરાતી-ભારતીય સંસ્કૃતિના અગ્રદૂતો ગણાય છે.

'સાહિત્ય માણસની સૌંદર્ય દ્રષ્ટિએ કેળે છે. જીવનના સત્ય અને શ્રેયનો પરિચય કરાવે છે. વિવિધ ભાવાવેગોમાં સમતુલા સ્થાપે છે. ભાવકને વિવેકદ્રષ્ટિ આપે છે. આ સાંસ્કૃતિક કાર્ય બજાવીને સાહિત્ય સંસ્કૃતિને પોષે છે. સંસ્કૃતિમાં અપેક્ષિત છે, તેવા શીલ, સદાચાર, નીતિ, ધર્મ, સામાજિકતા, વિશાળ માનવપ્રેમ, મહાનુભૂતિ, માનવીય દ્રષ્ટિકોણ જેવાં તત્વો ભાવકમાં એટલે કે લોકહૃદયમાં જન્માવવાનું અને પોષવાનું કામ સાહિત્ય કરે છે. સાહિત્યમાં વિવિધ પ્રજાઓની સંસ્કૃતિઓ સચવાઈ છે. એટલે કે સાહિત્યને સંસ્કૃતિનો સંરક્ષણ કોશ કહેવામાં આવે છે.'

ભારતીય ધર્મ સંસ્કૃતિની પરંપરાઓને ઉજ્જવળ રાખવા જૈન અને જૈનેતર કવિઓએ વિપુલ સાહિત્ય પ્રવૃત્તિઓ કરી છે. મધ્યકાળનો પરિવેશ ધર્મરંગ્યો હતો. એટલે તત્કાલીન કવિઓના સાહિત્યમાં ધર્મ કેન્દ્રમાં રહ્યો છે. પ્રાગનસિંહ યુગના જૈન કવિઓએ રાસ-રાસા, ફાગુઓની રચનાઓ કરી. તેમાં પણ જ્ઞાન-વૈરાગ્યનું પ્રતિપાદન થયેલું જોઈ શકાય છે. પંદરમાં શતકમાં ગુજરાતમાં વૈષ્ણવ ભક્તિનો પ્રારંભ થયો. એટલે પ્રેમલક્ષણાભક્તિ વિષયક કાવ્યો રચાયાં. પ્રાચીન સંસ્કૃત ગ્રન્થોમાંથી વિષય વસ્તુ પસંદ કરી, ભાલણ, પ્રેમાનંદ વગેરે આખ્યાનકારો એ કૃત્તિઓ સર્જી. મધ્યકાળમાં ધર્મ જ મુખ્ય પરિબળ

ગણાતો. જૈન, શૈવ, શાક્ત, વૈષ્ણવ, કબીરપંથ, નાનકપંથ, કેવળજ્ઞાન સંપ્રદાય, સ્વામી નારાયણ સંપ્રદાય, પુષ્ટિમાર્ગ, ભાગવત ધર્મપંથ અને 'નિરાંત સંપ્રદાય' વગેરે પંથો-સંપ્રદાયો અને માર્ગોનું સાહિત્ય. સમગ્ર મધ્યકાળનું સાહિત્ય સાંસ્કૃતિક ગતિ-વિધિનું સાહિત્ય છે. આમ, મધ્યકાલિન સમયમાં વિવિધ સંપ્રદાયોના સંત-ભક્ત કવિઓએ સાહિત્ય રચ્યું હતું. રાસ, આખ્યાનો, ગરબા-ગરબી, પદ-ભજન, એમ વિવિધ સ્વરૂપમાં સાહિત્ય રચાયું હતં.

મધ્યકાળમાં ગુજરાતમાં ફારસી સાહિત્ય પણ રચાયું હતું. 'અમદાવાદના સુંદરલાલ નામના નાગરે અરબી ફારસી શબ્દકોશ રચ્યો (ઈ.સ. ૧૮૧૯) ઈ.સ. ૧૭૯૦માં 'પ્રબંધ ચંદ્રોદય' નામના સંસ્કૃત નાટકનો ફારસીમાં 'ગુલઝારે હાલ' ના નામથી અનુવાદ થયો. તેમાં ઈ.સ. ૧૭૯૦માં ગુજરાતમાં પડેલા દુષ્કાળનું આબેહૂબ વર્ણન આપેલ છે.' ફારસી ભાષામાં ધાર્મિક સાહિત્ય પણ રચાયું હતું. ઉપરાંત બીજા કેટલાક ઐતિહાસિક ગ્રન્થો પણ રચાયા હતા. જેમાં 'મિરાતે એહમદી', 'તારીખે સોરઠ' અને 'હાલાર' ઉપરાંત બીજા અનેક ગ્રન્થનું નિર્માણ થયું હતું. આ ફારસી સાહિત્યને સમૃદ્ધ કરવામાં ગુજરાતની નાગરપ્રજાએ સારી મહેનત કરી હતી.

## ◉ શિલ્પ અને સ્થાપત્ય :

મરાઠાકાળ દરમિયાન શિલ્પ અને સ્થાપત્ય ક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ હતી. ખાસ કરીને જયાં મરાઠાઓનું શાસન હતું, ત્યાં નોંધપાત્ર વિકાસ થયો હતો. વડોદરા, ભાવનગર, ખંભાત, સુરત, નડિયાદ, કડી, અમરેલી વગેરે પ્રાન્તોમાં કેટલાક મકાનો અને કોટ બંધાયા હતા. કડીમાં મલ્હારરાવ ગાયકવાડે 'રંગમહેલ' અને 'સુપડા મહેલ' નામની ઈમારતો બંધાવી હતી. હાલમાં આ મહેલોના અવશેષો કડીમાં જોવા મળે છે.

આ ઉપરાંત બીજા અનેક મહાનુભાવો એ મહેલો અને હવેલીઓ બંધાવી હતી. મરાઠા કાળમાં કેટલાક તળાવો પણ બનાવવામાં આવ્યાં હતા. 'ઈ.સ. ૧૮૦૬ માં પાટણમાં બારોટ બહાદૂરસિંહે પાંચ મજલાની એક વાવ બંધાવી હતી. એમાં બે માળ ઈંટોના અને ત્રણ માળ પથ્થરોના છે.'

શિલ્પકળાનો આ યુગમાં ઘણો વિકાસ થયો હતો. આ સમયના શિલ્પો બહુધા મંદિરોમાંથી મળે છે. ધાતુના શિલ્પો જોવા મળે છે. દેવી-દેવતાઓના શિલ્પો આ સમયમાં બન્યાં હતાં. હનુમાન, ગણેશ, સીતા-રામ, પંચમુખી શિવલિંગ, લક્ષ્મી નારાયણ વગેરે વિવિધ પ્રતિમાએ દ્રષ્ટિગોચર થાય છે.

'આ સમયે લાકડા ઉપરનું કોતકામ કચ્છ તથા સૌરાષ્ટ્રમાં સારી રીતે વિકસ્યું હતું. ભુજના મ્યુઝિયમમાં મરાઠા સમયની કલાનો ઉત્તમ નમુનો સાત સૂંઢવાળા એરાવત હાથીનું લાકડાનું શિલ્પ સચવાયું છે.' આ ઉપરાંત વડોદરા-અમદાવાદ જેવા સ્થળોમાં પણ શિલ્પ રચના થયેલી છે. એકંદરે મરાઠાકાળમાં શિલ્પોનો સારો વિકાસ થયો તેમ જણાય છે.

## ⦿ ચિત્રકળા :

મરાઠા સમયમાં શિલ્પકળાનો વિકાસ થયો એટલો વિકાસ ચિત્રકળાનો થયો નથી. મુગલકાળમાં ચિત્રકળાનો ઘણો વિકાસ થયો હતો. આ સમય એટલે કે મરાઠા કાલીન સમયમાં ચિત્રકળાનો વિકાસ ન થવાનું કારણ આપતાં 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ'ના લેખક શ્રી નવીનચંદ્ર આચાર્ય લખે છે :

'ગુજરાતની રાજકીય અવ્યવસ્થાને લઈને, ચિત્રકલા પાંગરી શકી નહીં. જૈનપોથીઓ અને હિન્દુપ્રતોના ચિત્રોમાં સપ્રમાણતા જોવા મળતી નથી.' આ સમયના ચિત્રો ઉપરથી તત્કાલીન ગુજરાતની સામાજિક, રાજકીય, આર્થિક અને ધાર્મિક સ્થિતિનો ખ્યાલ આવે છે.

## ⦿ સંગીત :

મધ્યકાલીન ગુજરાતમાં સંગીતનું ઘણું મહત્વ હતું. સંગીતકળાને વિકસાવવામાં પુષ્ટિ સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાય, શાકતો અને જૈનો એ મહત્વનો ભાગ ભજવ્યો હતો. ગુજરાતના તત્કાલીન રાજાઓએ પણ આ ક્ષેત્રે ઘણું યોગદાન આપ્યું હતું. આપણા મંદિરોમાં 'દેવદાસી પ્રથા' હોવાથી પણ સંગીતને ઘણું ઉતેજન મળતું હતું. 'મરાઠા સમયમાં જૈન અને હિન્દુમંદિરોમાં આલેખાયેલા ભીંતચિત્રોમાં ગાયક અને વાદકના સમુહો નજરે ચડે છે. આ ચિત્રોમાં પખવાજ, મૃદંગ, ઢઓલ, નગારૂ, ખંજરી, ડફલી, નોબત, ભૂંગળ વગેરે વાદ્યો જોવા મળે છે. ચિત્રો પરથી જણાય છે કે, તે સમયે તંતુવાદ્યમાં એકતારો, તંબુરો, તુંબરી, વીણા, સારંગી, જંતુર, રાવણ હથ્થો વગેરે મરાઠાકાલીન લોક સમુહમાં જાણીતા હશે.'

તત્કાલીન સમયે વૈષ્ણવ મંદિરોમાં અને જૈન મંદિરોમાં આ સંગીતની પરંપરા સચવાયેલી હતી. તે સમય ભલે રાજકીય અંધાધૂંધી અને અવ્યવસ્થાનો હોય, પરંતુ હવેલી સંગીત, ભવાઈ, માણભટ્ટો, દ્વારા પરંપરા જીવિત રહી હતી. સંગીતને કારણે પણ પ્રજાની ધર્મ ભાવના પ્રબળ રહી હતી.

## ◉ નૃત્યકલા :

મધ્યકાળમાં સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકલા અને સંગીતની જેમ નૃત્યકલાની પણ એક આગવી વિશિષ્ટતા હતી. રાસ, ગરબા-ગરબી, ભવાઈ તત્કાલીન સમયમાં લોકપ્રિય હતા. ભવાઈ તો મનોરંજન માટેનું એક શ્રેષ્ઠ સાધન હતું. જ્યારે ગરબા-ગરબી અને રાસ તો લોકનૃત્યના પ્રકારમાં આવે છે. ભવાઈ એક એવો ખેલ હતો કે સમાજના દૂષણો જેવાં કે વહેમ, અંધશ્રદ્ધા, કામણ-ટૂમણ વગેરેને કટાક્ષ બનાવી રજૂ કરવામાં આવતાં હતા. ઉપરાંત જુદા-જુદાં વેશમાં અમૂક ખાસિયતોને વણી લેવામાં પણ આવતી હતી.

'અસાઈત ઠાકરે ભવાઈના ત્રણસોને સાંઠ વેશ રચીને અંબા મા ની આરાધના કરી હોવાની માન્યતા ગુજરાતમાં પ્રચલિત છે. આ વેશો શરૂઆતમાં ગણેશ અને શક્તિની પૂજા કરી ભજવવામાં આવતા હતી. એ વેશોમાં જંદા-ઝૂલણ, જસમા ઓડણ વગેરે ઘણાં જાણીતા છે. કેટલાક વેશો જેવા કે વણજારાનો વેશ, વાઘરીનો વેશ, વગેરે દ્વારા લોકોની ખાસિયતો રજૂ થતી.'

આ ઉપરાંત ઉત્સવોમાં, રાજા-મહારાજાના વિજયોત્સવોમાં અને મંદિરોમાં સ્ત્રીઓ ખાસ કરીને મંદીરોમાં રહેતી દેવદાસીઓ નૃત્ય-પરંપરિત ગુજરાતી રાસ-નૃત્ય કરીત હોવાનું વિદ્વાનો જણાવે છે.

આમ, નિરાંત મહારાજના પૂર્વકાલીન અને સમકાલીન જીવન વિશે આપણે જોયું. ભારતીય સંસ્કૃતિ વિવિધ ધર્મસંપ્રદાયોથી પ્રભાવિત રહી છે. સત્ય, અહિંસા, માનવતા, પ્રેમ વગેરે જેવા ગુણોથી ભારતીય સંસ્કૃતિનું નિર્માણ થયું છે. સર્વનું કલ્યાણ કરનારી અને મંગલને પ્રાર્થતી ભારતીય સંસ્કૃતિ રહી છે. ભારતીય સંસ્કૃતિ ભાતીગળ ચૂંદડી જેવી છે. અનેક ધર્મ-સંપ્રદાયો અને વિચારધારાઓ, અનેક જ્ઞાતિ-જાતિમાં વિભક્ત ભારતીય સંસ્કૃતિ તેના મૂલ્યો, આદર્શો અને પરંપરાઓમાં પણ વિભક્ત રહી છે. વર્ણવ્યવસ્થા અંતર્ગત જાતિ વ્યવસ્થા-જ્ઞાતિ વ્યવસ્થાએ ભારતીય સમાજને વધુ ને વધુ નુકશાન પહોંચાડયું છે. દ્વિજવર્ણને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વર્ગ માટે આ વ્યવસ્થા આશીર્વાદ રૂપ હતી. પરંતુ શુદ્ર(ઓ.બી.સી.), અનુ. જાતિ.(એસ.સી.) અને અનુ.જનજાતિ(એસ.ટી.) માટે વર્ણવ્યવસ્થા અભિશાપ રૂપ હતી. ભારતીય પછાત વર્ગોની સંખ્યા લગભગ ૮૫% જેટલી છે. આટલી વિશાળ વસતીને પરાધીન-ગુલામ અને દાસ બનાવવામાં વર્ણવ્યવસ્થાએ બહુ મોટો ભાગ ભજવ્યો છે. આ પ્રજાને શિક્ષણ, સંપત્તિ, સત્તા અને ધર્મથી દૂર રાખવામાં

આવી. પરિણામે તથાગત બુદ્ધના સમયથી શીલ, સદાચાર, નૈતિકતા, માનવતા અને બંધુતાનો માર્ગ પ્રસસ્ત થયો. પ્રજાને શિક્ષણ આપવાનું કાર્ય લોકસંતોએ કર્યું.

નિર્ગુણ માર્ગી સંત-કવિઓ પોતાની કીર્તિ કે યશ પ્રાપ્ત કરવા સાહિત્ય સર્જતા ન હતા. પરંતુ તેમને લાધેલું જ્ઞાન સમાજના સર્વ કોઈને ઉપયોગી થાય. માનવમાત્રનું કલ્યામ થાય, તે હેતુથી તેઓ પોતાના પદ્યો વડે, તેમના દર્શનને પ્રસ્તુત કરતા હતા. આ નિર્ગુણ માર્ગી સંતો વર્ણવ્યવસ્થા અને જાતિ વ્યવસ્થાના ભારોભાર વિરોધી હતા. નિરાંત મહારાજના કાવ્યોમાં તત્કાલીન સમાજની તાસીર પ્રગટ થાય છે. તેમના સમયનો પરિવેશ તેમાં ઝીલાયો છે. ઉત્તર મધ્યકાળના ગુજરાતના લોકજીવનના સંકેતો તેમના સાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે.

# : સંદર્ભસૂચિ :


| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | भारतमें जाति-प्रथाःस्वरुप,<br>कर्म और उत्पति | ले. - जे. एच. हटन<br>अनु.-मंगलनाथसिंह | ०७ |
| ૨ | D.N.A. | પ્રો. પી.ડી. સત્યપાલ | ૧૮ |
| ૩ | સ્વામી નારાયણ સંત સાહિત્ય | સં. રઘુવીર ચૌધરી<br>પ્રથમ આવૃત્તિ. ૧૯૮૧ | ૧૨૪ |
| ૪ | અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૧ |
| ૫ | એજન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૫૮ |
| ૬ | એજન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૫૮ |
| ૭ | ઐતિહાસિક સંશોધન | દુર્ગારામ કેવળરામ શાસ્ત્રી | ૪૩૭ |
| ૮ | ઋગ્વેદ : ૧૦:૧૮:૮ | | |
| ૯ | મનુસ્મૃતિ શ્લોક ૧૬૦, અધ્યાય:૫મો | સં. હરેન્દ્ર હ. શુકલ<br>પ્રકાશક: શ્રી હરિહર પુસ્તકાલય | ૧૧૯ |
| ૧૦ | ઐતિહાસિક સંશોધન | દુર્ગારામ કેવળરામ શાસ્ત્રી | ૪૪૦ |
| ૧૧ | એજન | દુર્ગારામ કેવળરામ શાસ્ત્રી | ૪૪૦ |
| ૧૨ | અર્વાચિન ગુજરાતનું રેખાદર્શન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૬૪ |
| ૧૩ | એજન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૭૪ |
| ૧૪ | એજન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૭૪ |
| ૧૫ | એજન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૭૫ |
| ૧૬ | એજન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૭૫ |
| ૧૭ | એજન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૭૫ |
| ૧૮ | એજન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૭૬ |
| ૧૯ | એજન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૭૬ |
| ૨૦ | એજન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૮૧ |
| ૨૧ | ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ | ડૉ. નવીનચંદ્ર આચાર્ય | ૧૩૪ |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૨૨ | એજન | ડૉ. નવીનચંદ્ર આચાર્ય | ૬૮ |
| ૨૩ | એજન | ડૉ. નવીનચંદ્ર આચાર્ય | ૬૯ |
| ૨૪ | અર્વાચિન ગુજરાતનું રેખાદર્શન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૨૫ |
| ૨૫ | એજન | હીરાલાલ ત્રિ. પરિખ | ૧૨૫ |
| ૨૬ | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ | શિવપ્રસાદ રાજગોર<br>પ્રથમ આવૃતિ ૧૯૭૪ | ૨૬ |
| ૨૭ | એજન | શિવપ્રસાદ રાજગોર | ૨૬ |
| ૨૮ | એજન | શિવપ્રસાદ રાજગોર | ૨૮ |
| ૨૯ | ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળો | પ્રા.સુરેશભાઈ ચી. શેઠ<br>ઈ.સ.૧૮૧૮ થી ૧૯૬૦<br>યુનિ.ગ્રન્થ નિર્માણ બોર્ડ | ૧૫૪ |
| ૩૦ | ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ | ડૉ. નવીનચંદ્ર આચાર્ય<br>ઈ.સ. ૧૩૦૪ થી ૧૧૧૮ | ૨૬ |
| ૩૧ | એજન | ડૉ. નવીનચંદ્ર આચાર્ય<br>ઈ.સ. ૧૩૦૪ થી ૧૧૧૮ | ૨૭ |

## પ્રકરણઃ ૨

# : નિરાંત મહારાજઃ જીવન અને કવન :

### ◈ *પ્રસ્તાવના :*

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને સમાજમાં નિર્ગુણમાર્ગીસંતોનું પ્રદાન નોંધપાત્ર રહયું છે. આ સંતો એ પોતાના જીવન અને કવન વડે પ્રજાની ચેતનાને સંકોરી છે. તેઓએ પોતાની મેધાવી બુધ્ધિ પ્રતિભા વડે, સમાજને શીલ, સદાચાર, નીતિ, ધર્મ, પ્રેમ, કરુણા, ઉદારતા, સહિષ્ણુતા અને માનવતા જેવા ગુણોનું લોકહૃદયમાં સંક્રાન્ત કરવાનું - પોષવાનું કાર્ય કર્યુ હતું. ને એ રીતે સંતો સમાજના ધારક બળ - ઉધ્ધારક બની રહયા હતા.

'ભારતીય આધ્યાત્મિકધારા બે પ્રવાહમાં વહેતી જોવા મળે છે. એક પ્રવાહ શિક્ષિતો, પંડિતોનો છે. જે વેદ, ઉપનિષદ્ અને દર્શનશાસ્ત્ર આધારિત જ્ઞાનનો રહયો છે. જે આચાર્ય પરંપરા તરીકે ઓળખાયો; જેમાં શંકરાચાર્ય, રામાનુજાચાર્ય આદિ આચાર્યો થયા. બીજો પ્રવાહ શાસ્ત્ર જ્ઞાનથી વંચિત, અશિક્ષિત અને કહેવાતા નિમ્નસ્તરના લોક સમુદાય માંથી પ્રગટયો. જેને સંત પરંપરા તરીકે ઓળખવામાં આવ્યો. જેમાં કબીર, નાનક, રેદાસ, મીરાં આદિ સંતો થયા. આ સંતોની સાધના પદ્ધતિ, જીવન પદ્ધતિ અને કવન - કથન પધ્ધતિમાં વૈવિધ્ય અને વૈશિષ્ટય હોવા છતાં અનુભૂતિનું અંતિમ દર્શન સરખું રહયું છે. વાણીની અભિવ્યકિત જુદી જુદી હોવા છતાં તેનું મૂળહાર્દ એકજ પરમસત્ય સુધી લઈ જાય છે.[1]'

મધ્યકાલીન સંત પરંપરાના સંતો - સંતવાણી - દર્શનના પુરસ્કર્તા રહયા છે. તેમણે પોતાની અનુભૂતિને, હૃદયના ભાવોને, પદ - ભજન દ્વારા સંતવાણી રુપે અભિવ્યકત કરેલ છે. આ વાણી હસ્તપ્રતો દ્વારા કે કંઠોપકંઠ રીતે ગુરુ પરંપરા દ્વારા જળવાતી રહી છે. કેટલુંક સંત સાહિત્ય સંતસ્થાનકો માં - ગુરુજ્ઞાન ગાદીઓમાં હસ્તપ્રતો રુપે સચવાયું છે. તો કેટલુંક સાહિત્ય સાંપ્રદાયિક પુસ્તકો રુપે પણ જળવાય રહયું છે.

આ સંત - પરંપરામાં અનેક માર્ગો - પંથો - દૃષ્ટિગોચર થાય છે. જેમકે - કબીરપંથ, નાનકપંથ, મહાપંથ, વૈષ્ણપંથ, નાથપંથ, રવિ - ભાણપંથ, સ્વામીનારાયણ પંથ વગેરે. આ પંથો માર્ગોમાં અનેક સાધના ધારા - માર્ગ જોવા મળે છે. તેમાં એક જ્ઞાનમાર્ગ પણ છે. 'ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાની ગંગોત્રી પણ સ્વયં, નરસિંહ મહેતા છે. નરસિંહે જીવ - જગત આત્મા - પરમાત્માનું જે દર્શન કરેલું, તે તેના પ્રભાતિયાંમાં અભિવ્યકત થયું છે.'[2]

નરસિંહ પછી માંડણ આ જ્ઞાન માર્ગના પ્રવાસી બને છે.તેમણે પોતાની 'પ્રબોધ બત્રીસી' માં જ્ઞાનમાર્ગ વિષયક વસ્તુને અભિવ્યકત કર્યુ છે. માંડણ પછી નરહરિ, અખો, બુટો અને ગોપાલદાસ આ જ્ઞાનમાર્ગી કાવ્યધારાને સમૃધ્ધ કરે છે.તેમાં અખો પોતાના છપ્પા દ્વારા જ્ઞાન માર્ગી કવિઓમાં વધુ લોકપ્રિય રહયો છે.અખાની શિષ્ય પરંપરાના કવિઓએ પણ પોતાની જ્ઞાનમાર્ગી કવિતા દ્વારા જ્ઞાનમાર્ગને સમૃધ્ધ કર્યો છે.તેમાં લાલદાસ (ઈ.સ.૧૬૪૪ આસપાસ ) નું પ્રદાન ઘણું નોંધપાત્ર ગણાયું છે.આ લાલદાસના ભજનો સાગર મહારાજ સંપાદિત 'સંતોની વાણી' માં મળે છે. તેમાં જ્ઞાન રવેણી-૧-૨, 'વનરમણી'૧-૨-૩ અને સાખીઓ મળીને કુલ બેતાલીસ (૪૨) કૃતિઓ પ્રગટ થઈ છે.આ લાલદાસના શિષ્ય હરિકૃષ્ણજી એ પણ જ્ઞાનાત્મક પદો લખ્યા છે.એ જ રીતે ગૌરીબાઈના પદોની સંખ્યા પણ ઘણી મોટી છે.આ ગૌરીબાઈ (ઈ.સ. ૧૭૪૪ આસપાસ ) થઈ ગયા.ને તેમને વિદ્વાનો અખાની શિષ્ય પરંપરામાં ગણે છે.આ ગૌરીબાઈના ગુરુ જિતામુનિનારાયણે પણ આત્મતત્વ વિચારના ઘણા પદ રચ્યાં છે.તો,એમના શિષ્ય કલ્યાણદાસજીનું પ્રદાન પણ જ્ઞાનમાર્ગી પરંપરાને સમૃધ્ધ કરનારું રહયુ છે.

અખાની શિષ્યપરંપરાના સંત લાલદાસજીના શિષ્ય જીવણદાસ (ઈ.સ.૧૭૪૪ આસપાસ) હતા.એમણે 'નવચાતુરી', 'વેદાંતના પદો' ,'જ્ઞાનકકકો',વગેરે જેવી કૃતિઓ રચી છે.આ ઉપરાંત હરિકૃષ્ણજીના શિષ્ય કેવળપુરી (ઈ.સ. ૧૭૫૯-૧૮૪૮ )નું પ્રદાન પણ ઘણું નોંધપાત્ર રહયું છે.

અખાની શિષ્યપરંપરાના આ જ્ઞાનમાર્ગી કવિઓએ ગુજરાતી જ્ઞાનમાર્ગને સમૃધ્ધ કર્યો છે.તેમાં લાલદાસ,ગૌરીબાઈ,જીવણદાસ અને કરુણાસાગર મહારાજનો સમાવેશ કરી શકાય. કરુણા સાગર મહારાજે તો ‘કેવળજ્ઞાન સંપ્રદાય’ની સ્થાપના પણ કરેલ ! આ સમયમાં નારાયણદાસ,હરિદાસ અને વસ્તો વિશ્વંભર પણ જ્ઞાનમાર્ગી કાવ્યો રચતા હતા.અખા પછીના જ્ઞાનમાર્ગી કવિઓમાં એક તરફ અખાની શિષ્યપરંપરા છે,તો બીજી તરફ દૃષ્ટિ કરીએ તો મહાપંથી-નિજાર માર્ગના સંતકવિઓ,રવિભાણ સંપ્દાયના સંત કવિઓ એ જ રીતે પ્રીતમ,ધીરો,ભોજાભગત,નિરાંત,બાપુ સાહેબ ગાયકવાડ વગેરે સંતકવિઓની જ્ઞાનધારા ઉતરમધ્યકાળની જ્ઞાનમાર્ગી કવિતાને સમૃધ્ધ કરે છે.

મહામાર્ગી સંત મૂળદાસ (ઈ.સ. ૧૬૫૫-૧૭૭૯ ) એમના નિર્ગુણમાર્ગી ભજનો ઘણાં લોકપ્રિય રહ્યાં છે.આ મહામાર્ગના ઘણા સંતો-ભકતોની રચનાઓ આજે પણ સામાન્ય જનસમુદાયમાં ગવાતી નજરે પડે છે.એ જ રીતે રવિ-ભાણ સંપ્રદાય ના ભાણ રવિ, ખીમ, ત્રિકમ, મોરાર, ભીમ, દાસીજીવણ, અરજણ વગેરે સંતકવિઓ સાહેબ ના નામે ઓળખાતા રવિ-ભાણ

પરંપરાના કવિઓ સૌથી વધુ લોકપ્રિય રહયા છે.

નિરાંત મહારાજની શિષ્ય પરંપરામાં દયાળદાસ,કહાનદાસ, મંછારામ, દોલતરામ,ગોવિંદરામ,શ્યામદાસ,ધરમગિરિ,નારાયણ ગિરિ, અર્જુનભગત વગેરે નામ આપણને મળે છે.આ જ્ઞાનમાર્ગીઓએ બ્રહમજ્ઞાનના અને વૈરાગ્યના પદો રચ્યાં છે.આ પરંપરાના જ્ઞાનમાર્ગીઓની સંખ્યા ઘણી મોટી છે.આ જ્ઞાનમાર્ગીઓ એ ગુજરાતી જ્ઞાનમાર્ગને સમૃધ્ધ કરવામાં ઘણો ફાળો આપ્યો છે.

ઉતરમધ્યકાળની જ્ઞાનમાર્ગી સંત પરંપરામાં નિરાંત મહારાજનું પ્રદાન ઘણું નોધપાત્ર ગણાયું છે.તેઓ સાહિત્યમાં ઓછા પણ સમાજ જીવનમાં વધુ લોકપ્રિય રહયા છે.તેમના નામે 'નિરાંત સંપ્રદાય' પણ ઉદ્દભવ્યો છે.ગુજરાતના સમગ્ર પ્રદેશમાં,ભલે અલ્પ સંખ્યામાં પણ તેમના અનુયાયીઓનો એક વર્ગ છે.તે નિરાંતની જ્ઞાનધારાને પોતાની કૃતિઓ દ્વારા વ્યકત કરે છે.

## ◈ નિરાંત મહારાજ:

નિરાંતમહારાજનું સાહિત્ય સર્જનપણ વિપૂલ છે.તેમના કાવ્યોની અભિવ્યકિત ધ્યાનાકર્ષક છે.તેમાં નિર્ગુણધારાના રહસ્યાત્મક શબ્દો જોવા મળે છે.તેમના કાવ્યોમાં અરબી-ફારસી શબ્દોની બહુલતા છે.તેથી એમ લાગે છે કે,સૂફી સંતે તેમના જીવન અને કવનને પ્રભાવિત કર્યુ છે.નિરાંતે પોતાના સાહિત્ય સર્જનમા, સાખીઓ,પદ-ભજન,વાર,તિથિ,બારમાસ, છપ્પા,કુંડળિયા, સવૈયા,પ્રભાતિયાં તથા 'અવતારખંડન' અને 'યોગસાંખ્ય ઐકયના સલોકા' જેવી દીર્ઘકૃતિઓ પણ રચી છે.નિરાંત મહારાજે પોતાની કૃતિઓ વિવિધ રાગ-રાગિણીમાં રચી છે.તેમણે અખાના જેવા છપ્પા અને ધીરાની જેવી કાફીઓ લખી છે.એ જરીતે નરસિંહને અનુસરી પ્રભાતિયાં રચ્યા છે.વાર અને તિથિઓમાં તેમણે આત્માના સ્વરુપ તેમજ નિર્વાણપદની સાધનાને કવન વિષય બનાવ્યો છે.બારમાસના પદોમાં પરમતત્વના વિરહનું ગાન કર્યુ છે.તેમના પ્રેમલક્ષણાત્મક પદોમાં અભિવ્યકત થયેલા નિર્ગુણ નાવલિયાનું સ્વરુપ ધ્યાનાર્હ છે.તેમના પદોમાં ગુરુ મહિમા, બ્રહમાનંદ, આત્મજ્ઞાન, સંતલક્ષણ, સતસંગનો મહિમા, મનુષ્ય જીવનનો મહિમા,વૈરાગ્યબોધ વગેરે જેવા વિષયોનુ આલેખન થયું છે.આ ઉપરાંત તેમણે તેમના સમકાલીન મંછારામ,રવિસાહેબ અને હરિદાસ જેવા સંતો-ભકતોને પધપત્રો પણ લખ્યા છે.આ પધપત્રોની શૈલી જોતાં તેમનો સૌજન્યશીલ વ્યવહાર અને આભિજાત્ય પ્રત્યક્ષ થાય છે.

નિરાંત મહારાજના સમય દરમિયાન ગુજરાતમાં સર્વક્ષેત્રે અસ્થિરતા પ્રવર્તતી હતી.અઢારમી સદીનો ઉતરાર્ધ અરાજકતા અને અંધાધૂંધીનો હતો.આ સદીને વિદ્વાનોએ 'કાળરાત્રિ'નું રૂપક આપ્યું છે.અઢારમી સદીનો ઉતરાર્ધ અને ઓગણીસમી સદીના પૂર્વાર્ધની સ્થિતિગતિનું વિશદ્

વર્ણન પ્રકરણ:૧ માં કર્યુ છે.સમાજમાં જયારે અરાજકતા અને અંધાધૂંધી ફેલાય ત્યારે, જુદાજુદા પ્રાન્તના ધરદીવડા જેવા , પણ પ્રતિભાવંત સંતો-ભકતો એ પ્રજાને પરમત્વપ્રતિ અંગુલીનિર્દેશ કરી, દીશા સૂચન કર્યુ છે.'મધ્યકાળમાં ગુજરાતની પ્રજાના મન હ્રદયને પોષણ આપવામાં તેના કવિઓનો ફાળો મોટો છે.એવા કવિઓની તૂટ એને કયારેય પડી નથી.સાહિત્યની દ્રષ્ટિએ મધ્યકાળનું અવલોકન કરનારને હેમચંદ્ર થી દયારામ સુધી કવિઓની સતત ચાલેલી વણજારનું દર્શન જરુરી થવાનું એ વણજારની કૂચ ચૌદમા-પંદરમાં અને અઢારમાં શતકના જેવા વિષમ સંજોગોવેળા પણ સાવતો કયારેય થંભી નથી'.[૨]

આવી પરિસ્થિતિમાં નિરાંત મહારાજે પ્રજાને જ્ઞાન-ભકિતનો ઉપદેશ કર્યો.તેમની કૃતિઓમાં વૈરાગ્ય વિષયક આલેખન નજરે પડે છે.નિવૃતિમાર્ગ તેમના જીવન અને કવનનું લક્ષ્ય છે, તેમ પ્રતિત થાય છે.

**◉ જન્મ:**

નિરાંત મહારાજનો જન્મ વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના દેથાણ ગામમાં, ગોહિલકુળના રાજપૂત પરિવારમાં થયો હતો.તેમના પિતાનું નામ ઉમેદસિંહ અને માતાનું નામ હેતબા હતુ.નિરાંત મહારાજને એકભાઇ હતો.તેમનું નામ જાલિમસિંહ હતું.'નિરાંત સંપ્રદાય' ના મતમુજબ નિરાંતનો જન્મ ઇ.સ.૧૭૪૭ અને નિર્વાણ ૧૮૫૨ માં થયું હતું.[૧૩] આમ તેઓ એ ૧૦૫ વર્ષનું દીર્ધઆયુષ્ય ભોગવ્યું હતું.

નિરાંત મહારાજના જન્મવિશે 'ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન)' માં અનંતરાય રાવળ લખે છે : ' એક માન્યતા મુજબ તેમનો આયુકાળ -ઇ.સ.૧૭૭૦ થી ૧૮૪૬ ગણાયો છે.પણ તેના સંપ્રદાયની પરંપરાગત માન્યતા જેનો આયુકાળ ઇ.સ.૧૭૪૭ થી ૧૯૫૨ નો જણાવે છે'[૪]

'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય' ના જ્ઞાનમાર્ગી કવિતા વિભાગમાં ડો.બહેચરભાઇ પટેલ લખે છે કે, નિરાંત મહારાજનો જન્મ ઇ.સ. ૧૭૪૭માં અને નિર્વાણ ઇ.સ. ૧૮૫૨માં થયું હતું'.[૫]

એજ રીતે 'ગુજરાતના આધુનિક સંતો' પુસ્તકમાં નિરાંત મહારાજનો જન્મ ઇ.સ. ૧૭૪૭માં અને નિર્વાણ ઇ.સ.૧૮૫૨માં થયું હતું.[૬]

આ ઉપરાંત 'પ્રાચીન કાવ્યમાળા' ના ગ્રન્થ ૧૦ માં 'નિરાંત કૃત' કવિતા માં નિરાંત મહારાજના જન્મવર્ષ અંગેની કોઇ માહિતી આપી નથી.પરંતુ તેમનું નિર્વાણ સંવત ૧૮૯૯ પછી ભાદરવાસુદ આઠમના રોજ થયું હતું.[૭]તેમ લખ્યું છે.

નિરાંત મહારાજે પોતે પણ તેમનીકૃતિઓમાં પોતાના જન્મ વર્ષ અંગેની કોઇ વાત

નોંધી નથી. એટલે નિરાંત મહારાજનો જન્મ કઇ સાલમાં થયો, તે વિશે ચોકકસ કહી શકાય નહીં. દેવયાનીબેન દવે એ 'નિરાંત અને તેમના સંપ્રદાયનું સાહિત્ય' વિષયક ગ્રંન્થના પ્રરકણ: ૩ માં સંત હરિદાસ ઉપર લખેલો, નિરાંત મહારાજનો પત્ર પ્રગટ કર્યો છે. તે મુજબ...

'પરગણું વડોદરું ને, દેથાણ નામે ગામ છે,
ઉમેદસુત ઉતર લખે, જેનું નિરાંત ભગત નામ છે.
સંવત અઢાર એકતાલીસ સાલે, માસ ભાદરવા વદની દ્રાદશી,
શનિવારે પત્ર પ્રેમે લખ્યો, ગુરુકૃપા ઉરે વસી.'[૯]

નિરાંત મહારાજનો જન્મ ઇ.સ.૧૭૭૦માં થયો હોય તો, હરિદાસને પત્ર લખ્યો ત્યારે તેમની ઉંમર ૧૫ વર્ષની ગણાય. પણ તેમનો જન્મ ઇ.સ.૧૭૪૭માં થયો, એમ માનીએ તો આ પદ્યપત્ર લખ્યો ત્યારે તેમની ઉમર ૩૮ વર્ષની ગણાય. ૧૫ વર્ષની ઉમરે સંત હરિદાસને જ્ઞાનવિષયક પત્ર લખે તેમ માની શકાય નહિં.

નિરાંત મહારાજે આડત્રીસ વર્ષની પરિપકવ ઉમરે સંત હરિદાસને પદ્યપત્ર લખ્યો હોય, તે સ્વભાવિક છે. અને તર્કસંગત પણ છે. નિરાંત મહારાજનું પૂર્વજીવન તો કર્મકાન્ડ અને તીર્થયાત્રા કરવામાં વ્યતીત થયું હતું. એટલે નિરાંત મહારાજનો જન્મ ઇ.સ.૧૭૪૭માં થયો, એ તર્ક વધુસ્વભાવિક અને વાસ્તવિકતાની નજીકનો લાગે છે. એ જ રીતે નિરાંત મહારાજેપોતાના સમકાલીન મંછારામને એક પદ્યપત્ર લખ્યો હતો. તેની વિગત જોતાં નિરાંત મહારાજનો જન્મ ઇ.સ.૧૭૪૭માં જ થયો હતો. તેમ સિધ્ધ થાય છે. જુઓ..

'ઝાઝું શું લખીએ વર્ણવી, એહી જાણવાનું કામ છે,
મૂળ મહિમા મન વસ્યો, નિર્વાણી અનાદિ નામ છે.
સંવત અઢાર સતાવને, પોષ માસ વદની દ્રાદશી,
સોમવાર ને શુધ જોગરાત્રિ, ઘડી આશરે વીશ.'

આ પદ્યપત્રમાં નિરાંત મહારાજેપોતાની અવસ્થાનું વર્ણન કર્યુ છે. જુઓ...

'બાલ્યવસ્થા, જોબનાવસ્થા, જરાપૂર્ણ થઈ વળી,
ત્યાં લગી જોઉં ફરી, નૌતમ વસ્તુ નવમળી.'[૧૦]

નિરાંત મહારાજનો જન્મ ઇ.સ. ૧૭૪૭ માં થયો હતો. એમ માનીએ તો મંછારામને પદ્યપત્ર લખ્યો ત્યારે તેમની ઉમર ૫૪ વર્ષની ગણાય. ને તેમનો જન્મ જો ઇ.સ. ૧૭૭૦ માં થયો હોય તો, આ પદ્યપત્ર લખ્યો ત્યારે તેમની ઉમર ૩૧ વર્ષની ગણાય. આમ, ૩૧ વર્ષની ઉમરે 'જરાપૂર્ણ થઈ વળી' એવું કેવી રીતે લખી શકે ?! એટલે નિરાંત મહારાજનો જન્મ ઇ.સ. ૧૭૪૭ માં જ થયો. એમ

નિર્વિવાદ રીતે કહી શકાય.

નિરાંત મહારાજનું પરિનિર્વાણ વિ.સ.૧૯૦૮માં થયું એટલે કે ઇ.સ.૧૮૫૨મા: એમ નિરાંત સંપ્રદાય ની માન્યતા છે. નિરાંત મહારાજના શિષ્ય બાપુ સાહેબ ગાયકવાડ નું નિર્વાણ ઇ.સ.૧૮૩૪ માં થયું હતું. ત્યારે નિરાંત મહારાજહયાત હતા.

મારા આ શોધ પ્રબંધના કાર્ય માટે હું દેથાણ ગામે ગયેલો ત્યારે નિરાંત મહારાજની છઠી પેઢીના વંશ જ વિદ્યમાન દિપચંદભાઇ ની મૂલાકાત લીધી. મારી સાથેની વાતચિત દરમિયાન તેમણે કહયું કે, નિરાંત મહારાજનું પરિનિર્વાણ વિ.સં.૧૯૦૮ ને ભાદરવા સુદ આઠમના રોજ થયું હતું. આમ નિરાંત મહારાજ નો જન્મ ઇ.સ. ૧૭૪૭ અને પરિનિર્વાણ ઇ.સ. ૧૮૫૨ માં થયું હતું. દેથાણની મારી યાત્રા દરમિયાન મને જાણવા મળ્યું કે નિરાંત મહારાજનું પરિનિર્વાણ થયું ત્યારે જમણા હાથની આંગળીની સમાધિ કરવામાં આવી હતી. ને નશ્વર શરીરનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો. આજે પણ નિરાંત મહારાજની સમાધિ તેમના ગામ દેથાણ માં છે. જેનો પ્રત્યક્ષ દર્શનનો લહાવો આજે પણ ચિત્તને આનંદ આપી રહ્યો છે.

## ◈ નિરાંતનું બાળપણ :

નિરાંત મહારાજનું બાલ્ય જીવન પણ, તતકાલીન સમયના અન્ય બાળકો જેવું જ, રહયાનું જાણવા મળ્યું છે. તે સમયે બાળકોના સંસ્કાર ઘડતર માટે 'એવો પ્રબંધ હતો કે બાળક છ સાત વર્ષનું થાય કે પંડયાને ત્યાં ભણવા જાય. અહીં પાંચ-સાત વર્ષ સંસાર વ્યવહારનું જરુરી પૂરતું જ્ઞાન મેળવી, તે પોતાના બાપીકે ધંધે-રોજગારે લાગી જતો હતો. એ નિશાળે આંક, અક્ષરજ્ઞાન, ગણિત, નામું, લેખન પધ્ધતિ વગેરેના વ્યવહારુ જ્ઞાન ઉપરાંત પ્રતિ નીતિનું શિક્ષણ પણ અપાતું હતું.' [૧૧] પ્રાથમિક શિક્ષણ અક્ષરજ્ઞાન પુરતું જ ગણાવી શકાય તેવું હતુ. તે સમયે શિક્ષણ પ્રતિ વિશેષ જાગૃતિનો અભાવ હતો. તે સમયે લોકોમાં એવી માન્યતા હતી કે 'નહાનપણ માં નિશાળે મૂકવાથી છોકરાઓ નું શરીર સારું રહે નહિ, નબળો પડી જાય, ચહેરા ઉપર ફિકાશ આવી જાય એ વહેમથી સાત કે નવમું વરસ બેસતાં પહેલા થોડા જ નિશાળે બેસતા.' [૧૨]

આ સમયે ધૂળિયા નિશાળો હતી. એ નિશાળ કેવી હતી. ને તેનુ વાતાવરણ કેવું હતું, તેનું વર્ણન પણ આપણને મળે છે. 'આ છોકરાઓ નિશાળે આવ્યાકે તરત જ પોતાના પાટલા લેતા તે ઉપર ધૂળ નાંખી પોતાનો જે પાઠ હોય તે લખતા હતા. પાઠ લખી મહેતાજીને અગર મહેતાજી પોતે આસિસ્ટંટો રાખતા તેમને બતાવતા. તેઓ ખરા ખોટા કહેતા. ખોટા હોય તો એકાદ સોટી પણ તેના શરીર પર પડતી.... નિશાળ સવારે છુટે કે દરેક છોકરાએ પાટી લખવી જોઇએ જ. એટલે પાટીના બંન્ને પાસાં પૂરાં લખવા જોઇ જ. (પાટી એટલે એક લાકડાં નું પાટિયું પહોળામણમાં લંબાણ

કરતાં ટૂંકું અને મથાળાની વચ્ચે ઝાલવાની મૂઠ, એ પાટિયાં ઉપર શાહી બન્ને પાસે ચોપડેલી અને બોર્ડના જેવું કાળું કરેલું) પાટી સફેતા કે ખડીથી લખવામાં આવતી હતી.'[૧૩]

નિરાંત મહારાજેબાળપણમાં આ પ્રકારની ધૂળિયા નિશાળમાં અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું.'નિરાંત મહારાજને સાત વરસની ઉમરે પોતાના ગામની ગામઠી નિશાળે ભણવા બેસાડયા હતા. આ અરસામાં હાલની જેમ સરકારી નિશાળો ન હતી. વાંચવા લખવાના આવા સાધનો પણ ન હતા. ગામ લોકો તરફથી ગામઠી નિશાળ કાઢવામાં આવતી. ને કોઈ સારા અનુભવી ચારિત્ર્યવાન બ્રાહમણને મહેતાજીનું પદ આપી તેમના દ્રારા છોકરાઓને વાચનનું તથા વ્યવહારમાં જરુરી જેટલું ગણિતનું જ્ઞાન આપવામાં આવતું હતું. લખવાની માટે સ્લેટ પેનને બદલે લાકડાની એક લંબચોરસ પાટી અને લાકડાની અણીદાર સળી કે જેને વતરણું કહેવામાં આવતું આ પાટી ઉપર સારી જીણી ધૂળ પાથરી લાકડાની સળી વડે લખવામાં આવતું હતું.'[૧૪] આ રીતે નિરાંત મહારાજે બાલ્યકાળમાં વ્યવહાર પૂરતું અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું.

## ◈ ગૃહસ્થ જીવન :

નિરાંત મહારાજને બે પત્ની હતી. તેમના પ્રથમ લગ્ન ૧૬ વર્ષની ઉમરે ભરુચ તાલુકાના તરાસરા ગામે રાજપૂત સમાજની પરમાર શાખામાં કુંવરબા સાથે થયા હતા. તેમના દામ્પત્ય જીવન દરમિયાન ત્રણ પુત્રો અને બે પુત્રીઓનો જન્મ થયો હતો. નિરાંત નું બીજુ લગ્ન કરજણ તાલુકાના સંભોઈ ગામે મોરી પરમાર શાખામાં સીતાબા સાથે થયું હતું. તેમના દામ્પત્ય જીવન દરમિયાન પાંચ પુત્રો અને બે પુત્રીઓનો જન્મ થયો હતો. આમ કુલ ૧૨ સંતાનના પિતા નિરાંત મહારાજહતા.

નિરાંત મહારાજની છઠી પેઢીના વંશ જ દીપસંગભાઈની મે મુલાકાત લીધી ત્યારે તેમની પાસેથી નીચે પ્રમાણેની હકીકત જાણવા મળી છે.

'નિરાંત મહારાજના પુત્ર હિરાભાઈ, દેશાઈભાઈ અને રણછોડભાઈ આ ત્રણ પુત્રો કુવારા મૃત્યુ પામ્યા હતા. સૌથી મોટો પુત્ર નરેરદાસ કુસંગી હોવાથી નિરાંતને તે અપ્રિય હતો. નરેરદાસનો પુત્ર કાભઈ સંસ્કારી હતો. તેથી નિરાંત મહારાજ ને અત્યંત પ્રિય હતો. નિરાંત મહારાજે તેને શિક્ષણ સંસ્કાર આપી, પોતાના જ્ઞાનનો ઉતરાધિકારી બનાવ્યો હતો.

નિરાંત મહારાજના સૌથી નાના પુત્રનું નામ બાવાભાઈ હતું. આ બાવાભાઈ નિરાભિમાની અને શાંત પ્રકૃતિના હતા. નિરાંત મહારાજેતેમને પણ પોતાનો ઉતરાધિકારી બનાવ્યો હતો. આ રીતે દેથાણમાં બે જ્ઞાન ગાદીની સ્થાપના કરવામાં આવી.

દિપસંગભાઈ જે ઘરમાં આજે રહે છે, તે ઘર નિરાંત મહારાજનું હતું. આજે તો એ ઘર જર્જરીત થઈ ગયું છે. ૨૦૦ વર્ષ પુરાણું આ ઘર છે. ને તે માટીની મોટી ઈંટોથી બનેલું છે. તેમના

ત્રણ ઓરડા છે.જુનુ અને નળીયા વાળું ઘર છે.તેનો મોભ વચ્ચેથી તૂટી ગયો હોવાથી લાકડાના થાંભલાનો તેને ટેકો આપેલ છે. ઘરની પાછળના ભાગમાં થોડા સુધારા વધારા કરેલ છે. પણ આગળનો કે જે પૂર્વ દિશાનો ભાગ છે, તે જેમનો તેમ આજે પણ જોવા મળે છે. પૂર્વ દિશામાં ઓસરીનો ભાગ છે ત્યાં જ બેસીને નિરાંત મહારાજપોતાની કૃતિઓનું સર્જન કરતા હતા. તથા તેની સાથે નામ સ્મરણ પણ કરતાં રહેતા હતા. એમ દિપસંગભાઈ નું કહેવું છે. આ ઓસરીમાં દિવાલની અંદર એક નાનો ગોખ છે. તેમાં નિરાંત મહારાજનો ફોટો રાખેલો છે.

નિરાંત મહારાજની હયાતીમાં જ તેના સૌથી મોટા પુત્ર નરેરદાસનું અવસાન થયેલું આ પૂર્વે ત્રણ પુત્રો મૃત્યું પામેલા હતા. નિરાંત મહારાજ પોતે ખેડુત હતા. અને તેમને ૨૦૦ વિઘા જમીન હતી. તેઓ કપાસનું સારુ ઉત્પાદન કરતા હતા. દેણાથ વિસ્તારને કાનમ નામે પણ ઓળખવામાં આવે છે. ત્યાં કપાસની ખેતી ઘણી સારી થાય છે. નિરાંત મહારાજખેતીનો વ્યવસાય કરી પોતાના પરિવારનું પોષણ કરતાં હતા. ને એ રીતે પારિવારિક જવાબદારી પણ નિભાવતા હતા. સમય જતાં તેમના સંતાનોએ ખેતીની જવાબદારી સંભાળી લીધી, પછી નિરાંત મહારાજને પરમતત્ત્વ વિષયક ચિન્તન માટેનો ઘણો સમય મળ્યો .

'શ્રી બાપુ કાવ્ય 'માં લખ્યું છે કે 'નિરાંત મહારાજના માતા પિતા ભકત હતા. તેથી ભકિતના સંસ્કાર બચપણ માંથી જ પ્રગટ થયા હતા. કિર્તન ભકિતથી તેમણે ભકિતની શરુઆત કરી. તેઓ કિર્તન ભકિતમાં તરબોળ બની ગયા. તે સમયે વાહન વ્યવહાર ન હોવાને કારણે, ચાલીને તેવો ડાકોર જતા-આવતા મુસાફરીમાં રસ્તામાં વિશ્રામ લેવો પડે, જયાં મધ્યાહ્ન કાળ થાય ત્યાં તેઓ શ્રીવિશ્રામ કરતાં.'[૧૫] આ રીતે ડાકોર જવાનું દંતકથા અનુસાર સંપ્રદાયનો પણ આધાર છે. એક બીજી દંતકથા અનુસાર' દેથાણ ગામમાં ઓરછવ મંડળ હતું તેમા મુખ્ય ઓરછવીયા નિરાંત મહારાજહતા. પોતે એટલું સારુ ગાતા હતા કે ગામ લોકોને એમનું ગાવું સાંભળવું વ્યસન રુપ થઇ પડયું હતું.'[૧૬] તેઓ સંગીતના પણ જાણકાર હશે. એ બાબત એમણે રચેલ જુદા જુદા રાગની વાણી ઉપરથી સાબિત થઈ શકે છે.

નિરાંત મહારાજના પૂર્વજોની વાત કરતાં દિપસંગભાઈ નીચે પ્રમાણે માહિતી આપે છે. આ માહિતીમાં કેટલું તથ્ય છે. તેમ પૂછયું ત્યારે તેઓએ કહયું કે, વારસાગત રીતે પેઢી દર પેઢીએ થતી રહેતી વાત મને મળી છે. એ રીતે મારા પોતાના વંશની વાત હોય, મને રસ અને રુચિ પડે એમ કહેતા ૭૦ વર્ષના વયોવૃધ્ધ દિપસંગભાઈ આ પ્રમાણે પોતાના પૂર્વજોની માહિતી આપે છે.

'દશમી સદી પછી સૌરાષ્ટ્રના ભાવનગર પરગણાના ગોહિલ રાજપૂતો અહીં ગુજરાતમાં આવેલા. ભાવનગર પંથકમાં ભાઈઓ-ભાઈઓ વચ્ચે ઝગડો થયો હોવાથી, સ્થાળાંતર કરેલું

હતું. ગુજરાતમાં પણ કોઈ એક જગ્યાએ સ્થિર થવાને બદલે પરિસ્થિતિ અને સંજોગો પ્રમાણે સ્થળાંતર કરતાં રહયા. તેમાં વાગરાના કોઈ એક ગામમાં સાત માંથી એક ભાઈએ પાણી પીધુ ને પછી તે ઘરની સ્ત્રીને પુછયું કે તમારી જ્ઞાતિ કઈ? ત્યારે તે સ્ત્રી એ કહયું કે, અમે ચમાર છીએ. આ વાત સાંભળતાં જ બીજા છ ભાઈઓ હતા તે ઉભા થઈ ગયા. પાણી પીધું તે ભાઈનો એમ કહી બહિષ્કાર કર્યો કે, તું હવે વટલાઈ ગયો છે. પરીણામે તે ભાઈ વાગરાના ગામડામાં રહી ગયો. આજે પણ વાગરાનાં ગામડામાં ગોહિલ અટક ધરાવતા દલીતો જોવા મળે છે. જે છ ભાઈઓ બાકી રહયા તેઓ કયાંય સ્થિર ન થયા. તેઓ સ્થળાંતર કરતા રહયા. બીજી નિમ્ન ગણાતી બારૈયા કે કોળી પટેલની કન્યાઓ જોડે લગ્ન કરતા રહયા. સમય જતા પંદરમી સદી પછી, મુસ્લીમોનું આગમન થવા લાગ્યું ૪૦૦ - ૫૦૦ વર્ષોના સમયમાં ગોહિલોની વસ્તી ઘણી વધી ગઈ હતી. તેઓ લડાયક વૃતિના અને ખમીરવંતા હતા. હિન્દુ પ્રજા ઉપર જોર જુલ્મ થતાં જોઈ, તેઓનું હૃદય ઉકળી ઉઠતું. હાથમાં હથિયાર ધારણ કરી, યુધ્ધ મેદાનમાં ઉતરી પડતા હતા. કરજણ તાલુકાનું લાકોદરા ગામ ભીમસી ગરાસીયા પાસે થી આંચકી લીધું હતું. આ ભીમસી ગરાસીયો હિન્દુ હોવા છતાં હિન્દુઓ પ્રત્યે તેનો ઘણો ત્રાસ હતો. ઉપરાંત રાજપીપળામાં વસાવાઓનું શાસન હતું તેમની પાસે થી પણ સતા લઈ લીધી, ને ત્યાં પણ રાજય કરેલું.

દેથાણ ગામમાં તે સમયે મુસ્લીમો, પાટીદારો અને થોડાક બ્રાહમણો રહેતા હતા. દેથાણના એક બ્રાહમણનું દુ:ખ એ હતુ કે, તેના જ ગામના કોઈ મુસ્લીમ તેની કન્યા સાથે લગ્ન કરવા ઈચ્છતા હતા. એટલું જ નહિ પણ જાન લઈને પણ આવેલા. એ સમયે ગોહિલો દેથાણ ગામમાં રહેતા ન હતા. પણ બાજુના ગામ લાકોદરામાં વસવાટ કરતાં હતાં. પેલા દુ:ખી બ્રાહમણે ત્યાં જઈ તેના દુખ:ની વાત ગોહિલોને કરી. ગોહિલોએ તે બ્રાહમણનું દુ:ખ દૂર કરવા હથિયાર ધારણ કર્યા. તેમણે મુસ્લીમોને નિર્દયતાથી મારી નાખ્યા. જે જીવતા રહયા તેઓ ગામ છોડીને જતાં રહયા. ગામના બ્રાહમણોએ આ ગોહિલોને દેથાણમાંજ રહી જવાનું કહયું. એ રીતે ગોહિલો દેથાણમાં સ્થિર થયા. દેથાણ ગામમાં એ સમયે પાટીદારોનો પણ ઘણો ત્રાસ હતો. તેમને પણ ગોહિલોએ ખત્મ કર્યા જે પાટીદારો જીવતા રહયા તેઓ સ્થળાંતર કરી ગયા. આજે તો દેથાણમાં ગોહિલો જ રહે છે. થોડાક દલીત સમાજના મકાન છે. બે પાંચ વસવાયાના ઘર છે. ત્રણેક મકાન ઘાંચી સમાજના છે. બાકી સમગ્ર ગામમાં ગોહિલોની વસ્તી છે.

દેથાણ ગામાં આવી વસેલા ગોહિલોમાં, જીવણભાઈ કરીને એક ગોહિલ હતા. આ જીવણભાઈને બે પુત્ર હતા. એક નું નામ સરદારસિંહ અને બીજાનું નામ ઉમેદસિંહ. સરદારસિંહના વંશજો આજે બહોળી સંખ્યામાં દેથાણમાં જોવા મળે છે.

ઉમેદસિંહ ને બે પુત્ર હતા (૧) જાલમસિંહ અને (૨) રામસિંહ. સૈરાષ્ટ્રના જુનાગઢ

જિલ્લાના વિજાપુર ગામના રહેવાસી જયદેવ મહારાજ કે જેઓ નિરાંત મહારાજ ની શિષ્ય પરંપરાના જ્ઞાનમાર્ગી કવિ છે ને નિરાંત આચાર્ય તરીકે તેઓ નિયુકત થયા છે. સૌરાષ્ટ્રમાં પદદલિત સમાજમાં તેમની ધાર્મિક તેમજ સામાજિક સેવાઓ નોંધપાત્ર રહી છે. જયદેવબાપુની રૂબરૂ મુલાકાત લેતા તેઓએ નિરાંત મહારાજનું મુળનામ રામસિંહ હતુ. તેમ જણાવેલ છે. આ રામસિંહને બાળપણ થી જ ઈશ્વર પ્રત્યે અનન્ય પ્રેમ અને શ્રધ્ધા હતી. પૂજય નિરાંત મહારાજ બાળપણ થી જ કથા વાર્તાના બહુપ્રેમી હતા. વળી, વિદ્વવાન મહેતાજીના હાથે કેળવણી પામેલા અને પોતાના સંસ્કારી ભકિતપ્રેમી માતા-પિતાના હાથે તેમનું ઘડતર થયેલું તેથી તેમનો પ્રેમ દ્રઢતર બન્યો. ગામમાં પુરાણોની કથા ચાલતી હોય, તો તેમાં નિરાંત મહારાજઅચૂક જતા'.[૧૭]

આ રીતે ભકિતભાવમાં રામસિંહનો સમય વ્યતિત થવા લાગ્યો. ગામમાં નવરાત્રીના દિવસોમાં થતી ગરબીઓમાં તેઓ ગરબીઓ ગાતા. આ ઉપરાંત દર પૂનમે હાથ તુલસીનો છોડ લઈ ડાકોર દર્શને જતા હતા. આ રીતે ભકિતમાં ઘણો સમય પસાર થયો. રામસિંહની ભકિત એવી કે લોકોએ તેને ભગત કહેવાનું શરૂ કર્યુ. આજે પણ દેથાણમાં જયાં નિરાંત મહારાજનું ઘર છે, તે શેરીને ભગત શેરી અથવા ભગત ફળિયું કહે છે.

## ◈ ગુરૂ:

સંતવાણીમાં ગુરુને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે. ગુરુ વિના જ્ઞાન નહીં. ગુરુ વિના મુકિત નહીં. ગુરુ વિના અભેદનું જ્ઞાન થતું નથી. તેમ સંતવાણીનું પ્રતિપાદન છે. આભેદનું જ્ઞાન કાંઈ એકા એક પ્રગટ થતું નથી. તે માટે ત ગુરુ એ બતાવેલ વસ્તુનું વારંમવાર મનન અને નિદિધ્યાસન કરવું પડે. એવો સંતોનો મત છે. નિરાંત મહારાજે કીર્તનથી ભકિતની શરૂઆત કરી. પરંપરિત ઈશ્વરની ભકિત અને પૂજન કરતાં રહયા. તીર્થ સ્થાનોમાં યાત્રા કરતા રહયા. ડાકોર દર પૂનમે જવું તેઓ તેનો નિયમ હતો. ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન) માં શ્રી અનંતરાય રાવળ લખે છે :

'દરપૂનમે હાથમાં તુલસી લઈ ડાકોર જતા નિરાંત મહારાજને કોઈ મુસલમાન જ્ઞાનીએ સગુણોપાસના માંથી નિગુર્ણ ઉપસનામાં વાળવાની દંતકથાને સાંપ્રદાયિક માન્યતાનો આધાર નથી.'[૧૮]

દંતકથા એવી છે કે, ડાકોરના રસ્તે ઉમરેઠની ભાગોળે તેમને ગુરુ મળ્યા. ને તે મુસ્લીમ હતા. રામસિંહના હાથમાં રહેલ તુલસીનું પાન લઈ આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરાવ્યો ત્યાં જ રામસિંહભકતના આવાગમન નો અંત આવ્યો. તેમને નિરાંત થઈ. ગુરુએ કહયું, હવે તારે નિરાંત થઈ ત્યારથી રામસિંહ માંથી નિરાંત રામજી બની ગયા. પણ આ દંત કથા જ છે. સંપ્રદાયના પુસ્તકોમાં...."શ્રી નિરાંત સુધાસાગર", "શ્રીબાપુકાવ્ય", "શ્રી દિવ્ય ગીરામૃત", અને "નિરાંત કાવ્ય" માં નિરાંત મહારાજના ગુરુ સ્વામી સચ્ચિદાનંદ હતા. એમ લખ્યું છે. શ્રી દિવ્ય ગીરામૃતમાં

લખ્યું છે. :

'સચ્ચિદાનંદ થી નિરાંતજી તો પામ્યા જ્ઞાન અનુપ,
નામ રૂપને ગુણ થી ન્યારૂં, નિરખાવ્યું નિજરૂપ '[૧૯]

શ્રી બાપુકાવ્યમાં આરીતે લખ્યું છે:

'નિરાંત બાપુ જે તુલસીનો છોડ ભગવાનને ચઢાવવા લઈ જતા હતા. તેના એક પત્તા પર આત્મા - પરમાત્માનો સાક્ષાત્કાર કરાવ્યો. ને તે સર્વવ્યાપક એક આત્મા છે. એવું પ્રત્યક્ષ જ્ઞાન કરાવ્યું. તે મહાત્મા શ્રી સચ્ચિદાનંદ સ્વામી હતા.'[૨૦] એ જ રીતે શ્રી નિરાંત સુધાકરમાં લખ્યું છે :

'નિરાંત સંપ્રદાયના આદ્યસ્થાપક પૂજ્ય નિરાંત મહારાજ ના જન્મના વર્ષ અને તેમણે આત્મજ્ઞાન કયાંથી પ્રાપ્ત કર્યુ. તે સંબંધી અગાઉના પ્રકાશનોમાં અલગ - અલગ બાબત નોંધી છે. પરંતુ નિરાંતના સાહિત્યના સંશોધનકાર અને જ્ઞાનવૃધ્ધ પૂજયશ્રી મનસુખરામ મહારાજ મીંયાગામ, કરજણ નિવાસી અને શ્રી દિવ્ય ગીરામૃત પુસ્તકના પાના નં. ૧૯ ઉપર આવેલ હકીકત મુજબ સનાતન ધર્મના પુનરુધ્ધારક પૂજય આદ્ય શંકરાચાર્ય ભગવાનના શિષ્ય શ્રી શ્રીમદસ્વરુપ સ્વામીજી નશસંગ સરસ્વતી જેઓશ્રી એપોતાની ઉતરાવસ્થા દક્ષિણભારતમાં અકલકોટમાં પૂર્ણ કરેલ છે. તેઓશ્રી ના પાદ પૂજય શિષ્ય સ્વામીશ્રી સચ્ચિદાનંદ મહારાજ પૂજય નિરાંત મહારાજને વિ. સં. ૧૮૩૮ ના કારતીક સુદ પૂનમના રોજ ડાકોર જતાં ઉમરેઠની ભાગોળે વિશ્રામ ઘાટ ઉપર બ્રહમવિદ્યાનો બોધ કરેલ છે.'[૨૧]

એ જ રીતે 'શ્રી નિરાંત કાવ્ય'ની બીજી આવૃતિ કે જેના સંપાદકશ્રી નટવરલાલ પંડયા છે તેઓ લખે છે:

'નિરાંત મહારાજ સ્વભાવે પ્રેમી તથા મળતાવડા હોવાથી નાતજાતમાં તેમનું સારુ માન હતુ પાદરા તાલુકાના કણઝટ ગામે તેઓનું કોઈ સગુ હોવાથી તેમને વારંમવાર કણઝટ ગામ (હાલ માસરરોડ) જવાનું થતું કણઝટમાં ગોકળદાસ નામે રામાનંદી સાધુ હતા. તે સારા જ્ઞાનિ અને ભજની પુરૂષ હતા. નિરાંત મહારાજ તેમના સતસંગનો લાભ લેવા તેમની પાસે જતાં નિરાંત મહારાજની સમજ શકિત, ભકિતભાવ અને જ્ઞાન જિજ્ઞાસા જોય ગોકળદાસ નિરાંત મહારાજ પર ઘણા જ ખુશ હતા. આમ ભણા જ વખતના સતસંગના પરિણામે નિરાંત મહારાજને ગોકળદાસ ઉપર પૂજયભાવ ઉત્પન્ન થયો. પછી ગોકળદાસ મહારાજ પાસે થી ઉપદેશ લીધો ગોકળદાસે નિરાંત મહારાજને નામ નો ઉપદેશ કર્યો. '[૨૨] 'નિરાંત સુધા સાગર 'માં લખ્યું છે .

'શ્રીમતિ દેવયાનીબેન દવે લિખિત ગ્રન્થમાં પ્રકરણ - ૩માં જણાવ્યા મુજબ અને શ્રી મનસુખ મહારાજ મિયાગામવાસીના આધારભૂત સમર્થન મુજબ ગોકળદાસ મહારાજ નિરાંત

મહારાજના ગુરુ ન હતા. પરંતુ તેમના સમાગમથી નિરાંત મહારાજમાં સગુણ ભકિતભાવ ભળયો હતો. જયારે સગુણ ભકિત તરફ વાળનાર એમના ગુરુ સચ્ચિાનંદજી મહારાજ હતા. 'શ્રી નિરાંત સુધાસાગર' ગ્રન્થ અનુસાર અમન સાહેબ અને નિરાંત મહારાજ પોતાના ગુરુબંધુનું નામ પણ પોતાના એક પદમાં રજુ કર્યુ છે. દેવયાનીબેન દવેના ગ્રંન્થન પ્રકરણ - ૩માં નિરાંત મહારાજે પોતાના ગુરુના સરનામા વાળી કેટલીક વાણી આપી છે. તેમાં નિરાંત મહારાજે પોતાના શિષ્ય બાપુસાહેબ ગાયકવાડને ઉદેશીને લખેલી વાણી -

'બાપુ ગુરુની વાત સમજાવું, બાપુ સંશય તારો સમાવું,
મને મળવા ગુરુ મહારાજ, અતિ ઉપરકારી,
ધન્ય સચ્ચિદાનંદ ગુરુરાય, જાઉં બલિહારી,
નિરાંતના દંડવત પ્રમાણ છે વારી વારી '.[૨૩]

આ રીતે નિરાંત મહારાજના ગુરુ સ્વામી સચ્ચિાનંદ હતા. તેવું પ્રતિપાદિત કર્યુ છે. 'શ્રી મહ્દ પુરાતન યોગ ભાગ-૧' માં લેખક નિરાંત આચાર્ય મુબારક મહારાજ, પ્રકાશક સીતારામ ભાઈ પટેલ, કણાવ, તા. પલસાણા જિ. સુરત લખે છે..

શિષ્ય : - હે મહાશય, નિરાંત મહારાજના ગુરુ શ્રી ગોકળદાસ મહારાજ રામાનંદી સાધુ હતા. એ વાત સાચી છે ?

ગુરુ : - હા, તે સાચી વાત છે. નિરાંત મહારાજ ભજનકીર્તન અને સતસંગમાં ધણું બેસતા. ભજનમાં ગુરુ વિનાના નુગરા કેવાય. એવું તેમના સાંભળવામાં આવ્યું. જે વાત નિરાંત મહારાજે ધ્યાનમાં લીધી. અને ગોકળદાસ મહારાજને ગુરુ કર્યા. ગોકળદાસ મહારાજે તેમને કંઠી મંત્ર આપી કાન ફૂકયાં હતા. જેમ અનુભવમાં તેમની વૃધ્ધિ થઈ તેમ તેઓ વિચારશીલ હોવાથી વિચાર કરતા. એવા સમયે શ્રી જગતગુરુ શંકરાચાર્યના શિષ્ય શ્રી સચ્ચિદાનંદ મહારાજનું પ્રવચન સાંભળવા ગયા. ત્યારે તેમને શ્રી સચ્ચિદાનંદ સ્વામી પાસેથી નામ મંત્રનો ઉપદેશ મળયો હતો. તેને તેઓ એક નિષ્ઠાથી કરતાં. સંધ્યા, પુજા, દેવસેવા, વ્રતો પણ કરતા, ને તીર્થ સ્થાના માં પણ જતા. દર પૂર્ણિમા એ તેઓ ડાકોર જતા. અને તે પણ ચાલીને એમને ઈશ્વરનું પરોક્ષજ્ઞાન હતું. અપરોક્ષજ્ઞાન ન હતું. ભાવિનો ઉદય થવાનો હોવાથી એકવાર ડાકોર જતાં માંગરોળ ગામ થી પસાર થતં એક આંબાના વૃક્ષ નીચે રસ્તા ઉપર એક સંતને બેઠેલ જોયા. સાધુ-સંતોના દર્શનના જીજ્ઞાસુ એવા તેઓ તે આમ્રવૃક્ષ નીચે બેઠેલ સંતના દર્શન કરવા ત્યાં ગયા. નિરાંત મહારાજે તેમને બે હાથ જોડી પ્રણામ કર્યા. આ સાધુ હતા અમનસાહેબ. અમન સાહેબ બાબાને આ છોકરો બહુ વિવેકી સુસંસ્કારી અને જીજ્ઞાસુ જણાયો.

બાબા : - છોકરા તું કયા જાય છે ?

નિરાંત મહારાજ: - બાપુ ડાકોર જાઉ છુ, ડાકોર શ્રી રણછોડરાયના દર્શને જાઉ છું.

બાબા : -ત્યા: જ ભગવાન છે? બીજે કયાંય નથી?

(નિરાંત મહારાજ ને લાગ્યું કે આ મસ્તાન મારી ડાકોર ઉપરની શ્રધ્ધા છોડાવી દેશે. તેમણે બાબાને હાથજોડી પ્રણમી, ચાલવા વિચાર કર્યો. ત્યારે બાબા એ કહ્યું ભાઇ)

બાબા: -ભાઇ, બેસ. તુ કેટલા સમયથી ડાકોર જાય છે.

નિરાંત મહારાજ: - ચાર પાંચ સાલ થી, દરેક પૂર્ણિમાએ નિયમિત દર્શનાર્થે જાઉં છું.

બાબા: -તું ત્યાં જાય છે ત્યારે તને ડાકોરના ઠાકોર બોલાવે છે ખરા? તું કયારે આવ્યો? તેં ખાધું છે ? આવું કદી પૂછે છે ?

નિરાંત મહારાજ: -બાબા, તેઓ તો કંઇ બોલતા હશે ?

બાબા: - જો ઠાકોર બોલતા નથી તો પછી ત્યાં તુ કેમ જાય છે?

(નિરાંત મહારાજને લાગ્યું કે આ કોઇ મસ્તાન નાસ્તિક લાગે છે. તેથી તેમણે હાથ જોડયા. ફળ-ફૂલનો કરંડિયો લઇ ચાલવા વિચાર્યુ ચાલવા માટેની તૈયારી પણ કરી. બાબા અમન સાહેબને લાગ્યું કે આ જીવ ઇશ્વરની શોધમાં ફરે છે. આ પુરૂષ જીજ્ઞાસુ મુમુક્ષુ જીવ છે. )

બાબા: -ભાઇ , બેસ. આજે તારા ઠાકોર ને ડાકોરથી અહિયાં બોલાવું.

(નિરાંત મહારાજ બાબા સામે પૂર્ણ ભાવનાથી બેઠા. આંબાની એક કેરી લઇ અમન સાહેબ બાબાએ તેમને ઇશ્વરી ઉપદેશ કર્યો. નિરાંત મહારાજ આ ઉપદેશથી આશ્ચર્ય પામ્યા. ને ઠાકોરજી માટે જે ફળો તથા ફૂલનો હાર લાવ્યા હતા, તે બાબા અમનસાહેબને પહેરાવી દીધો. ને પછી કહ્યું. )

નિરાંત મહારાજ: -બાબા આજે મને નિરાંત થઇ.

બાબા: - આજ સે તેરા નામ નિરાંત નિરાંત મહારાજને નિવૃતિ મળી. પોતે પોતામાં નિશ્ચે થાય તે નિવૃતિ. બહાર દષ્ટિએ પડે તેનું નામ પ્રવૃતિ."[૨૪]

આમ, નિરાંત મહારાજના ગુરુ વિશે વિવિધ મત પ્રવર્તે છે. નિરાંત સુધાસાગર માં નિરાંત મહારાજના ગુરુ વિશે કહાન દાસનું પદ મૂકવામાં આવ્યું છે તે જોઇએ.

'ધન્ય ધન્ય સદગુરુ નિરાંતનામ, તમને કાન કરે પ્રણામ
તલોદના જંગલમાં આવી, મળયા અમનબાવો,
ગુરુના ગુરુભાઇ સાથે, લીધો સંતસંગનો લ્હાવો,
સચ્ચિદાનંદને અમનબાવો, એક ગુરુના ચેલા,

નિરાંતને અમન સાહેબ, થયા આંબલી નીચે ભેળા.

નિરાંત અને અમનની જોડી, જોયા સરખી મુરતી,

કાનદાસ કરી વિનંતી, જોયા સરખે સરખી સુરતી '[૨૫]

આ પ્રમાણે તો અમન સાહેબ નિરાંત મહારાજના ગુરુ નહિં, પણ ગુરુના ગુરુ ભાઈ કહેવાય. નિરાંત સુધા સાગરમાં પ્રસ્તુત પદની ઉપર પાના નં. ૨૦ માં કહાનદાસને નિરાંત મહારાજના સિધા શિષ્ય કહ્યા છે. હકીકતમાં નિરાંત મહારાજના શિષ્ય તલોદ ગામના પટેલ નરેરદાસ છે. આ નરેરદાસનો પુત્ર કહાનદાસ છે. નરેર દાસનો બુંદ શિષ્ય હતો જેનું પ્રમાણ પત્ર નિરાંત સુધા સાગર ગ્રંન્થના પાના નં. ૪૯ ૫૨ છે.[૨૬]

નિરાંત મહારાજે ગોકદાસને ગુરુ તરીકે સ્થાપ્યા હતા. ને, આ ગોકળદાસે તેમને નામ મંત્રથી દિક્ષા આપેલી નિરાંત કાવ્યના સંપાદક નટવરલાલ પંડયાનું પ્રતિપાદન છે. ને, તે યથાર્થ પણ લાગે છે કેમ કે રામાનંદી સાધુ ગોકળદાસ મહારાજના પણ નામ વિષયક પદો પ્રાપ્ત થાય છે. જુઓ –

'આજે રે શામળયો રે, વ્હાલો, મંદિર મ્હારે વસીએ રે, ટેક

અનાદિ નામ નિરંતર અરૂપી, તેને ભજતા જવ જલ તરીએ રે,

કામ ક્રોધ અંગે ને ટાળે, જઈ અવાચ્યમાં મળીએ રે.' [૨૭]

– ગોકળદાસ મહારાજ

અને –

'કાજી હોય સો તો કજીયા ચુકાવે, એતો લેજો જાણી રે:

ગોકળના સ્વામી સંગ રમતા, શબ્દ નિશાની માણી રે,' [૨૮]

સંત સાહિત્યમાં દાસી જીવણ સાહેબનું સ્થાન પણ નોંધ પાત્ર છે તેઓ રવિ – ભાણ સંપ્રદાય ના અનુયાયી ભીમસાહેબના શિષ્ય હતા. આ દાસીજીવણે તેમના પૂર્વ જીવનમાં ૧૮ જેટલા ગુરુ કરેલા તેમ કહેવાય છે. જયાં સુધી પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી ત્યાં સુધી ગુરુની શોધ અવિરત પણે ચાલુ રહે છે.

નિરાંત મહારાજેપોતાના સમકાલિન સંત કવિઓને જે પદ્યપત્રો લખેલા તેમાં પણ જે તે સંત કવિને ગુરુ તરીકે સબોધીયા છે. જે તે સંતકવિ સંતવાણીના અનુભવીઓનું પ્રતિપાદન છે કે જે જ્ઞાનિ હોય જેને અભેદનું દર્શન થયું હોય તેવા કોઈ પણ સંત કે ભકત ગુરુ જ કહેવાય. ને તેમને ગુરુ તરીકે સંબોધન કરવાનો રીવાજ હતો. જે વર્તમાન પણ જોવા મળે છે. આ બાબતનું પ્રમાણ નિરાંત મહારાજે હરિદાસને લખેલા પત્ર માંથી મળે છે.

'હરિદાસ ઉપરના પદ્યપત્રની વિગત જુઓ...

ઘણું શું લખીએ ગુરુ પ્રત્યે મહિમા તે અગમ અપાર છે,

શેષ સહસ્ત્રે ના શકે વરણી અહીં એક રસના વ્ગવહાર છે.'[૨૯]

નિરાંત મહારાજેગોકળદાસ પાસે થી કંઠી કે નામ મંત્ર લીધો ને સચ્ચિદાનંદ સ્વામી પાસેથી પણ નામ મંત્ર ની દિક્ષા લીધી હતી. પરંતુ તે પછી પણ નિરાંત મહારાજતિર્થ યાત્રાઓ કરતાં રહયા છે. આદ્યશંકરાચાર્યની પરંપરા માં જે ચાર મઠ સ્થપાયા છે, તેમાં સગુણ પુજા થતી રહે છે. કર્મકાંડ અને મૂર્તિ પૂજા તેમાં રહેલી છે. આ ઉપરાંત બાહ્યાચાર પણ તેમાં જોવા મળે છે. જયારે નિરાંત મહારાજ તો નિર્ગુણ જ્ઞાનનું પ્રતિપાદન કરે છે. પોતાના નિજ સ્વરૂપના અનુસંધાન વિના બધું નકામું છે. તેમ કહે છે તે માટે વિચાર પૂર્વક નિદિધ્યાસન કરવું પડે. ને, તે પછી જ પરમતત્વની પ્રાપ્તિ થાય. પોતાના શિષ્યો બાપુ સાહેબ ગાયકવાડ ને ઉદ્દેશીને રચાયેલા પદમાં નિરાંત મહારાજકહે છે :

' બાપુ ખીલ્યો મારી ખાંત,

તાર બાંધ્યા બેસી નિરાંતે.'[૩૦]

ગુરુ ધારણ કરી લેવાથી તુર્તજ જ્ઞાન પ્રગટતું નથી. તે માટે વારંમવાર સંત સમાગમ અનિવાર્ય ગણાયો છે. ને પછી અનુભવે જ્ઞાન પ્રગટે છે. સંતો ભકતો પોતાની કૃતિઓમાં અંતે નામા ચરણમાં પોતાના ગુરુનું નામ પણ આપે છે. નિરાંત મહારાજેએક પદમાં આ રીતે પોતાના ગુરુનું નામ લખ્યું છે.

' અટકળે નામ સહુ લે છે, નિરાંતતો નિશ્ચે કરી કે છે,

અમન ગુરુ નામે વ્યાપક રહે છે, ઠરવાનું નામ ગુરુ સાચુ.'[૩૧]

અહીં નોંધવું જોઇએ કે નિરાંત સંપ્રદાય ના પુસ્તકોમાં આ ભજન તો મૂકવામાં આવ્યું છે, પણ તેમાં અમન શબ્દ ગાયબ છે. માત્ર સદ્ગુરુ નામે વ્યાપક રહે છે. એવો પાઠ મળે છે. નિરાંત મહારાજના અન્ય એક પદમાં આ રીતે લખાયું છે–

'ધન્ય ધન્ય સદગુરુ દેવ દયાળ, દયા કરી દીનને સેવક પર,

કરી કરુણ કહયું કાનમાં, સત્ય વસ્તુની કીધી છે સાન;

ટાળયો તાપ ત્રિવિધ તેતોસમે, વાણીનું વાળ્યું છે વાન.'[૩૨]

નિરાંત મહારાજે ગોકુળદાસ મહારાજ પાસેથી મંત્ર લીધો, ત્યારે આ પદ રચ્યું હશે. કેમ કે, જ્ઞાનમાર્ગની પરંપરામાં કાનમાં મંત્ર ફૂકવામાં આવતો નથી. માત્ર સાન આપવા માં આવે છે. આવે છે. કંઠીમંત્ર આપતી વખતે પણ સાન આપવામાં આવે છે. પણ જ્ઞાન માર્ગની સાન થી તે ભિન્ન હોય છે. તેમ સતસંગીઓ સાથેના વાર્તાલાપ દ્રારા જાણવા મળ્યું છે. એજ રીતે અન્ય એક પદમાં

નિરાંત મહારાજલખે છે:

'સચ્ચિાનંદ પદ સર્વનું સાક્ષવંત, સદ્ગુરુ શબ્દે લેવું રે,
નિરાંત નામ નિરખ પદ પુરણ, અલખ આપ અભેવું રે.'[33]

અહીં સચ્ચિાનંદાનંદ શબ્દ ગુરુ માટે નથી વપરાયો, પણ સત્, ચિત્ત અને આનંદ નો દ્યોતક છે. નિરાંત મહારાજ અન્ય એક પદ માં લખેછે:

'બાપુ મીયા સાહેબ એક આવે , બાપુ ગુરુ બંધુ મુજ કહાવે,
બાપુ તેમનો સતસંગ કરજો, બાપુ વચન ઉરમાં ધરજો.
બાપુ નરસંગ સરસ્વતી જેહ, બાપુ બન્નેના ગુરુ નેહ,
બાપુ અમન આવી મળયા , બાપુ સત્સંગ વાત ચલાવી,
બાપુ નિરાંત નામ સાચુ , બાપુ વિના સહુ કાચું.'[34]

પ્રસ્તુત પદ પ્રાચીન કાવ્ય માળમાં ની ' નિરાંત કૃત કવિતા' માં જોવા મળતુ નથી અહીં એટલું કહી શકાય કે , નિરાંત મહારાજે કહ્યું તેમ અમન સાહેબે સત્સંગ વાત ચલાવી છે. એજ સંતવાણી માં મહત્વનું છે. જે વ્યકિત દ્રારા જ્ઞાન પ્રાપ્ત થાય છે તેજ ગુરુ કહેવાય મારા સંતવાણીના નિજ જીવનના અનુભવે પણ મને એવુ પ્રતિત થાય છે. ઉપરાંત જ્ઞાનમાર્ગી પરંપરાના આશ્રમોની મુલાકાત લઈને તેમને હું ગુરુ વિષયક પ્રશ્ન કરુછું , ત્યારે તેઓનુ પણ કહેવું છે કે , ગુરુ ધારણ કર્યા પછી આધ્યાત્મિક યાત્રા દરમિયાન જે વ્યકિત દ્રારા જ્ઞાન પ્રાપ્ત થાય તેજ ગુરુ કહેવાય. એટલે અમન સાહેબના સતસંગથી નિરાંત મહારાજ ને નિજ સ્વરુપનું જ્ઞાન થયું. પોતાનામાં રહેલા પરમતત્વને અનુભવવું. તે વ્યાપ્ત અને સર્વવ્યાપક છે. સચરાચરમાં તે વિલસી રહયો છે. એટલે નિજ નામ મગ્ન રહેવાથી અનુભવે અભેદનું દર્શન પ્રાપ્ત થાયછે. અમન સાહેબ ના સાનિધ્યમાં રહી નિરાંત મહારાજ જ્ઞાની બન્યા. ને જ્ઞાનાતીત બની તેમણે ગાયું -

' હમ હે જોગી અલખ અનાદિ , પારબ્રહમ કી હૈ પારા,
નામ રુપ ગુણ નહીં હમારે, કબહુના ધર હું અવતારા: '[35]

નિરાંત મહારાજના કહેવા પ્રમાણે અમન સાહેબે જ સત્સંગની વાત ચલાવી . ને કહાનદાસની લાવણીમાં પણ અમનસાહેબ અને નિરાંત મહારાજ બન્ને સાથે હરતા ફરતાં ની ચર્ચા છે. આમ, નિરાંત મહારાજને જે અભેદનું દર્શન થયું, તેના પાયામાં અમનસાહેબ રહેલા છે. અભેદનું દર્શન પછી, ગુરુ શિષ્યનો ભેદ રહેતો નથી. પણ ગુરુ દ્રારા જ્ઞાન પ્રાપ્ત થયું હોવાથી ગુરુનું ધણું મૂલ્ય છે. નિરાંત - મહારાજેપોતાના પ્રત્યેક પદ માં ગુરુ નો મહિમા ગાયો છે.

'નિરાંત સંપ્રદાય' ની પરંપરામાં કાળુરામ મહારાજ થયા છે. તેમણે નિરાંત મહારાજ ના ગુરુ વિષયક લખ્યું છે:

' નિરાંત નિર્મળનામ અમન ગુરુ કા ઉપકાર,
છોડાવી કરમ કી કીચ , પ્રગટ દર્શાદિદારા.' [૩૬]

એજ રીતે -

' અમન ગુરુ જબ ભયા પ્રમાણા નામકા લહયા,
તાકા બાળક હૈ દોહી, તાકા ભેદ પાવે કોઇ,'

--કાળુરામ.

નિરાંત મહારાજની નિર્ગુણ નામ ભકિતના પાયામાં અમન સાહેબ રહેલા હોવા છતાં પીંડમાં બ્રહ્માંડ અને પરમતત્વ વિષયક જ્ઞાન તો નિજિ સાધના દ્વારા જ પ્રગટ થાય છે. અધ્યાત્મ પરંપરા ગુરુ તો માર્ગદર્શક છે પરમ ગવેષણા જેણે કરવી છે તેને તો ચિન્તન મનન કરવું જ રહ્યું તો જ સદગુરુની પ્રાપ્તિ થાય. નિરાંત મહારાજને પુરા સદ્દગુરુ કયારે મળ્યા ? જુઓ -

' મને સદ્દગુરુ મળિયા પૂરારે, અગમની ગમ લાધી,
મેં જ્ઞાન શબ્દ વલોવ્યો રે, તત્વરૂપ ની તરબાઝી,
એ તર લેવાને કાજે રે, વિવેક કરીને વિચાર્યુ,
મેં મગન કર્યો મન કયારો રે, સ્હેની સહેજ થયો સારો.
રહેણી - કહેણી બેઉ રોપ્યાં રે, પ્રેમ મૂળ સીંચ્યાં પાણી,
બેઉ એક મળીને ઉગ્યાં રે, પ્રેમ મૂળ સીંચ્યાં પાણી,
તેને ખડ લાગ્યું છે ખાવારે, દૂગ્ધા ભાથી બહુ વ્યાપી,
ગુરુગમ કોદાળે ગોડયાં રે, મૂળ સહિત નાખ્યાં કાપી,
ખડ ટળયું ને વેલો બરમ્યોં રે, અરધ ઉરધ માં જઇ વાધ્યો,
કહે દાસ નિરાંત પરમાત્મા રે, સત્યરૂપી સાચો લાધ્યો.'

- નિરાંત.

પૂરા સદ્દગુરુની પ્રાપ્તિ થઇ, પછી અગમ - અગોચર કે જેની ગમ નથી પડતી તેવું પરમાત્માનું રહસ્ય સ્વરૂપ છે. તેની ગમ ( સમજ ) પડી. જ્ઞાન થી શબ્દનું મંથન કરી, વિવેક પૂર્ણ રીતે વિચાર કર્યો. તેનું ચિન્તન મનન કર્યુ. રહેણી અને કહેણીમાં એક રૂપ રહયો. પછી સહેજે સહેજે જ્ઞાન ( પરમતત્વ )ની પ્રાપ્તિ થઇ. જે કાંઇ સંકલ્પ - વિકલ્પ હતા, તેને ગુરુગમ કરી દૂર કર્યા. ને એ રીતે પરમતત્વની પ્રાપ્તિ થઇ. પરંતુ આ જ્ઞાન પ્રાપ્ત થયા પછી તે સાચું છે કે ભ્રાન્તિ છે? નકકી કેવી રીતે

કરવું ? તો, નિરાંત મહારાજ લખે છે:

'મન માન્યું રે ગુરુજીને મળતામાં,
પરથમ પોતપોતાનું દેખાડયું, અંતર ગયું છે અટકળતામાં
અંતર જામીને ઓળખ્યા, આપોપું ને ગળતામાં,
મરવું ને અવતરવું મટયું છે, ત્રિગુણ બુધ્ધિ ટળતામાં,
ત્રિવિધ ટાપ ટળીયા તે ઘડીએ, ખળવિદ્યાથી ખળતામાં,
આનંદ ઉરમાં અતિ ઘણો વાધ્યો, ભાવે ભજનમાં ભળતામાં,
અવગુણ સર્વે અળગા થયા છે, ગુણ ગુરુના સાંભળતામાં,
નિરાંત નામ પ્રતાપ ગુરુનોઅનભે થયો પળપળતામાં.'

- નિરાંત

સદ્‌ગુરુની પ્રાપ્તિ થતાં જ જ્ઞાન ઉપજયું. પછી પરમતત્વ પ્રત્યક્ષ થયું. નિરાંત મહારાજ કહે છે કે, મને જે દર્શન થયું, તેમાં શંકાને કોઈ સ્થાન જ નથી લખે છે -

'મેં તો મહારું મન સમજાવ્યું રે, સંદે નથી,
સમજી ઉલટ નિરંતર આવ્યું રે, સંદે નથી.'

- નિરાંત

પછી જન્મ મરણની ઘટમાળ માંથી છૂટકારો થયો, તેમ નિરાંત - મહારાજ પ્રતિપાદન કરે છે લખે છે -

'ઉત્પતિ એથી રે સૌ પેદાશ છે,
તે જોતાં માહારું જન્મ મરણ ભે ભાંગી જો.'

-નિરાંત

અને....

'સર્વશાસ્ત્ર મથી જોઈને કાઢયું, તત્વ કેવલ નામ,
નિરાંત નામને આશરે રહયો, ને બેઠો ઠરીને ઠામ.'

-નિરાંત

આમ, જ્ઞાની નિરાંતમહારાજને આત્મા સિવાય બીજો કોણ ગુરુ હોય? તેમના પદ-ભજન કે અન્ય રચનાઓ માં પણ તે નિગુર્ણ જ્ઞાનનોજ મહિમા વ્યકત કરે છે. જે પિંડમાં છે તે બ્રહ્માંડમાં છે. ને તેથી તે સર્વઘટ વ્યાપક છે. એવું સંતપરંપરાનું નિગુર્ણ તત્વજ્ઞાન નિરાંત મહારાજને પ્રાપ્ત થયું છે.

એજ રીત કાળુમહારાજના શિષ્ય મગનરામ લખે છે:

'અમન અવિચળ નામ નિરાળા, પામ્યા નિરાંતપદ નિરબાની રે,
નિરાંત નિર્ભય દેશમેં દેખ્યા, બૂજે ગોવિંદ જ્ઞાની રે.' [૩૭]

આ રીતે નિરાંતની શિષ્ય પરંપરાના સંતકવિઓ પણ નિરાંત મહારાજ ના ગુરુ અમન સાહેબ છે, તેવું પ્રતિપાદિત કરે છે. નિરાંત મહારાજ ને નિજનામ ની ભકિત અમનસાહેબ દ્રારા જ પ્રાપ્ત થઈ છે. તે માટેનું પ્રમાણ આપતાં કાળુરામ મહારાજ લખે છે:

'અમનગુરુ જબ ભયા, પ્રમાણા નામકા લહયા,
તાકા બાળક હે દોહી, તાકાભેદ પાવે કોઈ.
નિરાંત નામ હરિદાસા, કિયા નિજાનામ પ્રકાશા,
હરિદાસ કે નાદી, ભાવદાસ નામ અનાદિ
નિરાંત નામકા બંકા, દિયા નિજ નામકા ડંકા.' [૩૮]

શોધ પ્રબંધના કાર્ય માટે નિરાંત આશ્રમ દેથાણના વર્તમાન ગાદી પતિ રતુરામજી મહારાજની મૂલાકાત લીધી હતી. નિરાંતના ગુરુ મહારાજ વિશેના પ્રશ્નમાં તેમણે પણ કહ્યું હતુ કે નિરાંત નું પદ કરવાનું કામ ગુરુ અમન સાહેબે એ કર્યુ એજ તેમના ગુરુ હોવાનું પ્રમાણ છે.

નિરાંત મહારાજની નિગુર્ણ નામ ભકિતના પાયામાં અમન સાહેબ રહેલા હોવા છતાં પિંડમાં બ્રહ્માંડ અને પરમતત્વનો નિજી સાધના દ્રારા જ પ્રગટ થાય છે.

## ◈ નિગુર્ણ ભકિતમાર્ગના ઉપાસક:

આપણે આગળ ચર્ચા કરી ગયા તે મુજબ નિરાંત મહારાજ ને અભેદનું દર્શન થયું, તે પૂર્વ તેઓ કીર્તન ભકિત કરતા હતા. ને દેવ - દર્શન, પૂજા - વિધિ તથા તીર્થધાટન માં પોતાનો સમય વ્યતિત કરતા હતા. સદગુરુની પ્રાપ્તિ પછી નિજનામમાં મગ્ન રહી, નિગુર્ણભકિત સ્વીકારે છે. નિરાંત સગુણભકિતધારામાં મગ્ન રહી નિગુર્ણભકિત સ્વીકારે છે. નિરાંત સગુણભકિત માર્ગ માંથી અમન સદગુરુની વાણીના પ્રતાપે, નિગુર્ણ ભકિત ધારામાં વળે છે. આ સૂફીસંત કવિઓએ ભારતીય સંતવમણીને પ્રભાવિત કરી છે.

'सूफियों का भावात्मक रहस्यवाद लेकर वे कवि रचनाओं में-प्रवृत-किन्तु भारतीय अद्वैतवाद, साधनात्मक रहस्यवदा, तांत्रिकों का हठयोग आदि भी इनकी रचनाओं में स्थान पा गये। [૩૯]'

મધ્યકાલીન નિગુર્ણજ્ઞાનમાર્ગી ધારાના સંતકવિઓ એ જે દર્શન પ્રસ્તુત કર્યુ; તે દર્શનનું નિરાંત મહારાજ અનુસરણ કરે છે. સંતની વાત કરીએ છીએ ત્યારે, આપણી સમક્ષ પ્રત્યક્ષ થાય

છે. મોટા ભાગના પંથ પ્રવર્તકો તેમને અનુસર્યાનું આપણે પ્રમાણી શકીએ છીએ. અહીં નિરાંત મહારાજ આ નિગુર્ણધારાને સ્વીકારતા અને તેના પ્રવર્તક થતા જોવા મળે છે.

નિરાંત કહે છે :

' નિર્ગુણ નામે લ્યો નર નારી રે, આ અવસર બલિહારી રે,
નામ નિરગુણ સે નહીં ન્યારારે, એકાએકી આપ કિરતાર રે,
મન પવન ન પહોંચે જયાંહી રે, વાકી ખોજ કરો ઘટમાંહીરે.'
'ઘટ ભીતર કહીએ ન્યારારે, વાકો રૂપ અલક્ષ્ય લખાયારે,
તબ પાર અગમકા પાયા રે. '[૪૦]

નિરાંત મહારાજ નિજનામ માં મગ્ન રહીને નિ:સ્વાર્થભાવે અધ્યાત્મિ પ્વૃતિ કરતા રહે છે. સંતોનો માર્ગ બહુધા નિર્ગુણાત્મક રહયો છે. સચરાચરમાં પરમતત્વ નો અનુભવ કરતા રહે છે. તૂરિયાતીત અને શબ્દાતીત સાધકની સ્થિતિ એ જ તેમનો અનુભવ છે નિરાંત લખે છે. :

'અનુભવ એવો રે અંતર જેને ઉદય થયો,
કૃત્ય ટળયાં તેનાં રે, તેણે તેનો આત્મા લહયો.
સર્વાતીતને સર્વનો સાક્ષી, ખટવીશમો નિરાધાર.
તેથી પર પોતે રે, એકાએકી આપ રહયો.'

અને-

'એ વાત કોઇ વિરલા જાણે, કોટિકમાં કોઈ એક,
નામ વિનાની વસ્તુ નિરખે, એ અનુભવનો વિવેક. '[૪૧]

નિરાંત મહારાજકહે છે કે જો કોઇ આ પ્રકારના અનુભવીઓનો ઉપદેશ ગ્રહણ કરે તો તેના આવરણ રહેશે નહિ. ને, પોતાના નિજ સ્વરૂપનું દર્શન કરી શકશે. લખે છે

'અનુભવીયાનો ઉપદેશ, સમજે સમજાશે,
આવરણ નાંહી આવે લેશ, આત્મા ઓળખાશે
એ દેહ રહિત દર્શ્યામાં આવે, જેમ પ્રતિબિંબ પાણીમાં રે..
બિંબ જ પરખાય પાણીમાં, એકમ દરશે વાણીમાં આવે,
એ સર્વની માંહે ને સર્વથી ન્યારો, સર્વેનો પ્રેરક પોતે રે..
અળગોને વળગ્યો સહુમાં સળગ્યો, દર્શે આપ ઉદ્યોતે રે. '[૪૨]

મધ્યકાલીન સંત કવિઓએ એવા પ્રકારનું સાહિત્ય સજર્યુ છે કે તેમાંથી લોકોને માર્ગ દર્શન મળી રહે. આ સંત કવિઓના કવન વિષય જ એ પ્રકારના રહયા છે. તત્કાલિન સમયે સાધુઓનો

સ્વાંગમાં કેટલાંક દંભી અને પાખંડીઓ ધર્મ પ્રચાર કરતા હતા. કોણ સાચા અને કોણ ખોટા તેનો નિર્ણય કેવી રીતે કરવો ? સંતકવિઓ એ પોતાની કૃતિઓમાં સાચા સંતસાધુઓને ઓળખવાના ચિહ્નો બતાવ્યા છે. નરસિંહ, અખો, નરહરિ વગેરે સંત કવિઓએ પણ પોતાની કૃતિઓમાં સંતના લક્ષણ વર્ણવ્યા છે. નિરાંત મહારાજ પણ સંતના લક્ષણોને વર્ણવતી કૃતિઓ સર્જી છે. તેઓ લખે છે..

' બ્રહ્માનંદમાં મગ્ન નિરંતર, એક જપે તેનું નામ,
જીવ શિવકો ન્યારાના જાને, કે વા તેને પરમધામ.' [૪૩]

## ◈ નિરાંત પંથ પરંપરા :

મધ્યાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી પરંપરામાં જેમ અખાની શિષ્ય પરંપરા છે તેમ ઉતર મધ્યકાળમાં નિરાંત મહારાજની શિષ્ય પરંપરા ઉદ્‌ભવી છે. તેમાં દયાળદાસ, મંછારામ, બાપુ સાહેબ ગાયકવાડ, ગોવિંદરામ, રણછોડરામ જેવા મહત્વના શિષ્યો હતા. આસર્વે શિષ્યોની પરંપરા પણ વિકસી છે. તેઓએ નિરાંત મહારાજની નિર્ગુણ જ્ઞાન ભકિતનો પ્રચાર અને પ્રસાર સારા પ્રમાણમાં કર્યો છે. બાપુ સાહેબ ગાયકવાડ નિર્ગણ નિરાંત નામનો મહિમાં ગાતા કહે છે:

' નિરાંતનું નામ અલ્યા જુગોજુગ વાગી ગયું,
બાપુ તેની નાતજાત ખોળજઇ ભાત રે.' [૪૪]

બાપુ સાહેબ ગાયકવાડે પોતાના ઘણા પદોમાં નિરાંત મહારાજનો મહિમાં ગાયો છે. એ જ રીતે નિરાંત મહારાજની શિષ્ય પરંપરા અંકલેશ્વર તાલુકાના ગડખોલ ગામના અરજુન ભગત છે. તેઓ લખે છે:

'એ જ વખત એક આવીઉં નિરાંત નામે નાવ,
રણછોડે સઢ છોડીયો, અરજુન ધરીયો પાંવ.' [૪૫]

નિરાંત પરંપરાના સંતકવિ મણિરામ મહારાજ લખે છે :

' આવી છે નિરાંત દેશની ફોજ રે કોઇ શુરા જાગો,
રહેણીના રથ કીધા તૈયાર કરે કોઇ શુરા જાગો.' [૪૬]

નિરાંત મહારાજની પરંપરાના કવિઓ તેમના વિશે જે આદર પૂર્વક લખે છે, તે જ બતાવે છે કે નિર્ગુણ ભકિતમાર્ગના ઉપાસક તરીકે નિરાંત ની પ્રતિભા અદ્‌ભૂતહશે. નિરાંત કાવ્યની બીજી આવૃતિમાં લખ્યું છે:

' નિરાંત મહારાજ નામ નો ઉપદેશ પામી ને સાચા જ્ઞાની નિવડયા. હવે તો લોકો નિરાંત મહારાજપાસે ઉપદેશની માગણી કરવા લાગ્યા. પરંતુ નિરાંત મહારાજેપોતાના ગુરુની હયાતી સુધી ઉપદેશ આપવાનું કામ કર્યુ નહીં. પોતે જયાં જયાં જતા ત્યાં ત્યાં કેવળ ભજનાનંદ કરાવતા.

પોતાના ગુરુના વિદેહ થયા બાદ નિરાંત મહારાજે ઉપદેશ આપવાનું કામ શરૂ કર્યુ. પૂજાવાને બદલે પૂજવાના નિરમાની સ્વભાવને લઈને ઘણા માણસોએ નાત-જાતના અભિમાન મૂકી દઈ, નિરાંત મહારાજપાસે ઉપદેશ લીધો હતો.' [૪૭]

ઉતર મધ્યકાળની ગુજરાતની સ્થિતિ વિશે પ્રકરણ:-૧માં ચર્ચા કરી જ છે.તે સ્થિતિગતિના વાતાવરણમાં નિરાંત મહારાજના પ્રભાવથી કેટલાયે લોકો જ્ઞાતિ-જાતિના ભેદ-ભાવ ભૂલી, ખોટા અહંકાર અને ગર્વથી વિમુકત થઈ, નિરાંત મહારાજના શરણે ગયા હતા. પ્રાચીન કાવ્ય માળાના ગ્રન્થ-૧૦ નિરાંત કૃત કવિતા માં લખ્યું છે: 'નિરાંત સ્વભાવે સ્વતંત્ર અને શાંત હતા. તેમનું મન ઉદાર હતું. પારકાનું મન જાળવવામાં તેઓ પૂરા વિવેકી હતા. એકમની ખ્યાતિ સાંભળી ઘણા માણસો એમની પાસે ઉપદેશ લેવા આવતા. જે શંકા કાઢે તેનું પોતે શાંત અને ગંભીરપણે સમાધાન કરતાં. તેઓ સઘળાને સમાન ગણતા. કેમકે આત્મા-પરમાત્મા માં ભેદ ન ગણનારને સઘળા સમાન જ લાગે. જયારે કોઈ એમને પંથ ચલાવવા કહે કે આગ્રહ કરે, ત્યારે તેઓ કહેતા કે 'વાડો તો બકરાંને જોઈએ ! સિંહને કંઈ વાડાની જરૂર નથી.' [૪૮]'

તતકાલીન સમયમાં સંત-ભકત-જ્ઞાની પોતાની પરંપરા ઉભી કરી મંદિરોનું નિર્માણ કાર્ય કરી રહયા હતા. ત્યારે નિરાંત મહારાજજ્ઞાન અને ભકિતનો પ્રચાર-પ્રસાર કરી પ્રજાના દુ:ખ દૂર કરવામાં વ્યસ્ત હતા. તેઓ સાચા અર્થમાં અપરિગ્રહી હતા. નિરાંત કૃત કવિતા માં લખ્યું છે. :

' બાપુ સાહેબ ગાયકવાડ ઉતમ ધર્મ ખોળવા સારુ અનેક ધર્માચાર્યોના પારખાં કરતા હતા. આખરે નિરાંત પાસે આવ્યા, ત્યારે તેમને નિરાંત વળી.' [૪૯]

સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સ્વામી સહજાનંદ ના સમકાલીન નિરાંત મહારાજ હતા. આ બન્ને મહાપુરૂષો વચ્ચે વાર્તાલાપ થયેલો. વડોદરામાં પ્રેમજી ભગતને ત્યાં નિરાંત બહુ રહેતા. વાડીમાં વનમાળી કહાનજીનો ચોક કહેવાય છે, તે ચોક માં વિશેષ કરીને તેઓ પોતાની બેઠક રાખતા. ત્યાં એક વખત એમનો અને સ્વામીનારાયણ વાળા સહજાનંદ નો મેળાપ થયો હતો. બન્ને પંથના આગેવાનો શાંત પ્રકૃતિના હોવાથી કોઈ ઝઘડો ન થયો. તેમની વચ્ચે સંવાદ ચાલ્યો હતો. આખરે કોઈ મતભેદનું નિરાકણ ન થવાથી બન્ને પોતપોતાના સ્થાને ગયા હતા, એમ કહેવાય છે. આ ઉપરાંત નિરાંત મહારાજની પ્રતિભા વિશે આ જ ગ્રન્થમા: ( નિરાંત કૃત કવિતા )માં લખ્યું છે:

' નિરાંત મહારાજઅને સહજાનંદસ્વામી મહારાજ વચ્ચે જયાં વાર્તાલાપ થયેલ તે વાડી હનુમાન પોળ-વડોદરા ની મારી મૂલાકાતે મને વડીલ કંચનલાલ પટેલ (કાકા)એ પણ આ સંવાદ વિશેની વાત કરી હતી. મેં પૂછયું કે આ વા મા: સત્ય કેટલું ? તો કહે કે, અમારી ( નિરાંત )ની પરંપરાના સંત નિર્લોભી મહારાજે મને (કંચનલાલ ભગવાનદાસ પટેલ)ને વાત કરી હતી. જે ઘરમાં

હું અને કંચનલાલ પટેલ (કાકા) બેઠેલા તે ઘરાની જ જગ્યા તતકાલીન સમયે ખૂલ્લી હતી. ને ત્યાં જ આ બન્ને મહાપુષોવચ્ચે સંવાદ ચાલેલો. આજે એ જગ્યા ઉપર મકાન છે. તેમાં કંચનલાલ પટેલ (કાકા) અને તેમનો પરિવાર રહે છે. ને ઘર નંબર: ૩૧૬ છે.'

મંછારામ કરીને વાઘોડીયાનો બ્રાહમણ હતો. તેણે નિરાંતની ખ્યાતિ સાંભળી. પછી તે નિરાંતની નિંદા કરવા લાગ્યો. નિરાંતને આ વાતની ખબર પડી. નિરાંતે મંછારામને એક પદ્યપત્ર લખ્યો. આ પત્રનો ઉતર મંછારામ આપી શકયો નહીં. ત્યારે નિરાંત પોતે તેને મળવા સારુ વાઘોડિએ ગયા. ને મંછારામને પગે પડી પૂછવા લાગ્યા કે મહારાજ આપતો બ્રહમદેવ છો, જ્ઞાની છો. માટે મને ઉપદેશ કરો. આ ઉપરથી તથા જે વાતચિત ચાલી, તે ઉપરથી મંછારામને નિરાંત ઉપર ઘણી શ્રધ્ધા બેઠી. ને તે જ વખતે મંછારામ તેમનો શિષ્ય થયો.

નિરાંત મહારાજે નિગુર્ણ જ્ઞાનમાર્ગી અભિવ્યકત કરતી સંખ્યાબંધ કૃતિ ઓ રચી છે. તત્તકાલીન સમય ના વિવિધ સાહિત્ય સ્વરુપો જેવા કે સાખી, પદ-ભજન, પ્રભાતિયા, છપ્પા, સવૈયા, ગરબા-ગરબી, તથા બે દીર્ઘકૃતિઓ યોગ-સાંખ્ય-ઐકયનો સલોકો અને અવતાર ખંડન ઉપરાંત અનેક પદો રચ્યા છે. સાહિત્ય સર્જન ની સાથે તેઓ સમાજ સુધારા નું પણ કાર્ય કરતા હતા. દયાળ નામે એક પાટીદાર પ્રજ્ઞાચક્ષુ હતો. પોતાના ઘરમા, તે ઘણોજ દુખીહતો. નિરાંત મહારાજે તેને તત્વનો ઉપદેશ કર્યો, ને પોતાની સાથે રાખ્યો. પાછળથી વડોદરામા, પ્રેમજીભગતના ઘરે દયાળદાસને રાખવામાં આવ્યો. '[૫૨]

આ દયાળદાસે પણ ઘણી કૃતિઓ સર્જી છે. 'શ્રી દિવ્યગીરામૃત પુસ્તક' માં તેમની કૃતિઓનો સંગ્રહ છે. નિરાંત મહારાજે સૌથી પ્રથમ ઉપદેશ મિયાગામના વતની રજપૂત જ્ઞાતિના ભીખાભાઇ મિયાવત ને આપ્યો તેપછી નિરાંત મહારાજની ખ્યાતિ ચારે તરફ ફેલાઇ ગઇ. નિરાંત મહારાજજયાં જાય ત્યાં તેમનું સન્માન થતું નિરાંત મહારાજગામ માં પધારે એમ જાણી ગામ લોકો બધા ભાગોળે સામૈયું કરવા ગયા. વાજતે ગાજતે ગામમાં તેડી લાવી નરેરાદાસ પટેલે નિરાંત મહારાજ ની પોતાને ઘેર પધરામણી કરી. રાત્રે નિરાંત મહારાજ નું ભજન સાંભળવા નરેરદાસને ઘેર ગામ લોકોની ઠઠ જામી . ભજન થઇ રહયા બાદ નરેરદાસ , મકનદાસ અને વણારસી બાપાએ નિરાંત મહારાજ પાસેથી ઉપદેશ લીધો સંવત ૧૮૫૧ માં '[૫૩]

નિરાંત મહારાજેસંવત ૧૮૫૦ માંથી શિષ્ય પરંપરા ઉભી કરી તેમ કહી શકાય.

નિરાંત મહારાજના શિષ્યોને નિરાંત મંદિર બનાવવાની ઇચ્છા થઇ આ ઇચ્છા તેમણે નિરાંત મહારાજની સમક્ષ પ્રગટ કરી ત્યારે નિરાંત મહારાજેકહયુ ' ભાઇઓ, આ સઘળી પ્રવૃતિ શરૂ આતમાં સારી લાગે છે, પરંતુ ખરી રીતે કલહનું મુળ છે. સંપ્રદાય સ્થાયી મંદિરો બાંધવા માટે હરિજનો

પાસે થી પૈસા ઉઘરાવવા પડે, મંદિરોમાં સાધુઓ રાખવા પડે એ સાધુઓની આજીવિકા હરિજનો ઉપર રાખવી પડે. આગળ જતાં એ સાધુઓ હરિજનોને બોજા રૂપ થઈ પડે. વળી, સાધુઓની સારી નરસી ચાલ માટે તકરાર ઉપસ્થિત થાય તેમ જ ગાદીના વારસાઈ હકકો માટે પણ ઝઘડાઓ ઉભા થાય આવાઅવા અનેક કારણો થી આખરે સંપ્રદાયની પડતી થાય. પૂર્વે જે જે સંપ્રદાયો તૂટયા છે, તે આવા જ કારણોને લઈને માટેઆપણે તો એ ઉપાધીમાં પડવું નથી. '[૫૪]

'નિરાંત મહારાજઉપદેશ કાર્ય કરતા રહેતા હતા. સમયાન્તરે આ ઉપદેશ પંથનું સ્વરૂપ ધારણ કર્યુ. શિષ્યોના અતિ આગ્રહને વશ થઈ તેમણે કહયું જેમાં ભકિત અને જ્ઞાન જળવાઈ રહે, એવો જ જે ઉતમ નિવૃતિ માર્ગ ચલાવીએ છીએ એ નિવૃતિ માર્ગની જ્ઞાન ગાદીઓ સ્થાપીએ. '[૪૯] આમ કહી તેમણે પોતાના શિષ્યને ઉપદેશ કરવાનો અધિકાર આપ્યો. નિરાંત મહારાજના નામ સાથે જ આ પરંપરા ઉદભવી. આજે નિરાંત સંપ્રદાય નામે
ગુજરાતમાં પ્રચાર-પ્રસાર પામેલ છે.

'નિર્ગુણમાર્ગી જ્ઞાનિ કવિ નિરાંત મહારાજવિ.સ.૧૯૦૮ના ભાદરવા સુદી આઠમને દિવસે નિર્વાણ પામ્યા.'[૫૦૫૫]

આમ, નિરાંત મહારાજનિર્ગુણધારાના ઉપાસક તરીકે અને જ્ઞાનિ કવિ તરીકે ઉતર મધ્યમકાળની સંત-ભકત પરંપરામાં ગૌરવ પૂર્વક પ્રતિષ્ઠિત છે, તેમ કહી શકાય.

# ◉ નિરાંત મહારાજનું કાવ્ય સર્જન :

## ◈ પ્રસ્તાવના:

નિરાંત મહારાજે નિર્ગુણ ઉપાસના અને જ્ઞાન ઉપદેશની સાથે તદ્‌વિષયક/ કાવ્યકૃતિઓ પણ પ્રગટ કરી હતી. આ કૃતિઓ નું સર્જન કાર્ય કયારે અને કઇ સાલથી શરૂ કર્યુ, તે વિષયક કોઇ સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થતી નથી. પણ એટલું અવશ્ય અનુમાન કરી શકાય કે ઉમરેઠ ની ભાગોળે વિશ્રામ ઘાટ ઉપર વિ. સં. ૧૮૩૮ને કાર્તિક પૂર્ણિમાના દિવસે તેમને ગુરુ અમનસાહેબ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ થયા પછી જ, તેમણે કવિતા અને દીર્ઘ કૃતિઓનું સર્જન કર્યા કર્યુ. હોય તેમ જણાય છે કેમ કે તેમની પ્રત્યેક કવિતામા: પછી તે પ્રેમલક્ષણાત્મક કવિતા હોય કે બારમાસ વિષયક રચના હોય; જે વિરહિણી ગોપીનો ભાવ પ્રગટ થાય છે, તેમાં નિર્ગુણ બ્રહ્મ નું જ નિરૂપણ દષ્ટિ ગોચર થાય છે એ જ રીતે તેમના જ્ઞાન ઉપદેશના પદ, કવિતા, ગીત, ગરબા-ગરબી, શિક્ષા, છપ્પા, કુંડળીયા, પ્રભાતિયા, સાખિઓ, સવૈયા, રેખતા, વિગેરે તેમજ અવતાર ખંડન અને યોગસાંખ્ય ઐકય સલોકા જેવી દીર્ઘકૃતિઓમાં પણ નિર્ગુણ પરીબ્રહ્મ જ અભિવ્યકત થયો છે. એટલે કહી શકાય કે, નિગુર્ણ બ્રહ્મ ના જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી જ તેમની વાણી પ્રગટ થઇ એમ કહેવું હોય તો નિ:શંક કહી શકાય.

' નિરાંત કૃત કવિતા' ના ગ્રન્થ વિવેચનમાં સંપાદક લખે છે; નિરાંત ભકતની કવિતા વડોદરામાં ઘણી પ્રસિધ્ધ છે. કેમ કે તેના ભકતો વાડી વિગેરે જીલ્લાઓમાં ઘણા છે. તેઓ તેમના ચોપડા આદરથી વાંચે છે, અને ગાય છે. '[૫૬]

નિરાંત મહારાજની કવિતાો પ્રથમ ગ્રન્થો તો નિરાંત કસત કવિતા જ છે. પણ તે પૂર્વે પણ તેમના પુસ્તકો વંચાતા રહયા છે. મારા આ શોધ પ્રબંધના કાર્ય માટે દેથાણ તેમજ મીંયાગામ વિગેરે નિરાંત આશ્રમોની મુલાકાત લેવાનું બન્યું છે. ત્યારે નિરાંત મહારાજની કૃતિઓ વિશે પ્રશ્નો સતત ચર્ચાતા રહયા છે. ઉતર મળતો હતો કે નિરાંત મહારાજના શિષ્યો મંછારામ તેમજ બાપુસાહેબ ગાયકવાડ નિરાંતની કૃતિઓ ને પોતાની રીતે પુસ્તકનું રૂપ આપતા રહયા. એ રીતે નિરાંત મહારાજની કૃતિઓ તેમના શિષ્ય સમુદાયમાં વંચાતી રહી હતી. નિરાંત મહારાજેપોતાની કૃતિઓ વડે તત્કાલીન સમયમાં તેમની શિષ્ય પરંપરા અને તેની સાથે સંકળાયેલ વ્યકિતઓમાં નિર્ગુણ જ્ઞાનમાર્ગી વિચારધારા પ્રસ્તુત કરી હતી. ને એ રીતે કવિ કર્મ કરી, કવિધર્મનું ઉદરદાયિત્વ ભબજાવ્યું હતુ. તેમણે પોતાના જીવન અને કવન દ્વારા એવી અસર ઉભી કરી હતી, કે લોકો તેમને ઇષ્ટદેવ માનતા હતા. નિરાંત સુધા સાગર ગ્રંન્થના પ્રકાશકીય નિવેદામાં વિદ્યમાન નરભેરામજી મહારાજ કહે છે :

'આજે પણ વડોદરાના દાળીયા પટેલોના અંદાજે ચારસો કુટુમ્બો પૂજય નિરાંત બાપુને તેમના ઇષ્ટ દેવ માને છે. દાળીયા વાડીનાં આ નિરાંત મંદિરમાં આજે પણ પૂજય નિરાંત મહારાજ

અને તેમની જ્ઞાનિ શિષ્ય પૂજ્ય દયાળદાસ મહારાજની પ્રતિમાંઓ છે.' [૨૫૦]

નિરાંત મહારાજના પરિનિર્વાણ પછી ૩૮ વર્ષે તેમની કૃતિઓનું સંપાદન કાર્ય થયું હતુ. આ સંપાદન ઈ.સ.૧૮૯૦માં વડોદરા રાજ્યની દેશી કેળવણી ખાતા દ્વારા થયું હતું.

'તત્કાલીન વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિદ્યાપ્રેમી અને દીર્ઘ દ્દષ્ટા હતા. વિવેકી અને સાલસ સ્વભાવના આ મહારાજા એ પોતાની પ્રજાનું અનેક પ્રકારે કલ્યાણ કર્યુ હતું. જેમ કે ખેતીવાડી, જળાશયો, રસ્તા, ઔષધ્યાલયો, નિશાળો, છાત્રાલયો, પુસ્તકાલયો, વિવિધ ગ્રન્થોનું નિર્માણ કાર્ય વગેરે પ્રકારના વિવિધ વિકાસાત્મક કાર્યો કર્યા હતા. (વડોદરા રાજયમાં વિદ્વવાન, શકિતમાન અને પરમ પવિત્ર મહારાજાધિરાજ શ્રીમન્ત સયાજીરાવ ગાયકવાડ સેના ખાસ ખેલસમસેર બાહદૂર નો અશય એ હતો કે વડોદરા રાજયમાં થઈ ગયેલા ગુર્જર કવિઓના અપ્રસિધ્ધ ગ્રન્થો પ્રસિદિધમાં આવે તેવી યોજના રાજય આશ્રયથી થાય તો સારું.' [૫૮]

આ પ્રકારની ભાવના મહારાજા સયાજીરાવ ગાયકવાડે વ્યકત કરી હતી. એટલે વડોદરા રાજયના ડાયરેકટર ઓફ વર્નાકયુલર ઈન્સ્ટ્રકશન ના રાવસાહેબ હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા તથા નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રીએ પ્રાચીન કાવ્ય સંગ્રહ માટે વડોદરા પ્રાન્ત માંથી કાવ્યો એકત્રિત કરવાનો પ્રારંભ કરી દીધો હતો. તત્કાલીન વડોદરા રાજયના દેશી કેળવણી ખાતા ના અધિકારી મણિભાઈ જશભાઈ પ્રાચીન કાવ્ય માળા ગ્રન્થ ૧૦ માં ' નિરાંત કૃત કવિતા' ની પ્રસ્તાવનામાં લખે છે:

'આ સર્વ કવિતા શોધી અને ટીકા સાથે છપાવતાં ત્રણ વર્ષ લાગશે. એ કામ પૂર્ણ કરવા શ્રીમન્ત સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડે રૂપિયા ૧૨૦૦૦/ - બાર હજારની રકમ મંજુર કરી, કિમતી આશ્રય આપ્યો છે. અને તેથી જ આ પુસ્તકો પ્રસિધ્ધિમાં આવી શકશે. આ ઉદાર અનુજ્ઞાથી ગૂર્જરપ્રજા અને સર્વ સમજુ જનોને લાગ્યા વિના રહેશે નહીં.' [૫૯]

## ◈ નિરાંત કૃત કવિતા:

વડોદરા રાજયના મહારાજા સયાજીરાવ વાયકવાડ રૂપિયા બારહજાર નું અનુદાન આપી સંવત ૧૯૪૬, એટલે કે ઈ.સ.૧૮૯૦માં પ્રાચીન કાવ્ય માળા નો દશમો ગ્રન્થ નિરાંતકૃત કવિતાનો છે. આ ગ્રન્થનું સંપાદન કાર્ય હરગોવિંદદાસ દ્રારકાદાસ કાંટાવાળા તથા નાથાશંકર પુજાશંકર શાસ્ત્રી દ્રારા થયુ હતુ.

નિરાંતકૃત કવિતામાં નિરાંત મહારાજની કૃતિઓને તેમણે નીચે પ્રમાણે વિભાજીત કરી છે.

સૌપ્રથમ જ્ઞાન - ભકિત વિષયક એક સો અગિયાર પદ છે. ત્યાર બાદ છપ્પા. છપ્પા ની સંખ્યા પચ્ચીસ છે. પાંચ કવિત છે. જે આત્મબોધ વિષયક છે, તેને હિત શિક્ષા નામ પણ આપી શકાય તે છે. એ પછી એક પદ્યપત્ર મુકવામાં આવ્યો છે. આ પદ્યપત્ર નિરાંત મહારાજે પોતાના સમકાલીન મંછારામ મહારાજને લખ્યો હતો તે છે. પદ્યપત્ર પછી ઓગણ પચાસ પદ મૂકયા છે. જે જ્ઞાનમકત છે. પછી સાતવાર બારમાસ અને તિથિ પ્રકારની રચના ઓ મૂકી છે. આ રચનાઓ પછી આઠ જ્ઞાનાત્મક પદો નો સમાવેશ કર્યો છે. આઠ પદ પછી ઓગણસાઠ સાખીઓ છે. આ સાખીઓ પછી યોગસાંખ્ય ઐકયના સલોકા છે. જે નિરાંતની દીધકૃતિ છે. તે બે ભાગ માં જોવા મળે છે. સો સો પંકિના આ બન્ને સલોકા છે. આ દીર્ઘકૃતિની અઠાવીસ પદ્યકથા ઓ નો સમાવેશ કર્યો છે. આ બધી કથા ઓ માં સળંગ સૂત્રતા જોવા મળે છે. એટલે કહી શકાય કે નિરાંત મહારાજે તેમના શિષ્યો ને દરરોજ એક પદકથા કહી હશે. આ પદકથા ઓ પછી અવતાર ખંડન નામની એક દીર્ઘકૃતિ મૂકી છે. જેમાં નિરાંતમહારાજે દશ અવતારનું ખંડન કર્યુ છે. ને નિર્ગુણ પરિબ્રહમ નું મંડન કર્યુ છે. અવતાર ખંડન દીર્ઘકૃતિ પછી દશ પદ મૂકવામાં આવ્યા છે. જેમાં નવ નંબરના પદને છપ્પા કાવ્ય પ્રકારમાં મૂકી શકાય.

આ રીતે નિરાંત મહારાજની કૃતિઓનું પ્રસ્તુત ગ્રન્થમાં સંકલન કરવામાં આવ્યું છે. આ સંકલનમાં એકવાકયતા જોવા મળતી નથી. જેમકે નિરાંત મહારાજે જે પદો રચ્યાં છે, તેમાં ધોળ, કાફી, ગરબા - ગરબી, પ્રેમલક્ષણાત્મક પદો, છપ્પા, સવૈયા, પ્રભાતિયાં વગેરેને યોગ્ય ક્રમમાં કે સ્વરૂપગત રીતે વિભાજિત કરવામાં આવ્યાં નથી. ઉપરાંત નિરાંત મહારાજના બધાં જ પદો નો સમાવેહ કરવામાં આવ્યો નથી. તેમ છતાં આ ગ્રન્થનું ઘણું મૂલ્ય છે. ને તે ઓથેન્ટિક પણ છે. કેમકે નિરાંત મહારાજના પરિનિર્વાણ પછી માત્ર આડત્રીસ વર્ષે પ્રસ્તુત ગ્રન્થનો તૈયાર કરવામાં આવ્યો છે. એટલે તત્કાલીન સમયની ભાષા એ આ ગ્રન્થનું જમા પાસું ગણવી શકાય. નિરાંત મહારાજની કૃતિઓનું આ પ્રથમ સંપાદન છે.

### ◈ નિંરાત કાવ્ય :

નિરાંત મહારાજની કૃતિઓનું બીજું સંપાદન ઇ.સ.૧૯૬૯માં ' નિરાંત કાવ્ય ' નામે મળે છે. કરજણ તાલુકાના મિયાગામ નિરાંત આશ્રમ ના આચાર્ય શ્રી ગોપાળરામ મહારાજે નિરાંત ની કૃતિઓને એકત્રિત કરી' નિરાંત વાણી' નું સંપાદન કાર્ય કર્યુ હતું. શ્રી નટવરલાલ પંડયા વડોદરા એ આ સંગ્રહ ને પ્રકાશિત કરેલ.

આ સંગ્રહના સંપાદકીય લેખમાં લખ્યું છેઃ ' નિરાંત સંપ્રદાય ' જ્ઞાનનોપાસક સંપ્રદાય નો આશય છે. સંપ્રદાયના સિધ્ધાંતભૂત ગ્રન્થ તરીકે નિરાંત મહારાજના ભજનો સિવાય બીજું કાંઇ જ

નથી.સંપ્રદાયના અનુયાયીઓમાં નિરાંત મહારાજ પોતાના ભજનોમાં જે જ્ઞાન અને સ્વાનુભવ મૂકી ગયા છે.તેનો જ પ્રચાર કરવામાં આવે છે.આખો સંપ્રદાય નિરાંત મહારાજના ભજનો ઉપર ચાલતો હોવા છતાં એ ભજનો ગ્રન્થરૂપે છપાયેલાં ન હોવાથી સંપ્રદાયના નવા થનાર અનુયાયીઓને જુના અનુયાયીઓના હસ્તલિખિત ચોપડાઓ માંથી ભજનો ઉતરા લઈ સંતોષ માનવો પડતો, અને તેથી જ ' શ્રી નિરાંત મહારાના ભજનો' ગ્રન્થરૂપે છપાઈ પોતાના હાથમાં મૂકાય એવી ઈચ્છા તેઓ સેવ્યા કરતા હતા.સંપ્રદાયના અનુયાયીઓની આ મુશ્કેલી દૂર કરવા, નિરાંત મહારાજના ભજનો છપાવી બહાપડવાનું મને ખાસ જ જ નિરાંત મહારજના તમામ ભજનો કોઈ એક જ વ્યકિત પાસેથી કે એક જ ચોપડા માંથી મળી શકે એમ ન હોવાથી સંપ્રદાય ના મહારાજો અને જૂના અનુયાયીઓ પાસેથી ભજનોના હસ્તકલિખિત જુના ચોપડાઓ મેળવી તેમાંથી નિરાંત મહારાજના મળી શકયા તેટલા ભજનો ઉતારી લઈ આ  નિરાંત કાવ્ય નામે પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે.

નિરાંત કાવ્યની ત્રીજી આવૃતિ તા.૦૯/૦૩/૬૯ ના રોજ નટવરલાલ પંડયા-વડોદરાવાસીએ પ્રકાશિત કરી તથા મિયાગામે નિરાંત સંપ્રદાય ના આચાર્ય ગોપાળરામ લિખિત નિરાંત મહારાજનું સંક્ષિપ્ત જીવન વૃતાંત આપવામાં આવ્યું છે.આ ગ્રન્થમાં પ્રારંભે રામાનંદી સાધુ ગોકળદાસ ના ત્રણ પદ મૂકવામાં અવ્યા: છે.તે પછી નિરાંતની શિષ્ય પરંપરા ની ગુરુગાદી કયા કયા સ્થળે છે.તે બતાવી નિરાંત પરંપરાના શિષ્યોનો આલેખ આપવામાં આવ્યો છે તે પછી અનુક્રમણિકા આપી છે.આ અનુક્રમણિક વિશિષ્ટ છે.કેમ કે નિરાંત મહારાજના પદ-ભજન પ્રથમ અક્ષર થી બારાક્ષરી પ્રમાણે લખેલા છે.તેથી જે પદ જોઈએ તે સરળ રીતે મળી શકે છે.

પ્રસ્તુત સંગ્રહમાં ચૌદ સાખીઓ બારમાસ પ્રથમ મુકયા છે.તે પછી સગુણ ભકિત ઉપદેશના ભજનોનો વિભાગ છે.આ વિભાગમાં કુલ ત્રેપન (૫૩) પદ-ભજન છે.તે પછી બીજો વિભાગ નિગુર્ણ ભકિત જ્ઞાનોપદેશના ભજનોનો છે.તેમાં બે તિથિઓ, સાતવાર અને અન્ય સ્વરૂપો નો સમાવેશ થાય છે.સાતવાર બે તિથિઓ સહિત આ વિભાગમાં કુલ એકસો સતાણું રચનાઓ છે તે પછી પદ્યપત્રોનો વિભાગ છે.તેની સંખ્યા ત્રણ છે.આ પદ્યપત્રો પછી તેંત્રીસ (૩૩) છપ્પાઓ છે.જે અહીં સવૈયા નામે લખાયા છે.ત્યાર બાદ પાંચ ઝૂલણાનો વિભાગ છે.પરંતુ તે ઝૂલણા નથી પણ સવૈયા છે.સવૈયા પછી ત્રણ રચનાઓ કવિતાની છે.ત્યાર બાદ પાંચ કુંડલિયા અને છ રેખતાનો સમાવેશ કર્યા છે.આ રીતે નિરાંત ની મોટાભાગની કૃતિઓને પ્રસ્તુત સંગ્રહમાં સમાવી લેવામાં આવી છે.

જ્ઞાનોદય પદસંગ્રહ :- નિગુર્ણ જ્ઞાનમાર્ગી નિરાંત મહારાજની કૃતિઓનો સંગ્રહ જ્ઞાનોદય પદસંગ્રહ માં પણ કરવામાં આવ્યો છે.તેમાં નિરાંત મહારાજ ની કૃતિઓનું નીચે પ્રમાણે સંકલન કરવામાં આવ્યું છે.આ સંપાદનમાં કોઈ વિભાગીકરણ કર્યુ નથી.પરંતુ સૌપ્રથમ તેમાં એકસો તેંત્રીસ પદ-ભજન

મૂકવામાં આવ્યા છે. તે પછી બાર છપ્પાઓ, બે કુંડળિયા, પૅાચ કવિત અથવા હીતશિક્ષા, પ્રભાતિયાં અને ઓગણત્રીસ સાખીઓ પ્રગટ કરી છે. ત્યાર બાદ અંતમાં બાર પદ-ભજન મૂકવામાં આવ્યા છે. પ્રસ્તુત કૃતિઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે, તે બહુધા નિરાંત કૃત કવિતા માં પણ જોવા મળે છે. એક ભજન ઠરવાનું ઠામ ગુરુ સાચું, અહીં મૂકયું છે, તે નિરાંતકૃત કવિતા માં નથી. આ ભજનમાં નિરાંત મહારાજ પોતાના ગુરુનું જના પ્રગટ કરે છે.

## ◈ નિરાંત સુધા સાગર:

નિરાંત સંપ્રદાય માલોસણા તા. વડગામ જિલ્લો: બનાસકાંઠા-ઉતર ગુજરાતની શાખાએ ૩૯ મી જાન્યુઆરી ૧૯૯૧માં નિરાંત સુધા સાગર નામે ગ્રન્થ પ્રગટ કર્યો છે. આ ગ્રન્થ ઘણો વિશિષ્ટ અને મૂલ્યવાન છે. આગળના સંપ્રદાનોમા: નિરાંતની કૃતિઓ પ્રગટ નથી થઇ, તે આ ગ્રન્થમાં પ્રગટ થઈ છે.

આ રીતે નિરાંત મહારાજની અપ્રગટ-અપ્રાપ્ય કૃતિઓને એકત્રિત કરી, પ્રસ્તુત સંગ્રહમાં પ્રગટ કરવામાં આવી છે. આ સંગ્રહમાં નિરાંત મહારાજની કૃતિઓને નીચે પ્રમાણે વિભાજિત કરવામાં આવી છે.

સૌ પ્રથમ સાખીઓ મૂકી છે. તેની સંખ્યા અડસઠ છે. તે પછી પચ્ચીસ છપ્પાઓ છે. જેને પ્રસ્તુત ગ્રન્થમાં સવૈયા નામ આપ્યું છે. આ છપ્પાઓ પછી યોગ-સાંખ્ય ઐકયના બે સલોકાઓ છે. સો સો પંકિતના આ બે સાલોકાઓ નિરાંત મહારાજની દીર્ઘકૃતિ છે. આ ઈલોકા પછી પાંચ કવિત કે જેને હીતશિક્ષા પણ કહી શકાય તે મૂકી છે. તેની સાથે જ બે કુંડળિયા વિષયક કૃતિઓ છે. તે પછી સાતવાર પંદરતિથિઓ અને બારમાસ રચનાઓ છે. આ કૃતિઓ પછી નિરાંત મહારાજે પોતાના સમકાલીન સંતકવિ મંછારામને લખેલો પદ્યપત્રો પ્રગટ કર્યા છે. આ પદ્યપત્ર ના ઉતરમાં તત્કાલીન સમયના સંતકવિ ભકિતદાસે જે પદ રચ્યું તે મૂકયું છે. આ પદ્યપત્રો પછી બીજા બે પદ્યપત્રો પ્રગટ કર્યા છે. એ બે પદ્યપત્રો નિરાંત મહારાજે હરિદાસ અને રવિસાહેબને લખેલી હતા. તે અહીં સૌપૅથમ પ્રગટ થાય છે. આ પદ્યપત્રો પછી નિરાંત મહારાજની વાણીનો વિભાગ શરૂ થાય છે. તેમાં તેમના પદ-ભજન, પ્રભાતિયાં, સવૈયા, ગરબા-ગરબી, ધોળ, પ્રેમલક્ષણાત્મક પદો વગેરેનો સમાવેશ થાય છે. જેની સંખયા બસો ચાલીસ જેટલી છે. તે પછી એક કવિત/હીતશિક્ષા અને બે કુંડળિયા મૂકયા છે. આ બે કુંડળિયા પ્રસ્તુત ગ્રન્થના પાના નં. ૮૧ ઉપર પણ જોવા મળે છે. જેનું અહી પુનરાવર્તન થયું છે. તે પછી છ રેખતા, છ સવૈયા તેમજ દશ પદ છે. જે દશ અવતારોનું ખંડન કરે છે. અંતમાં અઠાવીસ પદ્યકથાઓ પ્રગટ કરી છે.

આ સંપાદનમાં સ્વરૂપ વિષયક વિભાગીયકરણ કરવા માં આવ્યું નથી. નિરાંત મહારાજના છપ્પાઓને અહીં સવૈયા એવું નામ આપ્યું છે. જે સવૈયા છે તેને ઝુલણા નામથી ઓળખવાવ્યા છે. આ સિવાય આ ગ્રન્થમાં પદ - ભજન ને પણ જુદાં પાડવામાં આવ્યા નથી. પરંતુ આ સર્વ કૃતિઓને જ્ઞાનભકિત અને જ્ઞાનોપદેશ તરીકેના પદથી ઓળખવામાં આવી છે. આટલી વિસંગતી હોવા છતાં આ ગ્રન્થનું ઘણું મૂલ્ય છે. કેમકે પૂર્વે જે સંપાદનોમાં કૃતિઓ પ્રગટ નથી થઈ તેનો અહીં સમાવેશ કરી એક સ્તૂત્ય કાર્ય કર્યુ છે. જે એક નોંધપાત્ર ઘટના કહી શકાય.

## ◈ નિરાંત અને તેના સંપ્રદાયનું સાહિત્ય :

૧૯૭૨ માં નિરાંત અને તેમના સંપ્રદાય નું સાહિત્ય એ નામે દેવયાનીબેન દવેએ મુંબઇ યુનિવર્સિટી માંથી પીએચ. ડી. ની પદવી પ્રાપ્ત કરી હતી. પ્રસ્તુત ગ્રન્થમાં નિરાંત મહારાજના સર્જનાત્મક સાહિત્યના તથા તેમના જીવન વિશે પ્રકાશ પાડતો સંશોધિત ગ્રન્થ પણ અપ્રગટ રહયો છે. મુંબઇ યુનિવર્સિટીની ફોર્ટ લાઈબ્રેરીમાં તે જોવા મળે છે.

## ◈ શ્રી નિરાંત કાવ્ય:

નિરાંત મહારાજની વાણીનો આ સંગ્રહ છે. નિર્લોભી સંત ભકતરાજ લક્ષ્મીદાસજી મહારાજ ફાઉન્ડેશનના કર્તા દાલીઆ લક્ષ્મીદાસ મોહનલાલ પટેલ તેમજ ગાંધી મધુસુદનભાઇ રમણલાલ - વાડી - વાઘાડા પોળ - વડોદરા એ સંવત ૨૦૫૮માં આ ગ્રન્થ પ્રગટ કરેલ છે. પ્રત: ૩૦૦૦ અને કિમંત ૧૦ રૂપિયા છે. પ્રસ્તુત ગ્રન્થ ( ઈ. સ. ૧૯૬૯ નટવરલાલ પંડયાએ પ્રકાશિત કરેલ' શ્રી નિરાંતકાવ્ય '( ઈ. સ. ૧૯૬૯ ) ની જ આવૃતિ છે. આ ગ્રન્થ માં અનુક્રમણિકા પણ શ્રી નિરાંત કાવ્ય અનુસાર જ જોવા મળે છે. અહીં જીવન વૃતાંત કે સંપ્રદાય ની સધ્યા આરતી ના ત્રણ પદ મૂકયાં છે. આ ગ્રન્થમાં સગુણભકિત જ્ઞાનોપદેશના ભજનો એકસો પચાસ, પ્રકીણબોધ વિષયના બાવીશપદ મૂકયાં છે. એકંદરે આ ગ્રન્થ નટવરલાલ પંડયા પ્રકાશિત નિરાંત કાવ્ય જેવો છે.

નિરાંત મહારાજે તત્કાલીન સમયમાં પ્રચલિત એવા વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં પોતાની અનુભૂતિને પ્રગટ કરી છે. આ સાહિત્ય સ્વરૂપોમાં સાખી, ધોળ પ્રકારના પદ - ભજન, છપ્પા, કુંડળિયા: પદ્યપત્રો, સાતવાર, તિથિઓ, બારમાસ, કવિતા / હીતશિક્ષા, રેખતા, ઝૂલણા, સવૈયા અને પદ્યકથાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બે દીર્ઘકૃતિઓ માં યોગ - સાંખ્ય ઐકયનો સલોક અને અવતાર મંડદન માં પોતાના નિગુર્ણમાર્ગી ધારાના વિચારોને અભિવ્યકત કર્યા છે.

નિરાંત મહારાજની કૃતિઓમાં પ્રગટ થયેલા વિચારોનું વિહંગાવલોકન કરીએ:

## ◈ સાખી:

સંતવાણી માં સાખી નું ઘણું મહત્વ ગણાયું છે. આ 'સાખી' શબ્દ 'સાક્ષી' કે સાક્ષ્ય ઉપરથી વ્યુત્પન્ન થયો છે. ભજન પરંપરામાં ભજનનો પ્રારંભ તેમણે જ્ઞાન માર્ગનું નિરૂપણ કર્યુ છે. આ સાખીઓમાં નિગુર્ણ પરિબ્રહમ નિરાંતનો મુખ્ય વિષય રહયો છે. તેમાં જ્ઞાનનું મહત્વ, હરિગુરુ સંતનો મહિમા, નામ સ્મરણ, પ્રેમ, શુષ્ક પંડિતાઈનો વિરોધ, ગુરુ ઉપદેશ, ગુરુસ્તુતિ વગેરે બાબતોનું નિરાંત પ્રતિપાદન કર્યુ છે.

## ◈ પદ-ભજન:

ઉતર મધ્યકાલીન જ્ઞાનમાર્ગી પરંપરામાં નિરાંત મહારાજ તેમના પદોથી વિશેષ જાણીતા થયા છે. નિરાંત નિગુર્ણ બ્રહ્મ અભિવ્યકત થયો છે. તેમનાા પદ-ભજનમાં વિવિધતા દ્દષ્ટિગોચર થાય છે. કેઠ્ટલાક પદો ધોળ, કાફી, ગરબા-ગરબી સ્વરૂપને પ્રગટ કરે છે. તો કેટલાક પરંપરાગત ભજનના લય, ઢાળમાં રચાયેલા જોવા મળે છે. ને તેથી પદો ઉતમ ભજનો બનાવા પામ્યા છે. આ પદ-ભજનમાં રાગદેશી, રામગ્રી, પ્રભાતિયાં, હોરી, ધુમાર, મારૂ, મંગળ, સામેરી, કાલેરો, કલ્યાણ એમ વિવિધ રાગ-રાગિણીમાં જોવા મળે છે. આ ભજન અને પદ રચનાઓમાં તેમના પ્રેમલક્ષણાત્મક પદો નો પણ સમાવેશ કહી શકાય. નિરાંત મહારાજેઆ કૃતિઓમાં ગુરુ મહિમા, જ્ઞાનનું મહત્વ, વૈરાગ્ય, નામસ્મરણ, સંતના લક્ષણ, ગુરુ ઉપદેશ, નિગુર્ણબ્રહ્મ, ભકિત, વૈરાગ્ય, પ્રેમલક્ષણાભકિત, મરમીભાવ, મિથ્યાચાર: ચેતવણી, માયાનું વર્ણન, મનુષ્ય અવતારનો મહિમા વગેરે વિશેષોને અભિવ્યકત કર્યા છે.

## ◈ છપ્પા:

નિરાંત મહારાજે અખાના જેવા છપ્પા લખ્યા છે. તેમણે છપ્પાઓમાં ઉપદેશ, નામભકિતનો મહિમા નિર્વાણ, સેવકના લક્ષણ, ગુરુમહિમા અને ભકિતનું સરળ પણ વેધક નિરૂપણ કર્યુ છે. આ છપ્પાઓ દ્વારા તેમને અભિપ્રેત તો જ્ઞાન-ભકિત અને વૈરાગ્યનો પ્રચાર-પ્રસાર-કરવાનો જ રહયો છે.

## ◈ કુંડળિયા:

કુંડળિયા નામનો કામવ્યપ્રકાર સંત સાહિત્યમાં રચાતો રહયો છે. મધ્યકાળના બહુધા કવિઓએ કુંડળિયા રચ્યા છે. નિરાંત મહારાજપાસે થી બે કુંડળિયા પ્રાપ્ત થાય છે. આ કુંડળિયામાં તેમણે સંતનો મહિમા વર્ણવી સંત-મહાપુરૂષનું સ્વરૂપ વર્ણવ્યું છે.

### ◈ સાતવાર:

નિરાંત મહારાજુ સાતવાર કાવ્યપ્રકારની રચના કરી છે. મધ્યકાળના બહુધા સંતકવિઓએ પોતાની અનુભૂતિ અને દર્શનને પ્રગટ કરવા આ પ્રકારના કાવ્યો સજર્યા છે. નિરાંત મહારાજના આ સપ્તવાર રચનામાં રવિ થી શનિવાર સુધી ના સાતવાર માં પરિબ્રહ્મની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુ ની સાધનો માર્ગ પ્રસ્તુત કરે છે. કાવ્યના અંતે રહેણી – કરણી અને નિરંતર નામની મહત્તા દર્શાવી છે. અહી પણ નિર્ગુણ નિરાકાર જ તેમના કવનનો વિષય રહયો છે.

### ◈ બારમાસ:

નિરાંત મહારાજેબારમાસ કાવ્ય પ્રકારના બારમાસની કૃતિ રચી છે. તેમાં બોય માસનું વર્ણન છે. કૃતિઓમાં કુદરતી સૌદર્યની સાથે વિરહ વ્યવથાનો વિરોધાભાસ સર્જી, વિરહવ્યવથાનું રૂઢ શૈલીમાં વર્ણન કર્યુ છે. મધ્યમાલીન બામાસી નો પ્રારંભ બહુધા કારતક થી થાય છે. અહીં નિરાંત મહારાજેબારમાસનો પ્રારંભ અષાઢ માસથી કર્યો છે. અષાઢથી જયેષ્ઠ મહિના સુધીના વિરહ નિરૂપણમાં નિરાંત મહારાજે નિર્ગુણ નાવલિયાનો વિરહ નિરૂપ્યો છે. અંતની ચાર પંકિતઓમાં સદ્‌ગુરુનો મહિમા, મનુષ્ય અવતારનો મહિમાં અને હરિ, ગુરુ, સંત નો ઉપકાર માની કાવ્યની પૂર્ણાહૂતિ કરી છે. આ રીતે નિરાંત મહારાજની બારમાસ કાવ્ય રચના ઉતમ કૃતિ બની છે.

### ◈ તિથિઓ:

નિરાંત મહારાજે તિથિ કાવ્યો પ્રારંભ સદ્‌ગુરુની વંદનાથી કર્યો છે. મંગલાચરણમાં સદ્‌ગુરુના જ્ઞાનનો મહિમા વ્યકત કર્યો છે. તે પછી પડવાથી પૂનમ સુધીનું નિરૂપણ સાદ્યંત વહે છે. મંગલાચરણથી ફળશ્રુતિ સુધીના આલેખન માં સત્તર પંકિતઓનો ઉપયોગ કર્યો છે. આ કાવ્યની મનુષા અવસર છે રૂડો એ ધ્રુવપંકિત ચોટદાર છે. ને એ દ્વારા અનુભૂતિની અભિવ્યકિત બળકટ બની છે. અહીં તેમણે નિગુર્ણ પરિબ્રહ્મને વર્ણવ્યો છે. સાથો સાથ મનની અકળ લીલાનું પણ વર્ણન કાવ્યના અંતે ફળશ્રુતિ છે.

' તિથિ શીખે સાંભળશે ગાશે, કુળ કુટુમ્બ સહિત પાવન થાશે,
નિરાંત મુખ વાણી ભાસે રે, મનુષા અવસર છે રૂડો.'

### ◈ કવિત / હીતશિક્ષા:

તત્‌કાલીન સમયમાં સાક્ષરતાનું પ્રમાણ નહીવંત હતુ. સમાજ બહુધા નિરક્ષર હતો ત્યારે સંતો / ભકતો લોકશિક્ષક બની સમાજને બોધ – ઉપાદેશ વડે માર્ગદર્શન આપતા રહયા છે. નિરાંત મહારાજ કવિત રચ્યા છે. આ કવિત એક છંદનું નામ પણ છે. તેને હિતશિક્ષા પણ કહેવામાં આવે છે. સમાજનું હિત સાધે તેવા મૂલ્યલક્ષી આદર્શ વિચારો તેમાં પ્રસ્તુત કરવામાં આવે છે.

પ્રસ્તુત કવિત / હિતશિક્ષામાં નિરાંત મહારાજેજ્ઞાનનો મહિમા વ્યકત કર્યો છે. સાથો સાથ નામ ભકિતને પણ પ્રગટ કરી છે. તેમની પાસે થી પાંચ કવિત પ્રાપ્ત થાય છે. પ્રથમ કવિતમાં આત્મબોધ વડે ભ્રમ - ભ્રમણા અને ભ્રાન્તિનું નિરસન કર્યુ છે બીજા કવિતમાં નિર્ગુણનું સ્વરૂપ પ્રગટ કર્યુ છે. ત્રીજા કવિતમાં જે કવિઓ શાસ્ત્રો માંથી વિષય વસ્તુ પસંદ કરી કાવ્યો સર્જે છે, તે પાપ કરીને પેટ ભરે છે એમ પ્રતિપાદિત કર્યુ છે. ચતુર્થ કવિતમાં ચેતવણીનો સૂર પ્રગટ કર્યો છે. ને અંતે પાંચમા કવિતમાં સાચો મુસલમાન કોણ ? તે વિષયક પોતાનું દ્દષ્ટિ બિંદુ પ્રગટ કર્યુ છે. તેમાં અરબી - ફારસી શબ્દ પ્રયોગો ધ્યાનાર્હ છે.

## ◈ રેખતા:

ભારતમાં મુસ્લિમો નાં આગમન પછી તેમના કવિઓ દ્વારા આપણે ત્યાં ગઝલ રચાવા લાગી હતી. તેમનું અનુકરણ કરીને આપણા મધ્યકાલીન કવિઓ રેખતા લખે છે. આ રેખતા ગઝલને મળતું આવતું સ્વરૂપ છે. દયારામના રેખતાઓ જાણીતા છે. નિરાંત મહારાજદયારામ ના જ સમકાલીન છે. બંન્નેનું કવન કાળ પણ એક સરખા સમયનો જ રહયો હતો નિરાંત મહારાજેપણ રેખતાઓ લખ્યા છે. તેમની પાસેથી છ રેખતાઓ પ્રાપ્ત થાય છે. આ રેખતાઓમાં તેમનો મિજાજ પ્રગટ થાય છે. જુઓ...

' સુન રે સુન તું ગાફિલ કયું ફીરે,
બાત કહું સોહિ ચિત્ત ધરના.
કાળ અચાનક એક દિન આયેગા,
જાન નાદાન તું જરૂર મરના.'

નિરાંત મહારાજતેમના રેખતાઓમાં નિર્ગુણ નામની જિકર કરે છે. મનુષ્ય દેહ એક અવસર જેવો છે. તેથી પરમતત્વ ની પ્રાપ્તિનું જ લક્ષ્ય હોવું ઘટે આ પ્રકારનું નિરાંત દર્શન અહીં પ્રગટ થાય છે.

## ◈ ઝૂલણા:

મધ્યકલીન ગુજરાતી સાહિત્યમાં સૌ પ્રથમ નરસિંહ મહેતા એ ઝૂલણા સર્જા હતા. નરસિંહના ઝૂલણા સાંપ્રત માં પણ એટલાજ પ્રસ્તુત રહયા છે. નરસિંહના ઝૂલણા ઘણા લોકપ્રિય છે. તે પછી અખો અને અન્ય સંત કવિઓ ઝૂલણા કાવ્ય પ્રકારનું આલેખન કરે છે. નિરાંત મહારાજે પણ પોતાના પૂર્વશૂરિઓ ને અનુસરી ઝૂલણા રચ્યા હતા. તેમની પાસેથી ઝૂલણાની છ રચનાઓ મળે છે. જેમાં ફોગટ ફંદ સંસાર સમજી રહો,' સમજી લે સાર વિચાર' 'ભકત વત્સલ સદા,' 'મનુષ્ય તન ધરી ઉત્તમ એટલું' 'આપ અવળા ફરે બીજાને બોધ કરે,'અને 'ભારે થયા ભણી ભણી, વિદ્યાઓ ભણી ભણી ' નો સમાવેશ થાય છે. પરંતુ 'શ્રી દિવ્યગીરામૃત' પુસ્તકમાં ' ફોગટ ફંદ સંસાર સમજી

રહો' અને 'સમજી લે સાર વિચાર ' એ બે રચનાઓ પરત્વે શંકા ઉદ્ભવી. તે માટે પ્રાચીન કાવ્ય માળાના મણકા દશ નિરાં કૃત કવિતા તપાસી, તો તેમાં આ બન્ને રચનાઓ નિરાંત મહારાજના નામે બોલાય છે. વળી જ્ઞાનોદય પદ સંગ્રહ ને તપાસતાં તેમાં પણ આ રચનાઓ નિરાંત મહારાજના નામે મળે છે. ઉપરાંત ' નિરાંત સુધાસાગર ' માં પણ આ બન્ને કૃતિઓ નિરાંત મહારાજની જ છે.

ઝૂલણા એક છંદનું નામ છે. તેને પ્રભાતિયાં તરીકે પણ ઓળખવામાં આવે છે. નિરાંત મહારાજે પોતાના ઝૂલણામાં નિગુર્ણ નિરાકાર એક પરમેશ્વરનું પ્રતિપાદન કર્યુ છે. નિરાંત મહારાજે નરસિંહની સીધી અસર ઝીલી હોય તેવું સ્પષ્ટ દેખાય છે.

## ◈ સવૈયા:

મધ્યકાળમાં કાવ્યપ્રકાર સવૈયા રચાતો રહયો છે. આ સવૈયો પિંગળનો એક માત્રામેળ છંદ છે. નિરાંત મહારાજેતેમના સર્જનાત્મક સાહિત્યમાં સવૈયા રચના કરી છે. તેમની પાસેથી છ જેટલા સવૈયા પ્રાપ્ત થાય છે. જેમાં – મુલ્લાકાજી દોઉં મિલી બોલો, અસાજા સબ કીન હું કીના, જીતા જી કું પટક પછાડો, કૈસી ફકિરી બંદે તેરી, જોગી હો કર જોગ અસારે અને ગોસાઇ નામ તો સબકી ઉપર નો સમાવેશ થાય છે.

આ રચનાઓ માં મુલ્લા, કાજી કે જેઓ પોતને ધર્મના રક્ષકો કહેવડાવે છે તેમની આલોચના નિરાંત મહારાજેકરી છે. પરમતત્વ વિષયક કેટલાંક પ્રશ્નો પૂછી મુલ્લાઓ અને કાજીઓની કસોટી કરી છે. આ મુલ્લા – કાજી ધર્મમાં સતત વ્યસ્ત રહે છે. મુલ્લા બાંગ પુકારે છે. ને કાજી ન્યાય કરે છે. પરંતુ જીવતા પશુઓની કતલ કરી તેને આરોગે છે. નિરાંત મહારાજકહે છે કે મુલ્લા – કાજી મને એ બતાવો જીવતા પશુઓની કતલ કરવાનું કયા શાસ્ત્રમાં લખ્યું છે? એ જ રીતે ફકીરોની પણ આલોચના કરી છે. બાહય વેશ પરિધાન કરી ફકીરનો સ્વાંગ ધરવાથી કોઇ ફકીર બની જતું નથી તેમ કહયું છે. સાચી સાધનાતો નિજનામને ઓળખવાની જ હોય છે. તે હુ પ્રતિપાદન પણ કરે છે. મુલ્લા, કાજી, ફકીરો ઉપરાંત નિરાંત મહારાજેજોગીઓને પણ ઝપટમાં લીધા છે. નિરાંત લખે છે.

'પવન પકડકર ચઢત ગગન પર, શૂન્યમેં બાસ બસાયા હૈ,
અનહદ ધૂની સૂની શબ્દ કી, મગન ભયા ઘર પાયા હૈ.'

એજ રીતે ગોસાઇ નામ તો સૌથી ઉપર અને શ્રેષ્ઠ છે. પણ કેટલાક તો માત્ર નામ પૂરતા ગોસાઇ ગણાય છે. બાહય ઠાઠમાઠ અને ભભકામાં રાચતા સાધુઓને નિરાંત કહે છે:

'શકિત ઉપર એક સખ્સ રહા હૈ, વાકા મરમ ના પાયા હૈ,
એહી અચંબા મોહે બડા હૈ, બડી ભૂલ હો જાવે રે.'

આ રીતે સવૈયા દ્વારા નિરાંત મહારાજેધર્મના મોટા સ્થાનકોમાં બેસી ગયેલા અન.

પોતાને ધર્મના ભેખધારીઓ કહેવડાવતા લોકોને નિશાન બનાવ્યા છે.

### ◈ પદ્યકથાઓ :

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય માં પદ્યવાર્તાઓ દૂહા, સોરઠા અને ચોપાઈમાં રચાયેલી જોવા મળે છે. ઉપરાંત તત્કાલીન સમયમાં લોક પ્રચલીત રાગ-ઢાળ માં પણ કથા ઓ રચાતી અને તે દેશી રાગમાં ગવાતી રહેતી નિરાંત મહારાજે બોધ અને ઉપદેશ માટે પદ્યકથાઓ ની એક સાંકળ સર્જી છે.તેમની પાસે થી અઠાવીસ પદ્યકથાઓ પ્રાપ્ત થાય છે. આ કથાઓની શૈલી એવી છે કે એક કથાનું વસ્તુ બીજી કથામાં આગળ વધે છે.આમ જો સળંગ રીતે જોઈએ તો પદ્યકથાઓ ને દીર્ઘકૃતિ કહીએતો ખોટું ગણાશે નહી.

આ અઠાવીસ પદ્યકથાના અંકોડા એકબીજી કથા સાથે જોડાયેલા છે.એ પ્રકારની રચના રીતી જોઈ શકાય છે. નિરાંત મહારાજ પોતાના શિષ્યો ને રોજ એક કથા કહેતા હશે, તે નીચેના ઉદાહરણ થી સમજાય છે.કથામાં તેઓ કહે છે

' આજ કથા એટલી રે કહી અમો ઊઠું ,
કાલે આવો કે શું રે , ભણવું નથી જૂઠૂં '

પ્રસ્તુત કથાઓમાં શ્રદ્ધા, ધન વિરાગ, સ્ત્રી વિરાગ, ગુરુશ્રદ્ધા, ગુરુઉપદેશ, વિશ્વાસ, સંતતિ વિરનગ, માયાત્યાગ, ષડ્રિપુ, ચિત્તશુધ્ધિ, એકાગ્રહતા, બ્રહ્મદર્શનનો લાભ, માયારૂપ કથન, પુરૂષ-પ્રકૃતિ, પ્રકૃતિનો પરિવાર, બ્રહ્મદર્શન, સંગત્યાગ, સદ્ગુરુના લક્ષણ અને તે પછીની કથાઓમાં નિર્ગુણ બ્રહ્મ, મનુષ્ય દેહનીઉત્પતિ, સ્થિતિ અને લય, નિગુર્ણબ્રહ્મ મનુષ્યદેહમાં રહયો છે.તેથી તેની શોધ કરવાનદો પ્રસ્તુત કથાઓ માં કર્યો છે.

### ◈ અવતાર ખંડન:

નિરાંત મહારાજ નિર્ગુણ જ્ઞાન માર્ગના ઉપાસક છે.પરમતત્વ સચરાચરમાં વ્યાપ્ત અને વ્યાપક છે.તે અખર, અજિત, અજર, અમર અને જન્મ રહિત છે.એવા પ્રકારના અપૈત ને તેઓ પ્રગટ કરે છે. પ્રસ્તુત કૃતિ તેમની દીર્ઘ કૃતિ છે. તેમાં હિન્દુધર્મના દશ અવતારોનું ખંડન કર્યુ છે. પુરાણોમાં વર્ણિત આ દશઅવતારો જેવા કે-વરાહ અવતાર મત્સ્ય કરછ, મોહિની, નૃસિંહ, બળરામ, કૃષ્ણ, રામ, પરશુરામ અને વામન અવતાર છે.આ અવતારોનિરાંત મહારાજના ખંડન નો વિષય બન્યા છે.દશ અવતારોના ખંડન માટે નિરાંતે દશ પદ રચ્યા છે.પ્રથમ વરાહ અવતાર વિશે કહે છે:

' ભૂંડ પૂજે મુર્ખજન પુરાણનું દઈ પ્રમાણ,
નરક ખાઈ નરકે સૂવે, એ તો છે સહુ જાણ.'

ઈશ્વરના વિરાટરૂપ નું પ્રતિપાદન કરતાં નિરાંત લખે છે.

' માનો ઈશ્વર સર્વમાં, ભૂંડ નહીં પૂજાય,

નિરાંત પૂજો ભૂંડને, તો તો ખંડન થાય.'

મત્સ્ય અવતાર માં નિરાંત મહારાજ જાત-ભાતનું તિરોધાન કરે છે. તેમનો ઈશ્વર નિર્ગુણ છે. અને કોઈ જાત-ભાત ન હોઈ શકે. એ પરમતત્વતો સર્વત્ર વિલસી રહયું છે. ઈશ્વરની જાત તો એક માત્ર સદ્‌ગુરુ જ છે. ને તે જ એનું પ્રગટ સ્વરૂપ છે. નિરાંત લખે છે:

' પણ પૂજાને પાત્ર નહિં, બિના સદગુરુ જાત,

નિરાંત બ્રહ્મ માનો વૃથા, ખોટી જાતને ભાત.'

એ જ રીતે કચ્છાવતાર પદમાં કાચબાની પુરાણ પ્રસિધ્ધ વાત પ્રસ્તુત કરી, નામ સાધના દ્વારા નિર્વાણ પામવાની વાત કરે છે:

' નિરાંત સમજે નામકુ, વો પામે નિર્વાણ,

કાચબાકુ પૂજે નહિં, કરે આત્મ વિખાણા.'

મોહિનીરૂપ અવતાર નું એમ કહીને ખંડન કર્યુ છે કે, આ મોહિની સ્ત્રી છે. પ્રકૃતિ છે. ને તેથી તે માયા છે. આ માયા ને બ્રહમ માની, લોકો ભ્રમિત થઈ ગયા છે. નિરાંત લખે છે:

' નિરાંત ભામા જાણવા, નારી રૂપે ભ્રમ,

કદિ એહ નવ છૂટશો, પ્રકૃતિ કો છો બ્રહ્મ.'

એજ રીતે નૃસિંહ અવતાર માં નિરાંત કહે છે કે પ્રહલાદ જ બ્રહ્મરૂપ છે. નેને કોઈ ગણતું નથી. ને જેના રૂપની કોઈ ચોકકસ સ્થિતિ નથી તેવા ચિત્રને લોકો પૂજે છે. કેમ કે લોકો જ્ઞાન જાણતા નથી. નિરાંત લખે છે:

' જાણે નહીં તે જૂવે, ચિત્ર કેરાં રૂપ,

માને તે મનથી વૃથા, નૃસિંહ મોટો ભૂપ.'

નિરાંત મહારાજ નૃસિંહપદમાં પ્રતિપાદત કરે છે કે, નામ સમજયા વિના લોકો ભીંત ભૂલે છે.

એજ રીતે બળરામ અવતારી બળરામનું ખંડન કર્યુ છે. નિરાંત કહે છે કે, આ બળરામ ગર્ભ માંથી જ ભાગતા રહયા છે. તો એ કયાંથી ઈશ્વર હોય? વળી, બળરામ કામી અને ક્રોધી છે. તે વિશાખા સાથે રંગમાં રંગાયો હતદો. હળ તેનું હથિયાર છે. ને તેથી હળ દ્વારા તે પ્રજાનો સંહાર કરતો હતો. તેને મદિરા વિના પણ ચાલતું નથી. બ્રહ્મ હોય તો તેને બંધન શા ? આ રળરામ મુનિ ઉપર પણ ક્રોધ કરે છે. અનેક બ્રાહ્મણોને મારી નાખ્યા છે. બ્રહ્મ હોય તો આવાં કર્મ કયારેય ન કરે. નિરાંત લખે છે:

'અવતાર બ્રહ્મની બલા ઉતારો, મળશે આત્મારામ,

શુધ્ધ મને તો જુઓ નિહાળી, આપો આપ થાય કામ.'

એજ રીતે કૃષ્ણ અવતાર નું ખંડન કરતાં લખે છે.

' ગોપીસંગ ખેલખેલે, બડા વો અદ્‌ભૂત,

પરબ્રહ્મને કૈસા મચાયા વિષયવાસના તૂત.'

નિરાંત નિર્ગુણ માર્ગી હોવાથી ઈશ્વરના કોઈ તથા કથિત અવતારને સ્વીકારતા નથી તેમનો બ્રહ્મ નિરંજન સર્વત્ર વિલસેછે. સર્વમાં તેની જ હાજરી છે. નિરાંત લખે છે:

'પૂજો કે કોઈ કરો માનતા, નિરાંતકો નહિં તાપ,

નિરાંત ને નિરંજન પાયા, ફિટયા દોરડી સાપ.'

રામઅવતારનું ખંડન કરતાં કહે છે કે પત્નિનું અપહરણ કરી ગયેલ રાવણને મારવા. રામે વાનરોની મદદ લીધી . આ બ્રહ્મરૂપ કહેવાતા ભગવાન રાવણની પાસે એકલા ન જઈ શકયા. યુધ્ધમાં જે વાનરોના મૃત્યુ થયા તે બધા જજીવતા થયા, પણ રાવણ જીવતો ન થયો. આ બ્રહ્મ લડાઈ-ઝઘડા કરી ઘરે આવે છે. પછી ગર્ભવતી પત્નિને જંગલમાં કાઢી મૂકે છે. નિરાંત પ્રશ્ન કરે છે કે પરિબ્રહ્મના આ લક્ષણો હોય શકે ?! વળી, જયારે સીતાનું રાવણ હરણ કરી ગયો ત્યારે આ રામ રોતા હતા. નિરાંત મહારાજ લખે છે:

'નારી માટે જેહ રડે તે મુકિત કયાંથી આપે ?

સમજો તો તો કોઈના જાશો, મપાશો નહિં માપો.'

નિરાંત મહારાજ કહે છે કે લોકો પરશુરામને ઈશ્વરનો અવતાર માની પૂજા કરી રહયા છે. લોકોએ જાણતા નથી કે તે હત્યારો છે. હત્યારાથી જ્ઞાની અળગા જ રહે છે. આ પરશુરામે ક્ષત્રિયોને મારેલા. તમે લોકો આ પ્રશ્નનો જવાબ મુનિ પાસે માગો. આવા કહેવાતા અવતારોની પૂજા કરવાથી પૂણ્ય ન થાય. કે કલ્યાણ પણ ન થાય બલ્કે પાપ જ લાગે. નિરાંત મહારાજ લખે છે:

' આત્મારામ કો આપ પિછાણો, ટપી જાય સહુ બાધ,

સદ્‌ગુરુ કો જાઈ મીલોતો, તારી દેશે સાધ.'

એજ રીતે વામન અવતારનું ખંડન કરતા કહે છે કે, વામનજી નો જન્મ જ જાણે કે કપટ કરવા માટે થયોછે. જે માણસે સર્વસ્વનું દાન આપ્યું, તેને જ વળી બંદીવાન બનાવ્યો બ્રહ્મના લક્ષણ આ પ્રકારના ન હોય નિરાંત લખેછે:

'બળિરાયે માગ્યું આપ્યું, તેને પાછો બાંધ્યો,

પરબ્રહ્મ માના કે નહીં, અમને નથી વાંધો રે,'

અને-

'કૂડે કર્મે એ નવ ભેટે ,તે કરે કૂડાં આત્મારામ,

અમને તો એ રુચે નહીં ,કેવા આતમારામ.,'

નિરાંત મહારાજે આ રીતે ઈશ્વરના કહેવાતા અવતારોનું ખંડન કરી , નિર્ગુણ, નિરાકાર નિરંજન બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે.

## ◈ યોગ-સાંખ્ય ઐકયનો સલોકો:

નિરાંત મહારાજે યોગ અને સાંખ્ય વિષયક કૃતિ રચી, તત્વદર્શન પ્રસ્તુત ક્યું છે. તેમની આ દીર્ઘકૃતિ બે વિભાગ માં પ્રાપ્ત થાય છે. પ્રથમ વિભાગમાં સો શ્લોકો અને બીજામાં પણ સો શ્લોકો થયા છે. બસો શ્લોકો માં નિરાંતે આ કૃતિ રચી છે. શ્લોકનું જઅપભ્રંશ સલોકા છે. આ સલોકા દેશીરાગ માં લખાયેલા છે.

યોગ-સાંખ્ય ના સલોકા માં યોગ વિશેના વર્ણનમાં યમ, નિયમ, નિયમના ભેદ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ વગેરેની ચર્ચા કરે છે. અહી પણ નિરાંત મહારાજે યોગ વિશેનીવિસ્તૃત ચર્ચા કરે છે. તેના બધા નિયમો પણ વ્યકત કરે છે. સમાધિ દશાનું પણ વર્ણન છે. ત્યાં પોતે એકલો જ છે. બીજુ દર્શન તો ભ્રાન્તિ છે કેમકે નિ્ગુર્ણ નિરાકાર સચરાચરમાં રહેલો છે. તે ભિન્ન નથી નિરાંત લખેછે:

'મન જેમાં માણે, તે તો તું જાણે ,

નથી યોગની માંય ,નથી સાંખ્યની માંય.'

- નિરાંત

સાંખ્યની બાબતમાં જડ તથા ચૈતન્યનું સ્વરૂપ વર્ણવે છે. પુરુષ-પ્રકૃતિના યોગથી, જગત ઉત્પન્ન થયું છે. તેનાથી મહતત્ત્વ, મહતત્ત્વથી અહંકાર. આ અહંકારથી ત્રણ ગુણ થાય છે - સત્વ, રજસ્ અને તમસ્. તમસ અથવા તામસ અહંકારથી પંચતત્ત્વ પ્રગટ્યાં. રાજસ્ અહંકારથી ઈન્દ્રિયોની રચના થઈ. સાત્ત્વિક અહંકારથી મન, બુદ્ધિનું સર્જન થયું. આ સર્વની મદદથી શરીર બન્યું છે. એમ નિરાંત મહારાજ પ્રતિપાદિત કરે છે. તે પછી નિરાંત મહારાજ તેનું પંચીકરણ કરી સમજાવે છે. પાંચતત્ત્વની પચ્ચીસ પ્રકૃત્તિ અને ત્રણ ગુણ. પાંચ તત્ત્વના વિવિધ કાર્યો, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય તથા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. આ સર્વ તત્ત્વો છે. એ પ્રકારનું નિરૂપણ અહીં થયું છે. નિરાંત પ્રતિપાદિત કરે છે કે, આ સર્વને જાણીને, તેનું જ્ઞાન પ્રાપ્ત કરીને; કોઈ એમ કહે કે, હું યોગવિદ્યામાં પારંગત છું, ને સાંખ્યને પણ જાણું છું. તો-

‘છું સાંખ્ય વાળો, જાણો લાળો,
છું યોગ વાળો, તેને તો જાળો ;
નિરાંત ન કે’વું, ‘નામ’જ લેવું,
નિરાંતે રે’વું, નિરાંતને સે’વું.’

– નિરાંત.

નિરાંત મહારાજ કહે છે કે, અભિમાન રહિત થઈ, જ્ઞાનને જાણવાથી મુક્તિ મળે છે. તેમાં કોઇ ખર્ચ કે કોઇ મહેનત કરવાની જરૂર રહેતી નથી.

‘સમજો તમે સીધો, મારગ કીધો,
નિરાંતે દીધો, સૂક્ષ્મ ચીંધ્યો,
નિરાંત નામે, પોં’ચો ધામે,
વિણભઈ દામે, નિરાંત નામે.’

– નિરાંત.

નિરાંત મહારાજે પોતાના કવનકાળ દરમિયાન વિવિધ કાવ્ય કૃત્તિઓનું સર્જન કર્યું છે. તેમની કૃત્તિઓ પ્રાસંગિક તેમજ પરિસ્થિતિ જન્ય લાગે છે. ઉત્તરમધ્યકાળની પ્રજાને પોતાના જીવન અને કવન વડે માર્ગદર્શન આપ્યું હતું. તેમનું આ વિપૂલ સાહિત્યસર્જન સંપ્રદાયની દૃષ્ટિએ અને કાવ્યસર્જનની દૃષ્ટિએ પણ નોંધપાત્ર રહ્યું છે.

# : સંદર્ભસૂચિ :


| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/ પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | 'ગુજરાત' દીપોત્સવી અંક સંતોની શબ્દ સાધના | ડૉ. નાથાલાલ ગોહિલ | ૮૫ |
| ૨ | મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય | ડૉ. બહેચરભાઈ પટેલ અશેષ પ્રકાશન | ૨૭૪ |
| ૩ | ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન) | શ્રી અનંતરાય રાવળ ગૂર્જર પ્રકાશન | ૨૦ |
| ૪ | નિરાંત સુધા સાગર | સંપા: બાબુરામ નરભેરામજી નિરાંત આશ્રમ-માલોસણા તા. વડગામ, જિ. બનાસકાંઠા | ૪૩ |
| ૫ | ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન) | શ્રી અનંતરાય રાવળ ગૂર્જર પ્રકાશન | ૧૮૨ |
| ૬ | મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય | ડૉ. બહેચરભાઈ પટેલ અશેષ પ્રકાશન | ૩૨૧ |
| ૭ | ગુજરાતના આધુનિક સંતો. | શ્રી કેશવલાલ અ. ઠક્કર | ૭૫ |
| ૮ | પ્રાચીન કાવ્યમાળા ગ્રન્થ-૧૦ 'નિરાંત કૃત કવિતા' | સંપા. હરગોવિંદદાસ કાંટાવાળા તથા નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી | ૦૧ |
| ૯ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૨૦ |
| ૧૦ | એજન | સંપા: બાબુરામ નરભેરામજી પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૯૩ |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧૧ | એજન | સંપા : બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૯૩ |
| ૧૨ | અર્વાચિન ગુજરાતનું રેખાદર્શન<br>ખંડ-૧ | લે:હીરાલાલ ત્રિ. પરિખ<br>ગુજરાત વર્નાકયુલર<br>સોસાયટી,૧૯૩૫-૩૬ | ૧૨૫ |
| ૧૩ | એજન | લે: હીરાલાલ ત્રિ. પરિખ<br>ગુજરાત વર્નાકયુલર<br>સોસાયટી,૧૯૩૫-૩૬ | ૧૨૫ |
| ૧૪ | એજન | લે: હીરાલાલ ત્રિ. પરિખ<br>ગુજરાત વર્નાકયુલર<br>સોસાયટી,૧૯૩૫-૩૬ | ૧૨૫ |
| ૧૫ | નિરાંત કાવ્ય | સંપા: નટવરલાલ પંડયા-વડોદરા | ૧૫ |
| ૧૬ | શ્રી બાપુ કાવ્ય | સંપા: લીલાબેન ભવનાસિંહ રાઠવા<br>પ્રકાશક:નરભેરામજી મહારાજ<br>નિરાંત આશ્રમ-માલોસણા | ૧૪ |
| ૧૭ | નિરાંત કાવ્ય | સંપા: નટવરલાલ પંડયા-વડોદરા | ૧૫ |
| ૧૮ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૪૪ |
| ૧૯ | ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન) | શ્રી અનંતરાય રાવળ<br>ગૂર્જર પ્રકાશન | ૧૮૨ |
| ૨૦ | શ્રી દિવ્ય ગીરામૃત | લે: દેવશંકર શર્મા<br>સંપા: મણીબા,ગુરુ દેવશંકર શર્મા<br>આનંદ આશ્રમ-શુકલતીર્થ | ૨૦ |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૨૧ | શ્રી બાપુ કાવ્ય | સંપા: લીલાબેન ભવનાસિંહ રાઠવા<br>પ્રકાશક:નરભેરામજી મહારાજ<br>નિરાંત આશ્રમ-માલોસણા | ૧૪ |
| ૨૨ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૪૫ |
| ૨૩ | નિરાંત કાવ્ય | સંપા: નટવરલાલ પંડયા-વડોદરા | ૨૦ |
| ૨૪ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૧૯ |
| ૨૫ | શ્રીમહ્દ પુરાતન યોગ<br>ભાગ-૧ | લે: મુબારક મહારાજ<br>પ્રકાશક: સીતારામભાઈ પટેલ | ૨૧૦ |
| ૨૬ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૨૦ |
| ૨૭ | એજન | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૪૯ |
| ૨૮ | નિરાંત કાવ્ય | સંપા: નટવરલાલ પંડયા-વડોદરા | ૧૯ |
| ૨૯ | એજન | સંપા: નટવરલાલ પંડયા-વડોદરા | ૧૯ |
| ૩૦ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૯૭ |
| ૩૧ | નિરાંત કૃત કવિતા | સંપા. હરગોવિંદદાસ કાંટાવાળા<br>તથા નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી | ૧૧૮ |
| ૩૨ | જ્ઞાનોદય પદસંગ્રહ | સંપા: નગીનદાસ બ્રહ્મચારી | ૧૧૮ |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૩૩ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૨૦૦ |
| ૩૪ | એજન | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૧૮૦ |
| ૩૫ | એજન | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૧૦૬ |
| ૩૬ | એજન | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૨૫૯ |
| ૩૭ | જીવન મુક્ત પ્રકાશ | સંપા: 'નિરાંત સંપ્રદાય' -પડધરી<br>જિ. -રાજકોટ.<br>C/o. વાલજીરામ ઉગારામ ડાંગર | ૪૩ |
| ૩૮ | એજન | સંપા: 'નિરાંત સંપ્રદાય' -પડધરી<br>જિ. -રાજકોટ.<br>C/o. વાલજીરામ ઉગારામ ડાંગર | ૧૧૦ |
| ૩૯ | એજન | સંપા: 'નિરાંત સંપ્રદાય' -પડધરી<br>જિ. -રાજકોટ.<br>C/o. વાલજીરામ ઉગારામ ડાંગર | ૭૬ |
| ૪૦ | હિન્દી સાહિત્ય કા ઈતિહાસ | લે: વિજયેન્દ્ર સ્નાતક<br>સાહિત્ય અકાદમી | ૪૧ |
| ૪૧ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૧૧૦ |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૪૨ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૧૫૦ |
| ૪૩ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૧૮૯ |
| ૪૪ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૧૦૪ |
| ૪૫ | શ્રી બાપુ કાવ્ય | સંપા: લીલાબેન ભવનાસિંહ રાઠવા<br>પ્રકાશક:નરભેરામજી મહારાજ<br>નિરાંત આશ્રમ-માલોસણા | ૮૮ |
| ૪૬ | ગુજરાતના આધુનિક સંતો | | ૧૫૫ |
| ૪૭ | શ્રી પુરૂષોત્તમ મણિપ્રકાશ | લે:મણિરામ મહારાજ<br>મકતમ-નવીવસાહત<br>ભરૂચ-ભક્તમંડળ | ૧૬૯ |
| ૪૮ | નિરાંત કાવ્ય | સંપા: નટવરલાલ પંડયા-વડોદરા | ૨૦ |
| ૪૯ | નિરાંત કૃત કવિતા | સંપા. હરગોવિંદદાસ કાંટાવાળા<br>તથા નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી | ૧૮ |
| ૫૦ | એજન | સંપા. હરગોવિંદદાસ કાંટાવાળા<br>તથા નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી | ૧૮ |
| ૫૧ | એજન | સંપા. હરગોવિંદદાસ કાંટાવાળા<br>તથા નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી | ૧૮ |
| ૫૨ | એજન | સંપા. હરગોવિંદદાસ કાંટાવાળા<br>તથા નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી | ૧૯ |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૫૩ | શ્રી દિવ્ય ગીરામૃત | લે: દેવશંકર શર્મા<br>સંપા: મણીબા, ગુરુ દેવશંકર શર્મા<br>આનંદ આશ્રમ-શુકલતીર્થ | ૨૩ |
| ૫૪ | નિરાંત કાવ્ય | સંપા: નટવરલાલ પંડયા-વડોદરા | ૧૭ |
| ૫૫ | એજન | સંપા: નટવરલાલ પંડયા-વડોદરા | ૧૮ |
| ૫૬ | એજન | સંપા: નટવરલાલ પંડયા-વડોદરા | ૧૮ |
| ૫૭ | નિરાંત કૃત કવિતા | સંપા. હરગોવિંદદાસ કાંટાવાળા<br>તથા નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી | ૦૫ |
| ૫૮ | નિરાંત સુધાસાગર | સંપા: બાબુરામ નરભેરામજી<br>પ્રકાશક: નિરાંત આશ્રમ-માલોસણા<br>તા. વડગામ, જિ.બનાસકાંઠા | ૦૪ |
| ૫૯ | નિરાંત કૃત કવિતા | સંપા. હરગોવિંદદાસ કાંટાવાળા<br>તથા નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી | ૦૧ |
| ૬૦ | એજન | સંપા. હરગોવિંદદાસ કાંટાવાળા<br>તથા નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી | ૦૨ |

## પ્રકરણ-૩

# નિરાંત મહારાજની કાવ્યસંપદા

### ◈ *પ્રસ્તાવના :*

નિરાંત મહારાજના સમયનો , એ સમયના પરિબળોનો ; તેમજ તેમના જીવન અને કવનનો પરિચય આપણે પ્રાપ્ત કર્યો. નિરાંત મહારાજ નિર્ગુણ જ્ઞાન માર્ગી સંત કી૦ છે. અખા પછીની મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતાના તેઓ અંતિકમ સંતકવિ છે. તેમની કાવ્ય સ:પદામાં જ્ઞાન, ભીકત, વૈરાગ્ય અને ઉપદેશ કેન્દ્ર સ્થાને છે. તેમનામાં આધુનિક કવિઓ જેવી સાહિત્યિક સભાનતા ભલે ન હોય, પણ તેમનામાં રહેલી નિર્ગુણજ્ઞાન સભાનતા ધ્યાનાકર્ષિત છે. નિરાંત મહારાજ શબ્દ બ્રહ્મના સાધક કવિ હતા. તેમના સર્જનમાં શબ્દની અનાયસ અભિવ્યકિત દ્દષ્ટિગોચર થાય છે. આ અનાયાસ અભિવ્યકિત જ સંત સાહિત્યના મૂલ્યાંકનનો વિષય બની જતો જોવા મળે છે. આપણા ભારતીય સાહિત્યમાં કવિને ક્રાન્તદ્દષ્ટા કહયો છે. આપણા સંત કવિઓ સૃષ્ટિના રહસ્યને ઉદ્દઘાટિત કરતા રહયાનું જણાય છે. અગમ અગોચરતત્વને પોતાની વાણીમાં અભિવ્યકત કરતા રહયા છે. આ પ્રકારના કવિઓ વિશે વડ્ઝ઼વર્થ લખે છે.

‘ Blessings be whith them,and eternelpraise who gave us Nobleures Loves,and Nobler the poets,who on earth have Made us heirs,of truth and puredilight by heaventy days ‘[1]

કવિના અંત:કરણ માંથી શબ્દો નિષ્પન્ન થતા હોય છે. આવા શબ્દો સહૃદયના અંત: કરણમાં પ્રવેશ કરે છે. ને આહ્‌લાદનો અનુભવ લૂંટે છે.

Bailey યોગ્ય જ કહે છે :

‘Poetry is it selt a thing of god he made his prophets poets,and the more,we feel of poesy do we be come,Like god in Love and power. [2]

નિરાંત મહારાજે તત્‌માલીન સમયની ગામઠી ધૂળિયા નિશાળમાં લખતા-વાંચવા પૂરતું શિક્ષણ પ્રાપ્ત કર્યુ હતું. તેમ છતાં રહસ્યતત્વ દર્શનને પોતાની વાણીમાં પ્રગટ કરી શકયા છે. જે સાનંદાશ્ચર્ય છે. વળી, તત્‌કાલીન સમયના મહાપુરૂષોને પોતાના જ્ઞાન વડે આકર્ષિત કરી શકયા, તે નાની ધટના લેખાવી ન જોઇએ. પરિનિર્વાણ પછી, તેમના નામે પંથ સંપ્રદાય પ્રવર્તમાન બને, એજ તેમના પ્રભાવશાળી વ્યકિતત્વની નિશાની છે.

મધ્યકાલીન નિર્ગુણ સંત-ભકત કવિઓ પોતાની અનુભૂતિને સાહિત્યના વિવિધ

સ્વરૂપોમાં અભિવ્યકત કરતા રહયા છે. આ સંત – ભકત કવિઓ એ પોતાની વાણીને પદ – ભજનમાં પ્રગટ કરી છે. વિદ્વનોનું પ્રતિપાદન છે કે, ગરબો ગરબી, કાફી, ધોળ, વગેરે સ્વરૂપો પદ પ્રકાર માં જ આવે. મધ્યકાલીન સંત – ભકત કવિઓ એ આમ વિવિધ રીતે પોતાની અનૂભતિને પ્રસ્તુત કરી છે.

સંતવાણીમાં પદ – ભજન એક મહત્વનું વિશિષ્ટ કાવ્ય સ્વરૂપ છે. સંતવાણીનું વહન બહુધા પદ – ભજન દ્વારા થયું છે. આ પદ – ભજનની વાણી રહસ્યાત્મક હોવા છતાં, લોક ભોગ્ય રહી છે. આધ્યાત્મિક સાહિત્ય મૂલત: સસ્કૃત અને વિદ્વતભોગ્ય ભાષામાં રચાયું છે. પરંતુ મધ્યકાલીન સમયમાં સંતોની વાણી લોકભોગ્ય રહી. તેથી સામાન્ય માણસ પણ તેને સહજ રીતે જાણી શકે. આજે આપણાને સંત સાહિત્યમાં જે પદ – ભજન સ્વરૂપ પ્રાપ્ત થાય છે, તે સમયના પ્રવાહની જ નિપજ છે. આ પદ – ભજન પરત્વે આપણે ત્યાં સૌપ્રથમ ઝવેરચંદ મેધાણી એ સંશોધન કાર્ય કરી, સંતવાણી વિષયક સંશોધન ના દ્રાર ખોલી આપ્યા. જે નાની સૂની ઘટના ન કહેવાય. તે પછી જયમલભાઈ પરમાર અને અન્ય સંશોધકોએ આ વિષયક પરત્વે ઘણું કાર્ય કર્યુ છે. વર્તમાનમાં મસ્તમૌલા, મકરંદ દવે, ડો. હસુયાજ્ઞિક, ડો. રાજેન્દ્રસિંહ રાયજાદા, ડો. નાથાલાલ ગોહિલ, ડો. નિરંજન રાજયગુરુ, ડો. બળવંત જાની, ડો. નરોતમ પલાણ વગેરે સંશોધકો આ વિષયઅંતર્ગત ઘણુ કાર્ય કરી રહયો છે.

આપણે ત્યાં પદ – ભજન વિશે જે વિદ્વાનોએ કામ કર્યુ છે. તે બહુધા સંતવાણીના ભાવપક્ષને ગૌણસ્થાન મળ્યું હોય, તેવું પ્રતિત થાય છે. કોઈ પણ સર્જક પોતાની કૃતિ પ્રગટ કરે છે. તે કૃતિ કાળના પ્રવાહમાં વહી, સાંપ્રતમાં જો પ્રસ્તુત રહી હોય, તો એ તેની સાધનાત્મક શકિતથી નહીં, પરંતુ સક્ષમ અભિવ્યકિતના બળે જ ટકી રહી છે. કૃતિના સર્જકની સાધના ધારા અને તેની અનુભૂતિ – દર્શન વિષયક ચર્ચા થાય, તે આવકાર્ય છે. બલ્કે જરૂર પણ છે. પરંતુ તેના કલાપક્ષની અવગણના કરી શકાય નહીં. એ પણ એટલી જ પ્રસ્તુત હોવી ઘટે. એક હજાર વર્ષ પુર્વે પ્રગટેલી ગોરખવાણી જો સાંપ્રતમાં પ્રસ્તુત રહી હોય, ટકી શકી હોય તો એ તેની અભિવ્યકિતની કલાને કારણે જ. પદ – ભજનની ચિરંજીવિતા તેના કર્તાની કલાત્મક અભિવ્યકિત ને કારણે હોય છે. એવું મને લાગે છે. અધ્યાત્મકનું ક્ષેત્ર પવિત્ર ગણાયું છે. ને તેથી ભજનના વિવેચન અને નિરીક્ષણમાં પવિત્રતાનો પાસ લાગેલો અનુભવાય છે. 'ભજન' શબ્દ શ્રવણે પડતાં જ વ્કિતની આસપાસ જાણે કે પવિત્રતાનું તે જ પૂંજ રચાય છે. નેએટલે જ કદાચ આપણે ત્યાં ' પદ – ભજન' કાવ્યસ્વરૂપને કાવ્યકળાની કસોટીની એરણ ઉપર ચઢાવ્યું નથી. ભજન રચયિતાઓને આપણે ' સંત ' કે ' ભકત' કહયા છે. આ ' સંત ' કે 'ભકત' શબ્દ સંજ્ઞાવિશેષણ છે. આસંત કવિઓ દાર્શનિક વિચારક હતા. તેથી તેમને મળેલી એ સંજ્ઞા છે. તેઓ ઉર્ધ્વગામી હતા. તેથી વિશેષ અર્થમાં મહાપુરૂષ કે 'મહાત્મા' પણ કહેવાયા છે. આ સંત – ધકત કે મહાપુરૂષોએ તત્કાલીન સમયમાં જરૂરી એવા લોકધર્મનું – માનવધર્મનું સ્થાપન કર્યુ. આ

લોકધર્મ જે તે સંત - ભકત કવિઓની પ્રતિભા ના દ્યોતક બની રહયા. જેમ કે 'નાથપંથ', 'કબીરપંથ', 'નાનકપંથ', 'મહાપંથ', 'કેવળજ્ઞાનપંથ', 'રવિભાણસંપ્રદાય' 'સ્વામીનારાયણ સંપ્રદાય' 'નિરાંત સંપ્રદાય' વગેરે સંપ્રદાયોનો પ્રદુર્ભવ થયો.

નિરાંત સંપ્રદાય વર્તમાન સમયમાં નિરાંતના જ્ઞાન નો પ્રચાર - પ્રસાર કરી રહયો છે. જેમ ઉતરભારતમાં કબીરની વિચાર ધારા પ્રગટી હતી. એ જ રીતે ગુજરાતમાં પણ કબીર સાહેબની વિચારધારાનો પ્રદુર્ભવ થયો છે. મધ્યકાળમાં પ્રગટેલી આ જ્ઞાનધારા ઉતર મધ્યકાળમાં નિરાંત મહારાજ કરેલ છે. પરિણામ 'નિરાંત સંપ્રદાય' નો ઉદ્ભવ થયો છે.

મધ્યકાલીન સમયની સ્થિતિગતિનું ચિત્ર અલગ પ્રકરણમાં રજુ કર્યુ છે. એ રીતે અહીં તેનું પુનરાવર્તન ન કરતાં એટલું જ કહી શકાય કે, તત્કાલીન સમયની પ્રજા ધર્મની ભ્રમજાળમાં સપડાયેઈી હતી. ત્યારે આ લોકસંતો પ્રજાના રાહબર બન્યા. શુધ્ધ, સાત્વિક અને પવિત્ર જીવનનો મહિમા ગાયો. આ સંત કવિઓએ જીવન અને કવન વડે સમાજમાં પોતાની એક આગવી ઓળખ ઉભી કરી. ને સાચા અર્થમાં તેઓ 'જાગ્રત પ્રહરી' બની રહયા. આ લોકસંતો એ તત્કાલીન સમયના સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં જ્ઞાન, તત્વજ્ઞાન, વૈરાગ્ય, પરમતત્વનું સ્વરૂપ, સંસારનું મિથ્યાતત્વ, ગુરુમહિમા, વસતીચેતવી, માનવઅવતાર મહિમા વગેરે વિષયક આલેખન પણ કર્યુ. ગુજરાતી સાહિત્ય સૂચિ મધ્યકાળ -સંપાદક, પ્રકાશક વેગડ એ સૂચિગ્રંથ જોતા આપણને ખ્યાલ આવે છે કે, આપણે ત્યાં કેટકેટલા લોકસંતો થઈ ગયા ! તેમાંથી કેટલા સોકસંતની કવિતા ચિરંજીવ બની. કેટલા સંતકવિઓના પદો દીર્ધકાલીનતાને પામ્યાં ? કેટલાકનું નામ તોલોકહૃદયમાં કોતરાયું ? કેટલા સંતકવિઓ એ પોતાના પ્રતિ વિદ્વાનોને આકર્ષિત કર્યા ? વિવિધ સંપ્રદાયની સાધના ધારામાં રહેલા સંતકવિઓની અનુભૂતિ અને દર્શન પરત્વે ભેદ હશે ? એમ પણ કહી શકાય કે તેમની સાધના અનુષંગે અલ્પ પ્રમાણ માં અનુભૂતિની ભિન્નતા હોઈ શકે. પણ સંત સાહિત્યમાં બહુધા અભિવ્યકિતના વિષયો સમાન રહયા જણાય છે. સંત સાહિત્યના કેટલાંક પદ કે ભજન કંઠોપકંઠ હોવાથી તેમજ અલિખિત હોવાથી સમયના પ્રવાહમાં લુપ્ત થયાં નથી. તે તેના કયા બળના કારણે ? બધા સંતોની સાધના પધ્ધતિ કે સાધક તરીકેની ઉંચાઈ કોઈ ચોકકસ ભૂમિકા એ હોય એ અલગ બાબત છે. ને તેમની ભજન રચના લોકપ્રિય બને તે અલગ બાબત છે. આ બંન્ને બાબતો ને ભેગી કરીને જોવી ન જોઈએ. જયારે એક સાહિત્યક પદાર્થ તરીકે આપણે 'ભજન' ની ચર્ચા કરતો હોઈએ, ત્યારે ભજનની ચિરંજીવિતા સંત કવિઓ એ વ્યકત કરેલા દર્શનમાં કે તેમની સાધનામાં પડેલી નથી. તે સમજવું જોઈએ. ભજનની ચિરંજીવિતા તો સમયના પ્રવાહમાં વિલુપ્ત ન થઈ શકે, તેવી અભિવ્યકિતમાં પડેલી છે. આજે પણ કેટલીક ભજન રચનાઓ તરત જ હોઠે ચઢે છે, તેનું કારણ એ રચનાના રચયિતાની સાધક કે સંત તરીકેની ભૂમિકાને કારણે નહીં, પરંતુ

ભજનની શબ્દ ઈમારત ના સૌંદર્યને કારણે એ રચના ચિરંજીવ બની છે.

પ્રસ્તુત વિવરણમાં નિરાંત મહારાજની કાવ્યસંપદા કેવી છે. તેની અભિવ્યકિતની કળા કેવી છે. તે વિશે ચર્ચા કરીશું નિરાંત મહારાજે વિપૂલપ્રમાણ સાહિત્ય સર્જ્યું છે. તેમાં પદ, ભજન, સલોકા, છપ્પા, સાતવાર, તિથિઓ, બારમાસ, પદ્યપત્રો એમ વિવિધ સ્વરૂપોનું આલેખન કર્યુ છે. આ વિવિધ સ્વરૂપો માં રહેલું કાવ્યસૌદર્ય જ નિરાંત મહારાજના કાવ્યોની પ્રસ્તુતતા સિદ્ધ કરે છે.

## નિરાંત મહારાજના કાવ્યોનું સ્વરૂપગત વિભાજન

નિરાંત મહારાજ ઉતર મધ્યકાલીન જ્ઞાનમાર્ગ કવિ છે. તેમના કાવ્યોનું અવલોકન કરતાં જણાય છે કે, તેઓ નરસિંહ, મીરાં, અખો અને રવિભાણ સંપ્રદાયના સંતકવિઓની હરોળમાં બેસી શકે તેવા મર્મી સંતકવિ છે. તેમના સાહિત્ય સર્મનમાંજ્ઞાન ભકિત:સાંખ્ય, યોગ, પ્રેમલક્ષણા, ગુરુભકિત, વૈરાગ્યઅને ઉપદેશાત્મક કાવ્યોનો સમાવેશ થાય છે. નિરાંત મહારાજ ઉપર કબીર, નરસિંહ અને અખાનો પ્રભાવ સ્પષ્ટ વર્તાય છે. તેમણે પોતાના કાવ્યોમાં રૂઢિ, માન્યતાઓ, વહેમો, ઉચ-નીચ ના ભેદ બાહયાચાર, દંભ, આડમ્બર અને કર્મકાંડ ઉપર પ્રહારો કરેલા છે. તેઓએ માનવ અવતારનો ખૂબજ મહિમા કર્યો છે. માનવ દેહને તેઓ એક અવતાર રૂપે જુએ છે. તેમના કાવ્યો વિવિધ રાગ-રાગિણીમાં રચાયેલા છે. તેથી કહી શકાય કે તેમને સંગીતનું જ્ઞાન હશે. તેમના કાવ્યોમાં રાગ દેશી, ધોળ, ગરબા-ગરબી, હોરી, ધૂમાર, ગોડી, મારૂ, કાફી, સામેરી, કલ્યાણ, ધનાશ્રી, ઝૂલણા, કેદારો વગેરે પ્રકારના રાગ જોવા મળે છે.

નિરાંત મહારાજે સાહિત્યના વિવિધ સ્વરૂપો આલેખ્યાં છે. જેમ કે, પદ-ભજન, ગરબા, ગરબી, કાફી, ધોળ, સાતવાર, બારમાસ, તિથિઓ, પદ્યપત્રો, સાખી, છપ્પા, સવૈયા, કુંડળિયા, રેખતા પદ્યકથાઓ અને દીર્ધકૃતિઓ તેમણે રચી છે. તેમની કાવ્ય સંપદાનું સ્વરૂપ વિભાજન કરીએ..

(૧) સાખી

(૨) છપ્પા

(૩) સવૈયા

(૪) કુંડળિયા

(૫) પદ્યપત્રો

(૬) તિથિઓ

(૭) બારમાસ

(૮) સાતવાર

(૯) કવિત/અીત શિક્ષા

(૧૦) રેખતા

(૧૧) ઝૂલણા/પ્રભાતિયાં

(૧૨) પદ્યકથાઓ

(૧૩) દીર્ઘકૃતિઓ-૨

(૧) અવતાર ખંડન

(૨) યોગ-સાંખ્ય ઐકયનો સલોકો

(૧) સાખીઃ-

સાખી = સ + દ્રક્ષ =સાક્ષી; આંખ સામે બનતી ઘટના એ ચિત્તનાત્મક પંકિત ભજનની આંખ તત્વસાર છે. 'સાખી' નું અર્થઘટન આપણા શબ્દકોશ માં આ પ્રમાણે છે.

:૦: સાખીઃ-(૧) પુ.સાક્ષી;સાખ પૂરનાર માણસ.

(૨) સ્ત્રી, ગઝલ; લાવણી કે ગરબીમાં આવતી લંબાવીને ગાવાની ટૂંકી પંકિતઓ.

(૩) સ્ત્રી.બે ચરણનો એક એપ્રકારનો દોહરો કે પદ ગાયનની વચ્ચે વચ્ચે વિવિધતા લાવવા માટે ગોઠવવામાં આવતી કડી.સાખી ગાતી વખતે સ્ત્રીઓ સિથર ઉભી રહે છે.ગીતના બાકીના ભાગ વખતે તેઓ ગોળ ફરે છે.

- ભગવદ્ ગોમંડળ-૯, પૃષ્ઠ ૮૬૮૫.

:૦: સાખીઃ- સ્ત્રી. (મરા.સાકી)ગેય રચનાઓમાં વચ્ચે વચ્ચે આવતો રાગ રોકી પાઠ કરવા માટેનો દોહરો.

-બૃહદ્ ગુજરાતી કોશ, ૨, પૃષ્ઠ ૨૨૧૬

:૦: સાખીઃ-' પુરાવા રૂપ કથન, સાખ, સાહેદી, જાણપૂર્વક, સાનિધ્યમાં, સમક્ષ.'

- મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ-જયંત કોઠારી

:૦: સાખીઃ-' સાખી એટલે સાક્ષાત્ અનુભવની, અપરોક્ષાનુભૂતિની વાણી આ રીતે એ શબ્દ ' સાક્ષી ' શબ્દનું રૂપાંતર હોય એમ બને.કબીરના બીજકની ઉપ૩ ની સાખીમાં એ વિશે કહયું છેઃ

' સાખી આંખો જ્ઞાનકી, સમુઝિ દેખુ મનમાંહિ,

બિનું સાખી સંસાર કા, ઝગરા છૂટન નાહિં.'

આ સાખી સ્વરૂપ દોહાને મળતું છે. નાથ પરંપરા માં સાખીને સ્થાને ' સબદ' સંજ્ઞા વપરાય છે. સાખીના સંગ્રહને વિષયાનુંસાર વિવિધ અંગોમાં વહેંચી નાખવામાં આવે છે. કબીરે આ ' અંગ' સંજ્ઞાનો ઉપયોગ ' લક્ષણ' ના અર્થમાં પણ કર્યો છે. આપણી જ્ઞાન માર્ગીય ધારાના સાહિત્યમાં અખાની, લાલદાસની, પ્રિતમની, નિરાંતની સાખીઓ જાણીતી છે.[૬]

– ડો સુરેશ જોશી.

' નરહરિ કૃત જ્ઞાનગીતા.'

સાખીની પરંપરા કબીર પૂર્વે નાથ પંથીઓમાં જોવા મળે છે. સંત સાહિત્યમાં ભજનની સાથે ગાવામાં આવતી પ્રથમ સાખી કબીર સાહેબની મળે છે. પછી તો પરંપરા અનેક સંતોએ અપનાવી છે. નિરાંત અને તેમની શિષ્ય પરંપરામાં આ અનુસરણ જોવા મળે છે. નિરાંત મહારાજના પૂર્વ સૂરીઓની જેમ સાખીઓ ચિન્તનાત્મક છે. જેમાં કશોક અર્ક રહેલો છે. નિરાંતની સાખીઓ વર્તમાન સમયના ભકતો પણ ગાય છે. તેઓએ કેટલીક સાખીઓ હિન્દીમાં પણ લખી છે.

' ગિરિ ગિરિવર સબ ઢુંઢિયા દેખા દેશ વિદેશ,
જ્ઞાની રામ પાયા નહિં બિના ગુરુ ઉપદેશ.'

' નિરાંત નૌકા નામકી તામેં બેસી આય,
પાર પહોંચાડે પલકમેં બહોરન ફેરા ખાય.'

'ચંદન સે ચંદન ભયા દીવે દીવા હોય,
જ્ઞાની ગુરુસે ગુરુ ભૈયા ચીને વીરલા કોય.'

–નિરાંત

નિરાંત પ્રગતિશીલ છે. ભણવા – ગણવાના વિરોધ્ધી નથી શિક્ષણ લીધું હોય તેનો કોઇ સુફળ પ્રાપ્ત ન થાય તો ભણતર નકામું છે. તેમ કહે છે. :

'ભણ્યા ગણ્યા પંડિત હુઆ ભયા બાંઝ કે ફુલ,
ફુલ ભયા ફળના થયું એહી ભણ્યામેં ભૂલ.'

કબીર સાહેબ કહે છે કે: ગુરુ ગોવિંદ બંન્ને સાથે ઉભા છે પ્રથમ હું કોને દંડવત્ કરુ ? ગુરુની બલીહારી છે કે તેઓ એ જ મને ઇશ્વરને ઓળખાવ્યા છે. માટે ગુરુને પ્રથમ પ્રણામ કરું એ જ રીતે નિરાંત પણ કહે છે.

'પ્રથમ નમું ગુરુ દેવને, જેણે આપ્યું નિજ જ્ઞાન,
જ્ઞાને ગોવિંદ ઓળખ્યા, ટળી ગયું દેહાભિમાન.'

પરમાત્માને પામવા માટેનો સરળ માર્ગ પ્રેમ જ છે. પ્રેમ ન હોય તો જ્ઞાન પણ નકામુ છે. તેમ પ્રેમ વિનાની ભકિત પણ નકામી છે. નિરાંત કહે છે:

'નેહ વિના હરિના મળે, કરીએ કોટી ઉપાય,
બીજા સાધન આદરે હિરદું શુધ્ધ ન થાય.'

સદ્‌ગુરુનો મહિમા કરતા નિરાંત કહે છે કે – આ સંસાર માંથી છૂટવું સહેલું નથી. આપ મેળે છુટી શકાતું નથી. સદ્‌ગુરુની કૃપા થાય તો સરળ થઈ પડે છે.

'છૂટવાનો ઉદ્યમ કરે તેમ તેમ જીવ બંધાય,
આપ બળે છૂટે નહીં છોડે સદ્‌ગુરુ રાય.'

નિર્ગુણ માર્ગમાં સગુણ રૂપે ગુરુ જ પરમાત્મા છે. ગુરુ જ પરમાત્માનું રૂપ છે તે વિશે કહે છે.

'તત્વસાર ત્રિલોકમાં, ગુરુ ગોવિંદ એક રૂપ,
આદ્ય અંત મધ્ય એક છે, હરિ ગુરુ સંત સ્વરૂપ.'

'નામ' નો મહિમાં વર્ણવતા કહે છે કે: ' નામ ' પરામાત્માથી પણ મોટું ધામ છે.

'નામ નિરંજન સે અધિક, નામ એક નિજ નામ,
સબ ઘટમેં વ્યાપી રહે નામ નિરંજન ઠામ.'

નિરાંત 'નામ' ને વંદે છે. ' નામ ' ને જાણ્યા વિના – પિછાણ્યા વિના મુકિત નથી.' નામ ' જેણ જાણ્યું તેને સુંદરશ્યામ ની પ્રાપ્તિ થાય છે.

'અપાર લીલા નામકી, નામે પામે ધામ,
નામ જાણ્યો જેણે મિલિયા સુંદર શ્યામ.'

'નામ ' ની જેને ઓળખાણ થઈ છે તે ગમે તે સ્થળે હોય તો પણ પૂજનિય અને વંદનીય છે.

' નામ વિના કોઈ નવ તરે ભવ સાગર કે માંય,
નિરાંત વંદુ નામ ને જયાં જયાં દેખુ ત્યાંય. '

આ ' નામ ' કોઈ અંત નથી. પ્રગટ ગુરુની નીત્ય સ્તુતિ કરવી જોઈએ. તોજ ચંચળ ચિત્ત નિર્મળ રહે.

' ગુરુ સ્તુતિ જો ગાઈએ, નવ નામ કો અંત,
નિરાંત નિર્મળ હો ગયો બિગડયો હુઓ અંત.'

સદ્ગુરુ વિશે શ્રી નિરાંત કહે છે કે: તે સૂર્ય જેવા તેજસ્વી હોવા જોઇએ. સૂર્ય માનવજીવન માટે વરદાન રૂપ છે. એવા સૂર્ય જેવા ભાવ વાળા ગુરુ મળે તો જીવનમાં જ્ઞાનરૂપે પ્રકાશ થાય.

' તેજ પુંજ સદ્ગુરુ મિલે જેસા સુરજ ભાવ,
સબ અંધિયારા મિટ ગયા જ્ઞાની દેખા ચાવ.'

સંતવાણીમાં કહેવાયું છે કે જયાં સુધી દેહાભિમાન છે ત્યાં સુધી આત્માની ઓળખ થતી નથી લિંગ ભેદ થયા વિના નિજ જ્ઞાન થતું નથી. પ્રસ્તુત સાખી માં વ્યાસ અને વાલ્મિકીને પ્રમાણ કરતાં શ્રીનિરાંત કહે છે:

' વ્યાસ મુનિને વંદન કરું, વળી વાલ્મિકી કો અંગ,
નિરાંત નામ અપના લહયા ભયો લિંગ કો ભંગ.'

આ સાખીઓ ચિન્તનાત્મક છે. મનુષ્ય અવતારનું મૂલ્ય કેવું છે. તે આ સાખીઓ દ્વારા નિરાંત બતાવી આપે છે કે એક રીતે આ સાખીઓ દીવાદાંડી રૂપ છે.

છપ્પા: -

છપ્પો. પુ. (પ્રા. છપ્પય )
છ પદનો એક છંદ
- વિનીત જોડણી કોશ.

મધ્યકાલીન સંત સાહિત્ય સ્વરૂપોમાં ' છપ્પો ' લોકપ્રિય કાવ્ય પ્રકાર રહયો છે. પોતાના મનોગતને મૂર્તતા આપવા સંત કવિઓએ છપ્પાનો ઘણો ઉપયોગ કર્યાનો જણાય છે. અખો તેના છપ્પાથી ઘણો લોકપ્રિય થયો છે. તે કાવ્ય પ્રકાર અખાને તેના પૂરોગામી માંડણ પાસે થી મળ્યો હતો. મધ્યકાળના અન્ય સંત-ભકત કવિઓની જેમ નિરાંત મહારાજે પણ છપ્પાઓ રચ્યાં છે. ઈ.સ. ૧૮૯૦માં પ્રગટ થયેલા ' પ્રાચીન કાવ્યમાળા' ના દશમાં મણકામાં ' નિરાંત કૃત કવિતા' નો સંગ્રહ છે. સંપાદકો તરીકે હરગોવિંદદાસ કાંટાવાળા અને નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી છે. આ ગ્રન્થમાં છપ્પા ઓ જોવા મળે છે. પરંતુ સંપાદકોએ આ રચનાનો ' સવૈયા ' એવું નામ આપ્યું છે તે પછી ' નિરાંત કૃત કવિતા' ' નિરાંત સુધા સાગર ' વગેરે ગ્રન્થોમાં પણ તેને ' સવૈયા' તરીકે એવું નામ આપ્યું છે. ' જ્ઞાનોદય પદ સંગ્રહ 'માં આ રચનાને ' છપ્પા ' કહયા છે. જે અર્થાત છે.

' સવૈયા' બત્રીસા હોય છે. એ રીતે ' છપ્પા ' રચનાને સવૈયા કહે છે. તે બરાબર નથી. નિરાંત મહારાજે તેને ' છપ્પય' નામ આપ્યું હશે. પરંતુ લહિયાઓ એ ' છપ્પય' નું ' સવૈયા ' કર્યુ હોવું જોઇએ. સંપાદકોએ તે લક્ષમાં લીધુ નથી. ને ' છપ્પા ' ને ' સવૈયા ' ગણી લીધા છે.

છપ્પા નિરાંત મહારાજ નામનો મહિમા ગાય છે. ઉપરાંત ઉપદેશ: નિર્વાણ, સેવકના લક્ષણ, ગુરુમહિમા ઇત્યાદિ વિષયોને આવરી લે છે કેમ કે –

ઉપદેશ

'પંડ પડે તો પડવા દે, ઓષડ ને ન અડવા દે,
જીવ્યા ની તો આશા ખરી, ઓષડમાં તો પાળવી ચરી,
ચરી પાળે ને ઓષડ ખાય, નિરાંત એ જીવ્યાનો ઉપાય.'

નામનો મહિમા :

' નામ તણો એવો પ્રતાપ, નામે પળાયે સર્વ પાપ,
પાપ પળાયે નિર્મળ થશો, નિર્મળમાં નારાયણ વશ્યો,
નારાયણ તે નિર્ભય કરે નિરાંત નામે નિશ્ચે તરે.'

નિર્વાણમંત્ર:

' અણ જાણ્યો થઈ બેસી રહે, પૂછે તેનો ઉતર દે,
આજ્ઞા પ્રમાણે કારજ કરે, દીન થઈને વચન ઓચરે,
બહુ પ્રન્નતા મનમાં થશે, નિરાંત માગે તે આપશે.'

સેવકના લક્ષણો :

' એવા ગુરુના સેવક સહી, બીજા જે કહેવાના કાંઇ,
શુભ લક્ષણ સેવકનું કહું , ગુરુ ઉપર છે નિષ્ઠા બહુ,
નિષ્ઠાનો એવો પ્રતાપ, નિરાંત ગુરુ પોતાનો થાય.'

ગુરુ મહિમાઃ

' સદ્ગુરુ છે સહુ ને માથે શીશ , સદ્ગુર ઉપર કોઈ ના મળે ઈશ ,
સરવેને છે ગુરુ પ્રતાપ , પ્રગટ થયા છે આપો અપ ,
ગુરુ એ જગમાં જાહેર કર્યા , ગુણ સર્વે ગુરુએ વિસ્તર્યા '

ભકિતઃ

' ભકિત જાણું જયારે ખરી , વિશ્વાત્મા નિરખયા શ્રી હરિ ,
ભિન્ન ભાવે જે અળગો કર્યો , તૃષ્ણા ટાળી જીવતો મર્યો .'

પદ્યપત્રોઃ -

મધ્યમલીન નિગુર્ણ સંત સાહિત્યનું અવલોકન કરતાં જણાંય છે કે , તત્કાલીન સમયે સંતો - ભકતો સતત પભ્રિમણ કરતા રહેતા હતા . ને એટલે જ અભિવ્યકિત જુદી હોવા છતાં , તેમની વાણીમાં અનુભૂતિની તેમજ અર્થની એકતા જોવા મળે છે . આ સંતો - ભકતો પરસ્પર પત્ર વ્યવહાર પણ કરતા રહેતા હતા . દાસી જીવણ ને તેમના ગુરુ ભીમ સાહેરે પત્ર લખ્યો હતો .

' જીવણ જીવને ન્યાં રાખીએ ,
જયાં વાગે અનહદ તુરાં ,
જીલ મિલ જયોત જળહળેને
પછી વરસે નિરમળ નૂરા .'

- ભીમ સાહેર .

આ રીતે અનેક સંત - ભકત કવિઓના પદ્યપત્રો , કે જે ભજન રૂપમાં આપણને પ્રાપ્ત થાય છે .

નિરાંત મહારાજે પણ પોતાના સમકાલીન સંતકવિઓ રવિસાહેર , હરિદાસ , મંછારામ વગેરેને પદ્યપત્રો લખ્યા હતા . આ પદ્યપત્રો ચોપાઇ બંધ માં જોવા મળે છે . આ પત્રોમાં જ્ઞાનની જિકરકરી છે . આ પદ્યપત્રોની શૈલી એવી છે કે જાણે પ્રત્યક્ષ રીતે સંવાદ ન કરતા હોય ! આ પત્રો દ્વારા જ્ઞાનની પરસ્પર આપ - લે પણ અભિપ્રેત હશે ! જ્ઞાનમાર્ગી પરંપરાના સંતકવિઓ એકબીજાની કસોટી પણ કરતા હોવાનું જોઇ શકાય છે . ને એ રીતે એક બીજાની જ્ઞાનની કક્ષાને જાણવાની કોશિષ પણ

રહેતી હશે. રવિસાહેબને સંવત ૧૮૫૬માં પત્ર લખતા નિરાંત મહારાજ લખે છે:

સ્વસ્તી શ્રી સંતોનો વિશરામ, શુભસ્થાન શેરખીગામ,
અનેક ઉપમા પૂજ્ય પ્રમાણ, રવિરામ પ્રતિમા નિરવાણ. ૧
આત્મા તમો વિના નહિં અન્ય, નિરભેનાયક ચતુર સુજાણ,
સકળ ગુણદાતા તમારી રીત, પ્રૌઢ પ્રતાપ ની નિરમળ પ્રીત. ૨
ચિરંજીવછો સકળ નિધાન, અલખલખ દાતા નિરમાન
પરગણું વડોદરૂંને દેથણ ગામ, વસ્તી પાવન એવું ધામ. ૩
પ્રેમપત્રી તમ સાથે કામ, નિરાંતના જે જે શ્રીરામ,
વાંચો પાયો લાગુંલળી, દંડવત દેહને મસ્તક વળી. ૪
સહુ સંતો ને કરૂં પરણામ, નિરાંતના જે જે શ્રીરામ,
પરતાપ તમારો જેને થયો, તેણે તેનો આત્મા લહયો ૫
વિચારી ને કર્યા વિવેક, આત્મા સઘળે દીઠો એક,
તેનો બીજો ભાંગ્યો ભ્રમ, અનભે પાયો ને છૂટયા કર્મ. ૬
માટે તમો છો દીન દયાળ, ટાળો મહારી અંતરની જાળ,
નિરંતર નિરવાણી થાય, સંતોષ આવે ને તૃષ્ણા જાયે. ૭
એટલી દયાણું કરજોદાન, પરમારથ કરતાંનું માન,
પર ઉપરાકરી પ્રગટયા તમો, પૂરણ તમને લખીએ અમો. ૮
નિરવાણીની કહાં થાય ગતિ ? વિસ્તારી લખજો અથ ઈતિ,
આદ્ય અંતનો લખજો ઠામ, અનાદિ તે શાનું નામ ? ૯
એ સશેં તે નિશદિન થાય, સદ્‌ગુરુ તમે દીઓ બતાય,
સંશે ભાગે ને અંતર જાય, ત્યારે આપો આપ ઓળખાય. ૧૦
નહીં ગુરુ નહિં ચેલો એક, ઘટઘટ સદ્‌ગુર કર્યો વિવેક,
સહુ સંતોનો શબ્દ આધાર, શબ્દાતીતનો લખજો ઠાર. ૧૧
શું લખીએ ઝાઝો વિસ્તાર, એક લખું તમો અપરંપાર,
સંવત અઢાર છપ્પન અદકાર, આસોવદ ને શનિવાર. ૧૨
પત્ર લખ્યું રાત્રિ સતસાર, ઘડી આશરે વીતી બાર,
નિરાંત ઉપર કરણા કરી, ઉતર લખજો પાછો ફરી. ૧૩

રવિરામ સાધુ છો સાર, નિરાંત પાયો સત આધાર,
પંચ તત્વમાં રમતા રામ, નિર્વાણ આદિ કહે સહુ નામ. ૧૪
પંચ તત્વનું તે પરકાશ, નામ નિરવાણનો કયાં નિવાસ?
પંચતત્વના પાંચ જ રંગ, કર્તા કોણ મેળવ્યો સંગ ? ૧૫
સંગ મળયો તો બુંદ જ ગઈ, તેમાં નિરવાણી પરગટ થઈ,
નિરવાણીએ બુંદ જ કરી, કે બુંદે નિરવાણી બને ખરી ? ૧૬
અન્યોઅન્ય બેનો સંજોગ, કર્તા કોણે મેળવ્યો જોગ,
સદા સંજોગી કહે છે એક, આદ્યઅંતનો કરો વિવેક. ૧૭
આદ્ય થયાને કહે છે દુ:ખ, અંત થયાને કેમ હોય સુખ?
હરિ ની ગતને જાણે હરિ, બીજાને નવ સૂઝે ખરી. ૧૮
હરિ વિના બીજો તે કોણ, આદ્ય અંતનો ઠામ અજાણ,
એ એનો નવ જાણે પાર, માટે શું બીજો કિરતાર. ૧૯
એક વિના બીજો કો' નથી, શા માટે એ છે અનગતિ,
તમો તમારી પરગટ કરો, અગમ અમોને હોય તે હશે. ૨૦
આદ્ય અંત નિરવાણીનો ઠામ, પંચતત્વ પહેલો વિશ્રામ,
અવધૂત તે તો કહેજો તમે, નિશ્ચે નેહચળ જાણું અમે. ૨૧
અનંત સંત તો આગે થયા, નરવેડો નવ કરતા ગયા,
કર્યા હશે પણ કયમ લહેવાય, કહયા વિના કયમ પરગટ થાય. ૨૨
કહેવા સરખી વસ્તુ નથી, તે માટે નવ કીધી છતી,
જાણી વસ્તુ જો નવ કહે, તો પાછળ વિસ્તાર કયાંથી રહે? ૨૩
આગેથી એવી થતી, કે ગુરુ થી ચેલો પામે ગતિ,
કહે નિરાંત તમ શરણે છું, કહો તે મારગે અમો ગરછું. ૨૪
રવિરામને શરણે ગયા, તે જન તો પારંગત થયા,
સંગત સંત સમો નહીં સાર, મનસાધરી કરવો નિરધાર. ૨૫
ગત અનગત નો જડશો મર્મ, મુકત થશે ને છૂટશે કર્મ.
નિરાંત ઉપર મહેર જ કરી, ઉતર લખજો ઉલટ ધરી. ૨૬

– નિરાંત

આ પદ્યપત્ર નિરાંત મહારાજે રવિસાહેબને સંવત ૧૮૫૬ માં લખેલો. રવિસાહેબનું પરિનિર્વાણ સંવત ૧૮૬૦માં થયું હતું. નિરાંત મહારાજના આ પદ્યપત્ર દ્વારા તેમનો શાંત તેમજ સૌજન્યશીલ વ્યવહાર પ્રત્યક્ષ થાય છે. નિરાંતે આ પત્રમાં પ્રશ્ન પણ પૂછયા છે ને પોતાની સ્થિતિ પણ સ્પષ્ટ કરી છે.

નિરાંત મહારાજે બીજો પત્ર વાઘોડિયાના મંછારામ મહારાજને લખેલો. નિરાંતે આ પત્ર સંવત ૧૮૫૭ માં લખ્યો હતો -

' સંવત અઢાર સતાવન, માસ પોષવદની દ્વાદશી,
સોમવારને શુભ જોગ રાત્રિ, ભટિકા આશરે વીસ.'

- નિરાંત

આ પદ્યપત્ર ચોત્રીસ પંકિતમાં લખોલો છે. એક દંતકથા અનુસાર તે નિરાંત મહારાજનો પ્રતિસ્પર્ધી હતો. પરંતુ પછી થી કદાચ આ પત્ર પછી મંછારામ નિરાંત મહારાજનો શિષ્ય થયો હતો. નિરાંતના સૌપ્રથમ સોળ શિષ્યોમાં મંછારામ મહારાજ નું પણ નામ જોવા મળે છે. નિરાંત મહારાજની વિનમ્રતા પણ આ પત્ર થી પ્રત્યક્ષ થાય છે. જુઓ -

' સંતોને શરણે ગયા જે જન, કારજ તેનું સિદ્ધ થયું,
નિરાંત મંછારામ શરણે, નિરંતર અંતર ગયું.'

- નિરાંત.

નિરાંત મહરાજે પોતાના સમકાલીન સંતકવિ હરિદાસ ને પણ પત્ર લખ્યો હતો. આ પત્ર દ્વારા હરિદાસ પ્રત્યે નિરાંત પોતાનો પ્રેમ પ્રગટ કરે છે. આ પદ્યપત્ર સંવત ૧૮૫૬માં લખ્યો હતો.

' સંવત અઢાર છપ્પન વરખે, આસો વદ પૂનમ તિથિ,
શુક્રવાર ઘડી ચોવીસ આશરે, તત્વ કહેણી છેકથી,
તેવીસ ચોપાઈ જથામતિ કહી, વસ્તુમેં વાંધો નથી,
નિરવાણી પદ લગી કો' ગછયો, નથી તે થકી અળગણિત,
હરિદાસ પ્રત્યે પત્રઆ, નિરાંતના પરણામ છે,
ગાય શીખે ને સાંભળે, તેને ' નામ' નું વરદાન છે.'

- નિરાંત

આ ઉપરાંત નિરાંત મહારાજે બાપુ સાહેબ ગાયકવાડને સંબોધીને કેટલાક પદ રચ્યા છે. તે પણ નિરાંત મહારાજના પત્રો હશે. એવું સહેજે અનુમાન કરી શકાય નિરાંત મહારાજ લખે છે:

' બાપુ નાવ તપાસી બેસો પથ્થર હોય તો માંહી નવ પેસો ,
બાપુ જંત્ર જેવું તન જાણો , સાચું સમજી ને સુખ માણો .'

- નિરાંત

એજ રીતે અન્ય એક પદ -

' બાપુ ગુરુની વાત સમજાવું , બાપુ સંશય તમારો સમાવું ,
બાપુ મળયા ગોકળદાસજી , બાપુ હું તો થયો અતિ રાજી ,'

- નિરાંત

નિરાંત મહારાજે મંછારામ , હરિદાસ અને રવિસાહેબ ને પદ્યપત્રો લખેલા . પોતાના શિષ્ય બાપુ સાહેબ ગાયકવાડને ઉદ્દેશી જે રચનાઓ છે તેની રચના રીતિને જોતાં તે પણ પદ્યપત્રોનું સર્જન કર્યુ હતું . એક વિશિષ્ટ અને અલાયદું કહી શકાય તેવું આ સ્વરૂપ છે .

તિથિ , વાર અને બારમાસ :

મધ્યકાળના અત્યંત લોકપ્રિય સાહિત્ય પ્રકારોમાં 'સાતવાર''તિથિઓ' અને 'બારમાસ' નો સમાવેશ થાય છે . આ પ્રકારની કાવ્ય રચનાઓઓના મૂળ સંસ્કૃત સાહિત્યમાં કાલીદાસનું 'ઋતુસંહાર' કાવ્યમાં મળે છે . તેમાં વર્ષની છ ઋતુઓનું વર્ણન જોવા મળે છે . આ જ કવિના ' મેઘદૂત ' કાવ્યમાં વિરહ નિરૂપણ , મેઘદૂત દ્રારા સંદેશો મોકલવો અને વિપ્રલંભ શૃંગારના ભાવ ને વ્યકત કર્યો છે . ઋતુઓના વર્ણનમાં આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવ હોય છે . નાયક - નાયિકા પરસ્પર આલંબન વિભાગ તરીકે અને પ્રકૃતિ નિરૂપણ તેના ઉદ્દીપન વિભાવ તરીકે આવે છે .' જૂની ગુજરાતી એટલે રાજસ્થાની મારવાડી , સોરઠ તથા કચ્છના સમગ્ર પ્રદેશના રહેવાસીના સાહિત્યમાં ઘણે ભાગે સાદા કાવ્યો , રાસાઓ , વાર્તાઓ અને આખ્યાનો જ નજરે પડે છે . ગુજરાતી કવિ જયારે તેમાંથી નવરો પડતો ત્યારે જ મનુષ્યમાત્રના હ્રદયમાં રહેલો પ્રેમ રસનો ભાવ લોકલાજને લીધે સામાન્ય સ્ત્રી - પુરૂષોના હ્રદયભાવ તરીકે બહાર ન પાડતા કૃષ્ણ - ગોપીના કે નેમ - રાજુલના નિમિતે બહાર પાડતું અને એ વિરહ વાદનું સાહિત્ય ' ફાગુ ' કે ' મહીના' ના સાહિત્ય રૂપે પ્રગટ કરતો

સાતવાર , તિથિઓ અને બારમાસ એક રીતે તો ઋતુકાવ્યના પ્રકારમાં આવે છે . શ્રી હરિવલ્લભ ભાયાણી ' કૃષ્ણ ચરિત્ર મૂલક બારમાસીઓ ' ગ્રન્થના પ્રકાશકિય લેખમાં લખે છે :

'કુદરતનું સૌદર્ય , સાંસ્કૃતિક પરિવેશ અને વિરહભાવનું નિરૂપણ ( નાયિકાના - સ્ત્રીના અનુભવ - વર્ણનરૂપે ) એનું સંમશ્રિતા - સંયોજન - સુમેળ આ રૂઢ શૈલીના રચના પ્રકારને ( તેના પૂરક તિથિ , વાર જેવા પ્રકાર સાથે ) જીવંત રાખ્યો .' [૯]

મધ્યકાળના ' રાસયુગ' નો આ એક નોંધપાત્ર કાવ્ય પ્રકાર છે.તેનીપહેલા 'ફાગુ' અને ' રાસ' ને મુકી શકાય.' બારમાસ' ના વર્ણનો લાઘવયુકત અને સચોટ હોય છે.નાયિકાના વિરહને વ્યકત કરવા વિપ્રલંભ અને શૃગાર રસનું આલેખન તેનો કવિ કરતો હોય છે.

મધ્યકાલીન ગુજરાતી બારમાસી સ્વરૂપના આપણે ત્યાં આજ સુધીના અભ્યાસમાં શ્રીનિરાંત મહારાજની બારમાસીનો ઉલ્લેખ થયો નથી.તેનું આશ્ચર્ય થાય છે કેમકે અન્ય કવિઓની બારમાસી ની તુલનામાં નિરાંતની બારમાસીને પણ મુકી શકાય.એવી હોવા છતાં તેનો કયાંય ઉલ્લેખ થયો નથી. ગુજરાતી 'બારમાસ' નો ઉલ્લેખ મોટે ભાગે કારતક માસથી શરૂ થાય છે.' લોકસાહિત્યની લગભગ બધી બારમાસીઓનો આરંભ કારતક થી જ છે.અહીં કંઠસ્થ પરંપરાના સાહિત્યની એક જે પ્રચલિત પરંપરા છે એનું અનુસંધાન છે વાર, તિથિ, મહિના એ કંઠસ્થ માટે આલંબન રૂપ છે.' [૧૯] આરંભ કારતક થી જ હોય એવી પરંપરા છે.' પણ કેટલીક બારમાસીઓ અષાઢ થી આરંભાય છે, એની પાછળ વિરહ વ્યથાનો કાકુ સવિશેષ પણે છે.એમ કહી શકાય.' [૧૮]

નિરાંત મહારાજ પોતાના ' બારમાસ ' નું આલેખન અષાઢ માસથી કરે છે.તેમાં વિરહનું નિરૂપણ સહૃદય ને ઝંકૃત કરે છે.' બારમાસ' ના અષાઢ માસનો પ્રારંભ નિરાંત આ રીતે કરે છે:

' સખી આવ્યો રે માસ અષાઢ, ગગન ઘન ગાજે રે,
સખી ચૌદશ ચમકે વીજ, અંતર દાઝે રે.' [૮૬]

કવિ અહીં પ્રારંભમાં પ્રકૃતિના ઉદ્દીપન વિભાવનું વર્ણન કરી નાયિકાના આલંબન વિભાવને પ્રસ્તુત કરે છે.અષાઢ માસે વર્ષા વિજળીના ચમકારથી વિરહિણી નારી તેની સખીને પિયુની અનઉપસ્થિતિ સહી ન શકવાથી તેનું અંતર દાઝે છે.તેની વાત તો પ્રિય એવી સખીને જ કહી શકાયને ?! જે પ્રકૃતિનો લોકોને પરિચય છે તેનો અહીં ચિત્રણ થયું છે સમગ્ર પાકૃતિક પરિવેશ ને નિરાંતે અહીં સુંદર રીતે નિરૂપણ કર્યુ છે.

નિરાંત મહારાજ વિરહની ધારદાર અભિવ્યકિત માટે બારમાસનો પ્રારંભ આ રીતે અષાઢ થી કરે છે.અહીં પ્રેમની ઉત્કટ તાલાવેલી છે.તરફડાટ છે.વલવલાટ છે.ગુજરાતી સાહિત્યનો આ કવિ આટલી બળકટતાં પૂર્વક અભિવ્યકિત કરતો જોવા મળે છે.નિરાંતના બારમાસમાં પ્રત્યેક મહિનાનું આલેખન સ્વતંત્ર પદરૂપે આઠ-આઠ કડીઓમાં થયું છે.એટલું જ નહિ પણ બારમાસને અંતે ઉપસંહાર માટે પણ આઠ કડીમાં સમાપન થતું જોવા મળે છે.નિરાંત મહારાજે અહીં ચોકકસ કડીઓ નું માપ રાખી એક કવિ તરીકે પોતાને પ્રસ્તુત કર્યા છે.

આ ઉપરાંત તિથિઓની રચનામાં પડવાથી લઇ પુનમ સુધીનું સાદ્યંત આલેખન જોવા મળે છે. તિથિઓના પ્રારંભે સદ્ગુરુ ની સ્તુતિ કરે છે.ને પછી પડવા તિથિઓ થી પ્રારંભ કરે છે.

' પડવે પૂરણ પ્રીત કરી, પ્રેમે અતિ આનંદ ઉરધરી,

સંગત સંત થકી સુધરી રે, મનુષા અવસર છે રૂડો.[૯૪]

આ રીતે ૧૭ પંકિતનું આ તિથિ કાવ્ય પણ નિરાંત ઉતમ રચના છે. તેમાં પણ પ્રાસાનું પ્રાસ અને વર્ણસગાઈ અલંકાર જોવા મળે છે. ઉપરાંત ' મનુષા અવસર છે રૂડો' એ ધ્રુવ પંકિત કાવ્યને નિખાર આપે છે. ' બારમાસ' અંતર્ગત ' તિથિઓ ' ની જેમ નિરાંતે 'સાતવાર' વિષયક રચના કરી છે. તેમાં સોમ થી શનિવાર સુધી નું સાદ્યંત નિરૂપણ છે. પ્રારંભે અદ્વૈતબ્રહ્મનો પાર પામવો કઠીન છે. અનેક જીભ વડે ઓમકાનું રટણ કરવાથી પણ ગોવિંદની અકળ ગતિ છે તેને જાણી શકાતી નથી સાચી સાધના તો સદ્ગુરુનું પ્રારંભમાં મહત્વ બતાવ્યું છે એ પછી સાતવારના આલેખનમાં બ્રહ્મજ્ઞાન – તત્વજ્ઞાન વિષયક ચર્ચા કરેલી છે. અંતે ઉપસંહાર કરતાં કહે છે કે; આ તો સાતવારની માત્ર કહેવત છે પણ રામ તો રહેણીમાં રહેલો છે. રહેણી – કહેણીની એકતા વડે 'નામ' ની પ્રાપ્તિ થાય છે એમ અંતે પ્રતિપાદન કર્યુ છે.

## સાતવાર

'ગોરખનાથે 'સપ્તવાર' લખેલ છે. કબીર સાહેબ 'સતવાર' રચના લખેલી છે. આ 'વાર' શીર્ષકની રચનાઓ ગુરુગ્રન્થ સાહેબ માં પણ જોવા મળે છે.[૧૨૪]

## તિથિઓ

' પંદર તિથિ પડવો, બીજ, ત્રીજ એ પ્રમાણે તિથિનો ઉલ્લેખ થતો જાય ને કાવ્યરચના બને. કબીરસાહેબની થિંતી રચના 'ગુરુગ્રન્થ સાહેબ' માં છે. આ કાવ્ય પ્રકારનું અનુકરણ મધ્યકાલીન સંત કવિઓએ કર્યુ છે.[૧૨૪] (સત સાહેબની સરવાણી ડો. નાથાલાલ ગોહિલ)

## ઝૂલણા: –

ઝૂલણાં: સાડત્રીસ માત્રાનો માત્રા મેળ છંદ છે. એ નામની એક કવિતા

ઝૂલણા. પું. (દે. झयुल्लण) એક છંદ .

– વિનીત જોડણી કોશ

'ઝૂલતાં ઝૂલતાં જે ગીત રચના ગાય શકાય તે ઝૂલણાં તેને 'હિંડોલા' પણ કહે છે. ખાસ કરીને શ્રાવણમાસમાં ધાર્મિક તહેવારોએ સ્ત્રીઓ ગોળ ઉભી રહીને આ ગીતો ગાય છે.[૧૨૫]

મધ્યકાળની સંત – ભકત પરંપરા ભારત વ્યાપી હોવાથી, દેશના દરેક પ્રાંતના સંત કવિઓનો કવન વિષય એક સરખો રહયો છે. કબીર સાહેબે પોતાના કવનમાં ' ઝૂલનાં' કાવ્ય પ્રકાર આલેખ્યો છે. જે ગુજરાતી ઝૂલણાં પ્રકારની કાવ્ય રચના લાગે છે. આપણે ત્યાં નરસિંહ મહેતા એ સૌપ્રથમ ઝૂલણાં રચ્યા હતા. અખાના ઝૂલણાં પણ ખુબ જાણીતા છે. સંત વાણીમાં ઝૂલણાં કાવ્ય પ્રકાર વ્યાપક રીતે આલેખાયેલો જોવા મળે છે. નિરાંત મહારાજે પણ નરસિંહને પણ અનુસરી ઝૂલણાં રચ્યા છે. નિરાંત મહારાજના ઝૂલણાં જોતા તુર્તજ નરસિંહ યાદ આવી જાય છે. નિરાંતના ઝૂલણાંની ભાષા, શૈલીભાવ વગેરે નરસિંહનું સ્મરણ કરાવે તેવી રહી છે. તેમ છતાં નિરાંતના ઝૂલણાં તેમની પોતિકી અભિવ્યકિતના દ્યોતક બની રહી છે. , જુઓ –

' ભારે થયા ભણી ભણી, વિદ્યાઓ ઘણી ઘણી,
નાગ શિરોમણી નાગ જેવા.
મણિ ઉદ્યોત કરે, અંજાયા જીવ ચરે,
એમ ઉદર ભરે નાગ દેવા.'

– નિરાંત

## પ્રભાતિયાં

પ્રભાતિયાં પણ ભજન નો જ એક પ્રકાર છે. મધ્યકાળના સાહિત્યમાં પ્રભાતિયું વિશેષ આલેખન થયું છેઆપણેત્યાં નરસિંહ મહેતાએ પ્રભાતિયાંનો પ્રારંભ કરેલો . તેમાંતેમના પ્રભાતિયાં આજે પણ લોક પ્રિય છે. તેમને અનુસરી સંત પરંપરામાં પ્રભાતિયાં રચાયા છે. પ્રભાતિયાં માં ઝૂલણા છંદ હોય છે. તેનો લય સહૃદય ને આનંદિત કરે છે. ને તેથી તો આજે પણ એ એટલાજ લોકપ્રિય રહયા છે. નિરાંત મહારાજ પણ કેટલાક પ્રભાતિયાં રચયા છે. આ પ્રભાતિયા મૂલતઃ નરસિહ ને અનુસરી નેજ રચાયા છે. પરમાત્માનું નિર્ગુણ રૂપ તેમાં વર્ણવાયું છે. ભકતની દીનતા તેમાં પ્રત્યક્ષ થાય છે. પ્રભાતિયાં કાર ની ધર્મ ભાવના કે ઈશ્વર ભાવના સાંપ્રદાયિક નથી હોતી . સંસારી રસ તેને નિ:રસ લાગે છે. વાણીની એટલી સરળતા હોય છે, કે તેમાં ભકત હૃદયની સરળતાના ભાવનો અહેસાસ થાય છે. તેમાં બાહય વિધિ વિધાનો , મૂર્તિ પૂજા વગેરેનો વિરોધ હોયછે. મંદિરમાં રહેલી મૂર્તિ કરતાં સચરાચર વ્યાપ્ત સ્વરૂપ વિશેષ ગણાયુ છે. આ પ્રભાતિયાનો ઢાળ સમૂહ માં પણ ગવાતો હોય છે. તેની ધ્રૃવ પંકિત ચમતકૃતિયુકત હોય છે. ને તેથી ધારદાર બનેછે. સમગ્ર પ્રભાતિયાં ને સ્પષ્ટ કરે તેવા અર્થ પૂર્ણ શબ્દો હોય છે. તેમાં ભકતની ઉર્મિ નું લાઘવયુકત નિરૂપણ હોયછે. તેની અનુભૂતિ પ્રભાતિયાં માં પ્રત્યક્ષ થાય છે. નિરાંત મહારાજ ના કેટલાક પ્રભાતિયાં વિશે જોઈએ.

'ભકત વત્સલસદા દેવના દેવ છો,

તાહારા નામનો પ્રેમ રાચે;

જીવન તું જગતમાં બીજું જાણું નહિં,

નામ સમોવડ નાથ નીચે.'

અને જેની સૂરતા પરમતત્વમાં લાગી ગઈ હોય તેની દૃષ્ટિમા નિર્ગુણ પણ વિવિધ રીતે સગુણા લાગે છે. નિરાંત લખે છે:

' નિગુર્ણ ભાસતાં સગુણ ભાસ્યું બધું,

અન્યો અન્ય તમો એક દિસો,

તમો વિના પ્રભુ ઠામ ઠાલો નહિં,

વિજોંગ ટળ્યો પળ્યો મનહિસો .'

આ રીતે શબ્દની પસંદગી સમુચિત છે. પ્રાસની ગોઠવણી પણ અનાયસ રીતે થઇ છે. વળી, ટળ્યો - પળ્યો જેવી દ્રિરુકિત ધ્યાન ખેંચે છે. પ્રભાતિયાંમાં ભકત દિન થઇ વાણી ઉચ્ચારે છે, જુઓ-

' તમો કીરપા કરી માટે સૂઝી ખરી,

બળવંત વળગ્યાં છે બાંહય તારી,

નિર્બળ નિરાંતનો હાથ હેતે ગ્રહો,

બાપજી સાંભળો બૂમ મારી .'

એ જરીતે 'મનુષ્ય તન ધરી ઉતમ એટલું 'પ્રભાતિયાં મનુષ્ય અવતારનો મહિમાં ગવાયો છે. પરમતત્વ ઘટભીતર પણ વિલસી રહયું છે. ને તેથી માનવ તન ઉતમ છે. તેમ કહયું. અહીં 'નરસિંહનું રાત રહે જયારે પાછલી ખટ ઘડી સાધુ - પુરૂષ સૂઈ ન રહેવું 'નું સ્મરણ પણ થાય છે. નિરાંત લખે છે: ,

' મનુષ્ય તનધારી ઉતમ એટલું, શ્રી હરિ શ્રી હરિ મુખ કહેવું

પ્રપંચ પરહરિ સમરવા શ્રી હરિ,

સાધુના સંગમાં શુધ્ધ રહેવું.'

દ્રૈતમાં રચ્યા પચ્યા રહેતા માનવીને તેમાંથી મુકિત આપવા સંતવાણીમાં ઘણું ઉપદેશાત્મક રીતે લખાયું છે. નિરાંત પણ એ પરંપરાને જાળવે છે. અદ્રૈતનું નિરૂપણ તેના ભજન ને, પ્રભાતિયાંને આહલાદક બનાવે છે. જુઓ -

'આપ માં આપ તે વિશ્વ વ્યાપિક છે,

એક નિરંતર બ્રહ્મ ભાસે,

તાણો ને વાણો તે સર્વ તંતુ લહયા,
દ્રૈતનું પાસું તે દૂર નાસે.'

એ જ રીતે તત્કાલીન સમયમાં કેટલાક લેભાગુલોકો ધર્મની આડમાં લંપટતાયુકત આચરણ કરતા હતા. માત્ર ધર્મ ની ચર્ચા કરે, વ્યાખ્યાન કરે, ઉપદેશ આપે, સાધુનો સ્વાંગ રચેને એ રીતે ભોળી, અજ્ઞાન અને નિરક્ષર પ્રજાને લૂંટતા રહેતા હતા. શોષણ કરતા હતા. તેવા દંભી અને પાખંડીઓને ભાંડતા નિરાંત કાવ્યાત્મક રીતે પોતાની આગવી અભિવ્યકિત થી કહે છે:

'આપ અવળા ફરે, બીજાને બોધ કરે,
અંધે અંધા અનુસરે, કયાં રે જાશે ;
જાવું દેખત ભૂલી, ડાહયા ત્યાં ગયા ડૂલી,
કરમાયા ફૂલફૂલી, ભૂલ ભાસે.'

અને ,

ભણે ને ભણાવતા, સુણે ને સુણાવતા,
ગુરુ ને ચેલા થતા, અંધ આશે.

એજ રીતે અન્ય પ્રભાતિયાંમાં આ પ્રકારની અનુભૂતિ અભિવ્યકત થઈ છે. દંભી-પાખંડીઓ ઉપર પ્રહારો તો કર્યા છે. તેમ છતાં નિરાંતના આ પ્રહારોમાં પણ તેની સહિદયતા નિર્મળતા અને અભિજાત્ય પ્રગટ થાય છે.

અહીં કલ્પન, પ્રતીક, શબ્દના આવર્તન, પ્રાસ અને અનુપ્રાસ તેમજ ઉતમ પદાવલી થી કાવ્યમાં અનુભૂતિની ચમત્કૃતિયુકત અભિવ્યકિત થઈ છે. કોણ કહી શકશે કે નિરાંત કવિ નથી? પોતાના આલોચકોને નિરાંત આ રીતે ઉતર આપે છે. વેશ ધારીઓને પણ ભાંડવાનું ચૂકતા નથી ને તે પણ ઔચિત્યમાં રહીને : જુઓ-

' વ્યાસનો વેશધરી, સમજણ શી કરી,
આશના પારહરી ઢોંગધારી,
માન મોટા કરે, એટલા અનુસરે,
મનમાં ફૂલ્યા કરે ભૂલ ભારી.'

અને-

' પૂણ્ય ભાગવત તણું, પંડિતે એમ ભણ્યું,
ભાર વહયા ઘણું, ભાર વહેશે.'

આમ, પંડિત-પૂરોહિતોના મતનું નિરસન કરી પરમતત્વને આ રીતે પ્રગટ કરે છે. ઉચિત શબ્દોનો વિસ્નયોગ કરી, ચમત્કૃતિ સાધે છે. -

'આપમાં આપે છે, વિશ્વમાં વ્યાપ છે,
અજપા જાય છે, નામ નિરખો,
નિરાંત નામ છે, આદિનો વિશ્રામ છે,
ઠરવાનો ઠામ છે, પ્રેમ પરખો .'

ઉતર મધ્યકાળના આ જ્ઞાનમાર્ગી કવિની કવિતા સાંપ્રત માં પણ સહૃદયોને ગુંકૃત કરી જાય છે. આશ્ચર્યની વાત છે કે, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નિરાંતના પ્રભાતિયાં પણ ઉપેક્ષિત રહયાં છે. વાસ્તવમાં નિરાંતના પ્રભાતિયાં ઉતમ છે. તેમાં નીતિ બોધની સાથે પરમતત્વના જ્ઞાનનું અસરકારક નિરૂપણ છે.

## યોગ સાંખ્ય ઐકયના સલોકા

મધ્યકાળમાં 'સલોકા' કાવ્યપ્રકાર ઉદ્ભવ્યો. સલોકા એ શ્લોક નું અપ્રભંશ છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રણછોડ જીના સલોકા, રૂસ્તમના સલોકા, અથવા અભરામ કુલીખાનનો સલોકો નોંધપાત્ર છે. એ જરીતે નેમિજીનો સલોકા જે કવિ ઉદયરત્ન ની રચના છે તે કવિ શામળ ભટ ના સમકાલીન છે. એ રીતે સલોકાની પરંપરા મધ્યકાળમાં રહી છે. નિરાંત મહારાજ પણ સલોકા રચ્યા છે. તેમાં યોગ અને સાંખ્ય એમ બન્ને પ્રકાર આલેખ્યા. તેમાં યમ, નિયમ, તેના ભેદ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ઘ્યાન, ભારણા અને સમાધિ વિષયક નિરૂપણ છે. એ જ રીતે સાંખ્યના સલોકામાં જડ તથા ચૈતન્યનું સ્વરૂપ વર્ણવ્યા પછી તેમના યોગથીજગત ઉત્પન્ન થયું તેવું નિરૂપણ કર્યુ છે. ચૈતન્ય પુરૂષ અને પ્રકૃતિના યોગ થી મહત્વ, મહત્વથી અહંકાર, અહંકાર માંથી ત્રણ ગુણ. તામસ થી પંચમહાભૂત અને તેના કાર્ય, રાજસ્ થી અહંકાર ઈન્દ્રિય, સાત્વિક અહંકાર બુધ્ધિ અને અંતઃકરણ પ્રગટયાં ને એ રીતે શરીર ઉત્પન્ન થયું પછી તેના વિવિધ દેવતાઓનું વર્ણન. સૂક્ષ્મ, કારણ, જાગૃતિ લત્યાદિ અવસ્થાઓનું વર્ણન ને આ સર્વથી આત્માભિન્ન છે. તે પ્રકારનું દર્હન નિરાંત મહારાજે અહીં પ્રસ્તુત કર્યુ છે.

યોગ-સાંખ્ય ઐકયનદ સલોક-૧ અને ૨ એમ બન્ને વિભાગમાં યોગ અને સાંખ્યનું વિગતે વર્ણન કર્યુ છે. આ યોગ એટલે સંતવાણીનો સહજ યોગ નહીં, પરંતુ સંસ્કૃતમાં લખાયેલ પતંજલિયોગની અહીં ચર્ચા કરી છે. એજ રીતે સાંખ્યશાસ્ત્રના જ્ઞાનનું પણ અહીં નિરૂપણ છે. આ બન્ને

ગ્રન્થોનું સૂક્ષ્મ નિરૂપણ નિરાંત નસ સમજ શકિતને પ્રગટ કરે છે. યોગ વિશે પ્રારંભ માંજ કહે છે:

'સુણો શ્લોકો સાધુ લોકો,
સંત મહંતો, શુધ્ધ કરી ચંતો.
વૃતિ ભોળી, નાખ્યા બોળી,
ક' યોગ મોટો, બીજો કે ખોટો.'

તત્કાલીન સમયમાં સમાજનો એક મોટો સમુહ નિરક્ષર હતો. પરિણામે શાસ્ત્રો નું અધ્યયન કરી ન શકવાથી અલગ અલગમત પ્રવર્તતા હતા. કોઈ કહે તે સાચું છે, કોઈ કહે જૂઠું છે. નિરાંત મહારાજ કહે છે કે બન્ને વિશે હું આપને કહીશ લખે છે:

'યોગની વિદ્યા કરું ન નિંદ્યા,
સહુ ને વંદયા, કોઈ ન નંદ્યા,
બન્ને બતાઉં, શેણે પતાવું,
સાચું કેવું, સખી રેવું.'

આમ કહી તરતજ પોતાનો મત પ્રગટ કરે છે કે –

'યોગ પેલો, નિરાંતે મેલ્યો,
સાંખ્ય પછે, કહીશું અચ્છે,
સુણો સુણાવું યોગમાં આવું,'

યોગ જેવા સૂક્ષ્મ અને ગહન વિષયને અભિવ્યકત કરવા નિરાંત પોતાની કાવ્યકળાને ખીલવે છે. પદ્યની તૂકબંધીમાં યોગ વિશેની ચર્ચામાં સડસડાટ ગતિ કરે છે. પ્રથમ નવશ્લોક માં યોગ સાંખ્ય ની શાબ્દિક વાત કરી, પછી તરત જ દશમા શ્લોકમાં વિષય પ્રવેશ કરાવે છે કહે છે:

'સહુ ભણાવું, નામ ગણાવું,
યમ છે પેલો, નેમ સેલો,
આસન ત્રીજો, પ્રાણાયામ બીજો,
છે પ્રત્યાહાર, સર્વ ઉધારં,
ધારણ છઠી, વાત વંઠી,
ધ્યાન જાણો, સાતમું માનો.'

આમ, યોગના સાત આસન વિશે ટૂ:કમાં વાત કરી. પોતાના શિષ્ય બાપુ સાહેબને ઉદેશીને કહે છે કે વેદમાં દશ પ્રકારના યોગ ની વાત કરી છે. એટલે નિરાંત બ્રહ્મજ્ઞાની તો છે જ સાથે બ્રહ્મક્ષૈત્રિય તરીકે પણ પોતાને સાબિત કરે છે. વેદમાં નિરૂપિત દશ પ્રકારના યોગની ટૂંકમાં લાઘવતાયુકત

ચર્ચા કરે છે. નિરાંતની કહેવત અહીં પણ To The point જોવા મળે છે. એ પછી તરત જ યોગ વિશેની સમજણ પ્રસ્તુત કરી છે. ને પરમતત્વની પ્રાપ્તિ યોગ અને સાંખ્ય દ્વારા થતી નથી તેવું નિરૂપણ કરે છે. લખે છે.:

'મન જેમાં માણે, તે તો તું જાણે,

નથી યોગની માંય, નથી સાંખ્ય નીમાંય.'

આ બંન્નેની જ આલોચના કરી નથી પણ નાનકપંથી, કબીર પંથી, નાથપંથી, વૈષ્ણવપંથી, જેવા પ્રંથો માર્ગો એ ચાલવાવાળાની પણ ગતિ થતી નથી. આત્મજ્ઞાનને સ્વયંપ્રગટ કરવું જોઇએ. તેવું તેમનુંપ્રતિપાદન છે. બીજા વિભાગમાં ઉંઘ માંથી અર્થાત અજ્ઞાનતા માંથી જ્ઞાનમાં આવવાનું નિમંત્રે છે. સાંખ્ય વિશે કહે છે:

'ચૈતન્યજાને, દૂજા જડ માને, એ વિધિ સાંખ્ય, મેં તો ભાખ્યા'

એમ કહી સાંખ્ય અને યોગ નો માર્ગ કિલષ્ટ છે. માટે જ્ઞાનપ્રાપ્તિમાં તે વિઘ્નરૂપ છે. કહે છે:

'મૂકો ધંધો, પંથનો સંધો, બેય બૂડાડે, એકય ન તારે.'

નિરાંત પ્રતિપાદિત કરે છે કે આ બન્નેના જ્ઞાનવડે માનવી અહંકારી બને છે. ને અહંકાર જ જ્ઞાન માટે વિઘ્નરૂપ છે. તેમ કહે છે. પણ નોંધપાત્ર બાબત તો એ છે કે આ બન્ને શાસ્ત્રોનો વિરોધ પણ કર્યો નથી લખે:

'સાંખ્ય છે સીધું, જો નવ લીધું,

અ'હંકાર ન લાવે, તો કંઈ ફાવે.'

પરંતુ કોઇ એમ કહે કે હું સાંખ્ય વાળો છું, યોગવાળો છું. તો તેને છોડો. પરમની પ્રાપ્તિ માટે ભકિતઉપર ભાર મૂકે છે.

'છું સાંખ્યવાળો, જાણો લાવો, છું યોગવાળો, તેને જાળો,

નિરાંત ન કેવું, નામ જ લેવું, નિરાંત રે'વું, નિરાંતને સે'વું,

આપોપું જાણી, મત નવ તાણી, ભકિત આણી, તરવું ખાણી.'-

વિવિધ માર્ગો તો તારે પણ ખરા, ને ડૂબાડે પણ. માટે માણસેજો ભવસાગર તરવો હશે તો પોતામાં સ્થિર થઇ. ભકિત પ્રગટકરવી જોઇએ. હું નિરાંતનો શિષ્ય છું, કે તે પંથમાં છું તેમ પણ કહેવું જન જોઇએ. માત્ર નિરાંત નામે પરમ ધામે પહોંચી હકાય છે.!

'નિરાંત નામે પોં'ચો ધામે, વિણ ભઇ દામે, નિરાંત નામે'

આમ પોતાની સમજને કાવ્યત્મક રીતે પ્રગટ કરી, વાચકના હૃદયને પણ ઝંકૃત કરે છે.

નિરાંત તત્વત: નિર્ગુણમાર્ગી છે ને તેથી આત્મજ્ઞાની છે. આત્મજ્ઞાન વિના કોઇ ગ્રન્થો કે પંથો પરમપ્રાપ્તિ નો અનુભવ કરાવતા નથી તેવું તેમનું દ્રઢ માનવું છે. અહીં નાના નાના વાકયો સર્જી, ભાષા પાસેથી લાઘવયુકત કામ લીધું છે. એ જ તેની કવિ તરીકેની સિધ્ધિ કહી શકાય. ટૂંકા પણ સચોટ વાકયો શ્રોતા કે વાચક ના મનમાં સહજરીતે સંક્રાન્ત થાય તેવા છે. અધ્યાત્મ ના ગૂઢ અને ગૂહય વિષયને સમજાવતા લાઘવયુકત વાકયો જુઓ–

'માથાં ફોડ નહિં, કષ્ટ છે કંઇ નહિં,
ભણજે પંચ, પચ્ચીસ કેરો સંચ,
તો તો થાશે કામ, જાણી રૂડું નામ,
મળે સુંદરશ્યામ, આવે તારે કામ .'

મળે 'સુંદરશ્યામ', 'આવે તારે કામ', અહીં 'પંચ', 'સંચ', 'કામ', 'નામ' , 'શ્યામ', 'ઠામ', નો પ્રાસ અનાયાસે જાણે કે ગોઠવાય ગયો છે. ભાષાની નજાકત નિરાંતની કવિતાની લાક્ષણિકતા છે.

## બારમાસ

'બારમાસી' સાહિત્ય સ્વરૂપ મધ્યકાળનું એક સમૃદ્ધ સ્વરૂપ છે. મધ્યકાલીન ગુજરાતીની પરંપરામાં એ સતત વહેતું રહયું છે. ડૉ. બળવંત જાની લખે છે:

' મધ્યકાલીન ગુજરાતી બારમાસી કવિતા ની પરંપરાના મૂળ છેક વૈદિક સાહિત્ય સુધી છે. આમઆ એક પ્રાચીન સ્વરૂપ છે. એમાં પદબંધની અભિવ્યકિતની અવનવી તરકીબો, એમાંની વિષય સામ્રગી નું વિન્ય એમ એમાં પારાવાર વૈવિધ્ય છે. [૯]

આ બારમાસી કાવ્ય સ્વરૂપ વાસ્તવમાં ત્રુતુકાવ્યો જ છે. પણ બારમાસના વર્ણનો હોવાથી 'બારમાસ' એવી સંજ્ઞા રૂઢ થયેલી છે. તેથી તેને 'બારમાસ' પણ કહેછે. આ બારમાસીમાં વિરહનું નિરૂપણ, અર્થપૂર્ણ કવિત્તવ, લાઘવતા, વૈવિધ્યતા, એના રાગ અને ઢાળ વગેરે ના નિરૂપણ દ્રારા બારમાસીનો સર્જક સચોટતા સાધે છે. આ બારમાસીઓ મધ્યકાળની એકધારાઓમાં વહી છે. કેટલીક બારમાસીઓમાં કૃષ્ણવિરહ નિરૂપાયો છે. તો કેટલીકમાં નિગુર્ણ નાવલિયાનો વિરહ છે. ભકિતની ઉત્કટતા વિરહનો વલવલાટ મુખત્વે તેનો વિષય રહયો છે. તેમાં વિરહની હૃદય સ્પર્શી અભિવ્યકિત થયેલી હોય છે. પદ – ભજનની જેમ મોટા ભાગના સર્જકોનો બારમાસી પરત્વે વિષય અકરસરખો રહયો છે. પરંતુ તેની અભિવ્યકિત જૂજવી રીતે થયેલી દેખાય છે.

મધ્યકાલીન ગુજરાતી બારમાસી સાહિત્ય સ્વરૂપનો અભ્યાસ – વિવેચન આપણે ત્યાં ધાણું થયું છે. પણ આશ્ચર્યની વાત એ છે કે તેમાં નિરાંત મહરાજની બારમાસીઓનો અભ્યાસ – વિવેચન

થયું નથી. નિરાંતની અભિવ્યકિત પણ અન્ય બારમાસના સર્જકોની જેમ સક્ષમ છે. બારમાસીઓના અભ્યાસમાં નિરાંતને ગૌણ સ્થાન આપી શકાય નહિં. લોકસાહિત્ય ની લગભગ બધી બારમાસીઓનો આરંભ કારતકથી જ છે. અહીં કંઠસ્થ પરંપરાના સાહિત્યની એક જે પ્રચલિત પરંપરા છે એનું અનુસંધાન છે. વાર, તિથિ, મહિના એ કંઠસ્થ માટા આલંબન રૂપ છે.[૧૯] – આરંભ કારતક થી જ હોય એવી પરંપરા છે. પણ કેટલીક બારમાસીઓ અષાઢ થી આરંભાઈ છે. એની પાછળ વિરહ વ્યથાનો કાકુ સવિશેષપણે છે, એમ કહી શકાય.[૧૮]

નિરાંત મહરાજ પોતાના બારમાસનો આરંભ અષાઢથી કરે છે. અષાઢ થી જેઠમાસ સુધીનું નું વિરહ વર્ણન સાદ્યત વહે છે. અંત નિરાંતનો નિર્ગુણ નાવલિયો જ અંતર્યામી છે. એટલે નિર્ગુણભાવની અભિવ્યકિત વિરહવ્યથાની તડપનથી અભિવ્યકત થઈ છે. મધ્યકાળની અન્ય બારમાસી જેવી જ અભિવ્યકિત નિરાંત મહરાજની પણ છે. તેમણે આઠ – આઠ કડીઓમાં દરેક મહિનાના વિરહ – વ્યથાના ભાવને લાઘવતાથી નિરૂપ્યા છે. હવે આપણે તેમની બારમાસી સ્વરૂપના અભિવ્યકિત કૌશલ્યને જોઈએ.

પ્રથમ અષાઢ માસથી વિરહની વ્થા – કથા આલેખાય છે. પ્રકૃતિના ઉદ્દીપન વિભાવથી નાયિકા ઉદ્દીપ્ત થાય છે. વિરહિણી નાયિકા ના મનોભાવ આ રીતે પ્રગટ થાય છે:

' સખી આવ્યો રે માસ અષાઢ, ગગન ઘન ગાજે રે,
સખી ચૌદશ ચમકે વીજ, અંતર દાઝે રે.'

અષાઢનો વરસાદી માહોલ છે. ગગનમાં વાદળા ગડગડાટ કરે છે. ચારેય કોર વિજળી ચમકારા કરે છે. ત્યારે પ્રિય વિરહથી એ સખી મારું અંતર દાઝે છે. વિરહની આવી આગવી અભિવ્યકિત કાવ્યત્મક બનીને આવે છે. પ્રસ્તુત પદની બીજી પંકિતમાં નાયિકાની ફરીયાદ છે કે બધી વેલીઓ, વન ' લીલમ લળિયાં' છે. જયારે હું વિરહથી બળી મરું છું, તેવા ભાવ્જવનું વર્ણન જુઓ –

સહુ વેલા વેલીને રે વન: લીલમ લળિયા રે,
માગ વાલા તણો વિજોગ, વ્રેહેમાં બળિયા રે,

અહીં લળિયાં અને બળિયાનો પ્રાસ તેમજ વન વેલીની લીલોતરીના વિરોધમાં વિરહની અનુભૂતિ વેધક બને છે. પણ આ વિરહ કુંવારિકાનો નથી જે સોહાગણ છે. તેના પતિની ગેરહાજરી પતિવ્રતા સ્ત્રીને સાલે છે. કેવો વિરહ છે? લખે છે:

' જે હોયે સોહાગણનાર કંથ વિજોગણ રે,
તેનું તન તપે દિનરાત, વ્રેહેમાં રોગી રે.'

આ વિરહિણી નાયિકા પિયુ પૂર્ણકામી છે. લખે છે:

'એવી વ્રેહે અબળાની રે વાત, માનો સ્વામી રે,

નિરાંત કહે મહારાજ, પુરણ કામી રે.'

નિરાંત મહારાજનું આ પદબંધ ધ્યાનાર્હ છે. અષાઢ માસનું સ્વતંત્ર પદ છે એમાં વિરહની ઉત્કટ અભિવ્યકિત છે. તેનો રાગ પરંપરિત છે. ને ગેય સ્વરૂપ છે. વિરહનું આગળ રીતે નિરૂપણ સૌદર્ય બોધ કરાવે છે. એજરીતે શ્રાવણમાસમાં વિરહિલત નાયિકાની શું સ્થિતિ છે? લખે છે:

સખી શ્રાવણની સુખવેલ સૂકી દીઠી રે,

ધરતી છે લીલ વિલાસ બહુ રત મીઠી રે,

સખી પિયુ વસે પરદેશ, પંથ નિહાળું રે,

મારે એક પલક જુગ થાય, દિ કેમ ગાળું રે.

હે સખી! શ્રાવણ માસમાં વેલી-વેલીઓ ફાલીફૂલી છે. ધરતી પણ લીલીચાદર ઓઢી હોય તેવી લાગે છે. રાત પણ ઘણી મીઠી છે. પણ સખી ! મારો પિયુ પરદેશ છે. પંથ-રસ્તા તરફ દ્દષ્ટિ રાખું છું. એક એક પળ એક યુગ જેવી મને લાગે છે. તો દિવસો કેમ જાશે? આ પ્રકારનું વેધક નિરૂપણ નિરાંત જેવો કવિ જ કરી શકે. તો, ભાદરવા માસની સ્થિતિ જોઇએ-

'સખી ભાદરવો ભરપૂર મેવલો વરસે રે,

બપૈયા સરવે સાદ પિયુ મુખ પરસે રે,

બોલે કોયલ મોર ઘનઘોર, આનંદ હેલી રે,

ખીલી વનસ્પતિ ભાર આનંદ હેલી રે.'

હે સખી !ભાદરવો ભરપૂર વરસે છે. બપૈયા બોલે છે. કોયલ, મોર ટહુકાને, ગહેકાટ કરે છે. સર્વત્ર આનંદ આનંદ છે. સાથે વનસ્પતિ પણ ખીલેલી છે. સર્વત્ર આનંદની જાણે કે હેલી છે. આ પ્રકારે વર્ણન કર્યા પછી અંત ની બે પંકિતમાં નાયિકા પોતાનો વિરહ પ્રગટ કરે છે.

'એવા સુખમાં દુ:ખિયું રે કોણ કેને કહીએ રે,

જે નર વિજોગી નાર તેને લહીએ રે,

એક સ્વામી વિના સહ સુખ સ્વાદ ન લાગે રે,

નિરાંત કહે મહારાજ મળવું માગે રે.'

આ પ્રકારની અભિવ્યકિત વિરહિણીનારીની અનુભૂતિની પ્રત્યક્ષ કરે છે. શબ્દોનો સમુચિત વિનિયોગ ધયાનાર્હ છે. આ વિરહિણીનાયિકાનો વિરહી ભાવ 'આસોમાસ' માં કેવો છે? લખ છે:

' સખી, આવ્યો રે આસો માસ આશ તમારી રે,
છે પતિવ્રતાનો ધરમ, નિરબળ નારી રે,
પ્રભુ દશેરાનો દિન જોઇ, આવો ટાણું રે,
હરિ કઠણ ન કરશો મન, નહિં બેસે નાણું રે.'

હે સખી! આસોમાસ આવ્યો છે. પિયુ આશમાં ઝુરુ છું. હું નિરબળ નારી પતિવ્રતા શું કરૂ? હે પિયુ, દશરે આવી છે, મિલનનો એ સમય છે હરિ હૃદયમાં ઋઝુતા રાખજો. તેમાં નાણાનો વ્યય થતો નથી. આ પ્રકાર મન: સ્થિતિ વર્ણવી નાયિકા પોતાને પ્રગટ કરે છે.

' તમે જાણો ઘણા જગદીશ નારી નરમાં રે,
મારી સેજની ભલી નિ:સંગ ઘાયલ ઘરમાં રે.'

એ જ રીતે ' કારતકમાસ' ના વર્ણનમાં નાયિકાની સ્થિતિ ગતિનું ચિત્ર જુઓ.

' સખી કારતકે કૃષ્ણ વિજોગ કહો કેમ સહીએ રે,
શોકલડી ઉપર મોહયાં હાડ દુ:ખિયાં થઈએ રે.

પોતાને છોડીને ગયેલો પિયુ શોકલડી ઉપર મોહયો છે. તેથી મારું દુ:ખ હું કોને કહું? આ નાયિકાને પિયુ પ્રત્યે ઘણો પ્રેમ છે. ને તેથી વિશ્વાસ છે કહે છે:

' પ્રભુ લહેર મે'ર આજ અમ પર આણો રે,
નિરાંત કહે મહારાજ, મનની જાણો રે.'

આમ બારેય માસમાં વિરહિણીના મનોભાવોને સક્ષમ અભિવ્યકિત વડે નિરાંત અભિવ્યકત કરે છે. પણ આ કૃષ્ણનો વિરહ નિર્ગુણ છે. નિરાંત તત્વજ્ઞાની અનુભવી આત્મજ્ઞાની હોવાથી નિર્ગુણ નાવલિયો એ જ તેનો કૃષ્ણછે. બારમાસના વિરહનું નિવેદન કર્યા પછી તેરમું પદ પ્રસુતત કરે છે તેમાં લખે છે:

' સખી વરસ એકના માસ બાર વિચારો રે,
છે ગુરુગમ વિસ્તાર, સમજી ધારો રે.
દેહ મનુષ્ય તણો અવતાર જેને આવ્યો રે,
બલિહારી વારંવાર અલખ લખાયો રે,

આમ કહી બારમાસના વર્ણનમાં ગુરુગમે આત્મજ્ઞાન લાધ્યું છે. તેનું વર્ણન કર્યુ છે. મનુષ્ય અવતારનો આ રીતે મહિમા પણ ગાયો છે. ને ગુરુ કૃપા થી જ અલખ થયો છે. અંતની બે પંકિત વડે ફળશ્રુતિ આપે છે. લખે છે:

'જે શીખે સાંભળે સાર સમજી ગાશે રે,

તેનું કુળ કુટુમ્બ પરિવાર પાવન થાશે રે,

હરિ ગુરુ સંતોનો ઉપકાર અમૃત ધારે રે,

નિરાંત કહે મહારાજ, પિયુ જાન પિયારો રે.'

નિરાંત મહરાજની બારમાસીઓ આનંદ-ભાવની પ્રાપિત કરાવે છે.તેમની બારમાસીઓમાં કેન્દ્ર સ્થાને નિર્ગુણ નાવલિયો છે. વિરહની અનુભૂતિની બળકટ અભિવ્યકિત નિરાંતના બારમાસ કાવ્ય સ્વરૂપને નિખાર આપે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં બારમાસી ઓ વિશે ધણું લખાયું છે. પરંતુ નિરાંત ને કોઇ અકળ કારણો સર ગૌણ સ્થાને મૂકી દીભા છે. નિરાંતની અભિવ્યકિતની ક્ષમતા સ્પર્શક્ષમ બની છે. એટલે તેને બારમાસી વિષયક પરંપરામાં સ્થાન મળવું જ જોઇએ.

## તિથિઓ અને વાર

મધ્યકાળમાં 'સાતવાર ', 'બારમાસ' અને તિથિઓ લોકપ્રિય કાવ્યપ્રકારસ્વરૂપો હતા. સાતવાર વિષયક રચનાઓ આદિત્ય વાર થી શરૂ કરવામાં આવે છે. આ વાર સાથે કાવ્યના વસ્તુને કોઇ સંબંધ હોતો નથી. છતાં તેમાં 'મંગળ મંગળકારી રી', 'બુધવારે બુઘ્ધિ મળે રે', 'ગુરુવારે જ્ઞાન આપે રે' જેવી તૂકબંધી ઓ જોવા મળે છે. એ જ રીતે તિથિઓમાં પડવે થી લઇ પુનમ સુધીની દરેક તિથિઓ કોઇ ને કોઇ વસ્તુનું સૂચન કે દર્શન પ્રસ્તુત થતું હોય છે. 'તિથિઓ અને વાર' પ્રકારની રચનાઓ નિરાંત મહારાજે કરી છે. તે જોઇએ -

સાતવાર:

'સાતવાર' નીપરંપરા પ્રમાણે નિરાંત મહારાજ પણ 'આદિતે અદ્રૈત બ્રહ્મ' થી કાવ્યની શરૂઆત કરે છે. પ્રસ્તુત કાવ્યમાં તેઓ પરમતત્વ વિષયક નિરૂપણ કરે છે. 'બ્રહ્મ' વસ્તુને સાતવારમાં પ્રગટ કરવા મથે છે. પ્રારંભમાં લખે છે:

'આદિત અદ્રૈત બ્રહ્મનો, કોઇના પામે પાર,

શેષ સહસ્ત્ર રસના રટે, નિશદિન નામ ઓંકાર,

ગતિ ગોવિંદની અકળિત છે, નિરગમ બધો સંસાર,

સાચી સદ્‌ગુરુ સાધન, બીજું આળ પંપાળ

મૂકી જર્મન મનનનું કરો, આતમ દ્દષ્ટે નિહાળ.'

અદ્રૈતેબ્રહ્મ તત્વનો કોઇ પાકર પામી શકતું નથી. હજારો જીભથી તેનું રટણ કરવામાં આવે, પ્રતિપળ ૐ કારના જાપ કરવામાં આવે, તો પણ ગોવિંદની ગતિ અકળિત છે. જેની ગમ ન પડે એવી તેની ગતિ

છે. માટે સદ્દગુરુ સાધન જ શ્રેષ્ઠ વસ્તુ છે. બ્રહ્મપ્રાપ્તિના સર્વસાધન મિથ્યા છે, તેવું અહીં પ્રતિપાદન કર્યુ છે. એ જ રીતે સોમતિતો સમરૂપ છે. તેમાં સોમ સાથે સમરૂપ કોઇ અર્થઘટન માટે નથી પરંતુ સાતવાર વિષયક રચનાઓમાં દરેકવાર સાથે એવા શબ્દો મૂકી આપીને અર્થનો આભાસ ઉત્પન્ન કરવામાં આવે છે. અહીં પણ હરિની અકળ લીલા ને જ પ્રગટ કરી છે. નિરાંત કહે છે કે તે અનુભવ થી જ ઓળખાય છે. ને આ અનુભવ પ્રાપ્ત કરવા કોઇ અન્ય માર્ગો નહીં, પરંતુ જે સતમતનો પંથ છે તેમાં રહી અનુભવ પ્રાપત કરવો કાષ્ટ માંજ અગ્નિ રહેલો છે જે પ્રગટી ને પોતાનોજ આહાર કરે છે. એવું તત્વ દર્શન પ્રસ્તુત કર્યુ છે. એટલે કાષ્ટમાં જેમ અગ્નિ રહેલો છે. તેમ કાયામાં પરમતત્વ વિલસી રહયું છે. જ્ઞાન પ્રગટ થઇ જાય પછી જન્મ થતો નથી એમ પ્રતિપાદિત કર્યુ છે. 'બુધબાવન અક્ષર'એ વારમાં નિરાંત મહારાજ નિર્ગુણ બ્રહ્મ નું પ્રતિપાદન કરતાં કહે છે કે એ અક્ષર દ્વારા તે નિરાધાર ઉત્પન્ન થયો છે. આ તો સીધી સમજની વાત છે. બીજું તે અહંકાર છે. હરિને પ્રગટ કરવા શરીર થી ઉતમ બીજું કોઇ સાધન નથી. પાંચ તત્વનું શરીર બન્યું છે. જે રામ રમે છે તે નિહાળ' ગુરુગમ વિના ગુરુ નહીં મળે' માં કહે છે કે ચાર વેદનું અધ્યયન કરે તો પણ પરમની પ્રાપ્તિ ન થાય. તે માટે તો ગુરુ ગમ જોઇએ. જપ, તપ, યોગ દ્વારા પણ નિર્વાણની પ્રાપ્તિ થતી નથી મુકિત માટે તો સાચા સદ્દગુરુ જરૂરી છે. મુકિત માટે બીજા અનેક સાધનો છે. પણ અજ્ઞાનતા તેના દ્વારા દૂર થતી નથી. એજ રીતે શુકરત ઉગે સંસારમાંપણ પરમતત્વને યુકિત પૂર્વક સમજી લેવાની વાત કરી છે. જે સદ્દગુર છે. તે વિકાર વાણીથી અળગા હોય છે. તેની સેવા કરવાથી પરમ ગોચર થાય છે. શનિ શૂન્ય શિખરમાં પણ પરમાત્માને ઉજાગર કરતાં કહે છે કે, મનુષ્ય પોતે જ પરમ સ્વરૂપ છે ને તે પૂર્ણ છે. આર્પૂતાનો અનુભવ કરવા મનુષ્યને ઉદ્દર્વમુખ થવું જોઇએ કેમ કે માનવ અવતાર જ શ્રેષ્ઠ છે. અંતમાં નિરાંત કહે છે કે સાતવાર ની તો માત્ર કહેવા પૂરતી વાત છે. રામ તો રહેણી માં જ છે. એ રીતે તત્વજ્ઞાનને લાઘવામાં અભિવ્યકત કરવાની કળા નિરાંત ને સહજ છે. આ રીતે સાતવારમાં નિર્ગુણ પરમાત્માનું નિરૂપણ કર્યુ છે.

તિથિઓ:

તિથિઓની રચનાનો આરંભ નિરાંતે પડવેથી કર્યો હતો ને પૂનમ સુધીમાં પરમતત્વનું કાવ્યાત્મક નિરૂપણ કર્યુ છે. 'મનુષ્ય અવતાર છે રૂડો' જેવી ચોટદાર ટેક દ્વારા સમગ્ર કાવ્ય સાદ્યંત વહે છે. કાવ્યનું મંગલાચરણ સદ્દગુરુની વંદના દ્વારા કર્યો છે જેમકે -

'પરથમ સદ્દગુરુને પાયે લાગુ લાભ ઘણો થાય,
જ્ઞાન ગુણ ગુરુના ગાય રે, મનુષ્ય અવસર છે રૂડો.' ટેક.

ગુરુના જ્ઞાન ગુણ લખવાને લાયક તો સદ્દગુરુને કારણે જ બન્યા છે. તેમ કહી 'પડવે પૂરણ પ્રીત કરી' - આ પ્રીત હૃદય ના આનંદ માંથી વહી છે. કેમકે સંતનો સંગત થયો છે. બીજને દિવસે

ભ્રમનું નિરસન થયું, કેમ કે હરિને રમતો જોયો. તેને જોવા હું જાગૃત થયો. એક પછી એક તિથિમાં ભકતની સ્થિતિમાં શું ફેર પડયો છે તેનું વર્ણન પણ લાઘવ યુકત થયું છે. 'ઘટ ભીતર જ પરમના દર્શન થયા માયા એવી તો બળવાન છે કે તેનો પાર કોઈ વીરલા જ પામે છે. પાંચ તત્વો તો સાથે જ છે ને આ પાંચતત્વની રચના પણ હરિએ રમવા માટે જ કરી છે. પણ અહંકારમાં પોતે જ પોતાની રચનામાં ભૂલો પડી ગયો. અજ્ઞાનતાના અધંકારમાં મશગુલ થઈ, વિસ્મરણની ગર્ભમાં ઘરેલાય ગયો. તેમાંથી મુકત થવા સદ્‌ગુરુનું શરણ ગ્રહણ કરવું જોઈએસદ્‌ગુરુને સેવવાથી જ અગમની ગમ પડે છે. ને પછી ભમતું મન શાંત થાય છે. ને જ્ઞાન, ભકિત, યોગ, ધ્યાન, સમાધિ, કર્મકાંડ ની પછી જરૂર રહેતી નથી. સદ્‌ગુરુની પ્રાપ્તિ પછી નામ નો જપ્રેમ રહે છે. આ નામસ્મરણ વડે – નિર્મળ નામ વડે અંતરનું અભિમાન જતું રહે છે. ને સદ્‌ગુરુના શરણે રહેવાનું જ બને છે. પછી શબ્દની સમજ – રબ્દભેદની સમજ પ્રાપ્ત થાય છે. યુકિત પૂર્વક પરમની પ્રાપ્તિ થાય છે. પણ તેમાં મરજીવા બનવું પડે છે. આ તો શૂરાનો માર્ગ છે. પાંચતત્વનું દર્શન થયા પછી, તેમા રહેલા પરમની અનુભૂતિથાય છે. આ પરમતત્વ સચરાચરમાં વિલસી રહયું છે. મનુષ્ય અવતારનો જે મહિમા છે તે નિરાંત ખૂબ ગાયો છે. મનુષ્યય અવતારનું મૂલ્ય શુ છે ? ને કેવું છે ? તેનું વિગતે અહીં બયાન છે. ને, તે પણ કાવ્યાત્મક રીતે કહેવાયું છે. અહીં પણ બારમાસીની જેમ જ નિરાંત મહારાજે ફળશ્રુતિ આપી છે. લખે છે:

'તિથિ શીખે સાંભળે ગાશે, કુળ કુટુમ્બ સહિત પાવન થાશે,
નિરાંત મુખ વાણી ભાસે રે, મનુષા અવસર છે રૂડો.'

આમ, ન્રિાત મહારાજ 'સાતવાર' અને 'તિથિઓ' ની રચનામાં પણ પોતાનું કવિત્વ સિઘ્ધ કરે છે. આજે પણ આ રચના ઓ પરમતત્વને સમજવા માટે એટલી જ પ્રસ્તુત છે. પરમ પ્રગટ કરવા તેમણે જે અભિવ્યકિત સાંધી છે. તે ઉતમ છે. પોતાને જે કહેવું છે તેનું લાંબુ વર્ણન ન કરતા લાઘવમાં કહેવાનું કળા ને કારણે ઘણું કહી શકે છે. કવિની ખૂબીજ એ છે કે તેને જે કહેવું છે તેની વાત વેધક અને સચોટતા પૂર્વક કરે છે. માત્ર સતર પંકિતમાં નિરાંત તિથિઓ રચી વાંચક કે શ્રોતાઓને સત્સંગ કરાવ્યો છે. ને તે વડે જીવન મુકિતનો માર્ગ બતાવ્યો છે.

હિતશિક્ષા:

મધ્યકાલીન ગુજરાતી સંત સાહિત્યમાં સંતકવિઓ હિતશિક્ષા નામનો સાહિત્ય પ્રકાર આલેખ્યો છે. આ એક પદ પ્રકારની જ કવિતા છે. હિત ના માટે અને હિત કર એવી શિક્ષા તેમાં વર્ણન કરી હોય છે. સંસ્કૃત શિક્ષ ધાતુ પરથી 'શીખ' દેવી શબ્દ ઉદ્‌ભવ્યો છે. શીખ દેવી એટલે સલાહ આપવી, અનુમતિ આપવી વગેરે અર્થ નિહિત છે. એટલે હિતશિક્ષા નામે સંતકવિઓએ કેટલીક રચનાઓ કરી છે તેમાં તત્વત: બોધ કે ઉપદેશ કરવામાં આવે છે. નિરાંત મહારાજે આ પ્રકારના પદો રચ્યા

છે. તેમાં બોધ ઉપદેશ નું તત્વ છે. આ શિક્ષા પ્રકારના કાવ્યનો છંદ કુંડળિયા હોય છે. તેથી તેને કુંડળિયા પણ કહેવામાં આવે છે. નિરાંત મહારાજ પાસે થી સાતેક જેટલી રચનાઓ પ્રાપ્ત થાય છે. કુંડળિયા રાગમાં તેમણે હિતશિક્ષા નામે કવિતા આપી છે. જોઈએ -

'કર આતમ બોધ, બોધ સે બંધન છૂટે,
કાલકરમ કટ જાય, નાહિં જમ કિંકર લૂટે.

અને, કાવ્યને અંતે -

'કવિ કહે નિરાંત, ભરમકા લગરા તૂટે,
કરલે આતમ બોધ, બોધસે બંધન છૂટે.'

આ ઉપરાંત -

'બિન કવિતા કો જનમ, સુનો કહું કૈસા ભાઈ,
પથ્થર પડિયા પેટ, જનુની ભાર લદાઈ.'

અને -

'ચત ચોંપમેં ચેત કહતહું કરી પુકારા,
પડે પંડ પસ્તાય, પલક નહીં લાગે વાર'.

એજ રીતે -

'સાહેબ કો સાહેબ નહિં, સંત સાહેબ પરમાન,
નિરાંત હરિજન સો લહે: અવતર શું સહે અજાણ'.
'અવર શું લહે અજાણ, સંત નો મહિમા મોટો,
આતમ સરવસમાન, નહિં છોટો નહીં મોટો'.

આ રીતે નિરાંત મહારાજે પોતાના કવનમાં હીત શિક્ષા - કુંડળિયા નામે રચનાઓ કરી છે. તેમાં બહુધા બોધ ઉપદેશ જોવા મળે છે. પણ અહીં તેમની અનુભૂતિની અભિવ્યકિત પણ ધ્યાન ખેંચે છે. શબ્દોનો સમુચિત વિનિયોગ કરી, પ્રાસ અનુપ્રાસ યોજી, તેમાં વર્ણસગાઈ અલંકાર સહજ રીતે આવે છે. નિરાંત મહારાજને સંત કવિ કહેવા ઉચિત જ છે.

અવતાર ખંડન:

મધ્યકાલીન ગુજરાતી સંતસાહિત્ય માં 'અવતારખંડન' નામે સ્વતંત્ર રચનાઓ જો કોઈએ આપી હોય તો તે સંત નિરાંત મહારાજે જ આપી છે. અલબત કેટલાક સંતકવિઓએ વિષ્ણુભગવાનના પરંપરિત અવતારોનો નિષેધ કર્યો છે. પણ સ્વતંત્ર રચનાઓનો પ્રશ્ન છે ત્યાં સુધી તો નિરાંત મહારાજનું જ નામ ગણાવું. જોઈએ આ તમામ રચનાઓમાં એક પછી એક અવતારોનું

ચિત્રણ થયું છે. તેમાં ખંડનાત્મક રીતે અભિગ્યકિત કરવામાં આવી છે. પરંતુ ઈશ્વરનો ઈન્કાર કર્યો નથી નિરાંત નિર્ગુણ માર્ગી છે. તેથી ઈશ્વરને રૂપ, રંગ કે આકાર નથી તેમ માને છે. પરમતત્વ તો સચરાચરમાં વ્યાપ્ત છે. ને તેથી તે સર્વત્ર વિલસી રહયો છે. એ પ્રકારની અનુભૂતિની અભિવ્યકિત અહીં કરી છે. પ્રસ્તુત દશ અવતારોનું અહીં ખંડન કર્યુ છે. તેમાં વારાહઅવતાર, બળરામઅવતાર, કૃષ્ણ અવતાર, રામ અવતાર, પરશુરામ અવતાર અને વામન અવતારનો સમાવેશ થાય છે. અહીં તમામ રચનાઓ દશ-દશ પંકિતમાં રચી છે. પદ પ્રકાર માં સમાવેશ કરી શકાય તેવી આ રચના ઓ છે. તેમાં ઉત્તમ પદાવલી ની સાથે પ્રાસ નો પણ સહજ રીતે સુંદર વિનિયોગ થયો છે. પ્રથમ પદ 'વરાહ અવતાર' નું છે. તેમાં અભિવ્યકિત કથનાત્મક છે. શ્રોતાઓ ને ઉદ્દેશીનેકહેવાયેલી આ રચના સુંદર કાવ્ય બને છે, જુઓ -

'વાત કે 'વી અવતાર ની, સુણો શ્રોતા આજ,
નિંદા તો મેં નવ કરું, લાગે ગુરુ કો લાજ,'

અહીં પ્રંરભમાં જ નિરાંત મહારાજ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરેછે. પરંપરાગત ધર્મ શ્રધ્ધા કે અંધશ્રધ્ધા માણસની રગરગમાં વ્યાપ્ત હોય છે. તેથી અવતાર ખંડનની વાત સાંભળતા તેને આધાત જ લાગે છે. પણ નિરાંત મહારાજ પ્રારંભમાં જ સ્પષ્ટ કરે છે કે હું કોઈની નિંદા નહી કરું, કેમ કે તેમ કરવાથી ગુરુ ની જ નિંદા થાય પણ જે સત્ય છે તેની જ વાત કરું નિરાંત લખે છે:

'વારાહ નો અવતાર છે, પુરાણ કેરી માંય,
જેણે પૃથ્વી ઉદ્ધરી, એવી વાતો ત્યાંય.
યોનિ જો જો પશુ તણી, પંકિત ભૂંડની કોઈ,
પરમાત્મા ને એ ગમી, પુરાણ કે, છે જેઈ.

પણ -

'ભૂંડ પૂજે મુર્ખજન, પુરાણનું દેઈ પ્રમાણ,
નારક ખાય નરકે સૂવે, એતો છે સહુ જાણ.
તોય જઈને પૂજવો, એ કેવુ અજ્ઞાન,
પુરાણ કંઈ ખોટા નથી સર્વત્ર ઈશ્વર જાણ.

આમ અહી ઈશ્વરના કે શાસ્ત્રોનો કોઈ વિરોધ નથી. પણ ભૂંડ નું દષ્ટાંત એ વાત નું સૂચન કરે છે કે પરમાત્મા સર્વે વ્યાપક છે. પણ ભૂંડ ને બ્રહ્મ માનવો, તેનેજ ઈશ્વર કહેવો એ તો અજ્ઞાન કહેવાય. નિરાંત લખે છે:

'પાસે મૂકી આત્મા, મૂરખ થાય અજાણ.'

ભૂંડ ને જેબ્રહ્મ માને છે તેવા ગુરુ ની સાન ખોટી છે. ભૂંડે હિરણ્યાક્ષ ને માર્યો, તેથી તે

ભગવાન થલ ગયા? જો તે વાઘને મારે તો તે કાંઈક સત્ય લાગે . આ પ્રકાર ભૂંડ ને ભગવાન માનવો એ નર્યુ અજ્ઞાન છે. જે ભૂંડને પૂજે છે ને સર્વમાં ઈશ્વર જોતો નથી તે મૂર્ખ છે ને તેથી તેનું ખંડન કરુછું.

રાગ રામગ્રી માં આ તમામ રચનાઓ છે. કર્ણ ને મધુર લાગે તેવા શબ્દો છે સંસ્કૃત માં કહયું જ છે ને કે 'વાકયમ રસાત્મકમ કાવ્યમ' એ રીતે આ રચના પણ કાવ્ય બનેછે. એજ રીતે 'મત્સ્ય અવતાર'નું પણ ખંડન કર્યુ છે. પુરાણની વાર્તા ને અહીં પોતાની રીતે પદ્યાત્મક રૂપ આપ્યું છુ .

એજ રીતે 'કચ્છાવતાર' નું પણ ખંડન છે. સમુદ્ર મંથનમાંથી જે પ્રાપ્ત થયું તે બધું કાચબા ને આભારી છે. કેમકે પર્વતનો જે રવૈયો કર્યો તે કાચબાની પીઠ ઉપર હતો નાગનું નેતરું કર્યુ વગેરે અહીં નિરાંત આ પુરાણની જ વાર્તા પોતાની રીતે પદમાં અભિવ્યકત કરે છે. ને પ્રશ્ન કરે છે કે -

'પીઠ ઉપર ધરી રખા, બળ દોનું કા ધાર,
વારિમાં નવ વો ગયા, સમજો સાર અસાર,'

નિરાંત કહે છે કે અજ્ઞાનતા ના આવરણને લીધે લોકો ને સત્ય દેખાતું નથી. આત્મારામને જે માનતો નથી તે અજ્ઞાની છે. અહી પણ સુંદર કાવ્યાત્મક અભિવ્યકિત ધ્યાન ખેંચે છે. એજ રીતે મોહિનીરૂપ પદ માં સમુદ્ર મંથન પછી જે અમૃત નિકળ્યું ને દૈત્યો ને અમૃત લઈ ગયા તે વિશેની પુરાણની જ વાત છે. પણ એ વાત પોતિકી અભિવ્યકિત માં કરી છે. પૂરા કલ્પન અહીં તમામ પદો માં રહેલું છે. અમૃત ને દૈત્યો લઈ ગયા પછી દેવો એ સ્તુતિ કરી. પરમાત્મા પ્રગટ થયા. પણ નારી રૂપે!આ મોહિનીરૂપે દૈત્યો ને વિવશ કર્યા, !

આ પ્રકારનું આલેખન કરી, નિરાંત કહે છે :

'છળયા દૈત્ય એ નારી એ, પ્રકૃતિ વદો મનાય,
પુરૂષ ને કથમ તે કહું, ખોટું કેમ વદાય.'

આમ, પરમાત્મા ને જે નારીરૂપે -મોહિનીરૂપે જે ભજે છે તે મૂઢ છે. તેવુ કાવ્યાત્મક પ્રતિપાદન અહીં છે. એજ રીતે ' નૃસિંહ અવતાર'માં કહે છે કે હિરણ્યકશિયુને મારવા પરમાત્મા એ 'નૃસિંહ' નું રૂપ લીધું કેમ કે ભકત પ્રહલાદને ઉગારવો હતો !પરમાત્મા એ નર નહીં, નારી નહીં, પશુ પંખી નહીં , એવુ નૃસિંહ નું રૂપ લીધું ! નિરાંત કહે છે કે આ રૂપ વિશે કાંઈ સમજ ન પડે . લોકો ચિત્ર ની પૂજા કરેછે અજ્ઞાની લોકો તેના ગુણ ગાય છે. પછી લખેછે,

'જાણે નહીં તે જૂવે, ચિત્રકેરા રૂપ,
માને તે મનથી વૃથા, નૃસિંહ મોટો ભૂપ'.

અહીં નિરાંતની વક્રોકિત ધ્યાન ખેચે છે. સાથોસાથ પંડિતો ઉપર પ્રહાર પણ કર્યો છે, જુઓ-

'એવી વાત અનેક છે, મુરખને નહીં સાન,
બન્ને રૂપ ને પૂજ્તા, પંડિત નહીં તે પણ, '

એજરીતે 'બળરામ અવતાર' નું ખંડન કરતાં લખેછે કે આ બ્રહ્મ ને બીક લાગી, ડર લાગ્યો તેથી ઉદરપાર જતાં રહયા. ને પછી અન્ય ધરે મોટા થયા. કેવી અજ્ઞાનતા છે ! નિરાંત લખે છે:

'જાણે નહીં તે જુવે, ચિત્ર કેરા રૂપ,
માને તે મનથી વૃથા, નૃસિંહ મોટો ભૂપ'.

અહીં નિરાંતની વક્રોકિત ધ્યાન ખેંચે છે. સાથો સાથ પંડિતો ઉપર પ્રહાર પણ કર્યો છે, જુઓ -

' એવી વાત અનેક છે, મુરખ ને નહીં સાન,
બન્ને રૂપ ને પૂજતા, પંડિત નહીં તે પાણ.'

એ જ રીતે બળરામ અવતાર નું ખંડન કરતાં લખે છે કે આ બ્રહ્મને બીકલાગી, ડર લાગ્યો તેથી ઉદરપાર જતા રહયા. ને પછી અન્ય ધરે મોટા થયા. કેવી અજ્ઞાનતા છે. !
નિરાંત લખે છે:

'બળરામકો ઈશ્વર માને, બડા બ્રહ્મ અવતાર,
બીક લાગી બ્રહ્મકુ ભાઈ, ભાગ ગયા ઉદર પાટ,
એક આવરણથી બીજે જાવે, એ ઓછો સંતાપ,
પર ઘેર તો બ્રહ્મ ઉછેરિયા કર્યા શાં શાં પાપ' ?

અને આ બ્રહ્મરૂપ બળરામ કેવા છે તેનુ વર્ણન જુઓ -

' ક્રોધ કૈસા વો પણ કે' તા, નદી કો ખેંચી પાસ,
મદિર બિના ચલે નહીં, યાકિ નિત્યે આશ,
બ્રહ્મકુએ બંધન કૈસા: પૂજનનાર બતાવો,
ક્રોધ બ્રહ્મને કયાં વસે ? વ્યર્થ શીદ વતાવો ?

આમ તળપદીબાનીમાં નિરાંત પોતાની અનુભૂતિ ને બળકટતા પૂર્વક અભિવ્યકિતમાં કેવું તત્વજ્ઞાન વ્યકત કરે છે, જુઓ -

' અવતાર બ્રહ્મની બલા ઉતારો, મળશે આત્મારામ,
શુધ્ધ મને તો જુઓ નિહાળી, આપો આપ થાય કામ.'

કૃષ્ણ અવતાર નું ખંડન કરતાં નિરાંત પ્રારંભમાં લખે છે.

'કૃષ્ણદેવની લીલા મોટી, ભકતો એના ગાશે,

જન્મતા માંહી કપટ જડયું, સુણી સુખી કો થાશે ?'

એવી ચોટદાર અભિવ્યકિત પ્રારંભ માંજ કરે છે. ગોપીઓ સાથેની પ્રીત વિશે નિરાંત શું કહે છે, જુઓ -

'પછે ગોપી સંગ ખેલે, બડાવો અદ્દભૂત,

પરબ્રહ્મને કૈસા મચાયા, વિષય વાસના તૂત'?

ભકતો કૃષ્ણના આ સ્વરૂપને ભજે છે. માને છે, ને પૂજે છે, પણ આત્મારામને કોઇ જોતું નથી. ભ્રાન્તિ અને ભ્રમજાળ માં ફસાયેલા લોકો જ તેને બ્રહ્મ માને છે. આમ કહી પરબ્રહ્મનું લાઘવ યુકત નિરૂપણ કરતાં લખે છે:

'પૂજો કે કોઈ કરો માનતા, નિરાંત કો નહીં તાપ,

નિરજંનકો નિરાંત પાયા, ફિટયા દોરડી સાપ.'

એ જ રીતે 'રામ અવતાર' નું ખંડન કરતાં લખે છે કે , રામ મહાપ્રભુ છે ને તેના અનેક તીર્થસ્થાન પણ છે, જનકપુત્રી સીતા સાથે લગ્ન કર્યા છે. રામને રાજય ન મળયું તેને વનવાસ મળયો. તે પછી આ રામ દુષ્ટ લોકોને માટી સ્વર્ગે પહોંચાડયા ! આવા આ રામ નિરાંતની દ્દષ્ટિએ કેવા છે? જુઓ -

'દુષ્ટ લોક કો મારમાર કે પહુંચાયે ઠેઠ,

રાવણ નારી લે ગયા હૈ, વળગી બ્રહ્મને વેઠ.'

અહીં અનાયાસ રીતે આવતો ઠેઠ અને વેઠ નો પ્રાસ, . પરાંત શ્લેષ પણ ધ્યાનાર્હ છે. આ રામે વાનરોની મદદથી સમૃધ્ધમાં બાંધ્યો. રાવણ બ્રાહ્મમણ હતો. તેને મારી બ્રહ્મ હત્યા કરી, પછી યુધ્ધમાં માર્યા ગયેલા વાનરો ને સજીવન કર્યા! પણ રાવણ જીવતોન થયો ! લડાઈ - ઝઘડા કરી રામ ધરે આવે છે. પછી લોકચર્ચાને કારણે સીતાને દૂર કરે છે. ! આવા દયા વિના ના બ્રહ્મ હોઈ ન શકે. સીતાએ જંગલમાં પુત્રોને જન્મ આપ્યો. જાણે ભકિતની કસોટી કરી! નિરાંત કહે છે કે સાચું તો એ છે કે -

' શિક્ષા માનો તો એવા થાઓ, જીવતા ને જઈ મા નો,

પથ્થર તને પાર ઉતારે, થયો અલ્યા દિવાનો ? '

પ્રસ્તુત પદમાં નિરાંત પ્રતિપાદિત કરે છે કે, જે બ્રહ્મ નારી માટે આંસુ સારે, તે મુકિત કયાંથી આપે ? અહીં લાઘવયુકત અને માર્મિક રીતે અભિવ્યકિત સાધી છે. 'પરશુરામ અવતાર' પદમાં કહે છે કે પરશુરામનો મહિમા લોકો કરે છે. કેમકે તેમણે એકવીશ વખતક્ષત્રિયોનું નિકંદન કાઢેલું. એવી કથા છે. નિરાંત પ્રશ્ન મૂકે છે કે -

'બ્રહ્મ એસે કરમ કરે, દયાહીન કો કામ,

ફરશી ધર કો પૂજો સબકોઇ, માની સુંદર શ્યામ,

હત્યારેએ ટાની અલગે, નામ સૂણી લાગેપાપ,

ક્ષત્રિયોંકા મર્દન કરતા, મુનિ કો પૂછો જવાબ'

આમ, આપ્રકારની દીર્ઘવાતને લાઘવમાં કહી બતાવવાની કળા નિરાંત પાસે છે. અહીં નિરાંત ધાર્મિક માન્યતાઓનું પણ કાવ્યાત્મક નિરૂપણ કરે છે, જુઓ -

'બમન મારને સે દૂના, નૃપ મારવે કો પાપ,

વો તો ઈને ધમણ નિકાલા, કૈસા હૈ સંતાપ'.

આ બ્રહ્મ પાછો કેવો છે તે વર્ણન જુઓ -

' લોહી મેં બેઠકર ક્રિયા કીની, સારાવાંહી શ્રાધ્ધ,

માતા મારી પિતા મરવાયા, કહે કોણ વો સાધ.'

એજ રીતે ' વામન અવતાર' નું ખંડન કરતાં લખે છે:

' વામનજીનો જનમ જાણે, છળવા કારણ માને,

ઈન્દ્રનું સબકુછ હર્યું, રૂપ લીંધુ ભગવાને,

બડે ઋષિ કશ્યપકો જાનો, વાકાપુત્ર વામન,

ઉપવિત કે સહુ કર્મકીનો, હો ગયા પાવન,

કપટ જાણે પરબ્રહ્મ એથી ભૂડું શુ'ચ,

કપટ કરવા રૂપ લીધું ભકત કે પછી શું 'ચ.'

આમ, સૂત્રાત્માક રીતે પોતાની અનુભૂતિ ને પ્રસ્તુત કરે છે. બળિરાજા પાસે જે માગ્યું તે આપ્યું, તો પણ કપટ કરી તેને બંધન બનાવ્યો નિરાંત લખે છે:

પરબ્રહ્મના જો જો ભાઈ, કરમ એવાં ભૂંડા.'

કપટ પૂર્ણ વ્યવહાર જો પરિબ્રહ્મ કરતા હોય તો એ નિરાંતને ઈષ્ટ છે. તેમની દૃષ્ટિએ પરિબ્રહ્મ કુડ-કપટ, લંપટ, હોય જ નહીં. તેથી તેમણે ખંડનાત્મક વાત કરી છે ને જ્ઞાનમાર્ગ પ્રસ્તુત કર્યો છે. આ દશ અવતારની વાત માટે સેંકડો પાના જોઈએ. પણ નિરાંતની અભિવ્યકિતની ક્ષમતાને કારણે લાઘવમાં પોતાની વાત ને મૂકી આપી છે. તેમની અભિવ્યકિત શકિત સ્પર્શક્ષમ બની છે તે ન ભૂલવું જોઈએ.

## પદ્યાત્મક કથાઓ

મધ્યકાળમાં પદ્યનું બહુધા આલેખન થયું છે. ગદ્ય તો કયાંક વ્યવહારિકસ્તરે લખાતું. તેમ છતાં મધ્યકાળમાં આપણને કેટલીક ગદ્યકૃતિઓ પણ મળે છે. નિરાંત પોતાની કથાઓ, વાર્તાઓ પદ્યમાં કહી છે. પ્રોફેસર મજકમુદાર લખે છે: વાર્તા કેવળ વિનોદનું સાધન છે. એમ

નથી. વાર્તા લોક શિક્ષણના પ્રચારનું પૂરણ સાધન છે. વેદકાળથી આ શિક્ષણના પ્રચારનું પૂરાણું સાધન છે. વેદકાળથી આ શિક્ષણ પરંપરા અબાધિત રહી છે. લોકવાર્તાઓ દુહા, ચોપાઈ માં પણ મળે છે. કેટલીક વાર્તાઓ પરંપરિત લય, ઢાળ માં પણ દૃષ્ટિગોચર થાય છે. નિરાંત મહરાજ પોતિકા પણ પરંપરિત લય, ઢાળ, માં કથાઓ પ્રસ્તુત કરે છે. અહીં બે વિભાગમાં તેમની કથાઓ પ્રાપ્ત થાય છે. પ્રથમ વિભાગમાં અઢાર કથાઓ છે. જયારે બીજા વિભાગમાં દશ કથાઓ પ્રાપ્ત થાય છે. પ્રથમ વિભાગની કથાઓમાં શ્રધ્ધા, ધનવિરાગ, સ્ત્રી વિરાગ, ગુરુશ્રધ્ધા, ગુરુઉપદેશ, વિશ્વાસ, સંતતિ વિરાગ, માયાત્યાગ, ષડ્‌રિપુ, ચિતશુધ્ધિ, એકાગ્રતા, બ્રહ્મદર્શનનો લાભ, માયારૂપ કથન, પુરૂષ પ્રકૃતિ, પ્રકૃતિનો પરિવાર, બ્રહ્મ દર્શન, સંગત્યાગ, અને સદ્‌ગુરના લક્ષણ જેવી વિવિધ વિષય અંતર્ગત કથાનો પ્રાપ્ત થાય છે. જયારે બીજા વિભાગની કથાઓમાં – પરમતત્વ વિષયક દર્શન પ્રસ્તુત કર્યુ છે. આ કથાઓમાં લાઘવયુકત અભિવ્યકિત થઈ છે. આ બન્ને વિભાગની કથાઓમાં તેમણે પ્રગટ
કરેલું કવિત્વ જોઈશું – 'શ્રધ્ધા' વિષયક કથામાં નિરાંત બોલચાલની ભાષા પ્રયોજે છે. 'સુણો શિષ્ય મારી એક વાત થી કથાનો પ્રારંભ કરે છે. તેમને અભિપ્રેત પણ ઉપદેશ જ છે. તેમ છતાં પણ ટૂંકા ને સચોટ વાકયો પ્રયોજી પોતિકી અભિવ્યકિત પ્રગટ કરે છે. , જુઓ –

'આડી તેડી માંહી હશે નહીં, ચોખોચટ પ્રભાત,
ગૂંગળાવું એ તો પંડિતને સોપ્યું, થઈ જેને કાળી રાત'

અહીં સચોટ વેધક રીતે પોતાની વાત પ્રસ્તુત કરે છે. 'ચોખોચટ પ્રભાત' અને 'કાળી રાત' ના વિરોધાભાસે પ્રાસ યોજના હૃદયંગમ છે. એ જ રીતે 'ગૂંગળાવું' એ તો પંડિતને સોપ્યું 'માં કટાક્ષ. જોઈ શકાય છે. ને 'કાળીરાત' અજ્ઞાનતાનું પ્રતીક બનીને આવે છે. કટાક્ષ અને નર્મ મર્મ યુકત અભિવ્યકિત દ્રારા 'શ્રધ્ધા' ને તાદશ કરે છે. જો શ્રધ્ધા પૂર્વક કથા નહીં સાંભળો તો અજ્ઞાનતા જ રહશે. આ વાત ગ્રામ્ય રીતે નહીં પણ કવિત્વ વડે પ્રગટ કરે છે. જુઓ –

'દિવસ ઉગે માને મારું, થઈ જાય ઝાકઝમાટ,
બે બોલમાં તો તોલ બતાવું, જાયે કર્મનો કાટ,
પણ શ્રધ્ધા જોઈશું સાંભળશોતો, હો જાવેગી છાંટ,
પહેલી વાત પરોઢે કેવી, તેરી ગરજે માટ,
નિરાંત ને નવ લેવાદેવા, ચગોદ અજ્ઞાનની છાંટ'.

સામાન્ય જન ભૌતિક સંપતિને ધન માને છે. સંત પરંપરા આ પ્રકારના ધન ને તૂચ્છ અને દુ:ખકર માને છે. ધન હોય ને તેનો સદ્‌ઉપયોગ ન થાય તો તે આપતિજનક પણ બને છે. માણસને ગર્વિલોને અહંકારી બનાવે છે. મીરાં પણ કહે છે કે 'રામ રતન ધન પાયો' – એવું ધન જ સુખ આપે

છે. નિરાંત લખે છે:

'નામ નિરાંતનું ધન જે સુખ આપે છે. નિરાંત નિવારણ,
ધન તો મારું એમ કરતાં મરો, વાકુ દાટો ખાણ'.

એવો અણગમો અને આક્રોસ પણ પ્રગટ કરે છે – એજ રીતે –

ધનની નિંદાપણ કરતા નથી . પરંતુ કેટલાક ધનની સાથે અન્ય વસ્તુ ની પણ ખેવના કરતાં હોય છે. આવા ચંચળ જીવોને કહે છે:

'બે બાજુએ વાટ ગયે તો, જાયેગા જો એક,
ધન તો ભાઈ ધન ને ભજો, તજી આશાબીજી અનેક'.

પોતાની વાતને લાઘવમાં કહેવાની કળાપણ નિરાંતે નિપજાવી છે જુઓ –

'કોઈક ઠગ તો ટગી જાશે, ત્યારે ચડશો આપ,
કિમિયો કરવા ધનથી જાશે, ઉપજશે માંહી તાપ,
'એવું એવું કેટલું કરશો, ધન નો પામી અનુરાગ,
નિરાંત નામ ભજો નિશદિન તો, લાગે ન ધનનો ડાઘ'

કોઈ કારણ થી સ્ત્રીને સંતોએ માયાના રૂપમાં વર્ણવી છે. અને પુરૂષને માયા પાછળ લયલીન હોય છે. માનવ અવતાર મળ્યો છે, તો એ એક મોટો અવસર છે. તેને વેડફી ન નાખતા સદ્ ઉપયોગ કરવાનો બોધ – ઉપદેશ સર્વ સંતકવિઓએ આપ્યો છે. પ્રસુતત કથાપદ સ્ત્રી વિરાગ માં નિરાંત મહારાજ લખે છે:

'મૂરખા સ્ત્રી માંનું બબધાણો, હરિનો વિવેક ના પિછાણ્યો,
મૂઢ રસ્તો તૈં ના જાણ્યો, મારી કરી સુખ માણ્યો.'

નિરાંત મહારાજ ખપપૂરતા શબ્દોનો ઉપયોગ કરે છે. બહુ ઓછા શબ્દોમાં પોતેને જે કહેવું છે, તે કહી જાણે છે તે માટે પ્રાસ અને દ્રિ – રુકિત પણ યોજે છે, જુઓ –

'કરે લીલા ખોટી નારી, તારી મતિને જાણ ભમાડી,
એને નથી તું કે તારો કોઈ, વો તો લાગતું દેખતી જોઈ.'

નિરાંત પ્રતિપ્રાદિત કરે છે કે કર્મ જોગે જો નારી સારી મળે તો પણ તે ભવ સાગરમાં ડૂબાડે છે. કેમકે પોતાનામાં રમમાણ રાખીને તે પરમતત્વને વિસરાવે છે. જ્ઞાન તો કર્કશ નારી ને જ પસંદ કરે છે, જુઓ –

'મળે કભારજા જો નારી જ્ઞાની માને તેને સારી,
શિષ્યો જા કો નારી ભૂંડી, વાકી દશાજાનો રૂડી.'

અને -

'સારી તે તો જાણો બલા, નિરાંત સત્ય કે'છે ભલા.'

સ્ત્રીને શું અભિપ્રેત છે તે વિષયક પણ દર્શન પ્રસ્તુત કર્યુ છે. તે માટે તેમણે શબ્દોનો સમુચિત ઉપયોગ ધ્યાનાર્હ છે.

'એતો સગી જાણો ધનની નથી તારી કે તારા મનની,
જુઓ હઠીલી પતિવ્રતા, રામજી જેવે ખાધા ખતા,
તો તારી નારી હે વૈસી, તારી દશા થાશે કૈસી,
મને ચિંતા એ તો જાગી, શિષ્ય સુણો જ્ઞાન કે રાગી.'

આ પ્રકારે નારીનું ચિત્રણ કર્યા પછી, જ્ઞાની નારી વિશેનો તેમનો અભિપ્રાય નોંધવા જેવો છે જુઓ -

' કરે જ્ઞાન કી કમાઇ, તબ જાવ તો તો મીલે બ્રહ્મરાઇ.'

નિરાંત કામિની નારી નો સંગ કે વિશ્વાસ ન કરવાનું કહે છે. જુઓ.

' કટો કામની કા તુમ નેડા, છોડ દો છેલડી કા છેડા.'

વર્ણસગાઇ અલંકારમાં એક જ લીટીમાં તેમની અભિવ્યકિત કેવી માર્મિક રીતે પ્રગટ છે!

'ગુરુશ્રધ્ધા 'કથાપદ માં નિરાંત મહારાજ ગુરુપ્રત્યે શ્રધ્ધા રાખવાનું કહે છે ગુરુએ જે વસ્તુ બતાવી તેને તનમાં કસોટી એ તાવી જોવી જોઇએ તેમ કહે છે. જુઓ -

'ગુરુએ ગમ જેહ બતાવી, તેને જોવી તનમાં તાવી,
વાકો નિર્ણય કરનો, પિછે આગુ ડગ ભરનો.'

મધ્યકાલીન સંતપરંપરાના સંતકવિઓ બહુધા ગૃહસ્થી હતા. સંસાર માંથી તેઓ પલાયન થયા નથી કુટુમ્બ પરિવાર થયા નથી. કુટુમ્બ પરિવારમાં રહીને પરમાત્માની ખોજ કરી છે. ને સમાજને માર્ગદર્શન પણ આપ્યું છે. ને એટલે જ તો એ કહે છે:

'સાઇ બોલે સો સચ્ચા, વાકુ જાનો મત કાંઇ કચ્ચા,
ગુરુએ નારી રાખી કેમ ? નવ મનમાં લાવો તેમ.'

કેવા ગુરુ થી દૂરતા બનાવી રાખવી તે વિશે પણ કહે છે:

'ગુરુ જાણીને કરતા જાણો, શિષ્ય સર્વે સાચું માનો,
ગુરુ ધન કાજે આથડતા, ગુરુ પૈસા માટે પડતા,
તેના જો જો સહુ સિધ્ધાંત, વિચારીને થાજો શાંત
દેહ ના ધર્મ જાણવા સાચા, ગુરુ ની જોવી નિર્મળવાચા.'

ગુરુ એ જે નારી રાખી છે એ તો સર્વપ્રાણી પ્રત્યેના ધ્યાનાભાવથી રાખી છે જુઓ લાઘવની કળા.

'પ્રાણી ઉપર દયા કરવી, તેથી નારી રાખી નભાવી.'

પણ કેટલાક તો ગુરુ જેમ વર્તન કરે તેમ કરતા રહે છે. એતો અનુકરણ કહેવાય. ને આ અનુકરણનું શું પરિણામ આવે તે બતાવવા અહીં નિરાંત મહારાજ પુરાકલ્પનનો વિનિયોગ કરી ઉતમ પદાવલી દ્વારા કહે છે:

'એવું મન હોય તમારું કરો ગુરુ કરે તે સહું સારૂં,
પણ અલ્યા શંકરસ્વામી જાણો, સીસું પીધું એ વાત માનો.'

એ જ રીતે સાચી સલાહ આપતાં કહે છે:

'બેડ કરે તે ન કરાય, ઓહિસત્ય બતાવું આય,
કૃષ્ણે માર્યા દૈત્ય અનેક, સ્નેહી ગોપ તેથી નહીં એક.'

'ગુરુ ઉપદેશ' કથા પદ માં ગુરુનસ સાચી ઓળખ પ્રસ્તુત કરે છે. તેમાટે પ્રતીક, કલ્પન અને પ્રાસનો સુંદર વિનિયોગ પણ સાધે છે જુઓ –

'વરસાદમાં સદ્ગુણ એક છે, વરસે વરસાદ બધે રે,'
પાણી વાળી કોઈ ભરી રાખે છે, અર્થ તેનો તો સધે રે,
જે નવ ચેતે તે થાય દુ:ખી, વરસાદને નવ કાંઈ રે,
મેધની સાથે ગુરુ સરખાવો, જે તમારો સાંઈ રે'

વિશ્વાસ કથાપદમાં સંત, સંશય અને શિષ્ય વિશે ચર્ચા કરી છે. તેર પંકિતના આ કથા પદ માં પોતાની અનુભૂતિ પ્રગટ કરી છે. સંત વિશે લખે છે:

' શૂર–સતી કી એ હે બાતાં, શ્રધ્ધા કો નવ છોડે રે,
રામજી આવે ઉનકી આગુ, દો હાથ મલી જોડે રે.'

અહીં સધુકડી ભાષા માં સમગ્ર કથાપદ તેની નજાકત થી ધ્યાન ખેંચે છે. શિષ્ય એવો હોય જે સંત ઉપર શ્રધ્ધા રાખતો હોય. સંતગુરુ જે કાંઈ કહે છે તેમાં કાંઈ કહે તેમાં કોઈ શંકા ન કરી માત્ર 'આદેશ' એમ જે કહે છે તે શિષ્ય પાછળ સંત પરિશ્રમ કરે છે, જુઓ –

'ભજન કા ભડાકા કરના, શિષ્ય કહે છે ઓ સચ્ચા રે,
ભજન કુ તો છોડ દેના, શિષ્ય બોલે અચ્છા રે,
ગુરુ બોલે પવિત્ર રે'ના, શિષ્ય કે'તા એસા રે,
ગુરુ બોલે સમાધિ લગાના, મલિન કારજ એસા રે,
વો બાતપણ જો સચ્ચી માનો, તો કે'ના શિષ્ય મેરા રે,

શ્રમ ઉસકી પીછે લેના, વાકા ગુરુ કા મિટે ફેરા રે.'

એ જ રીતે સંશય વિશે કેવું લાઘવયુકત નિરૂપણ થયું ! જુઓ -

'નિરાંત નામ કી કૌન બરોબરી, વિશ્વાસ જો મન રખે રે,

બ્રહ્મ રસ કો જાઇ ભેટે, ખરા સુખ કો ચખ્ખે રે.'

'સંતતિ વિરાગ' કથાપદમાં નિરાંત મહારાજ પ્રતિપાદિત કરે છે કે, મનુષ્યએ જ્ઞાનવાન બની માનવઅવતાર ચરિતાર્થ કરવો જોઇએ, પણ માત્ર સંતાનોમાં જ મનને લુબ્ધરાખી માનવદેહને વેડફી નાખે છે. પોતાના કથનને કાવ્યાત્મ રીતે પ્રગટ કરથાં લખે છે:

'સંતતિ મેં મન લુબ્ધા હૈ, વાકો કયા ભાઈ મિલના હે.'

એજ રીતે -

'મેરા બેટા મેરી બેટી, લગની વાકી વામે હે,

સંતકી શિક્ષા વો નહીં માને, જાન લગા ભાઇ જામે હૈ.'

નિરાંત મહારાજ શબ્દો ના આર્વન દ્વારા, પોતાની અભિવ્યકિતને તીક્ષ્ણ બનાવતાં કહે છે:

' જાનો જાનો સંતો કે ' તે લલુતા વો સબ જૂઠી હૈ,

સંતતિ કું સર્વાંગે માનો, સાધુ સમજમેં ઠૂઠીં હૈ.'

સંતતિ માંજ મન લગાવનાર જે મનુષ્ય છે. તે કોઈપણ મોટા સંતના શિષ્ય કેમ ન હોય તો પણ તેને નિજજ્ઞાન થતું નથી. તેવું પ્રતિપાદન કેવું ટૂંકમાં પણ સચોટતાથી કર્યુ છુ! જુઓ -

' શિષ્ય હુઆ મેં નિરાંત કા, કોઇ કબીર ગુરુ કે'તા હૈ,

સત્ સાહેબકી ધૂન લગાવે, ભગતિમેં ભાઈ રેતા હૈ,

એસા બોલે કયા હોનેકા, સંતતિમેં સપડાયા હે,

હમ નવ બોલે મારો ઉસકું, બાબા હમારા ભાયા હૈ.'

માયા ત્યાગ કથાપદમાં નિરાંત મહારાજ માયા વિષયક કથન કરે છે પ્રારંભમાંજ અસરકારક અભિવ્યકિતથી કહે છે:

' માયાને મસ્તીની માનો, સમજો મારૂ સાચું જી,

એ રંડાનું તમે બાળો, શોધી શોધી ડાચું જી.'

નિરાંત પ્રતિપાદિત કરે છે કે માયા નો ત્યાગ કરવાથી જ નિજ સ્વરૂપનું દર્શન થાય. આ માયાના રૂપ વિશે નિરાંત પોતિકા અંદાજ માં કહે છે:

'માયા કો રૂપ કેસે કે'ના જાકો રૂપ ન કહીએ જી,

બડે બડેકો વોહી ભૂલાવે, સંતો ચૂપ ચૂપ રહીએ જી.'

મારી કાઢી મહાશ્રમથી, હોલેવેલું સળગે જી.'

આ માયારૂપ કેવું છે? તે સમજાવવા માત્ર બે પંકિતોનો ઉપયોગ કરે છે. એ જતેની કવિ તરીકેની સિધ્ધ છે, જુઓ -

'માતા પિતાની સંગાઇ મૂકાવે, તરિયાની જઇ જોડે જી,

ખતા એ તો ખૂબ ખવાડે, આવ્યો તેને ના છોડેજી'

એનો નેમ તો મોટામાં, સંત સાધુને સા'વાજી, .

હરિગુણ થી એ વેગળા રાખે, નામ દ્યો એનું જાવાજી.'

આ માયા એવી શકિતશાળી છે કે તેમણે મોટા મોટા સાધુ સંતો ને પણ છોડયા નથી. સાધુ સંતો માયાથી મુકત છે કે નથી. તે જાણવાની પધ્ધતિ - કસોટી પણ નિરાંત માત્ર બે પંકિતમાં મૂકી આપે છે, જુઓ -

' માયા છોડી તેનું પારખું, છે સે'લામાં સે'લું જી,

ધન આપીને તે તો જો જો, મન છે કેવું મેલું જી,

આપો ત્યારે એ બોલાવે, ન આપે ત્યારે થાય મૂગોજી,

એવા ગુરુને ધકકે મારો, એના ઘરની વાટ ન સૂંધોજી.'

' ષડ્રિપુ' કથાપદમાં નિરાંત મહારાજ છ શત્રુઓને જીતવાની વાત કરે છે. આ છ શત્રુઓ એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, અને મત્સર. આ તમામ જ્ઞાનમાર્ગ માં વિઘ્નો ઉભાં કરનારં છે. તેથી જિજ્ઞાસુઓએ તેને દૂર કરવા જોઇએ. તેને દૂર કરવાની વિધિ પણ નિરાંત કાવ્યાત્મક રીતે બતાવે છે, જુઓ -

' ષડરિપુ ને જીતો શિષ્યો, કથા સાંભળી મારી જી,

તરવાની એતો તમે જાણો, ખરી બતાવી બારીજી.

આ છ શત્રુઓનો નાશ કરવાનો નથી. પરંતુ તેની ઉપર વિજય પ્રાપ્ત કરવાનો છે, તેવું અહીં પ્રતિપાદન છે. નિરાંત પોતિકા અંદાજમાં કહેછે :

'સત્સંગ તો રોજે કરવો, પેટ પૂરતું કમાવુજી,

તે પણ જો કોઇ આપે તો, બેઠા બેઠા ખાવુ જી,

અતિ આહાર જાણી તજવો , એ પણ એક છે ખોટું જી,

હક અલ્લા એમ બોલ્યા કરવું, નામ નિરંજન મોટું જી.'

ત્યાર, પછી 'ચિત્તશુદ્ધિ' કથાપદ માં ચિત્તની શુદ્ધિ પરત્વે ભાર મૂકે છે. ને ટૂંકા ટૂંકા વાકયો દ્વારા પોતાની અનુભૂતિને બળકરતા પૂર્વક ઓપ આપેછે. પ્રસ્તુત પાદના પ્રારંભ ની પંકિતની અસરકારકતા જુઓ -

'હવે હું સુણાવું રે, સહુ સુણો તમે,
આંખે અંધારું રે, આવ્યુ તે કાઢું અમે.,

એ પછી ચિત્તની મલિનતા ને કારણે પ્રાપ્ત થતો નથી. તેમાટે તો -

'તેથી જોઈ ચાલો રે, ચિત્તને શુદ્ધ કરી,
જ્ઞાનઘટ ભરવા રે, ચિત્ત એતો સુરભિ ખરી.
ચિત્ત થી કંઇ ચમકયારે, કંઈક જ્ઞાની ભયે,
કંઈક કમરતા રે, કંઈક કે દુઃખ ગયે,

પોતાના શિષ્યોને આ રીતે શ્રધ્ધા સ્ત્રી વિરાગ ધનવિરાગ ગુરુશ્રધ્ધા ગુરુ ઉપદેશ વિશ્વાસ સંતતિ વિરાગ માયાત્યાગ ષડ્‌રિપુ ચિત્તશુધ્ધિ, ઈત્યાદિ બાબતો વિશેનું જ્ઞાન આપી બ્રહ્મ જ્ઞાન પ્રાપ્તિ કવાનો રસ્તો બતાવે છે. પરમત્વને પ્રત્યક્ષ કરવું હશે તો આ તમામ પાસાઓ ના વિશદ અભ્યાસ જોઈશે. શિષ્યો ને પ્રત્યક્ષ રીતે જ્ઞાન આપી જ્ઞાનવાન કરવાનો સંત કવિ નિરાંત નો ઉપક્રમ રહયો છે. તે માટે તેમણે અસરકારક અભિવ્યકિત પણ નિપજાવી છે. પ્રસ્તુત કથાપદ' એકાગ્રતા' માં આત્મા વિશે નું દષ્ટિ બિન્દું રજુ કરતાં કહેછે: ભ.

'દેહ જુદા રે, આત્મા ઓળખના,
સૂક્ષ્મ રૂપે રે, વાહી કું લખના.
પોતે પ્રકાશે રે, બીજાનું નહીં તેજ તેને,
સ્વયં પ્રકાશી રે, ઓળખો આત્મા એને.'

જે આત્મા સ્વરૂપી છે તેને કોઈ ભેદ હોતા નથી એતો નિરંતર સચરાચર માં અદ્વૈતજ જુએ છે. તેમાટે તેઓ ઉદાહરણો પણ પ્રસ્તુત કરે છે. ને તે પણ લાઘવામાં, જુઓ -

'અદ્રૈત રૂપે રે, વાલાજી રમતા,
માનો રમે રાસ રે, ગોપીઓ ને ગમતા.
ગોવર્ધન તોળે રે, ગૌવાં ને ચારે,
પણ રૂપ અદ્રૈત રે, માનવું તારે.
અદર્શ નથી એતો રે, જોવામાં આવે,
મનવા હોય સાધ્યારે, તબ વાકો ભાવે.'.

આ રીતે જે પ્રત્યક્ષ નથી તે પણ જ્ઞાન વડે પ્રત્યક્ષ થાય છે. તે વાત ટૂંકા પણ સચોટ વાકયો દ્વારા નિરાંત સમજાવે છે. નિરાંત મહારાજ સ્પષ્ટ કહે છે કે, આ અદ્વૈત રૂપ કોઈ મંદિર માં નથી હોતું. માત્ર મૂર્તિ માં જ નથી પણ સર્વ વ્યાપ્ત છે. આંખ બંધ કરી ને જુઓ તો પણ તે દેખાય છે. આ બ્રહ્મનું દર્શન કરવા ગમે એટલી સાધના -આરાધના કરે તો પણ તે પ્રત્યક્ષ ન થાય તે માટે તો મન ને વશ કરવું જોઈએ. આ પ્રકારની વાત પણ લાઘવની કળા માં પ્રસ્તુત કરે છે. જુઓ -

'મળે સાઈ સાચા રે, દેખાવે પળ મે,
મનવા વશ કરતાં રે, આવે એ કળમેં.'

પરબ્રહ્મ ની પ્રાપ્તિ માટે મન ને વશ કરવું પડે ને તેમાંજ એક તાર થઈ રહેવું પડે. આ વાત સમજવવા નિરાંતની કળા જુઓ -

'સાહેબ હૈ વૈસા રે, નિરાંત કી પાસે,
માનવા કરો તાર રે, દિખા દેઉં જો આશે.'

એ જરીતે 'બ્રહ્મદર્શનનો લાભ' કથા પદનો પ્રારંભ જુઓ -

'જયારે તમે જાણો રે, આતમા તમતણો,
ત્યારે સુખ માણો રે, જેનો મહિમા ઘણો.'

જયારે આત્મા નિજ ઘટમાં પ્રત્યક્ષ થાય છે. ત્યારે માણસ જ્ઞાનવાન બને છે. ને તે પછીની તેમની સ્થિતિ કેવી હોય તે વિશે નિરાંત પોતાની અનુભૂતિને શબ્દસ્થ કહે છે, જુઓ -

સૂરજને તમે ભાળો રે, એને તમે દાસ કહો,
તડકો કાઢે તારે કાજે રે, એવી તમે આશે રહો,
તેંતો કામ સોપ્યું રે, તે તો સૂર દેવા કરો,
દૃષ્ટિ થાય તીખી રે, ત્યારે ભાનુ જશે ડરી.'

એ જ રીતે ચંદ્ર, મેઘ વગેરે પણ તારા જ દાસ છે. પણ એ કયારે? નિરાંત લખે છે:

'પણ એ સહુ કયારે રે, અજ્ઞાન રાહુ નવ જૂવે,
શંકર પાસે પેસે રે, જ્ઞાનતણી સે જે સૂવે,
બ્રહ્મા વેદ ગાયે રે, ભજન કરી તારું,
વિષ્ણુ વાણી બોલે રે, વદી સારું સારું,
સરસ્વતી વાણી વાય રે, ત્યારે તારો બ્રહ્મ જાગે,
નારદ આવી નાચે રે, ભ્રમ તારો ભાગે,
કુબેર આવી નીચે રે, ખરચવા શું જોઈએ?'

અહીં પ્રાસ અને પૂરાકલ્પનનો વિનિયોગ કરી નિરાંત મહારાજ પોતાની અભિવ્યકિતને તાદશ કરે છે.

એ જ રીતે માયા રૂપકથન માં નિરાંત મહારાજ શિષ્યો માયા વિષયક પ્રશ્નનો ઉતર માર્મિક ઉતર આપે છે.

'વારંવાર પૂછો રે, માયા કોણ ગુરુ ?
આજસબ કહું રે, રાખું નહીં અધૂરૂં.'

શિષ્યોના આ પ્રશ્નનો ઉતર ટૂંકમાં પણ સચોટ અને વેધક રીતે આપ્યો છે, જુઓ –

'પ્રકૃતિ પુરૂષ બતાવૂ: રે, જો મનમેં સંશે,
આનંદ મેં રેલા રે, જ્ઞાન કે દંશે,
લીલા વો દોનુકી રે, કર્મ કહું સબ ભાઇ,
વાકી જે સગાઈ રે, જણાવું બહ્મરાઇ.'

આ પ્રકારના પ્રશ્નોના પ્રત્યુતર પુરૂષ પ્રકૃતિ કથા પદ માં નિરાંત મહારાજ આપે છે. તેમાં રાધા અને કૃષ્ણ, રૂકમણી અને કૃષ્ણ, ગોપી અને કૃષ્ણ, રામ અને સીતા, શિવ અને શકિત જેવા યુગ્લો ના ઉદાહરણ પ્રસ્તુત કરી, પોતાની વાતને કાવ્યાત્મક રીતે સમજાવે છે. આ વિશે ટૂ:કમાં સમજૂતિ આપી માયાના રૂપને અભિવ્યકત કરે છે –

'પુરૂષ રૂપ વોહી દેવા રે, બ્રહ્મ જાકો ભાખે,
અપાર ગુણ જેના રે, નિગમ નેતિ નેતિ દાખે,
કોઈ નવ જાણ રે, રૂપ તેનું કેવું ?,
ભકત કહે હું તો રે, નિત્ય જેને સેવું ,
તે પુરૂષને વળગીરે, આવી અણતેડી,
નિબંધ તો જાતે રે, ઉપર પડી બેડી,
માયા નામ તેનું રે, પ્રકૃતિ કોઈ કહે,
ગુડ ગોળ એક જ રે, ભેદ દેશ વિશે રહે.'

અને આ માયાની શકિત કેવી છે? નિરાંત લખે છે:

ધણી તરછોડી રે, તોય વળગી આવી,
ભ્રાન્તિ પમાડી રે, જયાં કે મન ભાવી
અલખ ભૂલાયારે, દેહ કે બીચ જોડા,
માયા નામ તાકારે, હરિકું નહીં છોડા.'

આ માયા એ જ પ્રકૃતિ છે. પ્રકૃતિનો પરિવાર પણ પારાવાર છે. તે વિશે 'પ્રકૃતિનો પરિવાર' કથાપદ નિરાંત પ્રસ્તુત કરે છે. પંદર પંકિતનું આ કાવ્ય સાદ્યંત વહે છે. પ્રકૃતિ કેવા રૂપે રહે છે, ને તેનું કાર્ય શું છે તે અહીં વિગતે સમજાવ્યું છે. એ જ રીતે બ્રહ્મદર્શન કથાપદમાં રમતા રામ બ્રહ્માન્ડમાં વ્યાપ્ત છે, તેવું કાવ્યાત્મક પ્રતિપાદન કર્યુ છે. સંગત્યાગ માં સંગના બન્ને સ્વરૂપનું વર્ણન છે. સત્ય અને અસત્ય એમ બન્ને સંગની લાઘવયુકત અભિવ્યકત કરી છે. એ જ રીતે સદ્ગુરુ ના લક્ષણ પદ માં સદ્ગુરુના રૂપને વર્ણવ્યું છે. ને તેમાં પણ સાચા સદ્ગુરુ નો સંગ કરવાનું કહયું છે.

બીજા વિભાગમાં દશ કથાપદ છે. તેમાં દેશ વિશે અર્થાત માનવદેહ કેવી રીતે બન્યો તેનું પંચીકરણ કરી, પોતાના દર્શનને પ્રસ્તુત કર્યુ છે. નિરાંત લખે છે:

'એ દેહ દેખો તુમારા, વાહી નિશાન હે અમારા,
વો કે સે પરગટ ભયા, વાકા સંશે જોઈશે દહયા.
એક કમલ ભયા ઉત્પન્ન, જલ મેં જાનો સહુ જન,
વાકે છિદ્દૂ પાડે ભગવાન, મેં સુનાવું હોય મગન.'

અહીં પ્રાસ અને લાઘવતાયુકત નિરૂપણમાં માનવ અવતાર રેવી રીતે થયો તેનું કાવ્યાત્મક નિરૂપણ છે.

## ભાષા કર્મ

વાચન - લેખન કરી શકે તેટલું શિક્ષણ નિરાંત મહારાજે પ્રાપ્ત કરેલું. તે સમયની ધૂળિયા નિશાળમાં તેમણે અભ્યાસ કરેલો. સંતજીવનની સાથે સાહિત્ય સર્જનની પ્રવૃતિ પણ કરી. સંતકવિઓ યશ કે કીર્તિ માટે સાહિત્ય સર્જન નહોતા કરતા, પણ લોકકલ્યાણ અર્થુ આ પ્રકારની પ્રવૃતિ કરતા હતા. આ સંતકવિની કવિતા પ્રસિદ્ધ કરવાનો શ્રેય મહારાજા સયારાજીરાવ ગાયકવાડને જાય છે. મહારાજાએ પોતાના શિક્ષણખાતા મારફત ગડોદરા પ્રાન્તના કવિઓની વાણીનું સંપાદનકાર્ય કરાવેલું તેમાં નિરાંત મહારાજની વાણીનું પણ સંપાદન થયેલું આ સંપાદન સંવત ૧૯૪૬, ઈ.સ. ૧૮૯૦માં થયું હતું. પ્રાચીન કાવ્યમાળા - ગ્રન્થ, ૧૦માં નિરાંતકૃત કવિતા સંપાદિત થઈ છે. સંપાદકો તરીકે હરગોવિંદદાસ કાંટાવાળા અને નાથાશ:કર પૂજાશંકર શાસ્ત્રી છે. તેમણે તે સમયે હસ્તપ્રતો મેળવી પ્રસ્તુત ગ્રન્થ પ્રગટ કર્યો. નિરાંત મહારાજનું નિર્વાણ ઈ.સ. ૧૮૫૨ માં થયેલું. એટલે આ ગ્રન્થ તેમના નિર્વાણ પછી આડત્રીશ વર્ષ પ્રગટટ થાય છે. નિર્વાણ અને ગ્રન્થ પ્રગટ થયા વચ્ચે સમયનું બહુ અંતર નથી હસ્તપ્રત ઉપરથી ગ્રન્થનું નિર્માણ થયું હોવાથી નિરાંત મહારાજની પોતાની જ ભાષા રહી છે. તેમ કહી શકાય. એટલે તેમની ભાષા વિશે મતભેદને કોઈ અવકાશ નથી. અલબત

સાંપ્રતમાં શ્રી નિરાંત સુધા સાગર નામે સાંપ્રદાયિક ગ્રન્થનું થયું છે. તેમાં નિરાંત મહારાજની ભાષા વધુ આધુનિક હોય તેમ લાગે છે. પરંતુ પ્રાચીન કાવ્યમાળા - ગ્રન્થ ૧૦માં પ્રગટ થયેલી નિરાંત કૃત કવિતા વધુ શ્રદ્ધેય છે, તેમ કહી શકાય.

નિરાંત મહારાજની ભાષા સરળ છે. તેમાં કયાંય કૃત્રિમતા જોવા મળતી નથી પ્રાચીન કાવ્ય માળાના સંપાદકએ નિરાંત કૃત કવિતા ના ગ્રન્થ વિવેચન અંતર્ગત લખ્યું છે: ભોજો અને બાપુ સાહેબ બે બ્રહ્મજ્ઞાની કવિઓના ગ્રન્થો પાછળ પ્રકટ કરેલા છે. તેના જ જેવો આ પણ બ્રહ્મજ્ઞાની કવિનો કરેલો ગ્રન્થ છે. બાપુસાહેબ ગાયકવાડના ચરિત્રમાં લખ્યું છેકે, નિરાંત એ બાપુ સાહેબના ગુરુ હતા. તે બાબત આ ગ્રન્થ માંથી સિદ્ધ થાય છે. કેમકે નિરાંત આ ગ્રન્થમાં એક ઠેકાણે બાપુને સંબંધન કરીને કેટોાંક પદ લખ્યા છે. ગુરુની અને શિષ્યની કવિતા બહુધા સમાન જ છે. તથા પિ આમાં કાંઈક ભોજાના જેવો હિન્દુસ્તાની ભાષાનો ભેળ વધારે છે. ભોજાની ભાષામાં કાઠિયાવાડી શબ્દો વધુ છે. પણ આ કવિ તો ચોરંદા તાલુકાનો રહેવાશી હોવાથી, તેની ભાષા શુદ્ધ ગુજરાતી છે - નિરાંત મહારાજ મૂલત: સંત છે. તેથી તેમના હૃદય માંથી જે સ્ફૂટ થયું તેમાં કોમળતા છે. માટે તેમની ભાષા સરળ રહી છે. ને એ તેના વ્યકિતત્વની દ્યોતક બને છે. ને તેથી કૃત્રિમ ન વધુ પ્રભાવક બની છે. વાચક કે શ્રોતાના હૃદયમાં સોંસરવી ઉતરે તેવી તેની ભાષા છે. જન સમુદાયમાં જે ભાષા પ્રચલિત હતી, તે ભાષામાં તેમણે કાવ્યો સજર્યા છે. નિરાંત મહારાજ ધર્મ અને સંસ્કૃતિથી ઉર્ધ્વર્યમુખી થયા છે. તેથી તેમની ભાષામાં સંકુચિતતા નથી. વિશાળ લોક સમુદાયની ભાષા જ તેનું હથિયાર બને છે. પરિસ્થિતિ અને સંજોગો પ્રમાણે જયાં જયાં જે ભાષાકો હોય, ત્યાં ત્યાં તેમણે તે પ્રકારની ભાષા પ્રસ્તુત કરી. હિન્દુ મુસ્લિમ બન્ને ભાષાકોની તેમણે કાવ્યો લખ્યાં. નિરાંત મહારાજ સંતજીવન નિર્ગમન કરતા હોવાથી તેઓ એક જગ્યા એ સ્થાયી થયા ન હોય તે સ્વભાવિક છે.

સતત પરિભ્રમણને કારણે તથા કેટલાંક સંતો / ભકતોના સંસર્ગે પણ તેમની ભાષામાં ઘણા શબ્દોનું ભરણું થયું છે. અમન સાહેબને ગુરુકર્યા પછી તેમના સંપર્ક - સત્સંગે તેમની ભાષામાં અરબી - ફારસી શબ્દોની બહુલતા ધ્યાનખેંચે છે. નિરાંત મહારાજ તેમની પદ્યકથાઓના ૨૦માં પદમાં કહે છે: ભેંશો નથી જોઈ અમે ભાગવત ભણિયા - એ રીતે તેમણે શાસ્ત્રોનું પણ વાચન કર્યુ હોય તેમ લાગે છે. ને એટલે જતેમની ભાષામાં કેટલાંક તત્સમ શબ્દો જોવા મળે છે. જુઓ પાપ, પૂણ્ય, જયોતિરૂપા, ગાયત્રી, અમૃતા જ્ઞાન, બ્રહ્મ, મૃગ, જીવન, સંગતિ, પરમતત્વ, અખિલ, અવિનાશી, નિર્મલ, પરમ, પુરૂષ, પ્રકૃતિ, પરિવાર, દર્શન, આદિ, અંત, મધ્ય, વિવેક, અહિંસા, ધર્મ, દોષ, અગ્નિ - આ બધા તત્સમ શબ્દો નિર્ગુણ પરંપરાના અંત કવિઓમાં કબીર સાહેબના સમયથી જોવા મળે છે. જે નિરાંતની ભાષામાં પણ દષ્ટિગોચર થાય છે.

★ અરબી-ફારસી શબ્દો: -

મધ્યકાલીન સંતપરંપરામાં સૂફી સંતોનો વિશેષ પ્રભાવ પડયો છે. નિરાંત મહારાજના પૂર્વકાલીન સંતકવિઓની ભાષામાં અરબી ફારસી શબ્દોની વિનિયોગ ધ્યાન ખેંચે છે. નિરૉંત મહારાજની ભાષામાં પણ અરબી-ફારસી શબ્દોની બહુલતા છે. તેમના ગુરુ અમન સાહેબના સતસંગે પણ નિરાંતની કેટલીક રચનાઓમાં અરબી-ફારસી શબ્દોનો વિનિયોગ થયો છે. જુઓ-ફના, દાતાર, મહેરમ, ફકીરી, હદ, બેહદ, ઈસમ, કલમા, મસઈત, માયના, અસાજા, નાપાકી, અદલી, અદલ, સાહેબ, બંદે, મસ્તાન, સાંઈ, રહેમ, કતેબા, નજર, પાક, મેહેજત, મકા, ભિસ્ત, હજુર, બેઈમાન, રોજા, નિવાજ, હરદમ, દોજખ, બાજીગર, ફરમાયા, હક, ઈમાન, સુબા, અમલ, હવાઈ, હુકમ, મુલ્લાં, કાજી, ઈલમ, અકલ, મુરસદ, મહેરમ, અંદેશા, આશક, ખુદા, રબ, માલિક, દરવેસા, પીર, મુરીદ, ગરીબ, અદલ, ફિરસ્તા, જુલમ, સાહેદ, નેકિ, બદી, અલ્લા, અસલ, કજા, મસ્તાન, અલમસ્ત, પરવરગિાર, કેદ, મુકામ, ઔરત, દિવાના, મસીત, ખાક, સૂરત, કસબ, મર્દ વગેરે અરબી-ફારસી શબ્દો તેમની કવિતામાં જોવા મળે છે.

★ કહેવત અને રૂઢિપ્રયોગો : -

નિર્ગુણ સંત કવિઓને લોકસંતો પણ કહે છે. આ લોકસંતો લોકોની વચ્ચે રહેતા હોવાથી લોકભાષામાં પ્રચલિત કહેવતો, રૂઢીપ્રયોગોનો પોતાની અભિવ્યકિતમાં ઉપયોગ કરતા હતા. કોઈપણ વાકયને ધારદાર બનાવવા માટે કહેવતો અને રૂઢિપ્રયોગો ઉપયોગ અસરકારક સાબિત થાય છે. નિારંત મહારાજે પણ પોતાના કાવ્યોમાં કહેવતો અને રૂઢિપ્રયોગોનો વિનિયોગ કર્યો છે. જુઓ-'વાશીદામાંગયું મૂશળું', 'બહેરા આગળ બહુ બિક બાજા', 'કાગ શું જાણે મૂશળું', 'કાગ-શું જાણે કપૂરના સ્વાદ ને', 'રાજકુંવર હસ્તિ ચઢયો, ''તે કોડી શીદ માગે ચાંદો ત્યાં સુધી ચાદરણું', 'કીડી ને કણ અને હાથી ને મણ', 'આંધળી દળે ને લોટ કૂતરા ચાટે', 'ચાંચ આપી તે ચવાણું આપે', 'સુરજ ઉગ્યો એ ધુડને નવ ગમે', વગેરેનો બે ખૂબી પૂર્વક તેમના સર્જનમાં ઉપયોગ કર્યો છે. ને તેથી જ તેમની ભાષા વધુ સ્વભાવિક અને વેધક બની છે.

★ છંદ અને રાગ: -

નિરાંત મહારાજે પોતાની કેટલીક કવિતામાં વિવિધ છંદોનો ઉપયોગ કર્યો છે. દોહરા, સાખી, છપ્પાો, કુંડળિયા, તેમણે જે છંદો નો ઉપયોગ કર્યો તે બહુધા તેમના સમયના પ્રચલિત છંદો જ હતા ને તે માત્રામેળ છ:દો એજ રીતે પંરપરિત પદ-ભજનના રાગ, લય, ઢાળ ની દષ્ટિએ તેમણે પદ-ભજનો પણ રચ્યાં છે. આ ભજનો કે પદોમાં વિવિધ રાગ દષ્ટિ ગોચર થાય

છે. જેમકે – તેમની દીર્ઘ કૃતિઓમાં સાંખ્ય અને યોગના ઐકયના સલોકોમાં અને 'અવતાર ખંડન' એ બંન્ને કૃતિઓ માં રાગ દેશી જોવા મળે છે. બારમાસ જેવી રચનાઓમાં તેમજ કેટલાક પદોમાં ગરબા – ગરબી નો રાગ જોવા મળે છે. આ સિવાય તેમના પદોમાં રાગ દેશી, ધોળ, ગરબા – ગરબી, હોરી, ધુમાર, દેશાખ, ધનીશ્રી, વસંતકાલેરો, રામગ્રી, કાફી, પ્રભાતિ, વસંત, ગોડી, સામેરી, મંગળ વગરે રાગમાં કાવ્ય રચ્યા છે. આ રીતે વિવિધ રાગ અને છંદમાં તેમની કવિતા રચાયેલી છે. ને તેથી આકર્ષક બની છે તેમના કુંડળિયાની રચના જુઓ –

'સાહેબ કો સાહેબ નહિં, સંત સાહેબ પરમાન,
નિરાંત હરિજન સો લહે, અવરશું લહે અજાણ,
અવર શું લહે અજાણ, સંતનો મહિમા મોટો,
આતમ સરવ સમાન, નહિં છોટો નહિં મોટો.'

એ જરીતે તેમની પાસેથી છ જેટલા સવૈયા પ્રાપ્ત થાય છે. જુઓ –

' અસાજા સબ કીનહુ કીના, સાજા કૌન કહાવે રે,
બાતન કા મુકામ બતાવો, વેના આવે જાવે રે.'
'જોગી હોકર જોગ પસારે સુખમના સાધન કરતા હૈ,
ઓહંગ સોહંગ અજંપા જપતા ધ્યાન વાહીમેં ધરતા હૈ.'

એજ રીતે સાખી જુઓ –

' ગિરિ ગિરિવર સબ ઢૂંઢિયા, દેખા દેશ વિદેશ,
જ્ઞાની રામ પાયા નહિં, બિના ગુરુ ઉપદેશ.'

ઝૂલણામાં રચાયેલં તેમના પ્રભાતિયાં – –

'ભારે થયા ભણી ભણી , વિદ્યાઓ ધણી ધણી,
નાગ શિરોમણી નાગ દેવા,
મણિ ઉદ્યોત કરે, અંજાયા જીવ ચરે,
એમ ઉદર ભરે નાગદેવા.'

એજ રીતે છપ્પા જુઓ –

'પંડ પડે તો પડવા દે, ઓષડને ના અડવા દે,
જીવ્યાની તો આશા ખરી, ઓષડ માંતો પાળવી ચરી,
ચરી પાળે ને ઓષડ ખાય, નિરાંત એ જીવ્યાનો ઉપાય,
મરનાર હોયે તે તો મરે, પણ જીવતા સુધી ઓષડ કરે,

માંદાને ઓષડ ખાવું સહી, કડવું મીઠું ગણવું નહીં,
અનેક ઓષડે જીવતા થયા, નિરાંત નામે જુગમાં રહયા.'

નિરાંત મહારાજે પોતાના પદ્યપત્રો ચોપાઈમાં રચ્યા છે. જુઓ.

'ઘણું શુ લખીએ ગુરુ પ્રત્યે મહિમાં તે અગમ અપાર છે,
શેષ સહસ્ત્રે ના શકે વરણી અહીં એક રસના વહેવાર છે.'

તેમની 'ગરબી'નું ઉદાહરણ જુઓ -

'આવો રે આવો રે મારે ઘેર, મોહન મન ગમતા,
હાવે થઈ છે લીલાલહેર, મન થી થઈ શમતા.'

'ગરબા' નું ઉદાહરણ જુઓ -

'કહેજો ધન્ય તમોને હરિ ધન્ય છે રે લોલ,
કહેજો આવડાં કઠણ શા મન છે રે લોલ.'

એ જ રીતે તેમની પાસે થી ઘણા ઉતમ ભજનો પણ પ્રાપ્ત થાય છે જુઓ -

'શીદને મરો છો તાણી, તરીલાં તમો શીદને મરો છો તાણી,
મારૂં ને તારૂં મન મિથ્યા કરો છો, મિથ્યા જ બોલાવી વાણી.'

આમ તેઓએ વિવિધ રાગ, તાલ અને ઢાળમાં પદ - ભજન રચ્યાં છે. તો સાથો સાથ કેટલાક પદો તત્કાલીન પ્રચલિત માત્રામેળ છંદોમાં રચ્યા છે એટલે એક સાહિત્યકાર તરીકે મધ્યકાલીન ગુજરાતીમાં નિરાંત મહારાજનો સમાવેશ કરવો જોઈએ.

નિરાંત મહારાજે પોતાના કાવ્યમાં પ્રતિક અને કલ્પન તેમજ પૂરાકલ્પનનો પણ વિનિયોગ કર્યો છે. નિરાંત મહારાજની કાવ્ય સંપદામાં વિશિષ્ટ અને અનન્ય છે.

★ (૧) મિથ્યાચાર: -

દંભ, પાખંડ અને બાહયચાર જેવા અનિષ્ટો તરફ કવિ નિરાંત ને ભારે અણગમો અને સૂગ છે સત્યસદોહિત મહાપુરૂષો આવા દંભીઓને ખુલ્લા પાડે છે શ્રી નિરાંતની પદ રચનાઓ માં ભારે આક્રોશ સાથે આ વિષયની અભિવ્યકિત થઈ છે. આ વિષયની તેમની રચનાઓને તપાસતા કેટલીક મહત્વની પંકિતઓ પ્રાપ્ત થઈ છે. તે આ પ્રમાણે છે.

'આપ અવળા ફરે બીજાને બોધ કરે,
અંધે અંધા અનુસરે કયારે જાશે.'

'સેવા પૂજા સાધન કરીયા , વણ સમજયે શું ડોળો ,
ચાર વેદ મુખ ભાષણ ભકિત , પંડિત જુગમાં વાધ્યા .'

'સિદ્ધાંનો રે સાર સમજી શકયો નહીં ,
વાણી તે બહુ વિસ્તારી .'

'ભારે થયા ભણી ભણી , વિદ્યાઓ ઘણી ઘણી ,
નાગ શિરોમણી નાગ દેવા ,
મણિ ઉદ્યોત કરે , અંજાયા જીવ ચરે ,
એમ ઉદર ભરે નાગદેવા .'

'જોગી જતિ ને તપસ્વી સંન્યાસી હાર ન મૂકે હડકી ,
અપની મત સે જયાં ત્યાં અટકે ભજવી ભેખ ઉલટકી'

'સેવા પૂજા અતિ આરતી , ધૂપ દીપ કરતા ,
લાખો લીટી નાકે નમતા , પરિક્રમા કરતા રે .'

'ખટ દર્શન મળી ખેલ ગાયો , કહાવે સાહેબકા બંદ ,
ઉન સબે આપ લખે નહિં આયો , ભેખ ધરીહી ભિખંદા'

'ગુરુ તેરા સંત સન્યાસી , ગુરુએ મંતર દીના હૈ ,
ઓ મંતરપઢ કાંહાં જાએગા , ઘર અપના નહિં ચીના હૈ .'

'બેદ - કિતાબા પઢે નિશદિન , સાચા આપ ન પાવે રે ,
હુઆ દેખતા પણ મારગ ભૂલા , અંધા કિસબિધ જાવે રે .'

'ભગવા કહાવે મુંડ મુંડાવે , દિલ અંદર નહિં દરશાયા ,
ઓહં સબ બહે જાત હે , અલખ નામકુ ના પાયા .'

'બ્રહ્મ કહાવે જાનોઉ સોહાવે, ખટ કરમ નિત્ય નિરમાયા,
એહી કરમકર બહે જાત હે, નેહ કરમકુ ના પાયા.'

'ભણ્યો ને ગણ્યો રે મનમાં થયો મોટો, વાણીમાં વેંધાયો રે,
વારતાનું વડપણ નવ છૂટે, આશાને પાશે બંધાયો રે.'

'કાજી પંડિત પઢે ઘને, ધ્યાની સબ ધાવે,
સિધ્ધાંતકુ સમજે બિના, કછુ હાથ ન આવે.'

'મુલ્લાં - કાજી દોઉ મિલી બોલો, અદલી આપ કહાવો રે,
કૌન તરેહકા કામ તુમેરો, કેસી અદલ ચલાવો.'

શાસ્ત્રને કંઠસ્થ કરી અંતે તો વાણીનો વકીલ બની ગયો પણ પોતાની પરખ કરી શકતો નહીં. જે જ્ઞાન પ્રાપ્ત કર્યુ. તેને વ્યકત કરી પેટ ભરવાનો ધંધો કર્યો. સેવા, પૂજા, સાધના અને કર્મકાન્ડને સમજયા વિના શું કરી રહયા છે, તેનું પણ ભાન નથી વેદ જેદાન્તને કંઠસ્થ કરી માત્ર વ્યાખ્યાનો જ આપી રહયા છે. બોધવચનો આપીને અન્યને જ કહેતા ફરે છે. પણ પોતે પાલન કરી શકતા નથી. જેમ મણિધર મણિના પ્રકાશથી ચારો ચરે છે. તેમ શાસ્ત્ર કંઠસ્થ કરી, તેને અન્ય જગ્યાએ વ્યકત કરે છે, તેવા પંડિત - પૂરોહિતો મણિધર જેવા છે. દર્શન શાસ્ત્રનો પુર્ણ અભ્યાસ કરી માત્ર ભકિત બોધ જ કરે છે. ને પાછા પોતાને ભકત કશેવડાવે છે. પરમનો ભેખ ધારણ કરી એ લોકો ભેખને લજાવે છે.

આ પ્રકારની અનેક રચનાઓ નિરાંતના પદોમાં જોવા મળે છે. નિરાંતના સમકાલીન, પૂર્વકાલીન અને ઉતરકાલીન સંત - ભકત કવિઓ ની રચનાઓમાં પણ આ પ્રકારનું આલેખન જોવા મળે છે. લોકોની તંદ્રાને ઢંઢોળી સંત - ભકત કવિઓએ સમાજ જાગૃતિનું મોટું કાર્ય કર્યુ છે. કબીર સાહેબ શું કહે છે, તે જોઈએ -

'દરદ જ જાને પીર કહાવૈ, બૈતા પઢિ પઢિ જગ સમુઝાવૈ,
કહ કબીર એક સૈય્યદ કહાવે, આપ સરખા જગ કબુલાવે'.

- કબીર

'દિન ભર રોજા ધરત હૈ રાતિ હતત હો ગાય,
યહ તો ખૂન વહ બંદગી કયોં કર ખુસી ખોદાય'.

- કબીર

'નેમિ દેખે ધરમી દેખે પ્રાત કરે અસનાના,
આતમ મારિ પખાન હિં પૂજૈ ઉન મેં કછુ ન જ્ઞાન'.

-કબીર

'માલા પહિરૈ ટોપી દીન્હૈં છાપ તિલક અનુમાના,
સાખી શબદ વાગત ભૂલે આતમ ખબરિ ન જાના'.

-કબીર

'કહ હિન્દુ મોહિં રામ પિયારા તુરુક કહૈ રહિમાના,
આપસ મેં દોઉ લરિ લરિ મૂએ મરમ ન કાહૂ જાના'.

-કબીર

'પઢે ગુને ઉપજૈ હંકારા અધધર બૂડે વાર ન પારા,
કહૈં કબીર સુનો રે ભાઇ, રામ નામ બિન કિન સિધિ પાઇ.'

-કબીર

'હિન્દુ અપની કરૈ બડાઇ ગાગર છુવન ન દેઇ,
વૈશ્યાકે પાયન તર સાવૈં યહ દેખો હિન્દુઆઇ'

-કબીર

'કા ગાએ કા પઢિ દિખલાએ કા ભરમૈં સંસારા,
કા સંધ્યા તરપન કે કીન્હેકા ષટકર્મ અચારા.'

-કબીર

પારકી પીડાને તો તમે જાણતા નથી. ને પોતેજ મોટા પીર થઈ બેઠા છે! બસ પોથાં વાંચી વાંચીને દુનિયાને ઉઠાં ભણાવો છો. દિવસભર રોજા રાખીને ઉપવાસ કરે ને રાત પડે કે ગાય ની હત્યા કરે! આ તો ખૂન જ કહેવાય. તો પછી રોજાની બંદગી થી ખુદા કેવી રીતે ખુશ થાય ? નિયમ ધર્મવ્રત પાળતા કેટલાયને મેં જોયા છે જે સવારે નિત્ય સ્નાન કર્યા કરે છે. પણ એ મૂળરૂપ આત્માને જ પડતો મુકી ને જડ પથરાને પૂજતા ફરે છે. એવા જે છે તે અજ્ઞાની છે. કોઈ વળી માળા અને મૂકુટ પહેરીને તિલક કરે છે. ધર્મગ્રન્થની સાખીઓ અને બોધવચનો કેવળ લલકારવાના ભ્રમમાં ફરે છે. પણ તેઓને આત્માની સમજણ નથી. તેથી તો તેઓ ભટકી રહયા છે. હિન્દુઓ કહે છે કે અમારો રામ વહાલો છે. ને મુસલમાનો કહે છે કે અમને અમારો અલ્લા-રહેમાન પ્યારો છે. આમને આમ કરતા એ બન્ને આપસમાં અજ્ઞાનને લીધે લડી મરે છે. એ બે માંથી કોઈએ પણ પ્રભુનું સાચું રહસ્ય જાણેલું નથી. બહુ ભણવા-ગણવાથી પણ અહંકાર ઉપજે છે. ને અધવચમાં જ જીવનરૂપી નાવ ડૂબી મરે

છે.ને ભવસાગર પાર કરાતો નથી.કબીર કહે છે કે સાંભળો, રામ નામ વિના કોઈએ સિદ્ધ મેળવી નથી.આ હિન્દુઓ પોતાને ઉંચા ગણે છે.ને બીજાને પોતાની માટલીને અડવા પણ દેતા નથી. પણ એ જ લોકો વૈશ્યાના ચરણોમાં પડયા રહે છે!આ જુઓ એમનું હિન્દુત્વ!ભજન કીર્તન કરવાથી શો લાભ!સંધ્યા તર્પણ વગેરે કર્મકાંડી ષટકર્મ કરવાથી પણ શું ?

★ (૨) ચેતવણી: -

સંતવાણી દ્વારા સંત-કવિઓએ ચેતવણી રૂપે ઉપદેશ આપી ભગીરથ કાર્ય કર્યુ છે.સંતો તેમના અનુયાયીઓને વસતી ચેતાવવા નો આદેશ આપે છે. સમાજની અંધશ્રધ્ધા, અજ્ઞાનતા, બાહ્યાન્ડબર અને ધાર્મિક અરાજકતા દૂર કરી સમાજ જાગૃતિ નું કાર્ય સમાજે ચેતવણી આપતી અનેક પદ રચના શ્રી નિરાંત મહારાજ ની મળે છે. જે નીચે પ્રમાણે છે:

'આપમાં આપ અંતર જામીને ઓળખો,
દેવના દેવને દરશ્યો દર્શાય છે.'

'મનુષ્ય થયો ને હરિનામ ન જાણ્યું,
તે પશુની તોલે કહેવાય છે.'

'ફરી ફરી અવસર આવો નહિં આવે,
નિરાંત નામ ને નિરખો નિરખાય છે.'

'મન કહા ભરો સે તેં રહા ,
તેં ગયા તો તેરા કછુ ન રહા.'

'શીદ ને મરો છો તાણી, તરીલ તમો
શીદ ને મરો છો તાણી.'

-નિરાંત.

'મારું ને તારું મિથ્યા કરો છો
મિથ્યાજબોલવી વાણી.'

-તરીલા.

'દેખ દેખ બિચાર કહા કામકો,
રહે તો રાખ ભરોસો નિજ નામકો.'

'ઘડી ઘડી રે પલક દિન જાય છે,
છે છતું તેમાં ઓછું થાય છે.'

' દેખ દેખ દાગીના કછુ ના રહયા,
એક નામ સાહેબ બિના સબ ફના.'

'મરવું તે તો સહુ ને ભાઈઓ, કોણ મોટો કોણ નાનો રે,
નિરાંત કહે નિષ્ઠા નું ફળ છે, માનો કે ના માનો રે,'

'ના માનો તો વેદ પુરાણે, પૂછી જો જો પ્રાણી રે,
નિરાંત કહે નિષ્ઠા નું ફળ છે. બીજી સર્વે કહાણી રે.'

'કર લે આતમબોધ, બોધ સે બંધન છૂટે,
કાલ કરમ કટ જાયે , નાહિં જેમ કિંકર લૂંટે .'

'કવિ કહે નિરાંત , સાંઈ કુ ભજલે પ્યારા,
ચેત ચોંપ મેં ચેત, કહત હું કરી પુકારા.'

તારા માં જ અંતર્યામી વિલસી રહયો છે. દેવ છે, તે તારામાં રમી રહયો છે. તેને ઓળખ તને માનવદેહ મળ્યો છે. પણ હરિનામને તેં જાણ્યું નથી. એટલે પશુ અને તારામાં અંતર શું રહયું ? વારંવાર આવો અવસર નહીં આવે, ને તેથી કહું છું રામ નામ ને નિરખી લે. એ નિરખી શકાય તેવો છે. હે મન, તું કોના ભરોસે જીવે છે. તારામાં જે ચેતન છે, તે જશે પછી કાંઈ નહીં રહે જો જોતું આ કેવો ઉમેદા અવસર છે. તું તારામાં રહેલા હરિને 'નિજનામ' નો ભરોસોકર, વિશ્વાસ કર. ક્ષણ-પલકમાં તો દિવસ પસાર થઈ જાય છે. જે છે તે પણ રહેતું નથી એટલું તો તું જાણ. મૃત્યુતો સૌ કોઈ ઉપર મંડરાઈ રહયું છે. પછી તે નાનો માણસ હોય કે મોટો હોય હું કહું છું નિષ્ઠાપૂર્વકનું જીવન ફળ આપે છે. પછી આ વાત

તમે માનો કે પછી ન માનો. જો ન જ માનો તો છ્વેદ - પુરાણ તપાસી જજો. હું વારંવાર કહયું કે નિષ્ઠાનું ફળ અમૃતસમાન છે. બીજી બધી વાતો ખોખલી છે. માત્ર કહેણી છે. માટે મારો ઉપદેશ ગ્રહણ કરીલે. તારા સર્વ બંધન દૂર થઇ જશે. કાળ કરાળ નહીં રહે. જમ પણ દૂર રહેશે. માટે સાંઈને ભજી લે. ચેતીજા હું પોકારીને કહુ છું:

આ પ્રકારની પદ રચનાઓ તેમના સમકનલીન સંતઓની રચના ઓમાં પણ મળે છે. ત્યારે એમ થાય છે કે આ સંતો ભલે જુદા જુદા માર્ગના પ્રવાસી હોય પણ તેનો હેતુ એકજ હોય છે. અજાગૃત દશામાં રહેલા સમાજને તેઓએ ઢંઢોળ્યો છે. પાખંડી અને દંભી ગુરુઓના પંજા માંથી લોકો ને મુકત કરાવવા સતત મથામણ કરી છે. શ્રી નિરાંત મહારાજના સમકાલીન સંત કવિઓ શું કહે છે તે જોઇએ: -

'કૂડી છે કાયા ને રૂડી છે માયા, જૂઠડો આ જગ જાણો;
સાચો નામ સાહેબ નો જાણો, ભણે લુહાણો ભાણો.'

- ભાણ સાહેબ

'જાણ જાણ તું જીવ અભાગિયા
આવો મનખો ના'વે ફરી ફરી રે,
આજ તું તો સૂતો, મસાણો માંય,
જમડા ખોળે તારા જીવને રે.'

- રવિ સાહેબ

'કાચી છે હે કાયા રે કુંપો વીરા કાચનો,
તેને તો કાંઈ ફૂટતાં નહીં લાગે વાર.'

- મોરાર સાહેબ

'જપ તપ તેરથ જોગ જુગતે, કરણી કયાં સગી જાય,
તીન દેવને દશ અવતારા, વાકી ખબર ન પાઈ,
અબ ચેતલે મેરા ભાઈ

- ત્રિકમ સાહેબ

જીવનની ક્ષણ ભંગુરતા અને જપ, તપ, તીરથના બાહય ક્રિયાકાંડ માંથી છૂટીને આ સંતોએ આત્મખોજ કરીને જીવનનું મૂલ્ય સમજાવ્યું છે.

★ (૩)સદ્‌ગુરુ મહિમાઃ -

શ્રી નિરાંત મહારાજે સદ્‌ગુરુનો મહિમા ગાયો છે. ગુરુવિના અગમનો ભેદ જાણી શકાતો નથી. જયાં સુધી મનના ગુરુ નથી મળતા ત્યાં સુધી ભવાટવી માં ભટકવું પડે છે. ગુરુ પ્રાપ્તિ થયા પછી જ જ્ઞાન ઉદ્‌ભવે છે. જયાં સુધી સદ્‌ગુરુના ચરણમાં તન, મન, ધન, અર્પણ કરી સંપૂર્ણ સમર્પણ ભાવ જાગે નહીં ત્યાં સુધી પરમના દર્શન થતા નથીસંતવાણીમાં ગુરુને ગોવિદ થી પણ ઉપરનું સ્થાન આપ્યું છે. નિરાંતના પદ સાહિત્યમાં સૌથી વધુ પદો ગુરુમહિમા વિશેના મળે છે. જે એમની ગુરુ પ્રત્યેની નિષ્ઠા બતાવે છે. ગુરુ વિશેની કેટલીક પંકિતઓ જોઈએ.

'મનના ગુરુ વિના ભૂલ નથી ભાગતી,
એ તો ભૂલે ભલે ભમે જગ સારો.
નિરાંત સદ્‌ગુરુ મનના મળે તો,
પળમેં કરે ભવ પારો'

'ગુરુ મળવાથી સર્વેસુલભ, નારે મળવાથી કાચું રે,
કોટિ ઉપાય કરો નર કોઈ, કોડી હીરો શું સાચું રે.'

'મિથ્યા ના મારશો ભટકી, મન કોઈ મિથ્યાના મારશો ભટકી,
પૂરા ગુરુ વિના પારના પાવે, ખોજ ખબર નહિં ઘટકી.'

'નમો નમો રે ગુરુજી ને પાય, પ્રથમ પ્રેમે કરી,
જે પહેલો થઈને પૂજાય એવા હેતુ હરિ.'

'ગુરુ સમોવડ શું કહી દાખું, દેવ દેવના દર્શે રે,
દાસની ઉપર દયા કરીને, વૃષ્ટિ અમીની વરસે રે.'

'પ્રથમ ગુરુને પાયે લાગું, માગ્યું મુજને આપો,
કરુણા નિધિ કૃપા કરીને, ભવનું બંધન કાપો.'

'બલિહારી ગુરુ ઉપકારની, અતિ ઉપકાર કરે સેવકને,
શુધ્ધિ પ્રીછાવી પારની, બસ્લહારી ગુરુ ઉપકારની.'

'ગુરુદેવ સમોવડ કો નહિ,
ગુરુ દેવશો દેવ કૃપાળ'

'ગુરુદેવ સુધાના સમુદ્ર છે,
ગુરુદેવ છે દીનદયાળ,
ગુરુદેવ પરમારથ રૂપ છે,
ગુરુ ગૌ રે પીવાનો ઘાટ.'

જયાં સુધી મનના ગુરુ ન મળે ત્યાં સુધી અવિદ્યા થતી નથી. ને આ સંસારની ભૂલભૂલામણીમાં ભ્રમણ જ કરવું પડે છે. સાચો સદ્‌ગુરુ મળે તો ક્ષણ માત્રમાં ફેરો સફળ થાય છે. ગુરુ મળ્યા પછી બીજું કાંઇ મેળવવાનું બાકી રહેતું નથી. ગુરુવિના ગમે તેટલા ઉપાય કરો તો પણ કોડી જ હાથ માં આવે હીરો નહીં. પૂરા ગુરુવિના આ સંસારનો પાર પમાતો નથી. આ તન આપણું જ હોય છતાં ગુરુ જ હરિને સ્થાને છે. ગુરુની બરોબરી કરી શકે તેવું બીજું કશું જ નથી એ દેવના પણ દેવ છે. દાસ બનીને ગુરુ પાસે જવાથી ગુરુ અમૃત ની વર્ષા કરે છે. હું ગુરુજીને પ્રણામ કરું છું મેં જે માગ્યું તે આપ્યું છે. કરુણાનિધિ એ એવી કૃપા કરી છે કે ભવો ભવના બંધન માંથી મુકત થયો છું. ગુરુના ઉપકારની બલિહારી છે, કે આ સેવક ઉપર ઉપકાર કર્યો છે. પરાપારની ઓળખ કરાવી દીધી. ગુરુનો મારા ઉપર મોટો ઉપકાર છે. ગુરુદેવ અમૃતના સમુદ્ર છે. એ દીનદયાળ છે. ગુરુ જ પરમાર્થરૂપ છે. અમૃત પીવાનો એ ઘાટ છે.

ગુરુના મહિમાને વ્યકત કરતી અનેક રચનાઓ નિરાંતના પદોમાં મળે છે. નિરાંતના સમકાલીન સંત ભકત કીવઓ કે જેઓ રવિભાણ સંપ્રદાય ના કહેવાય છે તેમની વાણીમાં પણ આજ પ્રકારે ગુરુસ્તુતિ થતી જોવા મળે છે.

'સત્‌ગુરુ સાહેબ સોઇ મળ્યા, જેણે અમ્મર નામ ઓળખાયો,
ગુરુ પ્રતાપ સાધુકી સંગત, ભકિત પદારથ પાયો.'

– ભાણ સાહેબ

'ગુરુગમ ખોજો ઘટ માંઇ, કર સત્ ગુરુકી સેવ,
ઓર સબ જૂઠી બાજી.'

– ખીમ સાહેબ

'ગુરુ ઈશ્વર ગુરુ પરિબ્રહ્મ, સત્‌ગુરુ સબકા દેવ,
ગુરુ બીન પારન પાવહીં, તું રવિ સત્‌ગુરુ સેવ'

-રવિ સાહેબ

'અજવાળું હવે અજવાળું,
ગુરુતમ આવ્યે મારે અજવાળું.'

-દાસી જીવણ

'બેની ! મુંને ભીતર સત્‌ગુરુ મળિયા રે,
વરતાણી આનંદ લીલા! મારી બાયું રે.'

-લખીરામ

(સત સાહેબની સરવણી -૨૭૫ )

ગુરુમહિમા દરેક સંતકવિઓ એ વર્ણવ્યો છે. સદ્‌ગુરુ વિના હરિ મળે નહીં. બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય નહીં. ને મહત્વની વાતતો એ છે કે આ સત્‌ગુરુ ઘટભીતર વસ્તી રહયા છે. જે જેને પેલું પરમ તત્વ કહો છો એ આ સત્‌ગુરુ સાહેબ છે. આ સત્‌ગુરુ સાહેબ એ શિક્ષાગુરુ, દીક્ષાગુરુ, સાનગુરુ થી અલગ કક્ષા ધરાવે

★ (૪) સંત લક્ષણ: -

સંતવાણીમાં સંતના લક્ષણોની વિગતે ચર્ચા કરવામાં આવી છે. સંત એટલે શું ? સંત કેવા હોય ? સંતની લાક્ષણિકતા શી? ઈત્યાદિ પ્રશ્નોની ચર્ચા અનેક સંત-ભકત કવિઓ એ કરી છે. 'અખાએ સંતના લક્ષણ' નામે લઘુકૃતિ આપી છે. તો કેટલાક ભકત કવિઓએ છૂટક ત્રૂટક રીતે સંત વિશે વાત કરી છે. આ બધા સંસારી સાધકો છે. સંસાર તરફનો પલાયનવાદ તેમનામાં નથી. આ સંસારની વચ્ચે, કુટુમ્બની વચ્ચે કરહીને, સમાજની નાની મોટી જવાબદારીઓ સ્વીકારીને કોઈને કોઈ આર્થિક ઉપાર્જનનું કાર્ય કરતા ભકિત કરી છે. વણાટ, ખેતી, વેપાર, ચર્મઉદ્યોગ જેવા કાર્યો કરીને ઘર ચલાવ્યું છે. ૨૭૯ (સતની સરવાણી )

શ્રી નિરાંત મહારાજને પોતાની ખેતી હતી. કૃષિ વ્યવસાય કરતાં કરતાં તેઓએ બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કર્યુ. તેઓ પોતાના એક પદમાં સંતના લક્ષણોની વાત કરે છે.

સંતના લક્ષણ આજ કહીએ, સુણજો સહુ મહાંત;
જેની વૃતિની વાત કરતાં, આવે ન કદીએ ભ્રાંતિ.
બ્રહ્માનંદમાં મગન નિરંતર, એક જપે તેનું નામ;
જીવ શિવકો તો ન્યારા ન જાને, કેવા તેને પરમધામ.

ગગન ચળે પણ સંત ન ચળતા, દઢ મનના એવા ધામ;

ક્ષમાતણા તો શિરદાર સાચા, જેથી હારે સુંદરશ્યામ.

આશા કેરી તો દોરી તોડી, દોરી જોડી જગત જામ;

ઈંદ્રીવશ કરી આપ બિરાજ્યા, નમો હે સુંદરશ્યામ.

શીલ કે દેવતા રામ ભયો હે, ગુરુ કો ન પહોંચે સાર;

શીલ સંતોષ બડભારી હૈ, શુધ્ધ બ્રહ્મા વિચાર.

નિરાંત નામ જપે નિશદિનકો, પાવે પરમ ધામ;

રામ નામ એક નામ નિરંતર, ભજો જાણી સુંદરશ્યામ.

(નિરાંતકૃત કવિતા - ૨૧૬)

આ ઉપરાંત શ્રી નિરાંત મહારાજે કથાઓનું જે આલેખન કર્યુ છે. તેમાં કથા ચારમાં 'ગુરુશ્રધ્ધા' વિશે અને કથા પાંચમાં 'ગુરુનો ઉપદેશ' એ બન્ને કથાઓમાં પણ ગુરુ વિશે વાત કરી છે. પ્રસ્તુત પદમાં શ્રી નિરાંત સંતના લક્ષણની વાત કરતાં કહે છે, કે જેની વૃતિની વાત કરતાં પણ ભ્રાન્તિ ટળે છે. તેઓ બ્રહ્માનંદમાં નિરંતર મગ્ન રહેતા હોય છે. ને માત્ર નિજ નામ ને જ નિહાળે છે. જીવ અને શિવમાં પણ ભેદ કરતા જનથી. ગગન ચળે પણ જે સંત હોય તે ચલિત થત નથી. તેવા દ્રઢ મનોબળ વાળા હોય છે. તેઓ ક્ષમાશીલ હોય છે. ને તેથી સુંદરશ્યામ ને પણ હારવું પડે છે. આશાની દોરી જ કાપી નાખી હોય છે. સર્વે ઈન્દ્રિયોને વશ કરી સ્થિતપજ્ઞ થયા હોય છે. તેથી જ તેઓ નમન કરવા યોગ્ય હોય છે. તેઓ શીલવાન અને સંતોષી હોય છે. જેમ બ્રહ્મ એક અને અખંડ હોય છે તેમ તેમ તેઓ પણ હોય છે. હું તો તેના નામનો જાપ જપું છુ. જેથી પરમધામમાં પ્રવેશ મળે રામ નામના અજપાજપા નિરંતર કરતા રહેતો હોય છે. ને માટે જ તેઓ ભજવા યોગ્ય છે.

આ પ્રકારની પદ રચનાઓ અન્ય સંત કવિઓના સાહિત્યમાં દષ્ટિગોચર થાય છે. શ્રી નિરાંત મહારાજના પૂર્વકાલીન સંત કવિશ્રી નરહરિ 'સંતલક્ષણ' આ રીતે રજુ કરે છે.

'લક્ષણ કહૂં હવિ સંતના જન સાંભલો એક ચિત્ય,

આવાગમન સંશય ટલેં મલેં આદિ પુરૂષ અનંત.

ક્રીપા કરે સર્વભૂત નેં અનિ દ્રોહન કરે લગારે,

ક્ષમા ધરિ મનનિ વીષેં તે ઉચ્ચરેં સત્ય સાર.

આત્મભાવ રુદિ ધરિ સમાંન દષ્ટિ જોય,

ઉપકાર કરિ સર્વ ભૂતનિ તેહનેં પ્રીય અપ્રીય નકોય.

તેહનિ કામ ક્રોધ ન પરભવિ ભાઇ જેહના ચીત્ત ધીર,

તે સ્ત્રી સૂવર્ણિયં નવ્યમોહિ જે રહીત લિંગ શરીર.
એકાદશ ઇંદ્રી દમિ રુદિ ધરિ કોમલ ભાવ,
સદા શુચિ તે બ્રાહય અભ્યંતર તે દૂસ્તર તારકનાવ.
અકિંચન તે જાણ્યો યે રહીત સકલ વીકાર,
ઈચ્છા ન કરિ મુકિતની તે સેવે હરીપદ સાર.
તે અલ્પ આહારી નેં બ્રહ્મચારી વિષિરસનું ત્યાગં,
શાંત સ્વભાવ સંતોષ ઇય લીન દેહ ઉપરિ વૈરાગ.
સ્થિરભાવ આંણિ તત્વ જાંણિ સદા રહિત મમ શર્ણ્ય,
મન શીલ મુનિતાં તે સહી યેહનાં શુધ્ધ અંત:કર્ણ.
કહિ નરહરિ સહૂ સાંભલો એ સંતના લક્ષણ કહયાં,
ગુરુભકિત કરતાં સંતસંગિ, વીરલિ યોગેંધ્યિ લહયાં.'

(નરહરિ કૃત જ્ઞાનગીતા ૩૮-૩૯)

આ લક્ષણો કૃષ્ણે ઉદ્ધવજી આગળ વર્ણવ્યા હતા. સંતભૂતમાત્રના તરફ કૃપા કરે, કોઇનોય દ્રોહ ન કરે, મનમાં ક્ષમા ભાવ રાખે અને સદા સત્ય ઉચ્ચરે સર્વ પ્રત્યે હૃદયમાં આત્મભાવ રાખીને એ બધાને સમાન દષ્ટિએ જુએ એ સર્વ ના પર ઉપકાર કરે. એને મન કોઇ પ્રિય કે અપ્રિય નહિં હોય. એ ધીર ચિત્તનો હોય, એના ચિત્તમાં કામ ક્રોધ ન પ્રભવે, એ સ્ત્રી સુવર્ણમાં મોહે નહિં, એને લિંગ કે શરીરની બુધ્ધિ ન હોય, એકાદશ ઈન્દ્રિયના પર એનો કાબૂ હોય, એ હૃદયમાં હમેહા કોમળ ભાવે સાગરને પાર કરાવનાર નાવ બરાબર છે. એ અકિંચન હોય, એમ મનમાં કશા વિકાર ન હોય, એ તો કેવળ હરિ ને સેવે, એને મુકિતની પણ ઇચ્છા ન હોય. એ વિષયરસનો ત્યાગ કરે. , બ્રહ્મચારીને અલ્પાહારી હોય, એને દેહ ઉપર વૈરાગ હોય, એ સ્વભાવે શાંત અને સંતોષી હોય, ચિત્તમાં સ્થિરભાવ આણીને એ તત્વને જાણીલે, ને સદા હરિ ને શરણે રહે. એનું અંત:કરણ શુધ્ધ હોય, એ મનનશીલ હોય ને મૌનને સેવે.

★ (૫) ભકતનું વિરહનિવેદન :-

પ્રેમલક્ષણાભકિત સંતવાણીમાં ધણી મહત્વની ગણાય છે. ભકત પોતાને પ્રભુની દાસી માને છે. પિયુ અને પ્રિયતમા વિષયક આલેખન સંતસાહિત્યનો જાણે કે મુખ્ય વિષય રહયો છે. કબીરની વાણીમાં વિરહિણીનો વલવલાટ જોઇ શકાય છે. શ્રી રાનડે કહે છે : આત્મા-પરમાત્મા વચ્ચેના જાતીય સગપણનું આથી વધુ વિપુલ કે ઉત્કટ નિરૂપણ જગતસાહિત્યમાં બીજે કયાંય થયું હોય તેમ હું માનતો નથી. (સોરઠી સંતવાણી -૧૧૪)

અહીં શ્રી નિરાંત મહારાજના કેટલાક પદોમાં વિરહિણીનો તલવલાટ જોવા મળે છે. જ્યાં સુધી અહંભાવનું નિરગણ થતું નથી ત્યાં સુધી પરમની પ્રાપ્તિ નથી થતી. તેથી તો નિરાંત અહીં પોતાને પ્રભુની દાસી કહે છે. અબળા કહે છે:

'મહા નિદ્રામાંથી મુજને જગાડી,
જાગી ને મેં જોયું રે,
અરસ - પરસ એકતાવત કીધી
ઉરનું અંતર ખોલ્યું રે.'

'અર્ધ ઘડી અવળું નવ ગોઠે,
એવા હરિ છે મન હરતા.
લોકલાજ કુળની મરજાદા,
સહુ ભૂલી રે હરિહર વરતાં.
કામકાજ મુને હાથ ના લાગે,
હું ઘેલી ને એ ઘર કરતા.'

'મેંતો પ્યારી, પિરાને પિયુંકી,
જાતાં જાન હમેરે જીવકી.'

'અબળાને આધાર તમારો,
ઘણો ના કરશો દઝાડો રે.
મનતણી મકને છે માલમ,
શું મુખે કહી દાખું રે,
ક્ષણવાર મુને નથી વિસરતા,
હૃદય કમળમાં રાખું.'

'ધન ઘડી ધન દહાડો મારે આજનો રે,
હેલી મારે હૈયુ હરખ ન માય.'

'રૂપ નથી ને દીસે છે રૂપાળા રે, સાહેલી,
ગુણ નથી ને દીસે છે ગુણવાળા રે.'

'આવો આવો રે મારે ઘેર, મોહન મન ગમતા,
હવે થઇ છે લીલીલહેર, મનની થઇ શમતા.'

'સાસ ને ઉસાસ રે સખી મુને સાંભરે રે'

'મેરે પિયા બિન ભઇ મેં તો બાવરી, મતિ આન કરો ઉતાવરી,'

'ઓ ઉધ્ધવજી, પ્રાણપતિ પ્રત્યે રે અરજી અમારી,
જઇ ને કહેજો, તમ ટાળી તલખે રે બ્રીજની નારી.'

'મહાપ્રાણ તણા વિશ્રામ, વંકા વામાળી,
જઇને કહેજો, તમ ટાળી તલખે રે બ્રીજની નારી.'

આ વિરહાત્મક પદોમાં શ્રી નિરાંતે ભલે નામ દઈને રાધા ભાવ કે ગોપીભાવ ગાયો ન હોય, પણ એક વિરહિણી નાયિકા ની વેદના અહીં શબ્દસ્થ થઇ છે. કહે છે: હું ઘસઘસાટ સૂતી હતી, ત્યારે મને જગાડી. મેં સફાળા જાગી ને જોયું ને શ્યામસુંદરને જોઇને મારુ ઉર પ્રેમથી છલોછલ થઇ ગયું. ને અમે અરસપરસ એકબીજામાં સમાઇ ગયા. આ પિયુ (હરિ) એવા તો મનહર છે કે, એક ક્ષણ તો શું અર્ધી ક્ષણ પણ મને તેના વિના ગમતું નથી. લોકલાજ, કળમર્યાદા બધું ભૂલી હું હરિવર ને પામી છું. તેના પ્રેમમાં એવી ઘેલી થઈ કે મને બીજુ કોઇ કામ કાજ સૂઝતું નથી. હું મારા પિયુની અત્યંત પ્યારી છું. વ્હાલી છું. તેના વિના મારા પ્રાણ જાણે કે નિકળી જશે. હે પિયુ, મને બસ તમારો જ આધાર છે. વિરહમાં તડપવી ને મને વિરહાગ્નિમાં દઝાડશો નહીં. મારા મન ને તમે જાણો જ છો. પછી મુખથી વિશેષ શું કહું? ક્ષણવાર પણ તમે વિસરાતા નથી મારા હ્રદયકમળમાં તમને મેં સ્થાપ્યા છે. તમારા મિલનથી આજ મને શાતા મળી છે. ધન્ય છે આજની ક્ષણ ને અને દિવસને! હે સાહેલી, મારા પિયુનું શું વર્ણન કરુ? તેને રૂપ નથી છતાં અત્યંત રૂપાળા છે. ને ગુણ નથી તો પણ ગુણવાળા છે. મારે ઘેર મોહન તમે આવો મારા મનગમતા મણિગર છો. તમારા વિના તો જગત મને ખારું લાગે છે. હે

લખી, શ્વાસ અને ઉચ્છશ્વાસે તે મને સાંભરે છે. હું તેના વિના બાવરી થઈ ગઈ છું. હે ઉધ્ધવ મારા પ્રાણપતિને મારો સંદેશો કહેજો કે તમે જેને છોડીને આવ્યા છો તે વ્રજ ની નારી તમાર દર્શન વિના તલખે છે. હે પિયુ તમે મારા પ્રાણના વિશ્રામ સ્થાન છો. ને અમ અબળાના આતમરામ છો.

આ પ્રકારની પદરચનાઓ સંત સાહિત્યમાં જોવા મળે છે. ગુર્જર સંત - ભકત કવિઓએ પ્રેમલક્ષણાત્મક રચનાઓ રચી છે. પંકિતઓ નહિં ટાંકુ છુ:

'લાવો લાવો કાગળને દોત, લખીએં હરિને રે,
એવો શિયો રે અમારલો દોષ, ન આવ્યા ફરીને રે,
જાદવ ઉભા ચોને જમનાને તીર, પાલવડે બંધાણા રે,
વા'લે દૂધને સાકરડી પાઈ ઉઝરેલ અમને રે,
એવાં વખડાં ધોળી ધોળી પાવ, ઘટે નૈ તમને રે - લાવો.
વા'લે હીરના હીંડોળા બંધાવી હીંચળેલ અમને રે
એવાં હીંચોળી તરછોડામા મા'રાજ! ઘટે નૈ તમને રે - લોવો.
વા'લે પ્રેમનો પછેડો ઓઢાડી રમાડેલ અમને રે,
એવા ઓઢાડી ખેંચોમા મા'રાજ! ઘટે નૈ તમને રે. - લાવો.
વા'લે અંધારા કૂવામાં આજ ઉતારેલ અમને રે
એવા ઉતારી વ્રત વાઢોમાં મા'રાજ! ઘટે નૈ તમને રે - લાવો
ગુણ ગાય રે રવિ ને ભાણ ગુરુગમ ધારો રે,
એવી પકડેલ બાંય મા'રાજ! ભવસાગર તારો રે. - લાવો.

- રવિસાહેબ (સોરઠી સંતવાણી-૧૧૮)

★ (૬) માયા: -

માયા વિશે આપણી સંતવાણીમાં ઘણું લખાયું છે. કોઈ પણ સંત કવિની રચના તપાસીએ એટલે માયા વિષયક નિરૂપણ જોવા મળશે. આ માયા એવી છે, કે તે તારે પણ છે, અને ડૂબાડે પણ છે. મીરાં કહે છે મુખડાની માયા લાગી. તો અખો કહે છે કે સ્વર્ગ અને ઈશ્વરના દર્શન થાય તો પણ તે માયા જ છે. તે માયા જના જ બધા રૂપો છે. નિરાંત મહારાજે માયા વિશે એક કથા પણ કહી છે. તે કથામાં માયાને રંડી કહી તેનું મુખ બાળવાની વાત કરી છે. જોગી, જતિ, સતિતપસ્વી, સંન્યાસી, જ્ઞાનીઓ, યોગીઓ, ધ્યાનીઓ - આમ માયા એ કોઈને છોડયા નથી. આવી માહકાળ માયા વિશે નિરાંત અન્ય પદ રચનાઓ પણ કરી છે, તે જોઈએ:

'માયા મોટી મોહની, મોટા મુનિજનના મન મોહયાં રે.'

'શિવ સમાધિ નિશદિન વાધી, તે માયાનું કરવું રે,
અંતરમાં એ રીતે રહી છે, ધ્યાન હરિનું ધરવું રે.'

'ખટ દર્શન વણ ખોજે બાંધયા, ફેલી રહી ચોફેરી રે,
જ્ઞાની પંડિત સહુ ગૂંચાયું, ગુરુ વિના મતિ ઘેરી રે.
ઉત્પત્તિ પ્રલય માયા રે, રૂપ રંગ તે માયા જાણો.'

'સંતો માયા ભલી મેરે રામકી, મેહેર મોપેં મેરે કામકી.'

'મનમાયા વડે હીંડે માહાલ તું, મારે ઘડી પલક નથી ચાલતું,
મારે આનંદ ઉરમાં અતિ ઘણો, મહિમા કહયો ન જાયે માયાતણો.'

'માયા ગરવી થઈ ને ગુરુને મળી, માયા ગુરુવત થઈ ને સફળ ફળી;
દીનો તારક મંત્ર કરતારની, માયા પૂરણ દુ:ખ નિવારણી,
માયા દાસી થઈ ને દિલ રખે, માયા સાચી સંતસેવા પખે,
માયા સંત અસંતનો અંતરો, માયા એકા એકી પટંતરો,
માયા આદ અંતને મધ્યેમળી, માયા નિરાંત નામે ન્યારી રહી.'

માયા મોહિની સ્વરૂપે છે. મોટા મુનિવરોના મન ચલિત કર્યા છે. શિવ સમાધિસ્થ છે. તે પણ માયાને વશ થઈ રહે છે. અંતરમાં પણ તેનો જ વાસ છે. જે છ દર્શન શાસ્ત્ર છે. તે પણ માયાનું કારણ રૂપ છે. જ્ઞાની પંડીત સૌ કોઈ માયા માં ગૂંચવાઈ ગયા છે, મશગુલ છે. ગુરુ વિના મત્તિ શુધ્ધ થઈ શકશો નહીં જે ઉત્પતિ કે પ્રલય થાય છે. અર્થાત્ જન્મ – મૃત્યુ થાય છે. તે પણ માયા જ છે. રૂપ અને રંગ પણ માયા જ છે. આ માયા છે તે મારા રામની છે. એટલે મને પ્રિય છે. મન છે તે પણ માયાને આધિન છે. માયા વિના મને કશૂ: જ રુચતું નથી. મારા હૃદયને એટલે જ તો આનંદ થાય છે. માયાનો મહિમા અવર્ણનીય છે. માયા ગૌરવવંતી છે તે ગુરુને મળે છે. માયા એ ગુરુનું રૂપ લીધું છે. તેથી તે મને ફળી છે. તેણે કિરતારની પ્રાપ્તિનો મને મંત્ર આપ્યો છે. માયા સઘળા દુ:ખ વિદારક છે. માયા દાસી થઈને દીન ભાવે રહે છે. માયા જ સાચી સંત સેવાની પરખ કરે છે. માયા સંત અને અસંતનો ભેદ કરનારી છે. માયાને કારણે જ પરસ્પર ઐકય સધાય છે. આદિ અંત અને મધ્યે માયા જ વિલસે છે. પણ

નિરાંત નામે તે ન્યારી છે.

આ પ્રકારની રચનાઓ મધ્યકાળના અન્ય સંતકવિઓની રચનાઓમાં જોવા મળે છે. માયા છે તો જ ગુરુ પ્રત્યે મમત્વનો ભાવ રહે છે. ને ગુરુ પણ માયાને કારણે જ શિષ્યપ્રતિ ઉદારવલણ અને પ્રેમ ભાવ રાખતા હોય છે. માયાને સદ્‌ઉપયોગ કરે તો તે ફળ આપનારી છે.

માયા તો હૈ રામકી મોહી સબ સંસાર;
જાકો ચિઠ્ઠી ઊતરી સોઇ ખરચન હાર.

-કબીર

કબીર માયા વેશ્યા, દોનું કી ઇક જાત;
આવત કો આદર કરે, જાત ન બૂઝે બાત.

-કબીર

દેખો માયા બહુ બળવંતી, પંડિત પરગટ કર જોડે,
રાજા રંક ફકીર સંન્યાસી, માયા દેખ સબ કોઇ દોડે,
જ્ઞાની ધ્યાની સર્વે માંહિ, સબહી લીયા ચડતે ઘોડે.

-રવિસાહેબ

સંતો માયા નાહિ,
બીના વિચાર સકલજગ ભૂલ્યા, જ્ઞાન વિના ગુંચવાઇ,
માયા માયા સિદ્ધસાધ પોકારે અચરજ એહ કહાઇ,
ભોરીંગ જેસા ચીંથરાં ભોંય પર, દેખોએ કીસ લીધ ખાઇ,

-રવિસાહેબ

ધાઇ ધૂતી ધન ભેંગુ કીધું રે હા,
માયા ના કોઇ પાર નહીં પાર નહીં,
સગું કુટુમ્બ તારું વીંટીને બેઠું,
આડું ફરે કોઇનો ભાર નહીં.

-પોઠો ભગત

કૂડી છે કાયા ને રૂડી છે માયા, જૂઠડો આ જગ જાણો,
સાચો નામ સાહેબકો જાણો, ભણે લુહાણો ભાણો.

-ભાણ સાહેબ

માયા તો રામ ની છે. તેનો ઠાઠમાઠ જ એવો છે કે સમગ્ર સંસાર તેની ઉપર મદોહી પડયો છે. કબીર માયાને વેશ્યા કહે છે. ને કહે છે કે બન્નેની એક જ જાત છે. આવે તેનો આદર કરે (વેશ્યા) અને જાય તો તેને ઓળખતી નથી. તેવો ભાવ રાખે છે. રવિસાહેબ કહે છે કે જુઓ કાયા બહુ રહે છે! રાજા હોય, રંક હોય, સંન્યાસી કે ફકીર હોય માયાની સામે કેવા રવશ બની જાય છે! એટલું જ નહીં જ્ઞાની, ધ્યાની પણ માયાના પંજા માંથી છૂટી શકતા નથી. રવિસાહેબ કહે છે કે સંતો, માયા મૂળ માં જ નથી જે માયા માયા કહે છે તે જ્ઞાન વિના ગૂંચવાઈ ગયા છે. વિચાર કરે તો કાયા નથી માયા એવું સિધ્ધ અને સાધક પોકારી રહયો છે. એ જોઈ મને આશ્ચર્ય થાય છે. સર્પ આકારના ચીંથરાં હોય તે શું ડંખ મારી શકે ?!

★ (૭) સંસાર અસારતા: -

સંસારમાં રચ્યા - પચ્યા રહેતાને સંસાર ને જ સર્વસ્વ ગણવા માણસો કયારેક દુ:ખ અને સંતાપમાં જીવન વ્યતિત કરતા હોય છે. સાચી સલાહ અને માર્ગદર્શન વિના તેઓ ભૂલા પડેલા મુસાફરોની જેમ જિંદગી જીવતા હોય છે. એટલે જ તો સંત - ભકિત કવિઓ તેમની રચનાઓમાં સંસારની અસારતા સ્પષ્ટ બતાવી આપે છે. શ્રી નીરાંત મહારાજ આ વિષય અંતર્ગત શું કહે છે, તે જોઈએ -

'ભાવે ભજને મુખ રામ, એ છે દેહધર્મ,
બીજી જાળ છે જે જે કરવું, તે તે સહુ કર્મ.
ફોગટ નીર મધ્યે શું થાએ, તત્વ તેમાં ન આવે હાથ,
અનેક મનનની વૃતિ મૂકીને, એક ઝાલને દીનોનાથ.'

' શીદને મરો છો તાણી,
તરીલાં તમો શીદને મરો છો તાણી.
મારૂં ને તારૂં મન મિથ્યા કરો છો,
મિથ્યા જ બોલવી વાણી.'

' દુનિયાં મરડ મૂકી દો મનકો, ફેરફાર નહિં! ફના હોય જાયેગા,
નહિં ભરોંસો તનકો, દુનિયાં મરડ મૂકી દો મનકો.'

' સંસાર સુખ સ્વપ્નાવત દેખો, કોઈ જગે નહિં કિનકો,
સબ કોઈ દેખત જાના હોયગા, રહે નહિ હોય એક દિનકો.'

'જન્મ મરણનું જોખમ જીવને, લક્ષ ચોરાશી ફેરા ફરવા,
ઊંચ-નીચ યોનિ અવતરવું, મહાદુ:ખ જાણીને હરિવર વરવા.'

'આજ કાલમેં દુનિયાં દેખો, પાનીકી શી સારી
નર નારી કો ઔર નરેસી, જહાંન લગી હે ઝાહારી,
મોત બડા સબકે શિર ઉપર, કોન રંક કોન રાજા.'

'તીન લોકમે ઓહી તમાસા, સબકે શિર પર દાયા,
એક જગો એસી સદ્દગુરુ, વાહાં સે કાળ ભગાયા.'

'રામ સમર મન મેરા, અબતું રામ સમર મન મેરા,
એક દિન અંતે ઊઠ ચલેગો, કોઇ નહિ સાથી તેરા.'

મનુષ્ય અવતાર મળ્યો છે, તો આપણો ધર્મ ભાવથી રામ ભજન કરવાનો છે. બીજુ જે કોઇ કૃત્ય કરવું તેતો એક પ્રકારની જાળ જ છે. ધર્મના પ્રવિત્ર જળને ડહોળવાથી તત્વ હાથ આવવાનું નથી. મનની વૃતિઓને એક બાજુ મુકી માત્ર ઈશ્વરનું શરણ ગ્રહણ કરવું જોઇએ. મનુષ્ય થયો હોવાથી તું ભવ સાગરને પાર કરવા સક્ષમ થયો છે. તો પછી શું કામ ખેંચા ખેંચીમાં જિંદગી વ્યતિત કરો છો. મારું તારું કરવું, ને એમ માનવું એ પણ મિથ્યા છે. ને એવી વાણી વ્યકત કરવી તે પણ મિથ્યા જ છે. હે લોકો, તમે ઘમંડ છોડી દો. કોઈ ફેરફાર થવાનો નથી. એક દિવસ પ્રલય આવવાનોજ છે. (મૃત્યુ) તેથી મનનો જે ઘમંડ છેતે છોડી દો. આ સંસાર એક સ્વપ્ન સમાન છે. મારુંકે તમારું અહીં કશું જ નથી. મૃત્યું નો સમય આવે ત્યારે જવું જ પડશે. તેમાં ક્ષણ માત્રનો ફેરફાર થશે નહિં. જો કોઇ મોટામાં મોટું દુ:ખ છે. એવું જાણી, વિચારી પરમાત્મા સાથે સંબંધ જોડવો. આજે દુનિયામાં જુઓ શું ચાલી રહયું છે? સામાન્ય સ્ત્રી પુરૂષ કે રાજા યમદૂત કોઈને પણ છોડતો નથી. ત્રણ લોકમાં આ એક તમાસો છે, ખેલ છે પણ એક જગ્યા એવી છે સદ્દગુરુની ત્યાં કાળનું કશું ચાલતું નથી એટલે તું રામ નું સ્મરણ કરી લે. કેમ કે એક દિવસ તો અહીંથી જવાનુ જ છે.
ને, ત્યારે તારો સાથી કોઇ નહિં હોય.

આ પ્રકારની પદ રચનાઓ અન્ય સંત કવિઓ એ પણ કરી છે જે નીચે પ્રમાણે છે. :

'વેલ્યેથી વછૂટયું રે, સખી! એક પાંદડું રે,
ઈ રે પાંદડું ભવે રે ભેળું નહિ થાય.'

-લખમો માળી

'એક દાડે જાવું એક દાડે,
આવો મોંઘા મૂલો મનખ્યો મેલીને જાવું એક દાડે.'

-દાસી જીવન

'જો દેખા સો દુખિયા દેખા, તનુ ધરિ સુખી ન દેખા,
ઉદય અસ્તકી બાત કહત હૈં તાકર કરહું બિબેકા.'

-કબીર

'ઊઠ રે ખડા મન, ચેતી લે ને પ્યારા રે,
સાન રે સમજ સત્‌ગુરુ રે...
જેમ રે દીવાની માથે પવન ઝપેટે રે,
કાળ રે દડા તેરા શિર પર ઘેરી રે.'

-દેવીદાસ

'હીરો ખો મા તું હાથથી રે,
આવો અવસર પાછો નૈં મળે રે જી...
ખોઈ બેઠો રે બંદા ખાખમાં,
માથે ત્રિવેધીના તાપ ઝળે...હીરો ખો મા તું..'

-તિલકદાસ

'ભજન વિના ભટકી રે અવતરશો કૂતરા થઈ રે,
મૂરખા તમે ખાશો લાકડિયું ના માર રે હાં.'

-જેઠીરામ

વેલમાં રહેલું પાન જેમ વેલ માંથી છુટું પડી જાય, પછી કયારેય ભેગું થઈ શકતું નથી. જોડાઇ શકતું નથી. એક દિવસ તો જવાનું જ છે. આવો મહામુલો મનુષ્ય દેહ છોડી એક સમયે જવાનું જ છે. જેને જેને હું જોઉં છુ તે બધા દુખિયા જ છે. મનુષ્ય તન મળ્યું છે પણ મેં સુખી કોઈને ન જોયો. આ ઉદય અને અસ્તની (જન્મ અને મૃત્યુંની) વાત કરૂ છું. તેનો વિવેક પૂર્વક જરા વિચાર કરો હે મનુષ્ય તું ઉઠ ઉભો થા. હે વહાલા તું ચેતી જા, ને સદ્‌ગુરુની સાનને ઓળખ. જેમ દીવા ઉપર પવનની ઝાપટ આવે તેમ તારા ઉપર કાળ મંડરાય રહયો છે. આમનુષ્ય દેહ એક હીરો છે. તેને તું ખોય નહિં નાખતો કેમ કે આવો અવસર વારં વાર આવતો નથી. પરમને જાણ્યા વિના આધિ, વ્યાધિ અને ઉપાધીમાં રહીને દુ:ખ શું કામ ભોગવો છો? ભજન વિના ભટકી જાશો ને કૂતરા થઈને અવતરશો. ત્યારે હે મુરખ માનવી તમે લાકડિના માર ખાશો, માટે ચેતી જાઓ.

## ★ (૮)નામ સ્મરણ મહિમા: -

### (નામ મહિમા)

પરમાત્માની પ્રાપ્તિ માટે યોગ, સમાધિ અને જ્ઞાન - ભકિતને મહત્વ આપવામાં આવે છે. સિદ્દધ - સાધુ, ફકીર, સંન્યાસી, આ સર્વે પરમાત્માની પ્રાપ્તિ માટે જગત વ્યવહાર છોડયો છે. પણ જયાં સુધી 'સહજયોગ' નસધાય ત્યાં સુધી પરમ ની પ્રાપ્તિ થતી નથી તેમ સંતવાણીનું વચન છે 'નામ' જપમાં સ્થૂળથી સૂક્ષ્મમાં ગતિ થાય છે. વૈખરીવાણીથી જપ કરવામાં આવે તે વાચિક છે, ત્યાંથી આગળ માત્ર હોઠ અને જીભ હલાવવાથી થાય તે ઉપાંશુ, ત્યાર પછી હોઠ - જીભ હલાવ્યા વિના માત્ર મનથી જાપ કરવામાં આવે તે માનસ જપ છેવટે ધ્યાન જપમાં લીન થાય છે. પછી જપ માટે કોઇ પ્રયાસ કરવો પડતો નથી, અનાયાસ અજપા જાપ થયા જ કરે છે. આ નામ સ્મરણનો મહિમા કબીર સાહેબની જેમ 'રવિ - ભાણ સંપ્રદાય' ના સંતોએ ગાયો છે.

(સત સાહેબની સરવાણી ૧૪૬ / ૨૮ ડો. ગોહિલ)

કબીર સાહેબ અને 'રવિભાણ સંપ્રદાય'ના કવિઓની જેમ શ્રીનિરાંત મહારાજે પણ 'નામ સ્મરણના મહિમા' ગાયો છે જે નીચે આપેલી પંકિતઓ જોતા પ્રતીત થશે.

'નામ વિના ગમતું રે નથી, કંઇ નામ વિના ગમતું,
ચાર ધામ ભૂતળ રમી થાકયા, મન ના રહયું રે રમતું.'

'નામ નિરંજન ગુરુ હી લખાવે, સાહેબ સકળ પસારા,
ઘટ ઘટ રૂપ રામકા સંતો, બોલત હૈ સો ન્યારા.'

'નિશ્ચળ પદકા નેજા ગાડા, હદ બે હદસે આઘા હે,
નિરાંત નામ અમરપદ પાયા, જરામરન ભય ભાગા હે.'

'બિના ખેવટ કોઈ પારના પાવે, બિના નાવ બુડે તરતાં,
નિરાંત નામ નાવ ચઢ પાવેં, સે જે ભવ સરતા.'

'સાધ સંગત ને ગુરુની સેવા, સ્મરણ ઉર ધારૂં,
નિરાંત નામ ચીન્યા વિના, મિથ્યા મુકિત સહુ જારૂં.'

'નામ ઉપાસી સોઈ અનાદિ, હરિ ગુરુ સંત લખાયા,
નિરાંત કહે નિર્વાણી નામ છે, આપે આપ બનાયા.'

'તે જન ની હું જાઊં બલિહારી, જે સદ્‌ગુરુ નું રૂપ,
નિરાંત નામ નિત્ય રે, નામી નામ ભયો.'

'નામ સમોવડ નથી જાણજો, કહેવા સરખું કહિયે રે,
સ્થાવર જંગમ સભર ભરાભર, સદ્‌ગુરુ શબ્દે લહીએ રે.'

'જેહને મારૂં નામ છે વહાલું રે, તેને હું તો શું આલું,
તન મન તન હું નામને આધિન છું મને નામ છે વહાલું.'

'નામ વિનાનું સર્વે નાટક, આદિ અંત લય પામે રે,
નિરાંત નામ નિરખ નિ:સંશય, જગત પડયું સહ ભામે રે.'

'નામ બીના કછુ ના મીલે, ગ્યાની જન ગત પાવે,
નામ મીલે જાઈ નામકુરે, નામ નામ લખાવે.'

'બાપુ જોયા જયોતિ રૂપા, બાપુ રૂપ અતિ અનુપા;
બાપુ એજ નામ અમારા, બાપુ જાણો રૂપ તમારા.'

શ્રીનિરાંત મહારાજનું ભાગ્યે જ એવું પદ હશે જેમાં નામની મહત્તા ન ગાય હોય. આ સંતકવિ નામસ્મરણ નો જ કવિ છે. તેમ કહી શકાય.

કબીર 'રવિ - ભાણ સંપ્રદાય' ના સંતકવિઓ અને અન્ય સંત કવિઓ એ પણ નામ સ્મરણનો મહિમા ગાયો છે -

'આદિ નામ નિજ મૂલ હૈ ઔર મંત્ર સબડાર,
કહ કબીર નિજ નામ બિનુ બૂડી મુઆ સંસાર.'

- કબીર

'સત્નામ નું સુમરણ સાચું, કાચું નહીં લગાર રે ભાઇ,
સહસ્ત્ર ફેણે શેષનાગ જપે, રસનાએ ઝુંકાર ભાઇ.'

-રવિસાહેબ

'હાં રે ભાઇ એકવીસ વરમંડની ઉપર,
ત્યાં નામ છે નિજ નામી રે,
ઉનકા સમરણ સંતો કરી લીયો રે,
પછી આવે નહીં એકાં ખામી રે.'

-રૂખીરામદાસ

'કોઇ રૂપ રંગ સે ન્યારા, ઉસમે કયા જાને સંસારા રે જી,
ઓહં સોહમ્ ની ઉપર નીરખો બાર આંગલ છે બારા,
મતિ મૂરતિ નૈણે નીરખો, નિજ નામ છે ન્યારા.'

-દાસીજીવણ

'નિજ નામનાં નાંગળ નાખીને, પવન-પુરૂષ પધરાવે,
અસલ જુગની અમર વાદળી, મોતીડે વરસાવે.'

-જેઠીરામ

'દમ ના ધૂંટુંને મુખ ના રટું, સુરત નામ એક રૂપ,
નામી અનામી પોતે બન્યો છે, કોટિ બ્રહ્માંડનો ભૂપ.'

બાપુ સાહેબ ગાયકવાડ

ભૂમિ પર તો ભૂચર જીવે જળચર જીવે જળે,
અર્જુન અમર નામ પર જીવે સદ્‌ગુરુ તે બળે.

-અર્જુનભગત

પ્રભુનું આદિ નામ તો પારસમણિ છે. મન મલિન લોખંડ જેવું છે. આ મન ને પ્રભુ નામનો સ્પર્શ થતાં જ એ શુધ્ધ તત્વસ્વરૂપ બની ગયું. ને મોહના બંધન છૂટી ગયાં. કબીર કહે છે કે આદિનામ એ જ પોતાના સ્વરૂપનું મૂળ છે. બીજા બધા મંત્રો તો ડાળખાં છે. આ નિજ નામ નુંરહસ્ય નહિ સમજવાથી જ આ સંસાર ડૂબી મરે છે. રવિસાહેબ કહે છે કે સત્યનાનું સ્મરણ સાચું છે. સહસ્ત્ર ફેણે શેષનાગ તેનું સ્મરણ કરી રહયો છે. આ જીભ પણતેનો જ ઝંકાર કરે છે. રૂખીરામદાસ કહે છે કે એકવીશ બ્રહ્માંડની પણ ઉપર નિજ નામી છે. અર્થાત્ હું છું. હે સંતો તેનું સ્મરણ કરી લ્યો. પછી કશું જ

કરવું નહીં પડે. દાસી જીવણ કહે છે કે તે (પરમતત્વ) રૂપ રંગથી ન્યારો છે. સંસારીભાવ વાળા એએ શું જાણે? ઓહમ-સોહમ અર્થાત્ શ્વાસોશ્વાસની ઉપર નિરખો બાર આંગળ જ બહાર છે. જરાપણ દૂર નથી તે પાસે જછે. મતિ શુધ્ધ કરી તેને આંખો ખૂલ્લી રાખીને પણ જોઈ શકાય છે. એજ નિજનામ છે. અર્થાત્ હું ને ન્યારો રહું છુ. પોતાના સ્વરૂપથી સભાન થાય તો સહજયોગની પ્રાપ્તિ થાય છે. ત્યારે અસલ એવા યુગની આદિ અનાદિની ભકિત પ્રગટ થાય છે. ને શબ્દ મોતીડાંની હેલી થાય છે. બાપુ સાહેબ કહે છે કે જેણે નામ જાણ્યું છે, તે ચાર વેદ ભણ્યો ગણાય ને ભેદ જેણે જાણ્યો તે તરત જ સંત બની ગયો. હું પ્રાણાયામ ન કં, નકં મુખથી રટણ. હું તો અનામી હતો નામી બન્યો છું. કોટિ બ્રહ્માંડનો રાજા બની ગયો.

★ (૯) સહ્જયોગ: -

સાધના, કર્મકાંન્ડ, વિધિ-વિદ્યાનો, દર્શનશાસ્ત્ર, વેદપુરાણ વગેરે માં પરમપ્રાપ્તિના ઉપાયો બતાવ્યા છે. મધ્યકાળના સંત-ભકત કવિઓ તો અશિક્ષિત છે, તેમ છતાં આશ્ચર્ય એ વાતનું છે કે આ બધા સંત-ભકતોએ શાસ્ત્ર-પુરાણની પરવા કર્યા વિના સ્વયં પોતાની રીતે, પોતાના અનુભવથી જ્ઞાન પ્રાપ્તિ કરી છે. પરમના ધામમાં જવા માટે ગુરુ માર્ગદર્શક રહયા છે. ગુરુગમ કરીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી સહજભાવે નિજધામ માં પ્રવેશ કર્યો છે. 'આ સંતોએ સાધનાની આંટી છૂંટી છોડીને સહેજે ઊઠતાં, બેસતાં, હસતાં, રમતાં હરહાલતમાં અનાયાસ હરિના પ્રેમ નો રંગ દિવસેદિવસે વધતો જતો અનુભવ્યો છે'. ૧૪૮ (સતસાહેબની સરવાણી) નામ સ્મરણ સહજ બનતા 'સહજયોગ' ની પ્રાપ્તિ થાય છે. અહીંશ્રી નિરાંત મહારાજની કેટલીક પંકિતઓ જોઈએ:

'મન ફકીરી હાલ હજુરી, ધ્યાન ધનીશુ લાગા હે,
ફેલ ફકીરી તનકી કહાવે, ગળે ગોદડી ધાગા હે.
મરમ ન પાયે સ્વાંગ બનાયે, ખાખ લગાવે નાગા હે,
મનકા મુંડા કોઉના મળિયા, શિરમુંડાસબ માગા હે.'

'મન અળગું કયાં અફળાય, બીજો નથી બોલતો,
જો ને જાગી તું તારા રૂપને, ખોળી જોતામાં તું ખોવાય.'

'રૂપ નહિં જેને ગુણ નહિને, નામ નહિ છે એવું,
કાંઈ નહિ ને સર્વે તેનું, વૃક્ષબીજ છે જેવું.'

'આપ ચિન્યા બિન અંધા, જગત સબ આપ ચિન્યા બિન અંધા,
પઢવે ગણવે વેદ આદ લેઉં, સબહી ઉદારકા ધંધા.'

'મુંડ મુંડાવે ભગવાં કહાવે, સાચા વેશ સંન્યાસી,
આપ અડોલકી ઓલખ નાહીં, ડોલત હીંડોલાસી.'

'કોઇ મૌવવ્રત ગ્રહી રહે, અસત્ય નવ ઉચરે,
ધર્મરૂડા કરે વેદ સાખે.'

'જંગમ કહાવે કાન ફરાવે, દેવી દેવકું મીલ ચાયા;
આસ અધૂરી બહે જાત હે, દેવી નામકું ના પાયા.'

મન મનાવી, ફકીર બની અલખધણીનું ધ્યાન ધરે છે. પણ જે ફકીરી લીધી છે તે માત્ર તનની જ છે. ગળામાં ગોદડી નો ધાગો નાખી ફકીરનો બાહયવેશ પરિધાન કરે છે. ફકીરનો સ્વાંગ રચ્યો છે. પણ મરમ જાણતો નથી. નાગાબાવા માથે મુંડન કરી નીકળી પડયા છે પણ મને મન મુંડાવેલા મળતા નથી. મનને જયાં ત્યાં શું દોડાવ્યા કરે છે. શ્રીહરિ તારી પાસે જ છે. અરે! તું જ બોલો છે. અજ્ઞાનતામાં તને દેખાતું નથી તું જાગૃત થા અને તારાજ રૂપને તું જો, તું જ ખોવાઇ જઇશ. પછી બાકી શું રહેશે? કોને શોધીશ? એ નામ, રૂપ અને ગુણથી પર છે. કાંઇ જ નથી પણ જે છે તે સર્વે તેનું જ છે એ જાણ.

જેમ વૃક્ષમાં બીજ છે. એમ પરમતત્વ વિલસી રહયું છે. પોતાને જાણ્યા વિના-ઓળખ્યા વિના બધા અંધ છે. વેદનું અધ્યયન કરવું ને કરાવવું એ બધું પેટ ભરવા માટે છે. એક પ્રકારનો ધંધો છે. માથે મુંડન કરી, ભગવાં વસ્ત્રો પરિધાન કરી સાચાસંન્યાસી નો વેશ ધારણ કરે છે. પોતાને પરખ નથી જેમ હીંડોળો ઝૂલે છે તેમ તેનું મન પણ ઝૂલે છે. કોઇ મૌનવ્રત ધારીઓ હોય છે અસત્ય વદતા નથી, ધર્મ કાર્ય પણ કરે છે. પણ પરમ તો તેનાથી દૂર જ રહે છે. દેવીના નામને જાણતો નથી. નિરાંત મહારાજની જેમ જ આ વિષય પરત્વે અન્ય સંત કવિઓ શું કહે છે તે જોઇએ:

તપસી કાહેકું તપ આદરે, તપસે નિજ તંત હે ન્યારા,
પંચ મુખે અગ્નિ પરજાળે, ઊંધે મસ્તક ખાયે ઝૂલારા,
બહોત કષ્ટ દેવે કાયાકું, કબહું ન રીઝે કિરતારર.

-રવિસાહેબ

જાપ અજંપા સો ઘર નાંય, ચંદ્ર સૂર ત્યાં પોંચત નાંય,

સુસમ ટેકથી સો ઘર જાય, આપ આપને દીપે ઓળખાય.

– દાસી જીવણ

સંતો સમજો રે તમે શિખામણ મારી,

આવે તાજીઆમાં કાચડાંને મરવું રે,

– બાપુ સાહેબ

હરિવર મેંલીને એતો માયાને મોહયો,

એનું નાક નાખોની વાઢી રે.

– બાપુ સાહેબ

રવિસાહેબ કહે છે કે અરે જોગી તું માટે દેહ દમન કરે છે? શા માટે દેહ નેકષ્ટ આપે છે? હે તપસી તું જેનું તપકરે છે એ પરમતત્વ તો ન્યારું છે. તું યજ્ઞ કર, કે ઉંધે મસ્તકે રહી ગમે તેટલું તપ કરીશ. ને કાયાને કષ્ટ આપી જદ્દો તું હરિપ્રાપ્તિ કરવા ઇચ્છતો હોતો હ કહું છું કે આ રીતે શ્રીહરિ રીઝશે નહીં. દાસીજીવણ કહે છે: જોગી બની, જટા વધારીને અંગ રાખ લગાડી તું પૈસા માટે દેહ ને કષ્ટ આપે છે. એટલે તું જોગી નથીછપણ ધૂતારો છે. જાપ જપવા થી પણ તે મળે નહીં અરે! સૂર્ય ચંદ્ર પણ ત્યાં પહોંચી ન શકે. સૂક્ષ્મ સમજથી પરમનું ઘર પમાય છે. તારાથી તું તને ઓળખી શકીશ. બીજા સાધન કશા કામના નથી. એ જ રીતે  માધવ સાહેબ કહે છ. : નેતિ – ધોતિ, બસ્તિ કે કર્મકાંડ કરવાથી શ્રીહરિ મળતો નથી. પ્રાણાયામથી પણ પાર વસ્તુ કે કર્મકાંડ કરવાથી શ્રીહરિ મળતો નથી પ્રાણાયામથી પણ પાર વસ્તુ રહેલી છે. ત્યાં જોગીઓનું જોર ન ાલે, તારી પાસે ગમે તેટલી કળા હોય પણ અકળકળા ને તું જાણી શકીશ નહીં. બાપુ સાહેબ ગાયકવાડ કહે છે: સંતો તમે મારી શિખામણ સમજો તાજીયા થાય ત્યારે કાંચડાને મરવું જ પડે છે. હરિવરને મેલીને – છોડીને માયાને મોહે છે. તેના મોહમાં અંધ બને છે તેનું નાક કાપી લેવું જોઇએ.

★ (૧૦) માનવ અવતારનો મહિમા: –

સંત – ભકત કીવ્ઓએ મનુષ્ય દેહને ક્ષણભંગુર કહયો છે. એને વિવિધ ઉપમાઓ આપવામાં આવી છે. જેમકે કાગળની હોડી, જૂઠડી કાયા રાણી, ચરખો વગેરે પણ સાથદો સાથ મનુષ્ય દેહ નો મહિમા પણ એટલો જ ગાવામાં આવ્યો છે. શ્રીનિરાંત મહારાજે દેહના મહિમાને અત્રે રજુકર્યો છે.

'તન તારું જો ને તપાસી, તું કોણ છે તન તારું જો ને તપાસી:

પાંચ તત્વનું પૂતળું બન્યું છે, માહે અગુણ તત્વ નિવાસી.'

'મનુષ્યા દેહ નો મર્મ ન જાણ્યો,
એવા નર અભાગી.'

'હરિને ભજતા હરિ સમોવડ, ભિન્ન ભાવ ના જાણું,
નિરાંત નિશાવત્ તન ન્યારો, મનુષ્યાદેહી તે વહાણું.'

'મનુષ્ય થયો ને હરિનામ ન જાણ્યું,
તે પશુ ની તોલે કહીએ, કહેવાય છે.'

'મનુષ્યા દેહી નો એ રે મંત્ર છે, અવર ને નથી અધિકાર,
મનુષ્ય થયો ને મંત્ર ન સાધ્યો, ધિકક તેનો અવતાર.'

'આવો અવસર ફરી ફરી નહીં આવે,
મુરખ હીરો કોડી તૂલ્ય ગુમાવે.'

'નરનારી રે પામ્યાં નર દેહીને,
હાવે હરિને સંભારો,
નીકર પશુ રે યોનિ ગતિ પામશો,
આવ્યો તરવાનો આરો.'

'નર દેહ ધરી સુકૃત કાંઇ નવ કીધું રે, પ્રભુને નવ લહયા,
તે જન જાણો નિશ્ચે નરખ્યા, નીચી યોનિમાં ગયા.'

'હરિનું ભજન ભૂલશો નાહીં ભાઇ,
કોણ કરમ મનુષ્યા દેહ પાઇ.'

'મનુષા ટાણું મોટું રે, જાગીને જોતાં,
અકળ સ્વરૂપ અનુભવ્યું રે, ખટપટ સહુ ખોતાં.'

શ્રી નિરાંત મહારાજ કહે છે કે તું તારા તને તપાસી જો, તું કોણ છે? તેનો ખ્યાલ આવશે. પાંચ તત્વ નું પુતળું છે, પણ તેમાં પરમતત્વનું વાસ છે. જેણે મનુષ્ય દેહનો મર્મ જાણ્યો નથી. તે નર અભાગી છે. જે હરિને ભજે છે. તે હરિરૂપ થઈને રહે છે. તેને હું જુદો ગણતો નથી. રાત્રિતો અંધારી હોય તેનાથી દેહ ન્યારો છે. મનુષ્ય દેહ એટલે રાત્રિ પસાર થયા પછી પ્રભાત જેવો છે. અર્થાત્ સૂર્યોદય થયો છે. મનુષ્ય દેહનો મહિમા મોટો છે. પણ ગુરુ મળે પછી તેની કિંમત સમજાય છે. પ્રભુને ભજવાજો સ્વને ઓળખવાનો જે મંત્ર છે તે મનુષ્યને સુલભ છે, બીજા અવતારોને નથી જેણે એ મંત્ર પ્રાપ્ત નથી કર્યો (ગુરુમંત્ર) તેના અવતારને ધિકકાર છે. આવો અવસર ફરી નહીં આવે, મનુષ્યદેહ તો હીરા સમાન છે. મુરખ લોકો તેને કોડી ને મૂલે ગુમાવે છે. નર-નારી મનુષ્યદેહ પામ્યાં છે. હવે હરિનું સ્મરણ કરો. નહિતર પશુ યોનિમાં ગતિ જરૂર થશે. મનુષ્ય દેહ જ સંસાર તરવાના આરા (ઘાટ) સમાન છે. જેણે મનુષ્યદેહ ધરી સુકૃત્ય કર્યુ નથી ને ઈશ્વરને જાણ્યા નથી. તે મનુષ્ય નિશ્ચત પશુ યોનિ માં જાય છે. હરિનું ભજન ભૂલશો નહિંસારા કર્મોથી જ મનુષ્ય અવતાર મળ્યો છે. જાગીને જોયું તો ખ્યાલ આવ્યોકે મનુષ્ય દેહ એજ મોટો અવસર છે. પ્રભુનું અકળ સ્વરૂપ અનુભવ્યું ને સંસારની ખટપટ-મારાતારી જતી રહી.

આ પ્રકારની કેટલીક રચનાઓ અન્યસંતકીવઓમાં જોવા મળે છે. જે નીચે પ્રમાણે છે.

'વાડી રે વેડીશ મા હો !
મારી રે વાડીના ભમરલા ! વાડી વેડીશમા' !

-દાસીજીવણ

'નાથ નિરંજન ધારી રે અલખ તારી ભાઈ રચના ન્યારી ન્યારી,
આ દેહમાં મારા સતગુરુ બેઠા નાથ નિરંજન ધારી.'

-દેવાયત

'રૂડા રામ વાણિયા રે, તારો શેઠ નગરમાં છે,
શેઠ નગરમાં છે, રે તારો ધણી નગરમાં છે.'

-ભવાનીદાસ

'કાયાના ઘડનારાને ઓળખો રે,
રામ! અભિયાગતને નરખો રે
રામજી ને બનાયા પવન ચરખો.'

-રવિસાહેબ

'આંબો અમર છે રે સંતો!
કોક ભોમ ને ભાવે રે.'

-મોરાર સાહેબ

'એવા સતના જળ સીંચજો રે,
માનવી તો મૂળ વિનાના ઝાડ.'

-આંબો છઠો

'આવો ફરી ફરી અવસર નહિં મળે,
તમે લાભ સવાયા લેજો.'

-પીઠો ભગત

'વનમાં તો મેલી મુંને એકલી રે વણઝારા!
જી હો! મુંને મેલી મત જાજો બાળા વેશમાં.'

-કાજી મહમદશા

'મોર તું તો આવડાં તે રૂપ કયાંથી લાવ્યો રે,
મોરલો મરત લોક માં આવ્યો.'

-દાસીજીવણ

દાસી જીવણ કહે છે કે 'વાડીને વેડીશ' માં અર્થાત્ દેહ એજ વાડી છે. એ વાડીમાં અનેક પુષ્પો ખીલ્યાં છે, હે ભમરલા તું એનું મધુ ચૂસેજે પણ તેને ઉજજડ કરીશ નહીં. જેણે દેહની રચના કરી છે તેઅલખ ગુરુસ્વરૂપે દેહમાં જ બિરાજમાન છે. એ દેહ વૃદાવન જેવો છે. વૃદાવનની કૂંજગલીઓમાં વાલો ખેલ ખેલ રહયો છે તે અદ્ભૂત છે! અહીં કાયાને નગરનું રૂપક આપ્યું છે. ને તેમાં અલખધણી નો નિવાસ છે. આ કાયાના ધડનારાને ઓળખો, એ પવન ચરખો છે. રામજીએ તેની રચના કરી છે. ભકિતરૂપી આંબો અમર છે. પણ તે કોક ભોમ(કાયા)ને અનુરૂપ આવે છે. તેને સતના જળનું સિંચન કરજો. કેમ રે માનવી તો મૂળ વિનાનું ઝાડ છે. વારંવાર મનુષ્ય અવતાર આવતો નથી. મનુષ્યનું અવતરવું એ જ એક મોટો અવસર છે. તે વારંવાર આવતો નથી. માટે તેના સવાયા લાભ લેજો હે વણઝારા(આત્મા)તે મને વનમાં એકલી મૂકી છે. અહીં કાયા રાણી વાત કરે છે. ને વિનવે છે કે મને મૂકી ને ન જતાં. દાસીજીવણ અહીં આત્માને મોરની ઉપમા આપી ને કહે છે કે તું આવડાં રૂપ કયાંથી લાવ્યો. આ મૃત્યુ લોક માં તુ એક આશ્ચર્ય છે!

★ (૧૧) ઉપદેશ: -

'ધમ્મપદ' માં કહ્યું છે:

असाहसेन धम्मेन समेन नयती परे।
धम्मस गुत्तो मेघावी धम्मट्ठो ति पदुच्यति ॥२॥

- ધમ્મપદ, શ્લોક ૨૫૭

'જે મનુષ્ય સીઘ્ર કોઈ વાતનો સ્વીકાર કરી લે છે, તે ધર્મમાં સ્થિત નથી હોતો. જે મનુષ્ય અર્થ- અનર્થ બન્નેનો સારી રીતે ધીરજપૂર્વક વિચાર કરી, ન્યાય કરે છે, તે મેધાવી પુરૂષ ધર્મમાં રત રહે છે.'

એજ રીતે -

यस्स चेतं सुमच्छित्रं मूलधच्चं समूहतं।
स वन्तदोसो मेघावी साधुरुपो ति बुच्चत्ति॥८॥

- ધમ્મપદ, શ્લોક ૨૬૩

'જે કોઈ ઈર્ષ્યાળુ, અભિમાની શઠ હોય, તો વક્તા હોવા માત્રથી, કે સુંદર રૂપ હોવા છતાં સાધુરૂપ નથઈ હોતા. જે મનુષ્યના આ પ્રકારના દોષ જડ-મૂળથી નષ્ટ થઈ ગયાં છે, જે દોષ રહિત થઈ ગયા છે, જે મેધાવી છે, તે મનુષ્ય સાધુરૂપ શોભે છે.'

આ સતલોક નો સંદેશ છે. સત વચન છે. આપણે ત્યાં સમયાન્તરે મહાપુરૂષોનો જન્મ થતો રહયો છે. લોભી, દંભી અને પાખંડી લોકો જયારે ધર્મનાં ક્ષેત્રમાં પ્રવેશી ગુરુઓ બની સમાજનું ધાર્મિક શોષણ કરતા હોય ત્યારે એ અસત્‌ને મારી હટાવવા સત મેદાનમાં આવે છે. ને એ રીતે આપણે ત્યાં સંતોની એક પરંપરા ઊભી થઈ. તેઓ સંસારી જ હતા. જે તે પ્રકારનો વ્યવસાય કરી પ્રભુ ભજનમાં જીવન વ્યતિત કરતા હતા. ને સતલોકનો સંદેશ પહોંચાડવા માટે ઉપદેશ પ્રકારની રચનાઓ કરી. સમાજનેં ઢોંગી-લૂચ્ચા, દંભી ગુરુઓના વચનોથી દૂર રહેવાનો બોધ આપ્યો છે. નિરાંત મહારાજ શું કહે છે તે જોઈએ -

'વારંવાર કહયું મેં કેતા, કહયા કોઈના માને,
બેહેરા આગળ બહુ બિધ બાજા, શઠ સુણે નહિ કાને.'

'રામ નામ રૂદિયામાં રાખો, આ અવસર છે સારો,
વણસી જાતા વાર ન લાગે, અવર નથી ઉગારો.'

'કહાંસે આયે ને કાંહાં તુમ જાયોગે, ખોજ કરોને ઉનકો:
દો દિનકી જીંદગીની સારૂ, કહા કરો તુમ છનકો.'

'કરે જપ તપ જોગ આરાધના, કરે કરણીના કોટિ ઉપાય,
ત્યમ ત્યમ તપે તન તાહરૂં, ઝાઝી મુકિતના મળરે બધાય.'

'મન અળગું કયાં અફળાય, બીજો નથી બોલતો;
જો ને જાગી તું તારા રૂપને, ખોળી જોતાંમાં તું રે ખોવાય.'

'કરલે આતમબોધ, બોધસે બંધન છૂટે,
કાલ કરમ કટ જાય, નાહિ જમ કિંકર લૂંટે.'

'દરિયાનું મોતી મરજીવા હોય સો લેશે,
કાલ કરમ કટ જાય, નાહિ જમ કિંકર .'

'નરખી પરખીને ગુરુ કરવા,
રે ભાઈઓ સદા નરખી પરખીને ગુરુ કરવા.'

'બાપુ નાવ તપાસી બેસો, પથ્થર હોય તો માં હી નવ પેસો,
બાપુ જંત્ર જેવું તન જાણો, સાચું સમજીને સુખ માણો.'

'સમજી લે સાર વિચાર, કર્મ વસ્તુનો નિરધાર,
બ્રહ્મને ભાળ મન ભૂલ ટાળો, આડમાં અટકના વટકથા વેગળો.'

'દેખો રે દુનિયા કા મારગ, જૂઠકું કહે સચ્ચા રે,
અવાચકકું આદર દેવે, વાચક કું કહે કચ્ચા રે.'

'રામનામ તું રાખ્ય હ્રદયમાં, કાઢય કલ્પના કાચી રે,

આદ્ય અંત ને મધ્યે બોલે, તે વસ્તુ છે સાચી રે.'

'પંથનો પાર ન આવે,

ભજન વિના પંથનો પાર ન આવે;

લખ ચોરાશીનો પંથ છે પૂરો,

ચાર ખાણ ફરતો ફેરવો.'

સંતવાણીમાં અન્ય સંતોએ પણ ઉપદેશાત્મક વાણી વ્યકત કરી છે તેમાંથી કેટલીક પંકિતઓ લઈએ:

'કર મન ભજન નો વેપાર, ધણી તારા નામ નો આધાર,

બેડલી ઉતારે ભવપાર.'

–દાસીજીવણ

'સંત પરમ હિતકારી જગતમાંહી સંત પરમ હિતકારી,

પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવતભારી,

પરમકૃપાળુ સકલ જીવન પર, હરિ સમ સબ દુ:ખહારી.'

–બ્રહ્માનંદ

'હિન્દુ મુસલમાન એક વિસ્તારા, સર્વે એક જનુનીના જાયા,

આયાં આવીને સૌ હુવા જુજવા, મારા સાયબને દરબાર એક.'

–દાસ હમીરો

'રામ ભજન નહીં નિસ્તારા રે,

જાગ જાગ મન કયું સોતા'?

–રવિસાહેબ

'મનસા–દેહી દેવતાને દુર્લભ, એવું રે જાણીને તમે ભજો રે હરિ,

પશુ પંખીમાં અવતરશો, પછે દાનપુણ્ય નહિ થાય ફરી.'

–નરસિંહ મહેતા

'મન તું હજી શિખામણ માન ,એક દિ ચાલવું છે સમશાન,
પ્રાણિયા ! ભજીલેને કિરતાર,આ તો સ્વપ્નું છે સંસાર.'

-ભોજા ભગત

'મન ને સ્થિર કરી આવો રે મેદાનમાં ને,
મિટાવું સરવે કલેશ રે,
હરિ નો દેશ તમને એવો દેખાડું ને,
જયાં નહિ વર્ણને વેશ રે.'

'જેસલ કરી લે વિચાર,માથે જમ કેરો માર,
સપના જેવો છે સંસાર,તોળી રાણી કરે છે પોકાર.'

-તોરલ

'આંખના ઉજાગરા વીરા તમે કાં કરો હાં હાં હાં,
નયણે નિરખી નિરખી જુઓ,મારા વીરા રે!
આંજણુંના આંજયા રે ભૂલા કાં ભમો ?
હાથમાં દીવો લઇ કાં પડો કૂવે,મારા વીરાં રે!'

-તોરલ

'જી રે લાખા ! મૂળ રે વચનનો મહિમા બહુ મોટો જી,
એને સંત વિરલા જાણે હાં !
જી રે લાખા ! વચન થકી જે કોઇ અધૂરા જી,
તે તો પ્રેમરસને શું માણે હાં.'

-લોયણ

દાસીજીવણ મનને ઉદેશીને કહે છે કે,તારો આધાર માત્ર પરમાત્મા જ છે.તે આ ભવસાગરમાં તારી હોડીને પાર કરાવશે માટે પરમાત્માનું ભજન કરી લે.બ્રહ્મમાનંદ કહે છે:આ સંસારમાં પરમ હિતકારી જો કોઇ હોય તો તે સંત જ છે.તે ઇશ્વરની ઓળખ કરાવે છે ને તેના પ્રતિ પ્રાતિ જોડી આપે છે.ભ્રમ-ભ્રાન્તિ નો અંતલાવે છે.તે સકળ જીવન પર પરમકૃપાળુ છે.તેઓ હરિ જેવા થઇ દુ:ખ વિવારણ કરે છે.દાસહમીરો કહે છે કે-હિન્દુ અને મુસલીમ નો એક વિસ્તાર છે.એક જ માતાના સંતાન છે.અહીં આવીને જુદા પડયા છે.પણ પરમાત્માના દરબારમાં તો તે એક જ છે.રવિસાહેબ કહે છે કે-હે મન,હજીએ તું ઉંઘે છે?માનવદેહ મળ્યો છે.રામ ભજી લે.નરસિંહ મહેતા

કહે -દેવી-દેવતાઓને પણ દૂલર્ભ તેવો દેહ તને મળ્યો છે. તેથી પરમનેજાણી લે. પછી પશુ-પંખીમાં અવતરશો તો શ્રી હરિને ભજશે નહિં. ભોજમભગત કહે છે: હે મન, તું મારી હિખામણ માની લે એક દિવસતો તારે સંસારની વિદાય લેવાની જ છે. માટે તું ભજી લે. આ સંસાર એક સ્વપ્ન સમાન છે. ગંગાસતી કહે છે -મનને ની સ્થિર કરી આવો તો તમારા સર્વે કલેશ મટે ને હરિ નો દેશ તમને એવા દેખાડું કે ત્યાં વર્ણાશ્રમ ધર્મ કે વેશ-પૂજા કશું જ નહિં હોય તેવો નિર્મળ દેશ છે.

★ (૧૨) રહસ્યતત્વ: -

સમગ્રસૃષ્ટિ રહસ્યમયી છે. તેનું સંચાલન કોણ અને કઇ શકિત દ્રારા થતું હશે ?! તે હમેંશા સંશોધનનો મુદો રહયો છે. સૂક્ષ્મ રીતે જોઇએ તો, બહુ જ વ્યવસ્થિત રીતે સૃષ્ટિનું સંચાલન થઇ રહયું છે. ઉત્પતિ, સ્થિતિ અને પ્રલયનું ચક્ર હંમેશા અવિરત ફરતું જ રહયું છે તે શોધનો વિષયરહયો છે. ડો. નાથાલાલ ગોહિલ પોતાના પુસ્તક 'સતસાહેબની સરવાણી 'માં લખે છે: 'જગતનું સંચાલન કોઇ અદશ્ય શકિત કરી રહી છે. આ શકિતની શોધ અનંતકાળથી ચાલતી રહી છે. આ શકિતની અનુભૂતિ થાય છે. અભિવ્યકિત અશકય છે, છતાં તેને સમજાવવા માટેના પ્રયત્નો વેદ, ઉનિષદ્ કાળથી આ જ સુધી થતો રહયો છે. બ્રહ્મ વિશે કે પરમાત્મા વિશે અને Ultimate Veality કહી એ કે Absolute કહીએ એમ અનેક વાતો થઇ છે. પણ હજુ સુધી એના વિશે ચોકકસ પણે કોઇ કાંઇ કહી શકયું નથી, એ એક રહસ્યજ છે.'૧૮૦

આ રહસ્યતત્વનો તાગ મેળવવા સંતવાણીમાં પ્રયત્નો થાય છે. નિરાંત મહારાજ શું કહે છે, તે જોઇએ-

'જાહેર કછુઆ નહિ થા, અલ્લા ઉસદિન નહિ થા;
સાહેબ ઊદિન નહિથા, ખુદા ભી ઉસ દિન નહિ થા.'

-નિરાંત

'જેસે બીજ વૃક્ષ કે માંહી, અન્યો અન્ય નિવાસી,
બીજ વિના ના કોઇ બૂજી શકે નહિ, અમર રહયો અવિનાશી.'

-નિરાંત

'બાહેર ભીતર કોન ભરા હે, ખાલી કોન ખેલાવે હે,
અસાજા સબ કીનહુ કીના, સાજા કોન ચલાવે હે.'

'અમર લોકસે દુનિયા આઇ,
મહાજળ મીન પરી હે આધી,

છીલર મેં સબ ખુશ રહે હે,
જળ ધરે જબ મરે તન ત્યાગી.'

'રૂપ નહિ જેને ગુણ નહિને, નામ નહિ છે એવું,
કાંઈ નહિ ને સર્વે તેનું, વૃક્ષ બીજ છે જેવું.'

'સ્થૂળ સૂક્ષ્મને કારણ કહીએ, મહાકારણ ને નિરખો રે,
મહાકારણથી અળગું કહીએ, તે પદ પુરણ પરખો રે.'

'વાણીમાં આવે તે વણસે, નિરવાણી તે સાચું રે,
નામ રૂપને ગુણથી ન્યારૂ થી ન્યારું, તે જાહેર પદ નીચું રે.'
'અસંખ્ય વિષ્ણુ થઈ ગયા, દશ કોટિ કાના,
સપ્તકોટિ સરસ્વતી થઈ, મારી પાળ એક માના.'

'બાજીગર કા બડા તમાસા, સબ દેખનકુ આઈ,
બાજીગર કુ કોઈ ના દેખે, ચિત્ત બાજી સે આઈ.'

'સારૂં નથી ખોટું નથી, સાચું નથી નથી જૂઠું,
સુખ નથી કાંઈ દુ:ખ નથી, ત્રૂઠયું નથી નથી રૂઠયું.'

શ્રીનિરાંત મહારાજ કહે છે કે, બહાર અને ઘટ ભીતર શોણ છે? આ ખેલ કોણ ખેલાવી રહયો છે? માંદા સાજા એવો ખેલ પણ કોણ કરે છે? અમર લોક માંથી દુનિયાની રચના થઈ છે. એ એક મહાજળ છે. તેમાં ન્હાવાને બદલે ખાખોચિયાંમાં શું સ્નાન કરો છો? નામ, રૂપ અને ગુણ પણ તેને નથી કહો કે કાંઈ જ નથી કહો કે કાંઈ જ નથી વૃક્ષમાં જેમ બીજ રહેલું છે તેમ પરમતત્વ વિલસી રહયો છે. સ્થૂળ, સૂક્ષ્મને કારણ ને નહીં પણ મહાકારણને જુઓ, નિરખો. આ મહાકારણને જુઓ, નિરખો આ મહાકારણથી પણ પરમપટ અળગું ન્યારું છે. તે પરમ ની પરખ કરો. આ સૃષ્ટિમાં અસંખ્ય વિષ્ણું થઈ ગયા છે. દશ કરોડ કૃષ્ણ થયા છે. સાત કરોડ સરસ્વતિ થઈ. મારી વાત ન સાચી માનો. બાજીગરનો આ એક મોટો ખેલ છે. એનું મને દર્શન થયું છેએ બાજીગરને કોઈ જોઈ શકતું નથી. ચિત્તની ચંચળતા

બાધા રૂપ બને છે. કાંઇ સારું નથી, સાચું પ ને જૂઠું પણ નથી સુખ નથી દુ:ખ નથી આ સુષ્ટિમાં કશું જ થયું નથી. જેમનું તેમ છે.

આ રહસ્ય વિશે સંતવાણીમાં અન્ય સંતોની રચનાઓ જોવા મળે છે તે વિશે કેટલીક પંકિતઓ જોઇએ:

'કહે રવિ રામ ભાણ પ્રતાપે ઈગમ - અગમ અપારા,
લૂણ કી પૂતળી ગિર ગઈ જળમાં, કયું કર નિકલે બારા.'

- રવિસાહેબ

'નહિ રે મેરુ ને નહિ મેદની, નોતન તેદી ધરતી ને આકાશ,
ચાંદો ને સૂરજ જે દી દોઉ નો તા, ધણી મારો તે દી આપો આપરે.'

- જેસલ

'બોલે બોલાવે સબઘટ બોલે,
સબઘટમાં રહયો સમાય'

- દાસી જીવણ

'દેખો ખાવિંદકા ખેલ, દર્શન મેં તો દેખ્યા છે,
બાહિર દેખ્ય ઔર ભીતર ભી દેખ્યા,
દેખ અગમ હમારા રે.'

- ત્રિકમ સાહેબ

'સુરનર - મુનિજન - પીર - ઔલિયા કોઈ ન પાવૈ પારા,
સાહેબ કબીર સર્વ રંગ ર: ગિયા રંગ સે રંગ ન્યારા.'

- કબીર

'તમો ગુણ થી થયું આકાશ, આકાશમાંહી પવન કેરો વાસ,
પવનથી તે તેજ પ્રકાશ, જળપૃથ્વી તે તેજતણાં દાસ.'

- બાપુ સાહેબ

'ભુત, ભવિષ્ય, વર્તમાન થી, મનવાણી થી પર,
સાક્ષીરૂપે સૌમાં રહયો, જોતાં થાયે અમર.'

- દેવશંકર

'(એક) અવનીનો કહું અર્થ, વ્યર્થ રખે અક્ષર ખોતાં;
સહેલો તે સમજાય, કાય મન સ્થિર કરે શ્રોતા.

ભૂ ભવન ભક્ષ ધાત, સાત વસનાદિક રૂપે;
સ્થાવર જંગમ જાત, ભાત અતિ સૂક્ષ્મ અણુપે.'

-અખો

'એ ગુરુજી મારા અસલ જુગમાં નોતા રે આધાર
એ પચાસ ક્રોડમાં પાણી રે,
તે દિ નિરંજન હતા નિરાકાર,
તેનાથી સૃષ્ટિ દરસાણીરે.'

-રૂખી રામદાસ

રવિસાહેબ કહે છે કે પરમતત્વ રહસ્યમય અપાર છે. મીઠાની પૂતળી જળમાં ડૂબી જાય પછી બહાર કેવી રીતે આવે ? જેસલ કહે છે: મેદાન, પર્વતો, ધરતી, આકાશ, ચંદ્ર, સૂર્ય હતા. ત્યારે ધણી (પરમાત્મા) એક અને અખંડ સ્વરૂપે હતા. દાસી જીવણ કહે છે: બોલે અને બોલાવે સર્વ ઘટમાં બોલી રહયો છે. તે એક અને અખંડ એવો આત્મા છે. ત્રિકમસાહેબ કહે છે: ધણીનો (પરમાત્માનો) ખેલ જુઓ, મને તેનું દર્શન થયું છે. બહાર પણ જોઉં છું. કબીર કહે છે: દેવતાઓ, ઋષિઓ, પીર, ઓલિયાઓ કોઇ પાર પામી શકયું નથી. સાહેબ તો સર્વ રંગોમાં છે. પણ તે રંગ તો પણ રંગ થઇ ન્યારો રહે છે. બાપુ સાહેબ કહે છે: તમો ગુણથી આકાઆકાશમાં પવન નો વાસ છે. પવનથી તેજ પ્રકાશ થયો, પૃથ્વી અને જળ તેના દાસ છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન ઉપરાંત મન અને વાણીથી પણ તે પર છે. સાક્ષીરૂપે સૌમાં વસી રહયો છે. તેના દર્શનથી અમરપદ મળે છે. અખો કહે છે: પૃથ્વી ભવન, સ્વર્ગ નરક આકાશ, પાતાળ અને સ્થાવર જંગમ ઉપરાંત અણુએ અણુમાં તે રહયો છે. રૂપી રાદાસ કહે છે: અસલયુગમાં કોઇ આધાર ન હતો. પચાસ કરોડમાં પાણી જ હતું. તે દિવસે નિરંજન નિરાકાર રૂપે હતા.

★ (૧૩) જીવન-મુકિત: -

સંબંધોના તાણાવાણા થી ગ્રસ્ત મનુષ્ય મુકત થવાના- વેદ- ઉપનિષધ કાળમાં પણ વાન પ્રસ્થાશ્રમ સ્વીકારી, તમામ બંધનોને- ફગાવી, મનુષ્ય નીકળી પડતો હતો. પણ સંતવાણી નું દર્શન કોઇમ ભિન્ન પ્રકારનું છે. તેમાં સંસાર માં જ રહી, પારિવારિક જીવન વ્યતિત કરી, કામ ધંધો કરતાં કરતાં પ્રભુ ને પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવ્યો છે. અહીં શ્રી નિરાંત મહારાજની જીવનમુકત અંતર્ગત કેટલીકપંકિતઓ જોઇએ-

'જીવન મુકત તો તેને રે જાણો, જેને નથી અવરની આશ,
એ વાત કેને કહીએ રે, ગુરુનું જેણે ગ્યાન ગ્રહયું.'

'દેહ જાવાનો રે જૂઠો જાણી ને , મોહ માયા માં નવ બંધાય,
જીવન મુકત તેહને જાણવા, આપ આપમાં ઉલટ સમાય.'

'થયો જીવનમુકત જંજાળથી, વામ્યો વિધવિધ કર્મના વૃંદ,
શમ્યો સાધન સંશય સહુ વળી, ઉપજાવ્યો છે ઉરમાં આનંદ.'

'મનુષ્યા દેહનો મહિમા છે મોટો, ગુરુજી મળે તો લાહવો લેવાય છે,
વિહીવારે સરખી જાણું વાત વળી છુ, જીવનમુકત થયું થવાય છે.'

જીવનમુકત તો જેને કહેવાય છે, એવા પુરૂષ પરમાણું,
વાણી જુઓ તો વિકાર નહિ જેમાં, ઉઘડયું હીરાનું આણું.

'વિશ્વ ચરાચર વશી રહયો છુ, ઠામ નથી કાંઈ ઠાલું,
ચતુર્ધા મુકિત મારી પદવી, હું તો નામને પ્રતાપે મહાલું.'

'જે જે કરવું તે જુકતી જાણવી,
મુકિત જાણવી સર્વે મૂકાય.'

જે ને મોઈ પણ પ્રકારની ઈચ્છા નથી તેને જીવન મુકત જાણવો. એવા જ તે જ સમજી શકે. જેને ગુરુ જ્ઞાન ગ્રહણ કર્યુ હોય. દેહ નાશવંત છે તેવું જાણીને જે મોહમાયામાં બંધાતો નથી તે જીવન મુકત છે. તેમ જાણવું જંજાળથી જીવન મુકત થયો અને વિવિધ કર્મોના દુ:ખનો નાશ થયો બ્રહ્મ પ્રાપ્તિ માટે સર્વ સાધન છોડયા, સંશય ગયો. ત્યારે હૃદયને આનંદ થયો. મનુષ્ય દેહનો મહમા ઘણો મોટો છે. સદ્ગુરુ મળે તો તે વિષયનું જ્ઞાન થાય છે. આ તો વિવાહ સરખી વાત છે. જો કોઈ ઈચ્છે તો જીવન મુકત થઈ શકે છે. જીવન મુકત થયા હોય તેવા લોકોને હું જાણું છુ. તેનું પ્રમાણ એ છે કે તેમની વાણીમાં વિકાર ન હોય ને તમામ દ્વંદ્રો સમી ગયા હોય જેમ કોઠી માંથી અનાજ કાઢવું હોય તો કોઠીનું બાકોં ખોલવું પડે છે. આપણે જે જે પ્રવૃતિઓ કરીએ છીએ તે બધી મુકિત પૂર્વકની છે. જેણે સર્વે છોડી દીધું છે તે જ મુકિતનો અધિકારી બની શકે.

સંતવાણીમાં અન્ય સંતકવિઓની વાણીમાં પણ આ પ્રકારની રચનાઓ દષ્ટિ ગોચર થાય છે. -

'જીવન્મુકત કહેવાય અખા, વચન ન લાગે તે સ્થલે,
ગુરુગમ્યે આલોચને, સરલપડે સર્વ એ કલે.'

-અખો

'જ્ઞાન બાજ જયાં દેત ઝપાટા, સંશય વિહંગ ઉડજાય,
મુકત મહેલમાં અધર સિંહાસન, વહાં હંસનકારાજા.'

-દયાળદાસ

'અકિંચન તે જાંણયો યે રહીત સકલ વીકાર,
ઈચ્છા ન કરિ મુકિતની તે સેવે હરી પદ સાર.'

-નરહરિ

'વાસનાઉં તો મરી ગઇ,
તે તો જીવનમુકિત કેંવાય,
ઈ તો કાળ કરાળને ગળી ગયા,
દેવતા દરશને જાય-હાં રે હાં'

-ધ્રૃપતી

'મેરુ રે ડગે ને જેના મન નો ડગે,
મર ને ભાંગી રે પડે ભરમાંડ રે,
વિપદ પડે પણ વણસે નહિ,
ઈતો હરિજનનાં પરમાણ રે.'

-ગંગાસતી

'નાવે ધોવે ને કરે ચતુરાઈ, ચોકા કરે ઓલા બ્રહ્મચારી,
જગત મુકિતનો ભેદ ન જાણે, પાખંડ પૂજે સંસારી.'

-દેવાયત

અખો કહે છે કે: જીવનમુકિત તેને જ કહેવાય જે વચનના મર્મને જાણે છે. ગુરુગમ કરી તે વચનને જાણવું જોઈએ. તો જ સરળ પડે એ બધુંકલે ઓળખવાથી જયાં જ્ઞાનની હમેંશા વાત થઈ હોય ત્યા સંશયરહેતા નથી. હંસની ભૂમિકાએ રહી સદા મુકિત રહે છે. એમ દયાળદાસ નું કહેવું છે. નરહરિ કહે છે: કે જે અકિંચન છે. ને જેણે સઘળા વિકારોને ત્યજ્યાં છે. શમન કર્યુ છે તે મૂકિતની પણ ઈચ્છા કરતો નથી. તેજ જીવનમુકિતકહેવાય. તેના દર્શન દેવતાઓ પણ જાય છે. ગંગાસતી વદે છે. : મેરુ પર્વત ડગે પણ જેના મન ચલિત થતા નથી. બ્રહ્માંડ ભાંગીને ભૂકકો થઈ જાય. ને વિપદો આવી પડે પણ જે

ચલાયમાન થતો નથી. જે સ્થિતપ્રજ્ઞ રહે છે. તેજ હરિનો જન છે. દેવાયત કહે છે: સ્નાન કરે, ચતુરાઈ કરે, બ્રહ્મચારી, બ્રહ્મવચનો પાઠ કરે પણ તે જગત મુકિતના ભેદને જાણતા નથી આ સંસાર પાખંડને જ પૂજે છે.

★ (૧૪) વર્ણાશ્રમ: -

મધ્યકાલીન સંતસાહિત્યમાં આત્માને એક અને અખંડ કહયો છે. વળી, તે નામ રૂપ ગુણ થી પર છે. આ આત્મા સર્વ જીવોમાં રહેલો છે. તેથી સંત - ભકિત કવિઓ અભેદ - અપરોક્ષાનુભૂતિ ની વાત કરતા રહયા છે. ભારતીય સમાજ ચાર વર્ણોમાં બધ્ધ થયેલો જોવા મળે છે. જેમ કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આ ચાર વર્ણ ઉપરાંત તેમનીપેટા જાતિઓ. આમ અનેક સ્તરે સમાજનું વિભાજન થયેલું જોવા મળે છે. અર્વાચીન સમયમાં તેને જ્ઞાતિ એવું નામ આપવામાં આવ્યું છે. જ્ઞાતિની પણ પુટા જ્ઞાતિઓ જોવા મળે છે. ભારતીય સામાજિક જીવનનું માળખું આ રીતે વિભાજિત થયેલું છે: સંતવાણીમાં આ સામાજિક માળખાની કડક રીતે આલોચના કરવામાં આવી છે. શ્રી નિરાંત મહારાજની કેટલીક પંકિતઓ જોઈએ -

'વર્ણાશ્રમ તો રહે વિમાશી,
નિત્ય કર્મ નિરમાવે રે,
ખટ દર્શન મિલી ખોજે કરત હે,
મૂળ મર્મ ન પાવે રે.'

'વર્ણાશ્રમથી વિશેષ વંદુ,
જોગ જુગ્તસે ન્યારું.'

'જાતિ હીણ પણ હરિ ભકત છે,
રામ નામ અધિકારી.'

'જાતિ કહાવે સુવાંગ સુહાવે,
શીલ ભાવ દાન તપ ભાયા,
ધરમ બખાની બહે જાત હે,
ને હે ધરમકુ ના પાયા.'

'બાહામન તુમે કાહા ચીન્યા હે, કાંહાંસે બાહામન આયા હે,
બાતન બાહામન મોહેં બતાવો, જાહેર જૂઠ બનાયા હે.'

'ખટ દર્શન ખોળયે નવ લાધે, વર્ણાશ્રમથી દૂર,
સ્થાવર જંગમ સભર ભરાભર, કયમ ભાસે ભરપૂર.'

શ્રી નિરાંત મહારાજ કહે છે કે વર્ણાશ્રમીઓ નિત્ય કર્મકાન્ડ કરે છે. દર્શન શાસ્ત્રનો અભ્યાસ કરે છે. ને તેમાં પ્રભુને શોધે છે. પણ મૂળ જે મર્મ છે. સમજણ છે. ભેદ છે તે જાણી શકતા નથી વર્ણાશ્રમથી તે (પ્રભુ) બહાર છે. તેને હું નમન કં છું. ભલે કોઈ ની જાતિ (જ્ઞાતિ) નિમ્ન કહેવાતી હોય પણ તે હરિ નો ભકત છે. માટે રામ નામ નો અધિકારી છે. જાતિના અભિમાન કરીને, શીલવાન, ભાવ વાળા થઈને દાન, તપ, કરતા હોય છે. ને પરંપરાથી ચાલ્યા આવતા ધર્મની વાતો કરતા-કરતા જીવન પુરું કરે છે. પણ પ્રેમ ધર્મ પણ છે તેને તેઓ ભૂલી જાય છે. તેઓને પ્રેમની પ્રાપ્તિ થતી નથી.

આ પ્રકારની રચનાઓ અન્ય સંતકવિઓના સાહિત્યમાં પણ જોવા મળે છે. અહીં કેટલાક સંત-ભકત કવિઓની કેટલીક પંકિતઓ જોઈએ-

'દિશ વિદિશ દિનરાત, જાત નહિ વર્ણ વિચારે,
દશ ખટ અષ્ટને એક, નેક પરપંચ ને પારે.'

-અખો

'શું થયું વેદ વ્યાકરણ વાણી વદે,
શું થયું રાગને રંગ જાણ્યે,
શું થયું ખટદર્શન સેવા થકી,
શું થયું વરણના ભેદ આણે.'

-નરસિંહ

'ભાઈ રે, ભેદવાદીપણાનો સંશય ટળી ગયો ને,
મટી ગયો વર્ણ વિકાર રે.'

-ગંગાસતી

'નથી બ્રાહ્મમણ ક્ષત્રિય ને વૈશ્ય, શુદ્ર સેવક નહિં ત્યાં ઈશ,
મિથ્યા મૂકી વરણનો ચાળો, સત્ય વસ્તુ નયનેથી નિહાળો.'

-મણીરામ

'બ્રાહ્મણ તારો ભાગ્યો ભાગ્યો વરણનો ભેદ,

હવે હું તો ટાળું તારા હૃદયનો છેદરે.'

-બાપુ સાહેબ

અખો કહે છે કે દિશા અને ખૂણા, દિવસ અને રાત તેને નથી. વર્ણ વિચારતાં એને જાત નથી. સાચે જ તે પચ્ચીસ પ્રકૃતિના પ્રપંચની પાર છે. નરસિંહ કહે છે કે વેદ અને વ્યાકરણ વાંચવાથી શું? રાગ અને રંગને જાણવાથી પણ શું? છ દર્શનશાસ્ત્ર માં જે વર્ણવ્યું છે. તે પ્રકારની સેવા-સાધના કરવાથી પણ શું?વર્ણભેદ ઉભો કર્યો છે પણ પરમેશ્વર તો દૂરની વાત છે. ગંગાસતી કહે છે કે હવે ભેદવાદી પણાનો જે સંશય હતો તે દૂર થયો છે. મારામાં રહેલો જે વર્ણભેદ હતદો. તે જતો રહયો છે. એજ રીતે મણીરામ મહારાજ કહે છે કે, પરમાત્માનો દેશ એવો છે જયાં બ્રાહ્મમણ, વૈશ્ય, ક્ષત્રિય કે શુદ્ર નથી. માત્ર પરમાત્મા જ છે. વર્ણનો પાખંડ છે. તેને છોડો ને સત્ય ને પિછાણો. એ જ રીતેબાપુ સાહેબ કહે છે કે, બ્રાહ્મણ! તારા ઉભાકરેલા જે વર્ણ છે ને તેમાં જે ભેદ છે તેને હું તોડી પાડું છું. નેતારા હૃદયમાં રહેલી જે મલિનતા છે તેને દૂર કરું છું.

★ (૧૫)અનુભવ: -

જ્ઞાનજમાર્ગી સંત કવિઓ સ્વાનુભૂતિની અભિવ્યકિત નો વિષય રહયો છે. અનુભવ વિના બળકી અભિ વ્યકિત શકય નથી હોતી. સંતવાણી અંતરતમ ભાવની હૃદયની વાણી છે. ને તેથી જ તો લોકો તેને વાંચી -સાંભળીને ભાવભીના થતા હોય છે. સંતવાણીમાં કહેવાયું છે કે જેણે આત્મા જાણ્યો તેણે સર્વ કાંઇ જાણ્યું છે. અનુભવથીજ જ્ઞાન ઉદ્ભવતું હોય છે. શ્રી નિરાંત મહારાજ આ બ્રહ્મના અનુભવીની વાત આ રીતે કરે છે.

'અનુભવી પંખી વેહે વાસના, અવર તે પંખી ભૂલ્યાં રે.'

'અનુભવ એવા રે: અંતર જેને ઉદય થયો,

કૃત્ય ટળયા તેનાંરે, તેણે તેનો અનત્મા લહયો.'

'અનુભવીઆનો ઉપદેશ, સમજે સમજાશે,

આવરણ નાહીં આવે લેશ, આત્મા ઓળખાશે.'

'તન તેનું, તેને તન નહીં,

એહ અનુભવ ને આશે રે.'

'અનુભવિયાંને અવરતણી નહિ ઈચ્છા રે,
નિરાંત નામી નામ સમોવક પ્રીછયારો.'

'અનુભવી પંખીનો આશરો જો,
ત્યાં ના થાય પવન પ્રવેશ જો.'

'કહે નિરાંત અનુભવી એવાને,
કર જોડી લાગવું પાય.'

'અનુભવિયાંના અંતર માંહીઃ નેહ નિરંતર બાધ્યો રે.'

'અભેદપદ અનુભવિયારે, જન જનણે કોઈ,
દાસ નિરાંત નિર્વાણ રે, પદ પૂરણ સોઈ.'

'સુખના સાગર શ્રી હરિ રે, દલની ટાળણ દાઝ,
અનુભવમાં આવી મળયો રે, રાખી છે ગુરુજીએ લાજ'

'એ વાત કોઈ વિરલા જાણે, કોટિકમાં કોઈ એક,
નામવિનાની વસ્તુ નિરખે, એ અનુભવનો વિવેક.'

આત્મતત્વ સચરાચરમાં વ્યાપી રહયું છે. તે દરેક ઘટમાં રહેલું છે. પણ જે અનુભવી છે. તે વાસનાનું નિગરણ કરે છે. અન્ય પંખીઓ તેની સ્મૃતિ પણ નથી. જેના હૃદયમાં અનુભવજ્ઞાન થયું છે તેના સર્વ કર્મનો નાશ થાય છે. ને તેને આત્માના દર્શન થાય છે. અનુભવી સંત જયારે વાણી વ્યકત કરશે, ત્યારે તરત જ સમજાશે. તેની વાતમાં કોઈ આવરણ નહીં આવે. ને આત્માનું દર્શન થશે. અનુભવી એને કહેવાય કે તન પોતાનું હોવા છતાં, તનનો વર્ગ કરતો નથી અનુભવી તેને કહેવાય જેને બીજાની અર્થાત્ અન્યના જ્ઞાનની ઉપદેશની ઈચ્છા નથી. હોતી એ તો નામ ને જાણે છે. ને કોઈ નામી મળે તો તુરત ઓળખી કાઢે છે. અનુભવી ને નામનો આશ્રય હોય છે. સંસારમાં વિષયો, વાસનાના વાયરા તેને સ્પર્શતા નથી. નિરાંત કહે છે કે એવા અનુભવીને વંદના કરવી જોઈએ. અનુભવી જે છે તેના હૃદયમાં હંમેશ પ્રેમ જ રહેલો હોય છે. અનુભવીને અભયપદની પ્રાપ્તિ થાય છે. ને નિર્વાણ ને પામે છે.

સંતવાણીમાં આ પ્રકારની અનેક રચનાઓ મળે છે. અહીં આપણે કેટલીક પંકિતઓ લઇશું-

'પણ જ્ઞાનતો છે આતમસૂઝ,
અખા અનુભવ હોય તો બૂઝ.'

-અખો

'અખંડ અનુભવ નામ છે જેનું, માનવાનું તે તો માન.'

-બાપુ સાહેબ ગાયકવાડ

'અનુભવ ખૂલ્યા વિના આપ સૂઝે નહિ,
ચૈતન્ય બહ્મકદી સ્વપ્ને નાવે.'

-ભોજા ભગત

'અનુભવ દેશ અગમગઢ બંકા, સદ્‌ગુરુ કરત સહાય,
જ્ઞાન બાજ જયાં દેત ઝપાટા, સંશય વિહંગ ઉડજાય.'

-દયાળદાસ

'આતમ અનુભવ જ્ઞાન કી જો કોઇ પૂછે બાત,
સો ગુંગા ગુડ ખાઈ કે કહૈ કૌન મુખ સ્વાદ.'

-કબીર

અખાભગત કહે છે કે આત્મા માંથી સ્વયંસ્ફુરે તે જ્ઞાન છે. અનુભવ હોય તો અળખીલે. એજ રીતે બાપુ સાહેબ ગાયકવાડ કહે છે કે અખંડ અનુભવ જ નામ છે. પછી કશી જ આળપંપાળને અવકાશ નથી. ભોજા ભગત વદે છે. અનુભવનું પ્રગટીકરણ થયા વિના પોતાને ઓળખી શકાતા નથી જેને નિજ અનુભવ થયા વિના પોતાને ઓળખી શકાતા નથી. જેને નિજ અનુભવ નથી તેને ચૈતન્યબ્રહ્મનું સ્વપ્ન પણ ન આવે. અગમગઢમાં પરમાત્મા નિવાસ કરે છે. તેનો દેશ અનુભવ છે. સદ્‌ગુરુ જ ત્યાં પહોંચાડી શકે ત્યાં તો જ્ઞાનની જ વાત થતી રહેતી હોય છે. ને સંશય રૂપી પક્ષી ઊડી જાય છે. એ જ રીતે કબીરનું પણ કહેવું છે કે, આત્માના અનુભવ ની જો કોઇ વાત પૂછે તો એટલું જ કહેવું કે મૂંગા માણસે ગોળ ખાધો હોય તો તેને સ્વાદ કેમ કરીને કહે?

★ (૧૬) સ્મરણ: -

પરમાત્માનું સ્મરણ એ સંતસાહિત્યનો મહત્વનો વિષય રહયો છે. વિસ્મૃત થયેલા માનવી સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધીગ્રસ્ત બની, દિનહિન થઈ જીવન વ્યતિત કરતા હોય છે. તેવા જીવન કલ્યાણ અર્થે સંતવાણીમાં સ્મરણને મહત્વ આપવામાં આવ્યું છે. નિરાંત મહારાજ શું કહે છે તે જોઇએ.

'સ્મરણ કરતાં સુખ ઘણેંને,
દર્શનદુઃખ વામે રે,
સેવાનું ફળ શું કહી દાખું
પૂરણ પદને પામે રે.'

'શ્વાસ ઉચ્છવાસે સમરો હરિ ગુરુ સંતને રે,
પૂરા ગુરુથી આવે પંથનો પાર.'

'ગગન ગૂફામે સેજે સુમરન, તાને તંત મિલાયા,
નામ સનેહી નેહે ચલ કીના, સેવક સદ્ગુરુ પાયા.'

'મહાદુઃખ કેરૂં છે મૂળ, વૃધ્ધપણમાં ચટાવે ધૂળ,
એમ જાણીને તજો ભાઇ, સમરો નામની નવાઇ.'

'બ્રહ્માનંદમાં મગન નિરંતર, એક જપે તેનું નામ,
જીવ શિવકો તો ન્યારા ન જાને, કેવા તેને પરમધામ.'

'સતગુરુકા સરમન કરાલે, ચેત ચેત નર નારી રે,
હરદમ દોરી કાળ હલાવે, પલ મેં લેગા મારી રે.'

'સાસ ઉસસે સમરન કરને, તુહિ તુહિ કર તનમે રે,
સાન ગુરુકી એહી સત્યારથ, દેખ દિલ દરપન મેરે.'

શ્રીનિરાંત મહરાજ કહે છે: સ્મરણનું સુખ જ મોટું છે તેના થી દુઃખ નિવારણ થાય છે. સ્મરણનું સુખ એવું છે કે તેનાથી પૂર્ણ દુઃખ નિવારણ થાય છે. સ્મરણ નું સુખ એવું છે કે તેનાથી પુર્ણપદ અર્થાત્ અવિનાશી પદની પ્રાપ્તિ થાય છે. શ્વાસો ઉચ્છશ્વાસ થી હરિ ગુરુ સંતનું સ્મરણ કરો. જે પૂર્ણ સ્વરૂપી ગુરુ છે તેનાથી પંથ-માર્ગનો અંત આવે છે. ને પ્રભુની પ્રાપ્તિ થાય છે. ગગન ગૂફામાં સ્હેજે સ્મરણ કરી લે. તેની સાથે તંતુ જોડી દે. જે નામ ના અધિકારી છે તે નિશ્ચળ કરશે. ને સદ્ગુરુ

મળશે. માનવદેહનું મોટામાં મોટું દુ:ખ જો કોઈ હોય તો તે વુધ્ધા અવસ્થા છે. એટલે તમે શ્રી હરિના નામ નું સ્મરણ કરો. બ્રહ્માનંદમાં મગ્ન થઈ નિરંતર તેનું જ નામ જપો. પછી જીવ અને શિવનો ભેદ રહેશે નહિ. ને અમરધામ મળશે. સદ્‌ગુરુનું સ્મરણ કરી લે. તુ ચેતી જા માનવદેહ દૂલર્ભ છે. કાળ સતત મંડરાઈ રહયો છે. કયારે શું થશે તે કહેવાય નહીં માટે ચેતીજા. શ્વાસ અને ઉચ્છશ્વાસે સ્મરણ કરી લે. એકતું, એકતું એવું રટણ કરી લે, ગુરુની સાન જે છે તે સત્ય છે. તું તને તારામાં જ જોઈલે.

સંતવાણીમાં સ્મરણનો મહિમા કરવામાં આવ્યો છે. પરમાત્માને પામવા માટેનું એ શ્રેષ્ઠ સાધન છે. સંત – ભકત કવિઓની રચનાઓ માંથી કેટલીક પંકિત લઈએ. –

માલાતો કર મેં ફિરૈ, જીભ ફિરૈ મુખમાહિં,
મનુવાં તો દહું દિસિ ફિરૈ, યહ તો સુમિરન નાહિં.

– કબીર

સોહમ સોહમ જાણ અજપા
ત્રિકૂટિ તકિયા ઠેરાયા,
ચડી સુરતા કર્યા સમાગમ,
સુખમણ તાર મિલાયા,
ગુરુમારી નજરે મોતી આયા.

– દાસ અરજણ

હાં રે ભાઈ,
પુરૂષોત્તમનું સુમરણ કરતાં,
પુરૂષોત્તમમાં ભળિયા.

– લાલદાસ

સુરતી કરલે ચૌદ લોકમેં, આરપાર ધૂન ન્યારી,
સેજ સુનમે, ત્રિકોટી ધૂન મે અખંડ જયોતગ્રહે સારી.

– ભીમસાહેબ

જેની સુરતા નામ સે લાગી,
કોઈ વીરલા સાચા વેરાગી.

– ત્રિકમ સાહેબ

★ (૧૭) સર્વઘટ વ્યાપકતા: -

પરમતત્વની શોધ માટે સંત - ભકત કવિઓઓએ ઘણી મથામણ કરી છે. સંતવાણીનું દર્શન એ છેકે પરમતત્વ એક અને અદ્વિતીય છે. તે શબ્દાતીત. વર્ણાનાનીત, અક્ષરાતીત, અખટ અજીતા અને અવિનાશી છે. તે સચરાચરમાં વ્યાપ્ત સળંગસૂત્ર એકતાર છે. તે જન્મ - મરણ રહિત અજર અમર છે તે દરેકવસ્તુ માં ચેતન સ્વરૂપે વ્યાપ્ત છે. તેને કોઈના સહારાની જરૂર નથી. એવા અખંડ - અનામી વિશે નિરાંત મહારાજ શું કહે છે: તે જાણવું રસપ્રદ થઈ પડશે -

'ઈન્દ્રિય રહિત પદારથ પ્રીછો, તે ઈન્દ્રિયને નવ આવેક,
સહુમેં વરતે સહુથી ન્યારો, સાખી સાખ નવ કહાવે.'

'વિશ્વ રમી રહયો વિશ્વમાં રે, ન્યારો ને નિરધાર,
ભિન્ન કમળ જળમાં રહયું છે, એમ છે પ્રાણ આધાર.'

'નામ નિરંજન ગુરુ હી લખાવે, સાહેબ સકળ પસારા,
ઘટ ઘટ રૂપ રામકી સંતો, બોલત હે સો ન્યારા.'

'મનપવન નહિં તંતુ ને તેજું, નિત્યપદ દર્શન દેવું,
વધે ઘટે નહિ કો કાળે પદ, જેમનું તેમ છે તેવું.'

'સ્થૂળ સૂક્ષ્મને કારણ કરીએ, મહાકારણને નિરખોરે,
મહાકારણથી અળગું કહીએ, તે પદ પૂરણ પરખો રે.'

'અવિનાશી તે સબઘટ વાસી, અણુ મેરુ સમતૂલ્ય,
કીટપતંગને બ્રહ્માઆદે, વસ્તુ એક અમૂલ્ય.'

શ્રી નિરાંત મહારાજ કહે છે કે પરમાર્થની પિછાણ તો ઈન્દ્રિરહિત થયા પછી થાય છે. ઈન્દ્રિય અર્થાત્ પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય ઉપરાંત મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર તેનાથી મુકત થયા પછી પરમ ની અનુભૂતિ થાય છે. તે સહુ મા: છે. તે સર્વમાં છતાં અલિપ્ત છે. જેમ પાણીમાં કમળ રહયું છે તેમ પ્રાણો આધાર રહેલો છે. આ પરમનુંનામ તેની ઓળખ ગુરુ કરાવે છે. સાહેર સકળ પસારા અર્થાત્ સર્વવ્યાપક છે. દરેક ઘટમાં તે રહેલો છે. જે બોલે છે તેન્યારો છે. ત્યાં મન, પવન

અને વાણી પહોંચી શકે નહીં. તે અવિનાશી પદ છે. તે વધતું પણ નથી અને ઘટતું પણ નથી. જેમનું તેમ અવિચલ રહેલું છે. ચાર અવસ્થા એટલે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકર થી પણ જે પરછે તે પરમતત્વ છે. આ અવિનાશી સબઘટ વાસી છે. અણુ થી લઈ મેરુપર્વત સુધી સરખો રહેલો છે. ઉપરાંત કિડીથી કૂંજર સુધી તે વિલસી રહયો છે. તે વસ્તુ એક અને અમૂલ્ય છે. તેનું શી રીતે વર્ણન કરવું?

આ પ્રકારની પદરચનાઓ સંત સાહિત્યમાં પૂષ્કળ મળી આવે છે. અન્ય સંત - ભકત કવિઓની રચનાઓ માંથી થોડીક પંકિતઓ લઈએ -

'રણૂંકાર મેં ઝણુંકાર હે, ઝણુંકાર મેં જયોતિ...
ઈ જયોતિ મેં અભે શૂનય લહે વહાં વસત હે મોતી.'

-ડુંગરપુરી.

'મોતી મણિમેં મણિ મોતિ મેં જયોતમેં જયોત મિલાયા,
એસા હે કોઈ ખેલ અગમકા, દિલ ખોજે દરશાયા.'

- દાસ અરજણ.

'પાવક રૂપી સાંઈયાં સબ ઘટ રહયા સમાય,
ચિત્ત ચકમક લાગૈ નહિં તાતેં બુઝિ બુઝિ જાય.'

- કબીર.

'સાસ ઉસાસસમરીયેં, અહો દિશ લીજે નામા,
નૂરત - સૂરત સેં નીરખયેં તો, ઘટોઘટ આતમરામા.'

- ખીમ સાહેબ.

'બોલે બોલાવે સબઘટ બોલે,
સબઘટ માં તો રહયો સમાય.'

- દાસી જીવણ.

'પોંચી નવ શકે રે, બુદ્ધિ તિયાં બાપડી રે,
મનને વાણી થી વસ્તુ છે વરજીત,
સ્થૂળ ને સૂક્ષ્મ થી રે પર પરખાતમાં,
નિગુર્ણ નિર્મોહી નિશ્ચલ તત્વ સ્વરૂપ.'

ડુંગરપુરી કહે છે કે પરમતત્વ સમગ્ર બ્રહ્માંડમાં વિલસે છે. તે રણકારમાં જે ઝણકાર થાય છે. તે છે. આઝણકારમાં જયોત રહેલી છે. એ જયોતમાં પરમતત્વ બિરાજે છે. દાસ અરજણ કહે છે કે મોતી મણીની અંદર છે. ને મણિ મોતીમાં રહેલ છે. જયોતમાં જયોત મળે તેવો ખેલ પરમાત્માએ

રચ્યો છે. મારા તનમાં મેં તેનું દર્શન કર્યુ છે. કબીર કહે છે કે પરમનું તત્વ સબઘટ રહેલ છે. ચિત્ત ચમકે પણ દેખાય નહીં ને તંતુ જો જોડાઈ તો તનમાં જ મળે છે. ખીમસાહેબનું કહેવું છે કે શ્વાસ – ઉચ્છશ્વાસ સ્મરણ કરીએ ને અહર્નિશ તેનું નામ જપીએ ને નૂરત – સૂરતમાં નિરખવાથી ઘટોઘટ રહેલ પરમાત્માને પિછાણી શકાય દાસી જીવણ એમ કહે છે કે આ પરમાત્મા જ બોલે છે ને બોલાવે છે. તે સબઘટમાં વ્યાપ્ત છે. અંતમાં રવિસાહેબ બહે છે કે તે જોઈએ – તેઓ કહે છે કે ત્યાં બિચારી બુધ્ધિ વામણી પૂરવાર થાય છે. મન અને વાણીથી પણ પરની વસ્તુ છે. સ્થૂળ અને સૂક્ષ્મથી પણ પર પરમાત્મા છે. તે નિગુર્ણ નિર્મોહીને નિશ્ચલ તત્વ સ્વરૂપ છે.

★ (૧૮) ગુરુ– ગોવિંદ ઐકય: –

સંતવાણીનું દર્શન એવુ છે કે તેમાં ગુરુ અને પરમાત્મા ને જુદા ગણવામાં આવતા નથી. અહીં ગુરુ જ સર્વસ્વ છે. આપણે ત્યાં જુદા જુદા સંપ્રદાયો જેમ કે કબીર સંપ્રદાય, રવિભાણ સંપ્રાદાય, નિનાર, સ્વામિનારાયણ સંપ્રદાય આ સર્વે સંત – ભકિત કવિઓનું દર્શન એકજ પ્રકારનું રહયું છે. તેમાં ગુરુ ની સગુણ ભકિત જોવા મળે છે. અહીં આપણે શ્રી નિરાંત મહારાજ પોતાની રચનાઓ માં શું કહે છે, તે જોઈએ –

'વળી વળી વંદું ગુરુ ગોવિંદને, મન માને એમ મહાલે રે,
આઠ પોહોર દિવસને રજની, ચિત્ત અળગું નવ ચાલે'.

'ધન્ય ધન્ય રે ગુરુ ઘેર પધાર્યા છે,
ગુરુ ગોવિંદ બે ભિન્ન ના જાણું.'

'વળી વળી વંદું હું ગુરુ ગોવિંદને, લળી લળી પાયે લાગું રે,
મે ર કરી મારે મંદિરે પધાર્યા, મન વાંચ્છિત ફળ માગ્યું રે.'

'ગુરુ રે મળ્યા તેને ગોવિંદ મળ્યા, અરસ પરસ એક જાણું રે,
વિખ વિડારણ નામ ગુરુ નું, પૂરણ પદ પરમાણું રે,'

'અંતરનામી ઊરમાં વસ્યા છે, સદ્ગુરુ રૂપે સ્વામી.'
સદ્ગુરુ કી મહિમા બડી, ગ્યા નિ જન ગત પાવે,
જગત પાવન એ પરમાત્મા, ગુરુદેવ કહાવે,'

શ્રી નિરાંત મહારાજ કહે છે કે, હું વારંવાર ગુરુ ગોવિંદ ને પ્રણામ કરુ છું આઠ પહોર દિવસ અને રાત મારું ચિત્ત ગુરુ માં પરોવાયેલું રહે છે. આજ તો હું ધન્ય થઈ ગયો કેમ કે મારા ઘરે ગુરુ પધાર્યા છે. ગુરુ ગોવિંદ ને પ્રણમું છુ ને લળી લળી પાય લાગુ છું. કેમ કે મારા પર મહેર કરી ને મારા તનરૂપી મંદિરમાં પધાર્યા છે. ને મને મનવાંચ્છિત ફળ મળ્યું છે. ગુરુ જેને મળ્યા છે તેને ગોવિંદ મળ્યા છે. તે અરસ પરસ એક જ છે. તે સંસારના વિષયોના નિવારક છે. એક જ ગુરુ છે. તેને હું પરમપદ ના સ્વામી કહું છું. સદ્ગુરુ નો મહિમા મોટો છે. કોઈ જ્ઞાની જ તેની ગતિ ને જાણે છે. જગતના ઉદ્ધારક તે પરમાત્મા સ્વરૂપી છે.

આ પ્રકાર ની સંતવાણી માંથી આપણે કેટલીક પંકિત ઓ લઈશું-

'ગગનચક્ર બહુદલ જીહાં શ્રી ગુરુદેવ સદા રહે તીહાં,

-નરહરિ.

'સગુણ બ્રહ્મ પરમેશ્વર સંત, નિર્ગુણ તે તાં લક્ષ રહિતા,
કરે ભકિત લક્ષણસું રે હે, દષ્ટ ઉપદેશ સહુ ને કહે.

-અખો.

'અગમ ખડકી જોઈ ઉઘાડી, તિયાં સામા સદ્ગુરુ દીસે,
છ પાંખડીના સિંહાસને બેસી, ખાંતે ખળ ખળ હસે....'

-લખીરામ/કરમણ

'ખીમને ભાણ રવિ રમતા રામા,
તે જ તત્વમાં ગુરુ તમને ભાળું.'

-દાસીજીવન

'ગુરુ ઈશ્વર, ગુરુ પરિબ્રહ્મ, સતગુરુ સબકાદેવ,
ગુરુબિન પારન પાવન, તું રવિ સત્ગુરુ સેવ'.

-રવિસાહેબ

'ગુરુ ગોવિંદ દોનું એક એકરૂપ હે,
હિલમિલ રિયા સુદામાં.'

-કનડપરી

(સતની સરવાણી. ડો. નિરંજન રાજયગુરૂ)

નરહરિ કહે છે કે ગગનચક્રમાં બ્રહ્મરન્ધ્રમાં અનેક પાંદડી વાળું કમળ છે. ત્યાં ગુરુદેવ નું નિવાસ સ્થાન છે. અખો કહે છે કે સંત જ સગુણ-સાકાર બ્રહ્મ છે. પરમેશ્વર છે. લખીરામ કહે છે. અગમની ખડકી મેં ખોલી ને જોયું તો સામે સદ્‌ગુરુ હતા. છ પાંખડીના સિંહાસન ઉપર બેસીમંદ મંદ મધુર હાસ્ય કરતા મેં જોયા. દાસી જીવણ કરે છે કે ખીમ, ભાણ અને રવિ રમતા રામા છે. એ જે તત્વ છે. તેમાઃ ગુરુ તમને હું જોઉં છુ. કનડપરી કહે છે કે ગુરુ ગોવિઃદ એકરૂપ છે. રવિસાહેબ કહે છે. ગુરુ જ ઈશ્વર છે. ગુરુ જ પરિબ્રહ્મ છે. સદ્‌ગુરુ બધા ના દેવ છે. ગુરુવિના પાર પામવો મુશ્કેલ છે. માટે સદ્‌ગુરુ ને સેવવા જોઈએ.

★ (૧૯) સંત સંગતઃ -

સંતવાણીમાં કહેવાય છેઃ

'એક ઘડી આધી ઘડી, આધી મેં પુનિ આધ,
સંગત કરિયે સંતકી, કટેં કોટ અપરાધ.'

સંતનો જેટલો મહિમા ગવાયો છે, તેટલો કદાચ કોઈનો પણ નહીં ગવાયો હોય. સંતના સંગમાં સત્ય પદાર્થની પ્રાપ્તિ થાય છે. એક ઘડી તો શું, દર્શન માત્રથી ત્રિવિધના તાપ જતા રહે છે. ગંગાસતીએ કહયું છે શીલવંત સાધુને વારે વારે નમીએ, પાનબાઈ! -સંત સંગત વિશે શ્રી નિરાંત મહારાજની રચનાઓ માંથી કેટલીક પંકિતઓ લઈએ-

'સંતોની સંગત રે, મરણેના મૂકીએ રે,
ચૂકીએના ચાર દિવસનો લાહાવ,
માટેમન રાખો રે, સંતોમાં મળ્યું રે,
વિલંબ ના કરશો, આવ્યાં દાવ.'

'જે સુખ તીન લોકમેં નાહી, સો સુખ સંત સોહાવે,
નેતિ તેતિ પદ નિગમ કહત હે, સો સંતન મે પાવે.'

'આ અવસરની જાઉં બલિહારી, મન વાંછિત ફળ થાયે,
સંત સમાગમ સેવા બંદગી, ગુણ ગોવિંદના ગવાયો.'

'સંત સમોવડ શું કહી દાખું,
સદ્‌ગુરુ રૂપ સોહાગી.'

'રખો વિશ્વાસ સંતનો, જો કુછ મનમે ચાહો રે,
વિશ્વાસ સેંતો અલ્લા મિલેગા, સાંઈ કે પદ સાહો રે.'

'મળે સાંઈ સાચારે, દેખાવે પળમે,
મનવા વશ કરતારે, આવે એ કળમેં.'

શ્રી નિરાંત મહારાજ કહે છે કે સંતની સંગત મૃત્યુ આવે તો પણ ન છોડવી જોઈએ. મનુષ્યદેહ નાશવંત હોવાથી ચાર દિવસ ના અવસર જેવું છે માટે સંતોમાં મન મહાલતું રાખવું જોઈએ. જે સુખ ત્રણ લોકમાં નથી તે સુખનો સ્વામી સંત છે. વેદજેને નેતિ નેતિ કહે છે. એ પરમાતત્વ સંત જ છે. આ અવસર પર હુ: વારી જાઉં છું કેમ કે મને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થઈ છે. તે પ્રાપ્તિ એટલે માનવદેહ. એટલે સંત સમાગમ, તેની સેવા અને બંદગી કરી પરમાત્માના ગુણ ગાઈ લઉ. સંતની બરોબરી કોણ કરી શકે ? સદ્દગુરુનું રૂપ પરમ પરમાત્માનું છે. જો સાચા સંત મળે તો ત્રણમાત્રમાં જ્ઞાન કરાવે.

સંતસંગત વિષય અંતર્ગત બીજા સંત - ભકિત કવિઓએ પણ રચનાઓ કરી છે. તેમાંથી કેટલીક પંકિતઓ લઈશું: -

'ભાઈ રે, સંગત્યું કરો તો તમે એવાની રે કરજો,
ને ઉતારે ભવપાર રે.'

-ગંગાસતી

'મથુરા ભાવૈં દ્રારકા ભાવ જા જગનાથ,
સાધ સંગતિ હરિ ભજન બિનુ કછુ ન આવૈ હાથ.'

-કબીર

'એક નિરંજન નામ જ સાથે,
મન બાંધ્યો આ માળો,
ગુરુ પ્રતાપે સાધુની સંગતે, ખનવ્યો ભવનો આરો.'

-ભાણસાહેબ

'સાધુને સતગુરુ પ્રોણલા,
એને કેડો આદર દેયીં, મારા વીસરાં,
અંગના ઓશિકાં, દલના બેસણાં,
પગ ધોઈ પહોળ પીયીં, મારા વીરા!'

-તોરલ

'દયા કરીને મન ડોલતું રાખ્યું, તૃષણાં મેલાવી ત્યાગી,
સત્‌ગુરુ આગળ શિષ નમાવ્યું, ત્યારે બાવડી પકડી આગી.'

-દાસ હોથી

'સંત મળે છૂટે ગર્ભવાસરે, સર્વે વાસનાનો થાય નાશ.'

-મણીરામ

ગંગાસતી કહેવું છે કે, સંગત તમારે કરવી જ હોય તો સંતની સંગત કરજો. કેમ કે આભવ સાગરની પેલે પાર તે લઈ જનારા છે. કબીર કહે છે કે મથુરા જાઓ, દ્રારિકા જાઓ કે જગન્નાથ જાઓ સાધુનો સંગ અને હરિ ભજન વિના કાંઇ હાથ આવવાનું નથી. ભાણસાહેબ કહે છે કે મે ગુરુ સાથે નાતો બાંધી લીધો છે. ગુરુ પ્રતાપને સાધુની સંગતે જીવન સફળ થયું છે. તોરલ કહે છે કે સાધુને આપણા ઘરે લાવી તેને માન, આદર આપવા જોઇએ પ્રેમથી તેનું પૂજન કરવું જોઇએ. તેના પગ ધોઇ પગરજ પીવી જોઇએ. દાસ હોથી વદે છે: મેં સદ્‌ગુરુ મે હાથ ઝાલી બચાવ્યો છે. મણિરામ કહે છે કે સંત મળે તો અજ્ઞાનના અંધારા દૂર થાય . ને સર્વ ઈચ્છા , કામના અને તૃષણાઓ અંત આવે.

★ (૨૦) નિર્વાણ: -

સસંત-ભકત કવિઓનું પરમલક્ષ્ય નિર્વાણ છે. તેને મોક્ષ, મુકિત, રિધ્ધિ, સિધ્ધિ નો ખપ નથી. વૈખરી મંત્ર જાપ કરવા કે રાગડા તાણી ભજનના ભડાકા કરવા એતો બાહયાચાર, ઢોંગ, દંભ છે. સાચુ ધન તો નિર્વાણ જ છે. એમ સંતવાણીમાં મુખર રીતે કહેવાયું છે. અહીં આપણે શ્રી નિરાંત મહારાજની રચના તપાસી તેમાંથી 'નિર્વાણ વિષયક' થોડીક પંકિતઓ લઇશું

'મન વાણીથી પર પરમેશ્વર, નિર્વાણીપદ નિરખો રે,
સર્વાતીત ને સર્વની માંહે છે, સચરાચરમાં સરખો રે.'

'અંધા કાષ્ઠ અંધારે વદતા, આપે રહયો અભેવ,
વિત્ત વિશ્વનું વિષ્ણુ રે, નિત્ય પદ નિરવાણી.'

'નિર્વાણથી વિશેષતા, તે ભેદવસ્તુ દાખજો,
નિરાંત કહે મુજ દીન ઉપર, કુપા પૂરણ રાખજો.'

'ઝાઝું શું લખીએ વર્ણવી, એહી જાણવાનું કામ છે,
મૂળ મહિમા મન વશ્યો, નિર્વાણી અનાદિ નામ છે.'

'સુરતા સાંભળ મોરી વાત, મુકિત ધામ છે જોડ,
નિરાંત નિરખો પદ નિવારણ, અનાદિ નામ છે.'

'આદિ બ્રહ્મ નિરવાણી રે, નિરખીને કહીએ,
ઉલટ સુલટ ઘેર આવી રે, નિરંતર રહીએ.'

શ્રી નિરાંત મહારાજ કહે છે કે પરમેશ્વર મન, વાણીથી પર છે. નિર્વાણપદને નિરખો. તે સર્વાતીત છે. ને સચરાચરમાં વ્યાપ્ત છે. પ્રજ્ઞાચક્ષુ અંધારાંમાં ફાંફાં મારતો હોય એમ કેટલાક લોક પ્રભુની વાત કરતા હોય છે. એ તો પેટ ભરવા માટેનો ઉદ્યમ છે. જે નિત્ય પદ છે તે તો નિર્વાણપદ છે. નિર્વાણથી વિશેષ જો કાંઇ હોય તો મને કહેવા કૃપા કરશો. વધુ તો શું લખું? એજ જાણવાનું કામ છે. કેમ કે હવે મારું મન સતલોકમાં વિહરતું થયું છે. નેઅનાદિનું નામ નિર્વાણી છે. પોતે પોતાને કહે છે કે હે મારી સુરતા તું સાંભળ નિર્વાણ પદ જ મુકિત ધામ છે. ને ત્યાં આત્મારામ બિરાજે છે. આદિ બ્રહ્મ નિર્વાણી નિરખી ને કહું છુ. ઉલટ-સુલટ ઘરે આવી છે. ને હવે નિરંતર રહે છે.

સંતવાણીમાં 'નિર્વાણ'નો મહિમા જોવા મળે છે. સાધક અનુભવ કરતો કરતો જયારે પરમલક્ષ્ય સુધી પહોંચે છે ત્યારે વાણી રહિત થઇ આનંદ આહ્‌લાદ લૂંટે છે. સંતભકત કવિઓની રચનાઓ માંથી કેટલીક પંકિતઓ લઇશું-

'નામરૂપને મિથ્યા જાણોને મેલી દેજો મનની તાણાવાણ રે,
આવી બેલો એકાંતમાં ને તમને પદ આપું નિરવાણ રે.'

-ગંગાસતી

'લિખ દિયા પરવાના, મેરા સતગુરુએ લિખ દિયા પરવાનાજી,
તેરા આગમ પંથ નિરવાણા, મેરા સતગુરુએ લિખ દિયા પરવાના.'

- ત્રિકમ સાહેબ

'પાપ પૂન્નકી સંકા નાહિ, નરક-સરગ નહી જાહીં,
કહે કબીર સુનો હે સંતો જહં પદ તહાં સમાહિં.'

-કબીર

'જે છે પિંડમા તે છે વરમંડમાં,
વેદ કુરાને વખાણ્યાં.'

-મેધજીવો

'સબ ઘટ મેં એક સાયબ દેખ્યા, નજર ભરમના નોંય,
હરખ શોખ વ્યાપે નહીં તનમાં એસી અદલ ચલાય.'

-દાસી જીવણ

ગંગાસતી કહે છે કે નામ રૂપને મિથ્યા સમજો એ બધી મનની તાણાવાણ છે. એકાંતમાં બેસો તો તમને નિર્વાણ પદ મળશે. ત્રિકમ સાહેબ કહે છે કે મને મારા સદ્‌ગુરુએ પરવાનો લખી આપ્યો છે. એ પરવાના માં લખ્યું છે કે તારા અગમ પંથની યાત્રા પુરી થઈ છે. હવે તું નિર્વાણને પામ્યો છે. કબીર સાહેબ કહે છે કે હવે પાપ-પુણ્યની શંકા જ નથી. નર્ક-સ્વર્ગ ની કલ્પના પણ જતી છે. હવે તો જયાં અવિનાશીનું પદ છે. ત્યાં હું સમાવાનો છુ. મેઘજીવ તો કહે છે કે જેપીંડમાં છે તે જ બ્રહ્માંડમાં છે. વેદ કુરાન પણ તેમજ કહે છે. દાસી જીવણ પોતાની અનોખી શૈલી થી કહે છે કે ઘટમાં (શરીર) માં એક સાહેબ જોયા છે. મેં જે જોયું છે તે ભ્રમણા નથી હવે મને હરખ કે શોક નથી એવું વરદાન મને મળ્યું છે.

:: નિરાંત મહારાજની કૃતિઓમાં રસ અને અલંકાર::

નિરાંત મહારાજની કૃતિઓમાં રસ, અસંકારનો વિનિયોગ થયેલો જોવા મળે છે. નિરાંત નિર્ગુણમાર્ગી સંતકવિ છે. આ નિગુર્ણ સંતો પરમતત્વના વિરહમાં, તલસાટમાં જે ઉદગારો કાઢે છે. તેમાં વિરહિણી ગોપી કે રાધા ભાવ જોઈ શકાય છે. આ પ્રકારના નિરૂપણ દ્રારા તેમના કાવ્યોમાં સંયોગ શૃગાર, વિપુલંભ શૃગાર ઈત્યિાદિ વ્યકત થતો હોય છે. નિરાંત મહારાજના કાવ્યોમાં પણ વિરહનું નિરૂપણ થયું છે જુઓ-

બાઈ પાપ પ, ગટ થયા પૂર્વના, વાલા વિજોગે રેવું,
દુ:ખ દારૂણ દિન કયમ લેઈશું, પડશે કઠણ છે સેહવું.

કે જો સ્વામી નિરાંતનાને એટલું રે લોલ,
તરત આવે ગોકુળમાં તેટલું રે લોલ.

સહુ વેલા વેલી ને રે વન, લીલમ લળિયાં રે,
મારા વાલા તણો વિજોગ, વ્રેહેમાં બળિયારે.

એ જ રીતે સંયોગ શૃગારનું નિરૂપણ જુઓ

પ્રાણ જીવન પાતળિયા વાહાલા,
પ્રેમ મંદિરે પધાર્યા રે.

મહા નિદ્રા માંથી મુજને જગાડી,
જાગીને મેં જોયું રે,
અરસ પરસ એકતારે કીધી,
ઉરનું અંતર ખોલ્યું રે.

આ સિવાય નિરાંત ની કૃતિઓમાં શાંત રસનું નિરૂપણ છે. તેઓ અધ્યાત્મવાદી હોવાથી સ્વભાવિક રીતે જ તેઓ શાંત પ્રકૃતિ ના હોય છે. તેમની કૃતિઓમાં વિવિધરસ, અલંકાર, કલ્પના, પ્રતિક વગેરે જોવા મળે છે. પણ આ સંતકવિઓ સાહિત્યક કૃતિઓ રચતા ન હતા. તેમને તો અભિપ્રેત જનકલ્યાણ જ છે. નેતેથી તેમના હૃદય માંથી જે નિકળ્યું, તે સહજ રીતે અભિવ્યકત કરી દીધું. તે માટે આસપાસના પરિવેશ માંથી તેઓ ઉપમાનો લઇ, પોતાના કાવ્યોમાં તેનો વિનિયોગ કરે છે. આ સંતકવિઓ બ્રહ્માનંદમાં મગ્ન રહેનારા હતા. વ્યાકરણના નિયમોથી તદન અપરિચિત એવા આ સંતકવિઓ પોતાની કૃતિઓ માં અલંકારમંડિત વાણી પ્રયોજતા નથી. એ તેમને અભિપ્રેતપણ નથી. તેમ છતાં તેમની કૃતિઓ વિવિધ અલંકારો પ્રયોજાયા છે. નિરાંત મહારાજની કૃતિઓ દષ્ટાંત અલંકાર વિશેષ રીતે પ્રયોજાય છે. આ ઉપરાંત રૂપક, અન્યોકિત, વર્ણસગાઇ વગેરે અલંકારોનો પણ નિયોગ થયેલો છે. જુઓ-

:૦: દષ્ટાંત અલંકાર: -

ગુરુ ગૌરે પીવાનો ધાટ,
સુખ ગાદીનું ચાહતારે પુત્રને,
જેમ પિતા બેસાડે છે પાટ.

જેમ રત્ન જડયું હોય રંક ને,
તેમ સ્વપ્ન થયું રે સાક્ષાત,
જે ને કાજે દમે અતિ દેહને,
તે તો આવ્યું છે મારે હાથ.

:૦: અન્યોકિત અલંકાર: -

વહેતા જળ તો વહી જાશે રે શું કહીએ,
પિતુ પિતામહ સર્વગયા તો,
આપણ કયાંથી રહીએ.

:૦: વર્ણસગાઈ: -

અદ્વૈત અનાદિ અનુભવ્યું,
આદિ અંત તણો વિશ્રામ.

:૦:ઉપમા: -

જેમ વૃક્ષમાંહી ફૂલફળ છે,
પાન રહે પેટમાં એવું બળ છે.

:૦: રૂપક : -

સચરાચરમેં સોહી બિરાજે, આપ આપ આપનમેં રે,
બાહરે ભીતર એક નિરંતર, બાજે નાદ ગગનમેં રે.

ગગન ગૂફા મેં ચોગાન ગાનકા, આપ રહે એકિલા,
અન્ય દેવ વાકેદિલ નાંહી, નહિ ગુરુ નહિં ચેલા.

:૦:હિતશિક્ષા: -

નિરાંત મહારાજે લખતાં - વાંચતા આવડે, તેટલું શિક્ષણ પ્રાપ્ત કર્યુ હતું. તત્કાલીન સમાજ બહુધા નિરક્ષર હતો. સમાજમાં રૂઢિઓ અને અનેક પ્રકારના રીત - રિવાજો પ્રવર્તતા હતા. પ્રજા અશિક્ષિત અને અજ્ઞાન હોવાથી ઢોંગીઓ - દંભીઓ ગુરુનો વેશ ધારણ કરી, પ્રજાનું ધાર્મિક શોષણ કરી રહયા હતા. તેવા સમયે નિગુર્ણ જ્ઞાનમાર્ગી સંતો - ભકતોનેસત્યધર્મનો ઉપદેશ કર્યો હતો. લોકો સમજી શકે તેવી ભાષામાં નિરાંત મહારાજે પણ જ્ઞાન - ભકિતનો ઉપદેશ બર્યો હતો.

હીત ને માટે હીતકારક એવી 'શિક્ષા' સંસ્કૃત 'શિક્ષ્' ધાતુ ઉપરથી 'શીખદેવી' એટલે સલાહ આપવી, અનુમતિદેવી વગેરે અર્થમાં બોધ કે ઉપદેશ આપવાનું કવિતા દ્રારા લઈ શકે છે. એમાં મિત્રનીજેમ ઉપદેશ દેવાની પ્રણાલી મધ્યકાળના સાહિત્યમાં જોવા મળે છે. 'હીતશિક્ષા' માં આવતી દુનિયાદારીની સલાહ સંસ્કૃત 'મુર્ખશતક' ને આધારે ગુજરાતી કવિઓએ ઉતારી હશે. એમ માનવાનું મન થાય છે. ગુજરાતના જૈનાચાર્ય અને 'બાલ સરસ્વતી' નું બિરુદ પામેલા શ્રી રત્નશેખર સૂરિ ( સંવત ૧૪૫૭-૧૫૧૭ ) એ સંવત ૧૪૮૬માં સંસ્કૃત શ્રાધવિધિ પ્રકણની'વિધિ કૌમુદી' નામે સંસકૃતવૃતિ લખી છે. આ 'વૃતિ'માં લોકોનું વ્યવહાર ચાતુર્ય ખીલે તે હેતુ થી અનેકાનેક નીતિબોધના સુધાશિતો લેખકે ગૂંથી લીધેલ છે. ( ૪૭ ગુજરાતી સાહિત્યના સ્વરૂપો - પ્રો. મજમુદાર )

મધ્યકાલીન ગેજરાતી કવિતામાં બોધ વચનો આપવામાં આવ્યાં છે.તેના મૂળ 'મુર્ખશતક' માં જોઈ શકાય છે.જીવન વ્યવહારમાં આવા વચનો લોકો માટે ઘણા ઉપયોગી હોય છે.આ પ્રકારના ઘોબ વચનો મધ્યકાળના ગુજરાતી સમાજજીવનની સુંદર ઝાંખી કરાવે છે.સાંપ્રતમાં પણ માનવજીવન કાંઇ બદલાઇ નથી ગયું. અથવા નગર સંસ્કૃતિમાં હજીયે પ્રવેશ કર્યો નથી. એટલે બસો વર્ષ પહેલાંના આ બોધ વચનો કે હીતશિક્ષા જૂની નથી લાગતી. નિરાંત મહારાજ અહીં કેટલાક કવિત રચ્યાં છે.જેને હીતરક્ષા એવું નામ આપી શકાય.

કરલે આતમબોધ બોધસે બંધન છૂટે,
કાલ કરમ કટ જાય, નહિં જમ કિંકર લૂટે.

– નિરાંત મહારાજ

મગન રહે મસ્તાન, હરિશુ હેત લાવે,
પલક પડે નહીં ચૂક, નિરંતર ધ્યાન લગાવે.

– નિરાંત મહારાજ

ચેત ચોંપ મેં ચેત કહત હું કરી પ્રકાશ,
પડે પંડ પસ્તાય પલક નહીં લાગે વાર.

'મુસલમાન પરમાન સાંઇ સબ ઘટ મેં દેખે,
રહેમ નજર સે રહે ઔર દૂજા ના પેખે.'

'દિલ પાકસે દેખેએસા, સોઇ સાંઇ હે દૂજા કૈસા,
મહેજત મકકા ભિસ્ત હજુરા, ઘટઘટ સાંઇયો દેખેપૂરા.'

'કવિત એટલે એક જાતની કવિતા. મધ્યકાળમાંરચાતી આ કવિતા બહુધા મનહર છંદમાં જોવા મળે છે.' સવૈયો બત્રીસો' અખાના વખતમાં 'કવિત' તરીકે ઓળખાતો હશે?કવિતતો ચતુરક્ષર સંધિના ચાર આવર્તન વાળો. સઘુ ગુરુ નિયંત્રણથી મુકત એવી આઠ પંકિતની નહીં, અક્ષરમેળ નહીં માત્રામેળ પણ સંખ્યામેળ રચનાનું નામ છે. હિંન્દીમાં, પિંગળમાં તેમજ ચારણી સાહિત્યમાં અને આપણી ગુજરાતીમાં પણ તે જ 'કવિત' તરીકે ઓળખાય છે. 'અંગદ વિષ્ટિ' માં શામળે કવિતછંદ વાપર્યો છે.'(અખો એક અધ્યયન)

નિરાંત મહારાજના કવિતામાં જ્ઞાનનો મહિમા છે. કવિત કરવા કરતાં જ્ઞાનની મહત્તા વાગામાં આપણા કવિને રસ છે.

જ્ઞાનમાર્ગી સંતપરંપરામા નિરાંત મહારાજઉતરમધ્યકાળ ના મહત્વના અને નોંધપાત્ર સંતકવિ ગણાય છે. અખા પછીની જ્ઞાનમાર્ગી કાવ્યનું વહન તેમના દ્રારા થયું છે. તેમના નામે 'નિરાંત -સંપ્રદાય' નો ઉદભવ પણ થયો છે. આ નિરાંત સંપ્રદાય ના સંત કવિઓનું સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં છે. નિરાંત મહારાજએક પ્રતિભાવંત પુરૂષ હતા. તેનું આ પ્રમાણ ગણાવું જોઈએ. તેઓ પૂર્વાશ્રમમાં 'પૂનમિયા ભગત' તરીકે સુખ્યાત થયેલા. હાથમાં તુલસીનો છોડ રાખી દર પૂનમે ડાકોર દર્શન જતા. એટલે તેમના સાહિત્યમાં સગુણધારા પણ જોવા મળે છે. ડાકોરના રસ્તે જ એક વાર કોઈ નિર્ગુણ માર્ગી સંતનો ભેટો થતા તેઓના સત્સંગથી નિગુર્ણમાર્ગી થયા. એ રીતે તેમના સાહિત્યનો મોટો ભાગ નિગેર્ણ પરંપરનો જોવા મળે છે. નિરાંત મહારાજ ઉપર તેમના પૂર્વકાલીન કબીર, નરસિંહ, અખો અને દાદૂ જેવા સંતકવિઓનો પ્રભાવ સ્પષ્ટ વર્તાઈ છે. નિરાંત મહારાજેમાતબર સાહિત્ય સર્જ્યુ છે. તેમના સાહિત્યનો મોટોભાગ પદ - ભજન છે. આ સ્વરૂપ પરત્વે તેમની અભિવ્યકિત કેવી છે? તેમણે પોતાની અનુભુતિને કેવી રીતે પ્રગટ કરી છે? ને એ અનુભૂતિની અભિવ્યકિત સ્પર્શક્ષમ બની છે કે કેમ ? એ રીતે મૂલ્યાંકન કરવાનું વલણ હવે જોવા મળે છે.

સંતસાહિત્યમાં નરસિંહ એના પ્રભાતિયાં થી, અખો છપ્પાથી, દયારામ ગરબીઓથી, ભોજો ચાબખાથી, ધીરો કાફીઓથી એમ નિરાંત એમના પદોથી વિશેષ જાણીતા થયા છે. નિરાંત મહારાજે પોતાના પદો દ્રારા જ્ઞાન - કભકિતનો સંદેશ વહેતો કર્યો. તેમના પદોની ભાષા મિશ્ર છે. તેમાં હિન્દી, ફારસી વગેરે શબ્દોની બહુલતા છે. ને તેથી અન્ય સંતકવિઓની જેમ તેમની ભાષા સધુકડી બની છે. તેમના પદોમાં પૂર્વસૂરિઓનો પ્રભાવ ડિલાયો છે. આ પદોમાં કાફી, ગરબા - ગરબી, ઝૂલણાં, વસંત, ધુમાર, પ્રભાત, ધોળ ઈત્યાદિનું આલેખન થયું છે. તેમના પદોમાં સગુણની સાથે નિગુર્ણભકિત પણ જોવા મળે છે. બારમાસ જેવા પદોમાં નિગુર્ણ નાવલિયાનો વિરહ સ્પષ્ટ દેખાય છે. તેમના પદોમાં ધોળ અને કાફી તેમજ કેટલીક પ્રાસંગિક રચનાઓ દષ્ટિ ગોચર થાય છે. એજ રીતે કેટલાક પદ ભજન ના પરંપરરિત રાગ, તાલ અને ઢાળમાં રચાયેલા છે. સૌપ્રથમ તેમના પદો રહેલું કાવ્યાત્મક સૌદર્ય જોઈએ -

સહજ સમાધિનો મહિમા સૌપ્રથમ કબીરે ગાયો છે. એજ રીતે નિરાંત મહારાજપણ સહજસમાધિનો મહિમા સાદી પણ સરળભાષામાં આ રીતે પ્રસ્તુત કરે છે:

'ચઢી બ્રહ્મખુમારીના ઉતરે, સુખ મુખ કહયું નવ જાય,
એવો અજર અમર રસ જો પીએ, તેના નેણ વેણ પલટાય.'

વાતચીતના ઢબે રહેલું આ ધોળ સમાન્ય પ્રજાને પણ સમજાય એવું બન્યું છે. તેમાં પ્રાસ અનુપ્રાસ તો છે જ પણ નેણ - વેણ જેવા શબ્દોનો વિનિયોગ કૃતિને આહલાદક બનાવે છે. એજ

રીતે સંતના લક્ષણ પણ ધોળમાં જ પ્રસ્તુત કર્યા છે. છ પંકિતના આ ધોળપદમાં પણ કાવ્ગસૌદર્ય ઝળકે છે.દા.ત.

'ગગન ચળે પણ સંત ન ચળતા, દઢ મનના એવા ધામ,
ક્ષમા તણા તો શિરદાર સાચા, જેથી હારે સુંદર શ્યામ.
આશા કેરી તો દોરી તોડી, દોરી જોડી જગત જામ.'

સંતના સ્વરૂપનું આથી વિશેષ કયો કવિ આલેખન કરી શકે ગગન ચળે પણ સંત ન ચળે. ને ધામ, શ્યામ, જામ નો અનુપ્રાસ તેમજ દોરી તોડી - દોરી જોડી નો સમાસ ધ્યાનાર્હ છે. નામ એટલે સંજ્ઞા કોઇ વસ્તુ કે પદાર્થને સમજાવવા માટે સંજ્ઞાની આવશ્યકતા રહે છે. એટલે નિગુર્ણ નામ લ્યો નરનારી એ ચાર પંકિતના પદમાં પ્રાસ અને નુપ્રાસની મધુરતા છે તો અભિવ્યકતનો એક આગવો મિજાજ પણ છે.દા.ત.

'નામ નિરગુણસે નહીં ન્યારારે, એકાએકી આપ કિરતારરે,
મન મવન ન પહોંચે જયાં હીરે, વાકી ખોજ કરો ઘટ માહી રે.'

ભારતીય સમાજ જીવનમાં નૈતિમ મૂલ્યોની એક પરંપરા રહી છે. સમાજ જીવનમાં જયારે અનૈતિકતા પ્રવેશે - સ્ત્રી પુરૂષોના આડા સંબંધો સમાજ માટે વિદ્યાતક રહયા છે. નિરાંત મહારાજ આ વાતને લાઘવતાથી કેવી વણી લે છે.

'તું તો પરદારા શું પ્રીત કરે, તેમાં તત્વતારો તોલ હરે,
તું તો અજાણ અંધો થઈને ફરે.'

સંસારના સુખમાં રચ્યો - પચ્યો જીવ, સંસારના તાણાવાણા માં એવો તો ફસાઈ જાય છે કે તે દુ:ખીદુ:ખી થઈ નિસ્તેજ બની વિહરે છે. નિરાંત મહારાજ ભવસાગરમાં તણાતાને ભ્રમજાળમાં ફસાયેલાઓને સંદેશ પણ પોતાના કાવ્ય દ્વારા વહેતો કરે છે. સંસારનું સુખ સ્વપ્ન સમાન છે આ વાતને નિરાંત લાઘવતાથી નિરૂપે છે:

'જૈસા સુપના હૈ મધરાતી, એસા સુખ સંસારી,
નૈન ખોલકર દેખ દિવાના, અંતે બડી ખુંવારી રે.'

અહીં 'નૈનખોલકર દેખ દિવાના', શબ્દપ્રયોગ ધ્યાન ખેંચે છે. જેને પરમતત્વની લગની લાગી છે તેને કશુંજ કરવું પડતું નથી નિરાંત લખે છે:

'સોવત જાગ્રત સુરત સેજકી, ભીતર રહો ભજનમેં રે,
લે લાગી સો તાર ના તૂટે, ઊઠ બેઠે આસનમેં રે.'

અહીં વર્ણસગાઈ અલંકારમાં લાઘવયુકત નિરૂપણ છે. 'ભજનમેં', 'આસનમેં' નો પ્રાસ કાવ્યને સુંદરતા બક્ષે છે.

ગુજરાતી સંત સાહિત્યમાં પદોમાં કેટલા સંતોએ હિન્દીમાં પદો રચ્યા છે. તત્કાલીન સમયમાં હિન્દીમાં આલેખન કરવું એ દરેક સંતકવિઓ ને મન સહજ હતું. હિન્દી ભારતભરના સંતોની એક ભાષા રહી છે. નિરાંત મહારાજે પણ કેટલીક હિન્દી રચનાઓ આપી છે. નાનકડી પદ રચનામાં હિન્દી ભાષામાં તોણે પોતાની અનુભૂતિ ઘુંટી છે. પ્રારંભ માં જ આ પદ કવિતાનો ઉપાડ જુઓ –

'દેખો રે દુનિયામા મારગ, જુઠે કું કહે સચ્ચા રે,
અવાચક કું આદર દેવે, વાચક કું કહે કચ્ચા રે.'

અને..આ પદરચના ની એક અન્ય પંકિત –

'બેત કિતાબ પઢે નિશ દિન, સાચા આપ ના પાવે રે,
હુઆ દેખતા પણ મારણ અંધા કિસબિધ જાવે રે.'

પદનો ઉપાડ જ આકર્ષક છે. કોઈપણ પ્રતીક, કલ્પન કે અલંકાર વિના પણ કહેણીની બળકટતા નિરાંતમાં છે. 'દખો રે દુનિયા કા મારગ' એવી વાકય રચનામાં શબ્દચિત્ર રજુ કરે છે. એજ રીતે 'સચ્ચા', 'કચ્ચા', પાવે જાવે નો પ્રાસ અનાયાસ પૂર્વક આવે છે. નિરાંત મહારાજ પોતાના પદોમાં પરમતત્વને સહજ રીતે કાવ્યાત્મકતાથી રમતું મૂકે છે:

'વિના મૂળનો એ છે વેલો, મન વાણી પર વાધ્યો રે,
અનુભવિયાના અંતર માંહી, નેહ નિરંતર બાધ્યો રે.
વિના પંખનો એ છે પંખી, વિણ ઈન્દ્રીનો ભોગી રે,
વિના પિંડ નો એ છે પ્રાણી, વિના જોગ સંજોગી રે.'

નિરાંત મહારાજ તત્વત: નામ સ્મરણ કરે છે. નામ ભકિતમાં તે રમમાણ છે. પણ આ નામ શુ છે? રહસ્યના આ તત્વને સહજ – સરળ રીતે મૂકી આપે છે. :

'અગમ અગોચર નામ હૈ, નામ નિરગુણ કાવે,
સિરગુણ સોઈ સતનામ હૈ, નામે સબ ધાવે.'

અગમ અગોચર કે જેની ગમ (સમજ નથી પડતી, ને જે ગોચર નથી અર્થાત્ ચર્મચક્ષુથી દેખી શકાતું નથી. એવું પરમતત્વનું નામ છે. ને તે નિર્ગુણ છે. પણ સગુણરૂપે તે સતનામ છે. અથાત્ સંતત્વ છે. ને એ નામ ને સૌવંદે છે. આ રીતે પરમતત્વને એક જ પંકિતમાં પ્રગટ કરે તેવી નિરાંતની અભિવ્યકિત છે. પૂર્ણપદની પ્રાપ્તિ થાય પછી સાધક ને ભકતને સામાન્ય બાબતનું આકર્ષણ રહેતું નથી. નરસિંહ ના કહેવા મુજબ દૂબળા ઢોર નું કુશ કે મન ચળે, પણ ચતુર્ધા મુકિતના માર્ગે ની જેમ

નિરાંત પણ કહે છે ને તે માટે રાજકુંવર હાથી ની અંબાડી માં બેઠો હોય પછી બાળરમત કરતો નથી તવું ઉદાહરણ આપે છે જુઓ.

'પૂરણ પદ પોતે થયો, તેનુ મન કયાં લાગે?
રાજકુંવર હસ્તિ ચઢયો, તે કોડી શીદ માગે?'

મનુષ્યજીવની ક્ષણાભંગુરતા ને લાઘવયુકત નિરૂપી છે. ને તે માટે રૂઢિપ્રયોગ નો પણ વિનિયોગ કર્યો છે ને એ રીતે પોતાની અભિવ્યકિત ને ધારદાર બનાવી જુઓ -

'સો વાર તને શું સમજાવું, જો ને સંસાર માં શું છે તારું રે,
ચાંદો ત્યાં સુધી ચાંદરણું, અંતે છે અંધારું રે.

અહીં 'તારુ 'ને' અંધારું 'નો પ્રાસ કેવો સાહજિક લાગે છે! ને ચાંદો ત્યાં સુધી ચાંદરણું નો પ્રયોગ ધ્યાનાર્હ છે. એજ રીતે 'વળી વળી' અને 'લળી લળી' જેવા શબ્દો નું આ વર્તન તેમજ લાગું અને માગું નો પ્રાસ પદ ને કાવ્યાત્મક બનાવે છે. -

'વળી વળી વંદુ ગુરુ ગોવિંદને, લળી લળી પાયે લાગું રે,
મે, ર કરી મારે મંદિર પધાર્યા, મનવાંચ્છિત ફળ મનગું રે.'

આ સૃષ્ટિનું સર્જન શબ્દ વડે થયું છે ને એજ સરજનહાર છે. એવું કાવ્યાત્મક પ્રતિપાદન કરતાં નિરાંત લખેછે :

'એક શબ્દ સબ હી સરજા, શબ્દ હી સરજનહારા રે,
શબ્દાતીત કો કૌન લખાવે, સો લાખ સબસે ન્યારા રે.' -

નિરાંત ની અભિવ્યકિત એની કહેણી માં છે. પદનો આરંભ પણ સીધા કથન વડે કરે છે.

'મિથ્યા નામરશો ભટકી, મન કોઇ મિથ્યા ના મરશો ભટકી,
પૂરા ગુરુ વિના પારના પાવે, ખોજ ખબર નહીં ઘટકી,
સાધન કરમ ધરમ બહું ધોખો, ખોટી કલ્પના ખટકી,
દેખા દેખી દોદશ ધાવે લાલ ચમારંહી લટકી.'

આ પાંચ પંકિત નું પદ ગુજરાતી - હિન્દી મિશ્ર ભાષા માં લખેલું છે. પ્રથમ લીટી ગુજરાતી માં ને પછી તરતજ બીજી લીટી હિન્દી માં લખી 'ભટકી' 'ઘટકી' નો પ્રાસ અનાયાસ રીતે મૂકી આપેછે. કરમ - ધરમ જેવી દ્રિરુકિત થી પોતાના પદને આકર્ષક બનાવે છે. એજ રીતે અન્ય એક પદમાં 'જોયું રે જાગી મારે મન જોયું રે જાગી ' એવું સીધું કથન કરી વાચક ને કાવ્ય માં પ્રવેશ કરવા મજબૂર કરે છે. આ વાકય દ્રારા વાચક ને કૂતૂહલ થાય છે. કે હવે પછી શું હશે? ને એ રીતે વાચક સહજ

રીતે પદ માં સરી પડે છે નિરાંત લખે છે :

'જોયું રે જાગી મારે મન જોયું રે જાગી,
નિદ્રાવત અજ્ઞાન પળાયું, ભૂલ ગઈ ભાગી,
સાધન સર્વ સ્વપ્ન નિરખું, તન રે થયું ત્યાગી.'

અહીં જાગી, ભાગી અને ત્યાગી ના પ્રાસ વડે પોતાને થયેલ પરમતત્વ ની અનૂભૂતિને પ્રગટ કરે છે. એજ રીતે 'કંઈ ના લહયું સારું' પદમાં પોતે નિર્ગુણ ધારા માં કેમ પ્રવેશ્યા ની વાત કહે છે:

'કંઈ ના લહયું સારુ કૃત્ય મેં કાંઈ ના લહયું સારુ,
પૂણ્ય કર્યા થી પાર ન આવે પૂણ્ય નું ખોટારું,
તીરથ વ્રત ને જપ કરી થાકયો; મનના કર્યું મારુ!
આ એકજ પંકિત માં તેમણે કેટ કેટલું કહી દીધું છે!

કર્મ નો સંગાથી કોઈ હોતું નથી એવી સંતવાણી ને ધોળ જેવા પદ માં પરહરિયે અને વરિયે જેવા પ્રાસ વડે નિરૂપે છે:

'સાચુ સગપણ શામળિયાનું, બીજું સહુ પરહરિયે,
મન મર્યાદા તજી મનમોહન હેતે હરિવર વરિયે રે,'

સંતો ની સંગત કરવાની વાત ને કેવી લાઘવ્રતા યુકત વાણી માં વણી લે છે! -

'સંતો ની સંગત રે, મરણે મૂકી એ રે,
ચૂકીએ ના ચાર દિવસનો લ્હાવ,
માટે મન રાખો રે, સંતો માં મળ્યું રે,
વિલંબ ના કરશો આવ્યો દાવ '

પ્રથમ લીટી ના અંત 'મૂકીએ' ને બીજી લીટી ના પ્રારંભે'ચૂકીએ' શબ્દ નો વળાંક કાવ્યાત્મક છે. ને 'લ્હાવ'અને 'દાવ'નો પ્રાસ કાવ્ય નું માધુર્ય પ્રગટ કરે છે. એજ પ્રમાણે ' માયા મોટી મોહની' પદમાં પરમતત્વ ને જાણવા ગુરુ ની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે ને તે પણ કાવ્યાત્મક, દા.ત.

'ખટદર્શન વણ ખોજે બાંધ્યાં, ફેલી રહી ચો ફેરી રે,
જ્ઞાની પંડિત સહુ ગૂંચાયું , ગુરુ વિના મતિ ઘેરી રે.

સીધુ કથન કરવું એજ નિરાંત મહારાજની લક્ષણિકતા રહી છે. પણ એ કથન માત્ર

કથન બનીને રહી જતું નથી તેમના કથન તીક્ષ્ણ છે. સહ્યદય ને અભિભૂત કર્યા વિના રહેતું નથી ને પ્રાસ માં પણ કૃત્રિમતા નો પાસ લાગતો નથી પ્રાસ અનાયાસ રીતે જ આવે છે. દા.ત.

'ભાવે ભજને મુખ રામ, એ છે દેહ ધર્યા નો ધર્મ,
બીજીજાળ છે જે જે કરવું , તે તે સહું કર્મ.
અને એજ લાક્ષણિકતા માં-

'દુનિયા મરડ મૂકી દો ફેરફાર નહીં ફના હો જાઓગે !
નહી ભરોસો તન કો, દુનિયા મરડ મૂકી દો મનકો;
એજ રીતે આત્મજ્ઞાની નિરાંત સીધા કથન દ્રારા કહે છે:

'આપ ચિન્યા બિન અંધા, જગત સબ આપ ચિન્યા બિન અંધા,
પઢવો -ગણવો વેદ આદ લેઉ, સબહી ઊદરકા ધંધા.

અહીં 'અંધા' અને ધંધા ના પ્રાસ ની સાહજિકતા સાથે કેવો મર્મ પ્રહાર કહે છે! એજ રીતે ફકીર, સાધુ, બાઓને ફટકારવામાં પણ લાઘવયુકત ઓજસ વાણી નો કેવો ઉપયોગ કરે છે. જુઓ-

'મન ફકીરી હાલ હજુરી, ઘ્યાન ધની શું લાગા હૈ,
ફેલ ફકીરી તન કી કહાવે, ગળે ગોદડી ધાગા હૈ,
મરમ ના પાયે સ્વાંગ બનાયે, રાખ લગાવે નાગા હે,
મનકા મુંડા કોઉ ના મળ્યા, શિરગુંડા સબ માગ હૈ.'

આત્મ જ્ઞાની નિરાંત મહારાજ પરમતત્વ ની પ્રાપ્તિ માટે સ્વની ઓળખની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે ભાષા વડે પરમ ની પ્રપ્તિ થતી નથી. કે કોઈ સાધન પણ પરમની પ્રાપ્તિ માટે નકામું છે તેમ કહેતા કહે છે:

'એક હરિના નામ તણો આધાર, સાધન બીજું શું કરે રે,
જે કરીએ તે વૃથા સ્વપ્ન વહેવાર, સાધન બીજું શું કરે રે.'

અને-

'પોતે પોતાનો કરવો વિચાર, નિરખ નિજ નામ ને,
ભૂલ્યો શીદ ભમે છે તું ભવ વિશે, નથી નામ સમોવડ સાર'

નિરાંત ના પદોમાં પ્રતીકે, કલ્પન જૂજ સંખ્યા માં છે, પણ તેની કહેણી ની કળા તેમના પદો ને કાવ્ય બનાવે છે. તેમાં પ્રાસ નો અનાયાસ વિનિયોગ પણ ધ્યાન ખેંચે છે. પરમતત્વ જેવાગ્રઢ અને ગૃહય વિષયને તેઓ લાઘવયુકત રીતે નિરૂપવામાં સફળ બને છે. એજ તેની કવિ હોવાની છાપ છતી કરે છે. દા.ત.

'રૂપ નહીં જેને ગુણ નહીં ને, નામ નહીં છે એવું,
કાંઇ નહીં ને સર્વે તેનું, વૃક્ષ બીજ છે જેવું,
વાણી વિચાર ન પહોંચે, કૈવલ્ય પદ તે કેવું,
સર્વાતીતને સર્વની માંપ છે, સ્ફટીક પે સમજી લેવું.'

અને...

'અપના આપ વિચારો, તબ તરો અપના આપ વિચારો,
આપ બિના કછુ ઔર ન દુજા, સાહેબ આયા તું હારો.'

ધર્મ કર્મ અને વિધિ - વિધાનનું કાર્ય ભારતવર્ષ માં બ્રાહમણવર્ગ કરતો આવ્યો છે. ને એટલે તે ધર્મના માર્ગદર્શક ના રૂપમાં રહયો છે. પરિણામે તે સર્વ થી મોટો છે. ઊંચ છે તે માને છે. આત્મજ્ઞાની નિરાંત પોતાના પદ દ્રારા કેવી માર્મિક ટકોર કરેછે!

'બાહમન તૂમ્હે કાહાં ચીના હૈ, કાંહાં સે બ્રાહ્મન આયા હૈ,
બાતન બાહમન મોહે બતાવો, જાહેર જૂઠ બનાયા હૈ,
ખટકરમ તો તેને કીને, ગાંવતરી ગુન ગાયા હૈ,
નાહાના ધોના પોથી પઢના કરતે રી તે ધાયા હૈ';

ભારતીયતા અને તેના મૂલ્યોનુ: સંરક્ષણ આ સંતકવિ ઓ એ કર્યુ છે. અભણ - નિરક્ષર પ્રજા ને ધર્મ વિશે સહને સરળ રીતે ઉપદેશ આપ્યો છે. 'નિષ્ઠા'નું ફળ કેવું મીઠું છે તે સમજાવતાં એક પદ નિરાંત મહારાજ પ્રસ્તુત કરે છે. જે માણવા જેવું છે:

'હરતાં - ફરતાં ધંધો કરતાં ધ્યાન હરિનું ધરવું,
નિરાંત કહે નિષ્ઠા નું ફળ છે અધર્મથી ઓસરવું,
અધર્મથી ઓસરવું પ્રાણી, ધર્મ ધસી ને કરવું,
નિરાંત કહે નિષ્ઠાનું ફળ છે, આખર તારે મરવું.'

પિંડ માં બ્રહ્મ વસે છે. પરંતુ શરણ કોનું ગ્રહણ કરવું ? પરમતત્વ એક તારસૂત્ર રૂપે હોય તો પછી અંતર શાને? આ વાત સમજાવવા લઘુ ઊર્મિકાવ્ય - પદ માં નિરાંત લાઘવયુકત બાની માં કહે છે:

'આપ આપતે કેને રે કહીએ,

ભાઈ શરણાગત કોને રહીએ?

આપ આપનું અંતર ટાળી,

નિરંતર નિરખાવો રે,

સદ્દગુરુ તુમ સાહેબ મેરા,

અલખ પુરૂષ ઓળખાવો રે;'

નિરાંત મહારાજ પોતાના સ્વરૂપ ને અનોખી રીતે એકપદ માં આ રીતે અભિવ્યકત કરેછે:

'ઉતપત પરલે નહિં હમારે,

જાણે કોઈ એક જોગી.

હમ સરીખા હમ કો બૂજેગી રે,

બીજા સરવ વિજોગી રે.

જૂની રાહસે જીવ ચલત હૈ,

હમ હૈ જહાંકે ત્યાંહી રે,

અપરંપાર ગયે જુગ બીતી,

પંથ હમારે નાંહીં રે.'

મારું ને તારું એ તો મનનું કારણ છે એવું સંતવાણીનું પ્રતિપાદન છે. નિરાંત પણ એજ વસ્તુને પોતાના અંદાજમાં કહે છે.:

'જાણ જે નથી કાંઈ તારું,

રે જીવતું તો જાણજે નથી કાંઈ તારું,

મિથ્યા વસ્તુને શું મોહી રહયો છે,

મુખે વદે છે મ્હારું.'

હિન્દી રચનામાં પણ નિરાંતની અભિવ્યકિત બળકટતા પૂર્વક થઈ છે. મોટે ભાગે સીધા કથન દ્વારા ધાર્યું નિશાન લે છે.

'દિલ મત ધાંખા ધરના બંદે એહી ખુદાકા કરના,

એક સમાતો એસા આવે, સબરા બરસે ખાના,

એક સમાતો એસા આવે, ચુન ચુન ચુગના દાના,

એક સમાતો એસા આવે, હસ્તિ ચઢકે હલના.'

એ જ રીતે –

'દેખો દિલ બિચારી દુનિયા દેખો દિલ બિચારી,

જાનો જરૂર રહેને કો નાહીં, કાંહા પુરૂષ કાહાં નારી.'

અને એજ અંદાજની અભિવ્યકિત જુઓ –

નરનારી ને ભજો હરિ નામને,

દુલર્ભ આવ્યો છે દાવ,

આજ કાલમાં જાવું છે એવું જાણીને,

લેવો મનુષ્યાનો લ્હાવ.

નિરાંતના પદો બહુધા ચિન્તનાત્મક છે. તેમાં સીધાં કથન દ્રારા વ્યકિતને બોધ કર્યો હોય છે. પણ તે માત્ર કથન જ રહી જતું નથી. તેમાં લાઘવતા હોવાથી કાવ્યની કક્ષાએ પદ પહો઼ચે છે. દા.ત.

આઠે પહોરમાં એક ઘડી,

તને રામનામ ના ભાવે,

નિરાંત કહે નર દેહી નૌતમ

ખુરખ મિથ્યા ગુમાવે?

અને –

ભકત થયા પીડ પારકી નવ લહે,

દુષ્ટ તે ભેખના ભાર જેવા,

સત્ ચિત્ત નવ વર્યો, દયા નિજ પરહર્યો,

જે કરે કર્મ તે દંડ દેવા.

એજ રીતે ઉપદેશાત્મક પણ કાવ્યાત્મક રીતે નિરાંત લખે છે:

ભૂલ્યો શું ભમે છે રે, જોને આપ વિચારી તારું,

કયાંથી રે આવ્યો ને કોણ જ તું છે કયાં જવાનું વિચાર્યુ.

એ જરીતે સીધાં કથન દ્રારા પણ પોતાની આગવી અભિવ્યકિતમાં શું કહે છે જુઓ:

મરડ મૂકી દો મન કો, દુનિયા મરડ મૂકી દો મનકો,

ફેરફાર નહીં ફના હો જાયેગા, નહીં ભરોસો તનકો.

કહાંસે આયે કહાં તુમ જાઓગે, ખોજ કરોને ઉનકો.

દો દિન કી જીંદગાની સારુ કાહાં કરો તુમ છનકો,

અને જાણે કે આગળના પદના પ્રત્યુતરમાં જ નિરાંત લખે છે. :

મૂવો મુરખ કહયું નવ માને રે હાર્યો હરિનામ વિના,

તારો ઠોર તો નથી રે ઠેકાણે રે, ગોથાં ખાય ગમ વિના.

મોરલી વાલો જાણે પદમાં સૌ પ્રથમતો મોરલીવાળો એટલે કૃષણની વાત હશે એમ લાગે પણ પદમાં પ્રવેશતાં નિરાંત સ્વરૂપની વાત કોઈક અલગ અંદાજમાં કરે છે.

મોરલી વાલો જાણે મન ની મોરલી વાલો જાણે,

દીલ દરપણ કંઈ કપટ ઢંકાયું, તે પૂરણ નહિં પરમાણે,

પોતાનું પ્રતિબિંબ પોતે છે, જેવા આંધળો તે રૂપ શું વખાણે.

સ્વ સ્વરૂપને નિરાંત મહારાજ કેવી રીતે અભિવ્યકત કરે છે તે જાણવું રસપ્રદ થઈ પડશે. લાઘવયુકત બાનીમાં નાનકડી પદમાં નિરાઃત લખે છેઃ

હમ હૈ જોગી અલખ અનાદિ પારબ્રહ્મકી પારા,

નામરૂપ ગુણ નહીં હમારે કબહન ન ધરહું અવતારા,

હમસે બ્રહમ બ્રહમસે માયા, માયા સે સબ સંસારા,

ઈસ બિધ હમ હે હમ હૈ સબમે બીજવૃક્ષપે વિસ્તારા.

નિરાંત મહારાજના પદોની ચર્ચા દરમ્યાન જણાયું કે તેમાં ઉર્મિના આવેશની સાથે પ્રબળ લાગણી રહેલી છે. અંતરના ભાવને અભિવ્યકત કરવા તેઓ બહુધા સીધુ કથન પસંદ કરે છે. તેમાં પ્રતિકો કે કલ્પનોની બહુધા ગેરહાજરી છે. છતાં ઉર્મિની પોતાના પખોમાં નિરાંત ભાવસંવેદના ને સરસ રીતે ઘૂંટયું છે. પદ પ્રકારની કવિતા મધ્યકાળમાં વ્યાપક રીતે રચાતા પદ શબ્દનો ઉલ્લેખ જયદેવના ગીત ગોવિંદમાં મળે છે તેમાં પદનો અર્થ પંકિત કરવામાં આવે છે. પરંતુ મધ્યકાળમાં પદ કાવ્યના અર્થમાં વપરાયું છે. પદ એટલે ટુંકુ સાદુ ગેય ઉર્મિ કાવ્ય પદની ઉત્પત્તિ ઉર્મિ વડે થાય છે. એટલે તે ઉર્મિ કાવ્ય પણ બને છે. ઉર્મિની ઉતમત્તા અને આવેશ પદને અસર કારક, ચોંટ દાર બનાવે છે. આ ઉર્મિ પ્રેમલક્ષણાત્મક પણ હોય અને ઉપદેશાત્મક પણ હોય નિરાંતના પદોનો રસ બહુધા શાંત જોવા મળે છે. એમાં ઉર્મિની કથનાત્મકતા અને વર્ણનાત્મકતા ધ્યાન ખેંચે છે. તેમના પદો બહુધા ટુંકા છે. અને કથનાત્મક રીતે આલેખાયા છે. કયાંક કયાંક તો માત્ર વર્ણનો જ મળે છે. તે બહુધા સુષ્ક પણ બને છે. પરંતુ પદનો મોટો ભાગ ઉતમ પદો કહી શકાય તેવો છે. નિરાંત મહારાજપોતાના વ્યકતવ્યને સ્ફૂટ કરવા કેટલાંક દષ્ટાંતો કે જે લોકભોગ્ય હોય છે. પસંદ કરે છે. નિત્યકર્મ ને તેઓ પોતાના પદમાં ગૂંથે છે. ને એહી ધર્મનો ઉપદેશ કરે છે. એ દ્રારા માનવીને તેના કર્તવ્યનો ભાન પણ કરાવે છે. પદનો સંબંધ બહુધા જીવ જોડે જ હોય છે. એટલે સામાજીક જીવનનું જરૂરીયાત માંથી પદ જન્મ્યા છે. નિરાંત

મહારાજેપોતાને થયેલા અનુભૂતિને પદોમાં અભિવ્યકત કરી છે.

હમ હૈ જોગી અલખ અનાદિ પાર બ્રહ્મકી હૈ પારા

અને.......

રૂપ નહિં જેને ગુણ નહિં ને, નામ નહિં છે એવું રે,

કાંઈ નહિંને સર્વે તેનું, વુક્ષ બીજ છે જેવું રે.

જેવા પદો દ્વારા નિરાંત પદ સાહિત્યમાં નોધપાત્ર પ્રદાન કર્યું છે. તેમના પદોમાં ઉપદેશ છે આપણે ત્યાં નરસિંહ, મીરાં, ભોજો, ધીરો વગેરે એ પદો રચ્યા છે તેમ નિરાંતે પણ પદો રચ્યા છે. નિરાંત તેમના પદો થી જ વધુ ઓળખાય છે ધર્મનો ઉપદેશ કરવા નિરાંતે પદનો યથેચ્છ ઉપયોગ કર્યો.

## નિરાંત મહારાજના ભજનો

નિરાંત તત્વત: પદનો કવિ છે. પરંતુ આ પદો અન્તર્ગત તેમણે કેટલાક ભજનો પણ રચ્યા છે. મધ્યકાળમાં ભજનો અતિ પ્રચલિત અને લોકપ્રિય હતા. ભજનોમાં ઈશ્વર સ્તુતિ, સંસારની અસારતા, માનવ અવતારનો મહિમાં, આત્મા પરમાત્માની એકતા, પરમતત્વની ભવ્યતા, સદ્ગુરુનો મહિમા, તત્વજ્ઞાન, વૈરાગ્ય ઉપદેશ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. ભજનોની વિશેષતા જ એ છે કે ભકત - ભગવાન પાસે કશું જ માંગતો નથી કે યાચનાં કરતો નથી. જીવનક્ષણભંગુર છે. વિજળીના ચમકારા જેવું છે. એવું માનતો ભજન કવિ તત્વદર્શનની કવિતા જ પ્રસ્તુત કરે છે. ભજનની વાણી સાદી સીધી અને સરળ હોય છે. ગ્રામ્ય અને તળપદી વાણીમાં રહસ્ય તત્વને ઉજાગર કરે છે. ભજનમાં બાહ્યચારને કર્મકાંડની ભર્ત્યસ્ના હોય છે. ભજનનો રાગ દેશી હોય છે. તેનો લય, ઢંગ અને ઢાળ પરંપરીત હોય છે પદની જેમ જ તેમાં પણ ઉર્મિની ગહનતા જ હોય છે. એનો પ્રધાન સૂર વૈરાગ્યનો અને રહ બહુધા શાંત હોય છે. ભજનનો અનુભવ દિવ્યાનંદની અનુભૂતિ કરાવે છે. ભજવું, સેવવું વગેરે સંતકવિ પરમ તત્વ અર્થાત જ્ઞાન ને સેવતો હોય છે. તેથી ભજનએ અર્થમાં વ્યાપક બને છે. પ્રો. વિજયરાય વૈદ્ય કહે છે : ભજનોનો રચનાર ભકતકવિ સ્થળને વીંધી સફળતાથી તેની પાર જઈને જડને ચેતનરસ કરી જાણે છે. મકરંદ દવે પણ કહે છે આતમને જગાડતી વાણી એટલે ભજન ડો. નાથાલાલ ગોહિલ કહે છે: ભજન એ સંત - ભકતનું ગેય ઉર્મિકાવ્ય છે. જેની પ્રથમ ધૃવ પંકિત ટેક અને છેલ્લીનામાચરણની પંકિતમાં સર્જકનો નામોલ્લેખ તથા ગુરુમહિમા ગવાયો હોય છે. આ ભજન ભકત હ્રદયની આર્પૂવાણી છે. જેમાં આધ્યાત્મિક અનુભૂતિનું દિવ્યદર્શન અને ભકિત, જ્ઞાન, વૈરાગ્યનો ઉપદેશ તળપદી તેમજ મરમી વાણીમાં અપાયો હોય છે. એજ રીતે પ્રો. નરોતમ પલાણ કહે છે : ભજનનું આંતરિક સત્વ ભકિતનુંછે. . ભજનનું બાહય સ્વરૂપ ગેય છે. એમાં કોઈ છંદ કે રાગ નથી. પરંતુ એનો પોતાનો ઢાળ

છે. ટેકની પંકિત હોય છે. તે બહુધા ધારદાર હોય છે. કયારેક આખું ભજન સંવેદાત્મક કે કથાત્મક હોય છે. શબ્દ અને ભાવ કરતાં અર્થનું પ્રાધાન્ય, અર્થાનુસારીલય ભજનને ભારે ચોટદાર બનાવે છે. સાધવ ભજનમાં પ્રાણ સમાન છે.

આમ, વિદ્રવાનોએ ભજનના આંતરબાહ્ય લક્ષણો ચિત્રિત કર્યા છે. તે રીતે અહીં આપણે જોઈશું કે નિરાંત મહારાજના હાથે રચાયેલ ભજનમાં તેની અનુભૂતિ અને અભિવ્યકિત કેવી છે જોઈએ –

નિરાંત ના પદો – ભજનોમાં કાવ્યાત્મક નિરૂપણ જોઈએ : –

નિરાંત મહારાજે તત્તકાલીન સંત પરંપરા મુજબ પદ અને ભજનો રચયા છે. તેમના ભજનો – પદો અસ્વાદ્ય બનવા પામ્યા છે.

નિરાંત મહારાજ ના પદ ભજનોની અભિવ્યકત માં સરચાઇ નો રણકો છે. રોજ બરોજના પ્રસંગો ને વિવિધ છટા થી અભિવ્યક કર્યા છે. પ્રચલિત પદ માં, દેશીઢાળમાં, લોકભોગ્ય ઉદાહરણો, રૂઢિ પ્રયોગો, પ્રતીકો, કલ્પનો, અને વિવિધ અલંકારો માં ભજનનો વળોટ ધ્યાનાર્હ છે. આ પરમતત્વતા દરિયા ના સાચા મોતી સમાન છે. જે મરજીવા હશે તે લેશે, ને કીડી નો સ્વભાવ એવો છે કે સાકર ગમે ત્યાં મૂકી હશે તો પણ તે એને શોધી લેશે. એજ રીતે હરિયલ નામનું પક્ષી પકડેલી લાકડી ને પ્રાણાન્તે પણ છોડતું નથી એવી લોકમાન્યતા ની વાત પણ ભજન નિરૂપે છે ને એ રીતે પોતાની અભિવ્યકિતને ભજન માં સ્ફૂટ કરે છે. લખે છે :

'દરિયાનું મોતી મરજીવા હોય સો લેશે
મૂકો સાકર સાત આસમાન કીડી જઇ ખાશે
સાધુ રે અરસ – પરસ ગુણ મળી ગાશે. . . દરિયાનું
હરિયલ કાઠી મોતને ભાઈઓ સાશે,
તોયે જુઓ કાષ્ટ એનાથી ન તજાશે. . . . . દરિયાનું
એવું ધ્યાન હશે તો ધણી ને ભજાશે.'. વગેરે દ્રારા –

પોતાની અનુભૂતિ ને ભજન દ્રારા પ્રત્યક્ષ કરે છે. એજ રીતે અન્ય એક ભજન માં પરમ ની પ્રાપ્તિ માટે સાચા સદ્ગુરુ અનિવાર્ય છે. પણ ગમે તેવા બની બેઠેલા ગુરુ નહી; પણ કેવા –

'નરખી – પરખી ને ગુરુ કરવા રે
તનનો કે મનનો પરચો નવ દેખો તો પગ જલ શેં ધરવા?
ઝાઝુ મળ્યું પણ ઝાઝી નથી તો કેઇ વિધ પાર ઉતરવા. . રે ભાઈઓ.

પોતાની વાત ને પુષ્ટ કરવા ભજનમાં કેવા ભાવ નો પ્રતીકો ના ઉપયોગ કરે છે.

ઝાઝુ મળ્યું પણ ઝાઝી નથી તો કેઈ વિધ; અર્થાત વહાણ મળ્યું છે. પણ તેનો ચલાવનાર કોણ ? ભવસાગર પાર કરવા ગુરુ ની આવશ્યકતા ઉપર આ રીતે નિરાંત ભાર મૂકે છે. એજ રીતે રામ, રામતા સૌ કોઈ કહે છે પણ રામરસ જેણે પીધો છે. એતો અંતરમાં અટકી રહી ; આત્મજ્ઞાની બની મૂકત બને છે.

'રામ રસ પીવે સો જન પૂરા શવ મે કોઈ એક શૂરા. ટેક.
રામ રસ ને પ્રેમ પિલાયા, પાકા પાત્ર ના ફૂટે,
આપ પીએ ઔરન કું પીલાવે, તલ ભરતામેં નવ ખૂટે. રામરસ.

નિરાંત મહારાજનું પ્રતિપાદન છે કે શ્વાસ ઉચ્છવાસે નામ સ્મરણ કરવું જોઈએ આ અનુભૂતિને આ રીતે પ્રગટ કરે છે;

'શ્વાસ ઉશ્વાસે સમેરન કરને, તૂહિં તૂહિં કર તનમેં રે,
સાન ગરુ કી એહી સત્યારથ, દેખો દિલ દરપનમેંરે. ટેક.
સચરાચરમાં સોહી બિરાજે, આપ આપ આપનમેરેં,
બાહેર ભીતર એક નિરંતર, બાજે નાદ ગગનમેં રે. શ્વાસ.

આ રીતે પરમતત્વ - દર્શનની અનુભૂતિ ને ભજનમાં કાવ્યાત્મક રીતે નિરાંત મહારાજ અભિવ્યકત કરે છે.

નિરાંત મહારાજ પોતાના ભજનો સદ્ગુરુનો મહિમા ગાય છે;

'સચ્ચા સાહેબ સદગુરુ મિલિયા, મેર કહી તબ મન માન્યા,
ઔર બડા કૌન ઉનસે કહીએ, પિતા પુત્ર પે સમજાના. ટેક.
મન ઉલટા કર અલખ લખાયા, આપ આપકું ઓલખાના ,
દુ:ખદીન કા દૂર કર ડાલા , કીના રંક કું મહારાના. સચ્ચા.

એજ રીતે -

'નામ ધણી કો સબસેં નીકો, અનુભવી જન અદકારી રે,
સબ દેવન કો સદ્ગુરુ દાતા, મંગતા ભેખ ભિખારી રે'. ટેક.

એજ રીતે -

નિરાંત મહારાજ પોતાના ભજનો વડે સામાન્ય પ્રજાને પણ સમજાય તેવી ભાષામાં પરમતત્ત્વને પ્રગટ કરે છે:

'જોને આપ વિચારી તું તારૂં રે, ભોળા મન કયમ ભૂલે રે,

તારે ઓથે હરિ ઓળખાયા રે, ફલ વણ શું ફૂલે રે. ટેક

કયાંથી રે આવ્યોને કયાંરે જવાનું તારે, ખોળ્ય ખરૂ કહીએ રે,

દ્વૈતપણા માં મહાદુ:ા પામ્યો, હારદ વિચારી જોને હૈઈએ રે' -૧

પરમતત્ત્વની પ્રાપ્તિ માટે લોકો જુદાજુદા પંથ/સંપ્રદાયોમાં સામેલ થાય છે. પણ પરમનો પાર પામી શકતા નથી પરમાત્માની પ્રાપ્તિ માટે નો ઉપાય નિરાંતમહારાજ બતાવતાં લખે છે.:

'પંથ નો પાર ન આવે ભજન વિના પંથનો પાર ન આવે. ટેક

લખ ચોરાશીનો પંથ છે પૂરો, ચાર ખાણ ફરતો ફેરાવે,

જનમ મરણ જીવ જાળ માં બંધાયો, તે હરિ વિના કોણ છોડાવો ?'

આ રીતે ભજન વિના પરમતત્ત્વની પ્રાપ્તિ થતી નથી તે મોટે શ્રી હરિ અર્થાત્ સદ્ગુરુની જરૂર રહે છે. ને એજ સરળ રસ્તો પણ છે. તેમ કહે છે. તત્કાલીન સમયમાં ધર્મમાં પંડિત - પુરોહિત સર્વે સર્વા કહેવાતા. સંસ્કૃતનો અભ્યાસ કરી, વેદ - વેદાંત કઠસ્થ કરી આખરે તો જીવન નિર્વાહ જ કરે છે. એ માટે નિરાંત પ્રસ્તુત ભજનમાં આલોચનાત્મક ભાષા કહે છે.:

'ભણીને તું થયો છે ભિખારી, કમાયો શું ? ભણીને તું થયો છે ભિખારી. ટેક

સિદ્ધાંતનોરે સાર સમજી શકયો નહીં, વાણી તેં બહુ વિસ્તારી,

પોતાનું પોત નવ શકયો પારખી, ઉદરની વૃતિ વધારી.' -૧

અને એજ અનુભૂતિને શબ્દ ફેરે આ રીતે પ્રગટ કરે છે.

'કર્મ કરી શું કમાયો ? વિચારને કર્મ કરી શું રે કમાયો. ટેક.

નાહી ધોઈ ને તું નિત્ય આદરે છે, પંથી જેમ પંથે પળાયો,

જાગી ને જોને તું, પોત તારું પ્રીછને, કોણ યોનિનો તું જાયો.' -૧

એજ રીતે સદ્ગુરુ ની પ્રાપ્તિ પછીની સ્થિતિનું વર્ણન જુઓ -

'સામેરી સોહાગી રે, સખી સદ્ગુરુ મળ્યા રે,

મળતાં માં મુજ પર કીધી મહેર. ટેક

વચન પ્રકાશ્યું રે, કહ્યું કરુણા કરી રે,

કહ્યા પછી પ્રીછવી સર્વે પેર -૧

પ્રેમ રસ પાયો રે, તૃષ્ણા ટળી ગઈ,

આશા અન્ય દેવની ના થાય.'

શાસ્ત્રોકત વિધિએ પરમતત્ત્વ પ્રત્યક્ષ થતું નથી તેમ કહેતાં નિરાંત મહારાજ લખે છે.

'ભણી ને શું ફૂલ્યો રે મિથ્યા ફૂલ ફળ વિના રે,

ભણે ઘણું વેદ શાસ્ત્ર ને પુરાણ. -ટેક

દુઝણીને ઘેનું રે, પય પડદે રહયું રે,

ગૌના પાલક પયના અજાણ રે.'-૧

'બડે ગુરુ વાકી જાઉં બલિહારી, કહા સેવકકું શિખલાયા,

પાસ અંધેકી અંધા આયા, અંધા રાહ ચલાયા રે.'ટેક

રામ નામને હૃદયમાં રાખીને સતત નામસ્મરણ કરવાનું નિરાંત પોતાના ભજનમાં સરળ રીતે પણ ઊકિતપટુતા દ્વારા પટુતા દ્વારા વ્યકત કરે છે:

'રામ નામ તું રાખ હૃદયમાં, કાઢય કલપના કાચી રે,

આદ્ય અંતને મધ્યે બોલો તે વસ્તુ છે સાચી રે' .ટેક.

માયાના વમળમાંથી મુકત થવા ભજન કરવું એવું સંતોનું પ્રતિપાદન છે. પરંતુ રામની માયા રાખ્યા વિના રામ મળતા પણ નથી મીરાં પણ કહે છે ને કે મુખડાની માયા લાગી રે એ રીતે નિરાંત પણ પ્રસ્તુત ભજનમાં લખે છે. :

'સંતો માયા ભલી મેરે રામકી, મહેર મોંપે મેશે કામકી, -ટેક

મન માયા વડે હીંડે મહાલતું, મારે ઘડી પલક નથી ચાલતું,

મારે આનંદ ઊરમાં અતિ ઘણો: મહિમા કહયો ના જાયે માયા તણો'-૧

એજ રીતે પણ કંઈક અલગ જ અંદાજમાં આ ભજન જુઓ-

'રામ રટણ ધૂન લાગી ગગનમેં રામરટણ ધુન લાગી,

ઐસા કોઈ હૈ જો બૈરાગી, ગગનમેં રામ રટણ ધુન લાગી.'ટેક

પરમતત્ત્વના દેશમાં જે ગયા છે, પણ તે સદ્ગુરુ વિના ત્યાં જઈ શકતા નથી એ પ્રકારના દેશી ઢાળનું ભજન જુઓ-

'હમ હૈ વાહી દેશ કે વૈરાગી,

બિના સદ્ગુરુ કોઈ નાઈ શકે નહિં, સદ્ગુરુ આદ્ય-અંત કે ત્યાગી.'

અને..

'અમર લોકસે દુનિયા આઈ, મહાજળ મીનપરી હે આધી,

છીલર મેં સબખુશ રહે હૈ, જળધર જાવ મરે તન ત્યાગી'-૧

અધ્યાત્મના માર્ગે વિવિધ પંથના સાધકો જુદા જુદા વેશે પરિભ્રમણ કરે છે. સાધુતાના બાહય ચિહ્નો લગાવી ફરતા રહે છે. તેમાટે નિરાંત માહરાજ લખે છેં

'કોન કરાવે જગ હાંસી વેશધરી, કૌન કરાવે જગ હાંસી. -ટેક

પંડિત વેશ પુરાની રે કહાવે, ઓળખ નહીં અવિનાશી.'

સંતવાણીમાં પરમતત્ત્વની ખોજ ઘટભીતર કરવાની કહી છે. તેને જ્ઞાન પણ કહે છે. આત્મા હંસ પણ કહયો છે. શરીર જર્જરિત થયા - પછી પિંજર પડયું રહે છે. નિરાંત પદ્યોતાના ભજનમાં લખે છે:

'હારે મહારા હંસારે કાયા વાડી મેલીના જઈએ,

હાંરે મ્હારા હંસારે આણે ને અવસરીએ આંગણાના એક થઈએ.

અનુભૂતિ એજ પણ અભિવ્યકત તરાહ જુઓ -

તન તારું જો ને તપાસી, તું કોણ છે ? તન તારું જોને તપાસી. ટેક

પાંચ તત્ત્વનું પૂતળું બન્યું છે,

માંહે અગુણ તત્ત્વ નિવાસી,

પાંચની આદ લેઈ ગણીએ અઠાવી,

એટલા માં આપ ઓળખાસી. તુ કોણ છે.'

તત્કાલીન સમયમાં જેણે ગુરુધારણ ન કર્યા હોય તે નુગરો કહેવાતો, પણ જેણે ગુરુધારણ કર્યા હોય ને સુગરો બન્યો. હોય પણ ગુરુના આદેશ પ્રમાણેનું જીવન વ્યતીત કરતો ન હોય તો તે પણ નુગરોજ કહેવાતો પરંતુ સુગરો હોય તેને આઠેપોર આનંદ જ હોય ! ને તેથી નિરાંત આવા સુગરા માટે લખે છે:

'સુગરાનું સુખ શું વખાણું, આદિઅ:ત,

સુગરાનું સુખ શું વખાણું. ટેક

વૃત્તિ વેગે સહુ વેગળા થયા છે,

ટરવાનું મળ્યું છે ઠેકાણું,

આઠે પહોર નેહ નામની સંગાથે,

અવર ને ઊરમાં ના આણું. આદિઅંત.'

તો, જે સુગરો નથી એવા નુગરાની શું સ્થિતિ છે? કહે છે:

'નુગરાને ન જડે આરો ઉતરવાનો, નુગરાને ન જડે આરો. ટેક.

ભવસાગર ભયજાળનો તાર્યો છે, કામક્રોધ નો છે ગારો.

કોટિકલ્પ લગી કોઈ તરે નહિં, એવો છે પપનો પસારો.' -૧

આમ, નુગરાની સ્થિતિનું પ્રથમ પંકિત ટેક દ્વારા સચોટ નિરૂપણ કરી, પછી કેવી રીતે આ ભવસાગર જે ભયજાળનો ભર્યો છે તેમાંથી મુકત થવું, તે વિષયક બયાન કર્યુ છે. અંતમાં નામાચરણની પંકિતમાં લખે છે:

'મનના ગુરુ વિના ભૂખ નથી ભાંગતી, એતો ભૂણે ભમે જગ સારો,

નિરાંત સદ્‌ગુરુ મનના મળે તો, પળમાં કરે ભવ પારો.' - ૬

નિરાંત મહારાજ પોતાના પદ માં જેમ સીધું કથન કરી ધાર્યું. નિશાન તાકે છે, તેમ ભજન માં પણ એજ રીતે અભિવ્યકિત કરે છે જુઓ -

'શીદને મરો છો તાણી તરીલા તમો, શીદને મરો છો તાણી. ટેક

મારું ને તારું મન  મિથ્યા કરો છો, મિથ્યા જ બોલવી વાણી.'

તો એજ રીતે મિથ્યા ભટકી તો પદ છે પરંતુ તેને ભજનમાં પણ ગણે છે. ભજન મંડળીઓ આ ભજન ગાય છે.

'મિથ્યા ના મરશો ભટકી મનકોઇ મિથ્યા ના મરશો ભટકી,

પૂરા ગુરુ વિના પાર ના પાવે, ખોજ ખબર નહી ઘટકી.' - ટેક

જ્ઞાન થયા પછી જાગૃતિમાં આવેલા ભકતની સ્થિતિનું બયાન જુઓ

'જોયું રે જાગી મારે મન, જોયું રે જાગી રે' -ટેક

નામ એજ સતનામ છે. સદ્‌ગુરુ સાહેબ છે તેનું સ્મરણ કરવાનું કહેતા નિરાંત લખે છે:

'એક નામ સાહેબ કા સમરો, મત ભૂલો મન ભાઈ રે,  -ટેક

સંસારના પ્રપંચ માં રત રહેતા માનવી ને ઉપદેશતા નિરાંત લખે છે:

જૂઠી બાજીને જોઈને, ભૂલ્યો છેનર, જૂઠી બાજીને જોઈને - .ટેક.'

એજ રીતે -

'ફૂલ્યો શું ફરે છે છકમાં છાયા જોતો ન ચાલ

વરણાગીમાં વાર ઊઠશે, લૂંટી લેશે કાળ. -ટેક.

ધન જોબનના મદમાં માતા, વિષય ભોગ માં વારૂ,

એ ચાંદરણુ ચાર દિવસનું અંતે છે અંધારૂં -

નવધા ભકિતની વાત ભારતીય અધ્યાત્મમાં અજાણી નથી

છતાં સામાજિક જરૂયિાતને લક્ષ્યમાં લઈ નિરાંત મહારાજ એક ભજનમાં કહે છે:

ભકિત ના ભેદ છે ઝાઝા વિરા મારા ભકિતના ભેદ છે ઝાઝા,

ચાર ને છોડી આધા ના ખસીએ ને રાખી એ તો થાય છે અકાઝા'

ભજન સંત સાધકની ઉત્કટતા ની ભાવાભિવ્યકિત છે. ભજન ના શબ્દો કર્ણમંજુલ હોય છે. તેથી આહલાદકારી અનુભવ પણ કરાવે છે. ભજનનો રાગ પરંપરાગત છે. નિરાંત મહારાજ ના પદ - ભજન અસંખ્ય છે. તાજેતરમાં પ્રગટ થયેલ નિરાંત સુધાસાગર ગ્રન્થ માં જ્ઞાનભકિત અને

જ્ઞાન ઉપદેશ ના પદ બસો બેતાલીસ (૨૪૨) જેટલા છે. આ ઉપરાંત કથાપદ, વાર, તિથિ, બારમાસ, પદ્યપત્રો, અવતારખંડન અને બીજી પ્રકીર્ણ રચનાઓનો પણ સમાવેશ થય છે આ ૨૪૨ ભજન માં નિરાંત મહારાજે સંતવાણી ની પરંપરા નિભાવી છે.તેમના ભજનોમાં બ્રહમાનંદનો આનંદ અનુભવાય છે.તેમાં શાંત,કરુણ અને અદ્‌ભૂત રસ જોવા મળે છે.અનહદ નાદના રૂપક, પ્રકૃતિનુંરૂપક,અને રહસ્યાત્મક રૂપકો નિરાંતના પદ-ભજન નું ઘરેણું બને છે.

નિરાંત ના પદ ભજનમાં પ્રાસ,અનુપ્રાસ, નાદ અને લય ભજનના ભાવક ને આહલાદકતા નો અનુભવ કરાવે તેવા છે. નિરાંત ની ભાષા એકંદરે શુધ્ધ ગુજરાતી છે.તેમાં હિન્દી - ગુજરાતી શબ્દોનીબહુવતા છે. કેટલાક પદ તો પૂર્ણપણે હિન્દીમાં મળે છે.તેમના ભજનોમાં કોઇ સાધનાત્મક વાત નથી પદ-ભજનોમાં કોઇ મંત્ર-તંત્ર કે યોગનું પણ નિરૂપણ નથી સંપૂર્ણ આત્મજ્ઞાનની મહત્તા દ્દષ્ટિ ગોચર થાય છે.

ગરબો-ગરબીઃ-

નિરાંત મહારાજે પોતાના સર્જનાત્મક સાહિત્ય માં પદ-ભજનની જેમ ગરબો-ગરબી ઓનું પણ સર્જન કર્યુ છે.આમ તો આ ગરબો-ગરબી ને પદ પ્રકારમાંજ સમાવિષ્ટ કરી છે.પણ આપણે અહી એક અલગ સ્વરૂપ માં જતેનું મૂલ્યાકંન કરીશું

આ ગરબો-ગરબી પણ ભજનની જેમ દેશી ઢાળમાં રચાયેલાં હોય છે.પદધારાને ગરબો-ગરબી નામ ક્યારે મળ્યું તે કહી શકાય નહીં.પરંતુ ગરબી શબ્દનો ઉલ્લેખ સતરમી સદીના કવિ ભાણદાસે પ્રચલિત કર્યા છે.ગરબો શબ્દ સંસ્કૃત ભાષાના गर्भदीप માંથી બન્યો છે. गर्भदीप અર્થાત્ જેની અંદર દીવો રહેલો છે.તેવો નાનકડો માટીનો ઘડુલો.આ લઘુઘડુલામાં છિદ્રો હોય છે.ને તેની ભીતર રહેલા દીવાના પ્રકાશથી તે જળાંહળાં થાય છે.જાણે કે માનવ શરીરના પ્રતીક સમું બની રહે છે!ગરબો ગરબી નદો સબંધ પારસ્પરિક છે.સમાન છે.બન્નેનો સમુહ નૃત્ય સાથે સંબંધ છે.બન્નેના તાલ માટે તાળીઓનો ઉપયોગ કરવો પડે છે.ગરબી-ગરબી સમાનાર્થી હોવા છતાં ગરબીમાં રસ ધન સ્વરૂપે હોય છે.જયારે ગરબાંમાં વ્યસ્ત.ગરબામાં મંગલાચરણઃફળશ્રૃતિ વગેરે હોય છે.પણ નોંધપાત્ર તો એ છે કે દયારામે પણ પોતાના રચનાઓ ને ગરબી કહી નથી.ગરબાનો સંબંકધ દૈવી ભકિત સાથે છે જયારે ગરબીનો સંબંધ વૈષ્ણભકિત સાથે છે.ગરબીઓ વિશે પ્રોફેસર મંજુલાલ મજમુદાસ લખે છેઃગુજરાતના દેશી સંગીતના અનેક પ્રકારોમાં રાસ,ગરબા અને ગરબીઓનો સમાવેશ થાય છે.તેમાંથી રાસ શ્રીકૃષ્ણ ના અને ગરબા માતાજી ના ગણાય છે.એ બન્નેના સંયોગીકરણ માંથી દયારામે ગરબી ઉપજાવી કાઢી.....એક જ વિચારભાવના અને એક જ પ્રસંગનું આલેખન કરનારી રચના તે ગરબી.

અંગ્રેજીમાં જેને Lyric કહે છે. તેને મળતો આવતો આ પ્રકાર છે. તે ઊર્મિગીતનું સ્વરૂપ છે. ગરબીમાં એક જ વિચાર, ઉર્મિ, કથન કે પ્રસંગનું આલેખન હોય છે. ઉત્તરમધ્યકાળમાં દયારામે આ પ્રકારી પુષ્કળ ગરબી રચી. એ સમયના સંત સાહિત્યમાં પણ ગરબી રચવાનો ઝોક જોવા મળે છે. નિરાંત મહારાજે પદ પ્રકાર વિશેષ ખેડયો છે. તેમાં કેટલીક ગરબીઓ મળે છે. પરંતુ તે ગરબીઓ-ગરબાઓના રાગ-તાલમાં લખાયેલ છે. એટલે આપણે તેને ગરબી-ગરબા ઓ જ કહીશું. નિરાંત મહારાજ આત્મજ્ઞાની છે. એટલે આત્મદર્શનનો ભાવ પરમતત્વની અનુભૂતિ તેમણે ગરબા-ગરબી રાગમાં અભિવ્યકત કરી છે. નરસિંહથી દયારામ સુધી ગરબી કોઈને કોઈ સ્વરૂપે રહી છે. દયારામ નિરાંતના સમકાલીન છે. પાછા બન્ને એક જ પ્રાન્તના બન્નેની ગવેષણા પરમપ્રાપ્તિની પરંતુ માર્ગો જુદા . નિરાંત મહારાજની ગરબી ગરબાઓનું હવે મૂલ્યાંકન કરીશું.

નિરાંત મહારાજે પોતાની ગરબીઓમાં આત્મજ્ઞાન પ્રગટ કર્યુ છે. પરમાત્માનો સાક્ષાત્કાર કર્યા પછીની મન:સ્થિતિ પ્રસ્તુત ગરબી માં વ્યકત થઈ છે. નિરાંત મહારાજ લખે છે:

'સજની સાંભળ મારી વાત કહું છું આજની જો,
ભૂધર ભલા બિરાજયા, જોઈ છબી મહારાજની જો.
અળગા ઊર થકી નવ થાય, થીરતા ધર થયું જો.'

અહીં નિર્ગુણવાદી નિરાંત પોતાની સ્થિતિનું સજનીને બયાન કરે છે. સ્થવર જંગમમાં બિરાજેલ પરમાત્માનું રૂપ મન માંથી ખસતું નથી. હ્દય માંથી અલગ થતા નથી ને સ્થિરતા જેને સ્થિતપ્રજ્ઞ પણ કહે છે. તેવી સ્થિતિ થઈ છે. સાત પંકિતમાં રચાયેલ આ ગરબીમાં નિરાંતનું અનુભવ દર્શન ઘૂંટાયું છે. અનુભૂતિનું કાવ્યાત્મક દર્શન પ્રસ્તુત કર્યુ છે. આ ગરબીના અંતે લખે છે:

'સુરતા સાંભળ મોરી વાત, મુકિત ધામ છે જો,
નિરાંત નિરખો પદ નિર્વાણ, આતમરામ છે જો.'

ગરબીના આરંભે મૂકેલ શબ્દ સજની ની રહસ્યતા ગરબીના અંતે સૂરતા શબ્દથી અનાવૃત થાય છે.

ગરબીમાં 'લોલ 'જેવા ગીત પૂરકો આવે છે તેમ ગરબામાં પણ 'લોલ' ગીતપૂરક તરીકે આવે છે. પ્રસ્તુત ગરબો 'કહેજો ધન્ય તમોને, હરિ ધન્ય છે રે લોલ 'માં નિરાંત મહારાજ સગુણકૃષ્ણના વિરહમાં વ્યાકુળ છે. ગરબી પુરૂષો ગાય છે, જયારે ગરબો સ્ત્રીઓનો કહેવાય છે. એ રીતે દાસી, ગોપી કે રાધા ભાવ ગરબામાં હોય છે. નિરાંત અહીં ગોપી કે રાધાભાવે કૃષ્ણને ઝંખે છે. આઠ પંકિતના આ ગરબામાં વિરહનો ભાવ કાવ્યાત્મક રીતે પ્રગટ થાય છુ . નિરાંત લખે છે:

'કહેજો ધન્ય તમોને, હરિધન્ય છે રે લોલ,
કહેજો આવડાં કઠણ શા મન છે રે લોલ,

મીન નીર વિના જીવે નહીં રે લોલ,

એવી રીત પ્રીત અમને થઈ રે લોલ.'

અહીં પૂરાકલ્પન દ્વારા ગરબાને કલાત્મકતા બક્ષે છે.

'ઉદ્ધવ શુદ્ધ ગઈ છે શરીરની રે લોલ,

લે હે લાગી છે હળધર વીરની રે લોલ

ઉદ્ધવ આખું ગોકળિયું ગામ છે રે લોલ,

વન વનલન વિના વિશરામ છે રે લોલ,

કેજો સ્વામી નિરાંતનાને એટલું રે લોલ,

તરત આવે ગોકુળ માં તેટલું રે લોલ.'

અન્ય એક ગરબો કે જે દશ પંકિતનો છે. તેમાં મથુરામાં ગયેલા કૃષ્ણની સાથે કુબ્જા નો સ્નેહસંબંધ વર્ણવાયો છે. આ ગરબામાં શૃંગારરસનો છે. પણ તે ઉધાડો શૃંગાર નથી તેમાં ભકિતનો મહિમા છે. નિરાં લખે છે.:

'કૃષ્ણકાળાને કુબ્જા જોડી હળીરે લોલ,

જેમ રમતાં જોગીને ધૂણી મળી રે લોલ,

તેને સેજજો પલંગનું શું કામ છે રે લોલ,

તે તો જયાં રે વસે ત્યાં વિશ્રામ વે રે લોલ.'

કાવ્યને અંતે પૂરાકલ્પનનો વિનિયોગ ધ્યાન ખેંચે છે:

એવા સ્વામી નિરાંતનાને જાણજો રે લોલ,

ઉદ્ધવ અબળાની અરજ પ્રમાણ જોરે લોલ.

પ્રસ્તુત 'ગરબા' ' શા સરખું ચોધટીયું સારે રે 'માં નિરાંતના સ્વામી પ્રત્યક્ષ થયા છે. સર્વ ગોપીઓ થઇ જવા દઇશું નહીં અમારા પ્રાણ જશે તો પણ નહીં જવા દઇએ નિરાંત લખે છે:

'અમને આટલા દિવસ ધણા વાયા રે,

અમો નિર્લજ નાર કહેવાયા રે,

અમો લોકકુળની લજજા લોપી રે,

ધેર ધેર ગવાયાં ગોપી રે,

હું તો રોકી રાખીશ ધરમારે, ઉભી રે શચઅટકી ઉંબરમાં રે,

ઊભી અબળા તો આનંદ પામી રે, ધરો ધરમાં નિરાંત સ્વામી રે,'

'છબીલાજી છળવિદ્યા છાંડોરે, થોથાં ઠાલા તે શીદ ને ખાંડો રે.'

અને–

'અમને વારે વારે નવ વાંશો રે,
પાઈ અમૃતને વિષના પાશો રે,
તમો જાતાં અમો નથી રહેવાતું,
પ્રાણ સારે છે નેહનું નાતું રે.'

અન્ય એક 'ગરબા' માં વિરહિણી ગોપીની મનોવેદના વ્યકત થઈ છે.

'એક મોરલી મરમ ની વાગી રે'માં સુરતા ધરીને મોરલીનો નાદ ગોપી સાંભળે છે. ને તેના મનની ભ્રમણા ભાંગે છે ને કહે છે.:

'ગુણ જોઈને ગરબી થઈ છું રે, દાસ દાસની થઈ ચાલું,
હું નિરબલ નારી થઈને રે, નિશદિન સ્વામી સંગમહાલું.'

'કંઈ કવિજન કાવ્ય અનુપમ બાંધે રે, બલિહારી' ગરબામાં ગોપીનો પ્રિયતમ કેવો છે. તેનું વર્ણન છે. લખે છે:

'એ પુરૂષને અનેક નારી ઈચ્છા રે,
ભાગ્ય હોય ને પ્રેમ પદારથ પ્રીછે રે,
માનિનીઓનો મન ગમતો છે, મેવો રે,
મનુષ્ય જન્મનો લાંવો નૌતમ લેવો રે.'

'કહું વા'લો મળ્યાની વધામણી જો' ગરબીમાં ગોપી ભાવે પરમ નું ગાન કર્યુ છે. લખે છે:

'કહું વાલો મળ્યા ની વધામણીજો, તમો સાંભળો નર ને નાર રે,
અવસર દૂર્લભ દેહ છે, પ્રભુ પ્રીછો પરાની પારજો.'

'કહું વા'લો મળ્યાની વધામણી માં ભકતને ભગવાનની પ્રાપ્તિ થઈ પછ તેની જાહેરાત છે. ગોપી ને આ પ્રિયતમ મઇયા પછી સર્વલોકને તે જાણ કરે છે. મીરાં એ પણ કહયું હતું કે કોઈ કહે છૂપકે, કોઈ કહે ચૂપે કે મૈને લીઓ બજાકે ઢોલ' –કાંઇક એ જ રીતે એજ ભાવ ને નિરાંત આ રીતે છૂટે છે. –

'બ્રહ્મા આદિ સર્વની આરાધનાજો, શિવ આદિ સરવનું ધ્યાનજો,
એ પદ પ્રેમે પ્રીછવું, ગાંધર્વ આદિ સરવનું ગાન જો.'

એજ રીતે 'કાયા રે ટુંડાની જુકિત' ગરબો રૂપક પ્રકાર છે. તેમાં નિગુર્ણ નાવલિયાનું

વર્ણન છે. આ વર્ણન તત્વજ્ઞાન અંતગર્ત કર્યુ છે. દા.ત. 'કાયા રે ટુડા ની જુકિત ', 'પ્રથમ આરા પાંચ પચ્ચીસ', 'એક ખૂંટે સાંધા સબ જડિયા', 'દશ મધા કરી દામણી', 'ત્રિવેણી સંગમ તોરણીયા', 'તત્ત્વત્રાકે તાર નીસરે', 'પ્રેમ પૂણી કાતુંજી', 'શબ્દ સુતરીએ સુતર વોહોર્યુ', 'ઘરઘંઘામાં ફરે રેંટિયો', 'ત્રાકે તાર ના તૂટે જી', વગેરે શબ્દો દ્રારા નિર્ગુણને અભિવ્યકત કર્યો છે. ગરબાને અંતે નિરાંત લખે છે:

'પતિવ્રતા સો નારી કહીએ, અન્ય પુરૂષ નવ હેરે જી,

દાસ નિરાંત પિયુ કે દિલ પ્યારી, ઘર રહી ચરખા ફેરે રે.'

આવો આવો રે મારે ઘેર પ્રભુજી પધારોને,'

'મારે હૈડે મોટી હોંસ વ્હાલ પધારોને' - એ 'ગરબી'માં ગોપી ભાવે પિયુ પરમાત્માને નિમંત્રણ આપે છે. ને ધરે આવો પછી પ્રીત કરીશું, વહાલથી હું ભોજન ધરીશ વગેરે વાકય દ્રારા પ્રભુને નિમંત્રે છે. ગોપી મનની વાત કરતા કહે છે:

આ છબીલા કૃષ્ણને ગોપીભાવે નિરાંત ઠપકો પણ આપે છે. 'છબીલાજી છળ વિદ્યા છાંડો રે' ગરબામાં ઉપાલંભ આપતી ગોપી કહે છે. :

ને તેથી જ અહીં કહે છે :

'ગુરુવિના ગોથાં બહુ ખાયે,

કે ધાંખેથી દોદશ ધાયે.'

જયાં સુધી સદ્ગુરુ નથી મળ્યા ત્યાં સુધી તે જપ, તપ, વ્રત, આરાધે, ને ઓહમ-સોહમ ના જાપ જપ્યા કરે. માટે મુકિત મેળવવા ગુરુ આવશ્યક છે. ને તે ગુરુ સદ્ગુરુ હોવા જોઈએ. મોટા મોટા મુનિવરોને પણ ગુરુ હતા તે માટે અહીં નિરાંત કહે છે :

'નારદ ગુરુ વ્યાસ તણા કહીએ,

ઢીમર ગુરુ નારદના લહીએ.

એવું રે જાણી ગુરુ શરણે રહીએ' - એ જ રીતે અન્ય ઉદાહરણો આપતા કહે છે: શુકમુનિના ગુરુ જનક હતા. માટે સદ્ગુરુ વિના દ્રૈતપણા માંથી મુકિત મળશે નહીં તેવું દર્શન પ્રસ્તુત કરે છે.

આમ, ગરબી-ગરબામાં નિરાંત મહારાજ પૂરે પૂરે ખીલે છે. તે એટલા માટે કે તેમાં વિરહિણિ ગોપીનો ભાવ છે. ભાવ સંવેદન પણ કાવ્યાત્મક રીતે પ્રગટયું છે. નિર્ગુણના વલીયા ની પ્રાપ્તિનો ભાવ ગરબી-ગરબાને મોહક બનાવે છે. સહૃદયોના મન પણ ઉત્તમ પદાવલીને કારણે તૃપ્ત થાય છે. નિરાંતની ગરબા-ગરબી પ્રકારના પદની સંખ્યા ભલે ઓછી હોય, પણ ગુણવત્તા યુકત રહી છે.

પદ્યકથાઓ: -

વિશ્વના કોઈ પણ દેશના આબાલ વૃધ્ધને વાર્તા સાંભળવાનો શોખ હોય છે, રૂચિ હોય છે. કેમ કે વાર્તા ચિત્તને આનંદ આપે છે. જયાર થી ભાષાની ઉત્પતિ થઈ, ને માનવ પરસ્પર વાગ્ વ્યવહારકરવા લાગ્યો ત્યારથી વાર્તા-કથા સાંભળવાની શરૂઆત થઈ હશે ને એટલે તો દુનિયાની પ્રત્યેક ભાષામાં વાર્તા/કથાઓ જોવા મળે છે. જે તે દેશના લોકસાહિત્યમાં પણ કથાઓ જોવા મળે છે. વાર્તા કેવળ વિનોદનું સાધન છે એમ નથી વાર્તા લોક શિક્ષણના પ્રચારનું પુરાણું સાધન પણ છે. વેદકાળ થી આ શિક્ષણ પરંપરા અબાધિત રહી છે. યાત્રામાં નિકળેલા ઋષિમુનિઓ પ્રવાસ માં અનેક કથાનકો કહેતા અને સાંભળતા. ભગવાન બુધ્ધ દરરોજ સાંજે શ્રમણ ભિક્ષુકોને ભેગા કરીને વાર્તા કહેતા. ઈસુ ખ્રિસ્તી ધર્મોપદેશ કરતા ત્યારે ટૂંકા વાર્તા પ્રસંગ દ્વારા ઉપદેશ કરતા. આપણે ત્યાં રાજપુત્રોને ધાર્મિક વાર્તાઓ દ્વારા બધુ જ્ઞાન અપાતું. ૧૭૪ / ૧૪ ( ગુજરાતી સાહિત્યના સ્વરૂપો પ્રો. મજમુદાર )

મધ્યકાળની પદ્યવાર્તાઓ દૂહા, સોરઠા, ચોપાઈ માં મળે છે. આ ઉપરાંત તે સમયમાં લોક પ્રચલિત ઢાળ કે રાગ માં કથાઓ રચાતી. ને એ રીતે લોકોને મનોરંજનની સાથો સાથ જ્ઞાન પણ મળી રહેતું હતું. શ્રી નિરાંત મહારાજે કેટલીક કથાઓ રચી છે. તેઓ કહેતા:

'કથા સાંભળવા આવો મારી, કહું વાત તો ધારી ધારી.'

( ૨૧૨ પ્રચીન કાવ્ય માળા ભાગ-૧૦ )

મધ્યકાલીન સાહિત્યમાં ભવાઈના વેશ જાણીતા છે. અસાઈ તે ૩૬૦ વેશ રહયા હતા. દરરોજ એક વેશ ભજવાતો. એવી રીતે પુરાણીઓ પણ કથા કરતા હતા. તેઓ સંસ્કૃત ગ્રન્થો માંથી કથાનકો લઈ લોકરંજન કરતા હતા. શ્રી નિરાંત મહારાજ શું કહે છે તે જોઈએ:

'આજ કથા એટલી રે, કહી અમો ઊઠું,<br>
કાલે આવો કેશું રે, ભણવું નથી જૂઠું<br>
કથા કેવી સાચી રે, પુરાણી જયારે થયા,<br>
પુરાણીકા નાતા રે, મનમેં અમે ગ્રહયા.' ૨૨૧

તત્કાલીન પુરાણીઓ પરંપરા અને રૂઢિગત કથાનકો લઈ કથાઓ કરતા તેથી એકની એક વાત લોકોને રુચતી હોય એવી પરિસ્થિતિમાં સંતકવિઓ પુરાણીનો રોલ પણ અદા કરતા. પુરાણીઓ વિશે શ્રસ નિરાંત કહે છે:

'પુરાણી કથા આવી રે, કરો સબ મન લાઈ,<br>
તો તો શ્રોતા રીઝે રે, અછા દિયો સમજાઈ,

માન પામો મોટું રે, ખરા ખરા સહુ કેશે,

સચ્ચ બાત કાનો શે, નિરાંત ભગત કે છે.' ૨૧૧

(પ્રાચીનકાવ્ય માળા ભાગ-૧૦ નિરાંત કૃત કવિતા)

શ્રી નિરાંત મહારાજે અહીં બે વિભાગ કથાઓ આલેખી છે. પ્રથમ વિભાગની કથાઓની સંખ્યા વીશ છે. બીજા વિભાગની કથાઓ આઠ છે. આમ કુળ અઠ્ઠાવીશ કથાઓ આલેખી છે. પ્રથમ વિભાગની કથાઓમાં-ધનવિરાગ, સ્ત્રીવિરાગ, સ્ત્રીવિરાગ, ગુરુનો ઉપદેશ, વિશ્વાસ, સંતતિ વિરાગ, માયાત્યાગ, ષડ્રિપુ, ચિત્તશુધ્ધિ, એકાગ્રહતા બ્રહ્મદર્શન, સંગત્યાગ, સદ્ગુરુ ના લક્ષણ, બ્રહ્મદર્શનનો લાભ માયા રૂપ કથન, પુરૂષપ્રકૃતિ, પ્રકૃતિનો પરિવાર, -એવા શીર્ષક થી અનેક વિષયોની કથાઓ અહીજોવા મળે છે. પ્રથમ વિભાગની કથાઓ રોજ ની એક લેખે રજુ કરતાં ૨૦ દિવસ સુધી આ કથા ઓ રજુ થઈ હશે. પછી બીજા વિભાગ ની જે આઠ કથાઓમળે છે તે પણ આ ૨૦ કથાઓ પછી તરતજ બીજી કથાઓ શરૂ કરી હશે એટલે કુલ અઠાવીસ દિવસ સુધી સતત આ કથાઓની પારાપણ ચાલુ રહી હશે. શ્રી નિરાંત કથાના બીજા વિભાગના પ્રથમપદ માં કહે છે:

'બીજા દિવસની કથા આજ, મળે સુણયેથી બ્રહ્મરાજ,

હો જાવે સબકામ, મીલે અંગ મે સે રામ.

વૈસી કથા અમારી, જો ગ્યાન દૃષ્ટિ સે બિચારી

તો તો થાયે કામ, મીલે તમકું સુંદર શ્યામ.'૨૧૨

(નિરાંતકૃત કવિતા)

હવે આપણે કથાઓ વિશે વિગતે જોઈએ-

કથાઓ :૧:

પદ : ૧

પ્રથમ પદ માં શ્રી નિરાંત મહારાજ તેમનાીશિષ્યો ને ચિત્ત ની ચંચળતા થી સભાન થવાનું કહે છે. તેઓ એમ પણ કહેછે કે કોઇ સંદેહ, સંશય તમારા મનમાં હોય તો હિમત થી કહેજો, કેમકે મારી વાતમાં-

આડી તેડી માંહી હશે નહીં ચોખોચટ પ્રભાત,

ગુંગળાવવું એ તો પંડીતને સોપ્યું, થઈ જેને કાળીરાત.

અહી ગુંગળાવવું નથી પણ ગુંગળાવવું એવા શબ્દ પ્રયોગ છે. તેથી પંડીત ની પંડીતાઈ પ્રતિ નિરાંત ને શંકા નથી જ પણ પંડીતો ની વૃતિ વલણ સામે અહીં સીધો પ્રહાર થયો છે. પંડીતો

ઊટપટાંગ વાતો કરી શબ્દ ને વિવિધ અલંકારોથી સજાવી -શણગારી એવી રીતે પ્રસ્તુત કરે કે લોક બિચારું ગુંગળાઇ જાય.થઇ જેને કાળી રાત-અર્થાત પૅડીતો પાસે વિપૂતા છે. પણ ન હોવાથી અજ્ઞાનતામાં રચ્યા પચ્યા રહે છે.શ્રી નિરાંત કહેછે કે મારી વાતમાં વચ્ચે એવું કશું ઉમેરણ નહીં હોય એના પ્રભાતના સમય જેવી સુંદર અને સુઘડ છે.શ્રી નિરાંત ને વાર્તા નિમિત્તે નામ નો જ મહિમા કરવો છે.નામ એટલે સંજ્ઞા ઇશ્વર નિર્ગુણ હોવાથી તેને રૂપ નથી.રંગ નથી આકાર નથી તે શબ્દાતીત, વર્ણનાતીત અરૂપ અને અસંગ હોવાથી તેને નામ એવી સંજ્ઞા આપી છે.જ્ઞાનથી તેને અનુભવી શકાય છે.તેના અનુભવ કરી શકાય છે.ને વૈરાગ્ય વિના જ્ઞાન થવું અશકય છે.હા જ્ઞાનની માહિતિ જરૂર મળે પણ જ્ઞાની થઇ શકાતું નથી તે માટે તો વેરાગ્યની જરૂર રહે.ઇશ્વર પ્રતિ શ્રધ્ધાની જરૂર રહે.એટલું જ નહીં પણ જે વકતા છે તેના પર પણ શ્રધ્ધાવિશ્વાસ હોવો અત્યંત આવશ્યક છે.શ્રી નિરાંત કહે છે:

'પણ શ્રધ્ધા જોઇશું સાંભળવાની, નહિં મિલન કો વાંટ,
શ્રધ્ધા વિના જો સાંભળશોતો, હો જાવેગી છાંટ.' ૧૮૯

(પ્રા.કા.મા. નિરાંત કૃત કવિતા)

નિરાંત મહારાજ પુરાણી બનીને ગુજરાન ચલાવતા ન હતા.તેઓ ખેડુતપુત્ર હતા.એટલે પુરાણીનો વ્યવસાય ન હતો.પણ અજ્ઞાનતાના સામ્રજયનો ખાત્મો કરવા તેઓ ધર્મવીર બનીને વિહરતા રહેતા.તેમની ખુકમારી અને મિજાજ કેવો છે તે જોઇએ. -

'પહેલી વાત પરોઢે કેવી, તેરી ગરજને માટ,
નિરાંત ને નવ લેવા દેવા, ચગદો અગ્યાનકી છાટ.'૧૮૯

(નિરાંત કૃત કવિતા)

કથાનું બીજું પદ ધન વિરાગ નામે છે.લોકો પૈસા અને મિલ્કતને ધન સમજે છે અને માને છે.પણ સાચા ધનની કોઇને ખબર નથી.સાચું ધન એ જ જે મૃત્યુ પછી પણ કામ આવે.જડ પદાર્થનું ધન તો જયાં સુધી માણસ હયાત છે.ત્યાં સુધી કામ આવે.તેથી તે ખંડીત છે. અખંડીત તો એક જ વસ્તુ છે ને તે ઇશ્વર ની સમીપ રહેવું તે સામાન્ય લોકો આ મારું ને પેલું તારું એવી ક્ષુલ્લક વાતોમાં જીવન નિર્ગમન કરતા હોય છે.ગંગા સતિ પણ કહે છે.:

'હું ને મારું એ તો મનનુ: કારણ પાનબાઇ'.

નિરાંત કહે છે:

'ધન જોઇ જેને ધર્વ ન થાયે, વાકી કયા કહું બાત
આ તો મારું ને પેલુ: તારું, એમાં ઊઠો વાટ.'૧૮૯

(નિરાંત કૃત કવિતા)

## પદ ૩જું

## સ્ત્રી વિરાગ

મનુષ્ય અવતારનો ધણો મહિમા છે. સર્વ જીવોમાં મનુષ્યદેહ ઉત્તમ છે. સદીઓથી મહાપુરૂષોએ માનવદેહને શ્રેષ્ઠત્ત્વ આપ્યું છે. પણ માનવમાં એવી જૂજ સંખ્યા છે જે દેહના કાર્યોથી અવગત હોય છે. શ્રી નિરાંત મહારાજ તેથી તો પામર માનવી ને કહે છે:

'મુરખા સ્ત્રીમાં તું લબધાણો, હરિનો વિવેક ના પિછાણ્યો,
મૂઢ રસ્તો તેં ના જાણ્યો, મારી મારી કરી સુખ માણ્યો.' ૧૯૧

આપણે ત્યાં સ્ત્રી સચિત્ર વિષયક ધણું બધું લખાયું છે. અલબત્ત કેટલીક સ્ત્રીઓ તો આધ્યાત્મિક પરાકાષ્ટાએ પહોંચેલી છે. મીરા, ગંગાસતી, ડાળલબાઇ, અને અન્ય સ્ત્રીસંત કવિઓ, આ સર્વે સ્ત્રીઓ ઊર્ધ્વમુખી બની પરમની પ્રાપ્તિ કરી હતી. પણ મોટે ભાગે સ્ત્રી ચરિત્રની ભરમાર હોય છે. ને તેથી જ શ્રી નિરાંત નું એવું માનવું છે કે જે સૂક્ષ્મ વિચારતો નથી. તે માત્ર સ્ત્રીમાં જ, વિષયવાસના માં રત રહી પશુ જેવું જીવન જીવે છે. તત્કાલીન સમય ના સ્ત્રીસમાજ નો સંકેત પણ અહીં જોવા મળે છે. દા. ત. પ્રસ્તુત પદ માં જ નિરાંત કહે છે:

'કરે લીલા ખોટી નારી, તારી મતિ ને જાણ ભમાડી,
એને નથી તું કે તારો કોઇ, વાતો લાગતું દેખતી જોઇ.' ૧૯૧

અહિં એવા પ્રકારની સ્ત્રીની વાત છે જે માત્ર સ્ત્રીના માદા દેહથી પર થઇ શકતા નથી. અને માત્ર સંતતિ માટે જ જાણે કે તેનો અવતાર થયો છે.

## પદ ૪થું

## ગુરુશ્રદ્ધા

ભારતીય આધ્યાત્મિ ક્ષેત્રમાં ગુરુ સર્વોપરી રહયા છે. સંસ્કૃતમાં પણ રહયું છે કે ગુરુ જ બ્રહ્મ છે ગુરુમહાદેવ છે. અને સાક્ષાતરૂપે પરિબ્રહ્મ પણ ગુરુ જ છે.

'ગુરુર બ્રહ્મા ગુરુર વિષ્ણુ ગુરુર દેવો મહેશ્વર,
ગુરુ સાક્ષાત પરિબ્રહ્મ તસ્મૈશ્રી ગુરુદેવ નમઃ'

સંતવાણીમાં કહયું છે:

'અંગના ઓશીકાંને પ્રેમના પાથરણા,

ગુરુજીને દેખી હું તો હરખી રે.'

અથવા

'સદ્‌ગુરુ એસા કીજિએ, જૈસા પૂનમચંદ્ર,
તેજ કરે ને તપે નહીં, ઉપજાવે આનંદ.'

આ રીતે ગુરુસ્તુતિન અસંખ્ય પદ મળી રહે છે. પણ સૂકાં સાથે લીલું બળે તેવી કહેવત પણ આપણે ત્યાં છે. એટલે સાચા ગુરુ કોણ અને કેવા હોય તેનો વિવેક પણ કરવો જોઈએ. નહીં તો ગુરુ વિશે એમ પણ કહેવાયું છે કે

'ધૂડ ગુરુ ને છીપા ચેલા દિવસે નહીં પગદંડા'

એટલે શ્રી નિરાંત મહારાજ પ્રસ્તુત પદમાં ગુરુશ્રધ્ધા ઉપર ભાર તો મૂકે છે પણ સાથો સાથ ચેતવણી પણ આપે છે:

'ગુરુ જાણીને કરતાં જાણો, શિષ્ય સર્વે સાચું માનો,
ગુરુ ધન કાજે આથડતા, ગુરુ પૈસા માટે પડતા.
તેના ધન કાજે આથડતા, ગુરુ પૈસા માટે પડતા.
દેહના ધર્મ જાણ્યા સાચા, ગુરુની જોવા નિર્મળ વાચા.'૧૯૨

(પ્રાચીન કાવ્ય માળા નિરાંત કૃત કવિતા)

## પદ ૫ મું
## ગુરુનો ઉપદેશ

પ્રસ્તુત પદ ગુરુશ્રધ્ધા પદ સાથે અનુસંધાન રૂપ છે. આપણે ત્યાં સંતવાણીમાં કહેવાયું છે કે –

'સરોવર, તરુવર, સંતજન ચોથા વરસે મેહ,
પરમારથ કે કારન ચારોએ ધરિયા દેહ.'

એ રીતે સંતજન જે સદ્‌ગુરુ રૂપે છે તે પરમાર્થમાં નિમગ્ન હોય છે. એને કોઈ જાતિ–પાંતિ, ભેદ, મારા–તારું એવું કશું જ નથી હોતું, ટૂકમાં એ દ્રંદ્ર થી પર થઈ ગયા હોય છે. માત્ર પરમાર્થ માટે જીવન વ્યતિત કરતા હોય છે. વિષય વાસનાની કેદ માંથી જે મુકત કરાવે છે તે જ સાચા સદ્‌ગુરુ છે. અહીં શ્રી નિરાંત મહારાજ કહે છે:

'વરસાદને સદ્‌ગુરુ એક છે, વરસે વરસાદ બધે રે,
પાણી વાળી કોઈ ભરી રાખે છે, અર્થ તેનો તો સધે રે,
જે નવ ચેતે તે થાય દુ:ખી, વરસાદને નવ કાંઈ રે,
મેઘ ની સાથે શિષ્ય સરખાવો, જે તમારો સાંઈ રે.' ૧૯૪

(નિરાંત કૃત કવિતા)

શ્રી નિરાંત મહારાજ પૂર્વાશ્રમમાં ખેડુત હોવાથી કૃષિ વિષયક દૃષ્ટાંત આપી જાય છે. જે ખેડુત વરસાદના પાણીનો સંઘરો કરે છે. તળાવડી જેવું કરી ભરી રાખે છે. તેને તેનું ફળ મળે છે. પણ જે આમ કરતું નથી તે દુ:ખી થાય છે. પણ વરસાદને તેની સાથે નિસ્બત નથી હોતી આમ સંત ને ગુરુને વરસાદ સાથે સરખાવ્યા છે.

પદ. ૬

વિશ્વાસ

પ્રસ્તુત પદ પણ ગુરુશ્રધ્ધા અને ગુરુઉપદેશ ના અનુસંધાન રૂપ છે. અહીં વિશ્વાસ અને શ્રધ્ધા રાખવાની શીખ આપી છે. સંતવાણીમાં વિશ્વાસ અને શ્રધ્ધાનું ઘણું મહત્ત્વ છે પણ તેમાં સાવચેતી પૂર્વક શ્રધ્ધા અને વિશ્વાસ રાખવાની વાત કરી છે એ પણ એટલું જ અગત્યનું છે. 'જેસલ કરી સે વિચાર 'એ પદમાં તોરલ કહે છે:

'જીવ ની ગતિ જીવની પાસ
જેવી કસ્તુર ની વાસ
ધણી તારા નામનો વિશ્વાસ
સેવકોની પૂરો હવે આશ.' ૧૦૯ (સોરઠી સંતવાણી)

આમ, અલખધણીના નામ નો વિશ્વાસ સંતવાણીમાં બળકટતા પૂર્વક રજુ થયો છે. નિરાંત મહારાજ કહે છે:

'રખો વિશ્વાસ સંતનો, જો કુછ મનમેં ચાહો રે,
વિશ્વાસ સે તો અલ્લા મિલેગા, સાંઈ કે પદ સાહોરે.'

પદ .૭

સંતતિવિરાગ

અભેદના જ્ઞાન માટે વૈરાગ્ય અનિવાર્ય છે. તે વિના ભેદ પરમાતો નથી. ાિવષયવાસના નું નિગરણ થાય તો જ પરમની પ્રાપ્તિ થાય છે. નરસિંહે ગાયું કે–

'પુરૂષ પુરૂષાતન બીન થયું મ્હારું.'

સંતવાણીમાં બે પ્રકારના પુત્રોની પણ વાત કરી છે. એક બુંદ પુત્ર અને બીજોનાદ પુત્ર. બન્ને માંથી કોઇના પણ પ્રતિ મમતા રાખવી એ અધૂરી સાધનાની નિશાની ગણાય છે. સંતવાણીમાં ગોરખને નામે એક પદ મળે છે.

'ગિયા રે બુંદ કો ગુરુ, પાર ન પાયો ને,
મુવારે બુંદકુ કયું રોયા – મેરે નાથજી.'

શ્રી નિરાંત મહારાજ કહે છે કે –

'શિષ્યહુઆ મેં નિરાંતકા, કોઇ કબીર ગુરુકેતા હૈ,
સત સાહેબકી ધૂન લગાવે, ભગતી મેં ભાઇ રેતા હે.
એસા બોલે કયા હોનેકા, સંતતિ મેં સપડાયા હૈ,
હમ નવ બોલે મારો ઉસકું, બાબા હમારા ભાયા હૈ.'

ધણા અધૂરિયાંઓ કહેતા ફરે છે કે હું નિરાંતનો શિષ્ય છુ, કોઇ કહે છે કે હું કબીરનો શિષ્ય છું. પછી સત સાહેબની વાત કરતા હોય છે. ને ભકિતભાવ દર્શાવતા હોય છે. નિરાંત કહે છે કે એવા મૂઢ સાથે સંવાદ ન હોય. જયાં સુધી અભેદ નું જ્ઞાન થયું નથી ત્યાં સુધી તેની સાધના અધૂરી છે.

પદ ૮

માયા ત્યાગ

શ્રી નિરાંત મહારાજ માયા વિશેનો પ્રારંભ જ આકર્ષક રીતે કરે છે:

'માયા ને મસ્તાની માનો, સમજો મારું આસું જી,
એ રંડાનું તમે બાળો, શોધી શોધી ડાચું જી.'

કબીર પણ કહે છે:

'કબીર માયા ડાકિની, ખાયા સબ સંસાર,
ખાઇ ન શકે કબીર કો, જાકે નામ આધાર.'

અહીં કબીર માયા ને ડાકણ કહે છે. સમગ્ર સંસારને માયા એ વશ કર્યો છે. કી, મને

નામ ની આધાર મળ્યો છે. માયા મારું કશું બગાડી શકે નહીં એ જ રીતે નિરાંત પણ માયાને મસ્તાની કહી રંડાની ઉપમા આપે છે.

અખો પણ કહે છે:

'જીવ થતે જંજાળ, કાળ માયા વશ પડયો,
પિતૃ ઋણ ગ્રહ દેવ, સેવની વડજડ જડિયો.' ૧૨

(અનુભવ બિંદુ સંપાદન બાલકૃષ્ણ ત્રિવેદી)

સંતવાણીમાં માયા વિશે વિપુલ માત્રા લખાયું છે. શ્રી નિરાંત મહારાજ કહે છે કે માયા કોઈને પણ છોડતી નથી. મોટા મોટા મુનિવરો પણ તેની જાળમાં સપડાયા છે. એવા કેટલાક ગુરુઓ છે જે માયામાં મશગુલ રહેતા હોય છે. તે વિશે નિરાંત કહે છે:

'આપો ત્યારે એ બોલાવે, ન આપો ત્યારે થાય મુંગો જી,
એવા ગુરુને ધકકે મારો, એના ઘરની વાટ ન સુંઘો જી.'

પદ : ૯

ષડ્રિપુ

શ્રી નિરાંત મહારાજ અહીં ષડ્રિપુ ની વાત કરે છે ષડ્ એટલે છ અને રિપુ એ દુશ્મન અર્થાત્ છ દુશ્મન આ છ દુશ્મન માનવીની ભીતર રહેલો છે. અહર્નિશ તેની સાથે જ રહેલા છે. તનાથી ચેતતા રહેવાની સંતવાણીમાં સલાહ આપવામાં આવી છે. આ છ દુશ્મન એટલે કામ, ક્રોધ, લોભ, મોહ મદ્ અને મત્સહેબાપુ સાહેબ ગાયકવાડે ષડ્રિપુ ના રાજિયા લખ્યા છે. આ ઉપરાંત એક સંત કવિ તેને પાંચ ચોર પણ કહે છે:

'આ કાયામાં પાંચ ચોર વસે, પાંચેની સુરતા હે ન્યારી,
પાંચ પકડ કે એક કરો તો હો જાવે હીરલા હજારી. ' ૯૩

( સોરઠી સંતવાણી )

'આ દેહમાં મારા સદ્ગુરુ બેઠા - નાથ નિરજંન ધારી રે.'

અહીં નિરાંત મહારાજ કહે છે કે અતિ આહાર કરવો ન જોઈએ. કેમ કે એ શરીર માટે હાનિકારક છે. શ્વાસે શ્વાસે સ્મરણ કરવું તો જ નિરંજવન મળશે. જો તું વિષયોમાં મન ન રાખે તો શું પરિણામ મળે એ તને ખબર છે ? નિરાંત કહે છે:

'લુબ્ધામેં તું ચિત્ત ન રખે, મેરા છોડ જી,
છ રિપુ તો તેરી પાસે, હાથ આવી જોડે જી.'

પદ ૧૦

ચિત્તશુધ્ધિ

પ્રસ્તુત પદમાં રી નિરાંત મહારાજ ચિત્ત વિશે પ્રકાશન પાડતા કહે છે કે ચિત્ત નિર્મળ હોય તો -બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. બગડયું હોય તે સુધરે છે. જેનું ચિત્ત ચોખ્ખું હોય તે જ્ઞાની બને છે. પણ જેનું ચિત્ત મેલું છે તે નિષ્ફળ થાય છે. ને પાર પામવા થી પાછા પડે છે. ગંગીસ્ત પણ કહે છે:

'સરળ ચિત્ત રાખી, નિરમળ રેવું ને,
આણવું નહીં અંતરમાં અભિમાન રે.' ૬૪

(સોરઠી સંતવાણી)

કબીર પણ કહે છે:

'મન કે મતે ન ચાલિયે, મન કે મતે અનેક,
જો મનપર અસવાર હૈ, સો સાધુ કોઈ એક' ૪૦

(સતસાહેબની સરવાણી)

પદને અંતે શ્રી નિરાંત કહે છે:

'નિરાંત ચિત્ત ચોખું રે, મનકે મતે અનેક,
ખરી વાત ખાંતે રે, સુણી શીશ ધુણિયે'

ચાર અંત:કરણ માંનુ આ એક ચિત્ત ની શુધ્ધિની મનુષ્ય જ્ઞાની બની શકે છે. ને તેના જીવનમાં અજવાળું પથરાઈ છે.

પદ ૧૧

એકાગ્રતા

પ્રસ્તુત પદમાં શ્રી નિરાંત મહારાજ કહે છે કે પરમતત્વ નું અદ્વૈત રૂપ છે. અમૂર્ત છે. તે સતત રાસ રમી રહયો છે. ગોપીઓને એ પ્રિય છે. તે ગોર્વધન ધારણ કરે છે. ગાયો પણ ચારે છે. પણ તેનું રૂપ અદ્વૈત છે. એમ માનજો. જેણે પોતાના મનને સાધ્યું છે, ને પરિબ્રહ્મ જ જેને પ્રિય છે, તેને જ તે આઠે પોર દેખાય છે. આમ, અહીં એકાગ્રતા એટલે મનને દઢ પણે ઈશ્વરમાં જોડવાની વાત કરી છે. તો જ તેનું દર્શન શકાય બને છે. કબીર સાહેબ પણ કહયુ છે:

'મન દાતા મન લાલચી, મન રાજા મન રંક,

જો યહ મન હરિ સોં મિલૈ, તો હરિ મિલૈ નિશંક.'૪૧

(સત સાહેબની સરવાણી )

એ જ રીતે અહીં શ્રી નિરાંત પણ કહે છે:

'અદર્શ નથી એ તો રે, જોવામાં આવે,

મનવા હોય સાધ્યા રે, તબ વાકો ભાવ ભાવે.' ૨૦૦

પદ ૧૨

બ્રહ્મદર્શન

શ્રી નિરાંત મહારાજ પ્રસ્તુત કથાપદમાં શીખ વચનો આપતા કહે છે કે બ્રહ્મના ભેદને છેદવો જોઈએ. જે ભેદ છે તેને જાણવો જોઈએ. સમગ્ર બ્રહ્માંડ માં તે વ્યાપ્ત છે. તે ઘટ ભીતર પણ છે ને બહાર પણ છે. બિંબમાં છે ને પ્રતિબિંબ માં પણ છે એમ કહી સચરાચરમાં વ્યાપી રહયો છે. તેમ કહે છે. તેને જાણવાથી અનુભવવાથી કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, મદ, મત્સર ઈત્યાદિનો નાશ થાય છે. એમ કહી અંતે કહે છે.

'રામ રહયો રમી રે, નિરાંત ને નામે,

રામ રહયો રમી રે, આવે સહુ ને કામે.'

એજ રીતે સંતવાણીમાં અન્ય સંતે કહયું છે:

'બિનરાબનકી કુંજગલીમે વાલો ખેલ ખેલે હજારી,

કહે ગુરુપદ તમે સુનોને વિનંતી, પારા ઉતરે સંસારી .'૭૪

'મારા સદ્‌ગુરુ બેઠા - નાથ નિરંજન ધારી' (સોરઠી સંતવાણી)

પદ ૧૩

સંગત્યાગ

પ્રસ્તુત કથાપદ માં સંગત્યાગના વિષય નિમિત્તે શ્રી નિરાંત મહારાજ ચેતવણી આપે છે કે કેવા પ્રકારનો સંગ કરવો જોઈએ. જો ખરાબ સંગત મળે તો, જીવન નર્ક સમાન બની જાય ને સત્ય સંગ મળે તો જીવન મધમધતુ બને તે પ્રકારનો સાર પ્રસ્તુત પદમાં જોવા મળે છે. તે માટે જડભરત અને તપસીના ઉદાહરણ પણ આપે છે. નિરાંત કહે છે કે સાધુ પુરૂષ નો સંગ મળે તો મહિમા વધે છે.

'સંગ મળે સાચો રે, જાણો એક સાધુ તણો,

નિરાંત તો નીચો રે, મહિમા વાધે ઘણો.'

એ જ રીતે ગંગાસતી પણ સાધુ નો સંગ કરવાની શીખ આપે છે:

'ભાઈ રે, સંગત્યુ તમે જયારે એવાની કરશો ને,

ત્યારે ઊતરશો ભવપાર રે,

ગંગાસતી એમ બોલિયાંને -

જેને વચનુની સાથે વેવાર રે 'વા

શીલવંત સાધુને વારે વારે નમીએ.'

'મન તણી તમને છે માલમ, શું મુખે કહી દાખું રે,

ક્ષણવાર મને નથી વિસરતા, હૃદય કમળમાં રાખું.

વારંવાર ત્રિકમ શું કહીએ, એટલી જ અરજ અમારી રે,

નિરાંતના સ્વામી સુખ દાયક અમને આશ તમારી.'

ગરબી ઓમાં નિરાંતનો ગોપીભાવ આ રીતે પ્રત્યક્ષ થાય છે. જાણે કે નરસિંહના ગોપીભાવનું જ અનુસરણ! એ જરીતે અલબેલાજી મારે મંદિર આવ્યા રે, સાહેલી - ગરબીમાં નિર્ગુણ નાવલિયા વિશે ગોપી પોતાની સાહેલીને કહે છે:

'રૂપ નથી ને દીસે છે રૂપાળા રે, સાહેલી,

ગુણ રહિત ને દીસે છે ગુણવાળા, સાહેલી

નામ નથી ને બહુનામી ને નિરખ્યા રે, સાહેલી,

ઊંચ - નીચ નહીં સર્વાંગે છેસરખા રે,' -

એ રીતે રૂપ, ગુણ અને નામ વિનાનો નિર્ગુણ નાવલિયો રૂપ, ગુણ અને નામ વાળો પણ દેખાય છે આ વિરોધા ભાષ સર્જી અનુભૂતિની અભિવ્યકિત સાધે છે. કાવ્યાત્મક નિરૂપણ હૃદયને સ્પંદિત કરે છે. રૂપ, ગુણ અને નામ નથી તો પણ દીસે છે. પરંતુ તે હાથ કેવી રીતે આવે ? સાહેલી ને કહે છે:

'ઘટ ભીતર ને બાહેર ન મળે નાથ રે સાહેલી,

એવા હરિ તે કહો કેમ આવે હાથ રે, સાહેલી.'

પાછો તે નિરાકાર પણ નથી તે સાકાર પણ નથી એવા વરને સહુ વરવા ઉત્સુક છે. પરમનું એ પદ અવિનાશી છે. તેને નિરાંત કહેછે હું વિસરતો નથી એમ કહી લખેછે:

'નૌતમ પદનું નિરાંત નામ ન ભૂલે રે, સાહેલી,

ગુરુ પ્રતાપે અતિ આતુરતામાં મન ફૂલ રે,'

એજ રીતે 'આવો આવો રે મારે ઘેર, મોહન મન ગમતા' જેવી કાવ્યાત્મક પદાવલીસર્જી ગરબી નો પ્રારભ કરે છે. અહીં પણ નિર્ગુણ મોહન જ નિરાંતને અભિપ્રેત છે. એવા નિગુર્ણબ્રહ્મ (સદ્ગુરુ) ના મિલનથી કેવી સ્થિતિ બની છે. લખે છે:

'મનનો ધોખો સર્વે શમ્યો છે, ઠરવાનું મળ્યું છે ઠેકાણું રે,
અન્ય દેવની ભાંગી ભ્રમણા, પ્રભુજીની પાસે જાણું,
ધન્ય ધન્ય ભાગ્ય ગુરુ મળ્યા, ભવનું ભટકણ ભાંગ્યું રે,
સંભવતું સુખ સર્વે થયું છે ગુરુજીએ આપ્યું વણમાગ્યું.'

જેવી ઉત્તમ પદાવલીમાં પોતાના ભાવને ઘૂંટી અનુભૂતિ બળકટ અભિવ્યકિત સાધે છે. કાવ્યમાં વર્ણસગાઇ અલંકાર પણ ધ્યાનાર્હ છે. 'આવો અવસર ફરી ફરી નહીં આવે રે, હરિભજીએ' -ગરબીમાં નિરાંત આત્મજ્ઞાનને પ્રસ્તુત કરી ઉપદેશાત્મક વર્ણન કરે છે. જીવનની ક્ષણભંગુરતા આ રીતે નિરૂપે છે.

'વહેતા જળ તો વહી જશે રે શું કહી એ, હરિ ભજીએ,
પિતુ પિતામહ સર્વ ગયા તો આપણ કયાંથી રહીએ, હરિભજીએ.'

એમ કહી સંસારની નિરર્થકતા પ્રસ્તુત કરે છે. દસ પંકિતની આ ગરબીમાં મૃત્યું નિશ્ચિત છે. માટે હરિ ભજો તેવી શીખ આપી છે. ગરબીઓમાં રામની પણ સ્તુતિ જોવા મળે છે. અમો 'જઇશું અમારે ઘેર રે, સરવને રામ રામ છે 'મા હરતા -ફરતા, ધંધો કરતા રામનું સ્મરણ કરવાનો ઉપદેશ આપ્યો છે. એજ રીતે 'કરવાનું કામ-ગુરુ સાચું 'માં ગુરુ વંદના છે. આ પૂર્વાશ્રમના પૂનમીયાં ભગત નિરાંત ને અમન સાહેબ સદ્ગુરુ રૂપે મળે છે. તે પછી આ ગરબી તેમણે રચી. જયાં સુધી સદ્ગુરુ ની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી મનને સ્થિરતા કયાંથી થાય ?

પદ ૧૪

સદ્ગુરુ

શ્રી નિરાંત મહારાજ પ્રારંભ માં જ કહે છે:

'આવો સંત દેખાડું રે, જોઇ મનમાં રાચો,
શિષ્યો તમે સુણોરે, સાધુ જોવો સાચો.'

અહીં તત્કાલીન સમયના સંકેત પણ જોવા મળે છે. સંત જેવા બનીને અભિનય કરીને લોકોને છેતરનારા હશે. તેથી સદ્ગુરુના લક્ષણ અહીં રજુ કર્યા છે. તે બ્રહ્મ સાથે જોડી દેનાર હોય, જેને

વાસના ન હોય, જે દ્વંદ્વથી પર હોય. મૂર્તિ શાંત હોય, વ્યર્થ વાણી ન બોલતા હોય, જરૂર જેટલું જ બોલતા હોય એવા પ્રકારના લક્ષણ જેમાં હોય તે સંત છે. સદ્ગુરુ છે.

સંત્વાણીમાં અન્ય સંત કવિઓએ પણ સંત ના લક્ષણોની વાત કરી છે. ગંગાસતી કહે છે:

'શીલવંત સાધુને વારેવારે નમીએ પાનબાઈ
જેને બદલે નહીં વ્રતમાન રે'......

બાપુસાહેબ પણ કહે છે:

'શાંતી પમાડે તેને સંત મહીએ,
ને તેના દાસના દાસ થઈ ને રહીએ.'

આ ઉપરાંત અખાએ તો સંતના લક્ષણની એક લઘુકૃતિ આપી છે. જે અખો: એક અધ્યયન ગ્રન્થમાં પાના નં. ૧૯૫ ઉપર છે.

પદ ૧૫

બ્રહ્મદર્શન નો લાભ

શ્રી નિરાંત મહારાજ કથા નિમિત્તે કહે છે કે જયારે તમને સ્વની ઓળખ થશે ત્યારે તમે સુખ માણી શકશો. બ્રહ્મને રૂપ નથી છતાં તમે જોઈ શકશો. સૂર્યને તમે નવા જ રૂપે જોશો. તે તમારો જાણે કે દાસ હશે–

'સૂરજને તમે ભાળો રે, એને તમે દાસા કહો,
તડકો કાઢે તારે કાજે રે, એવી તમે આશે રહો.'

આમ કહી, મેઘ, ચંદ્ર, પવન, અગ્નિ એ બધા જે દેવ છે તે તમારા દાસ છે. પણ એ કયારે શકય બને જયારે જ્ઞાન થાય ત્યારે બ્રહ્મા પણ તારું જ ભજન કરે છે. વિષ્ણુ પણ તારી જ વાણી બોલે છે. સરસ્વતી, નાદ, કુબેર બધાજ તારાદાસ છે. પણ એ કયારે? તો નિરાંત કહે છે:

'એવું થાય ભાઈ રે, એક બ્રહ્મને જાણો;
સુખ મળે સાચું રે, પરબ્રહ્મ માણો.'

બ્રહ્મ દર્શનનો આ કેવો મોટો લાભ છે. જે અગમ અગોચર છે. તે બ્રહ્મના દર્શનથી પ્રગટ થાય છે. એ જેવો તેવો લાભ ન ગણાય એમ નિરાંત મહારાજનું કહેવું છે.

## પદ ૧૬

## માયા કથન

પ્રસ્તુત કથાપદ માયાત્યાગ કથાપદના અનુસંધાન રૂપ છે. અહીં પણ નિરાંત મહારાજ કહે છે કે માયા વિશે માત્ર વાતો સાંભળવાથી તેનું જ્ઞાન થતું નથી –

'ખરી ખોટી કેની રે, વામે કછું નહીં વાંધો,
સમજયા વિના હાહારે, અર્થ વાસે કયા સાધ્યો.'

આમ, કહી મન માને તેરા રે, તબ તું તો અટકે ની વાત કહે છે. એમ કહી પુરૂષ પ્રકૃતિની જ આ બધી લીલા છે તેવો બોધ કરી છે. ને તે જાણવાથી આનંદ થાય છે. તેમ કહે છે.

## પદ ૧૭

## પુરૂષ પ્રકૃત્તિ

પ્રસ્તુત કથામાં પણ શ્રી નિરાંત મહારાજ માયા શું છે, તેની જ વાત કરે છે. કથાના પ્રારંભે રાધા – કૃષ્ણ, રુકમણિ – કૃષ્ણ, સત્ય ભામા – કૃષ્ણ, ગોપી અને કૃષ્ણ, રામ – સીતા, શિવ અને શકિત, બ્રહ્મા અને સાવિત્રી એમ દેવ અને દેવીઓના યુગ્મની વાત કરી તેને પુરૂષરૂપ જ દેવનું છે. તેના ગુણઅપાર છે. નિગમ પણ 'નેતિ – નેતિ 'કહે છે.

'પુરૂષ રૂપ વોહી દેવારે, બ્રહ્મનીકો ભાખે,
અપાર ગુણ જે નારે, નિગમ નેતિ – નેતિ દાખે.'

નિરાંત મહારાજ કહે છે કે કોઈ તેના રૂપને જાણતું નથી ભકતો જેને નિત્ય સેવે છે તે પુરૂષ ને વળગી છે.

'તે પુરૂષને વળગી રે, આવી અણ તેડી,
નિબઁધ તો જાતે રે, ઉપર પડી બેડી,
માયા નામ તેનું રે, પ્રકૃતિ કોઈ કહે,
ગડુ ગોળ એક જ રે, ભેદ દેશ વિશે રહે':

નિરાંત કહે છે કે તેને છોડો તો પણ તે આવી વસે છે. એ ભ્રાન્તિમાં નાંખે છે તે મનભાવન છે. તેથી અલખ પણ ભૂલાવે છે. તેણે હરિને પણ છોડયા નથી. પદ ને અંતે નિરાંત કહે છે. :

'દેહ કે બીચ વ્યાકુળ રે, કરડાલા ઈ ને,
નિરાંત નિકળ્યા રે, શ્રમ લે કે ચીને.'

પદ ૧૮

પ્રકૃતિ નો પરિવાર

આ કથામાં શ્રી નિરાંત મહારાજ પ્રકૃતિના પરિવારની વાત કરે છે. વિષયની દૃષ્ટિએ નાવિન્ય છે. તેથી રસપ્રદ છે. પ્રારંભ માં જ કહે છે:

'પ્રકૃતિ છે મોટી રે, માયા જેનું નામ કે છે,
કેવે રૂપે રે છે રે, સંત તેનું કામ કે છે.'

એમ કહી પ્રકૃતિના પરિવારનો પરિચય કરાવતાં કહે છે કે, બધું જ તેમાં વસે છે. પણ તે માયા કોઈમાં વસતી નથી બધું જ ખસી જાય, દૂર થાય પણ તે થતી નથી. તે મિથ્યા નથી, સત્ય છે. પૃથ્વીને તેણે જન્મ આપયો છે. તેથી તે પૃથ્વીની માતા છે. જળ પણ તેનું છે. તે જ પણ તેનું છે. વાયુ તેનો પુત્ર છે. જે આકાશ છે તે તેના પેટ માં વસે છે. ગંધ, રૂપ, સ્પર્શ, શબ્દ એ બધું તેનું જ છે. તેજ સુંધે છે. ચર્મ પણ તેનું જ છે. બોલે પણ છે. ચાલે પણ તે જ છે. નિરાંત દાર્શનિક શૈલીમાં કહે છે:

'નારી છતાં શિશ્નુ રે, કંથ જેનો વિષ્ણુ;
ફરાગત એ તો રે, ધણી જેનો વિષ્ણુ.'

નિરાંત બહે છે કે તેનાથી જ મન ઉત્પન્ન થયું છે. સર્વે તેના થી જ થયું છે. બુધ્ધિ તો તેની પુત્રી છે. અહંકાર તેનો પુત્ર છે. ચિત્તને પણ તેણે જ જન્માવ્યું છે. માયાદેવી એથી મોટી છે કે તેણે બ્રહ્મને પણ ભૂલાવી દીધા છે. જે કાળ છે તે તેનો શિષ્ય છે. ચોવીસ તેના બેટા-બેટી છે. શ્રી નિરાંત કહે છે કે-

'એવી પ્રકૃતિને નમી રે, કથા કહીએ,
નિરાંત મન રાજી રે, સુખી આ તો થઈએ.'

પદ ૧૯

શ્રી નિરાંત મહારાજ પ્રસ્તુત પદમાં કહે છે:

'પુરૂષ નું રૂપ ભાખી રે, પ્રકૃતિ તણું કહયું,
સીધું સમજાવ્યું રે, ગુરુએ જેવું કહયું.'

'આજ કથા એટલી રે, કહી અમો ઊઠું;

કાલે આવો કેશું રે, ભણવું નથી જૂઠૂં;

કથા કેવી સાચી રે, પુરાણી જયારે થયા,

પુરાણીકા નાતારે, મનમેં અમે ગ્રહયા.'

આમ, કહી પોતે પુરાણી બની કથાઓ કરી, લોકોને મનોરંજનની સાથે કહી પોતે પુરાણી બની ને એમ લોક શિક્ષણની ભૂમિકા અદા કરી. સાથે જ્ઞાન પિરસ્યું ને એમ લોકશિક્ષકની ભૂમિકા અદા કરી. નિરાંતનું આ પ્રદાન તત્કાલીન સમયમાં જેવું તેવું ન કહી શકાય.

પદ ૨૦

પ્રસ્તુત પદ શ્રી નિરાંત કહે છે કે શિષ્યો તમે એકમિત્ર થાઓ શ્રવણ કરી સમજો. જો ન સમજો તો ફરી કાલે આવી મને પૂછજો. તમે મારી વાતને ધ્યાન પૂર્વક સાંભળજો ચેતવણી આપતાં શ્રી નિરાંત કહે છે:

'ધ્યાન ધરી જોજો રે, ખરુંકેવું મારું,

નવ બોલો મુખે રે, હા હા બહુ સારું.'

સમજયા વિના ના કેટલાક લોકોને હા હા બહુ સારું તેમ કહેવાની આદત હોય છે. નિરાંત તો અનુભવી છે. તે સમાજની નાડ પારખે છે. નિરાંત ના પુરોગામી સંતકવિ અખો કહે છે:

'અવની નો કહું અર્થ, વ્યર્થ રખે અક્ષર ખોતા;

સહેલો તે સમજાય, કાય મન સ્થિર કરે શ્રોતા.' ૨૫

(અનુભવ બિન્દુ સંપાદકઃ ભુપેન્દ્ર ત્રિવેદી)

નિરાંત અહીં સમાજમાં પ્રચલિત કહેવતો નો પણ ઉપયોગ કરે છે. લોટ બળતી નારીનું ચિત્ર રજુ કરતા કહે છે:

'લોટ નારી દળતી રે, ત્યાં હી જોવા જઈએ,

ઊંઘે બેઠી બેઠી રે, લોટ કૂતરાં ચાટે,

દળી દળી મરતી રે, જાગી ભરી ઉચાટે,

તેવું નવ થાય રે, મનમાં સહુ ધર જો.'

આવા દશ્યકલ્પનથી પોતાની અભિવ્યકિત ને શ્રી નિરાંત નિખાર આપે છે. શ્રી નિરાંત એમ પણ કહે છે.

'ભેંસો નથી જોઈ રે, અમે ભાગવત ભણિયા;
હંસો જોઈ બોલે રે, વિવેક ખીર-નીર ગણિયા.'

આમ કહી સંસાર રૂપી માયા વિશે શિષ્યોને સભાન કરતા નિરંત કહે છે:

'સાહેબ છે સહુ નો રે, બચો તો આવો કાલે,
નિરાંત બ્રહ્મ ભાળે રે, ગાઈ રસ બ્રહ્મ તાલે.'

## પદ્ય કથા : ૨

### પદ ૧

પ્રસ્તુત પદમાં શ્રી નિરાંત મહારાજ કહે છે, 'વૃતિ એક કરો સંતો, સુણો મોટા મહંતો 'અર્થાત્ મન, વચન અને કર્મ માં એકતા રાખવી. તેથી જ વૃતિ એક કરવાની શ્રી નિરાંત વાત કરે છે. તન માંથી રામ પ્રગટ થાય તો સર્વે કાર્યો સિધ્ધ થશે. એવી મારી કથા છે. જો જ્ઞાન દષ્ટિથી વિચારજો-જોશો તો સુંદર શ્યામની પ્રાપ્તિ થશે. મારી કથા છે. જો જ્ઞાન દષ્ટિથી વિચારશો. જોશો તો સુંદર શ્યામ પ્રાપ્તિ થશે. તું તારા જ પ્રેમ જો, તેની વાત કર, પરમાત્માની કેવી બલિહારી છે તેની વાત કરીશ. તમારા આનંદ ખાતર મારે આ વાત કરવી છે. ભલે કોઈ નિંદા કરે પણ મારે સત્ય વાત જ કરવી છે. મારે ઢોંગી કે ખોટા ધર્મને રજૂ કરવો નથી. બ્રહ્મતો અભેદછે, અછેદ છે તે તન માં છે, શરીર માં જ છે: આપણે જયારે બ્રહ્મરૂપ થઈશું ત્યારે જ આનંદ ની પ્રાપ્તિ થશે. આગળ ઉપર જે કાંઈ વાત કરી છે. તે સ્મરણમાં રાખજો. બ્રહ્મ ની નિશાની મને મળી છે. ને તેથી હું તેની વાત કરી શકું . બીજા તેમાં શું સમજે ? એમ કહી શાસ્ત્રને આગળ કરે છે:

'નિગમ નેતિ-નેતિ ભાખે, વાકો રૂપ કોઈ ન દેખે,
ધન્ય ધન્ય કહે સબ કોઈ, યાકો કૌન ભાઈ જોઈ.'

તમારા સંશય ને હું નિર્મુળ કરીશ. એકેએક વાત હું સમજાવીશ. પણ પહેલાં જે મેં કહયુંતેને સ્મૃતિમાં રાખજો. હું દેહની જ વાત કરું છું. શ્રવણ કરહો તો સાક્ષાત્કાર થશે. અંતે કહે છે.

દેહકી કે'તા હું બાત, સુનો તો હોવે સાક્ષાત,
નિરાંત નામકા જાને મર્મ, વાકે છુટે જવે કર્મ.

પદ : ૨

પ્રસ્તુત પદનો પ્રારંભ શ્રી નિરાંત મહારાજ દાર્શનિક શૈલીથી કરે છે:

'એ દેહ દેખો તુમ્હારા, વાંહીં નિશાન હે અમારા;
વો કેસે પરગટ ભયા, વાકા સંશે જોઈશેં રહયા.'

તમારા દેહ-તનને જુઓ, તેની તપાસ કરો. ત્યાં હું જ વિલસું છું. પણ 'હું 'ને કેમ પ્રગટ કરવો એમ ધણા સંશયગ્રસ્ત છે. શ્રી નિરાંત માનવ શરીરમાં તત્વ વિલસે રહયું છે. તેની વાત કરતા કહે છે કે- જળમાં એક કમળ ઉત્પન્ન થયું. હું ધ્યાનસ્થ થઈ તેની કથા કરું છું. જે કમળ ઉત્પન્ન થયું, તે ખીલ્યું તેના ઉપર ઈશ્વરે વાસ કર્યો પહેલાં તારું મસ્તક થયું. હવે હમારું કહયું સાંભળો. એમાં શું થયું તેનો ભેદ જ્ઞાની જાણે છે. જે વાણી ઈન્દ્રિય છે. તેનો દેવતા અગ્નિ છે. પછી નાક થયું. તેની ઈન્દ્રિય ઘ્રાણ છે. તેનો દેવ વાયુ છે. તેને તન અને મન થી વખાણો. -સમજો. પછી બે આંખો થઈ. તેની ઈન્દ્રિય ચક્ષુ છે. તેનો દેવ સુર્ય છે. જેનો બીજો કોઈ વિકલ્પ નથી. પછી કાન થયા. શ્રોત્ર ઈન્દ્રિય તેની છે. તેનો દેવતા દિશા છે. પછી ત્વચા ઉત્પન્ન થઈ. તેની ઈન્દ્રિય રોમકેશ છે. તેનો દેવ સર્વ ઔષધિ છે. પછી ગુહયેન્દ્રિ થઈ. તેની વીર્ય ઈન્દ્રિય મનાય છે. તેનો દેવતા વરુણ છે. પછી ગુદાની રચના થઈ. તેની અપાન ઈન્દ્રિય છે. તેનો દેવતા તો મોટો છે. જેની બરાબરી કરી શકે તેવું કોઈ નથી તેનું નામ સાંભળશો તો ધ્રૂજી ઊઠશો. તેનો દેવ મૃત્યુ છે. પદને અંતે કહે છે:

'નામ નિરાંત નું જો લેવે, સબ દેવ આવી સેવે,
નામે તર્યા બહુતાઈ, મિલ ગઈ છે જુદાઈ.'

પદ ૩

બીજા કથાપદમાં જે કથા અધૂરી રહી, તેને ત્રીજા પદમાં અનુસંધાને કહે છે કે, જે કમળ પ્રગટ થયું, તેની વાત શ્રવણ કરો. ગુદાના દેવતાની વાત કરી. હવે આગળ કહું છું. હાથની રચના થઈ, તેની ઈન્દ્રિય બળ ને જાણ. પછી પગની રચના થઈ. તેની ઈન્દ્રિય ચલન છે. વિષ્ણુદેવની ત્યાં મહતા છે. જેના ભકતો ગુણ ગાય છે. પછી નાડી ની રચના થઈ ને તે રુધિરનું વહન કરે છે. તેની દેવી નદી છે. જે સતત વહેતી રહે છે. પછી પેટની રચના થઈ. ક્ષુધા અને તૃષણા તેની ઈન્દ્રિયો છે. ને તેનો દેવતા સમુદ્ર છે. જે હૃદયની રચના થઈ, તેમાં પ્રગટ સૂર્યનો નિવાસ છે. તેની ઈન્દ્રિય મન છે. ને તેનો દેવતા ચંદ્ર છે. જે બુધ્ધિ ઈન્દ્રિય છે. તેનો દેવતા બ્રહ્મ છે. અહંકાર ઈન્દ્રિયના દેવતા શિવ છે. વળી, જે ચિત્ત ઈન્દ્રિય છે. તેનો

દેવતા જીવ છે.

મેં જે પ્રકાર ગણાવ્યા એ જ તારુંરૂપ છે.ને તું એ સર્વનો ભૂપ(રાજા) છે.સર્વ દેવો તારું જ કાર્ય કરે છે.તારી જ સેવામાં રત છે. છતાં આશ્ચર્યની વાત એ છે તું રખડી-રઝળીને તારું પેટ ભરે છે. ને તેથી તો તારાં કોઈ સિધ્ધ થતાં નથી.તેથી તારું મૃત્યુ થયા કરે છે ને તું પાછો જન્મ્યાં કરે છે.તું જો મારી વાત માનીશ તો ત્રિવિધના તાપ ટળશેને બ્રહ્મજ્ઞાન થશે.પદને અંતે નિરાંત કહે છે:

'ગુરુગમ ની એ તો વાતો, મીટી અજ્ઞાનની રાતો,

નિરાંત થાયે તદ્દરૂપ, જાણે દેહ જો અનુપ.'

પ૬ ૪

પ્રસ્તુતમાં શ્રી નિરાંત મહારાજ કહે છે કે જયારે તમે બ્રહ્મને પિછાણસો ત્યારે કોઈ તાણાવાણ રહેશે નહીં.મુકિત માટે પ્રયત્ન કરવાના નથી.તમે બ્રહ્મરૂપ થશો ત્યારે મુકિત. આપો આપ મળશે.તે માટે અહીં વરસાદનું ઉદાહરણ આપ્યું છે. ઉનાળાની ઋતુમાં-અંતમાં વાતાવરણ એવું રચાય છે.તેમાટે અહીં રાધા-કૃષ્ણ નું દષ્ટાંત મુકયું છે. પરમના પ્રેમની પરાકાષ્ટાનું આ એક ઉતમ ઉદાહરણ છે.તેવો માણસ શૂન્ય શિખર પર ચઢે છે.ત્યાંતી પાછા પગલાં નથી.ભરતોહાથમાં માળા લઈ જાપ જપવાના નથી.બ્રહ્મરૂપ થયા પછી આપો આપ જાપ જપાશે ને અજયા જાપ સહજ રીતે થતા રહેશે.ઊધ્વર્યમુખ થયા પછી કોઈની નિંદા પણ નહીં થાય.ને જો હોતી સો હોની એટલે જે થવાનું હશે તે તો થઈને જ રહેશે તેવો ભાવ જાગ્રત થશે નિરાંત કહે છે:

'સભર ભર્યો જાણે પ્રભુ, જઈ કોઈને ના દૂભું,

એવી વૃતિ થાય જયારે, પ્રભુ ઓળખ્યા ત્યારે.'

માટી અને લોનામાં તેને એકરૂપતા દેખાશે કયાંય દ્રંદ્ર નહીં દેખાય.પરમતત્વો બધામાં વિલસી રહયું છે.તે એક અને અખંડ, સળંગ સુત્ર એક તાર છે તેવું દર્શન થશે.મેં કહયું એટલું થાય તો તો મુકિત આવીને પગમાં આળટશે.ને પરમધામ ની પ્રાપ્તિ થશે.તું જે ભોગ ભોગવે છે ને બિમાર પડે છે, તે બંધ થશે ને તને આરોગ્ય મળશે.પછી દેવી-દેવતાઓ તારી સેવા કરશે.તારે કશું માગવું પડશે નહીં. માગવું જ ખોટું છે.ને તેના સિવાય બીજું કાંઈ મોટું દુ:ખ નથી.જે લોભીનહીં હોય તેને એની પ્રાપ્તિ થશે.એમ હી પૂરા કલ્પન દ્રારા કથા પૂરી કરે છે.

'કરો વિના ફળની ભકિત, સાધ્ય થાયે સર્વશકિત;

નિરાંત તેને વશ હરિ રાખે, દુ:ખદેવાનું ના રાખે.'

પદ: ૫

અહીં આ કથામાં શ્રી નિરાંત મહારાજ રવેણીવાણી દ્વારા ઉત્પતિની વાત કરે છે. પ્રારંભમાં કહે છે.

'એક સુણો શિષ્ય નવું, તારું કલેવર કયમ હવું,
તેની જાણું અમે વાત: મટી જો અજ્ઞાનની રાત.'

આમ કહી તરત જ કહે છે કે જેને જ્ઞાનનો પ્રકાશ લાધ્યો છે. તેને બધું દેખાય છે. કશું અલિપ્ત રહેતું નથી. દેહ જ દેવ છે ને તે આવી ને કહે છે. જારે સાક્ષાત્કાર થાય પછી બધા જ ઘટની તે વાત જાણે છે. જયારે બ્રહ્મવિચારમાં રમણ કરશો ત્યારે સર્વે શાસ્ત્રનું પણ જ્ઞાન થશે. પછી લખે છે:

'રાસ લીલા બેઠા દેખે, સબ આસન પેસે પેખે,
પુરૂષ કો હોવે આસકિત, હોવે રામાકી ભકિત.'

પુરૂષને જયારે આસકિત થાય છે. ત્યારે તે સ્ત્રીનું સ્મરણ કરે છે. જેવો સંગ પુરૂષ કરશે એ પ્રકારનો જીવ વિર્યમાં પ્રવેશ કરશે. પછી તે જીવ સ્ત્રીના ઉદરમાં જશે. પાંચ રાત્રિ પસાર થયા પછી તે જીવ ગોળાનું રૂપ પછી મસ્તિસ્કનું નિર્માણ થશે. ને બે મહિનામાં તો તેની સંપૂર્ણ રચના થશે. ત્રણ મહિનામાં હાથ-પગની રચના થશે. જે નખ છે તે પણ ત્યારે જ બને છે. પછી હાડકાંની રચના થાશે. ને ગોપિત અંગો જે છે તે ઉત્પન્ન થશે ગૂહયઈન્દ્રિયની રચના થશે. ચાર માસમાં સંપૂર્ણ આકૃતિ તૈયાર થશે. પાંચ માસમાં તો ભૂખ અને તરસ લાગવાની શરૂઆત થાય છે. સાત મહિના ના ગર્ભ ને ત્યારે જ તૃપ્તિ થાય જયારે તેની માતા કશુંક ખાય છે. નિરાંત લખે છે:

'કડવું ખાયે તો કમકમે, ઘણો ઉદરમાં ભમે,
આઠ માસે ભૂખી માત, કૃમિ કરડે તારુ ગાત,
કદિ થાયે ગર્ભપાત, તો તો થઈ અજ્ઞાનની રાત.'

અને નવમેં માસે જીવ બહાર નિકળવાનું કરે છે. ઉદરમાં અહીં તહીં ધૂમી દ્વાર શોધે છે. એમ કરતા દશ માસ વિતે છે. ને માતાને ત્રાસદાયક અનુભવ થાય છે. પછી અકરમી કહી વખોડે છે. ને દુ:ખમાં આકુળ-વ્યાકુળ થઈ અહીં-તહીં ફરે છે. પદ ને અંતે નિરાંત કહે છે:

'તોય છૂટે નહીં તુંય, વળી વળી શું કહું હુંય,
નિરાંત પછીની કહું દશા, જો જો સુખમાં વસ્યા.'

પદ : ૬

પ્રસ્તુતપદ પાંચમાં પદના અનુસંધાનરૂપ છે. નિરાંત મહારાજ આ રવેણી દ્વારા કહે છે કે-

'આવે દાઈ મારેમાર, તોકો નહિ કોઈ ઉગાર;
મૂઢ દાઈ મિલીતો મારે, ચતુર હોયે તો ઉગારે.'

અહીં તત્કાલીન પરિસ્થિતિના કેટલાક સંકેતો પ્રાપ્ત થાય છે. એ સમયે દિકરીને દૂધ પીતી કરવાનો રિવાજ પ્રચલિત હતો તે સંદર્ભમાં આ કથાના સંકેતો જોઈ શકાય છે. નિરાંત કહે છે.

'જો પૂત રૂપે તું આવે, તો તો સબ બોલાવે,
પુત્રી રૂપે હોઈ, મોઢું મરડી રોઈ.'

જીવન ઊગારવા માટે દાઈ (પ્રસુતીમાં મદદરૂપ થતી સ્ત્રી) દોડતી આવે છે. પણ જો મૂઢમતી દાઈ મળી તો તો મારે. પણ જો ચતુર દાઈ હોય તો બચાવે. પુત્ર રૂપે તું હોય તો તો બધા જ બોલાવે. ને પુત્રીરૂપ હોય તો લોકોમુખ ફેરવી લેશે. પરંતુ પુત્ર હોય કે પુત્રી જન્મે ત્યારે તો નરક માં જ હોય છે. એ નરક માંથી દાઈ મુકત કરે છે. શ્રી નિરાંત અહીં શુકદેવનું દ્દષ્ટાંત પણ આપે છે. ને કહે છે કે જન્મ વખતે શુકદેવની શી સ્થિતિ હતી? એણે તરતજ ઈશ્વર નું નામ લીધું એ રડયા જ ન હતા. તમે એવા બની જાઓ. એવી સમજથીજ સંસારમાં તરી શકાય છે. પુત્રને સર્વે કોઈ રમાડે છે. જે આવે તે એને રમાડે તું ભૂખ્યો છે એ કોઈ નહીં જુએ. તું મૂંગો પડયો છે. તને મચ્છર કરડે છે. દાંત ન હોવાથી કોઈ ચટાડે તો તુરં ચાટે. બાળ સ્વરૂપે તું એટલો અશકત છે કે કોઈ સ્નાન કરાવે ત્યારે જ તું સ્નાન કરી શકે છે. ખવરાવે તો તું ખાઈ શકે છે. એવી તારી મૂંગી દશા હોય છે. તો પણ તું ભ્રમને જાણતો નથી તેને યાદ કરતો નથી. દિવસે દિવસે તું મોટો થાય છે. તને જોઈ માતા પિતા કહે:

'દિન દિન મોટા થાય, જોઈ રીઝે માય,
મેરા બાળા બડા થાય, એથી દુ:ખ તો જાય.'

બાળપણ રમતમાં પૂરું થાય. યુવાન થાય છે. ને રંગરાગમાં વ્યસ્ત થઈ જાય છે. સંતમહાત્મા દેવી દાસ પણ મહે છે:

'છોટી રે ઉમર તેરી બડા મન સૂબા રે,
જયોં રે લાગે સમંદરમાં લહરી રે,
ધિક્ ધિક્ જનમ તારો જાય છે અકારજ રે,
આયુષ ઘટે છે બંદા અવનશ તેરી રે,
બાલપણણુ તારું ખેલમાં ખોયું રે,

જાય છે જુવાની તારું તનડું હેરી,

વૃધ્ધ ભયોને અંગે આળસ આવી રે,

ભ્રષ્ટ થઈ બુધ્ધિ માનવ તોરી....રે.' ૭૮

(સતની સરવણી સંપાદક: નિરંજન રાજયગુરુ)

પદ:૭

પ્રસ્તુત પદ પણ આગળના પદ સાથે અનુસંધાન જાળવે છે. શ્રી નિરાંત મહારાજ અહીં આ કથામાં કહે છે કે યુવાનીમાં મદ્મસ્ત થઈને મહાલતા હોય છે. વસ્ત્રો પણ સુઘડ અને સ્વચ્છ રાખે છે. કહે છે:

'જવાની મે હોવે ઘેલા, નવ રખે અંગ મેલા,

વસ્ત્ર અછે અછે પેને, ડરાવ્યો ડરે નહીં શેલો.'

અહીં પણ સમાજની તત્કાલીન પરિસ્થિતિના સંકેતો પડેલા છે શ્રી નિરાંત મહારાજ કહે છે.

'મદ્યપાન જો પીવે, અજ્ઞાન કો પટ શીવે,

મેરા તેરા કરતા, આંહી તાંહી ફરતા.'

બાપુ સાહેબ ગાયકવાડ પણ કહે છે:

'દારૂ પીએ તે તો અવગતિ પામે,

ભૂત પ્રેતમાં જઈને ભળતો રે. ' ૬૪

(બાપુ કાવ્ય)

નિરાંત મહારાજકહે છે કે યુવાનીમાં મારું-તારું કરતો ફરે છે ને દિવાનો બની કોઈનું કશયું કાને ધતો નથી. માયાની જાળમાં તો એવો ગૂંચવાયો કે બહાર જ નિકળી ન શકે. આવો મહામૂલો અવસર છે. એટલે જે જાણવાનું છે તે જાણી લેવું જોઈએ સન્યાસીનો ધર્મ સ્વીકારીને ફરી કર્મમાં બંધાઈ જવું એ જ માયા છે. આ બાબતની તપાસ કરવી જોઈએ. પણ મનુષ્ય તપાસ કરવાને બદલે વૈરાગી બને છે. ધણી ધણી સાધના કરે છે. પણ પરમની પ્રાપ્તિ થતી નથી હે જીવ, તેં કાળ રૂપી કાકાને ન જાણ્યો. ને તેથી જાળપણ ન જાણી. નિરાંત મહારાજકહે છે:

'ધણા જોયા મરતા, તોય જાતે ના ડરતાં,

નિરાંત આવ્યો જાણો, કાળ રોજંદા પરાણો.'

એવા મેં ધણાને મરતા જોયા છે. તો પણ તેઓ કાંઈ વાતથી ડરતા નથી હવે નિરાંત આવ્યો છે. તેથી બાળને પ્રમાણો – જાણો

આ રીતે તત્કાલીન સમયમાં નિરાંત મહારાજેકેવું સામાજિક સુધારણાનું કાર્ય કર્યુ તે પણ અહીં જોઈ શકાય છે. જે સમયે વિજ્ઞાનનો વિકાસ નહદ્દોતો થયો. ત્યારે આ સંત આત્મજ્ઞાનથી ને ગુરુજ્ઞાનથી તત્ત્વની કેવી વાત કરી છે. !

પદ: ૮

આ બધી જ કથાઓ માં શ્રીનિરાંત મહારાજેગર્ભાધાન થી લઈ મૃત્યુ સુધીના જીવનનો એક આલેખ દોર્યો છે. પ્રસ્તુત કથા પદમો શ્રીનિરાંત મહારાજકહે છે.

'કાળે લીધો ઝડપી, મરતો ત્યારે કરપી,
નવ અપાયું કાંઈ જાણ, નવ ખરચાયું નિરવાણ,
આ તો લઈ ચાલ્યો કાળ, એવી પડી છે ફાળ,
પેલું કેમ ન જાણ્યું, બ્રહ્માનંદને નવ માણ્યું.'

આ છેલ્લી કથા ના પ્રારંભમાં આટલું કહી પછી તેનું વિવરણ કરે છે. કે, કૃપણ ને મૃત્યુ નજીક દેખાયું કાળે તેનો પંજો પ્રસારી દીધો છે. ત્યારે કૃપણને પસ્તાવો થાય છે. કે હું મનુષ્ય થયો ને નિર્વાણ શું છે ? એ ન જાણ્યું આહ ! કાળ તો મને લઈ ચાલ્યો. તે ધ્રજી ઊઠે છે. તેણે સમયને ને જાણ્યો બ્રહ્મને ન પિછાણ્યો. અંત સમજ થઈ છે. પણ હવે શું થાય ? સમય તો પસાર થઈ ગયો. બાળ કરાળ તેને લઈ ને ચાલ્યો. હાથમાં માળા રહી ગઈ, કોઈ યોગી હતા, કોઈ સન્યાસી હતા. નિરાંત મહારાજ કહે જ્છે કે જે નાના કહેવાય છે પણ છે સંત તેની વાત માની લે. ને મૃત્યુ પહેલાં તું નિશ્ચિત થઈજા તું જોઈલે સંતતો મોજ માણે છે. આનંદ કરે છે. નિરાંત મહારાજકહે છે:

'દુ:ખ ઉનકા દેખે, દયા ન લાવે રેખે,
જૈસી યાકી કરણી, તેસી પાર ઊતરણી.'

આ રીતે પોતાના જ કર્મથી માણસ સુખ દુ:ખ ભોગવે છે. તેવું અહીં ફલિત થાય છે. એવું દુ:ખ હે શિષ્યો તમે મનમાં ધરજો તમે જો આ કથા એક ચિત્તે સાંભળશો તો કયાંય ભટકવાનું રહેશે નહીં. આજે કથા પૂરી થઈ ગઈ છે. પણ વારંવાર સાંભળવી ગમે તેવી મથા છે. આ કથન તો મા નિમિત્ત છે. મારે તો અજ્ઞાનતાને દૂર કરી જ્ઞાન ની જ વાત કરવી છે. પદને અંતે નિરાંત મહારાજકહે છે:

'કથાકા નામ નિમિત્ત, ડારી અજ્ઞાનીકો ભીંત,
સમજયા આત્મા શુધ્ધ, સમજે હોવે બુધ્ધ,

ગ્યાનીકી બાત હે સેલી, સમજે નહીં મતિ ઘેલી,

નિરાંત નિરંજન જાને, વો તો વોહીકુ વિખાને.'

અહીં આપણને અખાકૃત અખેગીતા યાદ આવી જાય છે. તેમાં ઘેટાં રૂપી જીવ, ખાટકી રૂપી યમને જાણતો નથી તેનું સુંદર ઉદાહરણ આપવામાં આવ્યું છે. યુગે યુગે સંતો પ્રગટ થયા છે. ને લોકોને અજ્ઞાનતા માંથી બહાર લાવવાના પ્રયત્નો કર્યા છે. એ જેવી તેવી સેવા ન કહી શકાય.

નિરાંત પદો

અખા પછીની જ્ઞાનમાર્ગી કાવ્યધારા ને વહેવડાવવામાં નિરાંત નું ઘણું યોગદાન રહયું છે નિરાંત એક એવો જ્ઞાનમાર્ગી વિચારક છે, કે બાપુ સાહેબ ગાયકવાડ તેમનાપદો માં નિરાંત નો વારંવાર સન્માન પૂર્વક ઉલલેખ કરે છે બાપુ સાહેબ ધીરાતાગતના શિષ્ય હોવા છતા નિરાંતનું શરણું લીધુ હતું. એજ બતાવે છે કે, નિરાંત નો કેટલો પ્રભાવ હશે શ્રી નિરાંતે પોતાના કવનકાળ માં સંતવાણી સર્જી છે. આજે દોઢસો વર્ષ પછી પણ નિરાંતના પદ – ભજન ગુજરાત ભરમાં ગૂંજે છે. 'નિરાંત સંપ્રદાય' નામે જે પંથ છે, તેપણ એટલોજલોકપ્રિય છે.

ગુજરાતમાં સૌ પ્રથમ નરસિંહે ભકિતરસ થી સભર રચના ઓ આપી તે પછી મીરાં, અખો, પ્રિતમ , ભોજાભગત અને નિરાંતે આ પરંપરાને દ્દઢ કરી. આ મહાપુરુષોના અંતરતમ જે સ્ફૂટ થયું, તે સંતસાહિત્ય ને નામે ઓળખાયું તેમાં મધ્યકામળના જુદા – જુદા સાહિત્ય સ્વરૂપો પ્રકારો જોવા મળે છે'પદ' નામનો પ્રકાર ઘણો લોકપ્રિય રહયો છે. 'પદ' એટલે ઊર્મિ કાવ્ય, પદનું ઉત્પાદન ઊર્મિ છે 'પદ' શબ્દ સંસ્કૃત છે અને તે ચરણના અર્થ માં વપરાય છે. આમ પદનો અર્થ વિસ્તાર ચરણ કડીને તેનો સમૂહ પદ તરીકે ઓળખાવા લાગ્યો ડોલરરાય માંકડ પદને સ્વતંત્ર કાવ્યરૂપ ને માનતા તેને લઘુકાવ્યનો એક પ્રકાર ગણે છે. આ પદના બે વિભાગ પાડવામાં આવે છે: ભજનઅને કીર્તન. ભજનમાં ઈશ્વર સ્તુતિ અને પરમાત્માની રહસ્યમય ભવ્યતાનું નિરૂપણ જોવા મળે છે. અને કીર્તન એટલે ઈશ્વરના ગુણગાનનું વર્ણન ૮૨ / ૧૫– ડૉ. ગોહિલ

ભજન રચનાર ભકત કવિઓ છે. તેમની વાણી ને ભકતવાણી અથવા સંતવાણી કહેવામાં આવે છે. 'ભજનનો રચનાર ભકતકવિ સ્થૂળ ને વીંધી , સફળતાથી તેની પાર જઇ 'જડ' નચેતનરસ કરી જાણે છે. ભગવાન ના સાનિધ્યમાં સદાય અનંત ઓચ્છવ માણે છે. એ ખરેખરો તાદશીજન બને છે. તત્ જે પરમાત્મા તેના સદ્દશ આ જીવાત્મા બની જાય છે. એ પળો માં અદ્દભૂત સંવેદનને, એ પ્રભુદર્શનને અને તેના મહિમાને, મહિમાની પ્રોજજવલતાના પ્રમાણમાં તો ઓછી અધૂરી છતાંય કલાત્મક વાણી માં અવતારવા તે મથે છે. એવા મંથન માંથી જે પ્રવાહવતી પદ્યકૃતિઓ તેને હાથે

રચાય તેનેજ આપણે ભજન કહેવા જોઈએ.૪૪૮/૧૬-

ગુજરાતી સાહિત્યના સ્વરૂપો પ્રોમજમુદાર.

પદ કાવ્ય પ્રકારમાં એ મધ્યકાલીન કવિઓ માટે પોતાની ઊર્મિ ને અભિવ્યકત કરવા માટે નું નાનકડું -નાજુક એવું સાધન હતું તેના દ્વારાભકત કવિઓ પોતાના હ્રદય ની અભિવ્યકિતકરે છે.શ્રી નિરાંત મહારાજે અસંખ્ય પદોની રચના કરી છે.'મીરા પછીની પ્રેમ ભકિતનાં પદોની જે પરંપરા પૂર જોશમાં ખીલી છે. તે દયારામમાં પરાકાષ્ટા એ પહોચે છે પ્રીતમ ના પદો, ધીરાની કાફીઓ, નિરાંતના પદો, બાપુસાહેબનાપદો, ભોજાના ચાબખા, ભકિતજ્ઞાન ,વૈરાગ્યના પદો છે.'તેમાં ઊર્મિ કરતાં ચિન્તન વિશેષ છે.આખીયે જ્ઞાનમાર્ગી કાવ્યધારા વિચારપ્રધાન છે. એમાં કયાંક કયાંક તત્ત્વ દર્શનની કવિતાના સુંદર પદો આવી જાય છે.કબીરપંથી સંતો જ્ઞાન-યોગ-ની અનુભૂતિના પદો આપે છે.સ્વામીનારાપણ કવિઓમાં વૈરાગ્ય ને જ્ઞાનબોધ સાથે પ્રેમ ભકિતના પદોય ઉત્કૃષ્ટ છે. દયારામ પ્રેમભકિતની ઉત્કૃષ્ટ ઊર્મિ કવિતા રૂપ ગરબીઓ સાથે ભકિત -શાંત રસના ભજનો -પદો અને જ્ઞાનબોધની કાફીઓ રચી ગયો છે'.૮૩/૧૭-

(મધ્ય ગુજ.સાહિત્ય.)અશેષ પ્રકાશન.બહેચરભાઈ પટેલ.

શ્રી નિરાંત મહારાજે પણ દયારામની જેમ પ્રેમભકિતના ઉત્તમ પદો રચ્યાં છે.એમની ગરબીઓ પણ ઉર્મિથી સભર છે.સાથો સાથ જ્ઞાનભકિતના ને જ્ઞાનોપદેશના પદ-ભજનો રચ્યાં છે.તેઓ દયારામના સમકાલીન પણછે.ને એ રીતે દયારામની હરોળમાં ઊભા રહી શકે તેવા સક્ષમ જ્ઞાનમાર્ગી કવિ છે.

'આપણા જુના સાહિત્યનો અતિ અગત્યનો ભાગ તે પદો છે.નરસિંહ થી માંડીને ગઈકાલન અરજણ ભગત અને અનંતપદ સંગ્રહ ના લેખક સુધી બહુ ઓછા જ એવા કવિઓ થયા હશે.જેમણે પદ રચ્યાં નહીં હોય.' ૨૦૯ (અખો એક અધ્યયન )

શ્રી નિરાંત મહારાજે પોતાના પદો દ્વારા જ્ઞાન અને ભકિત નું પૂર વહાવ્યું.તેમના પદોમાં તત્કાલીન સામાજિક સંકેતો પડેલા છે.અઢારમી સદીના અંતના સમયમાં સામાજિક, ધાર્મિક જે દૂષણો હતા, તે અહીં નજરે ચઢે છે.અહીં કેટલાક પદો હિન્દીમાં રચાયેલા જોવા મળે છે.જેને આપણા વિદ્વાનો 'સધુકડી હિન્દી' પણ કહે છે.સાંસકારિક ક્ષેત્ર સમગ્ર દેશની ભાષા હિન્દી જ હોવાથી પદ સાહિત્યમાં માનવ હ્રદયના કેટલાક ભાવ, વિચાર અને ઉર્મિના ઉદ્દ્ગારો સર્વત્ર એક સરખા જોવા મળે છે.પરસ્પર સાધુ સંતોના સમાગમથી આ લાક્ષણિકતા પદ સાહિત્યમાં નિહિત થઈ છે.

આ પદ સાહિત્યની કેટલીક વિશિષ્ટતા એ છેકે, તેમાં શ્રી નિરાંત મહારાજના પૂર્વકાલીન સંત-ભકત કવિઓની અસર સ્પષ્ટ જોવા મળે છે.પદમાં કાફી, ગરબી, વસંત, ઝૂલણા,

ધુમાર, પ્રભાત, ધોળ ઈત્યાદિના આલેખનમાં સમકાલીન અને પૂર્વકાલીન ભકત કવિઓનું અનુસરણ જોઈ શકાય છે. પ્રેમ લક્ષણાત્મક પદોમાં ઍતેતો નિગુર્ણ નાવલીયાની જ વાત કરી છે. લોકકંઠે આ બધા પદો આજે પણ ગવાતા સંભળાઈ છે. પદકાર તરીકે નિરાંતનું એ જમા પાસું કહેવાય નિરાંત એટલે જ તો લોકપ્રિય છે. તેમાં સાધનાની પરાકાષ્ટા જોઈ શકાય છે. અનુભવની અનુભૂતિ ગહનતા છે. તમામ પદો નિર્ગુણાત્મક છે. પ્રેમલક્ષણાત્મક પદો ને અહીં વિરહ નિવેદન નામે પણ ઓળખાવ્યા છે. દરેક પદોમાં નિર્ગુણ બ્રહ્મ જ વિલસે છે. સાથો સાથ સૂફીઓની પ્રેમ મસ્તી અને વૈષ્ણ સંકીર્તનના પડાાો ધ્વનિ ધ્યાનાર્હ છે. જ્ઞાનમાર્ગના ભજન પ્રેમીઓ આજે પણ નિરાંતના પદો લલકારતા નજર ચઢે છે. એ જ તો નિરાંતની પ્રતિભાનું દ્યોતક છે.

સંત સાહિત્યમાં અખાના છપ્પાથી, દયારામ ગરબીઓથી, ભોજો ચાબખાથી, ધીરો કાફીઓથી એમ નિરાંત પદોની થી જાણીતા છે. આ પદોની નજાકત ધ્યાન ખેંચે છે. નિરાંત પદોની પ્રૌઢિ ધ્યાનાર્હ છે. નિરાંત એટલે જ શાંતિ, નિરાંત શાન્તિનો દેશ છે. તેમ પણ વિદ્વાનો કહે છે. ધાર્મિક દંભ અને બાહયાચારના આલોચક હોવા છતાં ઔચિત્યને ચૂકતા નથી.

'મન ફકીરી હાલ હજુરી, ધ્યાન ધનીશું લાગાહે,
ફેલ ફકીરી તનકી કહાવે, ગળે ગોદડી ધાગા હે.'

આવા અનેક પદો નિરાંતે રચ્યાં છે. તેમાં આક્રોશ નથીપણ રવિભાણ સંપ્રદાય ના સંતકવિઓની ભાવના છે. જે સંવેદન છે. તે અહીં જોઈ શકાય છે.

નિરાંતના પદોનું અવલોકન કરતાં જણાય છે કે, અખો જેમ છપ્પામાં ખીલ્યો છે, દયારામ તેમની ગરબીઓમાં તેમ નિરાંત પદસર્જનમાં સફળતા મેળવે છે. નિરાંત પોતાના પદોમાં ભજન, ધોળ, કાફી, ગરબો - ગરબી, ઝૂલણા વગેરે સ્વરૂપોનો પૅયોગ કર્યો છે. એક પદમાં બ્રહ્મનું આલેખન કરતાં નિરાંત કહે છે:

'રૂપ નહીં જેને ગુણ નહિ ને, નામ નહીં છે એવું રે,
કાંઈ નહીં ને સર્વે તેનું, વૃક્ષ બીજ છે જેવું રે.'

આમ, બ્રહ્મને કે જે અવ્યકત છે. તેને અહીં લાઘવતાથી શબ્દસ્થ કરે છે. નિરાંતમાં અનુભવસિધ્ધ જ્ઞાન અને બ્રહ્માનંદની મસ્તી છે. અગમ નિગમના ગીત કવિ છે.

શ્રી નિરાંત મહારાજે સાખીઓ, કુંડળિયા, ઝૂલણા, ધોળ, છપ્પા, કાફીઓ, વાર, તિથિઓ, બારમાસ, ગરબા-ગરબી, પ્રભાતિયાં ઈત્યિાદી પ્રકારના પદ રચ્યાં છે. પ્રેમલક્ષણા ભકિતના અહીં અનેક પદ મળે છે. તેની સંખ્યા પણ ઘણી છે. મૂળે તો તેઓ જ્ઞાનમાર્ગી જ છે. તેથી અખાની યાદ આપી જાય તે રીતે બયાન કરે છે.

'આદ અનાદિ અદ્વૈત સહુની ઉપરે,

સચરાચર માં સુત્ર મણી જેમ તાર.'

આ પ્રકારનો અદ્વૈતભાવ પદમાં ઘૂંટવો એ જેવી તેવી સિધ્ધિ ન કહેવાય. આપણે ત્યાં સંત ભકત વાણીના પદ ભાવવાહી રીતે ગવાતાં રહયા છે. એટલે પદમાં હૃદયની ઉર્મિ નહીં હોય તો તેનો અર્થ રહેતો નથી. શ્રી નિરાંતના પદો પરિપકવ અવસ્થામાં રચ્યા હોય એ પૂરતો સંભવ છે. કેકમકે તેમની રચનાઓમાં કટાક્ષ પ્રહાર હળવી રીતે કરવામાં આવ્યો છે. કેટલાક પદો હિન્દીમાં પણ છે. તેમની ભાષા બીજા ભકત કવિ કરતા સાદી, સરળ અને સહજ છે. ને તેમાં શાંત રસ વિશેષ ઝબકે છે.

## સલોકા

નિરાંત મહારાજે સાખી, છપ્પા, સવૈયા ની રચના કરી એ જ રીતે સલોકા કાવ્ય પ્રકાર પણ ખેડયો છે. 'સલોકા' એટલે 'શ્લોક' સામાન્ય રીતે ચાર ચરણનું પદ અથવા ટુક, અનુષ્ટુપ છંદનું પદ, સંસ્કૃત શ્લોક ઉપરથી શ્લોકતે અને શ્લોકયતિ એમ બે ક્રિયાપદો બને છે. કવિતા દ્વારા પ્રશંસા કરવી એવો અર્થ થાય છે. રઘુવંશ માં (સર્ગ ૧૪, શ્લોક ૭૦) 'श्लोकश्वमापद्यत यस्य शोकः।' એટલે ક્રૌંચવધને જોઈને વાલ્મીકિ નો શ્લોક રૂપે પ્રથમ વહયો, અથવા 'शौकः श्लोकत्त्वमागतः' એમ રામાયણને આધારે વર્ણવાયું છે. એ ઉપરથી વિશિષ્ટ પ્રકાર ની પદ્ય રચના, સ્તુતિ, કીર્તિ એવો એનો અર્થ થયો. સમાસને અંતે શ્લોક પદ આવવાથી એનો અર્થ કીર્તિ તથા યશ થાય છે. ઉદાહરણ તરીકે 'સુશ્લોક', 'પૂણ્યશ્લોક' વગેરે. ૧૩૧

(ગુજરાતી સાહિત્યના સ્વરૂપો પ્રો. મંજુલાલ ર. મજમુદાર પ્રથમ આવૃતિ ૧૯૫૪)

પદબંધ, ચોપાઈનો છે 'સલોકા' એ 'શ્લોક'નું અશુધ્ધ રૂપ છે પ્રશંસાનું ગીત એવો એનો અર્થ થાય છે. ૧૩૩

(ગુજરાતી સાહિત્યના સ્વરૂપો પ્રો. મંજુલાલ ર. મજમુદાર પ્રથમ આવૃતિ ૧૯૫૪)

મધ્યકાલીન ગુજરાતીમાં 'રણછોડજીના શલોકા' અથવા 'બોડાણાનું આખ્યાન' એ શામળભટ્ટની રચના છે. અહીં કોઈ ઠેકાણે સલોકા એવો શબ્દ આવતો નથી. શામળ ભટ્ટે 'રૂસ્તમનો સલોકો' અથવા 'અભરામકુલીનો શલોકો' ની પણ રચના કરી છે. એજ રીતે ગંગાદાસ ભવાની એ ભાણનો સલોકો કહયો છે. ૧૪૦ પાદરાના ભાણ ઠાકોરને ઉદ્દેશીને સલોકામાં ભાણ નું નામ જોડયું જણાય છે. એ જરીતે નેમજી નો સલોકો જે કવિ ઉદયરત્ને રચ્યો છે. કવિ શામળા ભટ્ટના એ સમકાલીન છે. ૧૪૧ પ્રસ્તુત સલોકામાં નેમ-રાજુલનો પ્રસંગ આલેખાયેલો છે. સલોકાના આ યુગમાં શ્રી નિરાંત મહારાજે સાંખ્ય અને યોગના 'ઐકયનો સલોકો' રચ્યો છે. એમાંયમ, નિયમ, તથા તેના

ભેદ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ વગેરેની સમજ આપી છે. ને સાંખ્યના સલોકામાં જડ તથા ચૈતન્યનું સ્વરૂપ વર્ણવી પછી તેમના યોગથી જગત ઉત્પન્ન થયું છે તેમ કહે છે. ચૈતન્ય પુરૂષ અને જડ પ્રકૃતિના યોગથી મહતત્ત્વ ઉત્પન્ન થયું. મહતત્ત્વથી અહંકાર થયો, એ અહંકાર ત્રણ ગુણમય ત્રણ પ્રકારનો થયો. તામસ અહંકારથી પંચમહાભૂત અને તેના કાર્ય થયાંતામસ અહંકારથી પંચમહાભૂત અને તેના કાર્ય થયાં. રાજસ અહંકારથી ઈન્દ્રિયોઉત્પન્ન થઇ. સાત્ત્વિક અહંકારથી બુધ્ધિ આદિક અંતઃકરણ થયાં. ત્રણ ગુણવાળા અહંકારથી એવું સ્થૂળ શરીર ઉત્પન્ન થયું. તેના અંગે ને તેના દેવતાઓ વગેરે કરીને પછી શૂક્ષ્મ શરીર, કારણ શરીર, જાગૃત આદિ અવસ્થા ઓનું વર્ણન કર્યુ છે. એ સર્વથી આત્માભિન્ન છે. માટે તે જ સત્ય છે. એમ છેવટે પ્રતિપાદન કર્યુ છે.

જે લોકો જ્ઞાન માર્ગને વરેલા છે. તેવા સાધકો ને ઉદ્દેશીને નિરાંત કહે છે:

'સુણો શ્લોકો સાધુ લોકો,
સંત મહંતો શુદ્ધ કરી ચંતો.'

યોગ અને સાંખ્યની વાત ગૂઢ અને રહસ્યમય છે. તે સમજવી સામાન્ય માનવી માટે અઘરી છે. વળી જેને સાંખ્ય કે યોગની વિદ્યાનું પૂરુ જ્ઞાન નથી તેવા લોકો પણ ગુરુ બની અશિક્ષિત પ્રજાનું શોષણ કરતા હતા. ને તેથી જ નિરાંત કહે છે:

'વૃત્તિ ભોળી, નાખ્યા બોળી,
કે યોગ મોટો, બીજો કે ખોટો.'

શ્રી નિરાંત કહે છે કે જયાં સુધી પૂર્ણજ્ઞાન ન થાય ત્યાં સુધી આ આ વાતનો અંત આવવાનો નથી તેથી ચેતવણી આપતા કહે છે.

'ભેદ ભૂંડા, સમજે રૂડા,
તેને સાચું, નિરાંત રાચું.
યોગની વિદ્યા, કં ન નિંદ્યા,
સહુને વંદ્યા, કોઈ ન નંદ્યા.'

આ વિદ્યા સૂક્ષ્મ, ગૂઢ હોવાથી વહેતી આવતી વાતોને વળગી રહેવું ન જોઈએ જાતે જ તેનું જ્ઞાર્જન પ્રાપ્ત કરવું જોઈએ.

જાણો જાતે, વળગો ન વાતે,
યોગ પેલો, નિરાંતે મેલ્યો.

પ્રારંભિક આટલી વાત કરીને તરત જ યોગ ના વિષયમાં કરે છે. યોગના સલોકાની જેમ જ અહીં પણ, સંત, મહંત ને ઉદ્દેશી નિરાંત કહે છે:

સુણો શ્લોકો સાંભળો લોકો, બેઠા સંતો વળી મહંતો,
ચિત્ત એક રાખો, કાંઈ ન ભાખો, મનમાં રાગો ઉંઘ થી જાગો.
ભ્રમ થી ભાગો, ટળે જે ડાઘો, જોઈતું માગો, સુણવા જાગો,
કથા છે સારી ભ્રમ નથી ભારી, છોકરાં શીખો, ઘર ઘર નવ ભીખો.

આ રીતે પીઠિકા બાંધીને સાંખ્યની સૂક્ષ્મ વાતો આ સલોકામાં કરી છે.

અવતાર ખંડન:

જ્ઞાનમાર્ગી સંતકવિઓએ સમાજની વિષમતા, નિર્મમતા અને અમાનુષિતા પ્રત્યે આંખ આડા કાન કર્યા નથી. અન્યાયી સમાજ વ્યવસ્થા, રૂઢિઓ, માન્યતાઓ, કર્મકાન્ડ, અંધશ્રદ્ધા સામે તેઓએ બંડ પોકાર્યુ છે. કહો કે એક જાતનું યુદ્ધ છેડયું છુ. સંતપરંપરાની એ લાક્ષણિકતા પણ બની રહી છે. જ્ઞાનમાર્ગી કોઈ પણ કવિએ મૂર્તિપૂજા કરવાની અનુજ્ઞા આપી નથી. ભગવાન બુદ્ધ પણ મૂર્તિપૂજાના વિરોધી રહયા હતા. તે પછી ગોરખ, કબીર અને તે પછીના સંતકવિઓ મૂર્તિ પૂજાની વાતને સ્વીકારતા નથી. સોરઠી સંત વાણીમાં ઝવરેચંદ મેઘાણી લખે છે: એ વાણી સાંભળતા પ્રશ્ન થાય છે કે આધુનિક કયો સુધારક આથી વધુ ચોટદાર પ્રહાર મૂર્તિપૂજાના અતિરેક પર કરી શકયો હોત ! ૧૬ / ૨૦ (સોરઠી સંત વાણી)

'એ જી, મનષા માયાલીજી રે,
ગોરખ, જાગતા નર સેવીયેં,
જાગતા નર સેવીયે,
તુંને મળે નિરંજન દેવ - મનષા.
પથ્થર પૂજયે હર મિલે તો,
મેં બી પુજું પ્હાડ જી,
ઓહી પહાડકી ચકકી બનત હૈ,
પીસ પીસ જગ ખાત - માનષા.' ૧૬

- ગોરખ (સોરઠી સંતવાણી - ઝવેરચંદ મેઘાણી)

ગોરખની જેમ કબીર પણ હિન્દુધર્મના બાહયાંડબર ક્રિયાકાન્ડ, વ્રત, પૂજા-પાટનો વિરોધ કરે છે. મૂતિૃપૂજા અને યજ્ઞ જેવા બાહયકર્મની નિંદા કરે છે. ૧૯૮

(સતસાહેબની સરવણી નાથાલાલ ગોહિલ)

'મસ્જીદ ભીતર મુલ્લા પુકારે કયા સાહેબ તેરા કબહિરા હૈ ?
ચિંટી કે પાંવ નૈપુર બાજૈ સો ભી સાહેબ સુનતા હૈ.

પંડીત હોય કે આસન મારૈ લંબી માલા જપતા હૈ

અંતર તેરે કપટ કતરની સોભી સાહેબ લખતા હૈ. '-૧૯૯

( સતસાહેબની સરવણી નાથાલાલ ગોહિલ )

ગીતામાં પણ શ્રીકૃષ્ણ કહે છે કે 'હું અજન્મા છું .હું કયાંય જન્મ ધારણ કરતો નથી મારું મૃત્યુ પણ નથી હું અજર, અવિનાશી છું.'એ જ સંદેશને સંતવાણી પણ ઝીલે છે. શ્રી નિરાંત નિર્ગુણમાર્ગી છે. જ્ઞાનમાર્ગના પ્રવાસી છે. હિન્દુધર્મમાં આસ્થા, શ્રધ્ધા રાખનારઓ માને છે કે, ઈશ્વર અવતાર ધારણ કરે છે. આશ્ચર્યતો એ થાય છે કે કયાં ગીતા સંદેશ અને કયાં અવતાર વિશેની માન્યતા. ઉત્તરધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર ! શ્રધ્ધાળુ માને છે કે ઈશ્વર અવતાર ધારણ કરે છે ને દીન વહારે આવે છે. શ્રી નિરાંત મહારાજેતે સમયમાં પણ એવા ધૂતારા ઢોંગીઓ ગુરુ બની લોકોનું શોષણ કરી રહયા હતા આવી અસહય સ્થિતિનું નિર્માણ થતાં એકલ દોકલ સંખ્યક દંભીઓ પ્રતિ શું કરી શકે? એટલે તેઓ એ શબ્ખના માધ્યમથી મૂર્તિપૂજા, કર્મકાન્ડ અને અવતારોનો વિરોધ કરવાનું ચાલુ રાખ્યું. શ્રી નિરાંત મહારાજે દશ અવતારનું ખંડન કર્યુ છે. જે નીચે પ્રમાણે છે:

| | |
|---|---|
| (૧) વારવહ અવતાર | (૬) બલરામાવતાર |
| (૨) મત્સ્યાવતાર | (૭)કૃષ્ણાવતાર |
| (૩)કચ્છાવતાર | (૮) રામ અવતાર |
| (૪) મોહિનીરૂપ | (૯) પરશુરામાવતાર |
| (૫) નૃસિંહવતાર | (૧૦) વામનાવતાર |

(૧) વારાહઅવતાર

દશે દશે અવતાર ખંડનના પદોની રચના જોતાં તે દરેક પદ દશ પંકિતઓનું છે. ને રામગ્રી રાગમાં રચાયાં છે. પ્રથમ વારાહવતાર પદમાં નિરાંત કહે છે:

'ભૂંડ પૂજે મુર્ખજન, પુરાણ નું દઈ પ્રમાણ,

નરક ખાઇ નરકે સૂવે, એ તો છે સહુજા ણ'

બાપુ સાહેબ ગાયકવાડ પણ એક પદમાં કહે છે:

'પુરાણ લખે વરસ થયા ટાંડો રે,

રાખે વિશ્વાસ તેના પર ગાંડો રે.' ૧૭૨ (બાપુકાવ્ય)

અવતાર ખંડન ની વાત કરતા શ્રી નિરાંત કહે છે કે: -

'વાત કેવી અવતારની, સુણો શ્રોતા આજ,

નિંદા તો નવ મેં કરું, લાગુ ગુરુ કો લાજ'.

મારે સત્યની જ વાત કરવી છે. તમારૂં મન માનવાની ઈચ્છા કરે તો માનજો. એમ કહી પુરાણ નો સંદર્ભ ટાંકે છે. ને કહે છે કે 'તેમાં આ વાત લખાયેલી છે. પૃથ્વીનો જેણે ઉધ્ધાર કર્યો છે. તે વરાહ અવતારની વાત પુરાણમાં છે. વરાહ પશુ છે ને તેની પંકિત ભૂંડની છે'. પુરાણ કહે છે કે 'પરમાત્માએ ભૂંડનું રૂપ લીધું.' મુર્ખલોકો ભૂંડનું પૂજન કરે છે. તે માટે પુરાણનું પ્રમાણ પણ આપે છે. પણ ભૂંડનો ખોરાક નરક છે ને ત્યાં જ સૂએ પણ છે. દરેક માણસ આ દૃશ્ય જોય છે. છતાં પણ તેનું પૂજન કરવું ? એ કેટલું અજ્ઞાન કહેવાય. પુરાણ શાસ્ત્ર ખોટું નથી. ઈશ્વર સર્વત્ર રહેલો જ છે. તેનું જ માત્ર એ દષ્ટાંત છે. આ સૂક્ષ્મ વાત ને સમજવી જોઈએ.

(૨) મત્સ્યાવતાર

મત્સ્યાવતારની કથા પણ શાસ્ત્રમાં છે. તેથી એવી માન્યતા પ્રવર્તી કે ઈશ્વરે મત્સ્ય અવતાર ધારણ કરેલો મુનિ દયાળું હતા. તેણે મત્સ્યને પાળ્યું. દિન-પ્રતિદિનએ મચ્છ વધવા લાગે છે. ધડામાં ન સમાવાથી તેને તળાવમાં આશ્રય આપે છે. પણ તે મત્સ્ય તળાવથી પણ મોટો થયો તેથી તેને નદીમાં નાખવામાં આવ્યો. તેનાથી પણ તે મત્સ્ય મોટો થયો પછી તેને સમુદ્રમાં લઈ ગયા. ત્યાં પણ તે વિરાટ રૂપ થયો. નિરાંત કહે છે કે આવી વાત કરતા પણ મને શરમ સંકોચ થાય છે. લોકો માને છે કે એ મત્સ્યરૂપ ભગવાન હતા. લોકો તેને ભજવા લાગ્યા. પણ જે જ્ઞાની છે તે આવી ઉટપટાંગ વાત માનતો નથી અર્થાત્ તેમાં વિશ્વાસ કરતા નથી શ્રી નિરાંત કહે છે:

'પણ પૂજાને પાત્ર નહીં, બિના સદ્ગુરુ જાત,

નિરાંત બ્રહ્મ માનો વૃથા, ખોટી જાતને ભાત.' ૨૮૦

(૩) કચ્છાવતાર

કચ્છાવતારની વાત પણ શાસ્ત્રોકત છે. દેવો અને દાનવો મળે છે. વાસુકિ નાગનું નેતરું કરે છે, ને પર્વતનો રવૈયો . જ્ઞાનીઓ માટે તો આ એક સંકેત છે. સંજ્ઞા છે. પરંતુ અજ્ઞાનીઓ તેને દેવ માની ને પૂજે છે. શ્રી નિરાંત કહે છે કે બ્રહ્મરૂપને છોડીને લોકો કાચબાને પૂજે છે. લખે છે:

'નિરાંત સમજે નામ કુ, વો પામે નિરવાણ,

કાચબા કો પૂજે નહિં, કરે આત્મ વિખાણ.' ૨૮૧

(૪) મોહિનીરૂપ

દેવ-દાનવ મળી અમૃત મંથન કર્યુ દાનવો અમૃત લઈ જાય છે. ત્યારે દેવોએ પરમાત્માની સ્તુતિ કરી પરમાત્મા પ્રગટ થયા. નારી રૂપ ધારણ કરી મોહિનીરૂપે દાનવોને છેતર્યા

એવી વાતો મૂંઢ મતિઓ કરી રહયા છે. જ્ઞાની તો બધુ સમજે છે. મૂરખ છેતરાઈ છે.

જ્ઞાની સમજે સર્વતો, મુરખ ખતા ખાય,
બ્રહ્મ તણું કહી રૂપ છે, જો નારી લખાય. ૨૮૧

(૫) નૃસિંહાવતાર

હિરણ્યકશિપુ ને મારવા ઈશ્વરે નૃસિંહ અવતાર ધારણ કર્યો હતો. પ્રહલાદને ઉગારવો હતો. આજે પણ લોકો તેની પૂજા કરી રહયા છે. પણ પ્રત્યક્ષ ન હોવાથી ચિત્રની પૂજા કરે છે. જ્ઞાની જ્ઞાનમાં સમજે છેશ્રી નિરાંત કહે છે કે પ્રહલાદની ભકિત અને તેની મહત્તાને વિસારે પાડીને લોકો ચિત્રને પૂજે છે. હાસ્યાસ્પદ બાબત છે નામ ના મહિમાને જાણ્યયા વિના લોકો અજ્ઞાનતામાં અથડાયા કરે છે. અહીં આ સંદર્ભમાં શ્રી રવિ સાહેબનું એક યાદ આવી જાય છે. તે કહે છે:

જેમ વાઘ ચિતર્યો ચિત્રકારે,
એ દેખીને હરણા બિના.

(૬) બળરામ અવતાર

શ્રી નિરાંત કહે છે કે લોકો બળરામને ઈશ્વરના અવતાર માને છે. પણ બીજાને ઘેર તેનો ઉછેર થયો છે તેણે શું પાપ કર્યા હશે. ?! તેનો ક્રોધ જગજાહેર છે ને મદિરા વિના તેને કશું ગમતું નથી. અહીં નિરાંત પ્રશ્ન કરે છે કે જે કોઈ તેને પૂજે છે તે બતાવે કે બ્રહ્મને એવા બંધન શુ કામ ? બ્રહ્મને ક્રોધ પણ હોય શકે ?! બ્રહ્મના અવતારની કડાકૂટ મુકશો તો જ આત્મારામ મળશે. શુધ્ધ વિવેક હોય તો જ બ્રહ્મની પિછાણ થાય.

અવતાર બ્રહ્મની બલા ઊતારો, મળશે આત્મારામ,
શુધ્ધ મને તો જુઓ નિહાળી, આપો આપ થાય કામ. ૨૮૩

અહીં કબીરની વાણી યાદ આવી જાય છે. કબીર કહે છે.

જીવિત બ્રહ્મકો કોઈ ન પૂજૈ,
મુરદાકે મહેમાની. ૧૫

(કબીર: ક્ષિતિમોહન સેન અનુ. મોહનદાસ પટેલ)

જીવતા બ્રહ્મને કોઈ પૂજતું નથી – બધા જ મૃત દેવતાઓનો આદર કરે છે.

(૭) કૃષ્ણ અવતાર

સદીઓથી કૃષ્ણ ભકતો કૃષ્ણની લીલા ગાય રહયા છે. કંસ આદીથી ડરીને મથુરા છોડી ગોકુળ ગયા. અતિવૃષ્ટિમાં લોકોનું રક્ષણ કર્યુ ગોકુળમાં પુતના અને બીજા રાક્ષસોનો સંહાર કર્યો. એ

કાર્યો તેવો એ સારુ કર્યુ છે. ગોવર્ધન ધારણ કર્યો, ગાયોચારી એ પણ ઠીક જ થયું, નાગને વશ કર્યા તે પણ સારુ કર્યુ, પણ ગોપીઓ સાથે ક્રિડા કરે એ તો અદ્‌ભૂત છે. પરબ્રહ્મે કેવું વિષયવાસનાનું તૂત ચલાવ્યું કંસને મારીને આ પરમબ્રહ્મ ભાગતા ફરે છે. વળી, એ બ્રહ્મ છળ કપટ પણ કરે છે. બધા જ ભકતો કૃષ્ણના ગુણગાન ગાય છે. કેમ કે મોરલી વાળો રંગીલો છે. કૃષ્ણ વિષયક પદનું ગાન રોજે થાય છે. પણ આત્મારામ ને કોઈ ઓળખતું નથી. સંત એવું કરતા નથી. એ તો પોતાના બ્રહ્મરૂપ નું જ ગાન ગાય છે. શ્રી નિરાંત કહે છે કે, તેને કોઇ પૂજે કે માનતા માને મને કોઇ પરિતાપ થતો નથી. મને તો નિરંજન મળ્યા છે. ને ભ્રાંતિ દૂર થઈ છે.

(૮)રામ અવતાર

મહાપ્રભુ તો શ્રીરામ છે. તેના અનેક તિર્થ સ્થાનો છે. એ મહાપ્રભુને એક પત્નિ વ્રત છે. જનક પુત્રી સીતા સાથે તેણે વિવાહ કર્યા હતા. રાજાના કુંવર હોવા છતાં તેને રાજય મળ્યું ન હતું. દૃષ્ટ લોકોને તેણે માર્યા હતા. પત્નિ સીતાનું રાવણ હરણ કરી ગયો હતો. રાવણને મારવા વાંદર સેનાનો સંપર્ક કર્યો. વાંદર સેનાએ સમુદ્રમાં પથ્થરથી માર્ગ બનાવ્યો રાવણ બ્રાહ્મણ હતો. બ્રાહ્મણની હત્યા કરીને વિભિષણને રાજય સોપ્યું. મરેલા વાંદરાને જીવતા કર્યા પણ રાવણ જીવતો ન થયો. આ પરિબ્રહ્મના ભાઈ મુર્છા પામ્યા હતા. લડાઈ કરી ઘરે પાછા આવ્યા. સીતાને લોકોના મેણા સતત સાંભળવા પડયા. તેથી સીતાને દૂર કરી. સીતા ગર્ભસ્થ હતી. પણ બ્રહ્મને દયા ન આવી વનમાં મોકલી આપી. સીતાએ વનમાં બે પુત્રોને જન્મ આપ્યો. શ્રી નિરાંત કહે છે કે: તમે જીવતથાને જય માનો. સંત પરંપરાના જતી ગોરખ પણ કહે છે.

જાગતા નરને સેવીએ, મળે નિરંજન દેવ.

અહીં શ્રીનિરાંત કહે છે કેજે માણસ નારસી માટે રડે તે શું-મુકિત આપે ? તમે કહો તમારા ભીતરના રામને હું બતાવું. મને તો નિરંજન મળ્યા છે. ને હું તેના ગુણ ગાઉ છું.

કબીર સાહેબનું કહેવું છે

'સિરજનહાર ન વ્યાહી સીતા
જલ પખાન નહિં બંધા !
વૈ રઘુનાથ એક કૈ સુમિરે
જે સુમિરે સો અંધા' ૧૬

(કબીર બીજક કબીર: ક્ષિતિ મોહન સેન અનુ. મોહનદાસ પટેલ )

અથવા

'દશરથ સુત તિહૂ જાના,

રામ નામ કા મર્મ હૈ આના.' ૧૬

(કબીર બીજક કબીર: ક્ષિતિ મોહન સેન અનુ. મોહનદાસ પટેલ)

## (૯) પરશુરામ અવતાર

નિરાંત મહારાજ પ્રસ્તુત પદમાં કહે છે કે, પરશુરામનો મહિમા લોકો ગાય રહયા છે. જ્ઞાની પુરૂષ જમદગ્નિ ના એ કુમાર છે. પૃથ્વી ઉપરનો ભાર ઉતારવા તેણે એકવીશ વખત પૃથ્વીને નક્ષત્રી કરી. બ્રહ્મના એવા કામ ન હોય! બ્રહ્મ દયાહીન ન હોય ! આ ફરસી ધરને સુંદર શ્યામ માની ને લોકો તેની પૂજા કરે છે. હત્યારાથી તો જ્ઞાની અળગા જ રહે છે. તેના નામ સ્મરણ થી પણ પાપ લાગે છે. ને આવ્યકિતઓ અનેક રાજાઓનો સંહાર કર્યો શું કહેવું ? બ્રાહ્મણ મારવા કરતાં પણ રાજાને મારવો એ મોટું પાપ છે. રુધિરમાં બેસીને ક્રિયાઓ કરી, ને શ્રાધ કર્યુ જેણે માતાને મારી તેને કોણ સાધુ કહે ? તેને શા માટે બ્રહ્મ કહેવા ? તમે માત્ર આત્મારામને ઓળખો . જેથી બધાજ સંતાપ શમી જાય. નિરા:ત પરને અંતે કહે છે:

માનો કે ન માનો મારુ, પૂજો એસા આપ,<br>
ખરીથી સો કહી બતાઇ, બાત પૂણ્ય કે પાપ, ૨૮૬

## (૧૦) વામન અવતાર :

પ્રસ્તુતપદમાં શ્રી નિરાંત કહે છે કે વામનજી નો અવતારજાણે કે છેતરવા માટે થયો છે. ઈન્દ્રનું બધુજ હરી લીધું કશ્યપ ઋષિનો તે પુત્ર. ઉપવિત ધારણ કર્યા પછી તે પાવન થયા. પરિબ્રહ્મને જો કપટ કરે તો એથી વિશેષ શું બાકી રહયું ! કપટ કરવા એણે રૂપ લીધું નાના બાળક બની ને બલિરાજા ને છેતરવા - છળવા ચાલ્યા દાનવીર રાજાને વચનના બંધનમાં બાંધી લીધા બલિરાજાના ગુરુએ ધણીના પાડી, પણ રાજાએ ગુરુના વચનને ઉથાપ્યું વામ ને વિરાટ રૂપ ધારણ કર્યુ ત્રણ પગલા ભરી લીધા. જેમ વેપારી આપવા - લેવાના ત્રાજવા જુદા રાખે તેમ આ પરિબ્રહ્મે પણ કર્યુ બલિરાજા પાસે જે માગ્યું તે આપ્યું છતાં તેને બાંધી લીધો. હે લોકો, તમે તેને પરિબ્રહ્મ માનો કે પછી ન માનો મને કોઈ વાંધો નથી જે કૂડા કામ કરે છે તે બ્રહ્મ ન જ હોય અમને તો એ ગમે જ નહીં અમે પૂજા પહોંચાડીએ છીએ પેટ નામની દુકાનમાં . મને તો નિરંજન મળ્યા છે. તે ભગવાન ન જોઈએ

કુડે કર્મે એ નવ ભેટે, તે કહે કૂડાં કામ,<br>
અમને તો એ રુચે નહીં, કેવા આત્મારામ<br>
પૂજા પણ અમે પૂરી પો ચાડું, પેટ તણી દુકાન,

નિરાંત ને નિરંજન મળ્યા, ન જોઈએ એ ભગવાન. ૨૮૭

કબીર પણ કહે છે.

ભકિત સબ કોઈ કરે, ભરમ ના ટરે,
ભરમ જંજાલ દુઃખ દુંદ ભારી,
બ્રહ્મ ચિન્હે નાહિં,
ભરમ પૂજત ફરે. ૨૫/૨૩

(કબીર : ક્ષિતિ મોહન સેન અનુ: મોહનદાસ પટેલ)

શ્રી નિરાંત મહારાજે અહીં જે અવતાર ખંડન નામની કૃતિ આપી છે. તેમાં ઈશ્વરના દસ અવતાર વિશેની ચર્ચા છે. ઉપલક દષ્ટિએ. આપણને આ ચર્ચા ખંડનાત્મક જરૂર લાગે પણ સૂક્ષ્મ રીતે જોઈએ તો તેમાં તત્કાલીન સમાજનું પ્રતિબિંબ દેખાશે. હજારો વર્ષ પહેલાં આપણે ત્યાં વેદ-ઉપનિષદ્, ગીતા, રામાયણ, મહાભારત આમ અનેક શાસ્ત્રો રચાયાં. તેમાં પરમનું જ જ્ઞાન છે. પણ લોકો શિક્ષિત ન હોવાથી અને લેભાગુ ધર્માચાર્યા ના પાખંડને સમજી ન શકવાથી તથા પંડિતોની હબ્દજાળમાં ફસાઈને તત્કાલીન લોકો ગમે તે દેવી-દેવતાઓની પૂજા-અર્ચના કરતા હતા. ધર્મના ભેખધારીઓ એ ધાર્મિક પ્રજાનો પૂરો લાભ લીધો. તેવા સમયે શ્રી નિરાંત મહારાજને આ પ્રકારની ખંડનાત્મક વાત કરવી પડી હશે. તેને જે સત્ય સમજાયું તે સત્ય લોકો સુધી પહોંચાડવા માટે તેઓને આ પ્રકારની વાત કરવી પડી. ધર્મમાં અરાજકતા જયારે પ્રવેશ છે. ત્યારે સંતો સમાજમાં સતત ફરતા રહી જ્ઞાનની વાતો કરતા હોય છે. એક રીતે સંતો તતકાલીન સમાજના લોકશિક્ષક હતા. લોકો સ્વધર્મને જાણતા ન હોવાથી લોકધર્મમાં રત રહી લડાઈ, ઝધડા, ઈર્ષા, હું, તું ના ભેદ ઈત્યાદિમાં રહીને માનવ અવતારને વેડફી નાખે છે. નરસિંહ પણ કહે છે કે:

જયાં લગી આત્મા તત્વ ચિન્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ ભૂંડી,
માનુષી દેહતારો એમ એળે ગયો,
જેમ માવઠાંની વૃષ્ટિ વૃઠી.

-નરસિંહ

એજ રીતે કબીર પણ કહે છે:

સાધો દેખો જગ બૌરાના
સાઁચ કહો તો મારન ધાવૈ

ઝૂઠે જગ પતિયાના .

હિન્દુ કહત હૈ રામ હમારા,

મુસલમાન રહીમાના,

આપસ મેં દોઉ લડ મરત હૈ,

મરમ કોઈ નહીં જાના. ૫

(કબીર ક્ષિતિ મોહન સેન અનુ: મોહનદાસ પટેલ)

આ રીતે નિરાંત મહારાજે પણ સંત પરંપરાને જીવંત રાખી તત્કાલીન સમાજની ધાર્મિકતા ઉપર પ્રહાર કર્યા છે. ને સત્ય કહેવા માટે ભલે ગમે તે ભોગ આપવો પડે તો આપવો. એવી નેક ટેક સાથે સત્ય વાતનું પ્રતિપાદન શ્રી નિરાંત કરે છે.

## નિરાંતકૃત કવિતાનું વિષયગત વિભાજન:

સંત ભકત કવિઓ એ સામાજિક તાણા વાણાને સુંગધિત કરવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિ ક્ષેત્રે તેઓનો ફાળો અનન્ય છે. પોતાને જે દર્શન લાધ્યું, તેનું લિખિત સ્વરૂપે બયાન કર્યુ છે. એટલે સાહિત્ય ક્ષેત્રે પણ તેઓનો ઘણો ફાળો રહયો છે. સાહિત્ય અને જીવન પરસ્પરાવલંબી છે. એક વિના બીજુ અધુરુ છે. સાહિત્ય જીવન માંથી જ સર્જાતું હોય છે. માટે તે જીવનમાં ઉપયોગી બને છે. સાહિત્ય માનવને માનવતાના પાઠ શીખવે છે. એ રીતે માનવ જાતની સાંસ્કૃતિક સેવા પણ થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ના લેખક ડો. બહેચરભાઈ પટેલ તેથી જ કહે છે કે 'મધ્યકાલીન ભકતો, સંત, જ્ઞાની, કવિઓતો આપણી સંસ્કૃતિના વિવેક વણજારા છે. તેમનું જીવન કવન સાંસ્કૃતિક વિશેષતાથી ઝળહળે છે. તેઓ સદાય સમાજ જીવનમાં સાંસ્કૃતિનો પ્રકાશ પાથરતા રહયા. તેમની સત્ ની વાણીમાં સંસ્કૃતિની સુવાસ છે.'

(મધ્ય ગુ.સા. પ્રાસ્તાવિક પાના નં. ૯)

નિરાંતકૃત કવિતા શીર્ષક સ્પષ્ટ કરે છે કે નિરાંત ની લખેલી કવિતા . કવિતાનું સર્જન કવિઓ જ કરતા હોય છે. તેથી આપણે નિરાંતને પણ કવિ કહીશું. તો અતિશયોકિત નહીં કહેવાય. આચાર્ય શ્રીઆનંદશંકર ધ્રૂવ કહે છે :'આપની વિદિત છે કે આપણો પ્રાચીન સંપ્રદાય ધીરો, ભોજો વગેરેને કવિ ન કહેતા ભગત = ભકત કહેવાનો છે. આપણે હવે એમને કવિ કહેવા લાગ્યા છીએ. એ કેટલું યથાર્થ છે. એ વિચારવા જેવું છે.'૨૫૫

(અખો એક અદયયન)

તે માટે તેઓ ગુજરાતના કવિઓનો આત્મા બિલકુલ વિશાળ નથી. –એવી દલીલ પણ કરે છે. પરંતુ કહેવું જોઇએ કે આ સંત કવિઓએ આત્માનુભૂતિ થી પ્રેરાઇ ને જે કહેવું છે, તે કહયું છે.

સંતવાણીમાં નજર કરીશું તો ખ્યાલ આવશે કે સંત ભકત કવિઓનો આત્મા ઘણો વિશાળ છે. નિરાંતના એક પદનું ઉદાહરણ લઇએ.

'હમ હૈ જોગી અલખ અનાદિ, પાર બ્રહ્મ કી હૈ પારા,

નામ રૂપ ગુણ નહીં હમારે, કબહુન ધરહુ અવતારા.'

આ ઉપરાંત તેઓ એ ગુરુ મહિમા ગાયો છે. જ્ઞાન અને ભકિતમાં તરબોળ થયા છે. એટલું જ નહિં પણ બાહયાચાર, દાંભિકતા, પોકળતા, છલના અને પાખંડ સામે બ્યૂગલ ફૂકયું છે. જીવાતા જીવનનો એક પણ વિષય એવો નહીં હોય જે સંત ભકતોને હાથે આલેખાયો ન હોય. નિરાંતની કવિતાના વર્ણ્યવિષયને હવે જોઇએ:

## ભકિત

ભકિત : સ્ત્રી. (સં) ભજવું તે, ભજન (૨) પ્રેમ: આદર

ભકિતભાવ – પું. ભકિતનો ભાવ; આદર; પ્રેમ.

ભકિતમાર્ગ – પું. ભકિત દ્વારા સાધનાનો માર્ગ

– વિનીત જોડણીકોશ

મધ્યકાલીન સાહિત્યમાં ભકિતનું પૂર વહયું છે. આપણે ત્યાં છેક વેદકાળ થી જ્ઞાન અને ભકિતનું મહત્વ રહયું છે. જુદા જુદા ધર્મવીર પુરૂષોએ એને પોત પોતાની રીતે વહાવી છે. પણ સંત – ભકત વાણીની પરંપરા વૈદિક યુગની ભકિત ધારાથી જુદી પડે છે. ભારતીય સંસ્કૃતિ કે મૂલ આધાર પુસ્તકના લેખક કમલેશ ભારદ્રાજ લખે છે:

'नविन प्रागैतिहासिक खोजोंसे भी यह साबित हो गया है कि भक्ति का मूल द्रविड़ों में है। और यह दक्षिण के द्रविड़ो में नहीं, अपितु उनके महान पूर्वज मोहन जो दड़ो और हड़प्पा के द्रविड़ो में भी था। ये लोग एकेश्वर वाद में विश्वास रखते थे। इनका प्रमुख देवता शिव था।' (નારણરામ ની અમૃતવાણી)

આમ, ભકિતનો પ્રારંભ પ્રાચીન યુગમાં થયો તેમ કહી શકાય. એટલું જ નહિં પરંતુ વેદ – વેદાંત સ્મૃતિ, શ્રૃતિ કે ગીતામાંથી આ ધારા વહી નથી, તે ઉપરનું પ્રમાણ જોતાં ખ્યાલ આવે છે. હિન્દુધર્મ માંથી બ્રાહ્મણધર્મ, બૌધ્ધધર્મ, જૈનધર્મ, નાસ્તિક માર્ગ અને બીજી અનેક પરંપરા આપણે ત્યાં વહી આવી છે. પણ આ પરંપરાથી જુદી જ ધારા સંત – ભકતોની વહી આવી છે. આ પરંપરાથી

જુદી જ ધારા સંત-ભકતોની રહી છે. જેને આપણે સંતપરંપરા કહીશું. ૨૧૯ / ૨૫ (સતસાહેબની સરવાણી)

મધ્યકાળમાં સંતસાહિત્યનું ઝરણું કબીર માંથી વહયું છે. એ રીતે કબીર સંત સાહિત્યની ગંગોત્રી છે. કબીરનો પ્રભાવ સમગ્ર ભારત ઉપર પડયો. ગુજરાતી સંત-ભકતકવિઓ ઉપર પ્રભાવ પડે એ સ્વાભાવિક છે. ઉપરાંત ગોરખનાથે જગાવેલ આહલેક ની અસર પણ આ સંત-ભકત કવિઓ ઝીલે છે. એ જ રીતે ભારતમાં મુસ્લિમોના આગમન પછી સૂફીમત પ્રસરે છે. તેની અસર પણ સંત-ભકત કવિ ઓ એ ઝીલી. આમ, ઊભય પ્રકારનું વાતાવરણ સંત સાહિત્યને પોષે છે. સંતકવિઓ દ્વારા ભકિતની બે ધારા વહી છે.

(૧) નિર્ગુણધારા

(૨) સગુણધારા

આમ, ઈશ્વરને પામવાના બે માર્ગો સ્પષ્ટ થાય છે. એક ઉત્તમછે, ને બીજું નિમ્ન છે, તેમ કહી શકાય નહીં, કબીર કહે છે:

'નિર્ગુણ મેરા બાપ, સગુણ મહતારી,
કિસકો નિંદુંકિસકો પૂજું દોનો પલડા ભારી'

એજ રીતે સગુણ માર્ગના તુલસીદાસ કહે છે:

'સગુણનહિં અગુનહિં નહિ કછુ ભેદા,
ગાવ હિં મુનિં પુરાન બુધ વેદા,
અગુન અરૂપ અલખ અજ જોઈ,
ભગત પ્રેમવશ સગુનસો હોઈ.' - રામચરિતમાસ, બાલકાંડ ૧૬-૨

શ્રી નિરાંત મહારાજ જ્ઞાનમાર્ગી છે. નિર્ગુણમાર્ગી છે. તેમ છતાં તેમના સર્જનમાં જ્ઞાન, ભકિત, અને વૈરાગ્યનો ત્રિવેણી સંગમ છે. અહીં એ પણ નોંધવું જોઈએ કે નિરાંતનું એ મૌલિક પ્રદાન નથી. પૂર્વસૂરિખોનું ઋણ તેના ઉપર છે જ. નિર્ગુણભકિતનું ગાન પણ પૂર્વસૂરિઓને અનુસરી ને જ કર્યુ છે. હવે આપણે નિર્ગુણ ભકિત વિશે જોઈશું-

આપણે ત્યાં ભકિતમાર્ગની બે ધારાઓ જોવા મળે છે.

(૧) નિર્ગુણભકિત અને (૨) સગુણભકિત

નિર્ગુણ એટલે નામ, રૂપ અને ગુણ થી પર જે વસ્તુ છે તે. જે સચરાચર ભર્યુ છે. એ વસ્તુ નિર્ગુણરામ છે. જેને પરમતત્ત્વ, આત્મા, સદ્દગુરુઅવિનાશી, શબ્દાતીત, વર્ણનાતીત કહયો છે તે. તે પીંડ અને બ્રહ્માંડમાં સળંગસૂત્ર એક તાર છે. સંતવાણીમાં આના અનેક ઉદાહરણ મળે

છે. દાસીજીવણના એક ઉદાહરણથી આ વાત ની ખાત્રી કરીએ –

'ગુરુતો કાયા માં ગોતજો, મારા વાલા ના શું કરું વખાણ !
દશમે મોલે દેખો બિરાજે, એ ધોળી ધજા ના પ્રમાણ'.

– દાસી જીવણ

આ નિર્ગુણમાર્ગની બે ધારાઓ જોવા મળે છે.

(૧) જ્ઞાનમાર્ગ

(૨) પ્રેમમાર્ગ

એજ રીતે સગુણભકિતની પણ બે ધારાઓ છે.

(૧) રામભકિત

(૨) કૃષ્ણભકિત

શ્રી નિરાંત મહારાજ અહીં નિર્ગુણધારા અપનાવે છે. તેઓ નિર્ગુણ નિરાકારને ભજે છે. કહે છે:

'રૂપ નહી જેને ગુણ નહી ને નામ નહીં છે એવું રે,
કાંઈ એ નહિં ને સર્વે તેનું વૃક્ષ બીજ છે જેવું રે.'

આમ નિરાંત નિર્ગુણ માર્ગના ઉપાસક હોય એમ લાગે છે. પણ તેઓએ સગુણ અને પ્રેમલક્ષણાભકિતનું પણ ગાન કર્યુ છે. શ્રી નિરાંતની ભકિતનો આલેખ અથવા તો તેમની વાણી માંથી પ્રગટતું દર્શન નીચે પ્રમાણે છે.

નિર્ગુણભકિત:

નિરાંત નિર્ગુણરામના આરાધક છે, ઉપાસક છે. આ નિર્ગુણનું સ્મરણ અનાહત રીતે થતું રહે છે. શ્વાસે શ્વાસે સ્મરણ સહજ બને છે. દશરથપુત્ર રામની અહીં વાત નથી. પણ આત્મારામ ની જ વાત કરી છે. તેને શરીર છે કહે છે :

'વીના પંખનો એ છે, પંખી, વણ ઈન્દ્રિનો ભોગી રે,
વીના પંડનો એ છે પ્રાણી, વીના જોગ સંજોગી રે.'

'વાણીમાં આવે તે વણસે, નિરવાણી તે સાચું રે,
નામ રૂપ ને ગુણથી ન્યારું તે જાહેરપદ નીચું રે.'

'કોઇ એક જન કર્મ ઉપાસી કોઇ કર્મના ત્યાગી રે,
અનેક ઉપાયે અર્થના સૂઝે, હોરી વસંત પણ આધી રે.'

'સાધન કરવા કાંઇ ન સંભવે, જપ, તપ, કરણીથી છે ન્યારું,
જોગ સમાધિ કોઇ જાણે નહીં, એવું અગમનું અંધારું.'

'આદ અનાદિ અદ્વૈત સહુની ઉપરે રે,
સચરાચર માં સૂત્ર મણી જેમ તાર.'

'જ્ઞાન તણી સુણને ભાઇવાત, જેવી છે તેવી સાક્ષાત,
ખાંડ તણું જેમ શ્રીફળ થાય, એવો બ્રહ્મ સઘળે લ્હવાય.'

નિરાંત નિર્ગુણ - નિરાકાર આત્મત્ત્વની વાત કરતા તેને પંખીની ઉપમાં આપે છે. ને કહે છે કે તે પંખી છે પણ તેને પાંખ નથી. તે ભોગી છે. સર્વ પ્રકારના ભોગ ભોગવે છે. પણ ઇન્દ્રિય રહિત છે. એ પ્રાણી એવો છે તેને પિંડ જ નથી. તે કર્તા છતાં અકર્તા છે. આવા પરમતત્ત્વ શી રીતે વર્ણવું ? તે વર્ણનાતીત છે. વાણી દ્વારા વ્યકત કરીશતો વાત વણસી જશે. અહીં સત્ય જયારે કહેવાય છે ત્યારે સત્ય નથી રહેતું. એ ન્યાયે નિરાંત કહે છે કે નિર્વાણી જ એક માત્ર સત્ય છે. નિર્વાણી એટલે વાણી રહિત થવું. સ્થિતપ્રજ્ઞતા કેળવવી વગેરે. આ પદ જે છે તે ગુપ્ત નથી. પણ જાહેર છે. ને તે છે અવિનાશી પદ તેનું નામ, રૂપ અને ગુણ નથી. તેને પ્રાપ્ત કરવા કોઇ સાધન કારગત ન થાય તે જપ, તપ અને કર્મકાંડથી પર છે. આ એવું અગમ - અગોચર તત્ત્વ છે કે ત્યાં યોગ કે સમાધિ થી પહોંચી કશકતું નથી. કોઇ કર્મ કરે છે, ઉપાસના કરે છે. તો કોઇ કર્મ - ઉપાસનાનો ત્યાગ કરે છે. ગમે તેટલા ઉપાય કરીએ પણ પરમ તત્ત્વ હાથ લાગે તેવું નથી. ત્યાં વિવિધ રાગ - રાગિણી થી પણ પહોંચી શકતું નથી. આદિ - અનાદિ તું આ તત્ત્વ સ્વરૂપ સચરાચરમાં વ્યાપ્ત છે. સળંગ સૂત્ર એકતાર છે. હે ભાઇ, તું જ્ઞાનની વાત સાંભળ જેવું છે તેવું સાક્ષાત વર્ણવું છું.

આ પ્રકારની રચના ઓ અન્યસંતકવિઓ એ પણ કરી છે. તેમાંથી કેટલીક પંકિતઓ લઇશું -

'અલખ નિરંજન લખૈ ન કોઇ, નિરભૈ નિરાકાર હૈ સોઇ,
સુનિ અસ્થૂલ રૂપ નહીં રેખા, દષ્ટિ અદષ્ટિ છિપ્યૌ નહિં પંખા.'

- કબીર

'પંથ હતા સો થયા પરિ પૂરણ, નવધા નામ મિટાયો,
દશમ દશા આવી દિલ ભિતર, એક મેં અનેક સમાયો.'

– ભાણસાહેબ

'પોંચી નવ શકે રે, બુધ્ધિ તિયાં બાપડી રે,
મનને વાણી થી વસ્તુ છે વરજીત,
સ્થૂળને સૂક્ષ્મથી રે પર પરખાતમાં,
નિર્ગુણ નિર્મોહી નિશ્ચલ તત્ત્વ સ્વરૂપ.'

– રવિસાહેબ

'દેખો ખાર્વિદકા ખેલ, દર્શન મેં તો દેખ્યા રે,
બાહીર દેખ્યા ઔર ભીતર દેખ્યા,
દેખ્યા અગમ અમારા રે.'

– ત્રિકમ સાહેબ

'બોલે બોલાવે, સબઘટ બોલે,
સબ ઘટ માં તો રહયો સમાય.'

– દાસી જીવણ

'કર્મ છૂટા વિના બ્રહ્મ નવ્ય મલે ત્યાં લગે મનની ભ્રાન્તિ ન ટળે,
કર્મ છૂટયાં ત્યારે જાણિયે જયારે મન લયમાં આણિયે.'

– નરહરિ

કબીર કહે છે કે 'અલખ નિરંજન ને વર્ણવી શકાય નહીં. તેતો નિરાકાર છે આકારરહિત છે. તેને રૂપ, રંગ કે આકાર નથી. આંખ વડે તેને જોઈ શકાય તેમ નથી. પરમાત્માને માર્ગે જે ગયા તે પરિપૂર્ણ થયા છે. નવપ્રકારની ભકિતની વાસના જયારે રહેતી નથી. ત્યારે જ તેની પ્રાપ્તિ થાય છે. દશમું દ્રાર ખુલે (સંતવાણીમાં તેને દિવ્ય દષ્ટિ પણ કહે છે.) પછી તેની પ્રાપ્તિ થાય છે. પરમાત્માનો ખેલ અજબ છે મેં તેનું દર્શન કર્યુ છે. બહાર પણ જોયા ને ઘટ ભીતર પણ જોયા છે. એ જે અગમ અપાર છે. ' જોયું છે દાસીજીવણ કહે છે કે: સચરાચરમાં વ્યાપ્ત પરિબ્રહ્મ ઘટ, પટ અને મઠ માં રહેલો છે. તે દરેક ઘટમાં બોલે પણ છે ને સાંભળે પણ છે. નરહરિ કહે છે: કે કર્મના બંધન છૂટયા વિના બ્રહ્મની પ્રાપ્તિ થતી નથી અને ત્યાં સુધી મનની ભ્રમણા જતી નથી. જયારે કર્મનું બંધન આપો આપ છૂટી જાય ત્યારે મન પરમમાં લયલીન થાય છે.

નિર્ગુણ ભકિત ની સાથેસગુણભકિત ને પણ સંતવાણીમાં સ્થાન મળ્યું છે કેટલીક પંકિતઓ લઈએ –

'ગુરુની સેવાએ અભેદ પદ પામીયેં, ગુરુ સેવા વર્ણવી ન જાય,
અનંત મહિમા ગુરૂજી તણો, સત્ગુરુ સમર્યે કારજ થાય.'

–દાસીજીવણ

'સંત સેવા, ગુરુની ભકિત, અવિચળ રૂડો ઉપાય,
આધીનતા રાખી અંતરમાં, તાકુ કાળ ન ખાય.'

–ભીમ સાહેબ

'ચરણ કમળ ગુરુદેવના, સેંવતા સદ્ય હરિ મળે,
અર્કતણા ઉદ્યોતથી, અંધકાર અખા પળે.'

–અખો

'જીરે લાખા ! સદ્ગુરુ આગળ શીશ નમાવી જી,
એના હુકમમાં હંમેશા રે વું હાં.'

–લોયણ

દાસીજીવણ કહે છે કે 'ગુરુની સેવા કરવાથી અભયપદની પ્રાપ્તિ થાય છે. ગુરુ સેવા કેમ અને કેવી રીતે કરવી ? તેનું શું વર્ણન કરું ! તે વર્ણવી ન શકાય તેવી છે. ગુરુજીનો મહિમા કહયો ન જાય એવો છે. સદ્ગુરુના સ્મરણ માત્રથી કાર્ય સિદ્ધિ સંતની સેવા, ગુરુભકિત કરવા માટે તેને આધિન થવું પડે. શરણાગતિનો ભાવ જન્મે તો પૂણ્ય પ્રાપ્ત થાય છે. ત્યારે કાળ પણ તેના થી દૂર રહે છે. અખો કહે છે કે ગુરુના ચરણકમળ સેવતા હરિ તરત જ મળે છે. સૂર્યના પ્રકાશથી જેમ અંધારુ તરત જ દૂર થાય છે તેમ ગુરુ જ્ઞાન રૂપી સૂર્યથી અજ્ઞાનરૂપી દૂર થાય છે.'લોયણ કહે છે કે 'સદ્ગુરુ આગળ મસ્તક નમાવું જોઈએ. ને તેના હુકમ પ્રમાણે આદેશ પ્રમાણે રહેવું જોઈએ.'

## પ્રેમલક્ષણા ભકિત

ભકિતમાં સમર્પણનો ભાવ ન હોય શરણાગતિ ન હોય તો તેને પરમનું જ્ઞાન થતું નથી. દર્શન થતું નથી. અધુરુ રહે છે. કેટલાક વિદ્વાનોનો મત એવો છે કે સુફીઓની અસરને કારણે સંત સાહિત્ય માં પ્રેમ લક્ષણા ભકિત આવી છે. પણ હકીકતે તો દક્ષિણના આલવાર સંતો ખાસ કરીને રામાનુજાચાર્ય અને રામાનંદની અસર તળે પ્રેમલક્ષણા ભકિતનું જ્ઞાન થયું છે. ડો. ગોહિલ લખે છે: પ્રભુથી સહેજ પણ છૂટા પડી ગયા તેમ લાગે ત્યાં તો વિરહાગ્નિ દઝાડી મૂકે એવો પ્રભુ તરફનો

અનુરાગ તે પ્રેમલક્ષણા ભકિત. ૧૬૩

(સતસાહેબ ની સરવાણી)

શ્રી નિરાંતના પદોમાં પ્રેમલક્ષણાભકિત વિષયક પદોની સંખ્યા ઘણી છે. આપણે કેટલીક પંકિતઓ લઈએ -

'મારા પ્રાણ તણા વિશ્રામ, વંકા વનમાળી,
અબળાના આતમરામ, વંકા વનમાળી'

'વારંવાર શું કહીએ વાલા, આવોને મોહન મળીએ જી,
તમો વિજોગે વ્રેહે વન્હિમાં, વણ બાળ્યાં તે બળિયેજી.'

'મોહન મળવાને મન અકળાઈ છે રે લોલ,
તેણે તન અમારાં ગળાય છે રે લોલ.'

'અમને આટલા દિવસ ઘણા વાયાં રે. અમો નિર્લજ નાર કહેવાયાં રે,
અમો લોકકુળની લજજા લોપી રે, ઘેર ઘેર વગાયાં ગોપી રે.'

'વિજોગ સંકટ સહેવાતું નથી,
નિરાંતના સ્વામી સાંભળ જો લાલ.'

'ગુણ જોઈને ગરવી થઈ છું રે, દાસ દાસની થઈ ચાલું,
હું નિરબળ નારી થઈને રે, નિશદિન સ્વામી સંગ મહાલું.'

આવી અનેક પંકિતઓ છે જેમાં વિરહનો તલસાટ, તરફડાટ અને વ્યકૂળતા તેમજ મિલનનો આનંદ ગવાયો છે.

સંતવાણીના અન્ય કવિઓની પ્રેમલક્ષણા મુલક રચનાઓ માંથી કેટલીક પંકિતઓ ટાંકીએ -

'મેં તોરી દાસી પિયા મેં તોરી દાસી.'

-દાસીજીવણ

'સાન કરીને સોહાગણ કીધી,

ચેતન પુરૂષે ચરણુંમાં લીધી,
ભૂધર ભાવે ભગતિ દીધી,
માળા પરોવી મેં મોક્ષની.'

-મોરાર સાહેબ

'નૈના નીઝર લાઈયા, રહટ બસૈ નિસ જામ,
પપીણ જયૂં પિવ પિવ કરૈ કબરુ મિલહુગે રામ.'

-કબીર

'સખી સાંભળ કહું એક વાતડી,
સાંભળતાં લાગે ઘણી મીઠી રે.' ૧૧૮

-રવિ સાહેબ

'કાનુડો બતાવે એને નવનધ્ય આલું બેની !
આલું મારા હૈયાં કેરી હારડીરે :કાન કોયેં.'

-મીરા

## રહસ્ય વાદ (મરમીભાવ)

સંસારના દરેક જીવ અસલામતીની લાગણી અનુભવતા હોય છે. આ સર્વજીવોમાં મનુષ્ય એક અને અદ્રિતીય છે. માનવ સમાજે સામાજિક બંધન સ્વૈચ્છિક રીતે સ્વીકાર્યુ છે. તેના મૂળમાં પણ કદાચ અસલામતીની ભાવના જ રહેલી છે. વિદ્રાનોએ માનવીના મનને માંકાડાની ઉપમા આપી છે. સંતવાણીમાં કેટલાક તેને સુબેદાર કહે છે. કેટલાક રાજા પણ કહી નવાજે છે. દુનિયાના સર્વે શાસ્ત્રોનો સૂર એવો છે કે સુખદુ:ખ નું કારણ માનવું મન જ છે. આ મનના અનેક પ્રશ્નો હોય છે. મન કાંઇક ને કાંઇક શોધતું જ રહેતું હોય છે. માનવી ને આમ થાય છે કે આ જગતની ઉત્પત્તિ કેમ અને કેવી રીતે થઇ હશે? ! હું કોણ છું ? અંધકાર અને પ્રકાશ શું છે ? તેને કોણ નિપજાવે છે ? જરૂર એવી કોઇ શકિત છે, જે આ સૃષ્ટિનું સંચાલન કરે છે. આવા ને આવા અનેક પ્રશ્નો માનવીના મનમાં આદિકાળથી મંડરાયા કર્યા છે. આપણણે ત્યાં વેદ-ઉપનિષદ્કાળમાં દૃષ્ટાઓ દ્રારા આ પ્રશ્ન નું સમાધાન કરાવવાના પ્રયત્નો થતા રહયા છે. પણ હજુ સુધી સ્પષ્ટ પણે કોઇ કહી શકયું નથી.

શ્રી નિરાંત મહારાજે જે વાણી વ્યકત કરી છે તે જોતાં તેઓ મરમી સંત કવિ છે, તેમ કહેવું પડે. -

'નામ નિરગુણ સે નહિ ન્યારા રે, એકા એકી આપ કિરતારા રે,
મન પવન ન પહોંચે જયાં હી રે, વાકી ખોજ કરો ઘટ માંહી રે,
ઘટ ભીતર કહીએ ન્યારા રે, વાકો રૂપ અલક્ષય અપારા રે,
આપે આપ તે અલક્ષ્ય લખાયારે, તબ પાર અગમક્ષ પાયો રે.'

'પિંડ બ્રહ્માંડ તે પોતામાં પરખવું, જુગતી જોઇ અતિ મન હરખવું,
પોતના પારખ્યે ભાત ભાળે.'

'સોવત જાગ્રત સુરત સેજકી, ભીતર રહો ભજન મે રે,
લે લાગી સો તાર ના તૂટે, ઊઠ બેઠે આસનમે રે.'

'મહા મર્મીજન મર્મન જાને, નામ લખી ગત ન્યારી હે,
સદ્ગુરુ સાહેબ દયા કરે તો, પલમે પાર ઉતારી હે.'

'પાંચતત્ત્વનું પૂતળું બન્યું છે,
માંહે અગુણતત્ત્વ નિવાસી,
પાંચની આદલાઈ અણીએ અઠાવી,
એટલામાં આપ ઓળખાસી.'

'આત્મદર્શી જેને કહીએ, આવરણ નાહીં લગાર,
સર્વાતીતને સર્વનો સાક્ષી, ખટવીશમો નિરધાર,
તેથી પર પોતેરે, એકાએકી આપ રહયો.'
'જાગ્રત, સ્વપ્ન, સુષુતિુરીયા, તુરીયાતીત પદ તેહ,
સ્થૂળ સુક્ષ્મને કારણ કહીએ, મહાકારણથી પર જેહ,
પરાપાર પરખોરે, જેને નેતિ-નેતિ વેદે કહયો.'

આ પ્રમારના મરમીભાવની વાણીમાં અનેક સંત્રભકત કવિઓ એ વ્યકત કરી છે. અહીં કેટલીક પંકિતઓ લઇશું. -

'આતમ અનુભવજ્ઞાન કી જો કોઇ પૂછે બાત,
સો ગુંગા ગુડ ખાઇ કે કહૈ કૌન મુખ સ્વાદ.'

-કબીર

'નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો,
વણ જીવ્હાએ રસ સરસ પીવો.'

-નરસિંહ

'ધરણી નહીં, આકાશ નહીં, નહીં દિવસ કે રાત્રી,
અલખ પુરૂષ પ્રકાશ્યા, નહીં દીવો કે બાતી.'

-રવિસાહેબ

'બોલે એ બીજો નહીં પરમેશ્વર પોતે,
અજ્ઞાન આંધળો, અળગો જઇને ગોતે.'

-ભાણસાહેબ

'અગમ અગોચ અદ્ભૂત લીલા, નેતિ-નેતિ નિગમ નિરાના રે,
રજ મોરાર રવિ કે ચરણો, એ જે સમાના રે.'

-મોરાર સાહેબ

'નાદ બુંદરી નોબત બાજે ત્યારે,
ઘોર કરે રે ધનુકારા રે.....જી,
ઘેરી ઘેરી મોરલી, બાજે ગગન મેં,
શબ્દ સુનાયા તનકા.'

- દાસીજીવણ

'નૂરતીમેં સૂરતી, સૂરતીમેં રમ લે તો,
પૂરણપાયા તેની ખબર પડી-
રે મનવા ! જપી ાે હરિ ! હરિ !'

-દયારામ

# ગુરુમહિમા

મધ્યકાળની સંત-ભકતવાણીમાં ગુરુનું ઘણું મહત્વ છે. ગુરુને સાક્ષાત પરિબ્રહ્મ કહેવાયો છે. જિજ્ઞાસુ જીવને પરમના દર્શન કરવા છે. પણ માર્ગ કળતો ન હોય, ત્યારે ગુરુ તેનો હાથ ઝાલે છે. ને, જે ઉપકાર કર્યો તેનો બદલો ઉપકારથી આપવો જોઇએ ને ? એટલે ગુરુની સ્તુતિ કરતા પદ-ભજન એ મધ્યકાળના સંતસાહિત્યની મોંઘી મિરાત છે. પરમાતત્ત્વના દર્શન કરવાછે. પણ તેની ચાવી ગુરુ પાસે છે. ગુરુ તાળાં ખોલે તો નિજ અંતર બોલે. સંતપરંપરામાં ગુરુ માહાત્મ્ય સૌથી વિશેષ છે. ગુરુની કૃપા વગર બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી ગુરુના માર્ગદર્શન વિના મુકિત મળતી નથી આત્મા અને પરમાત્મા વચ્ચે અજ્ઞાનનું જે અંધારું છે, તે ગુરુની કૃપાથી જ દૂર થાય છે. ગુરુનો મહિમા પરમાત્મા થી પણ મોટો માનવામાં આવે છે. ૧૬૦ / ૨૬

(સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ)

આમ, ભકિતમાર્ગમાં કે જ્ઞાનમાર્ગમાં ગુરુનું વિશેષ સ્થાન અને માન રહયું છે હવે આપણે નિરાંત મહારાજની ગુરુભાવની કેટલીક પંકિતઓ લઇશું-

'ગુણ ગાવાતો ગુરુરે ગોવિંદના, બીજુંસહુ પરહરવું રે,
દરસણ કરવું તો ગુરુરે દેવનું, ગુરુથી સહુને તરવું રે.'

'ગુરુ રે મળ્યા તેને ગોવિંદ મળ્યા, અરસપરસ એક જાણું રે,
વીખ વિડારણ નામ ગુરુનું, પુરણ પદ પરમાણું રે.'

'અટકળે નામ સહુલે છે, નિરાંત તો નિશ્ચે કરી કહે છે,
અમન ગુરુ નામે વ્યાપક રહે છે, ઠરવાનું ઠામ ગુરુ સાચું.'

'બલિહારી ગુરુ ઉપકારની, અતિ ઉપકાર કરે સેવકને,
શુધ્ધિ પ્રીછાવી પારની, બલિહારી ગુરુ ઉપકારની.'

'મન સમજાવે તે નર મોટા, સ્થિરતાપદમાં ઠરિયા રે,
નિરાંત નામ ગુરુ તર તારણ, તે ભવજળમાં તરિયારો.'

'નિરાંત સદ્દગુરુ કામધેનું કહીએ,

એ દાસને જોઈતું દુઝાણું.'

'સબગુરુ વાકે શિર સદ્દગુરુ હે, ઘટ, મઠ, પટ પરખાયા,

નિરાંત નામ ઈનકુ કહીએ, બિમલ બિમલ વેદે ગાયા.'

'સચ્ચા સાહેબ સદ્દગુરુ મિલિયા, મેરે કરી તબ મન માન્યા,

ઓર બડા કૌન ઉનસે કહીએ, પિતા પુત્રપે સમજાના.'

'વાર વારે ગુરુને જાઉં વારણે, જેણે નિરખાવ્યા નૌતમ નાથ,

એની તોલે ના આવે ત્રણ લોકમાં, જેની વિશ્વ વિચિત્ર છે ભાત.'

સંતવાણીમાં જોઈશું તો ગુરુ જ છવાયેલા દેખાશે. ગુરુનું આટલું મહત્ત્વ બીજા કોઈ ક્ષેત્રમાં નહીં હોય. સંત શિરોમણીનું બિરુદ જેને મળ્યું તે કબીર પણ ગુરુને વંદે છે :

'ગુરુ ગોવિંદ દોઉ ખડે કા કે લાગું પાય,

બલિહારી ગુરુ આપને, જિન ગોવિંદ દિયો બતાય.'

-કબીર

'અજવાળું હવે અજવાળું,

ગુરુ આજ તમ આવ્યે રે મારે અજવાળું.'

-દાસીજીવણ

'સતગુરુ મળ્યા સહેજમાં, જેણે સતનો શબ્દસુનાયો,

ચોરાસીનો રાહ ચુકાવી, અખંડ ધામ ઓળખાયો.'

-ભાણસાહેબ

'ગુરુ ઈશ્વર ગુરુ પરિબ્રહ્મ, સતગુરુ સબકાદેવ,

ગુરુ બિન પાર ન પાવહીં, સતગુરુ તું સેવ.'

-રવિ સાહેબ

'જી રે લાખા ! અબળા લોયણ તમને એમ ભણે રે જી,

કૂંચીયું છે માલમ ગુરુજી ને હાથ - લા. ખા !

ગુરુજી આવે તો તાળાં ઉઘડે રે જી.'

-લોયણ

'ભાઈ રે ગુરુ ને ક્રોધ થયો એવું જયાં લગી જાણે ને,
ત્યાં લગી શુધ્ધ અધિકારી ન કહેવાય.
ગુરુજીના વચનુમાં આનંદ પામે ને,
આવી લાગે તેને પાય રે.'

-ગંગાસતી

'અંગના ઓશીકાંને પ્રેમના પાથરણા,
ગુરુજીને દેખી હું તો હરખી રે.'

-લખીરામ / કરમણ

'સતગુરુએ મને શબદ સુણાવ્યો,
રણકાર રઢ લાગી,
તખત ત્રિવેણીના તીર ઉપર,
મોહન મોરલી વાગી.'

-દાસ હોથી

## યોગ સાધના

નાથ સંપ્રદાયના ગોરખ અને તેની પરંપરાની અસર અન્ય સંપ્રદાયના સંત-ભકિત કવિઓ એ ઝીલી છે. ને તેથી તો સંતવાણીમાં યોગનો વિશેષ મહિમા રહયો છે. સંત-ધકત કવિઓ એ કબીરના સહજયોગ ને સ્વીકાર્યો છે. ને 'સ્હેજે સ્હેજે સુમિરન કરલે' એ ન્યાયે સહજ સમાધિમાં લીન થઇ સંત ભકતકવિઓ એ પરમને પ્રગટ કર્યા છે. શ્રી નિરાંત મહારાજની આ પ્રકારની કેટાલીક પંકિતઓ લઇશું -

'ગગન ગૂફામેં સ્હેજે સુમરણ, તંતે તંત મિલાયા,
નામ સનેહી ને હેચલ કીના, સેવક સદ્દગુરુ પાયા.'

'વદો વચન વિચારી, સાચો કરી નામનો,
શબદમાં સૂરતી મેલાવો, મુકામ સુન ગામનો'.

'ત્રિવેણી કે ધાટ મીલ રહયો નાથ શું,
પૂજા કરો પ્રેમ આચાર, અનુપમ ભાવશું.'

'ગગન ગૂફા મેં ચોગાન ગ્યાનકા, આપ રહે અકેલા,
આન દેવ વાકે દીલ નાહીં, નહીં ગુરુ નહીં ચેલા.'

'જાણો જાતે, વળગો ન વાતે,
યોગ પેલો નિરાંતે મેલ્યો.'

'ચઢી બ્રહ્મ ખુમારીના ઉતરે, સુખ મુખ કહ્યું નવ જાય,
એવો અજર અમરરસ જો પીએ, તેના નેણ વેણ પલટાય.'

'અનંત કલા વા તન કે માંહી, ઉલટ સમે સંસાર;
નિરાંતદાસ દેખ્યાતા માંહી, તિન લોકસે ન્યારા.'

'સોવત જાગ્રત સુરત સેજકી, ભીતર રહો ભજન મેં રે,
લે ' લાગી સો તાર ના તૂટે, ઊઠ બેઠે આસનમેં રે.'

'કષ્ટ કરી કાયા ને પીડ, ભૈરવ જપ ઝંપલાવે,
ચાર ખાણ ચોરાશી ભટકો, નિરભે પદ નવ પાવે.'

'જોગ જગન ને શ્વાસ સમાધિ, અંતર ઉજીઆરૂં,
પંડ લગી એ પ્રપંચ જાણું, આપ રહ્યું ન્યારૂં.'

'નામ વિનાનું સર્વે નાટક, આદિ અંત લઈ પામે રે,
નિરાંત નામ નિરખ નિ:સંશય, જગત પડયું સહુ ભામેરે.'

અન્ય સંત - ભકતકવિઓની યોગવિશેની કેટલીક પંકિતઓ લઈએ -

'આંખ ન મૂંદુ, કાનન રુંધું, કાયા કષ્ટ ન ધરું,
ખૂલે નેન મેં હંસ હંસ દેખું, સુંદરરૂપ નિહારું.'

- કબીર

'જપ તપ તિરથ વેદે પુરાણને શું પઢવાનું કામ ?
સાધન જોગ કલપના છૂટી સઘળે સરખારામ,
એવું આવરણ મઢયું રે, ખટપટ સરવેખળી.'

-રવિસાહેબ

'ઝાંઝ પખાજ, વીણા જંતર વાગે મોરલી કરે છે મલાર,
શબ્દ શીંગી વાગે સુનમાં ગાજી રહયા માંચ તુરા.'

– ત્રિકમસાહેબ

'નવે દરવાજા નવી રમતકા, દશમે મોંલે ઓ દેખાય,
સોઈ મહેલમાં મેરમ બોલે, આપું ત્યાગે ઓ ઘર જાય.'

– દાસી જીવણ

'પાંચ પચીસ સખી નાચન લાગી, શૂન્ય શિખર કે માંહી,
આપમાં આપ સોહં સમાએ, ગુરુજીએ સાન બાઈ.'

– બાપુ સાહેબ

'કો 'સાધે અષ્ટાંગ, સાંગ, કાયાકૃત્ય જાણે,
કો 'કરે પૂજનદેવ સેવ અધિકતા આણે,
એ સહુ કાયા કલેશ છે મનમાનીતા એ સહીં
અખા તક્રના પાનથી અલંબુધ્ધિ ઉપજે નહીં.'

– અખો

'નૂરત સૂરતથી નિજ નામ પકડીને,
જેથી થાય હરિની જાણ રે.'

– ગંગાસતી

# : સંદર્ભસૂચિ :



| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | નિરાંત સુધા સાગર | નિરાંતધામ માલોસણા<br>તા.વડગામ, જિ.બનાસકાંઠા | ૨૩ |
| ૨ | એજન | નિરાંતધામ માલોસણા<br>તા.વડગામ, જિ.બનાસકાંઠા | ૨૨ |
| ૩ | ભગવદ્ ગોમંડલ | | ૮૬૮૫ |
| ૪ | બૃહદ્ ગુજરાતી કોશ-૨ | | ૨૨૧૬ |
| ૫ | મધ્ય.ગુજ. શબ્દકોશ | જયંત કોઠારી | ૫૧૬ |
| ૬ | નરહરિકૃત જ્ઞાનગીતા | ડૉ. સુરેશ જોશી | ૧૧૬ |
| ૭ | ગુજરાતી સાહિત્યના સ્વરૂપો | પ્રો. મુંજાલાલ મજમુદાર<br>પ્રથમ આવૃતિ ૧૯૫૪ | ૪૭૬ |
| ૮ | કૃષ્ણચરિત્ર વિષયક-<br>બારમાસીઓ | ડૉ. બલવંત જાની | ૦૧ |
| ૯ | સતસાહેબની સરવાણી | ડૉ. નાથાલાલ ગોહલિ | ૧૨૪ |
| ૧૦ | અખો એક અધ્યયન | ડૉ. ઉમાશંકર જોશી | ૨૧૯ |
| ૧૧ | સોરઠી સંતવાણી | ઝવેરચંદ મેઘાણી | ૩૮ |
| ૧૨ | ગુજરાતી સાહિત્યના સ્વરૂપો | પ્રો. મજમુદાર | ૬૨૬ |
| ૧૩ | સતસાહેબની સરવાણી | ડૉ. નાથાલાલ ગોહલિ | ૧૨૫ |
| ૧૪ | ગુજરાતી સાહિત્યના સ્વરૂપો | ડૉ. મજમુદાર | ૧૭૪ |
| ૧૫ | સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ | ડૉ. નાથાલાલ ગોહલિ | ૮૨ |
| ૧૬ | ગુજરાતી સાહિત્યના સ્વરૂપો | ડૉ. મજમુદાર | ૪૮૮ |
| ૧૭ | મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય | ડૉ. બેચરભાઈ પટેલ<br>અશેષ પ્રકાશ | ૮૩ |
| ૧૮ | અખો એક અધ્યયન | ઉમાશંકર જોશી | ૨૦૯ |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧૯ | ગુજરાતી સાહિત્યના સ્વરૂપો | ડૉ. મજમુદાર<br>પ્રથમ આવૃતિ ૧૯૫૪ | ૧૩૧ |
| ૨૦ | સોરઠી સંતવાણી | ઝવેરચંદ મેઘાણી | ૧૬ |
| ૨૧ | સતસાહેબની સરવાણી | ડૉ. નાથાલાલ ગોહલિ | ૧૯૮ |
| ૨૨ | કબીર | ક્ષિતિમોહન સેન<br>અનુ. મોહનદાસ પટેલ | ૧૬ |
| ૨૩ | એજન | ક્ષિતિમોહન સેન<br>અનુ. મોહનદાસ પટેલ | ૨૫ |
| ૨૪ | નારણરામની અમૃતવાણી | સં. એ. આર. સોસા | ૦૭ |
| ૨૫ | સતસાહેબની સરવાણી | ડૉ. નાથાલાલ ગોહલિ | ૨૧૯ |
| ૨૬ | સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ | ડૉ. નાથાલાલ ગોહલિ | ૧૬૦ |
| ૨૭ | નરહરિકૃત જ્ઞાનગીતા | ડૉ. સુરેશ જોશી | ૩૮/૩૯ |
| ૨૮ | સતસાહેબની સરવાણી | ડૉ. નાથાલાલ ગોહલિ | ૧૪૬ |

## પ્રકરણ : ૪

# જ્ઞાનમાર્ગ અને નિરાંત મહારાજ

અતિ પ્રાચીનકાળથી આપણે ત્યાં ધર્મ વિષયક ચિંતન પ્રસ્તુત થતું રહયું છે. ભારતીય પરંપરામાં અનેક વિધ દર્શન દષ્ટિ ગોચર થાય છે. વેદ-વેદાત, ષડ્દર્શન, લોકાયિતો, ચાર્વાક, બૌધ્ધદર્શન, જૈન દર્શન અને વિવિધ સાધના પ્રણાલીનું ચિત્ર આપણી સમક્ષ પ્રગટ થાય છે. અતિ પ્રાચીનકાળથી પ્રગટેલી વિવિધ ધર્મપ્રણાલીનો વિચાર કરીએ તો જણાશે કે, ભારતીય દર્શન અનેક વિચારધારાથી રંગાયેલું છે. ને પ્રભાવિત પણ થયેલું છે. ભિન્ન ભિન્ન વિચારધારા પ્રવાહમાન રહી હોવાથી સૃષ્ટિ સહસ્યને પામવાના અનેક માર્ગની રચના થઈ. આ માર્ગ શું છે ? ને તેનું શું પ્રયોજન છે? એ વિષયપર આપણે ત્યાં ઘણું ચિંતન થયું છે. પ્રાચીન દાર્શનિકો - વિચારકોએ પરમતત્ત્વની શોધ કરવા, તેને પ્રાપ્ત કરવા મથામણ કરીને; તેમાંથી વિવિધ માર્ગોનું પ્રગટીકરણ કર્યું. તેમાનો એક માર્ગ તે જ્ઞાનમાર્ગ છે.

આ જ્ઞાનમાર્ગ શું છે ? ભારતીય ધર્મ પરંપરામાં આ જ્ઞાનમાર્ગને પ્રગટાવવાનું શું કારણ ? શા માટે તેની જરૂર પડી ? તેના દ્રારા વ્યકિત અને સમાજને શો લાભ થયો ? ને સમાજ ઉપર જ્ઞાનમાર્ગે શી અસર કરી ? આ અને આવાં અનેક પ્રશ્નો જ્ઞાનમાર્ગ સાથે સંકળાયેલ છે. આ સૃષ્ટિ શું છે ? આપણે કોણ છીએ ? જન્મ શું છે ? મૃત્યું શું છે ? મૃત્યુ પછીની શી ગતિ છે ? મુકિત અને મોક્ષ શું છે ? આ સૃષ્ટિનો સંચાલક કોણ છે ? કેવો છે ? એનું સ્વરૂપ કેવું છે ? આ પ્રકારના અનેક પ્રશ્નો આપણા વિચારકોના ચિત્તમાં ઉદ્ભવ્યા છે. સૃષ્ટિનું જેણે સર્જન કર્યુ છે, એવા પરમતત્ત્વને પામવાની અભિપ્સા માનવ યુગોથી સેવતો આવ્યો છે.

વૈદિક સાહિત્યનો સર્વપ્રથમ ગ્રન્થ ઋગ્વેદ છે. તેમાં સિન્ધુનદીની ખીણમાં વસેલા નગરસંસ્કૃતિના લોકોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આર્યજાતિ સાથે અનાર્યનો સંઘર્ષ પણ અહીં જોઈ શકાય છે. 'કોટ બાંધીને શહેરમાં રહેનારા, અમારા ઢોરઢાંખર ઉપાડી જનાર, નદીના પાણી ને અટકાવનારા, અમારા શત્રુનો હે ઈન્દ્રતું નાશ કર.' :૧: એ પ્રકારની અનેક પ્રાર્થનાઓ વેદ સાહિત્યમાં જોવા મળે છે. ભારતવર્ષમાં આર્યપ્રજાના પગરણ થયાં તે પહેલાં અહીંની મૂળ નિવાસી જે પ્રજા હતી, ને તેની જે સંસ્કૃતિ હતી; તે વિશે પણ આપણે ત્યાં સંશોધન પ્રગટ થયાં છે. ડો. સત્યેન્દ્ર લખે છે :

'नविन प्रागौतिहासिक खोजों से भी यह साबित हो गया है कि, भक्ति का मूल द्रविड़ो में है। और यह दक्षिणके द्रविड़ो में नहीं, अपितु उनके महान पूर्वज मोहन जो

दड़ो और हडप्पा के द्रविड़ो में भी था। ये लोग अेकेश्वरवाद में विश्वास रखतों थे। इनका प्रमुख देवता शिवा खा।'[२]

વૈદિક સાહિત્યની પૂર્વે અહીંની મૂળ નિવાસી ભારતીય પ્રજાપણ ધર્માભિમુખ હતી. એ વિશેનું પ્રમાણ આપતાં એસ. જી. સરદેસાઇ લખે છે:

'હવે સાંખ્ય, આ મત ઘણો પ્રાચીન છે. પૂર્વવૈદિક કાળ અથવા તેનાથી પણ પ્રાચીન છે. એક મત પ્રમાણે એમનો ઉદ્‌ગમ હડપ્પા સંસ્કૃતિમાં દર્શાવવામાં આવ્યા છે. બીજો મત એવો છે કે, આર્યોની ટોળીઓ જયારે ભારત માં આવી ત્યારે અહીંની અનેક ટોળીઓની સમાજરચના સ્ત્રીની ભૂમિકા માં કલ્પી છે. તેને પ્રસવધર્મિણીની સંજ્ઞા આપી છે. પ્રાથમિક કાળમાં સ્ત્રી પ્રધાન સમાજમાં સંભોગને પરિણામે ગર્ભધારણ થાય છે, તેની લોકોને કલ્પના ન હતી. તેથી સ્ત્રી એકલી જ બધું નિર્માણ કરે છે. એવી જનસાધારણની માન્યતા હતી. પુરૂષોને મહત્ત્વ નહોતું.'[૩]

હવે સાંખ્યદર્શન કેવી રીતે આર્યસંસ્કૃતિનો ભાગ અથવા દર્શન બની ગયું, તે વિશે જોઇએ. -

'આર્યોની આક્રમક સંસ્કૃતિ પુરૂષ પ્રધાન હતી. એમના દબાણથી, હળીમળીને પણ હોય પુરૂષની ભૂમિકા સાંખ્યને માન્ય કરવી પડી. તેથી તેમણે એમના દર્શનમાં પુરૂષ ને સ્થાન આપ્યું. પણ એની સાથે સાથે એમને અક્ષરશઃ પૌરૂષહીન બનાવી દીધા. સાંખ્યદર્શન માં કોઇ પણ પ્રકારની ઉત્પાદક શકિત, કલ્પવામાં આવી નથી. કોઇ પણ પ્રકારની નિર્મિતિ, કોઇ પણ પ્રકારનું જનન, ફકત પ્રકૃતિ જ કરતી હોય છે. એટલે સાંખ્ય દર્શન માં દાર્શનિકોએ કયારેય પ્રકૃતિ પ્રાધાન્ય છોડયું નથી. એમના દર્શનમાં પ્રભાવશાળી પ્રકૃતિ અને લૂલાં-પાંગળા પુરૂષનું સમાંતર દ્વંદ્વ કાયમનું હોય છે. એમ કલ્પેલું છે. એમાં સાંખ્યદર્શનનું મૂળસ્વરૂપ સ્પષ્ટ થાય છે. ને સાંખ્યોએ કરેલી બાંધછોડ પણ ઉઘાડી પડી જાય છે'.[૪]

ભારતવર્ષમાં ઈશ્વરવાદી દર્શન અને નિરીશ્વરવાદી દર્શન ઘણું વ્યાપક છે. ઈશ્વરવાદમાં વેદ-વેદાંત, પુરાણ, આરણ્યકો, બ્રાહ્મણગ્રન્થો, સ્મૃતિઓ, રામાયણ-મહાભારત અને ગીતા તો, નિરીશ્વરવાદી દર્શનોમાં બૌદ્ધધર્મ, જૈનધર્મ, લોકાયિતો ઉપરાંત ચાર્વાક, ગૌતમમુનિ, કપિલમુનિ, કણાદ વગેરેનો સમાવેશ થાય છે. પરમાત્માને પ્રાપ્ત કરવાની ઝંખના વૈદિક પરંપરામાં આ રીતે સેવવામાં આવી છે.

સ્થૂલમાંથી સૂક્ષ્મ તરફની ગતિ 'ઋગ્વેદ'જોઇ શકાય છે.

'यज्ञेन यज्ञम् अदजन्त देवाः।'

ઋગ્વેદ, ૧૦, ૯૦, ૧૬.

'સંતવાણી'માં ગુરુ-શિષ્ય નો જે વિશિષ્ટ સબંધ છે.અથવા તેનો મહિમા છે.એવોજ મહિમા 'અથર્વવેદ'માં પણ છે:

'स आचाय तपसा पिपति।'

અર્થવેદ ૧૧,૭,૧.

ઉપનિષદ્દકારો પણ કર્મકાન્ડનો ઉપહાસ કરી,તેના પર પ્રહારો કરે છે. આત્માસિવાય અન્ય દેવની જે આરાધના કરેછે. તેને દેવના પાળેલા પશુ જેવો કહયો છે.

'आत्मा हेषां स भवत्दथयोडन्यां देवता मुपास्ते
डन्योऽसावन्योडहम्स्मीत न स वेद यथा पशुरेवं स देवानाम्।'

બૃહદારણ્યક,૧લો અધ્યાય ,તૃતીય બ્રાહ્મણ,૧૦.

'ઋગ્વેદ' ના દેવોને સ્થાને પુરુષની સ્થાપના થઇ.એ પુરુષ ના સ્વરૂપ વર્ણનમાં ધીમે ધીમે આગળ વધતાં ઉપનિષદ્દોમાં નિરંજન,નિર્ગુણ,નિષ્કલ,એવા બ્રહ્મનું વર્ણન કરવામાં આવ્યું છે. એ રીતે બ્રાહ્મણો, ઉપનિષદ્દો,અને આરણ્યકોમાં જ્ઞાનમાર્ગ નું આલેખન છે. ઇસુની પાંચમી સદી પૂર્વે કે તેની આસપાસના સમયમાં આધ્યાત્મિક ક્ષેત્રે વિસંવાદિતા અને અરાજકતા પ્રવર્તતી હતી.એ સમયે ધર્મ અને અધ્યાત્મ સંદર્ભે અનેક મત પ્રચલિત હતા.આ પ્રકારની પરિસ્થિતિમાં સમાજ છિન્ન ભિન્ન થયા વિના રહેજ નહીં.એટલે સમાજમાં સંવાદિતા સર્જવા ભગવદ્દગીતા ની રચના કરવામાં આવી ગીતાનો ઉપદેશ સમન્વયકારી રહયો છે.ગીતાનો અભ્યાસ કરતાં જણાય છે કે,વિભિન્ન મતવાદીઓ ને પોતાના મતની પુષ્ટિ કરતું સમર્થન આ ગીતા ગ્રન્થમાંથી મળી રહે છે.ને એજ તેનું મોટું પ્રમાણ છે,ને સૂચક પણ છે.સંતમત ધારાની સાધના પ્રણાલીના લક્ષણો ગીતા માંથી પ્રાપ્ત થાય છે.શાસ્ત્રાચાર પર ગીતા ભાર મૂકે છે.જ્ઞાની ,સ્થિતપ્રજ્ઞ, યોગી,બ્રહ્મભૂત અને જીવનમુકતના લક્ષણો ગીતામાંથી મળી રહે છે. ઇન્દ્રિયોને નિયમમાં રાખી,અનાસકત બની ને કર્મ કરવું તે યોગ. દેહ દમનને ગીતા ઇષ્ટ ગણતી નથી.ગીતા ઉપનિષદ્દના અવ્યકત, નિષ્કલ, નિરંજન બ્રહ્મને સ્વીકારે છે.જ્ઞાનમાર્ગી પરંપરા પર ગીતાનો ઘણો પ્રભાવ છે.તે વસ્તુ અનેક જ્ઞાનમાર્ગી કવિઓએ પોતાની પરંપરાના હાર્દરૂપ સિદ્ધાંતનું નિરૂપણ કરતો ગ્રન્થને ગીતા નામે ઓળખાવ્યા છે.તેથી પણ ફલિત થાયછે. એમાં ઘણું કરીને સંવાદનું સ્વરૂપ હોય છે.'[૫]

બૌદ્ધધર્મની મહાયાન શાખામાં સંતમતધારાના કેટલાક લક્ષણો છે.વૈરાગ્ય લઇ ગૃહત્યાગ કરવાની જરૂર નથી.તેમ કહ્યું છે.'શ્રધ્ધા(ભકિત) એ બુદ્ધે પ્રબોધેલા ધર્મના સાગરનું પ્રવેશ દ્વાર છે.ને જ્ઞાન એ નાવડી છે.જેમાં બેસીને એ સાગરમાં વિહાર કરી શકાય છે.બૌદ્ધધર્મમાં ગુરુનું ઘણું મહત્વ છે.જે સંતમતધારામાં પણ ગુરુ નું એટલું જ મહત્વ છે.'[૧૬]

શંકરાચાર્યના પૂરોગામી ગણાતા સરહપા નોંધપાત્ર છે. એણે સાધના પ્રણાલીની સખત આલોચના કરી છે.બાહ્યાચાર અને મિથ્યાચાર ઉપર તેણે પ્રહારો કર્યા છે.તેમણે કહ્યું: 'બ્રાહ્મણોને રહસ્યનું જ્ઞાન નથી.એ લોકો અમથા જ વેદપાઠ કર્યા કરે છે.માટી, પાણી અને દર્ભ લઈને મંત્ર રટયા કરેછે.ને ઘરની અંદર બેસીને હોમના આકરા ધૂમાડાથી નાહક પોતાની આંખ ખરાબ કરે છે.એ લોકો પરમહંસ બની ભગવા વસ્ત્ર ધારણ કરી ઉપદેશ દેતા ફરેછે. ને યોગ્યાયોગ્ય નો ભેદ ન સમજતા, છતાં જ્ઞાની હોવાનો ઢોંગ કરેછે.શૈવ માર્ગીઓ શરીરપર ભસ્મ રગડે છે.માથે જટા બાંધે છે. ને દીવો સળગાવીને ઘંટ વગાડયા કરે છે.ઘણાખરા જૈનો મોટા મોટા નખ રાખીને મલિન બનીને નગ્નાવસ્થામાં ફરે છે. ને શરીર પરના વાળ ચૂટયાં કરે છે.' [૭]

શંકરાચાર્ય પણ જ્ઞાનધારાના પુરસ્કર્તા હતા.એમણે વેદાંત અને બીજા અનેક દર્શનોનો સમન્વય કરી અદ્રૈતની સ્થાપના કરી.'તત્વજ્ઞાનના ક્ષેત્રમાં શંકરાચાર્ય પર તેઓ પ્રછન્ન બૌદ્ધ હતા.એવો જે આક્ષેપ થયો છે, તે ખોટો નથી.મહાયાન સત્યની કલ્પના છે.તે લગભગ સરખીજ છે. શંકરાચાર્યના મત ને અજાતવાદ નામ અપાયું છે.'[૮]

વિક્રમની અગિયારમી સદીમાં રચાયેલા પાહુડાદોહા માં મુનિ રામસિંહે એ સમયમાં પ્રવર્તતા દંભ અને ઢોંગ ને વખોડી કાઢયો છે.જે મોટા મોટા વ્યાખ્યાન આપ્યા કરે છે, તે બુદ્ધિમાન જો આત્મામાં ચિત્તને નહીં વાળેતો અન્નને બદલે એણે પરાળ નો સંગ્રહ કર્યો કહેવાય.

સિદ્ધોએ તો ત્યાં સુધી કહયું કે, મનને રૂંધવાની જરૂર રહેતી નથી.

મણ મિલિયઉ પરમેસહરો પરમેસહુ ચિ મણસ્સા,
બિણ્ણિ વિ સમરસિ હુઇ રહિય પુજ્જ અડાવઉકસ્સ.

સંતમતમાં જે જ્ઞાનમાર્ગ છે.તેના મૂળ આ પાહુડા દોહામાં પણ છે.'આ દેહ જ એક દેવાલય છે.તીર્થ છે.હે મૂર્ખ ,લોકોએ બનાવેલા દેવાલયો જોતો ફરે છે. પણ જેમાં સંતશિવ બિરાજે છે, તે તારા દેહ દેવાલયને તું જોતો નથી.ચિત્ત શુદ્ધિ કરવી એજ સાચું તપ.બહારનું તપ તો મિથ્યા તપ.ચિત્તમાં એ વિચિત્ર નિરંજનને ધારણ કર.જેથી મેલ થી છૂટકારો થાય.એ નિરંજનને શૂન્ય કહીયે છીએ ખરા, પણ શૂન્ય શૂન્ય જ નથી.ત્રિભુવનમાં સર્વત્ર શૂન્ય શૂન્ય જ દેખાઇ છે.'[૯]

આ દોહા સાહિત્ય પણ થોડું રૂપાંતર પામીને જાણે કે મધ્યકાલીન સંત સાહિત્યમાં આવી વસેછે.મધ્યકાલીન જ્ઞાનમાર્ગમાં આ દોહાની ઘણી અસર છે.સંત સાહિત્યના વિકાસમાં આ એક સ્થિત્યંતર છે.એજ રીતે તંત્ર વિદ્યાપણ આ જ્ઞાનધારા ને પ્રભાવિત કરતી રહી છે.'નાથ સંપ્રદાય' ની સાથે સિદ્ધોનો નિકટનો સંબંધ છે.જ્ઞાનમાર્ગી ધારાના સંતકવિઓ ઉપર 'નાથ સંપ્રદાય' ની વ્યાપક અસર પડી છે.સંત ગોરખનાથ એનું જવલંત ઉદાહરણ છે.એજ રીતે જ્ઞાનમાર્ગ ને

પ્રભાવિત કરનારી 'સૂફી સાધના 'પણ છે. એના આદ્ય પ્રવર્તકોમાં અબુલ હસન નૂરીનું નામ ખાસ ઉલ્લેખ પાત્ર ગણાય છે. સૂફી સંજ્ઞા ના સંકેત પરત્વે મતૈકય નથી.કેટલાક ને મત એ 'સફા' એટલે મન, વચન, અને કર્મની પવિત્રતા હૃદયની નિષ્કપટતા સૂચવે છે. તો કેટલાક સફા નો અર્થ પરમાત્મા તથા પ્રાણી માત્ર પ્રત્યે એનો એવો પ્રેમ ગણે છે. કેટલાક એને સોફિયા એટલે કે જ્ઞાનમાંથી ઉત્પન્ન કરે છે.આ અર્થ માં એ જ્ઞાનમાર્ગી પરંપરાની નજીક આવે છે.'[૧૦] જ્ઞાનમાર્ગની આટલી પૂર્વ ભૂમિકા બાંધ્યા પછી, હવે આપણે મધ્યકાલીન જ્ઞાનધારાના પ્રવાહને જોઈએ.

મધ્યકાલીન જ્ઞાનમાર્ગી ધારાનો પ્રવાહ :

મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાએ પોતાનું ચોકકસ સ્વરૂપ ધારણ કર્યુ તે પહેલાંની એટલે કે પ્રાક્ નરસિંહયુગની સામાજિક પરિસ્થિતિને સમજવાની જરૂર છે.પ્રાચીન કાળ થી જ અનેક વિચારધારાઓ દેશમાં પ્રવર્તતી રહી છે.ને વિવિધ જ્ઞાતિ-જાતિમાં વિભાજિત થેયેલા સમાજમાં જુદી જુદી સંસ્કૃતિ અને વિચારધારા પ્રવાહમાન રહી.

'બૌદ્ધ સાધના મંત્ર-તંત્રને કામણ-ટૂમણમાં સરી પડીને-
ઐહિક વિષય લાલસા તરફ મીટ માંડતી થઇ ગઇ હતી.
બ્રાહ્મણધર્મે ધીમે ધીમે પોતાનું પ્રાધાન્ય સ્થાપવા-
માંડયું હતું.વેદને પ્રમાણ તરીકે નહીં સ્વીકારનારના -
તરફ એ અસહિષ્ણુ બનતો જતો હતો.બૌદ્ધ, શક્તિ
અને શૈવનો એક મોટો વર્ગ વેદોના પ્રમાણ્યને
સ્વીકારતો ન હોવાને કારણે વેદબાહય ગણાતો.
દશમી શતાબ્દિમાં વધારે પ્રબળ બનેલો પાશુપત-
મત પણ વેદબાહ્ય લેખાતો હતો. આ દરમિયાન
મુસલમાનો દેશના શાસક તરીકે સ્થિર થવા લાગ્યા.'[૧૧]

આ રીતે વૈદિક દર્શનને ન સ્વીકારનાર ધર્મ/સંપ્રદાય તરફ બ્રાહ્મણધર્મ સખત વલણ અપનાવે છે.મુસ્લિમો ના આગમનથી, તેના ઈસ્લામના સમાનતાના સિદ્ધાંતથી ઘણા લોકો આકર્ષાયા, ને તેમણે ઈસ્લામધર્મ અંગીકાર કર્યો. મુસ્લિમો મૂર્તિભંજક હોવાથી ઘણા શ્રદ્ધાળુંઓની આસ્થા મૂર્તિપૂજામાં રહી નહીં.ફરી વખત જાણે કે વેદકાળના સંઘર્ષનું પુનરાવર્તન થયું.પ્રજાની સ્થિતિ દયાનીય હતી.દેશની પ્રજાને એકસૂત્રે બાંધવા કેટલાક વિચારકો આગળ આવે છે.આ વિચારકોએ સમાનતાનો નારો આપ્યો.

'આવી પરિસ્થિતિમાં દક્ષિણ માંથી ભકિતનું મોજું આવ્યું.
જન સાધારણને એણે એક આલમ્બન આપ્યું.સંપ્રદાયોની જટાજાળમાં-
અટવાતી પ્રજાને રાહત મળી.કર્મકાન્ડ અને આચારની જડતામાં
પૂરાઇ ગયેલી પ્રજાના હ્રદયમાં ભકિતના ભાવોચ્છ્વાસે જાણે નવા
પ્રાણનો સંચાર કર્યો.દક્ષિણથી આવેલી વૈષ્ણવભાવના
ઉત્તરમાં નવા સંસ્કાર પામી.એકેશ્વરવાદી ઈસ્લામનો પણ
સંતો પર પ્રભાવ પડયો.કબીરાદિ સંતોએ પ્રજાને,
સુધારવાને માટે કેટકેટલું કહ્યું છે.આપણા સંતકવિઓ પૈકી
નરસિંહ,મીરાં,અખો ને પાછળના ધીરો તથા ભોજો-આ બધાને
પણ ઓછેવત્તે અંશે આ કરવું જ પડયું છે.'[૧૨]

સમાજમાં સંવાદિતા સર્જવા નિર્ગુણ સંતોએ વૈચારિક ક્રાન્તિનો પ્રારંભ કર્યો. જ્ઞાતિ-જાતિના ભેદભાવ દૂર કરવા ધર્મમાં ક્રાન્તિકારી પગલું લીધું.

'જાતિ-પાંતિ નહીં હરિના દેશમાં,
હરિ કો ભજે સો હરિકા હોય.'

-રામાનંદ

મધ્યકાલીન નિગુર્ણધારાના કવિઓએ નાથપંથીની અલખ નિરંજન, નિરાકાર, નિર્ગુણ પરબ્રહ્મની ભાવનાને કેન્દ્રસ્થાને સ્થાપી. બાહયાચાર ઉપર પ્રહારો કર્યા. કર્મકાન્ડને મિથ્યા માન્યું.માત્ર શાસ્ત્રને આધારભૂત ન માનતા સ્વાનુભવને જ આધાર માન્યો.નિગુર્ણ પરંપરામાં-

'સહજ સાધનાનું મહત્વ છે.શાસ્ત્ર જ્ઞાન કરતાં સ્વાનુભવનું
મહત્વ વિશેષ છે. મધ્યકાલીન ક્રાન્તિકારી સાધુ સેનાનાઇ,
ખીમાજી,રૈદાસ,ધન્નાભગત, કબીર -આ બધાજ શુદ્રવર્ણના
અને અશિક્ષિત છતાં ઉંચી કોટિના સંત હતા.'

પરમતત્ત્વને પિછાણવા માટે શાસ્ત્ર નહીં,કર્મકાન્ડ નહીં,પણ સ્વનુભવજ સૌથી મહત્વનો છે.

'અનુભવ કી બાત કબીર કહે યહ,
સબ હૈ જૂઠી પોલ દેખા.'

-કબીર

સ્વાનુભવનીજ વાત કરતાં નરસિંહ મહેતા લખે છે:

'જયાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી.'

-નરસિંહ મહેતા

એજ રીતે મીરાંના કેટલાંક જ્ઞાનમાર્ગી પદોમાં રહસ્યની અનુભૂતિ પ્રગટ થતી જોવા મળે છે-

'હમ બીચ તુમ બીચ અંતર નાહીં,
જૈસે સૂરજ ધામ.'

-મીરાં

નરસિંહ, મીરાં પછી માંડણ બંધારાએ જ્ઞાનમાર્ગમાં ઘણું પ્રદાન કર્યુ છે. ઉપાસના અને તીર્થયાત્રાનો તેઓ નિષેધ કરતાં કહે છે:

'બહું તીરથ કહીંના કહીં તણા,
ઘણા ઘરના યમ પરુહણા.'

-માંડણ

માંડણનો અનુગામી અખો પણ એજ વાત પોતાની આગવી શૈલીવડે કરે છે.

'જ્ઞાનવિના ભકિત નવ થાય,
જયમ ચક્ષુહીણો જયાં ત્યાં અથડાય.'

-અખો

નરહરિ સતરમી સદીનો મહત્ત્વનો જ્ઞાનીકવિ છે. પોતાને લાધેલું અનુભવજ્ઞાન આ રીતે પ્રગટ કરે છે:

'સૂત્ર માંહી મણિ ઓતપ્રોત તે જાણ,
ઈમ હરિ માંહા વિશ્વ અને વિશ્વમાંહા હરિ.'

-નરહરિ.

નરહરિનો સમકાલીન ગોપાળદાસ છે. તેણે ગોપાળગીતા નામે કૃતિ પ્રગટ કરી છે. આ ગોપાળદાસનું પ્રદાન પણ મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કાવ્યધારામાં મહત્વનું છે. એજ રીતે ભાણદાસ પણ નરહરિ અને ગોપાળદાસનો સમકાલીન જ્ઞાની કવિ છે. ભાણદાસે તત્વજ્ઞાન આ રીતે પ્રગટ કર્યું છે:

'ચંદ્ર સૂર્યમાં ચૈતન્ય મ્હારું તેજ તણો પ્રકાશ,

કોટિ બ્રહ્માંડ રહયા મુજ રોમે ચરાચર મ્હારો વાસ.'

-ભાણદાસ.

મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી ધારાના પ્રવાહમાં અખો મહત્વનો અને નોંધપાત્રજ્ઞાની કવિ છે. તેણે અનેક કૃતિઓ રચી છે. પરંપરામાં પ્રગટ થતી કૃતિઓ જેમ કે અખાની 'અખેગીતા 'નરહરિ ની 'નરહરિકૃત- જ્ઞાનગીતા' ભાણદાસની 'ભાણગીતા' ગોપાળદાસની 'ગોપાળગીતા' પણ અખો આ સર્વ માં અગ્રેસર છે.એણે 'પંચીકરણ' જેવી મહત્વની કૃતિ પણ આપી છે.આ ઉપરાંત તેમણે અનેક કૃતિઓ પ્રગટ કરી છે. છૂટક છપ્પાઓ પણ લખ્યા છે. આ છપ્પાઓમાં જ્ઞાનની મસ્તી અને ખુમારી પ્રગટ થાય છે.અખાનો સમકાલીન જ્ઞાની કવિ બુટો અને અનુભવાનંદ પણ છે.તેઓ એ પણ જ્ઞાનધારા ને વહાવવામાં મહત્ત્વની ભૂમિકા પ્રદાન કરી છે. આમ,સત્તરમી સદી સુધીમાં 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય'માં જ્ઞાન માર્ગી કવિઓએ જ્ઞાનની ગંગાને અવિરત વહાવી છે. 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં' ડૉ.બહેચરભાઈ પટેલ લખે છે:'

'સત્તરમાં શતક ના આરંભથી આ જ્ઞાનમાર્ગી કવિતાનું
ઝરણું કયાંથી ફૂટી આવ્યું?ને સરસ્વતી બની જ્ઞાનઓઘ
બની ગયું? માંડણ,નરહરિ પછી શતક દોઢશતક પછી
પુન:કાયસ્થ ભગવાનદાસ,ધનદાસ, ગોપાળદાસ
બુટો ને અખો એમ સમર્થ જ્ઞાની કવિઓ દર્શનો,ગીતાઓ
અને અનુભૂતિઓ-અવલોકનો લઈ ને આગળ આવે છે.'[૧૩]

જ્ઞાનમાર્ગી ધારાનો કવનવિષય તત્ત્વજ્ઞાનનો રહયો છે.આ તત્ત્વદર્શન એટલે અનુભવમૂલક આત્મદર્શન.તત્ત્વજ્ઞાનની કવિતા કયારેક ઉપદેશાત્મક-બોધાત્મક પણ બને છે.એ રૂપકાત્મક તો કયારેક અવળવાણી રૂપે પ્રગટે છે.તત્ત્વદર્શન ની આ કવિતા વિવિધ વિરૂપોમાં વિભાજિત થયેલી જોવા મળે છે.પદ, ભજન, છપ્પા, કાફી, ચાબખા,પ્રભાતિયાં,ગીતા,કક્કા, બારાખડી,મહિના,વાર, બાવની, તિથિ અને સાખીઓ જેવા સ્વરૂપોમાં જ્ઞાનધારા વહી છે.

જ્ઞાનમાર્ગી વિચારધારાના મૂળમાં પરંપરા ઉપરાંત કેટલાક પંથ-સંપ્રદાય અને શ્રમણસંતોનો ફાળો વિશેષ રહયો છે.

મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિઓએ અલબત્ત અસર તો પરંપરાની ઝીલી છે.પણ પ્રગટ તો સ્વાનુભવના બળેજ કરી છે.

'અખા પછીના જ્ઞાનમાર્ગી કવિઓમાં એક તરફ અખાની શિષ્ય-સંતપરંપરા છે.તો બીજી તરફ પ્રીતમ,ધીરો,નિરાંત,બાપુસાહેબ ગાયકવાડ,ભોજાની જ્ઞાનભારા છે.અઢારમી સદીની

બીજી પચ્ચીસથી તે ઓગણીસમી સદીના મધ્યાહ્નસુધીના સવા શતકમાં ગુજરાતી સાહિત્યે આત્મજ્ઞાનની ઉજવણી કરી છે. જેમ કૃષ્ણ ભકિતના પદોની લીલોતરી, તેમ આ જ્ઞાનના પદોની જયોતીય આકર્ષક છે. એણે ધર્માન્ધ પ્રજાને ઢંઢોળી નવું બળ આપવાનું કામ કર્યું છે'.[૧૪]

અખા પછીના જ્ઞાનમાર્ગી કવિઓમાં અખાની શિષ્ય પરંપરા, પ્રીતમ, ધીરો, ભોજો, નિરાંત, બાપુસાહેબ ગાયકવાડ, નિજારપંથના સંતકવિઓ અને રવિભાણ સંપ્રદાય ના સંતકવિ ઓનો સમાવેશ થાય છે. ભારતીય સમાજ પરંપરાગત અનેક વિચારધારાની વચ્ચે જીવતો આવ્યો છે. સત્ હોય તેની સામે અસત્ પણ હોવાનું જ એ ન્યાયે ધર્મમાં પણ દંભ અને અનાચાર વ્યાપક બન્યાં હતાં. અઢારમી સદીના સમયની પરિસ્થિતિ આ પ્રમાણે હતી. -

'સમાજના બધા વર્ગોમાં વિવિધ પ્રકારના વહેમો અને માન્યાતાઓ પ્રચલિત હતી. લોકો પ્રારબ્ધવાદી હતા. શુભ કાર્યોની શરૂઆત શુભ મૂહુર્તથી થતી. કન્યાના ઘરના મા-બાપ દિકરીના ઘરનું પાણી પણ પીતા નહીં. લોકોમાં બાળકને નજર લાગવી, અંગ ફરકવું, ભૂતપ્રેત વળગવું વગેરેને લગતા વહેમો પ્રચલિત હતા. ધણા મેલીવિદ્યા ના ઉપાસકો હતા. હિન્દુઓ અને મુસલમાનો બન્ને વિવિધ પ્રકારના કાર્યોની સિદ્ધિ માટે તાવીજનો ઉપયોગ કરતા. દોરાધાગા, મંત્ર-તંત્ર, વગેરે નું સમાજ ઉપર વિશેષ પ્રભુત્ત્વ હતું. સમાજમાં સારાં-નરસાં શુકન જોવાની પ્રથા હતી. વિધવા સ્ત્રી અપશુકનિયાળ મનાતી. કૂતરાનું રુદન, બિલાડી આડી ઊતરવી વગેરે ને અપશુકનમાં માનવામાં આવતાં વશીકરણ કરવા માટે વિવિધરીતે મંત્ર-તંત્ર ના પ્રયોગો થતા. ટુંકમાં સમાજ વિવિધ પ્રકારની માન્યતાઓ, અજ્ઞાનતા અને અંધશ્રદધા વગેરે દૂષણોથી ઘેરાયેલો હતો.'

## નિરાંત મહારાજ જ્ઞાનમાર્ગી કવિ:

અખા પછીના જ્ઞાનમાર્ગી કવિઓમાં નિરાંત મહારાજની ગણના થાયછે. તેઓ મૂલતઃજ્ઞાનમાર્ગી કવિ છે. કોઈ પણ કવિ પોતાના સમયનું સંતાન હોયછે. સમાજમાં પ્રવર્તતા નીતિ-નિયમો કે સમસ્યાઓનો પડઘો એમનાં સર્જનમાં પડતો હોયછે. પોતાના સમયની વિચિત્રતાઓથી પણ કવિઓ અવગત હોયછે. ને તેથી જ નિરાંત મહારાજ કહેછે:

'પાછો વળીને તું કયમ નથી પેખતો,
પરખ વિના પૂરો પિડાયો,
શુભ અશુભ કર્મ જાણને તે જાળ છે,
જીવ તે જાળમાં બંધાયો.'

અથવા

'મંત્ર-જંત્ર ભૈરવ ભવાની , બીર જોગણી જંદા,

ઉન સંગત કરી આપ ભૂલાયો, પરે હે કાલકે ફંદા.'

નિરાંત મહારાજે જ્ઞાનભકિતના અસંખ્ય પદ રચ્યા છે.તેઓ તેમના જ્ઞાનભકિત ના પદોની પરિભાષા પરંપરાગત સંતવાણી ની છે.આ ઉપરાંત કેટલાક રહસ્યાત્મક શબ્દાવલી યોજી છે.નિરાંતે પોતાના જીવન અને કવન દ્રારા સાંસ્કૃકિ ચેતનાને પ્રજ્જવલિત કરી છે.નિરાંત સાહિત્યનું અવલોકન કરતાં તેઓ ક્રાન્તિકારી જણાય છે.ધર્મમાં પ્રવર્તતી બદીઓ, પાખંડ, ઢોંગ ઉપર કટાક્ષ કરેલા છે. નિરાંતે પ્રેમ ભકિતનું રસપાન ગુજરાતી પ્રજાને કરાવેલ છે.તે સમયમાં શિક્ષણધર્મ બજાવ્યો. ખરી રીતે તેઓ લોકશિક્ષક હતા.ગુરુ શિષ્યની પરંપરા સમાજને સંસ્કાર પ્રદાન કરે છે.નિરાંત ભારતીયધર્મ સંસ્કૃત્તિના પક્ષકાર રહયા છે.બ્રાહ્મણ ધર્મ, બૌદ્ધધર્મ, ઈસ્લામધર્મ, કે કોઈ સંપ્રદાયના કૂંડાળામાં તેઓ બંધાયા નથી.તેઓ જીવન મુકત બન્યાને પ્રજાને પણ મૂકિત નો માર્ગ ચીંધ્યો. મૃત્યુ પછીની મૂકિત નિરાંતને અભિપ્રેત નથી. પારલૌકિક નહીં પણ ઐહિક જીવનમાં મનુષ્ય સ્વસ્થ રહી સંસાર પાર કરે, તે માટે તેઓ એ જ્ઞાનની નાવડી તૈયાર કરી.તેઓ પોતાની એક સાખી માં કહે છે.

'નિરાંત નૌકા નામની તામે બેસી આય,
પાર ઊતરે પલક માં બહાર ન ફેરા ખાય.'

-નિરાંત.

નિરાંત મહારાજે ગુજરાતી ભાષા સાહિત્યની તો સેવા કરીછે.વ્રજઅને હિન્દી ભાષામાં પણ તેઓ એ કેટલાક પદ રચ્યા છે.'શામળના હિન્દી છાપ્પા' નું હિન્દીમાં એવુ માન છે કે, છાપ્પય શામળદાસ એવી કહેવત પડી. પ્રીતમની હિન્દી સાખીઓ પણ નોંધપાત્ર છે.બ્રહ્માનંદ તો હિન્દીના અગ્રણ્ય સંત કવિ ગણાય છે.એના હિન્દી પદોથી સુપ્રસિદ્ધ છે.જ્ઞાની નિરાંતે તેમ ભોજાને મનોહર સ્વામીએ (સચ્ચિદાનંદ)હિન્દી માં પદો રચ્યાં છે.' [૧૬]

નિરાંત મહારાજના સંપર્ક માં અનેક સંત મહાપુરૂષો આવેલા.તેમના સંપર્કથી વ્રજ-હિન્દીમાં તેઓ પણ લખતા થયા.અલબત હિન્દીના પદોનું પ્રમાણ અલ્પ છે પણ તેમના બહુધા પદોમાં હિન્દી મિશ્રિત ગુજરાતી ભાષા પ્રયોજાયેલી છે.જ્ઞાનમાર્ગના આ સંતકવિ કબીર, દાદૂ, રૈદાસ વગેરેના કાવ્યથી પરિચિત હશે જ.શ્રી નિરાંત મહારાજનું સાહિત્ય સર્જન તપાસતા તેમાં તત્કાલીન સમાજનું પ્રતિબિંબ પડયું છે.તે જોઇ શકાય છે.સાહિત્ય સમાજનું દર્પણ છે.તેમ કહેવાયુ જ છે. નિરાંતમાં ભલે સાહિત્ય દ્દષ્ટિની સૂઝ ન હોય. પરંતું તેમનામાં સંતદ્દષ્ટિ તો જરૂર છે. નિરાંત તેમના યુગના લોકપ્રિય સંતકવિ હતા.તેમનું વિશાળ શિષ્યમંડળ તથા તેમના કેટલાક વિરોધીઓ બ્રાહ્મણ ( મંછારામ )પણ તેઓના સંપર્કે તેમના શિષ્ય થયેલા. ધીરા ભગત ના શિષ્ય

રહી ચૂકેલા બાપુ સાહેબ ગાયકવાડ પણ તેમના અનુયાયી બનવાનું ગૌરવ લે છે. બાપુ સાહેબની કવિતા જોતાં આ બાબતનું પ્રમાણ મળી રહે છે. -

બાપુ સાહેબે ઉત્તમધર્મ ખોળવા સારુ અનેક ધર્માચાર્ય ના પારખાં જોયાં હતાં આખરે નિરાંત પાસે આવ્યા ત્યારે તેમને નિરાંત વળી. નિરાંત મહારાજનું બહુધા સાહિત્ય સર્જન 'નિરાંતકૃત કવિતા'માં સંગ્રાહાયેલુ છે.આ ગ્રંન્થમાં જ્ઞાનભકિતના પદ, સવૈયા, ઝૂલણા, આત્મબોધ કુંડળિયા, પત્રો(હરિદાસ, મંછારામ, અને રવિસાહેબને લખેલા પત્રો), જ્ઞાનોપદેશના પદ, સાતવાર, બારમાસ અને તિથિઓ છે.એજ રીતે સાખીઓ ઉપરાંત બે દીર્ધકૃતિઓ અનુક્રમે અવતાર ખંડન અને યોગ સાંખ્ય ઐકયનો સલોકો છે.નિરાંતે પદ્યકથાઓ પણ આલેખી છે. તેમાં ધનવિરાગ, સ્ત્રી વિરાગ, ગુરુ શ્રધ્ધા, ગુરુ ઉપદેશ, વિશ્વાસ, સંતતિ વિરાગ, માયાત્યાગ, ષડ્રિપૂ, ચિત્તશુદ્ધિ, એકાગ્રતા, બ્રહ્મદર્શન, સંગત્યાગ, સંતગુરુના લક્ષણ, બ્રહ્મદર્શન નો લાભ, માયારૂપ કથન, પુરુષપ્રકૃતિનું વર્ણન અને પ્રકૃતિ નો પરિવાર છે. એજ રીતે અવતારખંડન કે જે તેઓની દીર્ધકુતિ છે.તેમાં વારાહ, મત્સ્ય, કચ્છ, મોહિની, નૃસિંહ, બળરામ, કૃષ્ણ, રામ, પરશુરામ અને વામન એમ કુલ દશ અવતારોનું ખંડન કરતી કૃતિઓ છે.આ ઉપરાંત બીજા અસંખ્ય છૂટક પદ લખ્યા છે.જેમાં તત્ત્વવિષયક ચર્ચા કરેલી છે.

## નિરાંત મહારાજની કૃતિઓમાં જ્ઞાનમાર્ગ:

નિરાંત મહારાજે આત્મજ્ઞાન વડે આત્મસિદ્ધિ પ્રાપ્તકરી છે.આત્મજ્ઞાનના આપદોમાં બ્રહ્મ વિચારણા પ્રસ્તુત થયેલી છે. પ્રાચીન કાવ્યમાળા ગ્રન્થ ૧૦ 'નિરાંતકૃત કવિતા'નો આધાર લીધો છે.આ ગ્રન્થમાં તેઓનું બહુધા સાહિત્ય સંગ્રહાયેલું છે.અહીં નિર્ગુણ ઉપાસના વિષયક જ્ઞાનના પદોની સંખ્યા ઘણી છે.નિર્ગુણ ઉપાસના વિષયક દર્શનની ચર્ચા અન્ય પ્રકરણમાં કરેલી છે.નિરંજન નિરાકાર એવા પરમત્ત્વનું સ્મરણએ નિરાંતનો કવન વિષયક રહ્યો છે.નિરાંત જ્ઞાનમાર્ગી છે.મધ્યકાલીન સંત કબીરનો નિર્ગુણ રામ, સૂફીની મસ્તી, બૌદ્ધદર્શનનું તત્ત્વજ્ઞાન એ નિરાંતની સાધનાનો વિષય રહ્યો છે.નિર્ગુણ રામ ને નિરાંતે પોતાની કૃતિઓમાં પ્રગટ કર્યો છે.

'નિરાંતકૃત કવિતા'માં જ્ઞાનભકિતના ૧૧૧ પદ છે.જ્ઞાનોપદેશના ૪૯ પદ એ પછી સાતવાર બારમાસ અને 'તિથિઓ' છે.પદ ૫૭ પછી ગુરુ સંબંધી સાખી એ છે.એ પછી 'સાંખ્ય અને યોગના ઐકયનો સલોકો', 'કથાઓ ', 'અવતારખંડન' અને કેટલાક છૂટક પદ છે.આમ કુલ ૧૭૮ પદ ૨૮ કથાઓ અને બીજી પ્રકીર્ણ રચનાઓનો સમાવેશ થાય છે.

નિરાંત મહારાજે પોતાના 'જ્ઞાનભકિતના પદ'માં પરમતત્ત્વને પ્રગટાવવાની મથામણ કરી છે.એણે પોતાના પદોમાં જ્ઞાનમાર્ગનું નિરૂપણ કર્યુ છે.આ માર્ગ વડે વ્યકિત અને

સમાજની તેઓએ સેવા કરી છે.જ્ઞાનમાર્ગી પરંપરાને નિરાંત જીવંત રાખે છે.સાંસ્કૃત્તિક રીતે પણ નિરાંતનું કતૃત્ત્વ મહત્ત્વનું છે.સમાજમાં પ્રવર્તતાધર્મમાં ઢોંગ અને દંભ ને તેમના પૂરોગામી ઓની જેમ ખૂલ્લા કરે છે.સત્યધર્મની સ્થાપના નૈતિકતાના મૂલ્યની જિકર કરવામાં આ સંતકવિએ પોતાના દીર્ઘઆયુષ્ય દરમિયાન ઘણી જહેમત ઊઠાવી છે. ભારતીય ધર્મ પરંપરાનું એક ઊજળું પ્રકરણ નિરાંત મહારાજ છે.હવે નિરાંત મહારાજના સાહિત્યનું તેમની કૃતિઓ અનુસાર વિવરણ કરીએ.

જ્ઞાનભકિતના પદ :

નિરાંત મહારાજે સંતવાણીની પરંપરાગત શૈલીમાં તેમના જ્ઞાનભકિતના પદોની રચના કરી છે. આ પદોની ભાષા સાદી અને સરળ છે. તત્કાલીન પરિસ્થિતિનો તેમાં રણકો સંભળાઈ છે.બહુધા પ્રજા અશિક્ષિત હોવાથી તેમને સમજાય તે રીતે જ્ઞાનમાર્ગનું આલેખન કર્યુ છે. ધર્મના જે અગ્રસરો હતા.તે કેવી રીતે પ્રજા સમક્ષ ધર્મ ને પ્રસ્તુત કરતા હતા .આ ઉપરાંત પરંપરાગત બની બેઠેલા પંડિત -પૂરોહિતો ના કૃત્યો ને નિરાંત આ રીતે ખૂલ્લા પાડે છે:

'ભણી ને તું થયો છે ભીખારી,
કમાયો શું, ભણીને તું, થયો છે ભીખારી.'

ભારતીય લોકો મૂળભૂત રીતે ધર્મપ્રેમી છે. એને ધર્મ પ્રત્યે અનુરાગ વિશેષ રહ્યો છે. સમાજમાં ત્યારે શિક્ષણ ન હોવાથી પ્રજા અશિક્ષિત હતી. ધર્મના અધિકારી ઓ જે કથા પીરસે તેનું શ્રવણ કરી પૂણ્ય કાર્ય કર્યુ હોય એમ માની પોતાની રોજિંદી ઘટમાળા માં જોડાઇ જતા હતા. શાસ્ત્રની ભાષા સંસ્કૃત છે.તેથી આમ પ્રજા તેને સમજી શકે નહીં. કવિતામાં અનેક અર્થ ની શકયતાઓ પણ રહેલી હોય છે. તેથી પંડિત-પૂરોહિત જે રીતે અર્થઘટન કરે તેને શ્રધ્ધા પૂર્વક પ્રજા સ્વીકારી લેતી હતી.પણ જે જ્ઞાની હોય છે.તે પોતાના સ્વરૂપ માં સ્થિત રહી વિવેક પૂર્ણ નિર્ણય કરતા હોય છે. સંત કબીર સાહેબે તેના સમયના પંડિત ને કહયું -

'તેરા મેરા મનુઆ એક કૈસે હોય,
મેં કહેતા હું આંખનકી દેખી ,તું કહેતા હે કાગજકી લીખી.'

નરસિંહે પણ કહયું-

'ગ્રન્થ ગરબડ કરી વાત ન ખરી કરી.'

અખા એ પણ લખ્યું-

'વ્યાસ વૈશ્યાની એકજ પેર,
વિદ્યા બેટી ઉછેરી ઘેર.'

એજ રીતે કર્મકાન્ડ એ બાહયાચાર ગણાય છે.ને તેથી તે મિથ્યા છે. એમ

જ્ઞાનમાર્ગીઓ માને છે. નિરાંત કહે છે:

'કર્મ કરી શું રે કમાયો,
વિચારને,કર્મ કરી શું રે કમાયો,
નાહી ધોઈને તું નિત્ય આદરે છે,
પંથી જેમ પંથે પળાયો.'

એજ રીતે વ્યકિત જો બાહયધર્મની પ્રવૃત્તિમાં સંકળાયેલો રહે,તો તેને પરમની પ્રાપ્તિ થતી નથી. પરમતત્ત્વ આ તન માંજ રહ્યું છે.

નિરાંત મહારાજ કહે છે-

'તન તારું જો ને તપાસી,
તું કોણ છે,તન તારું જો ને તપાસી,
પાંચ તત્ત્વનું પૂતળું બન્યું છે,
માહે અગુણ તત્ત્વ નિવાસી.'

સંતવાણીમાં સુગરા ને વિશેષ માનપાન મળ્યું છે.જે માણસને ગુરુ નથી તે નુગરો કહેવાય તેને પોતાના સ્વરૂપ ની પ્રતીતિ નથી હોતી.તેથી બાહયાચાર -કર્મકાન્ડમાં વ્યસ્ત રહેતો હોય છે.ગુરુના સેવક બની,તેના દાસ બની જે રહેછે,તેને નિરાંત કહે છે-

'સુગરાનું સુખ શું વખાણું,
આદિ અંત,સુગરાનું સુખ શું વખાણું,
વૃત્તિના વેગ સહુ વેગળા થયા છે,
ઠરવાનું મળ્યું છે ઠેકાણું.'

એ જ રીતે નુગરા વિશે પણ કહયું છે-

'નુગરા ને ન જડે આરો ઊતરવાનો,
નુગરા ને ન જડે આરો,
ભવસાગર ભય જળનો ભર્યો છે,
કામ ક્રોધનો છે ગારો.'

ગુરુ વિશે ખુલાસો કરતાં નિરાંત મહારાજ કહે છે:

'આરે સંસારમાં ગુરુવનો કોણ છે,
સર્વેને શિર ગુરુ ધારો,
દેહના ગુરુ તો સર્વે ને જાણજો,

મન નો ગુરુ છે ન્યારો.'

અહીં આપણને અખો યાદ આવી જાય છે. તે કહે છે:

'ગુરુ થા ત્હારો તું,
જૂજવો કો નથી ભજવો.'

નિરાંત મહારાજ અનુભવ ઉપર વિશેષ ભાર મૂકે છે:

'પ્રેમ પદારથ પ્રીછવું રે, અનુભવિયાનું વિશેષ,
નિરાંત નિરખો નિજનામને, સત્યપદ્મમાં શેષ.'

કર્તા કોણ છે? એવો પ્રશ્ન કરી નિરાંત લખે છે:

'બગ સો વાકું બૂઝ શકે નહીં, હંસગતિ ગુણ ન્યારે,
મેં સાહેબ મેં, સાહેબ મેરા, પરખે પરખન હારા રે.'

એજ રીતે શબ્દ વડે આ સુષ્ટિનું સર્જન થયું છે. એમ કહી આ શબ્દને કોણ વ્યકત કરે છે. એમ કહી કહે છે:

'એક શબ્દ સબહી સરખા, શબ્દહી સરજન હારા રે,
શબ્દાતીત કો કોન લખાવે સો સબ લખતે ન્યારા રે.'

અણ સમજમાંથી જ બધી ગડમથલ થયા કરે છે. પોતાના સ્વરૂપનું જ્યાં સુધી જ્ઞાન થતું નથી, તયાં સુધી પ્રત્યેક કર્મ નિષ્ફળ નિવડે છે.

નિરાંત મહારાજલખે છે:

'અણ સમજ્યો તે સાધન બહુ કરે,
એમાં અર્થ એકુ નો નવ સરે.
એવા કર્મ ઉપાસી દીઠા ઘણા,
જેમ શેકાયા ઊની વેળુમાં ચણા.'

એજ રીતે અન્ય એક પદમાં પણ કંઈક આ રીતે કહે છે:

'અણ સમજ્યા તે વનમાં ગયા,
દુ:ખ પામ્યા પણ ન્યારા ના થયા,
એને તજવાનો એક ઉપાય છે,
ગયા ગુરુ પાસે તેણે તજાય છે.'

અવિનાશી પદની સમજણ આપતાં લખે છે –

'માયા અવિનાશી પદ ઓળખો,
તેથી પદ તે પુરણપદ ને લખો,
દશ દ્રાર થકી જે દૂર છે,
ન્યારો માંહે રહ્યો ભરપૂર છે.'

નિરાંત મહારાજ નિર્ગુણરામના ઉપાસક છે.સગુણની સમજણ આપતાં નિરાંતે કહ્યું –

'કાયા માયા નું કારણરૂપ છે,
તેથી સગુણ તે આપ સ્વરૂપ છે.'

જેને સ્વાનુભાવથી પરમની પ્રતીતિ થઈ,તે આત્મજ્ઞાની બની સુખ દુઃખથી પર બની રહે છે –

'અનુભવ એવોએ,અંતર જેને ઉદય થયો,
કૃત્ય ટળ્યા તેના રે,તેણે તેનો આત્મા લહ્યો.'

આત્માની ઓળખાણ થયા પછી,ભવરણમાં તે અટવાતો નથી તેનામાં વિવેક જન્મે છે એ પ્રકારનો ભાવ નિરાંત વ્યક્ત કરે છે –

'એ વાત કોઈ વીરલા જાણે કોટિકમાં કોઈ એક,
નામ વિનાની વસ્તુ નિરરખે,એ અનુભવનો વિવેક.'

નિરાંત મહારાજ જ્ઞાનમાર્ગી હોવાથી સહ્જસાધના તેને અભિપ્રેત છે.મનને વશ કરવા યોગીઓ યોગ કરતા રહે છે.યોગની અનેક ક્રિયાઓમાંથી તેને પસાર થવું પડતું હોય છે. તેને કીડીનો માર્ગ પણ કહ્યો છે. જ્યારે જ્ઞાન એ વિંહગમ માર્ગ છે. ને તે વડે પોતાના સ્વરૂપ નું જ્ઞાન થાય છે.

'ત્રણ ભુવનને વૈકુંઠ નગરી,જોત લગી જમતું,
નામ પડ્યું તે નિશ્ચે જાશે,આદિ અંત સમતું,
સર્વ જાણજો ભાંડ માયાની,દેવ સોહમ તું,
નિરાંત નિરખો નામ અનાદિ, મન ઠરશે ભમતું.'

માણસને સંસારમાં કોઈને કોઈ સંતાપ રહ્યા કરતો હોયછે.નિરાંત મહારાજ તેનું સમાધાન સૂચવતા જણાવે છે –

'ઘટમાં જુઓ વિચારી આપ,

બીજો શીદ કરો સંતાપ.

અલખ લખો અનહદની વાણી,

બીન રા એ બોલે.

આપે તાળું આપે કૂંચી,

આપે અંતર ખોલે.'

પંડિતોની શબ્દ જાળને ભેદતા નિરાંત મહારાજ કહે છે:

'ચારવેદ મુખ ભાષણ ભકિત,

પંડિત જુગમાં વાધ્યા,

આત્મારામ અચળ નહીં પરચો,

તે દૂર્મતિમાં દાઘ્યા.'

જ્ઞાનમાર્ગીઓને પરમાત્મા દ્વૈત નહીં પણ અદ્વૈત છે.ને સળંગસૂત્ર એકતાર છે.પરમાત્માથી કોઇ ભિન્ન નથી હું અને તું ના ભેદ એજ અજ્ઞાન છે.નિરાંત મહારાજ કહે છે.

'આદ્ય ને અંતની મધ્યે હું તું નહીં,

વસ્તુ વાણીમાં ના આવે કહીએ.

દાસ નિરાંત શ્રી દેવ દૃષ્ટિ થઇ,

પૂરણ બ્રહ્મઅપાર લહીએ.'

વ્યાસપીઠ ઉપર બીરાજમાન થઈ કથાકારો કથા કરતા રહે છે.પણ તે દંભ છે.તેનું-ઢોંગ છે.પરમતત્ત્વ તો અલક્ષ્ય છે.શબ્દાતીત છે.વર્ણાતાતીત છે.તેનું આ પંડિતો વ્યાખ્યાન ન કરતાં ફરતાં હોય છે.ને તેથીજ શ્રી નિરાંત મહારાજ કટાક્ષ કરતા કહેછે.

'વ્યાસનો વેશ ધરી,સમજણ શી કરી,

આશ ના પરહરી ઢોંગધારી

માનમોટા કરે,એટલા નઅુસરે,

મનમાં ફૂલ્યા કરે ભૂલ ભારી.

આપ ઓળખાય નહીં,અલખ લખ થાય નહીં.

ભાર વહયા ઘણું,ભાર વહેશે.'

પરમાત્મા નામ,રૂપ અને ગુણથી ન્યારો છે. તેને પ્રગટ કરતાં કહે છે:

'પરબ્રહ્મતો પ્રગટ પ્રીછે,
રૂપ અનુપમ એનું,
નામ રૂપ ને ગુણ થી ન્યારું
ભૂત પંચમણ તેનું.'

આ સાધના ના માર્ગમાં પરમતત્ત્વની પ્રાપ્તિ કરવા માટે ગુરુ અનિવાર્ય છે.એ પ્રકારની વાત ભારતીય જ્ઞાનમાર્ગના બધાજ સમર્થકોએ કરી છે.પણ સમાજમાં ઘણા લેભાગુ ગુરુઓ પણ હોય જછે.પરંતુ પૂર્ણતાને જે પામ્યાં હોય તેજ સદ્ગુરુ છે.ને તેના શરણે જવાથી પરમની ઉપલબ્ધિ થાય છે.નિરાંત મહારાજકહે છે:

'મિથ્યાન મરશો ભટકી,મન કોઈ મિથ્યા ન મરશો ભટકી,
પૂરા ગુરુ વિના પાર ના પાવે,ખોજ ખબર નહીં ઘટકી.'

રવિ સાહેબે તેમના પોતાના એક પદમાં કહ્યું છે-

'મેં તો જોયું તખત પર જાગી,
આ ઝાલરી ઝણ ઝણ ઝણ ઝણ વાગી.'

આ પ્રકારની વાત નિરાંત મહારાજ પણ પોતાના એક પદ માં કરે છે.સંસારના વ્યવહારોથી ઊર્ધ્વમુખી બની મનુષ્ય જ્યારે વિચારે છે. ત્યારે તેને સ્વરૂપાનું ભવ ની અનુભૂતિ થાય છે. આ પ્રકારના ભાવને નિરાંત આ રીતે વ્યકત કરે છે. -

'જોયું રે જાગી મારે મન,જોયું રે જાગી,
નિદ્રાવત અજ્ઞાન પળાયું,
ભૂલ ગઈ ભાગી,
સાધન સર્વ સ્વપ્નવત નિરખું,
તન રે થયું છે ત્યાગી.'

ધર્મમાં એવી પણ એક માન્યતા છે કે,પૂણ્યકાર્ય કરવાથી ઈશ્વર પ્રસન્ન રહે છે.ને પાપનો નાશ થાય છે.તે માટે તીરથવ્રત એ બધું ચાલતું રહેતું હોયછે.દેવ સેવા,તેની પૂજા અર્ચના,વગેરે અનેક વિધિ વિધાનો ધર્મક્ષેત્રે દાખલ કરવામાં આવ્યા છે. નિરાંત મહારાજ કહે છે:

'પૂણ્ય કર્યાથી પાર ન આવે,પૂણ્યનું ખોટારું,
તીરથ,વ્રત ને જપ કરી થાક્યા,મન ના કર્યું મારું,

સેવા પૂજા સાધન કરિયાં વિધ વિધ કર વારૂં
ભણ્યું ભણાવ્યું ગણ્યું સાંભળ્યું ના ટળયું અંધારુ.'

વાણી ચાર પ્રકારની હોય છે. પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી. સમાજના બહુધા લોકો વૈખરી થી રામ નામનું રટણ કર્યા કરે છે. સંતો કહે છે –વૈખરીથી રામનામ ઉચ્ચારવાથી કશું હાથ લાગવાનું નથી. એમ કરવાથી મનુષ્ય અવતારનો કશો અર્થ સરતો નથી. નિરાંત મહારાજ કહે છે:

'રામ રામ કરતાં રે જનમ ગયો, રામ રામ કરતાં,
થયાં નીર વિષયે નરતાં રે, જનમ ગયો.'

પદને અંતે નિરાંત મહારાજ કહે છે:

'બિના ખેવટ કોઈ પારન પાવે, બિના નાવ બૂડે તરતાં,
નિરાંત નામ નાવ ચઢ પાવે, સે જે ભવ સરતાં.'

આપણી ભારતીય વૈદિક પરંપરામાં ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કહ્યા છે. તો, ગુરુ પરંપરામાં ગુરુ વિશે નિરાંત મહારાજ કહે છે :

'ગુરુ સમોવડ શું કહી દાખું, દેવદેવના દર્શે રે,
દાસની ઉપર દયા કરીને, વૃષ્ટિ અમીની વરસે રે.'

આ ગુરુનું સ્વરૂપ કેવું છે ?

'મનવાણી થી પર પરમેશ્વર, નિર્વાણીપદ નિરખો રે,
સર્વાતીતને સર્વની માંહે છે, સચરાચરમાં સરખો રે.'

મુર્ખલોકો પરમતત્ત્વને જાણતા નથી. તેના મહિમા થી પણ તેઓ અપરિચિત હોય છે. ને ગમે તેમ બડબડાટ કર્યા કરતા હોય છે. જેમ સૂર્યનો પ્રકાશ ઘૂવડને પસંદ નથી, તેમ જ્ઞાનનો પ્રકાશ અજ્ઞાનીને ગમતો નથી. તે પ્રકારનો ભાવ પ્રગટ કરતાં નિરાંત મહારાજ કહે છે:

'મુરખ શું જાણે મહિમા હરિતણો રે,
મુખમાં તો લવ વાણીનો રોગ,
સૂરજ ઊગ્યો રે, ઘૂવડને નવ ગમે રે,
અંધારું તો ભાવે આઠે પહોર રે,
અજ્ઞાનીને એમ રે, ગાવું કાંઈ નવ ગમે રે,
ઉદય ઘણો અવિદ્યાનો ઠોર રે.'

ગંગાસતી એ કહયું છે કે શીલવંત સાધુને વારંવાર વંદના કરવી જોઈએ. બાપુ સાહેબ ગાયકવાડે પણ કહયું કે, 'શાંતિ પમાડે તેને સંત કહીએ રે, ને તેના દાસના દાસ થઈને રહીએ' એજ રીતે નિરાંત પણ કહે છે.

'સંતોની સંગત રે, મરણેના મૂકીએ,
ચૂકીએના ચાર દિવસનો લાહાવ,
માટે મન રાખો રે સંતો માં મળ્યું રે,
વિલંબ ના કરશો રે, અવ્યો છે દાવ.'

અર્થાત્ મનુષ્યદેહ નાશવંત છે. આયુષ્ય અત્યંત ટૂંકું છે. ને મનુષ્ય દેહ દેવોને પણ દૂર્લભ છે. મનુષ્ય બન્યા પછી જ પરમાત્માની પ્રતીતિ થાય છે. માટે સંતોમાં મન રાખવાનું કહયું છે.

ભારતીય સમાજ વિવિધ વર્ણોમાં વિભાજિત છે. ગીતામાં કૃષ્ણમુખે કહેવાયું છે કે, ચાર વર્ણની મેં રચના કરી છે. કોઈપણ વર્ણમાં રહેલો માણસ મને ભજીને મુકિત-મોક્ષ પામી શકે છે. પરંતુ જ્ઞાનમાર્ગના સંતો વર્ણવ્યવસ્થાના વિરોધી છે. નિરાંત મહારાજ કહે છે:

'વર્ણાશ્રમ તો રહે વિમાશી,
નિત્ય કર્મ નિરમાવે રે,
ખટ દર્શન મિલી ખોજ કરત હે,
મૂળ મર્મના પાવે રે.'

માયાના આવરણ માંથી સદ્ગુરુ જ મુકત કરાવી શકે. ગુરુ વિના માયાનું આવરણ દૂર થતું નથી. પછી તે જ્ઞાનીકે, પંડિત કેમ ન હોય ? નિરાંત મહારાજ કહે છે:

'ખટ દર્શન વણ ખોજે બાંધ્યા,
ફેલી રહી ચોફેરી રે,
જ્ઞાની પંડિત સહુ ગૂંચાયું,
ગુરુ વિના મતિ ઘેરી રે.'

સંસારના ખંધન માંથી જીવને મુકત કરવા નિરાંત મહારાજ નામ ના મહિમાને અભિવ્યકત કહે છે. રામ નહીં પણ રામનું નામ શ્રેષ્ઠ છે. નામ ના રહસ્યને જાણ્યા પછી જ જીવ મુકત બની વિહરે છે.

'વિશ્વ ચરાચર વશી રહયો છું,

ઠામ નથી કાંઈ ઠાલું,

ચતુર્ધા મુકિત મ્હારી પદવી,

હું તો નામ ને પ્રતાપે મહાલું.'

સર્વ પ્રાણીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે.તે પામર થઈ ને રહે, તો જીવન નો કોઈ અર્થ રહેતો નથી.પરમતત્ત્વના જ્ઞાનવિના માનવમાં માનવતા પ્રગટી ન શકે. જ્ઞાન વડે જ તે મનુષ્યતત્ત્વ ને પામે છે.નિરાંત મહારાજ લખે છે:

'મનુષ્ય થયોને હરિનામ ન જાણ્યું,

તે પશુની તોલે કહયો કહેવાય છે.'

રવિ સાહેબનું એકપદ છે.'ઠાલાં થોથાં ખાઈ ગોથાં' આ પદ સાથે નિરાંતનું નીચે મૂકેલ પદ સરખાવવા જેવું છે.વેદ-વેદાંત કે પુરાણ જે વાંચે છે પણ તેમાં રહેલા ભેદને જે પિછાણતો નથી તે જન અજ્ઞાની છે. નિરાંત લખે છે:

'ભણીને ફૂલ્યો રે,મિથ્યા ફૂલફળ વિનારે,

ભણે ઘણું વેદશાસ્ત્રને પુરાણ;

દૂઝાણીને ધેનું રે,પય પડદે રહયું,

ગૌના પાલક પયના અજાણ.'

જ્ઞાનમાર્ગીઓની વાણીમાં નામ નું ઘણું મહત્ત્વ છે.પણ નામ શું છે ? તેનું રહસ્ય શું છે ? તેનું સ્પષ્ટીકરણ કરતાં નિરાંત મહારાજ કહે છે:

'નામ છે સ્વામી ને નામ છે સેવક,નામ અનામી આપ,

નિરાંત રામ તે નામ ને ચીનો,નામ છતી છે છાપ.'

ધર્મમાં આસ્થા,શ્રધ્ધા વૈયકિતક છે.પરંતુ માત્ર ધર્મના શબ્દાર્થ ને જાણવાથી કે સાંભળવાથી કશો અર્થ સરતો નથી.તેના ભેદને પામવો પડે.પોતાના સ્વરૂપની પ્રતીતિ વિના પરિબ્રહ્મની પ્રાપ્તિ થતી નથી એમ આ જ્ઞાનમાર્ગીઓનું કથન છે.સંતો એ માનવદેહ ને કાગળની હોડી કાગળ ની કોઠી ને પાણીનો પરપોટો કહયો છે. નિરાંત મહારાજ પણ કહે છે.

'કહાં સે આયે ને કાંહાં તુમ જાઓગે,ખોજ કરોને ઉનકો,

દો દિનકી જિંદગાની સારુ,કાંહાં કરો તુમ છનકો.'

કેટલાક સાધુ સન્યાસીઓ શરીર પણ ભસ્મ લગાવી,માળા ધારણ કરી પ્રભુનું નામ લઈ વિહાર કરતા રહેતા હોય છે.પણ મૂળ મર્મને જાણતા ન હોજ્વાથી, લોકકલ્યાણનું કાર્ય

કરવા અસમર્થ હોય છે.તેવા લોકોને ઉદેશી નિરાંત કહે છે:

'મન ફકીરી હાલ મજુરી,ધ્યાન ધનીશું લાગા હે,
ફેલ ફકીરી તનકી કહાવે,ગળે ગોદડી ધાગાહે,
મરમ ન પાયે સ્વાંગ બનાયે,ખાખ લગાવે નાગાહે,
મનકા મુંડા કોઉના મળિયા,શિરમુંડા સબ માગાહે.'

અખો તો કવિઓનું નામ સાંભળતાંજ પોતાનો રોષ પ્રગટ કરતો. પરંતુ નિરાંતમાં અખા જેવો આક્રોશ નથી નર્મ-મર્મ યુકત ભાષામાં નિરાંત કહે છે:

'કંઈ કવિજન કાવ્ય અનુપમ બાંધે રે,બલિહારી,
નિરખ્યા વિના નિશાન બાણ શાં સાંધે રે,
નિરખ્યું હોય તે નિશાની નિરખાવે રે,
નામ નિશાની સહી મળે તો તે મારેમન ભાવે રે.'

નિરાંત મહારાજની શિષ્ય પરંપરામાં થઇ ગયેલા અર્જુનભગત પોતાના એક પદમાં કહે છે:

'મુરખ શોધે છાશની તળે,
એને માખણ કયાંથી મળે.'

આ પ્રકારનો ભાવ નિરાંત મહારાજ આ રીતે પ્રગટ કરે છે:

'પોથી પુસ્તક પઢયો પણ પ્રીછયાં નહીં રે,
કાચા પયનો કરે વલોણા વાર,
માખણ ન મળે પણ અમથો મથે રે,
ભૂતળમાં વેહે ગર્દવ જેમ ભાર.'

સંતો કહે છે કે પરમતત્ત્વ આપણા ઘટભીતર જ છે.બહાર શોધવા થી તે મળે નહીં. નિરાંત પણ કહે છે-

'બાહાર ભીતર બીજો નથી બોલતો રે,
અન્ય દેવની મિથ્યા મૂકો આશ,
પ્રભુને પ્રીછો તો એવા પ્રીછજો રે,
અંતરમાં ઓળખી લેવું આપ.

નિરાંત મહારાજ એમના જ્ઞાન-ભકિતના પદોમાં જ્ઞાન ની સાથે ભકિતનો મહિમા ગાય છે. નિરાંત એ માત્ર શુષ્ક વિચારક જ નથી સાચા અર્થમાં તેઓ ભકત છે.તેનો પુરો ગામી

અખો લખે છે:

'પણ જ્ઞાન વિના ભકિત નવ થાય,
જયમ્ ચક્ષુહીણો જયાં ત્યાં અથડાય.'

અથવા

'ભકિત રૂપી પંખિણી,
જેને જ્ઞાન-વૈરાગ્યની પાંખ છે.'

જ્ઞાન અને વૈરાગ્ય વિના ભકિત પ્રગટી શકે નહીં. તેવું પ્રતિપાદન નિરાંત પણ કરે છે. નિરાંતે વૈરાગ્ય ઉપર વિશેષ ભાર મૂકયો છે. સદ્ગુરુ વિના જ્ઞાન ન થઈ શકે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી જ વૈરાગ્ય પ્રગટે. ને પછી ભકિત. મનુષ્યનો દેહ અનુપમ હોવાથી નિરાંતે તેનો ખૂબજ મહિમા કર્યો છે:

'નર ને નારી પામ્યાં નર દેહીને,
હાવે હરિને સંભારો,
નીકર પશુ રે યોનિગતિ પામશો,
આવ્યો તરવાનો આરો.'

આ બ્રહ્માંડ, સંસાર, જીવ, ઈશ્વર, માયા એ સર્વે મનનું સર્જન છે. હું અને મારું એ પણ મનનું જ કારણ છે. એમ ગંગાસતી પણ કહે છે. નિરાંત મહારાજ મનને વિષય બનાવીને, પોતાનો મત પ્રગટ કરતાં કહે છે:

'મન આદે સૃષ્ટિ સબ મનકી, મન તન રૂપ બનાવે,
પિંડ બ્રહ્માંડ સબ મનકા કીના, મનમાંહી બાસ બસાવે.
મન માયાને સબહી બનાયા, આદ અંત મધ્યે માયા,
મૂળ ડાળ સબ મનહી કું જાનો, બીજવત બ્રહ્મસોહાવે.'

સંસાર સાગરમાં તરવું જ હોયતો પ્રત્યેક મનુષ્યે પોતાના શરીર પ્રતિ અભિમુખ થવું પડશે. જે પોતાના સ્વરૂપને નથી જાણતો, તે અન્ય કાંઈજ જાણી શકતો નથી. યાજ્ઞવલ્કય પણ મૈત્રેયીને કહે છે કે, આત્માને જાણ્યા પછી કશું જ જાણવાનું બાકી રહેતું નથી. આ પ્રકારના રહસ્યને નિરાંત મહારાજ પોતાની રીતે અભિવ્યકત કરે છે:

'આપ ચીન્યા બિન અંધા, જગત સબ આપ ચીન્યા બિન અંધા,
પઢવે ગણવે વેદ આદ લેઉં, સબહી ઉદરકા ધંધા.'

જ્ઞાનમાર્ગી નિરાંત જાતિ પાંતિના ઉગ્ર આલોચક છે. પોતાને શ્રેષ્ઠ અને પોતેજ

ભૂમિપરના દેવ છે એમ કહેતી જાતિ પ્રતિ નિરાંત લખે છે:

'બાહામન તુમે કાહા ચીના હે, કાંહાં સે બાહામન આયા હૈ,

બાતન બાહામન મોહે બતાવો, જાહેર જૂઠ બનાયા હૈ.'

કેટલાક સંન્યાસીઓ પોતાને સંત કહેવરાવી લોકોને મંત્રની દીક્ષા આપે છે. પણ મંત્રનું ઉચ્ચારણ કરવાથી પરમ પ્રાપ્તિ થતી નથી. એ તો માત્ર શબ્દનું ઉચ્ચારણ છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન જયાં સુધી થતું નથી ત્યાં સુધી મૂકિત સંભવ નથી. નિરાંત મહારાજ કહે છે:

'ગુરુ તેરા હે સંત સંન્યાસી, ગુરુએ મંત્ર દીના હે,

ઓ મંત્ર પઢ કાંહાં જાએગા, ઘર અપના નહીં ચીના હે.'

જ્ઞાનભકિતના તેમના પદોમાં તત્કાલીન સમાજની તાસીર પ્રગટ થાય છે. લોકોને અજ્ઞાનતાના અંધારાં માંથી બહાર લાવવા નિરાંત પોતાના જીવન અને કવનમાં સાદી અને સરળ ભાષામાં જ્ઞાનને પ્રગટ કરે છે. તેમના પદો જોતાં, ભલે તેમની ભાષા સાદી અને સરળ હોય. વિદ્વાનોને અભિપ્રેત શબ્દની ભલે ચમત્કૃત્તિ ન હોય; પણ સંતવાણીની પરંપરા માત્ર શુષ્ક નથી. તેમના શબ્દોની કુમાશ, આભિજાત્ય, અને ભીનાશ આપણા મન હૃદયને પણ ઝંકૃત કરે છે. એ ન્યાયે તેમને સાચા અર્થમાં સંતકવિને લાયક ગણવા જોઈએ.

⊙ *જ્ઞાનઉપદેશના પદો :*

નિરાંત મહારાજ તત્ત્વજ્ઞાની છે. જ્ઞાનમાર્ગના મરમી સંત છે. એમનું પ્રતિપાદન અદ્વૈતનું રહયું છે. પણ આ અદ્વૈત એટલે શુ ? અદ્વૈત એટલે જીવ અને શિવની એકરૂપતા. મનુષ્ય દેહે પોતે જ પરમાત્મા. પરંતુ માણસને ઈશ્વર જુદો લાગે છે તેતેના અજ્ઞાનને કારણે. મોહને લઈને પરમતત્ત્વજૂદું લાગે છે. અજ્ઞાનતાને વશ માનવી પોતાને જ્ઞાની, પંડિત, મુર્ખ વગેરે માનવા લાગે છે. મનુષ્યને આવા અજ્ઞાનતાના પાશ માંથી મુકત કરવા , સમયે સમયે સંતોએ પરિભ્રમણ કર્યા છે. માનવી અજ્ઞાનતાને આધિન થઈ જીવનના રસ ને ગુમાવી દેતો હોય છે. ખોટી કલ્પનાઓને સત્ય માની સુખ-દુ:ખ અનુભવ્યા કરતા હોય છે. એવા દુ:ખમાં પડેલા માનવીને સંત જ મુકત કરી શકે. બંધનમાં બંધાયેલા માનવીને કોઈ વીરલા સંત જ મુકત કરી શકે. જ્ઞાનઉપદેશ ના પ્રથમ પદમાં નિરાંત કહે છે: સમુદ્રમાં મોતી હોય છે ને તે પણ સમુદ્રના તળિયે. એ મોતી પ્રાપ્ત કરવા કેટલાક લોક મરજીવા બને છે. પોતાના જીવની પરવા કર્યા વિના, મૃત્યુની દરકાર કર્યા વિના, સાહસ યુકત બની ને સમુદ્રમાં ઝંપલાવે છે. સમુદ્ર તો ઘણો ઉંડો હોય છે. છતાં તે ત્યાં જાય છે. ને મોતી પ્રાપ્ત કરે છે.

'દરિયાનું મોતી મરજીવા હોય સો લેશે,

મૂકો સાકર સાત આસમાન,કીડી જઈ ખાશે.'

જેમ મરજીવા મોતી મેળવે છે.તેમ સાકરનો કણ ગમે ત્યાં હશે.કીડી ત્યાં પહોંચી જવાની. નિરાંત ગૂઢજ્ઞાનને સમજાવવા આવાં સાદાં ને સરળ દષ્ટાંતો પ્રયોજે છે. પરમાત્મા આપણા ઘટભીતર જ રહેલો છે. પણ તેની ઉપર અજ્ઞાનતાનું આવરણ હોવાથી, તેના દર્શન થતાં નથી. તે માટે અટલ શ્રધ્ધાને સ્વાધ્યાય કરવો પડે. નિરાંત અહીં હરિયલપક્ષીનું ઉદાહરણ પ્રયોજે છે-

'હરિયલ કાઠી મોતને ભાઈઓ સાશે,

તોય જુઓ કાષ્ઠ એનાથી ન તજશે.'

માનવ શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે. પૃથ્વી, જળ, અગ્નિ, પવન અને આકાશ. તેમાં ત્રણ ગુણો રહેલા છે. સત્વ, રજસ્ અને તમસ્ પાંચ વિષયો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ વિષયોમાં સમગ્ર સંસાર રમમાણ રહે છે. ને સુખ-દુઃખ અનુભવ્યા કરે છે. પરમાત્માની પાપ્તિ વિષયોના તિરોધાન કરવાથી જ થાય છે. તેમ દરેક સંતોનું પ્રતિપાદન છે.

નિરાંત કહે છે કે: આ સમગ્ર જગતમાં અનેક જીવજંતુઓ, પશુઓ, પંખીઓ છે. તું તો માનવી છે. ને માટે તું શ્રેષ્ઠ છે. બધા પ્રકારના જીવજંતુઓ જેવી તારી વૃતિ નથી. અજ્ઞાનતાને વશ તું વિષયો પ્રતિ આસકિત દાખવે છે. એ વિષયોને દૂર કરીને નિરખતો પરમનું દર્શન થશે, ને પછી તું જાણી શકીશ કે તેનું સ્વરૂપ કેવું છે. જયાં સુધી વિષયાંસકત જીવન છે ત્યાં સુધી પરમાત્મા દૂર જ છે. પાંચ વિષયો તો પરિબ્રહ્મનું નામ વિસરાવે છે. ઊંઘમાં પણ સ્વપ્ન રૂપે આવીને તને સુખ દુઃખ આપ્યા કરે છે. તેથી સર્વ દુઃખોનું મૂળ આ વિષયો છે. નિરાંત કહે છે:

'મારું માને તો એને લગાડે,

સ્મરણ થકી તું જેને જગાડે.'

અથાત્ તું જો મારુ કહયું માને તો વિષયોથી તરત જ મુકત થા. ને માત્ર પરમાત્માનુ સ્મરણ કર. પછી જે કલ્પનાઓ છે ,તેમાં થી તું મૂકત થઈ જઈશ. આ પાંચ વિષયો તે તારા સ્વામી નથી. પણ તું તેનો સ્વામી છે એટલે તું તેને હુકમ કરવા યોગ્ય છે. તું અસામાન્ય છે તો સંતાપ શીદ કરે છે. એક માત્ર નામ ને શરણે જવાથી આનંદની પ્રાપ્તિ થાય છે.

નિરાંત મહારાજ જ્ઞાનનો મહિમાં વિશેષ વ્યકત કરે છે. પરમાત્માની પાપ્તિ માટે ઉપવાસ, પૂજા, સાધના એવા કેટલાય ઉપાયો કરવા પડે. પણ નિરાંત મહારાજ કહે છે:

'એવા જ્ઞાન ધનવત થઈરહે, ગાળે બ્રહ્મ હિમાળે હાડ,

પછી કશું તેને નવ રહે, પાણી, પથ્થર કે પાડ.'

સાચા સંતના લક્ષણો વ્યકત કરતા નિરાંત મહારાજ લખે છે :

'ગગન ચળે પણ સંત ન ચળતા, દઢ મનમાં એવા ધામ,
ક્ષમા તણા તો શિરદાર સાચા, જેથી હારે સુંદર શ્યામ.'

સામાન્ય માણસની આસ્થા ધર્મપ્રતિ ગહન હોય છે. ધર્મની વાત આવે એટલે તે શ્રધ્ધાપર્વક શ્રવણ કરતો રહે છે. કેટલાંક ઢોંગી-દંભી લોકો ગુરુનો વેશ ધારણ કરી ગુરુ બની ભોળી પ્રજાને લૂંટતા રહેતા હોય છે. નિરાંત મહારાજે સાચા ગુરુની વ્યાખ્યા કરતા હોય તેમ કહયું-

'નરખી પારખીને ગુરુ કરવા,
રે ભાઈઓ, સદા નરખી પરખીને ગુરુ કરવા,
તો પગ જઈ શેં ધરવા.'

એજ રીતે પોતાના શિષ્ય બાપુ સાહેબને પણ ગુરુ વિશે કહે છે:

'બાપુ નાવ તપાસી બેલો, પથ્થર હોય તો માંહી નવ પેસો.'

ગીતામાં જેમ શ્રીકૃષ્ણ અર્જુનને સ્વરૂપ વિષયક જ્ઞાન આપે છે તેમ અહીં નિરાંત પણ બાપુસાહેબને કહે છે:

'બાપુ જોયા જયોતિરૂપા, બાપુ રૂપ અતિ અનુપા,
બાપુ એ જ નામ અમારા, બાપુ જાણો રૂપ તમારા.'

નિરાંત મહારાજ મૂર્તિપૂજાના વિરોધી નથી પણ મૂર્તિ પૂજવાથી કશો અર્થ પ્રાપ્ત થતો નથી. દ્રૈત માંથી અદ્રૈતમાં જવું પડે તો જ અખિલાઈ ના દર્શન થાય. તેઓ નિગુર્ણ માર્ગી હોવાથી ઘટભીતર બિરાજેલ પરમતત્ત્વને પ્રાપ્ત કરવાની હિમાયત કરતાં કહે છે:

'નિર્ગુણ નામ લ્યો નર નારી રે, એવી બલિહારી રે,
હરિ નામ સમાન આરાધોરે, નિરંતર સાધન સાધો રે,
એહી અંતર કી ગત જાનોરે, કહું આદ્ય અંતકી માનો રે.'

મનુષ્ય જન્મ મળ્યો છે. પણ જેણે પરમતત્ત્વની પ્રાપ્તિ નથી કરી અથવા પરમતત્ત્વના શરણે નથી ગયો, તેવા મનુષ્યને નિરાંત મહારાજ હાથી, કાગ, સુવર, ગધેડો એવા નામથી ઓળખાવે છે. એવી કૃર વાણીનો આશ્રય લેવામાં પણ નિરાંત ને લોક કલ્યાણ જ અભિપ્રેત છે કહે છે:

'નર દેહધરી સુકૃત કાંઇ નવ કીધું રે, પ્રભુ ને નવ લહયા,
તે જન જાણો નિશ્ચે નિરખ્યા, નીચી યોનિમાં ગયા.'

નિરાંત મહારાજ વારંવાર મનુષ્ય દેહનો મહિમા વ્યકત કરે છે. માનવદેહ અમૂલ્ય છે. તે વારંવાર મળતો નથી. માનવ બન્યાં પછી કૂડ-કપટ, ઈર્ષા, મારાધતારી ઈત્યાદિ માં જન્મ ગુમાવવો જોઈએ નહીં તેવી શકિત આપતાં કહે છે:

'અજ્ઞાની જીવ, નીર ઉષણું પીતાં પ્યાસ ન ભાગે,
મૂઢ મન વિચાર, અમૂલક અવસર વણસે વાર ન લાગે.'

રામ રસ જેણે પીધો છે. પછી તેને બીજા વિષયોમાં ગમતું નથી. રામ રસના પ્યાલા જેણે પીધા છે તે પાત્ર પાકું બને છે. પછી ત્યાં કોઈ પણ પ્રકારનું દ્વૈત રહેતું નથી. નિરાંત કહે છે:

'ગગન ગૂફામેં યોગાન ગિયાનકા, આપ રહે ઐકિલા,
અન્ય દેવ વાકે દિલ નાહીં: નહિ ગુરુ નહિં ચેલા.'

પોતાના એક પ્રભાતિયાં માં નરસિંહને અનુસરીને રહસ્યનું ઊદ્‌ઘાટન કરતાં નિરાંત મહારાજ કહે છે:

'કોઈ દેવ દેરાં ફરે, તીરથવ્રત જાત્રા કરે,
ના ટળે કર્મનો કીચ કો થી;
કોઈ મૌન વ્રત ગ્રહી રહે, અસત્ય નવ ઉચરે,
ધર્મ રૂડા કરે વેદ સાખે.'

નિરાંત મહારાજ પ્રતિપાદિત કરે છે કે પિંડમાં જ બ્રહ્માંડ છે. ઉપનિષદનો અહીં રણકો સંભળાઈ છે. નિજનામ ને પિછાણ્યા પછી આનંદ સ્વરૂપ ની પ્રાપ્તિ થાય. નિરાંત કહે છે:

'પિંડ બ્રહ્માંડ તે પોતામાં પરખવું, જુગતિ જોઈ અતિ મન હરખવું,
પોત ના પારખ્યે ભાત ભાળો,
એ જંતુને નવ જડે, સુગમ કોઉ સંતને,
જો સદ્‌ગુરુ સેનમાં આપ કાળો.'

નિરાંત મહારાજના ગુરુ અમન સાહેબની અસર નિરાંતના કવન પર પડી છે. અહીં સૂફીવાદની મસ્તી ધ્યાનાકર્ષ છે. કહે છે:

'ન જાનું પ્રિયા કોન બાતપર રાજી, ન જાનું પ્રિય કોન બાત પર રાજી,
મેરે અજાની કછું મરમ ન પાઉં, બહોત બનાઈ તેરી બાજી.'

સંત દેવીદાસનું એક પદ છે-

'જેમ રે દીવાની માંથે પવન ઝપટે રે,
કાળ ગ્રહયો છે તારે શીર પર ઘેરી,

ઊઠ રે મુસાફિર ચેતી લેને પ્યારા.'

એ જ રીતે નિરાંત પણ ચેતવણી આપતાં કહે છે:

'સત્ગુરુ કો સમરન કરલે, ચેત ચેત ના નારી રે,
હરદમ દોરી કાળ હલાવે, પલમેં લેગો મારી રે.'

શ્વાસે શ્વાસે સ્મરણ કરવાની વાત નિરાંત કરે છે:સંતવાણીમાં તેને અજપાજાપ પણ કહે છે. નિરાંત મહારાજ કહે છે:

'સાસ ઉસાસે સમરન કરને, તુહિ તુહિ કર તનમેં રે,
સાન ગુરુકી એહી સત્યારથ, દેખો દિલ દરપન મે રે.
સચરાચર મેં સોહી બિરાજે, આપ આપ આપનમેં રે,
બાહેર ભીતર એક નિરંતર, બાજે નાદ ગગન મેં રે.'

સર્વે જીવોમાં મનુષ્ય શ્રેષ્ઠ છે તેથી તેણે સતત ઊર્ધ્વગતિ કરવી જોઇએ તે માટે શ્રી નિરાંત લખે છે:

'અધર કલામેં આસન કરને, રામનામ લહે લાઈરે,
અન્ય દશા તું અલગી કરને, ભૂલ ગયા તે ભાઈ રે.'

દુનિયાની રીત જ એવી છે કે અસત્યને હંમેશા સત્ય માની લેવામાં આવે છે. જ્ઞાનમાર્ગીઓ - નિર્ગુણીઓ પિંડમાં બ્રહ્માંડ માને છે. પરમતત્ત્વ કયાંય બહાર નહીં પરંતુ આપણી ભીતર રહેલું છે. તેને જ સત્ય માને છે. તેથી નિરાંત મહારાજ કહે છે:

'દેખો રે દુનિયા કા મારગ જૂઠેકું કહે સચ્ચા રે,
અવાચકકું આદર દેવ, વાચકકું કહે કચ્ચારે.'

ગુરુએ કરુણા કરી, પ્રેમથી મને સમજાવ્યો સાચા સદ્ગુરુની એજ નિશાની છે. હું જયારે ગુરુમુખી થયો ત્યારે સત્ય સમજાયું કાંઇક આ વાત નિરાંત આ રીતે વ્યકત કરે છે:

'સાચા સાહેબ સદ્ગુરુ મિલિયા, મે'ર કહી તબ મન માન્ય,
આ રે બડા કૌન ઉનથે કહીએ, પિતા પુત્ર પે સમજાના રે.'

'નામ' ને જે જાણતો નથી તે નુગરો છે. એમ કહી શ્રી નિરાંત પોતાનું જ્ઞાન વ્યકત કરે છે:

'નામ ના ચીને સો નુગરા, કહા સાધુ સંસારી હે,
નિરાંત નામ અભે અવિનાશી, પાયા પ્રેમ પસારી હે.'

કબીરનું 'હિન્દુ-મુસ્લીમ દોનું રે ભૂલે' એ પદ ઘણું લોકપ્રિય છે. નિરાંત મહારાજ આ પ્રકારના ભાવને પોતાની રીતે પ્રસ્તુત કરે છે:

'બંદા કહાવે છૂરી ચલાવે, એહી ફલકું ફૂરમાયા રે,
ક્રિયા કરાયા દોઉં દોજક જાયેગા હક નામકું ના પાયા.
ભગવા કહાવે મંડ મંડાવે, દિલ અંદર નહીં દરશાયા,
ઓહં સબ સમે બહે જાત હે અલખ નામકું ના પાયા.'

રહસ્યને ઉદ્‌ઘાટિત કરતાં નિરાંત મહારાજ લખે છે:

'વિના પંખનો એ છે પંખી, વિણ ઇંદ્રીનો ભોગી રે,
વિના પિંડનો એ છે પ્રાણી વિના જોગ સંજોગી રે.'

પરમાત્મા વર્ણનાતીત છે. શબ્દાતીત છે. વાણી તેના સ્વરૂપને અભિવ્યકત કરવા સક્ષમ નથી તેમ કહેતાં નિરાંત કહે છે:

'વાણીમાં આવે તે વણસે, નિરવાણી તે સાચું રે,
નામ રૂપને ગુણથી ન્યારું તે જાહેરપદ નીચું રે.'

રામના ગુરુ વશિષ્ટ મહારાજ હતા. વશિષ્ટ ગીતામાં વશિષ્ટ મહારાજ રામને કહે છે કે, તારે શાન્તિ જોઇતી હોય તો તું તારા સ્વરૂપને જો, તું વનમાં જા તપ કર, યોગ કર કે હિમાલયમાં જા પણ તને શાંતિ નહીં મળે. તે માટે તો તારી ભીતર રહેલ પરમતત્ત્વ ને પિછાણવું પડશે. કાંઇક એ જ ભાવ નિરાંત આ રીતે પ્રગટ કરે છે:

'સમજી લે મન સુધી કળા, સદ્‌ગુરુ નિજ નામ લખાવે,
જોગ જગન વ્રત આચરે, અડસઠ તીરથ ફરી આવે,
વનમાં જઇને તપ આરાધે, તોહી ભૂલમેં ભરમાવે.'

સંતવાણીમાં 'નામ' સંજ્ઞા ઘણી મહત્ત્વની છે. નિરાંત મહારાજ કહે છે કે આ નામ ના રહસ્યને કોઇ જાણતું નથી જે ગુરુમુખી છે તે જ આ નામ ને પિછાણે છે. નામ ના રહસ્યને આ રીતેવ્યકત કરતાં કહે છે:

'અગમ અગોચર નામ હે, નામ નિરગુણ કાવે,
સિરગુણ સોઇ સતનામ હે, નામે સબ ધાવે.'

હવે આ 'રામનામ' ને જે જાણે છે તે કેવો છે ? તો કહે છે-

'રામનામ કા પારખું, કહો કેસે પાવે,
હંસન કી કહાં મીલેરે, બગ બહોત મીલ આવે.

આદ્ય અંત મધ્ય એક હે દૂજા નહીં દરશાવે,
નિરાંત નિરમણ નામ હે, ગુરુદેવ લખાવે.'

કોઈ પંથ-સંપ્રદાય કે મૂર્તિને પૂજવાથી પરમાત્મા મળતા નથી નિરાંત લખે છે:

'પંથ કે પ્રતિમા પાળતાં, મળે નહીં બ્રહ્મ છેટો,
નિરાંત નામ જાણે નિરંજન મળે, દુ:ખ સાંસોમેટયો.'

બ્રહ્મા, વિષ્ણુ મહેશ, રામ, કૃષ્ણ એમ અનેક દેવી-દેવતાને લોકો ઈશ્વર ગણી પૂજે છે. પણ જે સદ્‌ગુરુને શરણે જતો નથી. તેના સંકલ્પ-વિકલ્પ શમતા નથી નિરાંત મહારાજ કહે છે:

'અસંખ્ય બ્રહ્મા થઇ ગયા, શંકર કીધી સવારી,
દેવલોકની ગણતી નથી કશી દુનિયા બિચારી,
અસંખ્ય વિષ્ણુ થઇ ગયા, મારી પળ એક માના,
સપ્ત કોટિ સરસ્વતી થઇ, મારી પળ એક માના,
કોટિ બલિ વામન થયા, કૌરવદળ ભારી,
લંકાપતિ રાવણ ગયા, સો સો લખવારી,
સત્ ગુરુ નામ અચળ છુ, કહું હું તો પોકારી,
કહે નિરાંત બાપુ સુણો, એવી ઉમર અમારી.'

ધન, સંપતિ, પરિવાર એ બધું ભ્રમ છે. એવા સંબંધો તકલાદી છે. માત્ર રામનું નામ જ તારણહાર છે. માટે તેના શરણે જા.

'ધન માલ કુળ કુટુમ્બ કબીલો, જાણો જૂઠી સગાઇ,
અંતકાળ કોઇ રાખી શકે નહીં, સબ દેખત ચલ જાઇ.'

નિર્વાણ સંબંધી પણ નિરાંત મહારાજે લખ્યું છે, તે કહે છે:

'આદિ બ્રહ્મ નિરવાણી રે, નિરખીને કહીએ,
ઉલટ સુલટ ઘેર આવી રે, નિરંતર રહીએ,
તન મન ધન અર્પણ નીરે, અનહદ સેવા,
જન વીરલો કોઇ જાણે ર, જગતપતિ દેવો.'

જે રાજકુંવર છે તે સામાન્ય વસ્તુની માગણી ન કરે. એ તો હાથીની સવારી કરે મનુષ્યજ શ્રેષ્ઠ છે. એમ નિરાંત વારંવાર કહે છે. પરમની પ્રાપ્તિ માટે કોઇ સાધન ઇષ્ટ નથી તે માટે તે કહે છે:

'સાધો સાધન શું કરો, જેને મહાધન લાધ્યું,
દ્રૈત દુગ્ધા ટાળી ગઈ, નિશ્ચળ મન બાંધ્યું,
પૂરણપદ પોતે થયો, તેનું મન કયાં લાગે ?
રાજકુંવર હસ્તિ ચઢયો, તે કોડી શીદ માગે ?'

નરસિંહે કહયું છે :

'દૂબળા ઢોરનું કુસકે મન ચળે,
પણ ચતુર્ધા મુકિત ન માગે.'

એ જ રીતે નિરાંત પણ લખે છે:

'નવનિધિ નિર્માલ્ય છે સિધ્ધિ સામું ના પેખે,
ચૌદ લોક વૈકુંઠ લગી, સરવે તૃણવત્ લેખે.'

નરસિંહે કહયું છે:

'વિવિધ રચના કરી અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એજ આશે.'

નિરાંત આ પ્રકારના ભાવને પોતિકી રીતે પ્રગટ કરે છે:

'સાચીને સાચી જૂઠી હે, એસી જુગત બનાઈ,
તીન લોક માંહી એહી તમાસા, રાંક રાઈ રીઝાઈ.'

કેટલાક લોકો કથાઓનું શ્રવણ કરતાં રહે છે. શ્રી હરિની કથાઓના દષ્ટાંતો આપતાં ફરે છે. તેવા લોકોને નિરાંત મહારાજ કહે છે:

'ભણ્યોને ગણ્યો રે મનમાં થયો મોટો, વાણીમાં વેંધાયો રે,
વારતાનું વડપણ ન છૂટે, આશાને પાશે બંધાયો રે.'

સંતવાણીમાં કહેવાય છે કે, ભજન ગાવાના નથી હોતા, ભજન કરવાનું હોય છે. ભજન ગાવા કે શ્રવણ કરવાથી કશું પ્રાપ્ત થવાનું નથી. ને તેથી નિરાંત કહે છે:

'પંથનો પાર ન આવે,
ભજન વિના પંથનો પાર ન આવે,
લખ ચોર્યાશીનો પંથ છે પૂરો, ચાર ખાણ ફરતો ફેરાવે.'

અહીં નિરાંતને પંથ એટલે રસ્તો/માર્ગ અભિપ્રેત છે. ઈશ્વર ના ઘરનો રસ્તો ભજન વિના મળતો નથી. ભજન કરવું એટલે પોતાના સ્વરૂપનું દર્શન કરવું.

નિરાંતે પોતાના જ્ઞાનઉપદેશના પદોમાં જ્ઞાનનો મહિમા કર્યો છે. સમાજમાં પ્રવર્તતા દંભ અને પાખંડ પ્રતિ તેઓ આક્રમક છે. પણ અખો કે ભોજા ભગત જેવી ભાષા તેઓ પ્રયોજતા નથી. તેમની ભાષા તેમના સૌમ્ય વ્યકિતત્ત્વની દ્યોતક છે. નિરાંત બ્રહ્મજ્ઞાની ની સાથો સાથ બ્રહ્મક્ષૌત્રિય પણ છે. તેમના પદોમાં શાસ્ત્રનો આધાર પણ જોવા મળે છે. ઊપનિષદ્નું તત્ત્વજ્ઞાન, સાંખય, યોગ અને સિદ્ધોનું દર્શન, બૌદ્ધ અને સૂફી સાધનાની અસરપણ તેમની વાણીમાં છે. નિરાંત પોતાના પદમાં સાહેબ શબ્દનો ઘણી વખત ઉપયોગ કરે છે. તેથી સૂફી તેમજ કબીરનો પ્રભાવ પણ તેમના પદોમાં નિહિત છે. આ ઉપરાંત તત્કાલીન પરિસ્થિતિનો સૂર પણ તેમના પદોમાં સંભળાઈ છે. પ્રજા અનેક પંથ-સંપ્રદાયોમાં બધ્ધ રહીને ધર્મનું આચરણ કરતી હતી. તો પણ તેમની સમસ્યાઓનું નિરાકરણ ન થયું. નિરાંત પોતાના પૂરોગામીઓને અનુસરી બ્રહ્મવેદાંતનું દર્શન પોતાની આગવી શૈલી વડે વ્યકત કરે છે.

⊙ *સાતવાર :*

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં બહુધા કવિઓ એ 'સાતવાર' નામક સાહિત્ય સ્વરૂપને આલેખિત કર્યુ છે. વિવિધ ધારાના સંત કવિઓએ આ સ્વરૂપને ખેડયુંછે. આપણા જ્ઞાન માર્ગી સંતકવિ નિરાંત મહારાજે સાતવાર સ્વરૂપનું સર્જન કર્યુ છે. રવિવાર થી લઇ શનિવાર સુધીના સાતવારનું તેમાં આલેખન છે. આ સાતવારમાં નિર્ગુણ નિરાકાર બ્રહ્મનું દર્શન નિરાંત મહારાજે કરાવ્યું છે. નિરાંત જ્ઞાનમાર્ગી હોવાથી અહીં પણ નિર્ગુણનું સૂક્ષ્મ નિરીક્ષણ આપણને પ્રાપ્ત થાય છે. પ્રથમ પદમાં નિરાંત ગોવિંદની અકળગતિની વાત કરે છે. તે સચરાચરમાં વ્યાપ્ત છે. તેનો પાર કોઈ વીરલા જ પામી શકે છે. અહીં અદ્રૈત બ્રહ્મનું નિરૂપણ આ રીતે પ્રસ્તુત થયું છે-

'આદિતે અદ્રૈત બ્રહ્મનો , કોઇના પામે પાર,
શેષ સહસ્ત્ર રસના રટે, નિશદિન નામ ઓંકાર,
ગતિ ગોવિંદની અકળિત છે, નિગમ બધો સંસાર,
સાચી સદ્ગુરુની સાધના, બીજું આળપંપાળ.'

અનુભવથીજ પોતાના અંતરની પ્રતીતિ થઇ શકે. સુમતિ હોય તો બધું સમરૂપ દેખાય. જયાં દષ્ટિ કરે ત્યાં પરમતત્ત્વની હાજરી વર્તાય. નિરાંત કહેછે:

'અનુભવે નિરંતર ઓળખો, રાખો સત્ મત નો પંથ,
ધારણ નામ સહુ રૂપની વિર્વાણરૂપ આદ્ય અંત.'

ધર્મશાસ્ત્રમાં કહેવાયું છે કે, મનુષ્યને લક્ષચોર્યાશીના ફેરા ફરવા પડે છે. જન્મ મરણના ચકકરમાં ફરતો રહેતો જીવ મુકિતને પામતો નથી. નિરાંત કહે છે:

'પાવક કાષ્ઠનું પારખું, પ્રગટી પોતાને ખાય,

એવી કાયાની રીત છે, જાગ્યે જનમ ન થાય.'

સાધના-સેવા, પૂજા-અર્ચના કરવાથી હરિ પ્રગટ થતા નથી પોતાના શરીરનો અભ્યાસ કરવાથી તે સહેજે બને છે.

'સાધન સેવા શરીરમાં, અંતર અગમનું ટાળ,

પંચ તત્ત્વનું પૂતળું, રમતાં રામ નિહાળ.'

ગુરુ દંભી છે કે સાચા એમ ખાત્રી શી રીતે કરી શકાય ? શાસ્ત્રો વાંચીને પણ ગુરુના સ્વરૂપનું જ્ઞાન થતું નથી તેમ કહેતાં નિરાંત લખે છે.

'ગુરુગમ વિના ગુરુ નહીં મળે, પઢીએ વેદ પૂરાણ,

જપતપતીરથ વ્રત કરો, નહિં પાવે પદ નિર્વાણ.'

સાચા સદ્ગુરુ તો અંતર્યામી છે. ગુરુગમ કરવાથી અર્થાત્ ગુરુએ જે યુકિત-પ્રયુકિત દર્શાવી હોય તેના અભ્યાસથી સદ્ગુરુની પ્રાપ્તિ થાય છે. માત્ર અધ્યાત્મ સંબંધી વાચન કરવાથી સત્યપદાર્થની પિછાણ થતી નથી.

આ 'સાતવાર'માં નામ ભકિતની વિશેષ મહત્તા છે. નામ સ્વરૂપી કોણ ? એમ સમજાવતા નિરાંત લખે છે. :

'નામ સ્વરૂપી હરિનામ છે, શૂરા પૂરાનો દેવ,

વિકાર વાણીથી વેગળો, સમજી કરીએ સેવ.'

પરિબ્રહ્મનું નિવાસ સ્થાન કયાં ? આ એક બહુ મોટું રહસ્ય છે. તેને સરળવાણીમાં ઉદ્ઘાટિત કરતાં નિરાંત લખે છે:

'શૂન્ય શિખરમાં સ્વામી રહયા, પૂરણ પોતે પરબ્રહ્મ,

અકળ લીલા સંસારમાં, કરતવ્ય એમાં સહુ કર્મ.'

મનુષ્ય જન્મ મળ્યો એજ તેની મોટી જીત છે. આ ભવરણમાં પરમને જાણ્યા વિના પોતાના જીવનનું સાર્થકય થતું નથી. તેમ કહેતા નિરાંત કહે છે:

'અનુભવિયા જનને વિચારવું, લેવો મનુષ્યનો લાવ,

અવસર આવો અમૂલ્ય છે, જો જીત્યો હારતા દાવ.'

આ સાતવારમાં બ્રહ્મનો અનુભવ શબ્દસ્થ થયો છે. નિગુર્ણ રામને આ સાતવાર કાવ્યમાં નિરાંતે પ્રગટ કર્યા છે. તેઓ લખે છે:

'સાતવારની કેણી કથી, સંતો રેણીમાં રામ,

રેણી,કેણી કબૂલ છે, નિરાંત નિરંતર નામ.'

⊙ *બારમાસ:*

મધ્યકાળના કવિઓ 'બારમાસ' વિષયક કાવ્ય સ્વરૂપ ખેડયું છે.શ્રી નિરાંત મહારાજે પણ પોતાના સર્જનમાં આ કાવ્ય સ્વરૂપ ઉપર કલમ ચલાવી છે.'બારમાસ'ના વર્ણનમાં એક વિરહણી નાયિકા જે રીતે વિરહ થી આકુળ વ્યાકુળ થતી હોય.તેનો વલવલાટ અને તરફડાટ એ આ પ્રકારના કાવ્યનો વિષય રહયો છે.નિરાંત મહારાજ જ્ઞાનમાર્ગી સંતકવિ છે.તેઓ સાચા અર્થમાં ભકત પણ છે.પરમાત્માના વિરહથી વ્યાકૂળ આ ભકત હૃદયે પોતાની સંવેદના 'બારમાસ' માં વ્યકત કરી છે.એ રીતે નિરાંત અહીં પ્રેમલક્ષણા ભકિતનું ગાન કરે છે.શુષ્ક જ્ઞાનીઓ માત્ર જ્ઞાન કથતા ફરતા હોય છે.તેમાં હૃદયની ભીનાશ નથી હોતી.પરમાત્માના વિરહથી ભકત હૃદય અહીં તડપે છે.એ તડપન એક પછી એક માસ પસાર થતાં કેવી તો તીવ્રતમ બને છે.તેનું અહીં બયાન છે.પરમાત્માની દાસી,ગોપી કે રાધા બન્યાં વિનાની ભકિત લૂલી-પાંગળી ગણાય છે.પરમાત્માના વિરહમાં નિરાંતે પોતાની વ્યથા દર્દભરી વાણીમાં અભિવ્યકત કરી છે.અષાઢ માસ થી બારમાસ નું સર્જન કરતાં સખે છે:

'સખી આવ્યો રે માસ અષાઢ ગગનમાં ગાજે રે,
સખી ચૌદશ ચમકે વીજ,અંતર દાઝે રે.'

વર્ષાઋતુમાં જયાં વીજળી ચમકતી હોય ત્યારે વિરહિણી ને તેનો પ્રિયતમ સાંભરે છે.પિયુની ગેરહાજરીમાં તેનું અંતર બળતું હોય છે.નિરાંત અહીં ગોપીભાવે પોતાના પ્રિયતમ કૃષ્ણને સંભારતા કહે છે:

'સહુ વેલા વેલી ને રે વન,લીલમ લળિયાં રે,
મારા વાલાતણો વિજોગ વ્રેહેમાં બળિયાં રે.'

જે પતિવ્રતા નારી છે.તેના પતિના વિરહથી તેનું તન રાત દિવસ તપે છે.ને પતિવિરહ કૃશ થઈ જાય છે.નિરાંત અહીં પોતાને અબળા કહે છે.જયાં સુધી પુરૂષ હોવું એવી સભાનતા હોય ત્યાં સુધી હરિવર ની પ્રાપ્તિ નથી.નિરાંત કહે છે:

'એ તો વ્રેહે અબળાની રે વાત,માનો સ્વામી રે,
નિરાંત કહે મહારાજ પૂરણકામી રે.'

શ્રાવણ મહિનામાં ધરતી જાણે કે લીલી ચાદર ઓઢી છે.એ ઋતુ બહુજ આનંદાયિની છે.પિયુ વિરહથી વ્યાકુળ પ્રિયતમા રસ્તાપર દૂર દૂર નજર કરતી ઊભી છે.એક પળનો વિરહના તીવ્ર ભાવને ઘૂંટે છે.ભકતને પરમાત્મા વિના કેમ ગમે ? એક ક્ષણ તેના વિના તે રહી જ ન શકે.નિરાંત

મહારાજ લખે છે:

'સખી શ્રાવણની સુખવેલ, સૂકી દીઠી રે,
ધરતી છે લીલ વિલાસ, બહુ રત મીઠી રે,
સખી પિયુ વસે પરદેશ, પંથ નિહાળું રે,
મારે એક પલક જુગ થાય, દિ કેમ ગાળું રે.'

ભાદરવા માસમાં અનરાધાર વરસાદ વરસી રહયો છે. બપૈયા બોલે છે. કોયલ ટહૂકા કરે છે. મોર થનથન નાચે છે. ગહેકાટ કરે છે. સર્વત્ર આનંદની હેલી વરસે છે. વનસ્પતિ પણ ખીલી ઊઠીને લહેરાઈ છે. આવા વાતાવરણમાં કોણ દુઃખિયું હોય? નિરાંત મહારાજ કહે છે:

'એક સ્વામી વિના સહુ સુખ, સ્વાદ ન લાગે રે,
નિરાંત કહે મહારાજ, મળ્યું માગે રે.'

આસો માસના પગરણ થયાં છે હવે તો પ્રિયતમ તમારી એક આશ છે. હું નિર્બળ નારી છું. પતિવ્રતાનો ધર્મ પાળું છું. પ્રભુ આજે દશેરાનો દિન છે. એજ ઉત્તમ સમય છે. હરિ તમે કઠોર ન થશો. મારા પ્રતિ સ્નેહ દાખવજો. તેમાં નાણાનો વ્યય નથી. એક ભકત હૃદયનો વલવલાટ અહીં આ રીતે વ્યકત થયો છે.

'તમે જાણો ઘણા જગદીશ, નારી નરમાં રે,
મારી સેજજા ભલી નિઃસંગ ધાયલ ધરમાં રે.'

વિરહિણી નાયિકા તેની સખીને કહે છે કે, હે સખી ! કારતકે કૃષ્ણનો વિયોગ થયો છે. હું કેમ સહન કરી શકું હવે તે શોકય ઉપર મોહયા છે. હું તો દુઃખી થઈ ગઈ છું. કહે છે:

'સખી કારતગે કૃષ્ણ વિયોગ કહો કેમ સહીએ રે,
શોકલડી ઉપર મોહયા હાડ, દુઃખિયાં થઈએ રે.'

હે સખી! હવે તો માગશર માસ આવ્રયો છે. પતિ વિરહમાં હું ઘરનું કામ પણ ભૂલું છું. વિરહિણી કહે છે:

'મેં તો કૂળકુટુમ્બ પરિવાર સહુ ઉવેખ્યું રે,
હું તો સાર મધ્યે સાર, તમો ને પેખું રે.'

હે સખી, પોષ મહિનો આવ્યો છે. લગ્નની મૌસમ છે. જે પિયુ છે, તે નારીનું સ્મરણ કરે છે. જ્ઞાનમાર્ગ ધારામાં દ્રૈતનો નિષેધ છે. અદ્રૈત જ તેને મન સર્વ છે. જયાં સુધી ભકત અને પરમાત્મા જુદા છે. ત્યાં સુધી દ્રૈત છે. મિલનમાં જ અદ્રૈત રચાઈ છે. આમ, એકત્ત્વ પામવા વેદાંતી નિરાંત પોતાના મનોભવ આ રીતે પ્રગટ કરે છે:

**અહીંથી નવું ટાઈપ કરેલુ છે** તો ભૂલ્યો રે ભીંત નિશાન, બ્રહ્મ વગોયો રે,

મેં તો બાંધી અવરની આશ, રહેતે રંગ રે.'

નરસિંહ પણ કહે છે કે શ્રી હરિ પ્રેમથી જ પ્રગટ થાય છે. તે રીતે નિરાંત પણ કહે છે:

'તે પ્રીતે પ્રગટયા નાથ, સાચા સંગ રે,

છે સંગી સરવઆધાર, હું મતિ હારી રે.'

મહામાસના મર્મને કોઇ જાણતું નથી. વિરહથી મારું તન બળે છે. વિરહિણી એવી હું પલંગ પર સૂતી છું. મારી કોઇ ક્ષતિને કારણે નિરાશ થઇ, મારો નાથ મને છેતરીને જતા રહયા છે. આમ કહી ભકત પોતાનો વલવલાટ આ રીતે પ્રગટ કરે છે:

'હું તો વા'લા વિના ભવ માંહી, અવરના દેખું રે,

એના વર્ણન નવ જાય, લાલની લેખું રશે.'

નિર્ગુણમાર્ગી આ સંતકવિ વિરહિણી ગોપીની દશા અનુભવે છે. આ વિરહ નિર્ગુણબ્રહ્મ સગુણ બ્રહમના આરોપણ નો છે. ગુરુ ને જ અહીં સાક્ષાત પરિબ્રહ્મમાન્યો છે. નિર્ગુણ માર્ગીઓની એ જ તો વિશેષતા રહી છે. આ બ્રહ્મ સાહયબો કેવો છે ? તો નિરાંત જણાવે છે કે તેની શોભનો કોઇ પાર નથી તે અતિ સોહામણો છે. નિરાંત મહારાજ લખે છે.

'સખી ફાગણ ફૂલ્યો સાર, જુગમાં જોયો રે,

બહુ શોભા તણો નહિં પાર, બ્રહ્મઅતિ સોહયો રે.'

હે સખી ! ચૈત્રની તુષ્ણાની શી વાત કરુ ? એ ને કોઇ મિટાવી શકે તેમ નથી એનો મહિમા અપરંપાર છે. શિવ-સનકાદિ, શેષ એ તમામ જયાં આપ પરિપૂર્ણબ્રહ્મરૂપ બિરાજો છો ત્યાં ધસે છે.

હે સાધુ, મજણમાં સાર છે. તમે સર્વત્ર તેનું રૂપ નિહાળો કહે છે.

'સંતો શી રે સમજણ સાર, હરિવર નિહાળો રે,

પધારો મારે ઘેર, તુષ્ણા ટાળો રે,

હાવે ફોગટ કરવા ફંદ, ગાવું હાવું રે,

હે સખી! વૈશાખનો તાપ તપે છે. પ્રથમ પ્રીતે જ હું તેનું સ્મરણ કં છું. ઘણા જપ, તપ, ને સન્યાસમાં પવિત્રતાનું પાલન કરે છે. માટીની મૂર્તિ બનાવી સાધનામાં રત રહે છે. એ બધાં સાધન તો ઘરગારાના સુખ જેવું છે. મારો સાહયબો તો વર્ણનાતીત છે. ચાર વર્ણ આશ્રમથી પણ દૂર છે ને એ તત્ત્વ તો હે સખી! મારા તનમાં જ છે. જેને માટે મારું તન વ્યાકુળ રહે છે. તડપે છે. તેને તનમાં જ મેં જોયું. મને અમર ફળ પ્રાપ્ત થયું. એવા અંતર્યામી તો સદા મારા તનમાં જ

બિરાજે છે.

' જેને કાજે દમે અતિ દેહ, તે ફળ પામી રે,
નિરાંત કહે મહારાજ, અંતર જામી રે.'

હે સખી! હવે જેઠ મહિનો ચાલે છે. હવે નિશ્ચિત થઈએ એનું ઠીક નિદાન કરજો. ઉલટથી અંતરમાં જોઈએ. ચંદ્ર-સૂર્ય ને એક કરી હવે વિચારીએ. મારા પિયુનું ઘર દશમે દરવાજે છે. ત્યાં શ્રીહરિ બિરાજે છે. તેના શરણે જઈએ. દૂર્મિતિનેપરહરિ, નિર્મળ નયને જઈએ. સદ્ગુરુની સાન સૌથી ન્યારી છે. નિરાંત મહારાજ કહે છે. કે તે સદ્ગુરુની કૃપા છે. જેથી મને શ્રી હરિના દર્શન થયાં. હે સખી! એક વર્ષના મહિના બાર છે. એ બધો જ વિસ્તાર સદ્ગુરુનો જ છે. મારા ગુ ની બલિહારી છે કે તેણે અલખને મારા દ્રારા લખાવ્યો.

આ 'બારમાસ' કાવ્યપ્રકારને અંતે રી નિરાંત મહારાજે ફળશ્રુતિ લખી છે. તેઓ કહે છે:

'જે શીખે સાંભળે સાર, સમજી ગાશે રે,
તેનું કૂળ કુટુમ્બ પરિવાર, પાવન થાશે રે.'

આમ કહી અંતે હરિ, ગુરુ સંતનો ઉપરકાર માને છે. ને નિગુર્ણ નાવલીયો પોતાના જીવ થી પણ વહાલો છે. હામ શ્રી નિરાંત મહારાજે આ 'બારમાસ' માં વિરહની વ્યથાનું આલેખન તો કર્યુ છેપણ અંતે જે વિરહ છે તે મિલનમાં પરિણમે છે. કેમ કે જે પિયુને તે બહાર શોધતી હતી. તેતો ઘટ ભીતર જ રહેલો છે. સદ્ગુરુની કૃપાથી અંતરમાંજ તેની પ્રતીતિ થઈ છે. આમ, જ્ઞાનમાર્ગી વિચારધારા તેના 'બારમાસ'માં પણ દષ્ટિગોચર થાય છે.

**⊙ છપ્પામાંથી પ્રગટ થતો જ્ઞાનમાર્ગ :**

છપ્પા મધ્યકાળનો મહત્વનો પ્રકીર્ણ કાવ્ય પ્રકાર છે. અખાના પૂરોગામી સંતકવિ માંડણ બંધારાએ છપ્પા લખ્યા હતા. અખાએ પણ તેમાંથી જ પ્રેરણા મેળવી આ પરંપરાને શ્રી નિરાંત પણ આગળ ધપાવે છે. તે પણ પદ, તિથિ, બારમાસ ની જેમ છપ્પાનો ખેડાણ કરે છે. પ્રાચીન કાવ્યમાળા ગ્રન્થ.[૧૦]

'નિરાંતકૃત કવિતા' માં શ્રી નિરાંત મહારાજ ના પચ્ચીસ છપ્પા પ્રગટ થયેલા છે. આપણે એ ગ્રન્થમાં રહેલા જે છપ્પા છે તે વિશે ચર્ચા કરીશું-

અખાના છપ્પાની ભાષા વેધક અને ધાદાર છે. કોઈને પણ વિંભી શકે તેવી બળુકી ભાષા તે પ્રયોજે છે. આપણો સંતકવિ નિરાંત ભાષાની બાબતમાં સૌમ્ય અને ઋજુ છે. તેમ છતાં તેમાં કટાક્ષ ભારોભાર રહેલો છે. તેની ભાષા નર્મ-મર્મ યુકત છે. તેઓ શબ્દવેધી બાણ મારે છે. ત્યારે

વિંધાઈ જવાય છે.તેમના છપ્પાની ભાષા ઉપદેશાત્મક છે.છપ્પાના વર્ણ્ય વિષયમાં અદ્વૈતબ્રહ્મ, સેવકના લક્ષણ, બ્રહ્મનું રહસ્ય, સદ્‌ગુરુનું મહત્ત્વ, નામનો મહિમા, નિજ સ્વરૂપ, ભકિતની મહત્તા અને એકાત્મભાવ છે.

પ્રથમ અને બીજા છપ્પામાં શ્રી નિરાંત મહારાજ ઉપદેશાત્મક રીતે વાત કરે છે.શરીરમાં કોઈ રોગ થયો હોય તો માણસ ઓસડ (દવા)કરતો હોય છે.ને અનેક ઉપાય પોતાનો જીવ બચાવે છે.પરંતુ શરીરની સારવારમાં અને નિયમોને વશ વર્તુવું પડે છે.બિમાર માણસ કડવી કે મીઠી એમ દવામાં ભેદ કરતો નથી કેમ કે તેને રોગ મુકત થવું છે.પરંતુ નિરાંત કહે છે કે અમે તો નામ ને પ્રતાપે જીવીએ છીએ.પ્રથમ છપ્પામાં આ રીતે કહે છે.

'પંડ પડે તો પડવા દે,
ઓષડને ન અડવા દે,
ચરી પાળેને ઓષડ ખાય,
નિરાંત યે જીવ્યાનો ઉપાય.'

એજ રીતે બીજા છપ્પામાં-

'મરનાર હોયે તે તો મરે,
પણ જીવતાં સુધી ઓષડ કરે,
માંદાને ઓષડ ખાવું સહી,
કડવું મીઠું ગણવું નહીં,
અનેક ઓષડે જીવતા થયા,
નિરાંત નામે જુગમાં રહયા.'

'નામ 'નો એવો મહિમા છે.કે જેણે નામ ભકિત કરી છે.તેના સર્વ પાપ તત્ક્ષણ બળીને ભસ્મ થઈ જાય.પાપના નિર્મુલન પછી નિર્મળ અને સ્વસ્થ રહેવાય છે.ને નિર્મળમાં જ નારાયણ વસે છે.એ પછી જ માણસ નિર્ભય બને છે.નિરાંત કહે છે. કે તેવો માણસ નિશ્ચિત રીતે ભવસાગર તરી શકે.કહે છે:

'નામ તણો એવો પ્રતાપ,
નામે પળાયે સરવે પાપ.'

સંસાર સાગરમાં તરવાની એક રીત છે.એ રીતને યુકિત પૂર્વક સમજી લેવી ઘટે.તો જ તરી શકાય.શ્રી નિરાંત તે માટે સરળ અને સાદુ ઉદાહરણ રજુ કરે છે-

'વચમાં પોલને હળવું સહી,
એવું હોય તો બૂડે નહીં,
ભારે ને વિકારે ભર્યું,
નિરાંત એવું તો નવ દીઠું તર્યું.'

પરમાત્માની પ્રાપ્તિ માટે વિકાર રહિત થવું પડે. અહંકાર યુકત વ્યવહાર અને આચરણથી ભવસાગરમાં ડૂબવાનું જ બને છે. માટે વાસનાને દૂર કરી, નિર્મળ બની રહેવાથી સંસારમાં તરી શકાય છે. વિકારયુકત માણસ તરવાની ઈચ્છા કરે ખરો પણ તે ડૂબી જ જાય છે કહે છે:

'હળવું તે તો તરશે સહી,
ભારે તે તરવાનું નહીં,
તરવાની જો ઈચ્છા કરે,
નિરાંત વિકારભારશે ના પર હરે.'

જે ભકત હોય પણ જો તે વિતંડાવાદમાં રચ્યો પચ્યો રહે, તો તેમાં જ તે ડૂરી મરે. વાદ વિવાદમાં વસ્તુની પ્રાપ્તિ કરવાની અભિલાષા રાખે તે તેને પ્રાપ્ત થતું નથી. નિરાંત કહે છે:

'ભકત થયો ને વાદ જ કરે,
વાદે વિત પોતાનું હરે.'

ભકત હોય પણ વાદ - વિવાદ ન કરે. જાણતો હોવા છતાં કશૂ: જ જાણતો નથી એવું વર્તન કરે. જે પ્રશ્ન પૂછે તેનો જ ઉત્તર આપે. ને ગુરુની આજ્ઞાનું પાલન કરે, દીન વચન જ વ્યકત કરે. ત્યારે તેના મનને પ્રસન્નતા થશે. ત્યારે જે લચ્છા કરશે તે તેમને મળશે નિરાંત કહે છે:

'બહુ પ્રસન્નતા મનમાં થશે,
નિરાંત માગે તે આપશે.'

ભકત જે ઈચ્છા કરે ને માગે તે તો ઈશ્વર આપે જ છે. વગર માગ્યે કશુ મળતું નથી પણ શું માગે છે? એ પ્રશ્ન છે. આપવા જેવું હોય તે આપે છે. સેવક તો ગાદીની પણ યાચના કરે તો એમ તેને મળે નહીં કહે છે:

' સેવક ગાદી માગે સહી,
નિરાંત રાજા આપે નહીં.'

જેમ રાજાનો પુત્ર રાજકુંવર હોય તે યુદ્ધકળા માં અને વહીવટ માં નિપૂણ હોય પ્રજામાં લોકપ્રિય હોય. એવી વાત જ્યારે રાજા પોતાના કાન દ્રારા સાંભળે ત્યારે જ રાજા તેને ગાદી

આપે છે.

'રાજાનો જે પુત્ર જ હશે,
ડહાપણ માં જે ડાહ્યો થશે,
ઈન્દ્રિયજીત ને મહિમાવાન,
રાજા સૂણે કનોકાન,
એથી ગાદી શું અદકી થઈ,
પણ પાળે પિતાનું સહી.'

એમ કહી સેવકના શુભલક્ષણ ને વ્યક્ત કરે છે.જેને ગુરુ ઉપર શ્રધ્ધા છે.નિષ્ઠા પૂર્વક ની સેવા કરે છે.એ નિષ્ઠા ના પ્રતાપે જ ગુરુ સેવક ને ગુરુ પદ પ્રદાન કરે છે.

નિરાંતમહારાજ અહીં છપ્પામાં અવળવાણી નો પણ પ્રયોગ કરે છે.જે પોતા દ્રારા સર્જન થાય તે પોતાનું ગણાય.પિતા દ્રારા ઉત્પન્ન થયેલ સંતાન પુત્ર જ કહેવાય પિતા નહીં એજ રીતે ઈશ્વર ને જે પ્રગટ કરે છે.તે પિતા નહીં પણ ઈશ્વર પુત્ર જ ગણાય.કાંઈક આ પ્રકારના ભાવને અહીં અભિવ્યકત આ રીતે કરે છે:

' આપણથી થયું તે આપણું બાળ,
તેના આપણ પ્રતિપાળ,
પાલણ પોષણ પિતા કરે,
વાહાલો લેઈ ઓછંગે ધરે,
સરવે સંભવે પુત્ર પટે,
પુત્રને પગે લાગવું પિતા ને નવ ઘટે.'

બ્રહ્મા એ સૃષ્ટિનું સર્જન કર્યુ છે.તેથી તમામ તેનાજ બાળક છે.પાલણ પોષણ પણ બ્રહ્મા જ કરે.પણ બ્રહ્મા પુત્ર ને (પ્રજા)ને પગે લાગે નહીં કેમકે પ્રજા તો એમની જ છે.પિતા પુત્ર ને જો પગે લાગે તો તેમાં ન્યાય નથી.નિરાંત કહે છે કે અમે બધું જ પ્રગટ કરતા નથી તમે પણ વિચારજો.અણુ આદિ બ્રહ્માની જ સર્જત છે.મોટા મોટા સાધુ સંત બધાને સમજણ છે.પણ પોતાનું પોતે તેઓ પારખી શકતા નથી જે કાંઈ પ્રાપ્ત થાય તે તો ગુરુ પ્રતાપથી તો પોતાનું શું રહ્યું ? પોતાની સમજણનું શું થયું ?

હવે સૃષ્ટિ ની વાત કરતાં શ્રી નિરાંત મહારાજ કહે છે કે સૃષ્ટિનું સર્જન શિવ-શક્તિના પ્રતાપે થયું છે. સંગત હતી તો શિવને સમજણ થઈ ત્યારે શિવને સમજણ શેની રહી?બ્રહ્મા ની પણ એજ વાત છે.નિરાંત મહારાજ કહે છે કે પોતાની સમજણ હું કોને કહું?બધા ઉપર સદ્‌ગુરુ ની

મહેર છે.સદ્ગુરુ ઉપર કોઈ ઈશ્વર નથી એતો આપોઆપ પ્રગટ થયા છે.ને પછી જગતમાં જાહેર થયા.જે ગુણ છે. તેનો વિસ્તાર ગુરુ એ કર્યો છે. પરમેશ્વર એટલે જ ગુરુ ને તે નિરાંતનો વિશ્રામ છે કહે છે:

'સરવે ને છે ગુરુ પ્રતાપ,
પ્રગટ થયા છે આપોઆપ,
ગુરુ એ જગમાં જાહેર કર્યા,
ગુણ સરવે ગુરુ એ વિસ્તર્યા,
પરમેશ્વર તે ગુરુ નું નામ,
નિરાંતવિરણ દાસતણો વિશ્રામ.'

જે ઉત્પતિ થઈ છે તે ગુરુ દ્વારા જ થઈ છે.જેમ ઉત્પન્ન થયેલ વૃક્ષનો વિસ્તાર છે.વૃક્ષમાં બીજ છે ને બીજમાં વૃક્ષ છે એટલોજ સાર સમજવો જોઈએ.

કાળ અવિરત ગતિ કરતો રહે છે.રૂપ પણ રહેવાનું નથી જે મોટા જોગી-જતિ છે તેને પણ મૃત્યુ છે.જે રહેવાનું છે તે માત્ર 'નામ' જ છે. કહે છે:

'આજ ગઈ ને આવી કાલ,
આજ કાલ માં ની ચાલ,
રૂપ નથી રહેવાનું રતિ,
મોટા મોટા જોગી જતિ,
જાવાનું તે જાણો સહી,
નિરાંત નામ વિના રહેવાનું નહીં.'

સેવક સંશયગ્રસ્ત છે.તેણે સ્વામી ને કહ્યું કે આદિ,અંત અને મધ્યે કોણ છે?અનાદિ શું છે ? તેતો હું જાણતો નથી વસ્તુ ની પ્રાપ્તિ શા રીતે કરવીજે સંશય મને થયો છે.તેનું નિવારણ કરો ત્યારે ગુરુ કહે છે કે આદિ અંત અને મધ્યે 'નામ' છે.ને જે 'નામ' છે.તે આદિ નો વિશ્રામ છે.એ જે નામ' છે.તે સત્નામ છે અર્થાત ગુરુ જ છે.એમ વિશ્વાસ કર.

'સદ્ગુરુ કહે સેવક નુ સહી,
એ વાતમાં સિદ્ધિ કહી,
આદિ અંત ને મધ્યે નામ,
નામ તે આદિ તણો વિશ્રામ,
સત્ય નામ છે નિષ્ઠા રાખ,

નિરાંત નામ સરવે ની સાખ.'

નિરાંત મહારાજ કહે છે કે આ સંદેશ તે સત્ય લોક નો છે:

'આગળ જે જન મોટા થયા,  
જે થયા તે કહેતા ગયા,  
જે વચનમાં વસ્તુ કહી,  
તે વસ્તુ તું રાખે સહી,  
જે વસ્તુ સર્વેમાં વ્યાપ,  
નિરાંત નિરખો આપોઆપ'.

જ્ઞાનમાર્ગની પરંપરામાં શ્રી નિરાંત મહારાજને પૂરી શ્રદ્ધા છે. તેઓ કહે છે કે સત્ય તો એક હરિનું નામ જ છે. બીજું જેછે તે માયા છે. જે કાંઇ ઉત્પત્તિ કે પ્રલય છે તે માયાનો ખેલ છે એટલે ઇંડ - પિંડ નું જ્ઞાન અનિર્વાચ છે. એ થાય તો ઉત્પત્તિ પ્રલય ની કલ્પના શમી જાય 'નામ' ના ભજન વડે જ મુકત થઇ શકાશે.

નિરાંત મહારાજ કહે છે કે ઘણા ભકિત કરે છે પણ જેણે વિશ્વપતિ શ્રી હરિને નિરખ્યા છે તેની જ ભકિત શ્રેષ્ઠ છે. ભિન્નભાવ માંથી મુકત થયા પછીજ જ્ઞાન પ્રગટે છે. તુષ્ણા નો ત્યાગ થાય એટલે જીવતાં જ મૃત્યું અનુભવાય છે. પછી તેના જેવો બીજો કોઇ નથી.

જ્ઞાનમાર્ગની પરંપરામાં શ્રી નિરાંત મહારાજને પૂરી શ્રદ્ધા છે. તેઓ કહે છે કે સત્ય તો એક હરિનું નામ જ છે. બીજું જેછે તે માયા છે. જે કાંઇ ઉત્પત્તિ કે પ્રલય છે તે માયાનો ખેલ છે એટલે ઇંડ - પિંડ નું જ્ઞાન અનિર્વાચ છે. એ થાય તો ઉત્પત્તિ પ્રલય ની કલ્પના શમી જાય 'નામ' ના ભજન વડે જ મુકત થઇ શકાશે.

નિરાંત મહારાજ કહે છે કે ઘણા ભકિત કરે છે પણ જેણે વિશ્વપતિ શ્રી હરિને નિરખ્યા છે તેની જ ભકિત શ્રેષ્ઠ છે. ભિન્નભાવ માંથી મુકત થયા પછીજ જ્ઞાન પ્રગટે છે. તુષ્ણા નો ત્યાગ થાય એટલે જીવતાં જ મૃત્યું અનુભવાય છે. પછી તેના જેવો બીજો કોઇ નથી.

આમ, છપ્પાઓમાં શ્રી નિરાંતમહારાજ જ્ઞાનને પ્રગટ કરે છે. જ્ઞાન વડે જ મુકિતને મોક્ષ છે પછી મૃત્યુ રહેતું નથી. જન્મ - મરણના ફેરામાંથી તે છૂટે છે. અર્થાત ખોટી કલ્પનાઓમાંથી તેનો છૂટકારો થાય છે. આમ, છપ્પામાં શ્રી નિરાંત મહારાજ પોતાનું ચિંતન રસાયણ વહેવડાવે છે.

**⊙ કવિત અથવા હીત શિક્ષા:**

સંતવાણીમાં 'વસ્તી ચેતાવી' નામક અનેક રચનાઓ પ્રાપ્ત થાય છે. એજ રીતે અહીં પણ આત્મબોધ ના કુંડળિયામાં શ્રી નિરાંત મહારાજ વસ્તી ચેતાવવાનું જ કાર્ય કરે છે. મધ્યકાળમાં

શિક્ષણની સુવિધા ન હોવાથી સંતો જ લોકશિક્ષકનું કાર્ય કરતા હતા.અહીં બે ચેતવણી વિષયક રચનાઓ છે. ધર્મ માનવને સાચા અર્થ માં માનવ બનાવે છે. ધર્મ એટલે ઉપસના,પ્રથના કે કર્મકાન્ડ જ નહીં, પરંતુ કેટલાક ગુણોનો વિકાસ કરવો નેક-ટેક અને નિષ્ઠાપૂર્વક જીવન પસાર કરવામાં આનંદની અનુભૂતિ થાય ને પરમાત્મા પ્રસન્ન રહે.જે જન્મે છે તેનું મૃત્યુ ીનશ્ચિત છે.તો શા માટે સત્ય ને રસ્તે ન જવું એવા પ્રકારનો ભાવ પ્રગટ કરતાં શ્રી નિરાંત લખે છે:

'હરતાં-ફરતાં ધંધો કરતાં ધ્યાન હરિનું ધરવું રે,
નિરાંત કહે નિષ્ઠાનું ફળ છે,અધર્મથી ઓસરવું રે,
અધર્મ થી ઓસરવું પ્રાણી ધરમ ધસીને કરવું રે,
નિરાંત કહે નિષ્ઠાનું ફળ છે,આખર તારે મરવું રે.'

આટલું કહીને પછી તરતજ કહે છે કે, મૃત્યુ તો સૌ કોઇની ઉપર મંડરાઇ રહ્યું છે.પછી તે નાનો હોય કે મોટો વેદ-પુરાણ પણ તેના સાક્ષી છે.તેમાં જોઇશું તો કર્મનો પ્રભાવ મનુષ્ય ઉપર પડેલો દેખાશે.એ પ્રકારની જે વાર્તા છે તે તો પણ વાર્તા ન કહે તો માને કોણ? શ્રી નિરાંત જ્ઞાનમાર્ગી છે.એટલે અહીં પણ જ્ઞાનની છાયાં તાદેશ થાય છે. કહે છે:

'છીપે ગ્રહ્યું સો મોતી બનિયું,ખારા જળમાં ખારું રે,
નિરાંત કહે નિષ્ઠા નું ફળ છે,જો સમજો તો સારુ રે.'

ગંગાજળ ગંગા નદી માં એક સરખું વહે છે પણ તે જળ જો પુથ્વી ઉપર પડે તો કાદવ બને છે.નિરાંત મહારાજ કહે છે કે,નિષ્ઠા પ્રમાણે નું ફળ મળે છે ને પરમતત્ત્વ ને જાણવા વિવિધ દ્દષ્ટાંતો ની જરૂર પડે છે. ને તે દ્રારા જ ઓળખાય.કહે છે:-

'ગંગાજળમાં ગંગા સરખું,પૃથ્વી કાદવ થાય રે,
નિરાંત કહે નિષ્ઠાનું ફળ છે,દ્દષ્ટાંતે ઓળખાય રે.'

આત્મબોધ ના દ્રિતીય કુંડળિયામાં શ્રી નિરાંતમહારાજ કહે છે કે,આત્મબોધ વડે બંધનમાંથી મુકત થવાઇ છેઆત્મબોધ થી કાળ કર્મ નો પણ નાશ થાય છે.ને યમના માર નો ડર જતો રહે છે.હું પરમાર્થ માટે જ આ બધું વ્યકત કરુ છું.જો કોઇ સમજે તો સારું,નહી તો કર્મ કોઇ ને છોડતું નથી માટે ધર્મનો જે સાર છે.તે સમજી લો એમ કરો તો તૂરતજ પરમની પ્રાપ્તિ થાય.માત્ર પરમાત્માનું શરણ ગ્રહણ કરો.બીજી બધી આળપંપાળ ને છોડો.અહીં સૌ પ્રથમ નિરાંત પોતાની જાતને કવિ તરીકે ઓળખાવે છે.કહે છે:

'કવિ કહે નિરાંત ભરમકા લગરા તૂટે,
'કવિ કહે નિરાંત ભરમકા લગરા તૂટે,

કર લે આતમબોધ, બોધ સે બંધન ધૂટે.'

કવિતા તેને જ કહેવાય જે શ્રી હરિનું વર્ણન કરે. ને 'નામ' ને અભિવ્યકત કરે. પરમના શરણ માં તન, મન અને મસ્તક અર્પણ કરવા પડે છે. અર્થાત મનના તમામ પાસાંઓ શ્રી હરિ ને અર્પણ કરવાં. પ્રીતમ કહે છે તેમ-

'હરિ નો મારગ છે શૂરા નો નહિં કાયરનું કામ જો ને,
પરથમ પહેલાં મસ્તક મૂકી વળતું લેવું નામ જોને.'

નિરાંત મહારાજ પણ કહે છે:

'બિન માગેકી મોજ, સોહી હે હરિ કે શરના,
બ્રહ્મા ઈન્દ્રકું નાહિં, અવરકી સુની નહીં કરના.'

નિરાંત મહારાજ કહે છે કે જે ઉચ્ચમત ને આલેખે છે તેજ સાચી કવિતા છે ને એજ કવિતા છેહરિનામ ને વખાણે.

'કવિ કહે નિરાંત ઉંચમત એસી ઠાને,
કવિતા જાુગમેં સોઇ, હરિકન નામ બિખાને.'

જે બિન કવિતા છે, જે હકિકતે કવિતા જ નથી તેનો જન્મ કેમ થયો? તેનું વર્ણન શું કરુ? જેમ માતાની કુખે કપૂત પાકે તો પથ્થર પડિયો એમ કહેવાય છે. ને માતા લજ્જા પામે છે. જે રામને વિસરી ને લખે છે, ને કવિતા પ્રગટ કરે છે. તે તો માત્ર પેટ ભરવા માટે છે. શાસ્ત્ર પુરાણ માંથી દોહન કરીને જે લખે છે તે પાપ કરીને માત્ર પેટ જ ભરે છે. એવા લોકોથી સાહેબ ધણા દૂર છે. તેની જાળ પ્રસારી બેઠો છે. ને જીવ ચોર્યાશીમાં પડે છે. ને ફરી વખત જન્મ મરણનું ચક્ર શરૂ થાય છે. શ્રી નિરાંત મહારાજ કહે છે કે મૂઢ હોય તે ચેતતો નથી હે ભાઈ, હું પોકાર કરીને કહું છું કે તું તૂર્તજ ચેતી જા નહીં ચેતે તો પસ્તાવાનું જ રહેશે. મૃત્યુ કયારે આવી ને ઊભું રહેશે તે કહેવાય નહીં એ તો ક્ષણાર્ધમાં પણ આવી જાય. માટે તું ચેતી લે. જગતમાં જે કાંઈ ચાલી રહ્યું છે(ધર્મમાં) તે જૂઠું છે જે સાચું હોય તેને ઓળખી લે. વાંરવાંર કહું છું, હે મૂઢ મન તું સમજી લે. ઈશ્વરના મહિનાનો સાર જાણી લે મહાન હોય તે તૂર્તજ વિચારે એજ તેની મહાનતા છે. માટે હું કહું છું તું સાંઈ ને (પ્રભુને-ગુરુ ને) ભજીલે.

નિરાંત મહારાજના સમયમાં ગુજરાતમાં મુસ્લિમોનું વર્ચસ હતું. વડોદરા જિલ્લામાં ગાયકવાડી શાસન હતું મુસ્લિમો ને ઉદ્દેશી ને કહ્યું-

'મુસલમાન પરમાન, સાંઈ સબ ધટમેં દેખે,
રહેમ નજર સેં રહે, ઔર દૂજા ના પેખે.

છોટા મોટા જીવ, ગણે સબ સાંઇ સમાના,
એહી કતેબા માહીં, લિખા હે ભેદ ન છાના.'

જે પવિત્ર નજર જોઇ છે. તેજ સાચો સાંઇ છે.સાધુ છે જે પ્રત્યેક માનવામાં ખુદાને જૂએ છે. તે સાંઇ પૂરો છે.જે પરમાટીનું ભક્ષણ કરે છે, તે અધર્મી છે. કોઇ કિતાબમાં એમ લખ્યું જ નથી બેઇમાનથી કર્મ કરે છે ને પાછા રોજા પણ રહે છે. પાંચ પાંચ વખત નમાજ પઢે છે, પણ સાહેબ પાસે જ છે તો પણ તેને જાણતા નથી કહે છે:

'પાંચ બખતકી નિવાજ ઠાને, હરદમ સાહેબ પાસ ન જાને,
દેખ દેખ કે છુટી ચલાવે, એહી કરાસે દોજખ જાવે.'

મુસલમાનનું એજ પ્રમાણ છે કે સાહેબને બધાજ ઘટમાં જૂએ, સંત કબીર સાહેબે પણ પોતાના કેટલાક પદોમાં આ પ્રકારને ભાવને અભિવ્યકત કર્યો છે.

**⊙ તિથિઓ :**

નિરાંતમહારાજે પોતાની કૃતિઓમાં તત્ત્વજ્ઞાન વિષયક ચર્ચા કરી છે. પડવેથી પુનમ સુધીની ને અંતે ફળશ્રૃતિની પંકિત મૂકી છે. આ તિથિઓમાં 'મનુષા અવસર છે રૂડો' એવી ધૃવ પંક્તિઓ છે તિથિઓના પ્રારંભ સદ્‌ગુરુની સ્તુતિથી કરે છે. ને પછી જ્ઞાનનો મહિમા સમગ્ર કૃતિમાં ગાયો છે. મંગલાચરણ કરતાં કહે છે:

‘પરથમ સદ્‌ગુરુને પાયે લાગું, લાભ ઘણો થાયે,
જ્ઞાન ગુણ ગુરુના ગાયે રે, મનુષા અવસર છે રૂડો.’

પડવે પૂર્ણ પ્રીત કરી છે. પ્રેમથી મારું હૃદય આનંદિત થયું છે. મારાં ભાગ્ય બળવાન કે મને સંતની સંગત થઇ. ને મારું જીવન મધમધતું થયું. બીજની તિથિએ મારા ભ્રમનું નિરસન થયું. ને એક હરિ સચાચરમાં વિલસી રહ્યો છે. તેનો મને રંગ લાગ્યો. ચૈતન્યના દર્શન કરવા હું જાગ્યો છું. મનુષ્ય અવતાર સાર્થક થયો છે.

‘પાંચમ પાંચ પચ્ચીસ સાથે રે, રમવા ખેલ રચ્યો નથા,
ભૂલ્યો અહંકૃત્તિની ભાથે રે, મનુષા અવસર છે રૂડો.’

છઠની તિથિએ અજ્ઞાનતાના અંધારામાં હું અટવાયો, જુક-દંભ અને પાખંડમાં શી રહ્યો. એમ કહી સાતમનો મહિમા કરે છે:

‘સાતમ સદ્‌ગુરુને એવો, સાર ઘણું સમજીને લેવો,
મીઠડો મહાજનનો જોવારે, મનુષા અવસર છે રૂડો.’

આઠમની તિથિએ મારું મન ભમતું અટક્યું છે. પરમની સાધના-ક્રિયા પણ છૂટી ગઈ છે. જે દુ:ખથી હૃદય આક્રંદ કરતું હતું. તે દુ:ખનો અંત આવ્યો. નોમની તિથિમાં શું થયું ? તો લખે છે :

'નોમે નિર્મળ નામ લહુ, પૂરણ ગુરુએ સત્ય કહ્યું,
જ્ઞાને અંતર પડળ ગયું રે, મનુષા અવસર છે રૂડો.'

નોમની તિથિએ નામની દીક્ષા લીધી. પૂર્ણગુરુએ સત્યનું દર્શન કરાવ્યું. જ્ઞાનથી અંતરની અવિદ્યા દૂર થઇ.

'દશમે દશધા લહીએ, શરણે સદ્ગુરુ ને રહીએ,
સમજણ શબ્દતણી ગ્રહીએ, મનુષા અવસર છે રૂડો.'

નવધા ભક્તિની પરંપરા તો આપણે ત્યાં છે જ. પરંતુ અહીં જ્ઞાનમાર્ગી નિરાંત મહારાજ દશમી ભક્તિની હિમાયત કરે છે. જ્ઞાનમાર્ગીઓને મતે દશમે દ્વારે પરમાત્મા બિરાજેલો છે. એ દશોમો દ્વાર એજ જ્ઞાન. નિજજ્ઞાન. જ્ઞાન થયા પછી સદ્ગુરુનું શરણ એજ એક આશ્રય હોય છે. શબ્દના અર્થની નહીં, પણ તેના ભેદને જાણવો જોઈએ. પછી તરતજ કહે છે :

'એકાદશી અનભે વાણી, જુગતિ જન વિરલે જાણી,
મુક્તિ મરજીવે માણી રે, મનુષા અવસર છે રૂડો.'

દ્વાદશી એ મને પંચમાહભૂતમાં બિરાજેલ પરમતત્ત્વના દર્શન થયાં. તેનું અકળરૂપ મારી સમક્ષ પ્રત્યક્ષ થયું.હું નિરખી રહું છું મારા અકરૂપને મનુષ્ય જન્મનો મને લ્હાવો મળ્યો છે.

'તેરશે તે જોઉં રે જાગી, નિદ્રા ત્રિગુણની ત્યાગી,
મહાલખ મહુરતની લાગી રે, મનુષા અવસર છે રૂડો.'

તેરશે અજ્ઞાનતાની ઊંઘમાંથી હું જાગ્યો. જ્ઞાન પ્રત્યક્ષ થયું. ત્રણ ગુણ (સત્વ, રજસ, તામસ)ની અર્થાત્ અવિદ્યાની નિદ્રા પરહરિ હું જાગૃત થયો. ને અલખમાં ધ્યાન કેન્દ્રિત થયું.

'ચૌદશે ચિત્ત રહ્યું મોહી, જુગતે જીવનને જોઇ,
ભૂતળ બ્રહ્મ રહ્યો સોઈ રે, મનુષા અવસર છે રૂડો.'

અને, પૂનમની તો શી વાત કરું ? એ તિથિએ તો મને પૂર્ણધનથી પ્રાપ્તિ થઈ. એવા પૂર્ણધન રૂપી પરમાત્માને નિરખી હું તૃપ્ત થયો. ને મારી દૂર્મતિ જતી રહી. અંતે નિરાંત મહારાજે

ફળશ્રુતિ નિરૂપી છે કહે છે :

'તિથિ શીખે સાંભળે ગાશે, કુળકુટુમ્બ સહિત પાવન થાશે,

નિરાંત મુખ વાણી ભાસે રે, મનુષા અવસર છે રૂડો.'

મધ્યકાલીન પરંપરા અનુસાર અહીં પણ ફળશ્રુતિ અભિવ્યક્ત કરી છે. શ્રી નિરાંતની તિથિઓમાં જ્ઞાનના ચમકારા તાદશ થાય છે.

**⊙ પદ્યપત્રો :**

નિરાંત મહારાજે પદ, ભજન, સાતવાર, બારમાસ અને તિથિઓની જેમ પત્ર સાહિત્ય પણ સર્જ્યું છે. તેમણે પોતાના સમકાલીન સંતકવિઓ મંછારામ, હરિદાસ અને રવિ સાહેબને પત્રો લખ્યા હતા. લંબાણપૂર્વકના આ પત્રોની શૈલી સાદી અને સરળ છે. એમાં નિર્ગુણ બ્રહ્મ વિશે પ્રશ્નો પૂછેલા છે. તત્કાલીન પરિસ્થિતિ જ એવી હતી કે, કેટલાક દંભી-ઢોંગી લોકો ગુરુ બની ઉપદેશ કરતા રહેતા હતા. ઉત્તર મધ્યકાળના ગુજરાતમાં ધર્મ રંગ્યું જ વાતાવરણ હતું. રહસ્ય વિષયક પ્રશ્નો પૂછે ત્યારે સાચા કે ખોટા ગુરુનો ખ્યાલ આવે. નિરાંત મહારાજના સમકાલીન મંછારામ મહારાજ હતા. તો વડોદરાના વાઘોડિઆના વતની હતા. વિપ્ર ગોવાથી પોતાને શ્રેષ્ઠ માનતા હતા. કહેવાય છે કે નિરાંત મહારાજની ખ્યાતિ સાંભળી મંછારામ તેની ઈર્ષ્યા કરતા. આ વાત જયારે નિરાંતે સાંભળી, ત્યારે તેમણે મંછારામને એક પત્ર લખ્યો. ચોંત્રિસ પંક્તિનો આ એક દીર્ધપત્ર છે. તેમાં બ્રહ્મ વિષય પ્રશ્નો પૂછયા છે. મંછારામ આ પ્રશ્નોના ઉત્તર આપી શકયા નહીં. જયારે નિરાંત મહારાજ તેમની પાસે ગયા, ત્યારે મંછારામ તેમના શિષ્ય બની ગયા. આ પત્રના પ્રશ્નોનો ઉત્તર ભક્તિદાસ નામે કોઈ સંત કવિએ આપેલો છે. 'શ્રી નિરાંત સુધાસાગર' ગ્રન્થમાં ભક્તિદાસે જે ઉત્તર લખ્યો તે પત્ર પણ સામેલ છે.

નિરાંત મહારાજના આ પત્રો કોઈપણ સહૃદયને સ્પર્શી જાય તેવા છે. પત્રની ભાષામાં તેમની વિનમ્રતા પ્રગટ થાય છે. પત્રનો શુભારંભ આ રીતે છે.

'સ્વસ્તિ શ્રી વાગોડીઉં, મહાશુભસ્થાનક ભૂમિકા,

પરમ પૂજા લાયક છો, વૈષ્ણવ દષ્ટે શોભિકા.

મૂરત મંચ્છારામજી, પાવન પૂરણ રૂપ છો,

નિષ્ઠાતે નિશ્ચલ નવ ડગે, એક બ્રહ્મ વ્યાપિક ભૂપ છો.'

આમ, પોતાની જે નિંદા કરતા હતા, તેવા મંછારામનું આ રીતે ઉદ્બોધન કર્યું છે. મંછારામ બ્રહ્મકૂળમાં જન્મ્યાં હોવાથી નિરાંત પોતાને દાસ કહે છે. એટલું જ નહીં

પોતાના પ્રાણના વિશ્રામ પણ કહે છે. વિનય અને વિવેકપૂર્ણ શૈલીમાં મંછારામને ઘણા પ્રશ્ન કર્યા. પત્રમાં પોતાનું નામ સરનામું આ રીતે આપે છે :

'પરગણું વડોદરા, દેથામ નામે ગામ છે,
પાવન પદરજ તમતણી વસ્તીતે ઉત્તમ કામ છે.'

પત્ર લખવાનું કારણ પણ સ્પષ્ટ કરે છે :

'લખવા કારણ ઉત્તમ વિશેષ છે. અહીં ક્ષેમકુશળ ખુશાલ છે,
કરુણા તે પૂર્ણ તમો તણી, તેને વિઘ્ન સહુ નિરમાલ્ય છે.
ઉપરાંત અરજ મ્હારી, માનો તો સાચી વિનવું,
સત્યજ્ઞાનનું પત્ર લખિયું, સાખ વેદાંતની સહી કરું.'

નિરાંતે વેદાંત વિષયક પ્રશ્ન આ રીતે કર્યો છે :

'પૂર્વે તે મનની આદ્ય કયાંથી અને પંડમાં તે મન કયાં રહે ?
એનો આદિ અંતનો ઠામ લખજો, એ સંશય તે નિશદિન દહે.'

આ ઉપરાંત –

'ચૈતન્ય જીવ શિવ બે મધ્યે, બેમાંથી એક નિશ્ચે કરી,
ઠામ ઠાવો ઠીક લખજો, પંડમાં રહે કયાં ઠરી.
શૂન્ય વૈકુંઠ ધામ નહોતું આદિ અંત જ્યોતિ નહીં,
પાંચ તત્ત્વનો પ્રકાશ ન્હોતો, ત્યાર પહેલા શું સહી.'

આમ, આવા પ્રશ્નોની હારમાળા સર્જાય છે. તત્ત્વજ્ઞાનના બહુધા પ્રશ્નો આ પત્રમાં જોવા મળે છે. પત્ર કયારે લખ્યો તેની પણ રચ્યાસાલ જણાવે છે –

'સવંત અઢાર સત્તાવને, પોષ માસ વદની દ્વાદશી,
સોમવારને શુભ જોગ રાત્રિ, ઘડી આશરે વીસ.'

નિરાંત મહારાજ જ્ઞાનમાર્ગી છે. એટલે તેમના આ પત્રમાં પણ જ્ઞાનના શિકરો ઠેરઠેર વેરાયેલા છે. અંતે તેઓ સંતને શરણે જવાની વાત કરે છે :

'કહેતાં ને કરણી સાંભળતા, નવ જાણો નૌતમ ભેદ છે,
પાર ઈચ્છો પામવા, સેવો સંત હરિગુરુ દેવ છે.
સંતને શરણે જે ગયા, તેનું તે કારજ સિદ્ધ થયું,
નિરાંત મંછારામ શરણે, નિરંતર અંતર ગયું.'

નિરાંત મહારાજ જ્ઞાનમાર્ગીની સાથે પ્રેમમાર્ગી પણ છે. ઘટઘટમાં પરમતત્ત્વને જુએ છે. તેથી તેઓ ભેદવાદી નથી મંછારામ તેમના ગુરુ ન હોવા છતાં 'નિરાંત મંછારામ શરણે' એમ જયારે લખે છે. ત્યારે તે કેટલા વિનમ્ર છે તેનો ખ્યાલ આવે છે.

નિરાંત મહારાજના સમકાલીન સંતકવિ શ્રી હરિદાસને પણ પત્ર લખ્યો. આ પત્ર લખવાના કારણમાં પ્રતિપક્ષ કેટલો તો સબળ છે કે નિર્બળ છે. તેની કસોટી જ માત્ર કરવી તે નથી પણ પોતાને જે અનુભવ થયો છે. તે અનુભવમાં કેટલું તો સત્ય છે. તેની ખરાઈ કરવા પણ લખાતો હતો. પ્રતિપક્ષની કસોટીનો હેતુ અહીં નથી. અહીં પત્ર લખનારના જ્ઞાનની પણ કસોટી થઈ રહે છે. પત્રનો આરંભ નિરાંત મહારાજ આ રીતે કરે છે :

'સ્વસ્તિ શ્રી સર્વાંગ પોતે હરિદાસ રમતા રામ છો,
ભદ્ર ભેખ ભલો ધર્યો, નિરગુણન્યારા રામ છો.'

આમ કહી હરિદાસ કેવી રીતે જીવન પસાર કરે છે તેનો અણસાર આપતાં કહે છે કે, તમે સકળ ગુણના સ્વામી છો. સામાન્ય જીવને આશ્રય આપનાર છો. જે આ ભવસાગરમાં ભૂલ્યા પડયા છે. ને જે ભયગ્રસ્ત છે. તેને આપ ભયમુક્ત કરો છો. નિરાંત મહારાજ પોતાનું નામ-સરનામું ગૂંથતા કહે છે :

'પરગણું વડોદરું દેથાણ નામે ગામ છે,
વસ્તી તે શુભ વાસ છે. નિરાંત એવું નામ છે.
દંડવત અતિ ઘણા વાંચવા જયશ્રી રામ જુગતે જાણજો,
તમો હમ બેના ભેદ ભાંગ નિરંતર પરમાણજો.'

તમે અક્ષરના આધાર છો. હું તો તમારા 'નામ'ને શરણે છું. એકમાત્ર તમને માનું છું. હવે બીજો કોઈ સંશય રહ્યો નથી. લખે છે :

'અતિ નમ્ર અરજી મ્હારી, માનો તો માગું એટલું,
દાન તે અનભે દિજીએ, સંતોષ આવે તેટલું.'

તમે સંત સદ્‌ગુરુ રૂપ છો એટલે તમને જ વિનવું છું. હવે બીજાને શું કહેવાનું હોય ? જે કોઈ તર્યા છે તે તમારાથી તર્યા છે. તમારા વિના બીજો કોઈ તારણહાર નથી હું તમને પૂર્ણરૂપે જોઉં છું.

નિરાંત મહારાજ જેમ 'મંછારામ શરણે' એમ લખે છે, તેવી જ રીતે અહીં પણ લખે છે :

'ઘણું શું લખીએ ગુરુ પ્રત્યે મહિમા તે અગમ અપાર છે

શેષ સહસ્ત્રેના શકે વરણી, અહીં એક રસના વહેવાર છે.'

નિરાંત મહારાજ અહીં વેદ રહસ્યને આ રીતે પ્રગટ કરે છે :

'વેદ-વેદાંત સહુ મળી, વિચાર્યું તત્ત્વ તનમાં,

તૃષ્ણા મુજને બૂઝવા ટાળોએ સંદેહ મનમાં.'

નિરાંત મહારાજે રવિસાહેબને પણ પત્ર લખ્યો છે. રવિ સાહેબ 'રવિ-ભામ સંપ્રદાય'ના પ્રવર્તક ગણાય છે. તેઓ વડોગરાના શેરખી ગામના વતની હતા. નિરાંત મહારાજના સમકાલીન આ સંતકવિ તે સમયના સંતકવિઓમાં પણ પ્રિય હતા અને લોકપ્રિય પણ ખરા. નિરાંત મહારાજ જેમ 'મંછારામ ને ગુરુ' કહે છે. જેમ હરિદાસને ગુરુ કહે છે. તેમ રવિસાહેબને પણ ગુરુપદ આપે છે. રવિસાહેબની મહત્ત ગાતાં પત્રમાં તેઓ કહે છે :

'સહુ સંતોને કરું પ્રણામ, નિરાંતના જે જે શ્રી રામ,

પ્રતાપ તમારો જેને થયો, તેણે તેનો આત્મા લહયો.'

અહીં રવિસાહેબને પણ પ્રશ્ન પૂછે છે -

'નિરવાણીની કહાં થાય ગતિ, વિસ્તારી લખજો અથ ઈતિ,

આદ્ય અંતનો લખજો ઠામ, અનાદિ તે શાનું નામ ?'

રવિ સાહેબ સદ્‌ગુરુ છે તેમ કહેતાં લખે છે :

'એ સંશે તે નિશદિન થાય, સદ્‌ગુરુ તમે દીઓ બતાય,

સંશે ભાગે ને અંતર જાય, ત્યારે આપો આપ ઓળખાય.'

નિરાંત મહારાજ કહે છે કે કોઈ ગુરુ નથી કે શિષ્ય નથી. મેં તો ઘટઘટમાં સદ્‌ગુરુનો વિવેક કર્યો છે. બધા જ સંતોનો આધાર શબ્દ છે પણ શબ્દાતીતનું ઠેકાણું લખશો તો આનંદ થશે.

પત્ર લખ્યા સાલ તિથિ અને વાર પણ આપે છે -

'શું લખીએ ઝાઝો વિસ્તાર એક લખું તમો અપરંપાર,

સવંત અઢાર છપ્પન અદકાર આસો વદ એકમ શનિવાર,

પત્ર લખ્યો રાત્રિ સત સાર ઘડી આશરે વીતી બાર,

નિરાંત ઉપર કરુણા કરી ઉત્તર લખજો પાછો ફરી.'

આ પત્રમાં શ્રી નિરાંત મહારાજ તત્ત્વ વિષયક નિરૂપણ કરે છે. ને તેને લગતા પ્રશ્નો પણ પૂછે છે. પ્રશ્ન પૂછવાની જે શૈલી છે તેમાં વિનમ્રતા છે. લખે છે :

'રવિ રામના શરણે ગયા, તે જન તો પારંગત થયા,
સંગત સંત સમો નહીં સાર, મનસા ધરી કરવો નિરધાર.'

આ રીતે હરિદાસ અને રવિસાહેબને એકજ વર્ષે પત્ર લખ્યો છે. હરિદાસને વિ.સં. અઢારસો છપ્પન આસો સુદ પૂનમે ને રવિસાહેબને વિ.સ. અઢારસો છપ્પન આસો વદ એકમ નો લખેલ છે. મંછારામ ને એ પછીના વરસમાં એટલે વિ.સ. અઢારસો સત્તાવન, પોષ માસ વદની બારસે પત્ર લખેલ. આ વરસો ગુજરાતમાં આપત્તિના હતા. એ સમયે દુષ્કાળની પરિસ્થિતિ હતી. ત્યારે પ્રજા સમુહને આવા સંતો શિતળતા પ્રદાન કરતા હતા. પરસ્પરના પત્રોની આપલે થતી. જ્ઞાનની સરવાણી વહ્યા કરતી. મંછારામને લખેલ પત્રનો ઉત્તર પાછળથી ભક્તિદાસે પ્રગટ કરેલ પણ હરિદાસ અને રવિસાહેબને પત્રો લખ્યા તેના ઉત્તર મળ્યા કે નહીં. એ તો જે તે સંત વિશે પુનઃ સંશોધન થાય ત્યારે બહાર આવશે. કદાચ હસ્તપ્રતની જાળવણી પણ ન થઈ હોય. પણ નિરાંત મહારાજના આ ત્રણ પત્રો સંતસાહિત્યમાં ઘણા મહત્ત્વના ગણાય છે.

નોંધ : 'શ્રી નિરાંત કાવ્ય' પૃ.૧૯૩ ઉપર પ્રસિદ્ધ થયેલ પત્રમાં નિરાંત મહારાજે પોતાના ગુરુબંધુ શ્રી હરિદાસ ઉપર પણ પત્ર લખેલ છે. આ ઉપરાંત ડૉ.દેવયાનીબહેન દવેના મહાનિબંધમાં પ્રકરણ ૩ માં પોતાના ગુરુબંધુ શ્રી હરિદાસજી ને સંબોધીને બીજો પત્ર લખેલ છે. જે મહાનિબંધમાં આપેલ છે. તે મુજબ –

'તમો અધમોધારણ કહાવો, સદાય ગ્રાહક જ્ઞાનના,
ગુરુબંધુ છો પ્રેમ મુરતી, ટાળક છો અજ્ઞાનના.'

'પરગણું વડોદરું ને દેથાણ નામે ગામ છે,
ઉમેદસુત ઉત્તરલખે, જેનું નિરાંત ભગત નામ છે.'

'સવંત અઢાર એકતાલીશ સાલે, માસ ભારવા વદની દ્વાદશી,
શનિવાર પત્ર પ્રેમે લખ્યો, ગુરુ કૃપા ઊરે વસી.'

આમ કુલ બે પત્રો હરિદાસ ઉપર નિરાંત મહારાજે લખેલ. તેમાં સવંત ૧૮૪૧માં જે પત્ર લખ્યો તેમાં હરિદાસને ગુરુ બંધુ કહ્યા છે. જયારે સંવત અઢારસો છપ્પનમાં લખેલ પત્રમાં હરિદાસને 'ઘણું શું લખીએ ગુરુ પ્રત્યે' એ પ્રકારના શબ્દો છે. એટલે હરિદાસ એ નિરાંતના ગુરુ પણ ન્થી તેમ ગરુ ના શિષ્ય ગુરુભાઈ પણ નથી. હક્કિત

તો એ છે કે નિરાંત મહારાજે પોતાન જ એક પદમાં કહ્યું છે-

'અટકળે નામ સહુ લે છે નિરાંત તો નિશ્ચે કરી કે'શે,
અમન ગુરુ નામે વ્યાપક રહે છે, કરવાનું કામ ગુરુ સાચું.'

એ રીતે અમન સાહેબ તેમના રાહબર જણાય છે.

### ◈ અવતાર ખંડન :

નિરાંત મહારાજ જ્ઞાનમાર્ગી નિર્ગુણ સંત કવિ છે. એણે પોતાના પદ, ભજન, સાતવાર, બારમાસ, તિથિઓ અને પત્રોમાં જ્ઞાનમાર્ગનો જ મહિમા ગાયો છે. તેઓ ચૈતન્યવાદી છે. નિગુર્ણમાર્ગી હોવાથી પરમાત્માને આકારરહિત જુએ છે. સગુણની તેઓ આલોચના કરતા નથી. કેમ કે ગુરુ સગુણ રૂપે પરમાત્માજ છે તેમ તેઓનું પ્રતિપાદન છે. વેદાંતના તત્ત્વજ્ઞાનનું તેમણે સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું છે. અવતાર ખંડનની વાત સાંભળે મહારાજે અહીં જે દશ અવતારનું ખંડન કર્યું છે. તે કેવી રીતે કર્યું છે. તે જાણવું રસપ્રદ થઈ પડશે. નિરાંત મહારાજ સચરાચરમાં પરમાત્માને જુએ છે. તેના જ તે અનન્ય ભક્ત પણ છે. એટલે કોઈ એક ચીજ, કે પદાર્થનું તેઓ સેવન કરતા નથી કે તેને પૂજતા નથી. એમ કરવું એ સંકુચિતતા છે. એમ કદાચ તેમનું નિરીક્ષણ છે. વળી, નિરાંત ને મતે પરમાત્મા નિર્ગુણ હોવાથી આકાર વિનાના છે. ને છતાં તેમની હાજરી સર્વત્ર છે. એવું જ્ઞાન તેના હૃદયમાંથી નિષ્પન્ન થયું છે. હવે આપણે અહીં તેમના અવતાર ખંડન વિષયક પદોનું વિવરણ કરીશું.

### ⊙ વારાહ અવતાર :

નિરાંત મહારાજ પોતાના શ્રોતાઓને સંબોધીને કહે છે કે -

'વાત કે'વી અવતારની, સુણો શ્રોતા આજ,
નિંદા તો નવ મેં કરું, લાગે ગુવ કો લાજ.'

મારા ગુરુએ મને જે સત્ય કહ્યું છે. તે સત્ય આપની સમક્ષ પ્રગટ કરું છું. તમને એ સત્યની ઝાંખી કરવાની ઈચ્છા હોય તો માજનો. વારાહનો જે અવતાર છે. તેની કથા પુરાણમાં મળે છે. પૃથ્વીનો કેવી રીતે ઉદ્ધાર કર્યો તેની સળંગ કથા તેમાં છે. પુરાણ કહે છે કે પરમાત્માએ ભૂંડનો અવતાર ધારણ કર્યો. હું કહું છું કે જે ભૂંડને પૂજે છે તે મુર્ખ છે. વળી, તેઓ પુરાણનું પ્રમાણ આપીને પૂજે છે. કોઈ તપાસ નથી કરતું કે ભૂંડ શું ખાય છે, ને કયાં નિદ્રા કરે છે. ભૂંડ નરક ખાય છે ને નરકમાં જ નિદ્રા કરે છે. તોપણ તેની પૂજા કરવી એ તો ઘણું મોટું અજ્ઞાન કહેવાય. પણ પુરાણનો સૂક્ષ્મ અભ્યાસ કોઈએ કર્યો નથી.

પુરાણશાસ્ત્ર કાંઈ ખોટાં નથી. પુરાણનું પ્રતિપાદન જ એ છે કે ઈશ્વર સર્વત્ર છે. એ રીતે ભૂંડમાં પણ છે. એ પ્રકારનું દષ્ટાંત જ છે. ને એજ સત્ય વાત છે. પોતાના ઘટભીતર રહેલ આત્માને ત્યજી અજાણ થઈ મુર્ખ લોકો ભૂંડ ને પૂજે છે.ભૂંડને જે બ્રહ્મ માને છે.તેની સાન પ્રતિ મને સંદેહ છે. હિરણ્યાક્ષને માર્યો તેની તે ઈશ્વર બની જતા નથી. અજ્ઞાની લોક જ્ઞાન ન હોવાથી એ પ્રકારની કક્ષાઓમાં ભટકયા કરે છે. પદને અંતે નિરાંત મહારાજ કહે છે :

'માનો ઈશ્વર સર્વમાં, ભૂંડ નહીં પૂજાય,
નિરાંત પૂજો ભૂંડને, તો તો ખંડન થાય.'

## ⊙ મત્સ્ય અવતાર :

નિરાંત મહારાજ 'મત્સ્ય અવતાર' પદમાં કહે છે કે, કરુણા કરી એક મુનિએ માછલીને પાળી. પોતાની પાસે રહેલા ઘડામાં તેને રાખી. તેને સ્નાન કરાવી સ્વચ્છ બનાવી. મુનિની જગ્યાએ કોઈ યવન-પરધર્મી-દયાવિહિન હોત તો તેનું ભક્ષણ કરી ઉપવાસમાંથી મુક્ત થાત. પરંતુ મુનિએ તેવું કર્યું નહી. એટલે તે મત્સ્ય મોટો થયો. ઘડામાં રહી શકયો નહીં. પછી તેને તળાવમાં નાખ્યો. પણ તે મત્સ્ય મોટો થતો જ ગયો. તળાવમાં તે ન સમાયો પછી નદીમાં તેને આશ્રય આપવામાં આવ્યો. પછી મોટા સરોવરમાં લઈ ગયા. એટલે પેલો મત્સ્ય સરોવરથી પણ મોટો થઈ ગયો. પછી સરોવરમાંથી સાગરમાં લઈ ગયા. પરંતુ ત્યાં પણ તે મોટો થઈ ગયો. નિરાંત પછી લખે છે :

'સરોવર સે વો બઢ ગયા, સાગર ડાલ્યા જાય,
બડારૂપ વાં હો ગયા, કહેતો જાઉં લજાઈ.'

આમ, કહું છું ત્યારે મને લજ્જા આવે. પછી તે મત્સ્ય ઉપર એક નૌકા મૂકી-હોડી મૂકીને પ્રલય સમયે જે પૂણ્યવંતા હતા તેને બચાવ્યા. મત્સ્ય રૂપે જે હતા, તે ઈશ્વર હતા. પૃથ્વી જયારે જળમાં ગરક થઈ ત્યારે આ મત્સ્યે જગતનો ઉદ્ધાર કર્યો. ને તે બ્રહ્મરૂપ થઈ ગયો. તે દિવસથી સર્વ લોકો આ મત્સ્યને ઈશ્વર માનીને પૂજે છે. યવન-લોકો-હૃદયવિનાના લોકો પણ તેનું પૂજન કરે છે. પણ તે પૂજન પેટ માટે છે.

'વા દિન સબ પૂજતે, મચ્છરૂપ ભગવાન,
યવન લોક પણ પૂજતે, પેટ કી સમજી સાન.'

જ્ઞાનવાન માણસ આ પ્રકારના અવતારની વાત ખોટી જ માને છે. જગતબ્રહ્મ જો માનીએ તો એ મત્સ્ય પણ ઈશ્વર છે. ને તે ન્યાયે પ્રત્યેક પશુ-પ્રાણી પણ ઈશ્વર છે. પણ તે પૂજાને પાત્ર તો નથી જ. કેમ કે તેના ઉપર સદ્‌ગુરુ નથી. નિરાંત મહારાજ કહે છે:

'પણ પૂજાને પાત્ર નહીં, બિના સદ્‌ગુરુ જાત,
નિરાંત બ્રહ્મ માનો વૃથા, ખોટી જાત ને ભાત.'

## ⊙ કચ્છ અવતાર :

નિરાંત મહારાજ 'કચ્છ અવતાર' પદમાં કહે છે કે, સમુદ્રમાં અમૃત હતું. તેને પ્રાપ્ત કરવા દેવ-દાનવ એકત્રિત થયા. વાસુકિનાગનું નેતરું કર્યું. પર્વતનો રવૈયો. પછી દેવ-દાનવ સામ-સામે ખેંચવા લાગ્યા. સમુદ્ર મંથન કરવા લાગ્યા. પરંતુ જ્ઞાનીની સમજ ન્યારી છે. જેઓ અજ્ઞાની છે, તેઓ જ્ઞાનીનું સત્ય માનતા નથી. તે તો કાચબાને જ દેવ માને છે. કેમ કે -

'પીઠ ઉપર ધરી રખા, બળ દોનું કા ધાર,
વારિમાં નવ વો ગયા, સમજો સાર અસાર.'

સામાન્ય જન માને છે કે અમારો દેવતા કાચબો છે. જેમને સદ્‌ગુવની સાન છે. તે આમ માનતા નથી. સદ્‌ગુરુથી આવું ન થાય જે કાચબાએ કર્યું. એવી અબુદ્ધ-બુદ્ધિનાશ થયો. ને કાચબાને ઈશ્વર માનવા લાગ્યા. જેણે પર્વતને ધારણ કર્યો છે તે કેવો બળવાન હશે ! ને એટલા વજન થી પણ તે પાણીમાં ડૂબી ન ગયા. એવો જે સાર છે, તેજ અસાર છે. બ્રહ્મરૂપે સદ્‌ગુરુને છોડીને પથ્થર જેવા માનવી કાચબાનું પૂજન કરે છે. બ્રહ્મ તો ન્યારો જ છે, તેનું પૂજન શું હોય ? આમ બધા આવરણમાં ફસાયેલા છે. અજ્ઞાનતાની ગર્તામાં ધકેલાઈ ગયા છે. તેવા અજ્ઞાનીઓના અજ્ઞાનને કોઈ સદ્‌ગુરુ જ દૂર કરી શકે. સત્ય સમજ આપી. સત્યનું દર્શન કરાવી શકે. જેણે આત્માના દર્શન કર્યાં છે. તે આ પ્રકારની વાર્તામાં ફસાતો નથી પણ જને જ્ઞાન નથી તે આત્માને પ્રીછી શકતો નથી. નિરાંત કહે છે:

'નિરાંત સમજે નામકુ, વો પામે નિર્વાણ,
કાચબાકું પૂજે નહિં, કરે આત્મ વિખાણ.'

નિરાંત મહારાજ કહે છે - હું તો 'નામ'ને સમજુ છું. તેની જ ભક્તિ કરું છું ને જે નિરાંતને પામે છે. અર્થાત્ પરિબ્રહ્મને પામે છે, તેને નિર્વાણ મળે છે. તેનું જ નિર્વાણ થાય છે. જ્ઞાની જન કાચબાનું પૂજન કરતા નથી તે તો આત્મામાં તદાકાર બની રહે છે. ને મુક્ત બની જીવનના રસને માણે છે.

## ⊙ મોહિનીરૂપ અવતાર :

નિરાંત મહારાજ 'મોહિનીરૂપ'માં કહે છે કે, દેવ અને દાનવ બન્ને એ મળીને અમૃત નિષ્પન્ન કર્યું. તે અમૃતને પ્રાપ્ત કરવા બન્ને પક્ષે યુદ્ધ થયું. એ યુદ્ધમાં દેવ પક્ષનો

પરાજય થયો. ને અમૃત દૈત્યો લઈ ગયા. હારી ચૂકેલા દેવો પરમાત્માની પાસે આવ્યા. ને તેના ગુણગાન ગાવા લાગ્યા. નિરાંત મહારાજ આશ્ચર્ય પ્રગટ કરી કહે છે.

'પરમાત્માની સ્તુતિ કરી, આવ્યા તે તો ધાઈ;
જેને કાજે સંત સહુ, મરે ઘણા કૂટાઈ.
તે બોલાવ્યા આવતા, એ છે કેવી નવાઈ;
રૂપ ધરે વળી તે ઘણા, દેવ જાય ફૂલાઈ.'

આ પ્રકારની વાર્તા જોઈ મને આશ્ચર્ય થાય છે. નવાઈ લાગે છે ને વળી આ દેવો કેવા છે ? તે ઘણા ઘણા રૂપને ધારણ કરી શકે છે. ને સ્તૂતિથી ફૂલ્યા સમાતા નથી. આ સર્વ દેવો સ્તુતિ કરવા લાગ્યા, ને પરમાત્માને કહેવા લાગ્યા કે જે દૈત્યો છે, દાનવો છે તે અમૃત લઇ ગયા, તે અમૃત અમને (દેવોને) લાવી આપો. અમારી મતિ મૂંઝાઇ ગઇ છે. ત્યારે જે બ્રહ્મ હતા તે સ્તુતિથી રીઝે છે. ને પછી નારીરૂપ ધારણ કર્યું. તે બ્રહ્મ પુરૂષ મટીને નારી થયા. મોહિનીરૂપ ધારણ કર્યું. એણે એવું કામણ કર્યું કે સર્વદાનવ મોહ પામી ગયા. મોહિની સ્વરૂપ નારીએ કામણ કર્યું, કપટ કર્યું. એ નારીના વાગ્બાણથી તમામ દૈત્યો-દાનવો વિચલિત થઇ ગયા. જેણે મોહિની સ્વરૂપ ધારણ કર્યું, તે પુરૂષને હું શું કહું ? મારાથી જૂઠું કેમ બોલાઇ ? જે બ્રહ્મ કપટ કરીને નારી થયો તે મજા પડે તેવી વાત છે. મુર્ખ આ પ્રકારની વાતને સમજી શકતો નથી. જ્ઞાની તો એ વાત સાંભળીને આનંદ માણે છે. બ્રહ્મના અનેક રૂપ છે. નિરાંત મહારાજ કહે છે કે બ્રહ્મને નારી રૂપે જોશો તો ભ્રમમાં પડશો. તો તો, નિરાંતને પણ નારી જ માનવા પડેને ! એવી વાત કરવાનો કોઈ અર્થ નથી પ્રકૃત્તિને બ્રહ્મ કહી ન શકાય. ને જો કહીએ તો બંધનમાં ફસાવાનું જ બને. નિરાંત કહે છે :

'નિરાંત ભામા જાણવા, નારી રૂપે ભ્રમ,
કદી એહ નવ છૂટશો, પ્રકૃત્તિ કો'છો બ્રહ્મ.'

## ⊙ નૃસિંહ અવતાર :

નિરાંત મહારાજ 'નૃસિંહ અવતાર' પદમાં કહે છે કે, હિરણ્યકશિપુને મારવા પરમાત્માએ અવતાર ધારણ કર્યો. પ્રહલાદને ઉગારવા માટે અને અસુરોના નાશ માટે પરમતત્ત્વે અવતાર ધારણ કર્યો. તે અવતાર પાછો કેવો ? નર નહીં, નારી નહીં, પશુ પણ નહીં અને પંખીપણ નહીં. એવું રૂપ નૃસિંહનું હતું. પણ તે રૂપની સમજ પડતી નથી. નિરાંત લખે છે :

'સમજ પડે નહીં રૂપની, નરસિંહ દો સમજાય,

પૂજા કો પ્રત્યક્ષ નહીં, ચિત્ર જાકો પૂજાય.'

લોકો નૃસિંહના ચિત્રને પૂજે છે. થાંભલાની અંદરથી તે બહાર આવ્યા. ને હિરણ્યકશિપુને નખથી મારી નાખ્યો. હવે તેની પૂજા થાય છે, ને અજ્ઞાનીઓ તેના ગુણ ગાય છે. પરંતુ જ્ઞાની તો સાનમાં સમજે છે. ને અજ્ઞાનીઓ ગોથાં ખાય છે. બ્રહ્મરૂપને ઘેર ઘેર ભટકવાની શી જરૂર હોય ? કઇ ગરજ હોય ? જે જાણતા નથી તે જુએ છે. ચિત્રનું રૂપ જોઈ હર્ષ પામે છે. ને પાછા માને પણ છે કે નૃસિંહ ભગવાન છે. પ્રહલાદને બ્રહ્મ તદ્રપ થયો હતો. તે ભક્તિ થી ભરપૂર હતો. તેને કોઇ જાણતું નથી. ને નૃસિંહના ચિત્રને પૂજે છે. ને ભક્ત પ્રહલાદની તો માત્ર ઉપરછલ્લી નોંધ લેવાય છે. બ્રહ્મ એવાં એવાં રૂપ લઇ શકે ને પલમાં મારે પણ છે. એવી વાતો મુર્ખ લોકો કરી રહ્યા છે. જે પથ્થરને પૂજે છે તે પંડિત નથી પણ મુર્ખ છે.

'નામ' જે સમજતા નથી તે ભીંતે અથડાઇ છે. અંધ બનીને અથડાયા કરે છે. એવા લોકો બંધનના પાશમાં જકડાયેલા રહે છે. તે 'નામ' જાણ્યા વિના કેમ છૂટે ?

### ⊙ બળરામ અવતાર :

નિરાંત મહારાજ 'બળરામ અવતાર' પદમાં કહે છે કે, લોકો બળરામને ઈશ્વર માને છે. ને કહે છે કે તે મોટો અવતાર છે. નિરાંત લખે છે :

'બળરામ કો ઈશ્વર માને, બડા બ્રહ્મ અવતાર,

બિક લાગી બ્રહ્મકુ ભાઈ, ભગ ગયા ઉદર પાર.'

એકે આવરણમાંથી બીજે જાય તે ઓછું દુ:ખ છે. બીજા ઘેર બ્રહ્મનો ઉછેર થયો. તેણે શા શા પાપ કર્યાં હશે ! જે નાનો ભાઈ છે તે પણ બ્રહ્મ છે. પણ તેમાં તે મોટો છે, તેમ તે માનતો નથી. વૃત્તિ એવી થઈ કે કામ, ક્રોધના જ જપ કર્યા. રમણીઓની સાથે રંગ પમ રમે છે. ને હળ-મુશળ તેનું હથિયાર છે. તેથી તેનું 'હળધર' એવું નામ પણ છે. ને તે લોકોનો સંહાર કરે છે. ક્રોધ એવો કે નદીને પણ પોતાની પાસે ખેંચી લાવે છે. ને મદિરા વિના તો તે એક ક્ષણપણ રહી શકતો નથી તેની જ તે ઝંખના કર્યા કરે છે. બ્રહ્મને આવા બંધન કેમ? જે લોકો તેને પૂજે છે. તે કહી બતાવો. મારે શું કામ કહેવું જોઈએ ? હું કયાં તેને પૂજુ છું. બ્રહ્મમાં ક્રોધ કયાં વસતો હશે ? વ્યાસ કથા કરે છે કે પછી બ્રહ્મ બળરામ છે. અમે તો જે સીધું છે તે જ કહ્યું છે. તમે ફક્ત જે અવિચળ છે તેનું જ 'નામ' લો.જાણો. તમે જો અવતારી બ્રહ્મની વાત બાજુએ મૂકશો તો, તમને આત્મારામ મળશે. જો તમે શુદ્ધ હૃદયથી

જોશો તો આપોઆપ તમારું કાર્ય થશે. સમજે, તો પણ મારો શ્રમ સફળ થશે ને શુદ્ધ વિવેકથી વિચારતા થશો.

### ⊙ કૃષ્ણ અવતાર :

નિરાંત મહારાજ 'કૃષ્ણ અવતાર' માં કહે છે કે,

'કૃષ્ણદેવની લીલા મોટી, ભક્તો એના ગાશે,
જન્મતા માંહી કપટ જડિયું, સુણીસુખી કો'થાશે.'

આ કૃષ્ણ કંસ અને બીજા દુશ્મનોથી ડરીને મથુરા છઓડી ગયેલ. વરસાદ આવ્યો, છત્ર ધરીયું બ્રહ્મરૂપ ભીંજાતા નથી. ગોકુળમાં રહીને પૂતનાને મારી. મોટા મોટા રાક્ષસોને પણ માર્યા. એ તેમણે સારૂ જ કર્યું. કેમ કે કૃષ્ણ એ જેને માર્યા હતા તે કામક્રોધથી પૂર્ણ હતા. તેણે ગોવર્ધન પર્વત ધારમ કયો૪ ને ગાય ને ચારી. એ પણ ઠીક જ કર્યું. પણ તેણે નાગને પણ નાથ્યો. ત્યારે નારાયણને કોઈ બીક ન લાગી. પાછા ગોપીઓની સાથે રાસ રમે છે. એ તો અદ્‌ભૂત કહેવાય ! પરબ્રહ્મ અહીં કેવું વિષય વાસનાનું સુખ માણે છે ! નિરાંત લખે છે:

'પછી ગોપી સંગે ખેલે, બડા વો અદ્‌ભુત,
પરબ્રહ્મને કેસા મચાયા, વિષય વાસના તૂત.'

કંસને મારીને ભાગતા જ રહ્યા તે પરિબ્રહ્મને જુઓ. એ સર્વ છળ-કપટની વાતો છે. તમે એક બ્રહ્મને જાણો. સર્વ ભક્તો તેના ગુણગાન ગાય છે.મોરલીવાળો ઘણો રંગીલો છે. ને માધવ જ ઈશ્વર છે. એવા પદ રોજ સાંભળે ને મુખથી પણ ગાય. ખેદની વાત એ છે કે આત્માને કોઈ દેખતું નથી. એ આશ્ચર્યની વાત છે.એ બધુ જગતને રિઝવવા માટે છે. પણ સંત તો એ પદના સારને જ જુએ છે. એ આપાણું જ રૂપ છે. ને મારું જ પદ છે. તેમ માનવું જોઈએ. નિરાંત મહારાજ લખે છે :

'પૂજો કે કોઈ કરો માનતા, નિરાંત કો નહીં તાપ,
નિરંજન કો નિરાંત પાયા, ફિટ્યા દોરડી સાપ.'

નિરાંત કહે છે કે કોઈ પૂજો કે માનતા માનો, તેથી મને કોઈ સંતાપ નથી નિરાંત તો નિરંજનને જાણે છે. ને ભ્રમણામાંથી મુક્ત થયા છે.

### ⊙ રામ અવતાર :

નિરાંત મહારાજ 'રામ અવતાર' પદમાં કહે છે -

'મહાપ્રભુ તો રામ ભલા છે, તપ તીર્થ અનુરાગ;
એક પત્નિ વ્રત જાકો, કરે નિશદિન જાગ.'

મહાપ્રભુ તો રામ છે. ને તે દયાળુ છે. તપ, તીર્થ પ્રતિ પ્રેમ છે. લગાવ છે. તેને એક પત્નિવ્રત હતું. એ સર્વજન જાણે છે. જનકરાજાની પુત્રી સીતા હતી. તેની સાથે તેણે લગ્ન કર્યાં હતાં. રામને રાજ્ય મળ્યું નહીં. સર્વ દેવો દિગ્મુઢ થઈ ગયા. જે દુષ્ટ હતા તેને મારી નાખ્યા. પણ તેની પત્નિ ને રાવણ લઈ ગયો. અપહરણ કરી ગયો. રામ તેને શોધવાના કાર્યમાં લાગી ગયા. સમુદ્રની પાર લંકા હતી. તેથી વાંદરાઓના સહકારથી સમુદ્રમાં પૂલ બાંધ્યો. રાવણને મારીને બ્રહ્મ હત્યા કરી. ને વિભીષણને રાજ્ય સોંપ્યું. જે વાંદરા મૃત્યુ પામ્યાં હતા. તેને સજીવન કર્યા. પણ રાવણનું મૃત્યુ થયું. બાણ વાગવાથી રામને મૂર્છા આવી ગઈ. યુદ્ધ કરીને ઘેર આવ્યા. ત્યાં ધોબીના મહેણાથી સીતાનો ત્યાગ કર્યો.

રામ જે બ્રહ્મ કહેવાય છે. તેને નારી માટે દયા પણ ન આવી. ને તે નારી(સીતા) દુઃખી દુઃખી થઈ ગઈ. સીતા ગર્ભવતી હતાં. વનમાં પ્રસુતિ થઈ. ભક્તિ તો બ્રહ્મમાં લીન હોય છે. ગમે તેટલી કસોટી કરે પણ વિચલિત થતી નથી. શિક્ષા માનો તો એવા થાઓ. તમે જીવતા ને જઈને માનો. પથ્થર તને પાર ઊતારે એમતું માને છે ? તો તો તું પાગલ થયો. જે માણસ નારી માટે રડે તે શું મુક્તિ આપે ? જો સમજો તો એવા રસ્તે ન જાઓ. બ્રહ્મને એ રૂપે ન જુઓ. તમારામાં બ્રહ્મ વસે છે. તેને હું બતાવું. નિરાંત મહારાજ કહે છે કે મને તો નિરંજન મળ્યા છે. તેને ઓળખીને ગુણગાન કરું છું.

## ⊙ પરશુરામ અવતાર :

નિરાંત મહારાજ 'પરશુરામ અવતાર' માં કહે છે કે, લોકો પરશુરામનો મહિમા ગાય છે. ને અવતાર છે તેમ કહે છે. પૃથ્વી ઉપર ભાર વધી ગયો હતો તે તેણે ઓછો કર્યો.

'શુદ્ધ જ્ઞાની જમદગ્નિનો, એ તો ભાઈ કુમાર,
એકવીશ વાર ન ક્ષત્રી કીધી, ઉતારવા ભૂભાર.'

શુદ્ધ જ્ઞાની જમદગ્નિ નો એ પુત્ર છે. પૃથ્વી પરનો ભાર ઓછો કરવા તેણે એકવીશ વાર પૃથ્વીને નક્ષત્રી કરી. અર્થાત્ ક્ષત્રિયોનો સંહાર કર્યો. પણ બ્રહ્મ આવું કાર્ય કરે નહીં. આવાં કાર્યો તો કોઈ દયાહીન જ કરે. ફરશી ધરને બધા સુંદરશ્યામ માનીને પૂજે છે. પણ જે હત્યારો છે. તેનાથી તો જ્ઞાનીઓ અળગા જ રહે છે. તેનું નામ સાંભળે તો પણ પાપ લાગે. ક્ષત્રિયોનું જે મર્દન કરે છે. તેનો જવાબ ધર્મના ઠેકેદાર પાસેથી માગો. બ્રાહ્મણને જો કોઈ રાજા મારે તો પાપ લાગે. પણ પરશુરામે તો અનેક ક્ષત્રિયોનો સંહાર કર્યો. તો કેટલું પાપ કર્યું હશે ! તેણે (પરશુરામે) લોહીમાં બેસીને કર્મકાન્ડ કર્યું. ક્રિયાઓ કરી. ને શ્રાદ્ધ સરાવ્યું.

માતા મારીને પિતાને પણ મરાવ્યા. તેને સાધુ કોણ કહે ? તેને બ્રહ્મ કોણ કહે ? લોકો સાથે મળીને તેની પૂજા કરે છે. પણ જે બ્રહ્મ છે તે જવાબ માગે છે. નિરાંત કહે છે કે એમ કરવાથી કોઈ છૂટતું નથી. તેને પૂજવાથી તો પાપ જ લાગે. તેથી આત્મારામને ઓળખો, જાણો. તો સર્વમાંથી છૂટી શકાય. પણ તે માટે સદ્‌ગુરુની પાસે જવું જોઈએ. તે બ્રહ્મના દર્શન કરાવશે.

## ⊙ વામન અવતાર :

નિરાંત મહારાજ પોતાના 'વામન અવતાર' પદમાં લખે છે : 'વામન ભગવાનનો જન્મ છળ-કપટ કરવા માટે છે. ઈન્દ્રનું જે કાંઈ હતું. તે હરી લીધું. ને ઈશ્વરનું રૂપ લઈ લીધું. કશ્યપ નામના એક મોટા ઋષિ હતા. તેના પુત્રનું નામ વામન. ઉપવિત-જનોઈ ધારણ કરી. ને પાવન-પવિત્ર થઈ ગયા. કપટ જો બ્રહ્મરૂપ કરે તો તેનાથી વિશેષ ખરાબ શું ? કપટ કરવા તેણે રૂપ લીધું ભક્ત કહે છે કે પછી તો પૂછવું જ શું ?'

નાનો બાળક બની બલિરાજાને છળવા નીકળી પડાયા ! બલિરાજા દાનેશ્વરી હતા, તેને વચનમાં બાંધી લીધા. સભાની વચ્ચે ભગવાને જે માગ્યું તે આપ્યું. બલિરાજાના જે ગુરુ હતા તેણે મનાઈ કરેલી. પણ બલિરાજાએ ગુરુનું કહ્યું માન્યું નહીં. નાનો હતો તે વિરાટ થયો. ને પાગલાં ભરી લીધાં. એક પગથી પાતાળ રોકયું. ને આકાશને પણ માપી લીધું. વેપારી જેમ લેવા-આપવાના ત્રાંજવાં અલગ રાખે તેવી નીતિ તે ઈશ્વરે કરી.

હે ભાઈઓ, તે પરબ્રહ્મના કૂડાં કર્મ ને જુઓ. બલિરાજા પાસે જે માગ્યું. તે મળ્યું. પણ તેને પાછો બંધનમાં નાખ્યો. હવે તમે તેને પરિબ્રહ્મ માનો કે ન માનો, મારે કશો વાંધો નથી કે કોઈ ફરિયાદ નથી. ખોટાં કર્મથી એ ન મળે. જે ખોટાં કર્મ કરે છે. તેને બ્રહ્મ મળતો નથી. અમને એવાં કામ રૂચે નહીં. અમે તો આત્મરામને જાણીએ. આટલું કહ્યા પછી નિરાંત કહે છે :

'પૂજા પણ અમો પૂરી પો'ચાડું, પેટ તણી દુકાન,
નિરાંત ને નિરંજન મળિયા, ન જોઈએ એ ભગવાન.'

આમ, આ 'અવતાર ખંડન' કૃત્તિઓમાં પણ નિરાંતની બ્રહ્મખુમારી ખીલી ઊઠે છે. તેઓ શુદ્ધ જ્ઞાનમાર્ગી હતા. જીવનમુક્ત એવા આ જ્ઞાનમાર્ગી કેટકેટલા રહસ્યનો પર્દાફાશ કરે છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ તેનું નિરીક્ષણ આપણને અભિભૂત કરે છે. શાસ્ત્રપુરાણનો નિષેધ નહીં, પણ તેનું સૂક્ષ્મ નિરીક્ષણ તેઓએ પ્રસ્તુત કર્યું છે. તેમને એક દાર્શનિક તરીકે ખરેખર તો ગણવા જોઈએ.

## ◈ *યોગ-સાંખ્ય ઐકયનો સલોકો :*

નિરાંત મહારાજ નિર્ગુણ માર્ગી, બ્રહ્મજ્ઞાની એવા જ્ઞાનમાર્ગી સંત છે. તેમણે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ખેડાતા બહુધા સ્વરૂપો ઉપર કલમ ચલાવી છે. 'પદ', 'ભજન', 'સાતવાર', 'બારમાસ', 'તિથિઓ', 'છપ્પા', 'ઝૂલણા' વિષય સ્વરૂપોનું ખેડાણ કર્યું છે. તેઓએ પ્રેમલક્ષણાત્મક પદો પણ રચ્યાં છે. એટલે પ્રેમલક્ષણા ભક્તિ પણ તેમના વ્યક્તિત્ત્વનું દ્યોતક છે. જ્ઞાનમાર્ગી છે પણ તેઓ શુષ્ય જ્ઞાનના સર્જક નથી. તેઓ તેમના પદોમાં ગુરુ વિશે વારંવાર શ્રદ્ધા દર્શાવે છે. ગુરુ જ તેમને મન ઈશ્વર છે. એ સગુણ રૂપે છે. પોતાની ભીતર પડેલા પરમતત્ત્વને તેઓ સદ્‌ગુરુ પણ કહે છે. પ્રેમલક્ષણાત્મક પદોમાં વિરહની ઉત્કટ અભિવ્યક્તિ છે. પણ તેમાં કોઈ પરંપરાગત ઈશ્વરના વિરહની વાત નથી તેમાં પણ તેનો નિર્ગુણ નાવલિયો જ તેનો પ્રેમી બને છે. એજ રીતે પોતાના ગુરુ ને ઈશ્વરનું પદ આપતા હોવાથી તે જ તેમનો નાવલિયો પણ બને છે એ રીતે નિરાંત મહારાજ કબીર અને અખા પછીનો શ્રેષ્ઠ જ્ઞાનમાર્ગી કવિ છે.

પ્રસ્તુત દીર્ઘકૃતિ 'યોગ-સાંખ્ય ઐકયનો સલોકો'માં યોગ અને સાંખ્યની સૂક્ષ્મવાતો ને અભિવ્યકત કરી છે. તેમની આ કૃત્તિ તપાસતાં તેઓ યોગ કે સાખ્યના મત સાથે સહમત નથી તેમ જણાય છે. એ રીતે એ કોઈ પરંપરામાં પૂરાઈ રહે તેવો ભક્ત નથી એ કોઈ વિચારધારામાં બંધાઈ રહે કે કોઈ સંપ્રદાયના વર્તુળમાં પૂરાઈ રહે તેવા સર્જક નથી. તેઓ તો પોતાના ગુરુના માર્ગદર્શન પ્રમાણે તનમાં રહેલા પરમતત્ત્વને જૂએ છે. એ રીતે તેમની કૃત્તિઓમાં મૌલિક વિચારકના વિચારો પ્રસ્તુત થયેલા દેખાશે. નિરાંત મહારાજની આ દીર્ઘકૃત્તિમાંથી સૌપ્રથમ યોગ વિશેની ચર્ચા કરીએ-

નિરાંત મહારાજ કહે છે કે, હે સાધુ લોકો, સંતો, મહંતો ચિત્તને શુદ્ધ કરીને આ સલોકાનું શ્રવણ કરો. ઘણા કહે છે કે યોગ જ શ્રેષ્ઠ વસ્તુ છે. તો ઘણાનો એવો મત છે કે યોગ ખોટી વસ્તુ છે. લોકો તો ભોળા સ્વભાવના છે. એની વૃત્તિ પણ નિર્મળ છે. પણ કોઈએ સત્ય કહ્યું જ નહીં. ને એમ સંશયગ્રસ્ત અવસ્થામાં રાખ્યાં છે. જો આ વસ્તુની સ્પષ્ટતા થાય તો જ આનંદ થાય. સૌપ્રથણ સાંખ્ય શું છે ? તે કહું છું. સાંખ્ય પણ દઢ વસ્તુ નથી. તેથી સાંખ્યથી ચેતવું અનિવાર્ય છે. જો કોઈ આ વાત સમજે તો સારું. મને તો નિર્મળ બ્રહ્મની પ્રાપ્તિ થઈ છે. ને એટલે જ તો મને નિરાંત છે.

વધુ આહાર ન કરવો. બની શકે તો જમવા પણ ન જવું. ને મળે તો ખાવું. એ પ્રકારનું વર્તન વ્યવહાર આવશ્યક છે. પ્રાણાયામનો જે વિધિ કહું છું. તેનો જાપ કરીને

મારો મત આપું છું. પ્રત્યાહારનું ચઢવું, પણ તેમાં કૂદી ન પડાય. વિષયને મારવા જોઈએ. ને વૃત્તિ નિર્મળ રાખવી જોઈએ. તમે કાચબો જોયો હશે. તેને કાયારેય રોયો જોયો છે. તે અંગ સંકોચન કરે છે. તેમ વિષયોનું સંકોચન કરવું જોઈએ. એ રીતે વિષયોને સંયમિત રાખવા જોઈએ. એવું જેમાં હોય તેને જાણો. તેને દષ્ટિ સમીપ રાખીને સુખ પ્રાપ્ત કરવું જોઈએ.

પાંચ તત્ત્વ છે. તેને કોઈપણ પ્રકારની આંચ આવતી નથી. જળ, પૃથ્વી, તેજ, વાયુ અને આકાશ. તેના વળી દેવ પણ છે. તેને લોકો સેવે છે. તે વિષયોનું સુખ આપે છે. તેવી તેમાં વ્યવસ્થા છે.

યોગની વાત કહું છું તે ધ્યાન પૂર્વક સાંભળો, તેનાથી અજ્ઞાન નાશ પામે છે. એ વાતો જાણીને તમે આનંદ પામશો. હું વિગતે વાત કરું છું. એકાન્તમાં રહેવું. કાંઇ ન ખાવું. અર્થાત્ બધી જ ઈન્દ્રિયોને વશ કરીને રહેવું એટલે એકાન્ત. મનથી તમામ વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. શુદ્ધ રહીને સુખનો અનુભવ કરવો જોઈએ. એજ ભેખ છે. ને એજ સમાધિ છે. જ્ઞાનનો રસ્તો (માર્ગ) નાનો નથી. તે માટે તો નિરાંત જાઈએ. નિવૃત્તિ જોઈએ. નિવૃત્તિમાં જ રહેવું જોઈએ. તો જ સત્ય વસ્તુ પ્રાપ્ત થાય. ને દુ:ખનો નાશ થાય. પાછાં પગલાં કયારેય ન કરવાં. સતત આગળને આગળ વધવું જોઈએ. (જ્ઞાન પ્રાપ્તિ અર્થે) તો કાંઈક શાંતિ પ્રાપ્ત થાય. નહીં તો જે હશે તે પણ જતું રહેશે. યોગમાં એ પ્રકારની વાતો છે. જે જ્ઞાનની વાત છે. તેને સેવવી જોઈએ. સમાધિ છેલ્લી છે. દશા પણ છેલ્લી છે. પરનું પણ પર છે. તેને પ્રાપ્ત કરવા મન દઢ જોઈએ. નહીં તો રોવાનું જ રહે. એજ સત્ય વસ્તુ છે. જ્ઞાનની બારીમાંથી જુઓ. ને જ્ઞાનના અશ્વ ઉપર સવારી કરો. જ્ઞાન વડે બધું વશ થાય છે. ને તે વડે પરાપારની પ્રપ્તિ થાય છે. પરંતુ તે પણ સહેલું નથી. સત્ય જ વિચારજો. જ્ઞાનનો રસ્તો સત્ય છે. આ જ્ઞાનમાર્ગ ઘણાને ગમે છે. ને તે જ પ્રકાશ છે. જેમ છે તેમ જ મેં કહ્યું છે. અહીં મેં માત્ર નામ જ ગણાવ્યા છે. મને જેનું માન્યું છે. તેણે જાણ્યું છે. પરિબ્રહ્મ યોગમાં પણ નથી. પણ જયાં દઢતા છે. ત્યાં એ તત્ત્વ છે. એ જાણવાના બે માર્ગ છે. મન જયારે મસ્ત બને છે. એ જાણવાના બે માર્ગ છે. મન જાયરે મસ્ત બને છે ત્યારે જ સુખની પ્રાપ્તિ થાય છે. તેથી જ આ વાત હું કરું છું. ને વિગતે સમજાવું છું.

આપણે જોયું અહીં નિરાંત મહારાજે યોગ વિષયક જે ચર્ચા પ્રસ્તુત કરી તેમાં પણ તેનો શુદ્ધ જ્ઞાનમાર્ગ જ દષ્ટિગોચર થાય છે. પતંજલીકૃત ‘યોગસૂત્ર’ તેને અભિપ્રેત નથી, પણ દેહભીતર રહેલ પરમતત્ત્વની તેઓ જિકર કરે છે.

## ◈ સલોકો ૨ જો :

નિરાંત મહારાજ કહે છે કે, સાધુ, સંતો, મહંતો અને એકત્રિત થયેલા લોકો. આપ સૌને કહું છું. હું જે વાત કરું છું, તેને એકચિત્તે શ્રવમ કરો. કોઈ બીજા વિચારોમાં જશો નહીં. મનના જે રાગ છે, તેને ત્યાગો. ઊંઘમાંથી જાગો, અર્થાત્ અજ્ઞાનતામાંથી જાગો. અજ્ઞાનને દૂર કરો. ભ્રમથી જે દૂર રહે છે તેને કોઈ ડાગ લાગતો નથી. જોઈએ તે વસ્તુ માગજો. ને જાગૃત થઈ શ્રવણ કરો. મારી કથા સત્ય છે. તેમાં કોઈ ભ્રમ નથી. હે બાળકો, તમે શીખો. ઘેર ઘેર ભીક્ષા ન માગો. અર્થાત્ જયાં ત્યાં ભ્રમિત ન થાઓ. માથાના વાળમાં જો લીખ પડે તો માણસ માથું ખંજવાળે છે. અહીં ન સમજાય તો તેવા લોકો માથું ખંજવાળે છે. મારું જે જ્ઞાન છે, તેનો સ્વાદ તીખો નથી એટલે જ મહેતો નિરાંત કહે છે કે તમે ચેતો. જ્ઞાનની વાત નજીકની છે. બીજી વાત તો દૂરની છે. હું દૂરની વાતો ને જૂઠી કહું છું. જો તમે સાચી વાત જાણશો તો, આનંદના પૂર ઉમટશે. ને તેથી જ કહું છું કે આ સત્ય છે. ભાતભાતની જે જાળ બિછાવેલ છે. એ બધી અજ્ઞાનની વાતો છે. તેથી નજીકની જે પેલી વાત છે. તે જાણજો. પ્રથમ સલોકામાં મેં યોગની વાત કરી. હવે સાંખ્ય વિશે કહું છું –

સાંખ્યનો જે સાર છે. તે મનમાં ધારણ કરજો. જો પાચન થાય તો એ શુદ્ધ છે. સાંખ્યની વાતોમાં સૂક્ષ્મ ભાતો છે. જે સમજે છે તે તો જ્ઞાનને ગાય છે. યોગ તો હઠીલો છે. આ સાંખ્ય તેવું નથી. નિરાંતનું નામ ન હોય તો એ કામ આવે એવું છે.

તનની શુદ્ધિ અને સૂક્ષ્મ બુદ્ધિ જરૂરી છે. એમ હોય તો જ સમજી શકાય. સૂક્ષ્મ બુદ્ધિ ન હોય તો મૃત્યુ નિશ્ચિત છે. સૂડા વડે જેમ સોપારી કપાઈ તેમ કાળરૂપી સૂડાથી કપાઈ જાય છે. યોગ સારો છે. સ્થૂળ રૂપે મળ્યો છે. સૂક્ષ્મ સમજથી તેને પામી શકાય છે. મન જો ભમતું હોય ને સાંભળવા પણ ઇચ્છતું હોય તો એ શક્ય નથી. હવે કહું છું ને ભેદ ખોલું છું. વેદની જે વાણી છે તેને વખાણું છું. કેમ કે મેં તે જાણી છે. પરાપારનું જે તત્ત્વ છે. તેને શોધે ને આત્માને બૂઝે અર્થાત્ ઓળખે. જે આત્માને જાણતો નથી તે પથ્થર જેવો છે. તેથી અન્ય ચૈતન્યને જાણવું જોઈએ. જે હું અહીં વાત કરું છું તેનાથી તમારી શંકાઓ દૂર થશે. હું કાંઈ માથું ધૂણાવીને કહેતો નથી જે જૂઠ છે તે મારે વ્યક્ત કરવું નથી. કોઈ સંશય હોય તો મને બતાવજો.

શૂન્ય શબ્દની જે વાત છે. તેની ખ્યાતિ ઘણી છે. પંચતત્ત્વનો સ્વાભાવ છે. ને તેના મોટા દાવા છે. જે રાજસ અહંકાર છે. તે ઇન્દ્રિયને ભરનાર છે. એનો જે ભાર છે તે અપાર છે. પણ જે દેવનો પણ દેવ છે તે ગુરુ છે. તત્ત્વનું જો જ્ઞાન થાય તો કોઈ ઉત્પાત

રહે જ નહીં. તેની લીલા અપાર છે. સાંખ્યની વાત જાણવાથી દ્વંદ્વ નાશ પામે છે. સત્ત્વમાં અહંકાર છે. જે ચૌદ દેવ છે તેની સેવા કરજો. તેને જાણશો તો અભિમાન જતું રહેશે. ને પછી નિરાંત થશે. અર્થાત્ નિવૃત્તિ થશે.

બુદ્ધિના બળથી સંસારમાં તરો. સજાતિ-વિજાતિની જે યુક્તિ છે. પુરૂષ-પ્રકૃતિની, નૂરત-સૂરતની તેના વડે પાર પમાય છે. જ્ઞાન પ્રગટ થશે. સાનએ છે કે સૌ સમાન છે. આ તન આપણી મોટી મૂડી છે. એમ જાણીએ ત્યારે નિરાંત થાય. આકાશ, વાયુ, અગ્નિ, જેની આ કાયા બની છે. પરંતુ એ સ્થૂળ છે. તેવું જાણો, જે સર્વમાં રહેલો છે તેનું ફળ મોટું કહેવાય છે. પાંચ તત્ત્વ અને એક એક તત્ત્વની પાંચ પ્રકૃત્તિ. એમ જાણવાથી જ્ઞાન પ્રગટ થાય છે. વિષ્ણુ અને શંકર વિધાતા છે. તો ઇન્દ્ર અને વરુણ પણ સેવા કરે છે. જે વસુંધરા છે-પૃથ્વી છે. તે કુબેર છે. એવું જો જાણો તો કોઇ ફરિયાદ રહે નહીં. તો સમસ્ત દેવ છે તે તમારા સેવક છે. એમ જાણો. જયારે જાગીને જોશો ત્યારે મસ્ત થઇને રહેશો.

નિરાંત મહારાજ બાપુ સાહેબને ઉદ્દેશી ને કહે છે : તમારું જે માનેલું છે, તેને દૂર કરો. ભ્રમણામાં ન રહો. ત્રિપુટીની સમજ કેળવો. એ છે જ્ઞાનેન્દ્રિય ત્રિપુટિ. દૃષ્ટા, દૃશ્યને દર્શન નો સમુહ. આમ ત્રણ ત્રણ ગણાવીને ગુરુ ઉપદેશ છે.ઇન્દ્રિય જે છે તે મોટી દેવી છે. દેવ તો સતત તમને નમે છે. ને તમારી આસપાસ ભમે છે. બાપુ તમે જ તમારા પિતા છો. એમ જાણો. એ જ સત્ય છે.

કોઇ એમ કહે કે હું 'સાંખ્યવાળો' છું. તો એ લાળિયો જીવડો છે.એમ માનવું. કોઇ એમ કહે કે હું 'યોગવાળો' છું. તો જાણજો કે તે જાળમાં અટવાયો છે. માટે તેને પણ ત્યજો. હું નિરાંતમાં છું તેમ પણ ન કહેવું. પણ 'નામ'નું સ્મરણ કરવું. પરિબ્રહ્મનું સ્મરણ કરવું. 'નામ' એટલે પોતાનું સ્વરૂપ. નિરાંતે રહેવું. ને નિરાંત ને જ સેવવું. આપમાં આપ જ જોવું. પણ મતમતાંતરમાં ન પડવું. વિતંડાવાદ ન કરવો. ભક્તિમાં રહીને ચોર્યાશીની ખાણમાંથી મુક્ત બનવાનું છે. માર્ગ અથવા પંથ ડૂબાડે. પોતાનો જે માર્ગ છે. પોતાનો જે પંથ છે. (અહીં પોતાનો એટલે સ્વધર્મ અભિપ્રેત છે.) અભિમાન ન કરવું. આ સરળ અને સહ્જ બાબત છે. એ મેં તમને કહી છે. સૂક્ષ્મ રીતે કહી છે. તેથી નિરાંત નામે પરમધામમાં પહોંચો. ને તે પણ કોઇ ખર્ચ કર્યા વિના. નિરાંત નામે પરમ ને પામો.

નિરાંત મહારાજની આ દીર્ઘ કૃત્તિ છે. 'યોગ સાંખ્ય ઐકયનો સલોકો' તપાસતા નિરાંત ને સહ્જ સાધના અભિપ્રેત છે. કોઇપણ પ્રકારના વિધિ વિધાનનો આધાર લીધા વિના પરમની પ્રાપ્તિ નો માર્ગ નિરાંતે ચીંધ્યો છે. જે ઘટભીતર ચૈતન્ય છે. તે સમગ્રમાં

વ્યાપ્ત છે. એવી કબીરની જે વિચારધારા છે. તે અહીં જોઈ શકાશે. જે પાસે છે તેને બહાર શોધવાનો કોઈ અર્થ નથી. કોઈ પંથ કે સંપ્રદાયમાં બદ્ધ થવું. અથવા તે માર્ગના હોવું એને પણ નિરાંત બંધન ગણે છે. અરે ! પોતાનું એટલે કે 'નિરાંત માં હું છું' એમ કહેવાની પણ તેઓ ના પાડે છે. માત્ર પોતાના સ્વરૂપને પ્રગટ કરવું. તેમાં જ માનવ જીવનની ચરિતાર્થતા છે. તેમ કહ્યું છે. ભગવાન બુદ્ધે પણ પોતાના શિષ્ય આનંદને કહ્યું હતું કે 'મારા પરિનિર્વાણ પછી મારા ચરણ પાદુકાનું પૂન કરવું. હું કહું છું તેમ પણ નહીં. પરંતુ તું પણ વિચારજે.' આ મુક્તિનો માર્ગ છે. કોઈનું બંધન નહીં. નિરાંત પણ એજ વાત કરે છે. ને તો જ નિર્વાણ શકય બને.

### ◈ પદ્યકથાઓ :

આપણે ત્યાં સદીઓથી પૌરાણિક કથાઓ વ્યાસપીઠ ઉપરથી કહેવાતી રહી છે. મધ્યકાળમાં પ્રેમાનંદ અને શામળ જેવા કવિઓ પણ પૌરાણિક ગ્રન્થોમાંથી કથાનક લઈ આખ્યાન કે પદ્યવાર્તા રૂપે પ્રસ્તુત કરતા રહ્યા. આ ઉપરાંત અનેક નામી અનામી કથાકારો-પુરાણીઓ ધર્મ વિષયક કથાો પિરસતા રહ્યા છે. પુરાણીઓ, કથાકારો, ભાગવતકારોએ સામાજિક અને સાંસ્કૃતિક ચેતાનાને જીવંત રાખવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.ભારતીય સભ્યતા અને સંસ્કૃત્તિને એ રીતે નવું બળ મળતું રહ્યું છે. મધ્યાકાળમાં શિક્ષણની વ્યવસ્થા ન હોવાથી આવા કથાકારો લોક-શિક્ષકનું કાર્ય કરતા હતા. નિરાંત મહારાજ ઉત્તરમધ્ય કાળના ગુજરાતી સંત સાહિત્યમાં મહત્ત્વના જ્ઞાનમાર્ગી સંત કવિ છે. તેમણે પદ, ભજન, છપ્પા, ઝૂલણા ને એમ બીજી અનેક કૃત્તિઓ વડે આ પરંપરાને જીવતી રાખી છે. નિરાંતે પણ પદ્યકથાઓ રચી. અલબત તેમની કથાઓ અન્ય કથાકારો કે પુરાણીઓથી ભિન્ન છે. એ ભિન્નતા સ્વરૂપ અને વિષયની દષ્ટિએ છે. નિરાંતે પદ પ્રકારની પદ્યકથાઓ રચી. તેનો વર્ણ્ય વિષયન તો જ્ઞાન નો જ રહ્યો છે. નિર્ગુણમાર્ગી હોવાથી નિર્ગુણ બ્રહ્મની 'નામ' સાનાની તેને જાણવા કે પ્રગટ કરવાની તેમણે હિમાયત કરી છે.એ રીતે તંદુરસ્ત અને સ્વસ્થ સમાજ નિર્માણ કરવાની પ્રવૃત્તિ નિરાંતનો મુખ્ય વિષય રહ્યો છે. પ્રાચીન કાવ્યમાળાનો ગ્રન્થ ૧૦ 'નિરાંત કૃત કવિતા'માં તેમની બે વિભાગમાં કથાઓ પ્રાપ્ત થાય છે. પ્રથમ વિભાગમાં વીસ કથાઓ અને દ્વિતીયમાં આઠ કથાઓ છે.એમ કુલ અઠાવીશ પદ્યકથાઓ પ્રાપ્ત થાય છે. હવે આ પદ્યકથાઓનું વિવરણ કરીએ-

નિરાંતે પોતાની કથાઓ દ્વારા જ્ઞાનનું જ પ્રતિપાદન કર્યું છે. પ્રત્યેક કથાઓનો વિષય જુદો છે જેમ કે, શ્રદ્ધા, ધન વિરાગ, સ્ત્રીવિરાગ, ગુરુશ્રદ્ધા, ગુરુનો ઉપદેશ, વિશ્વાસ,

સંતતિ વિરાગ, માયા ત્યાગ, ષડ્રિયુ, ચિત્તશુદ્ધિ, એકાગ્રતા, બ્રહ્મદર્શન, માયારૂપ કથન, સંગ ત્યાગ, બ્રહ્મદર્શનનો લાભ, સદ્ગુરુ લક્ષણ, પુરૂષ પ્રકૃત્તિ, પ્રકૃત્તિનો પરિવાર, બ્રહ્મ દર્શન, વગેરે અનેક વિષયો ને શીર્ષક બનાવી નિરાંત તેને જ્ઞાનમાર્ગના પરિપ્રેક્ષ્યમાં આલેખે છે.

પ્રથમ પદ 'શ્રદ્ધા'માં નિરાંત ચિત્તની ચંચળ વૃત્તિથી સચેત રહેવા જણાવે છે. ને માની લીધેલા કર્મના કાટને દૂર કરવાનું સૂચવે છે. આ માટે તેઓ વેદનું પ્રમાણ આપતાં લખે છે :

'અમે જે જે બોલું તે તે જાણો, ચાર વેદમાં ખ્યાત,
અટપચાની ભાત મળે નહીં, નહિ નાત ને જાત.'

નિરાંત બ્રહ્મજ્ઞાની ની સાથોસાથ બ્રહ્મક્ષૌત્રિય પણ છે. તેઓ પોતાની દલીલમાં શાસ્ત્રોનો આધાર પણ લે છે. તેઓ જ્ઞાતિ-જાતિની સંકુચિતતામાંથી મુક્ત થવાની હાકલ કરે છે. અજ્ઞાનતામાં તો ભેદ રહેલો છે.એટલે 'નામ' ભક્તિ વડે અજ્ઞાનને દૂર કરી શકાય. કહે છે :

'નાનામાં નાની ને મોટામાં મોટી, છે નામની એક વાત,
એક મટે તો એ સમજાયે, અજ્ઞાન કેરી વાત.'

જો અજ્ઞાનની વાતનું નિગરણ થાય તો 'નામ' પ્રત્યક્ષ થાય. જેમ સૂર્યોદય થતાં જ અંધારું દૂર થાય છે. તેમ શ્રદ્ધાપૂર્વક 'નામ'નું સ્મરણ કરવાથી અજ્ઞાનનો નાશ થાય છે. એમ કહી શ્રદ્ધા ઉપર વિશેષ ભાર મૂકે છે.

'પણ શ્રદ્ધા જોઈશું સાંભળવાની, નહિં મિલન કો વાંટ,
શ્રદ્ધા વિના જો સાંભળશો તો, હો જાવેગી છાંટ.'

'ધન વિરાગ' પદકથાની ભાષા સધુકડી છે. હિન્દી-ગુજરાતી મિશ્રિત ભાષામાં નિરાંતે કથા વ્યક્ત કરી છે. પરમાત્માના માર્ગના જે પ્રવાસી છે. તેને ધનની મહત્ત્વકાંક્ષા હોતી નથી. તેઓ તો ઈશ્વરને જ ધન માને છે. મીરાં પણ કહે છે :

'રામ રતન ધન પાયો,
રાણાજી, મેં તો રામ રતન ધન પાયો.'

અહીં નિરાંત પણ પોતાના મનોભાવને આ રીતે પ્રગટ કરે છે :

'નામ વિનાનું ધન જે જાણે, તેણે જાણ્યું નિરવાણ,
ધન તો મારું એમ કરતા મરે, વાકું ડાટો ખાણ.'

નિરાંતનામનું જે ધન જાણે છે. તે નિર્વાણને પામે છે. જે લોકો ધનને મારું મારું કહેતા ફરે છે તેને તો ઊંડી ખીણમાં દફનાવી દેવા જોઈએ. તેવા લોકોની બુદ્ધિ ભ્રષ્ટ છે. જે સ્થૂળ ધનની ઈચ્છા કરે છે. સાચું ધન તો પરમાત્મા જ છે. માનવીએ સર્જેલું ધન સત્ય નથી. એ તો વ્યવહાર કરવા પૂરતું છે. મૃત્યુ સમયે તેવું ધન સંગાથ કરતું નથી. 'નામ' નું ધન જે પામે છે. તે ભવસાગરમાં તરે છે. તેવું પ્રતિપાદન કર્યું છે.

ભારતીય અધ્યાત્મ પરંપરામાં સ્ત્રીની ભૂમિકા ઘણી મહત્ત્વની રહી છે. વેદ ઋચાઓની કર્તા કું. ગાર્ગી, કું. ઘોષા. મૈત્રેયી વગેરે છે. પણ તે ઊર્ધ્વમુખ થયેલી સ્ત્રીઓ છે. સામાન્ય વ્યવહારોમાં ને સંસારને જ શ્રેષ્ઠ ગણતી સ્ત્રીઓ પ્રત્યે નિરાંત કરડાકીથી જુએ છે. સદ્‌ગુણીને સત્ત્વશીલ સ્ત્રી પ્રત્યે પણ નિરાંત દયા બતાવતા નથી. તેઓ તેને બ્રહ્મપ્રાપ્તિના માર્ગમાં વિઘ્નરૂપ ગણે છે. 'સ્ત્રીવિરાગ' કથામાં નિરાંત કહે છે :

'સારી તે તો જાણો બલા,
નિરાંત સત્ય કે'છે ભાલ.'

સ્ત્રી તારી નથી કે તારા મનની પણ નથી. એ તો ધનની સંગિની છે. ને પતિવ્રતા ધર્મમાં રહી માયાજાળ બિછાવે છે. નિરાંત કહે છે :

'જુઓ હઠીલી પતિવ્રતા,
રામજી જેવે ખાધી ખતા.'

તારી સ્ત્રીપણ જો એવી હશે તો તારી સ્થિતિ કેવી હશે. તેવી લાલ બત્તી પણ નિરાંત ધરે છે. નિરાંત તારુણીથી તાપ પ્રગટે છે તેમ કહે છે. માટે નિર્વાણ પ્રાપ્ત કરવું હશે. તો 'નામ' નો આશ્રય લેવો પડશે.

અધ્યાત્મ પરંપરામાં ગુરુનું સવિશેષ મહત્ત્વ છે. ગુરુ વિના જ્ઞાન નથી તેમ કહેવાયું છે. ગુરુ જ અગમની ગમ બતાવી શકે છે. 'ગુરુશ્રદ્ધા' પદ્યકથામાં નિરાંત સાચા ગુરુ કેવા હોય. તેના વાણી વર્તન કેવા હોય, ઉપરાંત દંભી ગુરુ ના લક્ષણો પણ પ્રગટ કરે છે :

'ગુરુ જાણીને કરતાં જાણો, શિષ્ય સર્વે સાચું માનો,
ગુરુ ધન કાજે આથડતા, ગુરુ પૈસા માટે પડતા.'

'ગુરુ શ્રદ્ધા' કથામાં નિરાંત સ્પષ્ટ કહે છે કે કોઈ બ્રહ્મચારી હોય ને ગુરુનો વેશ ધારમ કરે પણ તે અપરિગ્રહી નહીં હોય તો તેવા ગુરુ ને ઢોંગી માનવો. એજ રીતે ગૃહસ્થ હોય પણ જ્ઞાનવાન શીલવાન ને ગુણવાન હોય તો તે જ સાચો ગુરુ છે. તેવી શીખ આપી છે.

'માયા ત્યાગ' કથામાં માયા વિષયક કથન છે. પરંતુ તેના રૂપનું વર્ણન કરવામાં પણ ઘણું જોખમ છે તેમ કહે છે -

'રૂપ જો એનું કે'વા બેસું, મને આવી વળગે જી,
મારી કાઢી મહાશ્રમથી, હોલવેલું સળગે જી.'

નિરાંત કહે છે કે સંત તો માયા વિશે ચૂપ જ રહે છે.તેમાં જ શાણપણ માને છે તો પણ તમારા સંશય નિવારણ માટે હું તેના રૂપ વિશે કહીશ.

'એકાગ્રતા' કથામાં નિરાંત મનની એકાગ્રતા વિશે કહે છે. આત્માની ઓળખ આપતાં કહે છે :

'પોતે પ્રકાશે રે, બીજાનું નહીં તેજ તેને,
સ્વયં પ્રકાશી રે, ઓળખો આત્મા તેને.'

એકાગ્રતાપૂર્વક નિરીક્ષણ કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અહીં પણ પરમાત્માને નિરાંત અદ્વૈત રૂપે જ રજુ કરે છે.

કથાઓના બીજા વિભાગના પ્રથમ પદમાં નિરાંત મહારાજ તત્ત્વ વિષયક ચર્ચા કરે છથે. ને જ્ઞાન માર્ગને પ્રગટ કરે છે :

'ભેંશો નથી જોઈ રે, અમે ભાગવત ભણિયા,
હંસો જોઈ બોલ્યા રે, વિવેક ખીર-નીર ગણિયા.'

કથાઓના બીજા વિભાગના પ્રથમ પદમાં નિરાંત મહારાજ તત્ત્વ વિષયક ચર્ચા કરે છે. ને જ્ઞાન માર્ગને પ્રગટ કરે છે :

'નથી ઢોંગી ધર્મને ધરવો, નથી બ્રહ્મ નિરાળો કરવો,
અભેદ અછેદ તમને કે'વો, દેહી માંહી બતાવી દેવો.'

નિરાંત કહે છે કે વેદ-વેદાંત પણ તેને 'નેતિ-નેતિ' આ નહીં, આ નહીં, એમ કહે છે. તેનું રૂપ કોઈ જાણતું નથી. તમામ લોકો માત્ર ધન્ય ધન્ય કહે છે. કોણ તેને જોવા બેઠું છે. બધા સંશયગ્રસ્ત પણ છે. પહેલાં જે કથાઓ કરી તે સ્મૃતિમાં રાખજો. તમારા સર્વ સંશય દૂર થશે. નિરાંત હવે પછીના પદમાં દેહની વાત કરે છે. તે કહે છે :

'દેહી કી કે'તા હું બાત, સુનો તો હોવે સાક્ષાત,
નિરાંત નામકા જાને મર્મ, વાકે છૂટે જાવે કર્મ,'

દ્વિતીય પદમાં દેહની-શરીરની વાત કરતાં કહે છે :

'એ દેહ દેખો તુમ્હારા,

વાંહી નિશાન હૈ અમારા.'

જળમાં એક કમળ ઉત્પન્ન થયું. તે કમળ ખીલ્યું. તેમાં પરમાત્મા પ્રગટ થયા. પ્રથમ મુખ થયું. જે વાણી ઈન્દ્રિય છે. તેના દેવતા અગ્નિ છે. પછી નાકની રચના થઈ. તેની ઈન્દ્રિય ધ્રાણ છે. તેનો દેવતા વાયુ છે. પછી આંખની રચના થઈ. તેની ઈન્દ્રિય ચક્ષુ છે. ને તેનો દેવતા સૂર્ય છે. જેનો કોઇ વિકલ્પ નથી. પછી કાન થયા. શ્રૌત્ર ઈન્દ્રિય તેની છે.તેનો દેવતા દિશા છે. પછી ત્વચા ઉત્પન્ન થઈ. તેની ઈન્દ્રિય રોમકેશ છે. તેનો દેવ સર્વ ઔષધિ છે. પછી ગુદાની રચના થઈ. તેની ઈન્દ્રિય અપાન છે. તેનો દેવ મૃત્યુ છે. તેનું નામ સાંભળીને માણસ ધ્રુજી ઊઠે છે.પદને અંતે નિરાંત કહે છે :

'નામ નિરાંતનું જો લેવે, સબ દેવ આવી સેવે,

નામે તર્યા બહુતાઇ, મિલ ગઈ છે જુદાઇ.'

ત્રીજા પદમાં પણ દ્વિતીય કથાનો પ્રવાહ ચાલુ રહે છે. હાથની ઉત્પત્તિ થઈ. તેની ઈન્દ્રિય બળ છે. તેનો દેવતા ઈન્દ્ર છે. પગની રચના થઈ. તેની ઈન્દ્રિય ચલન છે. પછી નાડીની રચના થઈ. તેમાં રૂધિર વહે છે. તેનો દેવ નદી છે. પછી પેટ થયું. ક્ષુધા અને તૃષ્ણા તેની ઈન્દ્રિયો છે. ને સમુદ્ર તેનો દેવતા છે. પછી હૃદય પ્રગટ થયું. તેમાં સૂર્યનો નિવાસ છે. તેની ઈન્દ્રિય મન છે. ને દેવતા ચંદ્ર છે. તેમાં બુદ્ધિ ઈન્દ્રિય છે. તેનો દેવતા બ્રહ્મ છે. અહંકાર ઈન્ગ્રિય નો દેવતા રૂદ્ર છે. જે ચિત્ત ઈન્દ્રિય છે. તેનો દેવતા જીવ છે. આ પ્રકારનું તારું રૂપ છે. તું સર્વનો રાજા છે. તારું કાર્ય તો દેવતાઓ કરે છે. એમ જાણતો નથી એવો તું જયાં ત્યાં ભટકી પેટ ભરે છે. એનાથી કોઇ કાર્ય સિદ્ધ થવાનું નથી. જ્ઞાનને જાણ્યાં વિના તું વારંવાર જન્મ મૃત્યુમાં ફસાતો રહે છે. નિરાંત કહે છે કે આ બધી વાતો ગુરુગમની છે. તેના દ્વારા અજ્ઞાનતાનો નાશ થાય છે.

દેહમાં રહેલા અનેક દેવી-દેવતાઓ સેવા કરી રહ્યા છે. માટે પરમાત્મા રૂપ બનો. મુક્તિ તો તેની સામે ચાલીને આવશે. આવાગમન રહે નહીં. એમ ચોથા પદમાં કહે છે. પ્રભુને ઓળખ્યા કયારે ગણાય -

'સભર ભરિયો જાણે પ્રભુ, જઇ કોઈને ના દૂભું,

એવી વૃત્તિ થાય જયારે, પ્રભુ ઓળખ્યા ત્યારે.'

માટી સોનું સમાન છે તેવી વૃત્તિ થાય, ત્યારે સંસારમાં તરી શકાય. પાંચમાં પદની કથામાં મનુષ્યનું કલેવર કેમ થયું તે વિશે કહે છે.

'પુરૂષ હોવે આસક્તિ, હોવે રામા કી ભક્તિ,
કરે સંગ પુરૂષ જેસા, જીવ વીર્યમે જાવે તેસા'

જયારે સ્ત્રીના ઉદરમાં જીવ જાય ને ત્યાં બેસે. ને એક રાત્રિ પસાર થાય ત્યારે તત્ત્વ તત્ત્વમાં મળે છે. પાંચ રાત્રિ પછી ગોળાના આકાર જેવો જીવ બને છે. દશ દિવસ ને દશ રાત્રિ પસાર થયા પછી માંસપેશીની શરૂઆત થાય. એક માસમાં મસ્તિસ્કની રચના થાય. બે મહિને વિકસિત બને. હાથપગની રચના ત્રણ મહિને થાય. એ પછી નખ અને હાડકાંઓ સર્જાય. પછી ગુહ્યઈન્દ્રિયની રચના થાય છે. ચારમાસમાં સર્વ ધાતુનો પિંડ બંધાઈ જાય છે. પાંચમાં માસે ભૂખ અને તરસની ઈચ્છા થાય છે. ચાર અને છ મહિનામાં ગર્ભમાં ફરતું રહે છે. જયારે સાત મહિનાનો ગર્ભ થાય ત્યારે માતા ખાય પછી જીવતૃપ્ત થાય છે. માતા જો કડવું ખાયતો અણગમો પ્રગટે છે. ને ઉદરમાં વધુ ઝડપથી ફરતો રહે છે. જયારે આઠ માસ થાય ને માતા ભૂખી હોય તો પેટના કૃમી કરડે હાથ અને પગ તો બંધનમાં બંધાયેલાં હોય છે. જો ગર્ભપાત થાય તો તો પ્રશ્ન જ રહે નહીં. નવ માસે બહાર નીકળવાનું કરે છે. ગર્ભમાં અહીં-તહીં ઘૂમ્યાં કરે છે. પણ બંધન મુક્ત થતો નથી કેમ કે ચર્મના પિંજરામાં કેદ થયેલો છે. એમ કરતાં દશ માસ થાય. માતાને ત્રાસ થાય. અકરમી કહીને ગાળો ભાંડે. ને ઊભી થઈ આમતેમ ચાલે. તો પણ તારો છૂટકારો થતો નથી. આ કથા પદ છ માં પણ ચાલુ રહે છે.

જીવનું રક્ષમ કરવા માટે દાઈ દોડતી આવે છે. જો પુત્ર રૂપે તું હો તો સર્વ હર્ષ પામે પણ જો તું પુત્રી રૂપે અવતરે તો મુખ ફેરવી લેશે. અહીં નિરાંત કહે છે કે પુત્ર હોય કે પુત્રી હોય છે તો નર્કમાં જ. એ પછી તૂર્ત જ શુકદેવનું દષ્ટાંત પ્રયોજે છે. તેણે જન્મ સમયે ભગવાનું નામ લીધેલું. એણે ક્રંદન કર્યું ન હતું. એવી સમજ પ્રાપ્ત થાય તો તરી શકાય આ જીવ દિન પ્રતિદિન મોટો થશે એટલે બધાં દુ:ખ દૂર થશે. પણ મોટો થતાં તે રંડીનો મર્દ બની જાય છે. ને ધ્રુવ જેવાને જાણતો નથી. અજ્ઞાનને વખાણ્યા કરે છે. યુવાનીમાં કોઈનું માનતો પણ નથી. જ્ઞાન વડે આ બધુ જાણી શકાય છે. તેમ નિરાંત મહારાજ કહે છે.

યુવાનીમાં પ્રવેશેલો આ જીવ સ્વચ્છ અને સુંદર કપડાં પહેરે છે. ને કોઈથી વશ થતો નથી. સંસારની માયામાં અનાયાસ રીતે ફસાઈ છે. પછી મદ્ય પીએ છે. ને અજ્ઞાનતામાં રાચે છે. માયાને સાથે રાખી ફર્યા કરે છે. ત્યાં વાર્ધક્ય પ્રવેશે છએ. દાંત પડી જાય છે. ગાત્રો શિથિલ બને છે. ને દુ:ખ સહન કરે છે. પણ આત્માને જાણવાની જિજ્ઞાસા બતાવતો નથી. માત્ર સંસારને વખાણ્યા જ કરે છે. જ્ઞાનથી આ પ્રકારનું દર્શન થાય છે. માટે

ચેતો. આ એક અવસર છે. મનુષ્ય જન્મ જ એક અવસર છે. સન્યાસીને જોઈને તેના ચક્કરમાં ફસાઈ છે. ને બંધનમાં પડે છે. વૈરાગી બની નીકળી પડે છે. પણ કશું પ્રાપ્ત થતું નથી. નિરાંત કહે છે કે મેં એવા ઘણાને મરતાં જોયા છે.

કૃપણ મૃત્યુની સમીપ આવી બેઠો. પણ જે જાણવાનું છે તે જાણ્યું નહીં. નિર્વાણ શું છે ? એ પણ ન વિચાર્યું. મૃત્યુ સમયે તેને ફાળ પડે છે કે આહ ! કાળ તો લઈને ચાલ્યો. મેં સમય ન જાણ્યો. બ્રહ્મને ન જોયો. હવે શું ? માળા હાથમાં રહી ગઈ. યમ તેને લઈ ગયો. નરકમાં સ્થાન આપ્યું. ત્યાં એણે મોટા મોટાને જોયા. યોગી/સન્યાસીઓ, જટાધારીઓ વગેરેને. એટલે જે નાના કહેવાય છે પણ જે સંત છે, તેનું કહ્યું માનો. જે સમજદાર હશે તે સમજી ને રહેશે. ને જ્ઞાનવાન થશે.

નિરાંત મહારાજે પોતાની કથાઓમાં તત્ત્વજ્ઞાન વિષયક ચર્ચા કરી છે.તેઓ જ્ઞાનમાર્ગી છે. તેઓની પદ્યકથાઓમાં નિર્ગુણ બ્રહ્મની જ ચર્ચા જોવા મળે છે. શાસ્ત્રની સૂક્ષ્મતાનું નિરીક્ષણ તેમની કથાઓમાંથી મળી રહે છે.

### ◈ *અન્ય રચનાઓ :*

નિરાંત મહારાજ પોતાના પદ, ભજન, છપ્પા, તિથિઓ, સાતવાર, બારમાસ, કથાઓ અને દીર્ધકૃત્તિઓમાં જ્ઞાનમાર્ગનો મહિમા કરે છે. એજ રીતે તેમણે કેટલાંક છૂટક પદો પણ રચ્યા છે. આ છૂટક પદોમાં પણ જ્ઞાનની ખુમારી પ્રગટ થાય છે. તેમણે નરસિંહ મહેતાને અનુસરીને પ્રભાતિયાં પણ સજર્યાં છે. આ પ્રભાતિયાંમાં પણ તેમણે મહિમા તો જ્ઞાનનો જ કર્યો છે. જેમ નરસિંહે તેમના પ્રભાતિયાંમાં વેદાંતનું તત્ત્વજ્ઞાન નિરૂપ્યું તેમ અહીં નિરાંતે પણ પોતાના પ્રભાતિયાંમાં વેદાંતના તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કર્યું છે. આ ઉપરાંત પ્રભાતિયાંમાં 'નામ' ભક્તિનો પણ મહિમા કર્યો છે –

'ભક્ત વચ્છલ સદા દેવના દેવ છો,
તાહરા નામનો પ્રેમ રાચે;
જીવન તું જગતમાં બીજું જાણું નહીં,
નામ સમોવડ નાથ જાચે.'

સચરાચરમાં નિર્ગુણને નિરખતાં સગુણ ભાસે છે :

'નિર્ગુણ ભાસતાં, સગુણ ભાષ્યુ બધું,
અન્યો અન્ય તમો એક દીસો;

તમો વિના પ્રભુ કામ ઠાલો નહીં,

વિજોગ ટળયો પળયો મન હીસો.'

પ્રપંચને પરહરી શ્રી હરિનું સ્મરણ કરવું ને સાધુના સંગમાં રહેવું તેમ કહે છે:

'મનુષ્યને તનધરી ઉત્તમ એટલું,

શ્રી હરિ શ્રી હરિ મુખ કહેવું;

પ્રપંચ પરહરિ સમરવા શ્રી હરિ,

સાધુના સંગમાં શુદ્ધ રહેવું.'

શ્વાસે શ્વાસે શ્રી હરિના જાપ કરવા ને મમતાને ત્યજવી. વાયક મળે તો પણ ત્યાં ન જવું, આ દેહ ક્ષણ ભંગુર છે. પણ તેનું મહત્ત્વ પણ છે. કેમ કે -

'આપમાં આપ તે વિશ્વ વ્યાપિક છે,

એક નિરંતર બ્રહ્મ ભાસે;

તાણો ને વાણો તે સર્વ તંતુ લહ્યા,

દ્વૈતનું પાસું તે દૂર નાસે.'

નિરાંત મહારાજે પોતાના પ્રભાતિયાંમાં પાખંડ અને દંભનું પણ નિરૂપણ કર્યું છે. લખે છે :

'આપ અવળા ફરે, બીજાને બોધ કરે;

અંધેઅંધા અનુસરે, કયાં રે જાશે.'

પંડિત-પૂરોહિતો ઉપર પણ અહીં કટાક્ષ છે -

'ભણે ને ભણાવતા, સુણે ને સુણાવતા,

ગુરુ ને ચેલા થતા, અંધ આશે;

દુઃખ દલણ છે, પરખ પાષાણ છે,

આપ અજાણ છે, કર્મ પાસે.'

અને -

'ભણ્યા માટે શું થયું, મૂળ અક્ષરનું નવ લહ્યું,

આપમાં આપ તે કયું કોણ કે'શે,

નિરાંત નિરખ્યા વિના, આપ પરખ્યા વિના,

હામ હરખ્યા વિના, દુઃખ સે'શે.'

આ ઉપરાંત અન્ય એક પ્રભાતિયાં માં પણ પંડિત-પૂરોહિતો ને લપડાક મારી છે તેમને

નાગના પણ નાગ એવા ફણીધર કહ્યા છે –

'ભારે થયા ભણી ભણી, વિદ્યાઓ ઘણી ઘણી,
નાગશિરોમણિ નાગ જેવા;
મણિ ઉદ્યોત કરે, અંજાયા જીવ ચરે,
એમ ઉદર ભરે નાગદેવા.'

અહીં પણ નામનો મહિમા વ્યક્ત કર્યો છે :

'આપમાં આપ છે, વિશ્વમાં વ્યાપ છે,
અજપા જાપ છે, નામ નિરખો;
નિરાંત નામ છે, આ દિનો વિશ્રામ છે,
ઠરવાનો ઠામ છે. પ્રેમ પરખો.'

નિરાંત મહારાજ જ્ઞાનમાર્ગી હોવાથી બીજાના પંથ કે સંપ્રદાયમાં ખેંચાઇ જતા નથી. તેઓ પૂર્ણ રીતે વિચાર કરે છે. જે બ્રહ્માંડમાં તેજ પિંડમાં પણ છે. સચરાચરમાં રામ જ વસી રહ્યો છે. એવી જેની સમજ છે. એવા નિરાંતે પ્રસંગો ચિત પદ પણ રચ્યાં છે. કહે છે :

'અમને કોઈકે વૈષ્ણવ થાવ, વૈષ્ણવરૂપ અમે,
કૃષ્ણરાધારાણી રાજ કરે, જુઓ હૃદયે તમે.'

આમ, નિરાંત પોતાના તનમાં જ વૈષ્ણવ, કૃષ્ણ, રામ, વિષ્ણુ, શંકરને જુએ છે. તેજ તેમનું રૂપ પણ છે. પછી તેમાં જોડાવાનો પ્રશ્ન જ કયાં રહે છે. એમ તેઓ માને છે. વળી કોઈકે કહ્યું કે જોગી થાઓ. તો નિરાંત મહારાજ કહે છે :

'અમને કોઈકે જોગી થાવ, તે તો થયા અમે,
નિરાંતે વાસના મારી સર્વે, જોગીને જે જે ગમે.'

નિરાંત મહારાજે એક પદ એવું રચ્યું છે. જેમાં જીવ અને દેહ બન્ને લડતાં જ્ઞાની પાસે આવે છે. ને ન્યાય કરવાનું કહે છે. દેહ કહે છે કે જીવને મેં મારી પાસે રાખ્યો. હવે તે મને છોડી જાય છે. દેહ કહે છે કે જેમ તલમાં તેલ રહેલું છે. એમ મેં તેને રાખ્યો. જેમ આકાશમાં ગ્રહ છે તેમ મેં જીવને ધારી રાખ્યો હતો. હવે તે મારો સંગાથ છોડીને જતો રહે છે. હે દેવ કાંઇક ઉપાય કરો. મને બાળે નહીં.

'કંઇ ઉપાય કીજે દેવ, મને નવ બાળે,
સમજાવો જીવને આજ, મને નવ ટાળે.'

નિરાંત મહારાજ પ્રતિપાદન કરે છે કે દેહ અને જીવની સગાઈ શાશ્વત નથી. શાશ્વત તો એક નિરાંતનું નામ જ છે :

'સગું નિરાંતનું નામ, મૂકી નવ જાયે,
નિરંતર ભજો નિરાંત, કાળ સહુ ખાયે.'

જેને પરિબ્રહ્મની પ્રાપ્તિ કરવી છે તે કોઈ સંબંધોની દરકાર કરતો નથી. તેને કોઈ જ સંબંધો સ્પર્શતા નથી. તે વાદ-વિવાદ પણ કરતો નથી ઘટમાં જ પરમાત્માને પ્રગટ કરે છે.

'નિરાંત નામ કો જાન લિયા, સભર સુખ થયું ભાઈ,
જે જે જાણે તેને થાયે, રખે મરો શરમાઈ.'

જે વિષયોમાં આસક્ત છે. તે મનની લીલાને જોઈ શકતો નથી. પછી તે રાજા હોય કે રંક. જો પરાપારના દર્શન કરવાં હશે તો વિષયોને ત્યાગવા પડશે. મનને મારવાથી કશું પ્રાપ્ત થવાનું નથી મન તો રાજા છે. તેને -

'નિંદવાથી કાંઈ વળે નહીં, મનની મોટી મામ,
રીઝવીને રાખીએ એને, એથી મળે પરમ ધામ.'

મન નો ખેલ અજબ છે. વિચિત્ર છે. તેના વ્યવહાર ને તો કોઈક સંત જ સમજે છે. સામાન્ય જન તેને સમજી શકે નહીં.

'અજબ તમાસા મનવાક હૈ, સમજે સંત સુજાણ,
મુરખ તો મગન હો જાતા, ભૂલ જાવે ભાન.'

યમરાજાનો ભય માનવીને હંમેશા રહ્યો છે. જે જન્મ્યો છે તેનું મૃત્યુ નિશ્ચિત છે.ભય રહિત થવા માટે જ્ઞાનની આવશ્યકતા છે. જપ, તપ, યોગ, યજ્ઞ, વ્રત, કથા, દાન કરવાથી યમનો ભય જતો રહેતો નથી. નિરાંત લખે છે :

'જપ કરી કરી માળા ઘસે, તોય જમડા તો ના નાસે.'

'યોગ કરી કરી થાય ઘેલો, તોય જમડા લેશે પેલો.'

'તપ કરી કરી તનડું તૂટે, તોય જમડાથી ના છૂટે.'

'જગ્ન કરીને જીવને જાળે, વાંકી દષ્ટે જમડા ભાળે.'

'કથા સાંભળી ફૂટે કાન, જમડા જોવા નવ દે ભગવાન.'

નિરાંત મહારાજ કહે છે કે નામ વિના નિર્વાણ ન થાય.

'નિરાંત નામ અવિચળ જાણ, ખરા ગુણની એ છે ખાણ,
જાણો પદ એ તો નિરવાણ, સાચી જૂઠી નભે ન વાણ.'

નિરાંત સત્સંગનો ઘણો મહિમા કરે છે. સત્સંગ વિના માણસ અવિવેક બને છે. ને સુખ દુઃખ માન્યા કરે છે. પરંતુ સત્સંગથી સર્વ પ્રકારના દુઃખ નાશ પામે છે. બ્રહ્મ પ્રાપ્તિ માટે કોઈ વેશ પહેરવાની જરૂર રહેતી નથી કહે છે :

'નામ નિરાંતનું એક છે, વસ્તુ સાચી વિશેષ,
અદ્વૈતએ અખંડિત ભાળો, છૂટી જાય સહુ ભેખ.'

મનુષ્ય દેહ ઉત્તમ છે. પણ જ્ઞાન વિના તેનું મહત્ત્વ સમજાય નહીં. મનુષ્ય થયો ને હરિને ન જાણ્યા તો માનવ અને પશુમાં શું ફર્ક ? નિરાંત કહે છે કે અજ્ઞાની કરતાં તો પશુપંખી સારાં -

'સવા શેર તો ખાવા જોઈએ, ખૂટાડે કોઠાર,
સારાં બિચારાં પંખીડાં, જે ભરવો મૂકે ભંડાર.'

પરમની પ્રાપ્તિ માટે જે સાધન કરતા હોય તો પણ ઈશ્વરની પ્રાપ્તિ થતી નથી નિરાંત કહે છે :

'જે જે કરો વો કામ ન આયે, ખરા દેખેંગે ઘાટ,
તિલક છાપે કામ ન આવે, વો દેખે નહીં ઠાઠ.'

માનવ ખુદ બાજીગર છે. પણ તેની તેને ખબર નથી. કેમ કે અજ્ઞાનતાના આવરણમાં તેને પોતાનામાં રહેલો પરમાત્મા દેખાતો નથી. પરંપરાગત માની લીધેલી રૂઢિ, માન્યતા અને સમજ છોડે. ને નામ ભક્તિ કરે માત્ર નિજનામનું સ્મરણ કરે તો પરમતત્ત્વ પ્રગટે. આમ, નિરાંત મહારાજ કબીર, અખો, દાદૂ, ધીરો અને ભોજાભગત જેવા શુદ્ધ જ્ઞાનમાર્ગી છે.નિરાંત મહારાજનું સાહિત્ય તપાસતાં તેઓ જ્ઞાનમાર્ગી જ ઠરે છે. તેમની રચનાઓમાં અદ્વૈત બ્રહ્મનું પ્રતિપાદન થયેલું છે.

# : સંદર્ભસૂચિ :


| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/ પ્રકાશન વર્ષ/આવૃત્તિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | ભારતીય દર્શન | એસ. જી. સરદેસાઈ | |
| ૨ | ભારતીય સંસ્કૃતિ કે મુલાધાર | ડૉ. સત્યેન્દ્ર | |
| ૩ | ભારતીય દર્શન | એસ. જી. સરદેસાઈ | |
| ૪ | એજન | એસ. જી. સરદેસાઈ | |
| ૫ | જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા | ડૉ. સુરેશભાઈ જોશી | |
| ૬ | એજન | ડૉ. સુરેશભાઈ જોશી | |
| ૭ | એજન | ડૉ. સુરેશભાઈ જોશી | |
| ૮ | ભારતીય દર્શન | એસ. જી. સરદેસાઈ | |
| ૯ | જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા | ડૉ. સુરેશભાઈ જોશી | |
| ૧૦ | એજન | ડૉ. સુરેશભાઈ જોશી | |
| ૧૧ | ભારતીય દર્શન | એસ. જી. સરદેસાઈ | |
| ૧૨ | ભારતીય દર્શન | ડૉ. સુરેશભાઈ જોશી | |
| ૧૩ | મધ્ય. ગુજ. સાહિત્ય | ડૉ. બહેચરભાઈ પટેલ | |
| ૧૪ | એજન | ડૉ. બહેચરભાઈ પટેલ | |
| ૧૫ | એજન | ડૉ. બહેચરભાઈ પટેલ | |
| ૧૬ | એજન | ડૉ. બહેચરભાઈ પટેલ | |

# પ્રકરણ : ૫

# નિર્ગુણમાર્ગ અને નિરાંત મહારાજ

## ◈ ભૂમિકા :

મધ્યકાળના ગુજરાતી સંત સાહિત્યના પાયામાં કબીર સાહેબ હોવાનું વિદ્વાનોએ સ્વીકાર્યુ છે. જ્ઞાતિ જાતિ કે વર્ણના ભેદભાવ વિના, સર્વગ્રાહી રીતે કબીર સાહેબે એમની રચનાઓમાં; નિર્ગુણ પરમતત્ત્વ વિષયક દર્શન પ્રસ્તુત કર્યુ.ત્યાર બાદ ગુજરાતની સાધના પરંપરાના સાધકોએ એ પરંપરા સુંદર રીતે વિકસાવી.નાથપંથ,નિજારપંથ, અખો અને તેની શિષ્ય પરંપરા,રવિ-ભાણ સંપ્રદાય વગેરેના અનેક સંતકવિઓ એ નિર્ગુણ ઉપાસનાને પ્રતિબિંબિત કરતી રચનાઓ આપી અલબત્ત એ પણ સ્વીકારવું જોઇએ કે કબીર સાહેબની તત્ત્વજ્ઞાન તરીકે પ્રર્વમાન હતી.આપણા વેદો,શ્રૃતિ-સ્મૃતિઓ,ઉપનિષદો વગેરેમાં નિર્ગુણ ઉપાસનાનું મૂલ્ય થયેલું છે.આ ઉપરાંત શંકરાચાર્યનો અદ્રૈત,શૈવમાર્ગનો અદ્રૈતવાદ,સિદ્ધો,દક્ષિણ ભારતના આલવાર સંતો અને સૂફીવાદમાં પણ નિર્ગુણ ઉપાસના જોવા મળે છે.આ પરંપરાને સૌ પ્રથમ કબીર સાહેબે પોતાના સર્જનમાં મૌલિક કાવ્યરૂપ આપીને પ્રગટાવી.એ પછીથી ગુજરાતમાં આ પરંપરા સતત ને સતત વિકસતી અને વિસ્તરતી રહી.

કબીર સાહેબ પહેલાં આપણે ત્યાં અસ્તિત્ત્વમાં રહેલી આ નિર્ગુણ ઉપાસના પદ્ધતિનું તત્ત્વજ્ઞાન કેવું હતું,તે તપાસવું જરૂરી છે.

સંત કબીર સાહેબની પ્રતિભા ની અસર જોત જોતામાં ભારતના પ્રત્યેક પ્રાન્તના સંત-ભકતોએ ઝીલી.ગુજરાતમાં પણ તેમની વિચારધારાનું અનુકરણ કે અનુસરણ થવા લાગ્યું.ગુજરાતમાં સૌપ્રથમ નરસિંહે તેમના પ્રભાતિયાં દ્રારા નિર્ગુણ પરમાતત્ત્વનું ગાન કર્યુ.તે પછી સંતદાદૂદયાળ, માંડણ, નરહરિ, અખો, ભીમ અને સાહેબ પરંપરાના સંત કવિઓએ નિર્ગુણમાર્ગને સ્વીકારી,તેની એક સમૃધ્ધ પરંપરા ગુજરાતમાં ઉભી કરી.

નિર્ગુણધારાની પરંપરાના સંતકવિઓ માં રવિ-ભાણ સંપ્રદાય અને તેના સંત કવિઓનો ફાળો ધણો મોટો છે.આ સંપ્રદયયની વિચારધારા કબીર સાહેબ ની વિચારધારા સાથે સુસંગત છે કેમ કે કબીર સાહેબ પરંપરા માંથી આ પરંપરાનો ઉદ્ભવ થયો છે.પાછળથી ભાણસાહેબ અને રવિસાહેબ જેવા તેજસ્વી સંતોની પ્રતિભાથી રવિ-ભાણ સંપ્રદાય કહેવાયો.આધ્યાત્મિક સાધનાની ઉપાસના આ સંતકવિઓ એ કબીર દર્શન માંથી પ્રાપ્ત કરી છે.આ પૂર્વે આપણે ત્યાં નાથપંથ,મહાપંથની પરંપરા પણ પ્રવર્તમાન હતી.નાથપંથની પરંપરામાં યોગની ક્રિયાઓની સાધનાત્મક પધ્ધતિ હતી.એજ રીતે મહાપંથ કે નિજારપંથની પરંપરામાં જ્યોત-પાટની ઉપાસના

## પ્રકરણ : ૬

# નિરાંત સંપ્રદાયઃ ઉદ્‌ભવ અને વિકાસ

### ◈ *પ્રસ્તાવના:*

નિરાંત સંપ્રદાયની સ્થાપના નિરાંત મહારાજના નામ પરથી કરવામાં આવી છે. નિરાંત મહારાજની, ઉત્તર મધ્યકાળના જ્ઞાનમાર્ગી પરંપરાના સંતકવિઓમાં; વિદ્વાનોએ ગણના કરી છે. નિરાંતે પોતાના જીવન અને કવન દ્વારા એક આગવી ઓળખ ઊભી કરી હતી. તત્કાલીન સંતકવિઓ પણ તેમના વ્યકિતત્ત્વથી પ્રભાવિત થયા હતા. મંછારામ અને બાપુસાહેબ ગાયકવાડ તેમાં મુખ્ય હતા. નિરાંત નિર્ગુણ માર્ગી સંત કવિ છે. તેમણે ભારતીય સંતપરંપરાને ઉજજવળ કરી. તેમના નામે સંપ્રદાયની સ્થાપના થઇ હોવા થી, તેમની પ્રતિભા વિશે શંકા કરવાનું કોઇ કારણ નથી. વિવિધ ધર્મ સંપ્રદાયો પણ ભારતીય સમાજ પાસે, દર્શન શાસ્ત્રોની અનેક પરંપરાઓ હોવા છતાં; શા માટે નિરાંત સંપ્રદાય નો ઉદ્‌ભવ થયો ? શા માટે તેની જરૂર પડી ? એવું શું કારણ હતું કે, એક અલગ સંપ્રદાયનું નિર્માણ કરવું પડયું છે ? આ નિરાંત સંપ્રદાય શું છે ? કયા પ્રકારનું તેનું દર્શન છે ? તે દ્વારા વ્યકિત અને સમાજને શું પ્રાપ્ત થયું ? આ અને આવા અનેક પ્રકારના પ્રશ્નોની ચર્ચા કર્તા પહેલાં, નિરાંત સંપ્રદાય પૂર્વેના સંપ્રદાયો વિશે જોઇએ-

ભારતીય સમાજપાસે પ્રાચીન ધર્મ ગ્રન્થોનો વારસો હતો. એ દ્વારા પ્રજા જીવનને માર્ગદર્શન મળતું રહયુ. પણ દરેક યુગમાં કેટલાક પરિબળોનું નિર્માણ થતું રહેતું હોય છે. ને તે દ્વારા વિવિધ સમસ્યાઓ પણ ઉદ્‌ભવતી હોય છે. જે તે પરિસ્થિતિ અનુસાર દાર્શનિકો- વિચારકો પોતાના વિચારો પ્રસ્તુત કરતા રહે છે. એ રીતે ધર્મ-સંપ્રદાયના સ્વરૂપમાં પણ પરિવર્તન થતાં રહે છે. વેદ પછી ઊપનિષદોનું સાહિત્ય ભિન્ન છે. એ રીતે બૌધ્ધ પરંપરા અને જૈનપરંપરામાં પણ પરિવર્તનો થયા. જૈનોમાં શ્વેતાંબર અને દિગંબર એવા પંથો. તો બૌધ્ધોમાં મહાયાન અને હીનયાન. તો આદ્ય શંકરાચાર્યએ પ્રવર્તાવેલોજેઅદ્રૈત માર્ગ છે. તે સમન્વયાત્મક છે. સોલંકી-વાઘેલા વંશનો અંત આવ્યો, પછી ૧૪મી સદીથી ગુજરાતના લોકો સાથે વિદેશી અને વિધર્મી એવા મુસ્લિમ શાસકો અને તેમના ધર્મનું આક્રમણ આવી પડયું. એનો સામનો કરતાં હિન્દુ રાજાઓ હાર્યા. હિન્દુ પ્રજા હારી ગઇ. પણ એને પોતાના ધર્મ અને સંસ્કૃત્તિનું સંરક્ષણ તો કરવાનું જ હતું. જીવનનું ધ્યેય મોક્ષ અને મોક્ષ માટેતો ધર્મ પાળવો જ પડે ! ભારતીય ધર્મ સંસ્કૃતિની ઉજજવળ પરંપરાને જાળવવા માટે જૈનધર્મ ઉપરાંત વૈષ્ણધર્મ મેદાને પડયો. હિન્દુ ધર્મગુરુઓએ આર્યધર્મ સંસ્કારોના

સંરક્ષણ અને સંવર્ધન માટે, રાજકર્તા મુસલમાનો સાથે સંઘર્ષમાં ન આવવવું પડે તેવા માર્ગો લીધા. મંદિર, પૂજા, કથા, કીર્તન, ભજન અને આખ્યાનની પ્રવૃતિ વધારી દીધી.[૫૭]

આ રીતે, ધર્મ વિષયક પ્રવૃતિઓ કેન્દ્રસ્થાને રહી. મધ્યકાલીન ધાર્મિક સાહિત્ય પ્રતિબધ્ધ સાહિત્યના રૂપમાં વિકસ્યું. મહાત્મા કબીરે સમન્વયાત્મક સ્વરૂપની કવિતાઓ રચી. તેમના અનુગામીઓએ કબીરની અસરઝીલી. સૂફીમતનો પ્રભાવ હિન્દુ-મુસ્લિમ બન્ને ઉપર પડયો.

પ્રાગ્ નરસિંહ યુગમાં જૈનધર્મ પણ પ્રચારમાં હતો. આ પ્રવૃતિઓ પણ ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ અર્થે રહી. વિપુલ સંખયામાં જૈન સાહિત્ય રચાયું. તો, પંદરમી સદીમાં ભાગવત સંપ્રદાય પ્રસર્યો. ને તે સાથે જ પ્રેમ લક્ષણા ભકિતનું પૂર આવ્યું. નરસિંહ અને મીરાં આ સમયે પ્રેમલક્ષણાત્મક પદો રચે છે. ત્યાર બાદ આખ્યાનો નો પ્રવાહ પ્રવાહિત થયો. આ આખ્યાન રચયિતાઓએ પ્રાચીન ધર્મગ્રન્થો માંથી વસ્તુ લઇ આખ્યાનો સજર્યા. એ રીતે પુનઃ બ્રાહ્મણધર્મીના પ્રાચીન દર્શન શાસ્ત્રોનો પ્રચાર અને પ્રસાર થયો. વર્ણવ્યવસ્થાથી વિભાજીત થયેલા, ભારતીય સમાજના નિમ્ન વર્ગના કલ્યાણ માટે; ને તે પ્રજા ને પણ ધર્મનો લાભ પ્રાપ્ત થાય તે માટે, સંતો-ભક્તો એ શુદ્ર વર્ગ માટે બૌદ્ધ ધર્મ ગ્રન્થોના સારને તળપદી બોલીમાં, પદ કે ભજનના રૂપમાં પ્રસ્તુત કર્યો. આ શુદ્ર અને અતિ શુદ્રોની વસતીનો ઘણો મોટો ભાગ ભારતમાં રહયો છે. અશિક્ષિત, ત્યજાયેલી, દૂભાયેલી અને હડધૂત થયેલી, આ પ્રજા સંતો ને ઈશ્વરના રૂપમાં જોવા લાગી. એ પ્રકારનું Reaction થાય તે સ્વભાવિક પણ છે. સંતોએ દંભ અને ઢોંગ કર્યા વિના સરળ અને સહજ રીતે, ધર્મતત્ત્વ પ્રબોધ્યું. એટલું જ નહીં પણ તત્કાલીન પંડિત-પુરોહિતો અને મૂલ્લાઓ પર શાબ્દિક પ્રહારો કર્યા. મૂર્તિપૂજા, વિધિ-વિધાનો ને વિવિધ પ્રકારના કર્મકાન્ડ દ્વારા, પ્રજા જીવનનું શોષણ કરવામાં આવ્યું. તેની સામે પણ આ ધમ્યકાલીન સંતોએ વિદ્રોહ કર્યો. એક રીતે જોઈએ તો સંતવાણી માત્ર મુસ્લિમ શાસકો કે તેના ધર્મગુરુઓ પ્રતિ જ પ્રતિબધ્ધ ન હતી. પણ બ્રાહ્મણધર્મ/આર્યધર્મ સામે પણ તે એટલીજ પ્રતિબ્ધ રહી છે.

કબીર પરંપરાનો સીધો પ્રભાવ રવિભાણ સંપ્રદાય માં જોવા મળે છે. અખો અને દાદૂ જેવા સંતકવિઓ પણ રામદેવજી મહારાજ ની સગુણ ભકિત સાથે નિર્ગુણવાદનો પ્રચાર-પ્રસાર કરે છે. અખાની શિષ્ય પરંપરાના સંતકવિઓ અને ભોજાભગત ધીરો, જેવા સંતો-ભકતોએ પણ પ્રજાભિમુખ રહી ધર્મતત્ત્વની સાચી સમજણ આપી. ઈસ્માઇલની નિગુર્ણ પરંપરાના કાયમુદુદીન ચિસ્તી અને તેમના જેવા સંતકવિઓ નો પ્રભાવ પણ, ગુજરાતી જ્ઞાન માર્ગીઓએ ઝીલ્યો. ઉતરમધ્યકાળમાં આ રીતની અનેક પરંપરાઓ હોવા છતાં પ્રજા અનેક ક્ષેત્રે હિજરાતી

રહી. નિરાંત મહારાજ ઉતરમધ્યકાળની જ્ઞાનમાર્ગી ધારામાં પ્રવેશ્યા ને તે દ્વારા ગુજરાતમાં નિરાંત સંપ્રદાય નો પાયો નંખાયો.

## ◈ મધ્યકાલીન સંતપરંપરા:

મધ્યકાલીન સંત પરંપરા ભારતીય અધ્યાત્મક્ષેત્રમાં એક આગવી કેડી કંડારે છે. કબીર સાહેબ સંત સાહિત્યના પ્રસ્થાનકાર છે. કબીર સાહેબના પ્રભાવશાળી વ્યકિતત્ત્વથી ભારતના જુદા જુદા પ્રાન્તના સંતો-ભકતો પ્રભાવિત થયા. આ સંતોએ પોતાનો કહી શકાય, તેવો કોઇ ચોકકસ મત સ્થાપિત કર્યો નથી. પણ તેઓ એવું જીવન જીવતા કે તેની એક પરંપરા નિર્માણ થઇ. જેને હિન્દુધર્મના વિદ્વાનો ભકિત આંદોલન કહે છે, તે આ સંતપરંપરા.

વિદેશી પ્રજાના સાશનથી આપણો દેશ રાજકીય અને સામાજિક ગુલામીનો ભોગ બન્યો હતો. તો સ્થાપિત ધર્મોની પરંપરામાં અનેક દૂષણો પ્રવેશી ગયા હતા. ને તે દ્વારા ભારતીય પ્રજાનું ધાર્મિક શોષણ થતું હતું. ત્યારે આ સંતો એ પ્રજાભિમુખ બની, તેને સત્ય ધર્મની પ્રતીતિ કરાવી. આ સંત પરંપરા બહુધા કહેવાતા નિમ્નવર્ગ માંથી ઉભી થઇ. તેમની સાધના, તપશ્ચર્યા, સાદગી અને સરળ જીવનથી તેઓ એ પ્રજા હૃદયમાં સ્થાન અંકિત કર્યુ. સમાજમાં પ્રવર્તતા હિંદુ ધાર્મિક બાહયાચારો, દંભ, પાખંડ, ઉંચ-નીચના ભેદભાવો પ્રતિ આ સંતકવિઓ પ્રતિબદ્ધ થયા.

ભારતીય મધ્યકાલીન સંત પરંપરામાં કબીર, નાનક, રૈદાસ, નામદેવ, જ્ઞાનદેવ, સંત તિરૂવલ્લુવર ઈત્યિાદિ સંતોએ સમાજમાં પ્રર્વર્તતી અંધધાર્મિકતા સામે, આધ્યામિક બળવો કર્યો. કેમ કે ભારતીયઅધ્યાત્મ પરંપરામાં ઈશ્વરને નિર્ગુણ નિરાકાર કહયો છે. તે સર્વમાં રહેલો છે. સચરાચરને સર્વવ્યાપક છે. કણકણમાં તે વિલસી રહયો છે. આ પ્રકારનું દર્શન હોવા છતાં, મધ્યકાળમાં તેમાં ધણી બદીઓ પ્રવેશી. હિન્દુ ધર્મમાં નિર્ગુણ નિરાકારની ભકિત થતી રહી. તત્કાલીન ધર્માચાર્યોના પ્રવચનોમાં પણ નિર્ગુણ ઈશ્વર નું વર્ણન થતું રહયું. પણ સમાજ જીવનમાં ભેદભાવ ઉભા કર્યા, વર્ણવ્યવસ્થા અને જાતિવ્યવસ્થાના ગુણગાન ગાયાં. આ પ્રકારની વિરોધાભાસી ધર્મ નીતિથી તત્કાલીન સંતોએ ધાર્મિક વિદ્રોહ કર્યો. તેમની વાણી જોતાં આ વિધાનનું સમર્થન પ્રાપ્ત થાય છે.

ભારતીય મધ્યકાલીન સંત પરંપરાએ, તત્કાલીન સમયમાં પ્રવર્તતા કોઇ ધર્મનું અનુસરણ કર્યુ નથી. 'વે સાધુતા કે જીતે જાગતે પ્રતીક થે. યહ તો ઉસ સમય કી બાત હે, જબકી ઉચ્ચ વર્ણીય જાતિયોંને શુદ્રો ઔર નિમ્ન વર્ણકો, અપની સ્વૈચ્છાપૂર્તિ કા સાધન બના રખા થા. પુરોહિતો ઔર મુલ્લાઓં કી તરહ ઉનકી કથની ઔર કરની મે અંતર નહીં થા. યદિ એસા ન હોતા તો ઉસ ધોર પતન કે સમયમે હિન્દુ ઔર મુસલમાન દોનો હી સે ઉન્હે આદર પ્રાપ્ત ન

હોતા. ઉસકી સ્પષ્ટતા મેં સત્યકા પ્રતિનિધિત્ત્વથા, ઘમંડ યા અહંકાર નહીં. વહ તો ઉચ્ચ જાતિઓં કે અભિમાન કા પ્રત્યુતર ભાવ થા. નિંદા, કુત્સા ઔર વિરોધ કા ઉન્હે સામના કરના પડા. કિન્તુ વિરોધોં કા મુકાબલા ભી કિયા.' [૩૬૧]

વર્ણવ્યવસ્થા અનુસાર ભારતીય સમાજનું વિભાનજ થયું હોવાથી, ને સમય જતાં ધાર્મિક અને સામાજિક કૂપમંડૂકતા દ્વારા અનેક જ્ઞાતિ-જાતિનો પણ ઉદ્ભવ થયો. બ્રાહ્મણ વર્ગે પરંપરાથી મળેલા વારસા દ્વારા અધ્યયન-અધ્યાપનનું કાર્ય સંભાળ્યું. ક્ષત્રિયો રાજયનું રક્ષણ કરે. વૈશ્ય વેપારવણજને શુદ્ર વર્ગ ઉપરના ત્રણેવર્ગની સેવા કરે. આ પ્રકારના કામ વિભાજનથી દેશની વસતીનો એક બહુ મોટો વર્ગ અશિક્ષિત રહી ગયો. લગભગ ૮૫ ટકા વર્ગ શુદ્રોનો ગણાતો હતો. તે પ્રજા ઉપર ધાર્મિક, સામાજિક શોષણ અને અત્યાચારો થયા. ભારતીય ઈતિહાસમાં તેના પ્રમાણ પણ જોવા મળે છે. આ પ્રજાના ઉદ્ધાર માટે મધ્યકાલીન ભારતીય સંતો એ ઘણું કામ કર્યુ છે. તત્કાલીન તથાકથિત ધર્માચાર્યો સગુણ-નિગુર્ણ ઈશ્વર વિષયક પ્રવચનો કરતા રહયા. ભાવ ભકિતનું વાતાવરણ સર્જતા રહયા. ને બીજી બાજુ ધાર્મિક, સામાજિક અસમાનતા માટે કોઈ કાર્ય કર્યુ નહીં. ધર્મ માત્ર કર્મકાન્ડ, યજ્ઞો, વિધિવિધાનો ને તીર્થાટન પૂરતો સીમિત રહી ગયો. સમાજમાં ઉંચ-નીચના ભેદભાવ જેમના તેમ રહયા. ત્યારે મધ્યકાલીન ભારતીય સંતોએ ધાર્મિક સમન્વયનું કાર્ય કરી, માનવ-માનવ વચ્ચે સંવાદિતા સ્થાપવાનું કાર્ય કર્યુ. 'ધર્મ, દર્શન, ઉપાસના, આચાર ઔર વિચાર સબસેં સમન્વય દ્વારા યે સંત એસે માર્ગકા સંધાન કરતે રહે જો માનવ માત્ર કે લિયે કલ્યાણકારી હોને કે સાથ સ્વીકાર્ય હો સકે. કબીર, નાનક, દાદૂ આદિ સંત માનવતાવાદી દષ્ટિ સમ્પન્ન મહાત્મા થે. ઈનકી દષ્ટિ મેં હિન્દુ-મુસલમાન કા ભેદ નહીં થા.' [૪૪]

સંત સાહિત્યના પ્રસ્થાનકાર કબીર સાહેબ કહે છે:

' મેરે સંગી દો જનોં એક વૈષ્ણવ એક રામ,
વો હે દાતા મૂકિતકા, વો સુમિરાવૈ નામ.'

આ સંતકવિઓએ ભકિત માટે વૈરાગ્ય ઉપર સવિશેષ ભાર મૂક્યો છે. વૈરાગ્ય ને જ મુક્તિનું સાધન માને છે. નિર્ગુણ નિરકારી પરમતત્ત્વને જાણવા માટે ભક્તિ શું છે. તે સમજવાની આ સંતોએ હિમાયત કરી. ધર્મપ્રધાન સમાજમાં દંભ અને પાખંડ વ્યાપ્ત હતો. તેની સામે સૌ પ્રથમ કબીરે ઉગ્ર પ્રતિક્રિયા કરી. કબીરની વાણીમાં ઉગ્રસ્વરે દંભ અને પાખંડ સામેનો વિરોધ જોવા મળે છે. સમાજમાં વ્યાપ્ત રૂઢિઓઅંધશ્રધ્ધા, બાહ્યાચાર-આડંબરના વિરોધમાં કબીરે પોતાની વાણી પ્રગટ કરી છે. તો, નાનક અને રૈદાસ ઈત્યાદિ સંતો એ કર્મકાન્ડ અને બાહ્યાચાર-આડંબરનો વિરોધ સૌમ્ય વાણી દ્વારા પ્રગટ કર્યો. આ સંતોએ ઈશ્વરની પ્રાપ્તિ માટે ભક્તિ, પ્રેમ,

સત્ય, સમતા વગેરે ભાવો પર વિશેષ ભાર મૂક્યો.

મધ્યકાલીન સંતકવિઓએ માનવ સમાજ ના ઉત્કર્ષ માટે એકતાને અખંડિતતા ઉપર વિશેષ ભાર મૂકી, જાતિ, વર્ગ અને ધર્મ સંપ્રદાયના કોઈઅલગ વિભાગ કર્યા નથી. આજે સર્વધર્મ સમભાવની વાત થઈ  રહી છે. તે વાત સંતોએ મધ્યકાળમાં કરી. પ્રાચીન ભારતીય ધર્મ સાધનાની અનેક પ્રણાલીઓ નો આ સંતોએ સમન્વય કર્યો. એટલે સમન્વયકારી વિચારધારા આ સંતોની રહી છે. સંત કવિઓની દૃષ્ટિમાનવતા વાદી છે. તેમનો મુખ્ય સ્વર પ્રત્યેક માનવના કલ્યાણ માટેનો રહ્યો છે. એ માટે તેમણે ચિન્તન અને શુદ્ધ  વિચારની  જિકર  કરી.

આ સંતો એ પોતાનું કોઈ વિશિષ્ટ દર્શન આપ્યું નથી. પોતાનો કોઈ ચોકકસ મત પ્રસ્થાપિત કરી સમાજ ઉપર ઠોકી બેસાડ્યો નથી. આ સંતો જીવન જ એવી રીતે જીવતા કે અ જીવનની વિશિષ્ટ પદ્ધતિ જ તેનો સંદેશ બની જાય. જેમ કે ચલાળામાં દાનબાપુની ગૌસેવા, પરબમાં સત્દેવીદાસની રકતપિર્યિાઓની સેવા, સતાધારમાં આપા ગીગાનો રોટલો અને વીરપુરમાં જલારામબાપાનું ભૂખ્યાજનો ને ભોજન. આ સંતોનું સાદુંને સરળ જીવન પરમાત્મા તરફ અતૂટ શ્રદ્યાને નામભકિત. અહમ્‌ને ઓગાળી આંખો માંથી કરુણા ના અમી વર્ષાવ્યા છે. સંતો એ પોતાના હૃદયની અનુભૂતિને, પોતાના હૃદયના ભાવોને ભજનવાણી માં ગાઈ ઉઠયા એ સંતોનું કવન સમાજના ગરીબ, અભણ અજ્ઞાન લોકોની વચ્ચે જઈને રહયા. સેવાના ધામો ઊભાં કર્યાં. તત્ત્વજ્ઞાનની અટપટી ચર્ચા ખડકવાને બદલે લોકબોલીમાં જ સરળ ઉપદેશ આપ્યો. સંતો  એ  કહયું  કે હરિ ના દેશમાં હરિ કો ભજે સો હરિકા હોઈ.[૨૨૦]

જ્ઞાન અને ભકિતની પરંપરા આમ તો પ્રાચીનતમ છે. પણ યુગે યુગે સર્જાતી પરિરિસ્થિતિ અનુસાર તેનું સ્વરૂપ પણ બદલાયું છે. ઉપનિષદો અને બૌદ્ધ ધર્મના સમયની આધ્યાત્મિકતા તત્કાલીન સમય, સંજોગો અને પરિસ્થિતિ અનુસાર હતી. 'એજ રીતે શંકરાચાર્ય અને ભાગવત ધર્મના સમયમાં એક નવારૂપે આધ્યાર્મિકતા પ્રસ્તુત થઈ. તો, મધ્યકાલીન સંત કવિઓના સમયની સ્થિતિ અનુસાર સંત પરંપરાનું નિર્માણ થયું. ને તે અનુસાર તેના દર્શનની અભિવ્યકતનું સ્વરૂપ ઘડાયું. માનવદેહના મૂલ્યનું કેટલું મહત્ત્વ છે. તે આ સંત કવિઓએ સમજાવ્યું. આમ માનવ માત્રનો મહિમા, પિંડમાં બ્રહ્માંડ, જીવાત્મા પરમાત્માથી  અભિન્ન નથી એવા ખ્યાલોથી નીચલા થરના ગણાતા ભકતોને પણ સ્વીકૃતિ મળી. ધીરે ધીરે આ જ્ઞાનમાર્ગી કવિઓની વાણીએ માનવને અંધશ્રદ્ધાને બદલે આત્મજ્ઞાન તરફ વાળ્યો.'૧૨

(મધ્ય. ગુજ. જ્ઞાનમાર્ગી કવિતા ડો. બળવંત જાની)

ભારતીય મધ્યકાલીન સંત કવિઓએ જેમ પરમતત્ત્વની સૂક્ષ્મચર્ચા કરી તેમ સમાજ સુધારણા માટેની પણ પ્રવૃતિઓ કહી. તે માટે તેઓએ અધ્યાત્મ ને જ વાહન બનાવ્યું. સંતકવિઓના પરિભ્રમણથી તેમની મુલાકાતો અન્ય પ્રદેશના સંતો - ભકતો સાથે થઈ. આ પરિચયથી સંતકવિઓ ઉપર એકબીજાની અસર પડી. 'ગુજરાતના સંતકવિઓએ પણ કબીર, નાનક, રૈદાસ, નામદેવ અને જ્ઞાનદેવ જેવા સંતોનો પ્રભાવ ઝીલ્યો. ને તત્કાલીન પરિસ્થિતિ પ્રમાણે સમાજને માર્ગદર્શન આપ્યું. સૌરાષ્ટ્ર ગુજરાતમાં એક થી વધુ સંત પરંપરાઓ પ્રવાહમાન હતી. નાથ પરંપરા, રવિભાણ પરંપરા, નિજાર - મહાપંથની ધારા, અખાની શિષ્ય પરંપરા, નિરાંત પરંપરા, સ્વામીનારાયણ સંપ્રદાયની પરંપરા આ ઉપરાંત બીજા અનેક નામી - અનામી સંપ્રદયની પરંપરા સંતો - ભકતોએ પોત પોતની રીતે પદ, ભજન કે આખ્યાનો દ્વારા સંતવાણી ને સતત વહેતી રાખી છે. તેઓએ લોકોને પ્રેરણાના પિયૂષ પાયા. સાહિત્યના મૂળ મર્મને સરળતા અને સહજતાથી પ્રગટ કર્યા આવી સમૃદ્ધ પરંપરાનો વારસો વિદ્યમાન નારણરામ જેવા સંતની વાણીમાં પણ બળકટતા પૂર્વક ઊતર્યો છે. જીવનનું રહસ્ય, સુખની સમજણ, દયા, માયા, કરુણા, સમતા, ક્ષમા, ઔદાર્ય અને માનવતા જેવા મૂલ્યોની સંતોએ જિકર કરી છે.'[૬] (નારણરામની અમૃત વાણી - સંપાદક: અમરસિંહ સોસા)

આમ, મદયકાલીન સંત પરંપરા ગુજરાતમાં ધાર્મિક અને સામાજિક ક્ષેત્રને પ્રભાવિત કરનારી નિવડી. આ સંતોએ જ્ઞાતિ જાતિથી પર રહી પરમાત્માને પોતાના શરીરમાં શોધવાનું ને એ દ્વારા જીવન નિર્ગમન કરવાથી સુખ મળે છે. તેવા પ્રકારના સંદેશનો પ્રચાર અને પસાર કર્યો.

## ◈ *નિરાંત સંપ્રદાયનો ઉદ્‌ભવ :*

### ◉ *પ્રસ્તાવાના અને મધ્યકાલીન સંત પરંપરાની ચર્ચા:*

આપણે જોયું કે સંત કવિઓના જીવન અને કવનથી પ્રજા જીવન પ્રભાવિત થયું. સૌરાષ્ટ્ર અને ગુજરાત પ્રદેશમાં મધ્યકાલીન સમયમાં નરસિંહ, માંડણ, નરહરિ, અખો, અખાની શિષ્ય પરંપરા, રવિભાણ સંપ્રદાય, મહાપંથની ધારા, અને બીજા અન્ય સંતકવિઓ સમાજ જીવનમાં પ્રવર્તતતા દંભ - પાખંડ, અંધશ્રદ્ધા અને વિવિધ પ્રકારની રૂઢિઓના નિર્મુલન માટે કટિબદ્ધ થયા હતા. સમાજ જીવનમાં સુધારણા માટે ધર્મ જ એક એવું ક્ષેત્ર હતું કે તે દ્વારા જ વ્યકિત અને સમાજમાં જાગૃતિ લાવી શકાય. પંડિત - પુરોહિત ની ભારેખમ સંસ્કૃત - તત્સમ ભાષામાં બદ્ધ થયેલો ધર્મ પ્રજાની સમજ શક્તિની બહાર હતો. પરિણામે - કર્મકાન્ડ ને જ લોકો ધર્મ માની બેઠા. આ રીતે સમાજજીવનમાં જડતા અને અંધશ્રદ્ધા પ્રસરી. પ્રજા વધુ ને વધુ કૂપમંડિત્

થતી ગઈ. સમાજ જીવનમાં વ્યાપ્ત આ કૂપમંડૂકતા દૂર કરવા નિર્ગુણમાર્ગી ધારાના સંત કવિઓએ સહજ, સરળ અને તળપદી બોલી-ભાષામાં સત્યધર્મને પ્રસ્તુત કર્યો. આ સત્યધર્મ એટલે માનવતા, કરૂણા, બંધુતા-ભાઈચારો અને પ્રેમનો ધર્મ.

'સંત પરંપરામાં ભકિત-સાધનાની બે ધારાઓ ઉભી થઇ.સગુણ ભકિત અને નિર્ગુણ ભકિત.સગુણ ભકિતના સંસ્થાપકોમાં તુલસીદાસ,ચૈતન્ય,મીરાંબાઇ,સુરદાસ વગેરેને ગણાવી શકાય.જયારે નિગુર્ણ ભકિતના મૂળ પ્રવર્તક કબીર સાહેબ છે.આ સગુણ અને નિર્ગુણ ભકિતના ની પણ એક કક્ષા એવી આવે છે કે,ત્યારે આ ભેદ તૂટી જાય છે.'[૨૨૦] (સતસાહેબની સરવણી)

નિરાંત મહારાજ નિર્ગુણભકિતની પરંપરાના સંતકવિ છે.નિરાંત પણ તેના પૂર્વજીવનમાં સગુણમાર્ગના પ્રસાવી હતા.આઘ્યાત્મિક યાત્રા દરમિયાન તેમને નિર્ગુણની પ્રાપ્તિ થઇ.સંતવાણીના અભ્યાસુ વિદ્વાનોનું પ્રતિપાદન છે કે, પરમ તત્ત્વની પ્રાપ્તિ પછી સગુણ અને નિર્ગુણ થી પણ પર આ સંત કવિઓ થયા હતા.કબીર સાહેબ પણ કહે છે:

' નિર્ગુણ મેરા બાપ,સગુણ મહતારી,
કિસકો નિંદું કિસકો પૂજું,દોનો પલડાં ભારી.'

અને...

' સગુણ કી સેવા કરો,નિર્ગુણકા કરો જ્ઞાન,
સગુણ નિર્ગુણ તે પરે,તહાં હમારા ઘ્યાન.'

સંતવાણીમાં ભકિતને ઘણું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.તેમાં જ્ઞાન અને યોગને પણ સ્થાન છે.નિરાંત મહારાજે નામ ભકિત ની સાધના પદ્ધતિ આપી છે.તેમણે કહ્યું:

'નામ બિના કોઈ નવ તરે,ભવસાગરની માંય,
નિરાંત વંદું નામ ને,જયાં જયા: દેખું ત્યાંય.'

અને....

'રામનામકો નામ હે,નિરગુણ સિરગુણ સોઇ,
નિરાંત પામો નામકું,નામ બિના નહીં કોઇ.'

ઉત્તર મઘ્યકાળનું સમાજ જીવન અનેક પ્રકારના વહેમો અને કુરિવાજો, અંધશ્રદ્ધાઓમાં ફસાયેલું હતું.નિરાંત મહરાજે નામ ભકિત નો મહિમા રજુ કરી વહેમ, અંધશ્રદ્ધા, ઉંચ નીચના ભેદભાવ,ગતાનુગતિક ધર્મનું પાખંડ અને દંભ સામે પ્રહારો કર્યો.કબીર સાહેબની જેમ હિન્દુ અને મુસ્લિમ બન્ને પંથોના ધર્મ ગુરુઓની પોલ ખોલી તે વિષયક કેટલીક રચનાઓ પણ તેમના સાહિત્યમાં જોવા મળે છે.નિરાંત લખે:

'ખટ દર્શન મળી ખેલ ગાયો, કહાવે સાહેબકા બંદા,

ઉન સબે આપ લખે નહીં આયો, ભેખ ધરીહી ભીખંદા.'

અને...

'પિંડ બિના સો પીર કહાવે, દરદ વિના દરવેસા,

માંમદલી સો મુરીદ કહાવે, રહેમ બિના કહો કૈસા?'

એજ રીતે. -

'ગરીબકું તુમ ગોદા દેતે, બકરી મરધી મારો,

જલી તુમારી અદલ ચલાણી, પલમેં જી લે ડારો.'

આમ, હિન્દુ અને મુસ્લિમોને નિરાંતે ચાબખા માર્યા છે. તેમણે જનસેવા ને પ્રેમભકિતનું નામ સ્મરણ કરવાનું કહયું નિરાંતની વિચાર ધારા સંપ્રદાયોથી પર છે. આત્મ દર્શન કરી સર્વમાં તેઓ પરમાત્માના દર્શન કરે છે. ઉત્તર મધ્યકાળના સંત સાહિત્યમાં નિરાંતનું પ્રદાન નોંધ પાત્ર રહયું છે. 'તેઓ આત્મજ્ઞાની હતા. જ્ઞાનીની સુવાસ સમાજથી ભિન્ન રહેતી નથી. જ્ઞાની માણસ પોતાના જ્ઞાનનો આડંબર કયારેય કરતો નથી. તેમની રહેણી અને કહેણીમાં એકતા હોવાથી લોકોને વિશેષ શ્રદ્ધા બેસે છે. નિરાંત મહારાજ ના જ્ઞાનથી આકર્ષાઇ લોકો તેમની પાસે ઉપદેશની માગણી કરવા લાગ્યા. પરંતુ નિરાંત મહારાજે પોતાના ગુરુના શરીરની હયાતિ સુધી. ઉપદેશ આપવાનું કાર્ય કર્યુ નહિં. પોતે જયાં જયાં જતાં ત્યાં કેવળ ભજનાનંદ કરાવતા.'[૪૬] (નિરાંત સુધા સાગર)

'સંત પરંપરામાં જીવન વ્યતિત કરતા નિરાંત મહારાજે પ્રથમ ઉપદેશ રજપુત જ્ઞાતિના ભીખાભાઈ મીયાવતને આપ્યો. વાગરા તાલુકા તેલોદના પટેલ નરેશભાઈને નિરાંત મહારાજની ખ્યાતિ સાંભળી તેમને પોતાને ઘેર તેડવાનો વિચાર થયો. તે દરમિયાન મિયાગામ વાળા પોતાના સ્નેહી ભીખાભાઈ પોતાને ઘેર આવ્યા. ભીખાભાઈ ને માળા તથા તિલક ધારણ કરેલાં જોઈને નરેરદાસે પૂછયું તમે કોઈની પાસે ઉપદેશ લીધો કે શું? ભીખાભાલે પોતે નિરાંત મહારાજ પાસે ઉપદેશ લીધો તે વાત કહી સંભળાવી. આ ઉપરથી નરેરદાસે ભીખાભાઈ ને નિરાંત મહારાજને તેડવા મોકલ્યા. નિરાંત મહારાજ ગામમાં પધારે છે. એમ જાણી ગામ લોકો બધા ભાગોળે સામૈયું કરવા ગયા. વાજતે - ગાજતે ગામામાં તેડી લાવી નરેરદાસ પટેલે નિરાંત મહારાજની પોતાને ઘેર પધરામણી કરી રાત્રે નિરાંત મહારાજનું ભજન સાંભળવા નરેરદાસની ઘેર ગામ લોકોની ઠઠ બાઝી. ભજન થઇ રહ્યા બાદ નરેરદાસ, મકનદાસ અને વણારસીમાએ નિરાંત મહારાજ પાસેથી ઉપદેશ લીધો સંવત ૧૮૫૧. બીજે દિવસે ગામના લગભગ બધાજ માણસોએ નિરાંત મહારાજ પાસેથી ઉપદેશ લીધો. પોતાના આ પ્રેમી શિષ્યોના આગ્રહને વશ થઇ નિરાંત મહારાજ કેટલાક

દિવસ તેલોદ ગામમાં રહ્યા. નિરાંત મહારાજહવે ઉપદેશ આપે છે એ વાત પવનવેગે પ્રસરી. ને ગામે ગામ થી નિરાંત મહારાજને આમંત્રણ આવવા લાગ્યા. નિરાંત મહારાજજયાં જયાં જતાં ત્યાં ત્યાં સંખ્યાબંધ માણસો તેઓશ્રીના શિષ્ય થતા. આમ નિરાંત મહારાજનું શિષ્ય મંડળ સમુદ્રની ભરતીની માફક ઉભરાવા લાગ્યું. ટૂંકમાં કહીએ તો પૂર્વમાં ડભોઇથી માંડી, રેવા કાઠાં સુધી. પ્રશ્ચિમે કાવીથી માંડી દક્ષિણમાં સુરત સુધી નિરાંત મહારાજના હજારો શિષ્યો થયા.'[૧૭/૬] (શ્રી નિરાંત કાવ્ય બીજુ આવૃતિ-નટવરલાલ પંડયા)

ગુરુ- શિષ્ય પરંપરા સંતવાણીની મુખ્ય આધારશીલા છે. ગુરુદ્વારા શિષ્યોને જ્ઞાન મળે. ને આ જ્ઞાન ઉત્તરોત્તર પેઢી દર પેઢી વહેતુ રહે તે પ્રકારની પરંપરા સંતવાણીની રહી છે. નિરાંત મહારાજેતત્કાલીન ઢોંગી ધર્મગુરુઓને પણ શાબ્દિક ફટકાર આપ્યો છે. વિવિધ સંપ્રદાય અને પંથોની જાળમાં ન ફસાવાનો તેમણે ઉપદેશ કર્યો. ભજન વિવિધ રાગ-રાગિણી માં માત્ર ગાવાનાં જ નથી  પણ ભજન કરવાનું કહ્યું છે. ભજન કરવું એટલે ભજનના શબ્દોનું મંથન કરવું. મનનકરવું તે વિના પાર પામી શકાય નહીં તેમણે કહ્યું:

'પંથનો પાર ન આવે, ભજન વિના પંથનો પાર ન આવે,
લખ ચોરાશીનો પંથ છે પૂરો, ચાર ખાણ ફરતો ફેરાવે,
જનમ મરણ જીવ જાળમાં બંધાયો, તે હરિ વિના કોણ છોડાવે.'

જન્મ મરણની શબ્દ જાળમાં જીવ બંધાયો છે. સંતોના ભજન વિના તેમાંથી કોઇ મુકત થઇ શકતો નથી. તે પ્રકારનો ઉપદેશ કર્યો. ભજન વિના કોઇ મુકત થઇ શકતો નથી. તે પ્રકારનો ઉપદેશ કર્યો. તેમણે લોકોને એમ પણ કહ્યું કે પૂર્ણજ્ઞાની પુરૂષ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવું. અધકચરુ જ્ઞાન ધરાવતા લોભી ને ઢોંગી ગુરુનો સંગ ન કરવો. નિરાંત મહારાજ લખે છે:

'મિથ્યા ન મરશો ભટકી, મન કોઇ મિથ્યા ન મરશો ભટકી,
પૂરા ગુરુ વિના પાર ના પાવે, ખોજ ખબર નહીં ઘટકી.'

એજ રીતે....

'તન નો કે મનનો પરચો નવ દેખો, તો પગ જઇ શેંધરવા,
ઝાઝ મળ્યું પણ ઝાઝી નથી તો, કેઇ વિધ પાર ઉતરવા.'

અને..

'કાળજાળમાં ગુરુજી દાઝે, એનું ઉદર દેજો ભરવા,
જંજાળ જોઇને સાધુ કેવા, દરશને લાગે વરવા'.

આ રીતે સમાજને નિરાંત મહારાજે ચેતવણી પણ આપી છે.સંતસાહિત્યના અભ્યાસીઓએ સંતવાણીમાં વસતી ચેતાવી વિશે લખ્યું છે તે આ અર્થમાં છે.

'નિરાંત મહારાજ જે સમયમાં સંત જીવન જીવતા હતા.તે સમયે રી પ્રીતમદાસ,શ્રી સહજાનંદ,શ્રીકુબેરદાસ વગેરે ધર્મનો પ્રચાર કરી,પોત પોતાના સંપ્રદાય સ્થાપી મંદીરો બંધાવતા હતા.નિરાંત મહારાજના શિષ્યોને પણ પોતાના સંપ્રદાયનું ધામ બાંધવાની ઈચ્છા થઈ.નિરાંત મહારાજે શિષ્યોને મનનું સમાધાન કરતા: કહ્યું:ભાઈઓ,આ સઘળી પ્રવૃત્તિ શરૂઆતમાં સારી લાગે છે,પરંતુ ખરી રીતે એ કલહનું મૂળ છે.સંપ્રદાય સ્થાપી મંદિરો બાંધવા માટે હરિજનો પાસેથી પૈસા ઉઘરાવવા પડે,મંદિરોમાં સાધુઓ રાખવા પડે એ સાધુઓની આજીવિકા હરિજનો ઉપર રાખવી પડે જેથી આગળ જતાં એ સાધુઓ હરિજનોને બોજારૂપ થઇ પડે.વળી, સાધુઓની સારી નરસી ચાલ માટે તકરાર ઉપસ્થિત થાય.તેમજ ગાદીના સારસાઈ હકકો માટે પણ ઝઘડા થાય.આવા આવા અનેક કારણોથી આખરે સ:પ્રદાયની પડતી થાય.પૂર્વે જે જે સંપ્રદાયો તૂટ્યા છે તે અવાજ કારણોને લઈને માટે આપણે તો એ ઉપાધિમાં પડવું નથી.આપણે તો જેમાં ભકિત અને જ્ઞાન જળવાઈ રહે એવો જે ઉત્તમ નિવૃતિમાર્ગ ચલાવીએ છીએ .એ નિવૃતિમાર્ગની જ્ઞાનગાદીઓ સ્થાપીએ.આમ કહી શ્રી નિરાંત મહારાજે પોતાના શિષ્યો પૈકી જે નિરાભિમાની,ભકિતભાવવાળા,સંત સેવાના અભિલાષી,જ્ઞાન પ્રતિપાદન કરવાની શકિતવાળા સરળ તથા મળતાવડા સ્વભાવના અને ઘરના સુખી હતા.તેમને ઉપદેશ કરવાનો અધિકાર આપ્યો આ રીતે એકંદરે સોળ શિષ્યો ને શ્રી નિરાંત મહારાજેપોતે પોતાના હાથે ઉપદેશકરવાનો (જ્ઞાનવાદી સ્થાપવાનો)અધિકાર આપ્યો.દરેક ગુરુના પ્રતિક તરીકે શ્રી નિરાંત મહારાજ પાસેથી તેમની ચાખડીઓ તથા માળા લઈ પોતાને ઘેર ગુરુ ગાદી સ્થાયી.ત્યાં પધરાવી પૂજા આરતી કરવા લાગ્યા.આ રીતે પોતાને હાથે જ સંપ્રદાય નો પાયો નાંખી શ્રી નિરાંત મહારાજ વિ.સ.૧૯૦૮ ના ભાદરવી સુદી ૮ ને દિવસે નિર્વાણ પામ્યા.'૧૮ (નિરાંત કાવ્ય બીજી આવૃતિ. સં.ગોપાળરામ.)

નિરાંત કાવ્ય ના સંપાદક શ્રી ગોપાળરામે નોંધ કરી છે કે ,પ્રસ્તુત જીવનચરિત્ર ગુરુપરંપરાથી મળેલી માહિતી પરથી તથા નિરાંત મહારાજના શિષ્ય તલોદ ગામના પટેલ નરેરદાસના દિકરા કહાનદાસની રચાયેલી લાવણીઓના આધારે તૈયાર કરવામાં આવ્યું છે.

આમ, નિરાંત સંપ્રદાય ની સ્થાપના કેવી રીતે થઇ તેની ગુરુપરંપરા દ્વારા વહેતી આવેલી દંતકથાના આધારે અહીં લેવામાં આવી છે.ગુરુપરંપરામાં ઉત્તરોતર થતી રહેતી ચર્ચાઓ દ્વારા તેમા: સત્યનો અંશ પણ રહેલો હોય છે.નિરાંત મહારાજે જે શિષ્ય પરંપરા સ્થાપી ને જે જ્ઞાનગાદીઓની સ્થાપના કરેલી તેની ચર્ચા હવે કરીએ-

## ◉ શિષ્ય પરંપરા અને જ્ઞાનગાદી :

નિરાંત મહારાજે પોતે પોતાના શિષ્યોને જ્ઞાનગાદી સ્થાપવાનો ને દીક્ષા આપવાનો અધિકાર આપેલો ને પોતાની ઉત્તરઅવસ્થા માં પોતાના હાથે જ નિરાંત સંપ્રદાય ની સ્થાપના કરેલી.અહીં એ પણ નોંધવું જોઈએ કે નિરાંત મહારાજનું શિષ્યમંડળ તો બહોળું હતું જ.એટલે તે દ્વારા પોતાની વિચારધારાને સંપ્રદાય રૂપે સ્થાપી તેના વડા થવાની વૃતિ નિરાંત મહારાજે રાખી નથી. કેમકે તે માટે તેઓ એ જ કહ્યું છે કે પૂર્વે જે જે સંપ્રદાયો તૂટયા છે.તેના મૂળમાં કલેહ રહેલો છે.એટલે તે પોતે સંપ્રદાય કે તેનું ધામ બાંધવાના વિરોધમાં જ હતા.એમ પ્રતિત થાય છે.તે માટે તો તેઓ એ ફકત જ્ઞાનગાદી જ સ્થાપવાની મંજુરી આપી.આ જ્ઞાનગાદીઓની સ્થાપના થયા પછી ધણી જગ્યાએ નિરાંત મંદિર પણ બન્યા.આ નિરાંત ધામ કે નિરાંત મંદિરો બનાવવામાં તેમના શિષ્યોનો ધણો ફાળો રહ્યો છે.વિશાળ શિષ્ય મંડળ હોવાથી પોતાના ગુરુ ના નામે મંદિરો કે ધામ બનેતે સ્વભાવિક છે.તેમના શિષ્યોએ પણ નિરાંત ની જેમ પદ, ભજન, સાખીઓ, કુંડળિયા, બારમાસ, કક્કો, તિથિઓ એવા સ્વરૂપ વિષયક રચનાઓ કરી છે.ને તે દ્વારા પણ સંપ્રદાય રૂપે નિરાંત ની વિચારધારા ગુજરાતમાં પ્રસરી નિરાંતની શિષ્યપરંપરામાં કેટલા તેમના સમકાલીન હતા.તેઓ એ પણ ધણા પદો રચ્યાં.તો નિરાંત મહારાજની વિચાર ધારાને વરેલા તેમની પરંપરાના ધણા શિષ્યો મેધાવી હતા.તેમણે પણ નિરાંત મહારાજની નામ ભકિત ને ઉજાળી છે. ગુજરાતમાં નિરાંત સંપ્રદાય અને તેની પરંપરા કેવી રીતે અસ્તિત્ત્વમાં આવી તેની જાત માહિતી લેવા હું કરજણ તાલુકાના દેથાણ ગામે ગયેલો.કેમ કે શ્રીનિરાંત મહારાજનું જન્મ સ્થળ છે.ત્યાં તેના વંશજો અને  નિરાંત આશ્રમ પણ છે.નિરાંત આશ્રમના આચાર્ય તરીકે વિદ્યમાન રતુરામ મહારાજ છે.તેઓએ પણ જણાવ્યું કે નિરાંત મહારાજે પોતાની અંતિમ અવસ્થાએ પોતાના શિષ્યોને ગુરુગાદી સ્થાપી આપી હતી.એ રીતે દેથાણમાં બે ગુરુગાદી કાર્યરત છે.નિરાંત ધામ કે નિરાંત આશ્રમમાં એક ઉતરાધિકારી હોય છે.તેને આચાર્ય પણ કહેવાયમાં આવે છે.સંપ્રદાયની પરંપરા અનુસાર શિષ્યોને ગુરુમંત્ર આપવામાં આવે છે.ને તેને કંઠી બાંધી નિરાંત સંપ્રદાયના અનુયાયી તરીકે તેમને સ્થાપે છે.આવા શિષ્યો પોતે પોતાની ધરે સંત મેળાવડાનું આયોજન કરે છે.તેમના ગુરુ ને બોલાવી વિશાળ શિષ્ય મંડળને એકત્રિત કરે છે.

નિરાંત મહારાજે પોતાના જે સોળ મુખ્ય શિષ્યોને ઉપદેશ આપી નવા શિષ્યો બનાવવાનો અને નવી ગાદીઓ સ્થાપવાનો અધિકાર આપ્યો હતો.તેમના નામ,જ્ઞાતિ,મુળવતન અને ગાદીનું સ્થળ વગેરેની માહિતી પાછળ પ્રમાણે છે.

| ક્રમ. | નામ | જ્ઞાતિ | મૂળવતન | ગાદીનું સ્થળ. |
|---|---|---|---|---|
| ૧. | નરેરદાસ | લેઉવા પાટીદાર | તલોદ તા.અમદાવાદ | તલોદ |
| ૨. | દયાળદાસ | લેઉવા પાટીદાર | કરમડી તા.કરજણ | વાડીમાં વડોદરા |
| ૩. | ગોવિંદરામ | લેઉવા પાટીદાર | પીપળીયા જિ.ભરુચ | જદાખાડી સુરત |
| ૪. | મંછારામ | લેઉવા પાટીદાર | સુરત | બેગમપુરા દૂધારાશેરી, સુરત |
| ૫. | શામદાસ | પંચાલ | કાશીપુરા તા.વડોદરા | કાશીપુરા |
| ૬. | ભાઈબાજી | પઢિયાર રાજપુત | કાસવા તા.વાગરા | કાસવા |
| ૭. | ખુમાનસિંહ | પઢિયાર રાજપુત | વેડચ તા.જંબુસર | વેડચ |
| ૮. | માધવરામ | લેઉવા પાટીદાર | હરણી તા.વડોદરા | ગેંડા ફળીયા, વડોદરા |
| ૯. | ખુશાલદાસ કાભઈ મહારાજ | શ્રી નિરાંત ગોહિલ | દેથાણ તા.કરજણ | દેથાણ |
| ૧૦. | બાવાભાઈ | શ્રી નિરાંત ગોહિલ | દેથાણ તા.કરજણ | દેથાણ |
| ૧૧. | બાપુ સાહેબ ગાયકવાડ | મરાઠા | વડોદરા | વડોદરા |
| ૧૨. | ભીખાભાઈ | મિયાવત રાજપૂત | મિયાગામ તા.કરજણ | મિયાગામ |
| ૧૩. | રામદાસ | લેઉવા પાટીદાર | રારોદ તા.કરજણ | રારોદ |
| ૧૪. | વણારસીમા | શ્રીગોડ બ્રાહ્મણ | છાણી તા.વડોદરા | છાણી |
| ૧૫. | મંછારામ | ઔદિચ્ય બ્રાહ્મણ | વાઘોડીયા | વાઘોડીયા |
| ૧૬. | કેશવરામ | લેઉવા પાટીદાર | તેલોદ તા.આમોદ | તેલોદ |

તા.ક. આ સોળ શિષ્યો પૈકી અનુક્રમે ૧૧ થી ૧૬ નંબરો વાળા શિષ્યોની પાછળ ગાદી ચાલી નથી.

શ્રી નિરાંત સુધા સાગરગ્રન્થ માંથી શ્રી નિરાંત મહારાજના મુખ્ય સોળ શિષ્યોની નોંધ કરી છે. પણ મારા આ સંશોધન કાર્ય માટે દેથાણ જવાનું બન્યું. ત્યારે શ્રી નિરાંત મહારાજની વંશ પરંપરામાં છઠ્ઠી પેઢીએ વિદ્યમાન દિપસંગ ભાઈ સાથે ની મારી મૂલાકાત દરમિયાન મને

જાણવા મળ્યું કે શ્રી નિરાંત મહારાજના સૌથી મોટા પુત્ર નરેર દાસ હતા. આ નરેરદાસ નિરાંતની વિચારધારાથી વિપરિત વર્તન કરતો હોવા છતાં નિરાંત મહારાજે તેમને એક માત્ર જ્ઞાનગાદીના વારસદાર બનાવ્યા ન હતા. નરેરદાસના પુત્ર કાભઇ મહારાજને નિરાંતે જ્ઞાન ગાદીના વારસદાર નિયુકત કરેલા. એટલે ક્રમ-૯ માંખુશાલદાસના બદલે કાભઇ મહારાજ વારસદાર હતા જયારે બાવાભાઇને પણ જ્ઞાન ગાદીના વારસદાર બનાવ્યા હતા.

નરેરદાસ અને ખુશાલદાસ બન્નેમાંથી કોઇપણ જ્ઞાનગાદીનો અધિકાર શ્રી નિરાંત મહારાજેઆપ્યો ન હતો. તેમ મૂલાકાત દરમિયાન સ્પષ્ટ થયું. નરેરદાસના પુત્ર કાભઇ મહારાજને શ્રી નિરાંતે જ્ઞાનગાદી માટે નિયુકત કરેલ જે નરેરદાસના એકમાત્ર પુત્ર હતા. આ કાભઇ મહારાજને પણ એકજ પુત્ર હતા. તેનું નાામ નથુદાસ. આ નથુદાસને કાભઇ મહારાજેજ્ઞાનગાદી માટે નિયુકત કરેલ. નથુદાસ મહારાજને ત્રણ પુત્રો અનુક્રમે વિઠ્ઠલભાઇ હીરાભાઇ અને ડાહ્યાભાઇ. આ ત્રણ પુત્રો માંથી કોઇને પણ જ્ઞાનગાદી માટે નથુદાસે નિયુક્ત કર્યા ન હતા. તેને બદલે હરજીવનદાસ મહારાજને જ્ઞાનગાદીનો અધિકાર આપ્યો હતો. હરજીવનદાસના બુંદ શિષ્યબાબુરામ મહારાજ જ્ઞાનગાદીના વારસદાર બનેલા. ને બાબુરામ મહારાજે પોતાના પુત્ર (બુંદ શિષ્ય) રતુરામ મહારાજને જ્ઞાનગાદીના આચાર્ય તરીકે નિમણૂક કરી. આજે દેથાણમાં વિદ્યમાન રતુરામ મહારાજ નિરાંત આશ્રમના ગાદીપતિછે.

બાલ ચંદરામ નિરાંત સંપ્રદાયના અનુયાયી છે. તે માલોસણા તા, વડગામની પરંપરામાં છે. તેમના પુસ્તક 'બાળચંદરામ જ્ઞાનપ્રકાશ'માં રોશન કવિનું કાવ્ય છે. જે આ પ્રકરણમાં આલેખિત કર્યું છે. તેમાં લખ્યું છે:

'ગુણવાન ગોવિંદ રામે ગાયો, મહામૂળ મર્મની વાત,
ખુશાલસિંહ ને બાવારામ, બેઉ સુપુત્રો આશ્વાત છે.'

આ રીતે ક્રમનં-૯ માં ખુશાલદાસ ગાદી પતિ હતા તે વાતનું સમર્થન નિરાંત પરંપરા કરે છે.

'શ્રીનિરાંત કાવ્ય'-સ્ને ૧૯૬૯ માં પ્રગટ થયેલ. તેના આધારે શ્રી નિરાંત સુધાસાગર ગ્રન્થમાં શ્રી નિરાંત મહારાજ નું નામ હોવું જોઇએ તેને બદલે ખુશાલદાસનું નામ છે. કદાચ સરતચૂકથી તેમ લખાયું હશે! એજ રીતે પ્રસ્તુત ગ્રન્થમાં શ્રી બાવાભાઇ મહારાજની પરંપરામાં બાવાભાઇ પછી કાભઇ મહારાજ પછી નાથાભાઇ(નથુદાસ મહારાજ)નું નામ છે. પણ હકીકતે બાવાભાઇ મહારાજની ગાદી બંધ છે. તેમ જાણવા મળ્યું.

હવે આપણે શ્રી નિરાંત મહારાજના દશ શિષ્યોની પાછળ ચાલેલી જ્ઞાનગાદીઓનું વંશ વૃક્ષ જોઈએ.

શ્રી નિરાંત સુધા સાગર માં જે દશ શિષ્યોનું વંશ વૃક્ષ દોરેલ છે. તે નિરાંત કાવ્ય-સને નમાં પ્રગટ થયેલ, તેના આધારે લખ્યું છે. આપણે શ્રી નિરાંત સુધા સાગર ગ્રન્થમાં જે દશ શિષ્યોનું વંશવૃક્ષ જોઈએ-

સંવત ૧૯૬૬ ના અષાઢવદ ૩ ને સોમવારે વડોદરા મુકામે દાળીયાવાડીમાં આવેલ શ્રી નિરાંતમંદિરમાં એકઠા મળી મહારાજ શ્રી નાથાભાઈ, મહારાજ શ્રી મહારાજશ્રી દયારામ, મહારાજશ્રી મણિરામ મહારાજશ્રી ભાઈઅણસ્તુ વાળા, મહારાજશ્રી લલ્લુભાઈ કોકીઆવાળા આ સર્વ મહારાજાઓએ તૈયાર કરેલો વંશવૃક્ષને આધારે, પાછળથી આજદિન સુધીમાં નવી સ્થપાયેલી ગાદીઓ સાથે:

(૧) નરેરદાસ મહારાજ

કહાનદાસ (પુત્ર) લેઉવા પાટીદાર ★ તેલોદ તા. વાગરા ⊙ તેલોદ તા. વાગરા

(૨) દયાળદાસ મહારાજ

ગૌરી શંકર ઉનેવાળબ્રાહ્મણ ★ ઉતરાજ તા. શિનોરી ⊙ ઉતરાજ તા. શિનોરી

બહેચરરામ ઉનેવાળબ્રાહ્મણ ★ વાંતરસા તા. આમોદ ⊙ વાંતરસા તા. આમોદ

દેવશંકર (પુત્ર) ઉનેવાળબ્રાહ્મણ ★ વાંતરસા તા. આમોદ ⊙ વાંતરસા તા. આમોદ

મણિબા (પુત્રવધુ)
ઉનેવાળબ્રાહ્મણ
★ વાંતરસા તા. આમોદ ⊙ વાંતરસા તા. આમોદ

ગોપાળદાસ
લેઉવા પાટીદાર
★ વાંતરસા તા. આમોદ
⊙ વહેલમ, તા. જંબુસર

★ મૂળ વતન ⊙ ગાદીનુંસ્થાન

સદ્ગુરુશ્રી નિરાંતમહારાજના પટ્ટશિષ્ય પૂ.શ્રી ગોવિંદરામજી મહારાજની ગાદીનું વંશવૃક્ષ:

★ પૂ.શ્રી ગોવિંદરામ મહારાજ ( નિરાંત કાવ્ય પાના ૨૫ આધારે )

| | | | |
|---|---|---|---|
| રામદાસ | ગણપતરામ | રણછોડદાસ | વાંસજીભાઈ |
| રામાનંદી સાધુ | ★ ⊙ મેવાડા સુથાર | ⊙ રામાનંદી સાધુ | કાછીઆ પટેલ |
| ⊙ શ્રીદયાળદાસ | ઝલોર તા.ભરુચ | તેનતળાવ તા.શિનોર | અંકલેશ્વર ★ ⊙ |
| મહારાજવાળા મંદિરમાં | | ★ પીપળીયા શેરી જદાખાડી | |
| વાડી, વડોદરા. | | સુરત નિરાંત મંદિર | |
| | | શ્રી પુરૂષોતમમહારાજ | |
| મગનદાસ (રામાનંદી સાધુ) | | ⊙ ★ માલોસણા તા.વડગામ | |
| નારાયણદાસ(રામાનંદી સાધુ) | | શ્રી નરભેરામજી મહારાજ | |
| | | (વિદ્યમાન) | |
| | | ★ ⊙ માલોસણા તા.વડગામ | |
| | | નિરાંતધામ | |

★ મૂળ વતન ⊙ ગાદીનુંસ્થાન ★ ⊙બન્ને એક

નોધ: – મારા આ સંશોધન કાર્ય માટે દેથાણ, મિયાગામ અને માલોસણા જવાનું બન્યું. ત્યારે સુરતમાં નિરાંતમંદિર વિશેના પ્રશ્નના ઉત્તરમાં એવું જાણવા મળ્યું કે તે મંદિર વેંચી નાખવામાં આવ્યું છે.

( મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા ને તેનો હિસાબ કોઈને આપવામાં આવ્યો નથી. )

# (૪) મંછારામ મહારાજ

ગિરજાબા
ઔદિચ્યબ્રાહ્મણ
★નાંદોદ
⊙બેગમપુરા દૂધારા શેરી, સુરત.

દોલતરામ
ઔદિચ્યબ્રાહ્મણ
★નાંદોદ
⊙મિયાગામ તા. કરજણ

નરોત્તમદાસ
લેઉવા પાટીદાર
★સુરત
⊙ બેગમપુરા દૂધારા શેરીમાં પોતાના ઘરે, સુરત.

નારાયણગિરિ
ગૌસ્વામી
★આલમપુરા તા. કરજણ
⊙ બેગમપુરા દૂધારા શેરી, સુરત.

રામબાઈ (ઉર્ફે માજી મહારાજ)
ઔદિચ્યબ્રાહ્મણ
★કાલાવાડ (કાઠીયાવાડ)
⊙ મિયાગામ તા. કરજણ

નરભેરામ
રજપુત
★તડકેશ્વર જિ. સુરત
⊙ બેગમપુરા દૂધારા શેરી, સુરત.

મનસુખરામ
મોટા ચોવિસા બ્રાહ્મણ
★મિયાગામ તા. કરજણ
⊙ મિયાગામ તા. કરજણ

દલપતરામ
ચોરાશીમેવાડા
★કનકગામ તા. જંબુસર
⊙કનકગામ તા. જંબુસર

રવિશંકર
મોટા ચોવિસા બ્રાહ્મણ
★રસુલાબાદ

★મૂળ વતન ⊙ ગાદીનુંસ્થાન

# (૫) શામદાસ મહારાજ

સુરજરામ
રાયકવાડ બ્રાહ્મણ
★ મેસરરોડ તા.કરજણ
⊙ મેસર રોડ, તા.કરજણ

મણિરામ (પુત્ર)
રાયકવાડ બ્રાહ્મણ
★ મેસરરોડ તા.કરજણ
મેસરરોડ તા.કરજણ

ધરમગીર
ગૌસ્વામી
★ મેસરરોડ તા.કરજણ
મેસરરોડ તા.કરજણ

ધીરજબા
રાયકવાડ બ્રાહ્મણ
★ મેસરરોડ તા.કરજણ
★ અહા(નાવર)
નર્મદા તટ

વાંસજીભાઈ
લેઉવાપાટીદાર
★ માલકીપુરા

નારયણગિર
ગૌસ્વામી
★ આલમપુરા
તા.વાગરા

દયારામ
ગૌસ્વામી
★ ઇંદોર
તા.કરજણ

ઉમેદગિર
ગૌસ્વામી
★ કાકાભાઈની
તા.ભાલોદ

પ્રેમદાસ
કિરાત
ઓરછેણ

ધીરજબા

નારયણગિર
મનરૂપગિર

દયારામ

શાન્તિલાલ
★ બામણગામ
તા.કરજણ
મેસરોડ,
તા.કરજણ

રામસંગ
રાજપુત
★ ઓરા
તા.વાગરા
વેડચ,
તા.જંબુસર

જીવકોરબા
ચોરાસી મેવાડાબ્રાહ્મણ
★ કેશવણ
તા.વાગરા
સીગામ
તા.જંબુસર

લલ્લુરામ
(ભત્રીજા)
★ ઇંદોર
તા.ભાલોદ
ઇંદોર
તા.ભાલોદ

લલ્લુભાઈ
ઐા.બ્રા.
ઇંદોર
તા.ભાલોદ
ઇંદોર
તા.ભાલોદ

પ્રેમદાસ

પુનાભગત
કિરાત
★અહા
(નાવરા)
નર્મદાતટે
અહા
(નાવરા)
નર્મદાતટે.

ગાજીભગત
કિરાત
★સગઠોર
તા.કરજણ
કિરાત
સગઠોર
તા.કરજણ

સોમાભાઇ
(પુત્ર)
★સગડોર
તા.કરજણ
સગડોર
તા.કરજણ

ભુલીબા
પંચાઈ
★ધારોલી
(રાજપીપળાસ્ટેટ)
સગરોડ
તા.કરજણ

## (૬) ભાઈબાજી મહારાજ

—

ભજનદાસ
ચાવડારાજપુત
★ કરજણ
તા.કરજણ
કરજણ
તા.કરજણ

## (૭) ખુમાનસિંહ

જીબાવા
પઢિયારરાજપુત
★ વડેચ
તા.જંબુચર
વડેચ
તા.જંબુચર

ભગવાનસિંહ
પઢિયારરાજપુત
★ ઉમેટા
ઉમેટા
ઉમેટા
ઉમેટા

—

નાથુબાવા
પઢિયારરાજપુત
★ ઉમેટા
ઉમેટા
ઉમેટા
ઉમેટા

—

ધરમબાવા
પઢિયારરાજપુત
★ ઉમેટા
ઉમેટા
ઉમેટા
ઉમેટા

## (૮) માધવરામ મહારાજ

ખુશાલરામ
કાછીયા પટેલ
★ફતેપુર
વડોદરા
ફતેપુર
વડોદરા

મંગળરામ
દશાશ્રીમાળી
★ફતેપુર
વડોદરા
ફતેપુર
વડોદરા

ગોપાળરામ
લેઉવા પાટીદાર
★વાંતરસા
તા. આમોદ
ફતેપુર
વડોદરા

## (૯) ખુશાલદાસ મહારાજ

ઝવેરભાઈ
(પુત્ર)
ગોહિલરાજપુત
★દેથાણ
તા. કરજણ
દેથાણ
તા. કરજણ

જેસંગભાઈ
(પુત્ર)
લેઉવા પાટીદાર
★અણસ્તુ
તા. કરજણ
અણસ્તુ
તા. કરજણ

કાળીદાસ
(પુત્ર)
લેઉવા પાટીદાર
★અણસ્તુ
તા. કરજણ
અણસ્તુ
તા. કરજણ

(૧૦)બાવાભાઈ

કાભઈ મહારાજ
ગોહિલરાજપુત
★દેથાણ
તા.કરજણ
દેથાણ
તા.કરજણ

નાથાભાઈ
(પુત્ર)
ગોહિલરાજપુત
★દેથાણ
તા.કરજણ
દેથાણ
તા.કરજણ

નિરાંતની શિષ્ય પરંપરાનું આ વૃક્ષ શ્રી નિરાંત સુધાસાગર ગ્રન્થ માંથી લીધું છે. આપણે આ પ્રકરણ માં ચર્ચા કરી જ છે, કે કાભઈ મહારાજને જ્ઞાનગાદીના વારસદાર તરીકેની નિમૂંક શ્રી નિરાંત મહારાજે કરેલી. સાંપ્રતમાં દેથાણની જ્ઞાનગાદીની પરંપરા નીચે પ્રમાણે છે.

શ્રી નિરાંત મહારાજ

કાભઈ મહારાજ(પૌત્ર)

નથુદાસ(પુત્ર)

હરજીવનદાસ

બાબુરામ મહારાજ

રતુરામ મહારાજ (વિદ્યમાન)

આમ, શ્રી નિરાંત મહારાજે પોતાના પૌત્ર કાભઈમહારાજને ગુરુગાદી સ્થાપી આપી હતી. તેની પરંપરા આજે પણ વિદ્યમાન શ્રી રતુરામ મહારાજ ઉજાળી રહયા છે. કાભઈ મહારાજના પિતા નરેરદાસ શ્રી નિરાંત મહારાજના સૌથી મોટા પુત્ર હતા. ને તેશ્રી નિરાંત મહારાજની ઉપસ્થિતિમાં મૃત્યુ પામ્યા હતા. રૂબરૂ મૂલાકાત દ્વારા આ બાબતની મને માહિતી પ્રાપ્તિ થઇ.

## ◉ અનુગામીઓ ઉપર નિરાંતનો પ્રભાવ:

અખા પછીના જ્ઞાનમાર્ગી પ્રવાહને વહેવડાવવામાં નિરાંત મહારાજનું નોંધપાત્ર પ્રદાન છે.'નામ ભકિત નો મહિમા ગાનાર આ સંત કવિને વિશાળ શિષ્ય મંડળ હતું. નિરાંત સંપ્રદાય જેમને નામે ઓળખાય છે, તે નિર્ગુણમાર્ગી સંત નિરાંત વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના દેથાણ ગામના રાજપુત હતા. ડાકોરના એ પૂનમિયા ભગત કોઈ મુસ્લિમ સંતના સત્સંગથ નિર્ગુણ માર્ગ થયાનું કહેવાય છે. સંભવત: તે અખાની શિષ્ય પરંપરામાં માર્ગી થયાનું કહેવાય છે. સંભવત: તે અખાની શિષ્ય પરંપરામાં શિમળિયાના જીવણદાસના શિષ્ય વખતગિરિના શિષ્ય કે સત્સંગી હતા. તથા ગોકળદાસ નામના રામાનંદી સાધુના શિષ્ય હતા. તે યુવાન વયે ભકિતમાં ભળ્યા હતા. બે વાર પરણ્યા હતા. ને ગૃહસ્થ હતા. છતાં સારું અનુયાયી મંડળ ધરાવતા હતા. ને તેમની ગુરુ ગાદી પણ હતી. તેમણે કરેલી રચનાઓ નિરાંત કાવ્ય માં સંગ્રહાઈ છે. સાખીઓ, કુંડળીયા, જુલણા, ધોળ રાગનાપદો, છપ્પા, કાફીઓ, વાર, તિથિ, મહિના પ્રકારના પદો રચ્યાં છે. તેમાં કયાંક મહિના જેવી કૃતિઓમાં પ્રેમભકિતના અંશો છે, પણ સમગ્રતયા જોતાં નિરાંત શંકરાચાર્યના કૈવલાદ્વૈત માર્ગના અને અખાની જેમ નિર્ગુણ માર્ગના સંત છે.'[૩૨૧] (મધ્ય. ગુજ. જ્ઞાનમાર્ગી કવિતા - બહેરભાઈ પટેલ)

આગળના પ્રકરણોમાં રી નિરાંત મહારાજના ગુરુ વિશે ચર્ચા કરેલી છે. સંત પરંપરામાં સંતો-ભકતોનું એકબીજા સાથે મિલન થતું રહેતું હોય છે. ને એ રીતે અધ્યાત્મ અનુભવની યાત્રા દરમિયાન તેઓને જ્ઞાન પ્રાપ્તિ થતી શોય છે. જેની પાસે થી જ્ઞાન પ્રાપ્ત થયું તે ગુરુ શ્રી નિરાંત મહારાજ કહે છે:

'મને સદ્‌ગુરુ મળીઆ પૂરા રે, અગમની ગમની લાધી,
મેં જ્ઞાને શબ્દ વલોવ્યા રે, તત્ત્વરૂપની તરબાઝી.'

અને -

'મનના ગુરુ વિના ભૂખ નથી ભાંગતી, એ તો ભૂલે ભમે જગ સારો,
નિરાંત સદ્‌ગુરુ મનના મળે તો, પળમાં કરે ભવ પારો.'

સદ્‌ગુરુની પ્રાપ્તિ થયા પછી ગુરુ- શિષ્ય, આત્મા - પરમાત્મા, સગુણ - નિર્ગુણ વગેરે દ્વંદ્વોથી સાધક પર થઈ જાય છે. નિરાંત મહારાજે પોતાના કવન દ્વારા જે રીતે વાણી વ્યકત કરી છે. તે દ્વારા કહી શકાય કે તેઓ અનુભવસિધ્ધ આત્મજ્ઞાની હતા. અનુભવ વિનાની અભિવ્યકિત માં અનુભૂતિનો રણકો નથી. હોતો એવી વાણી તો ફકત તુકબંધી કહેવાય. નિરાંતની વાણીમાં સદ્‌ગુરુનું મહત્ત્વ અનેરુ છે. તેમણે વાણી દ્વારા જે જ્ઞાન પ્રકાશ પાથર્યો તે દ્વારા સંતસાહિત્ય ઉજજવળ થયું છે. શ્રી નિરાંત મહારાજના શિષ્યોએ પોતાને પ્રાપ્ત ગુરુ-જ્ઞાનને વિવિધ રીતે ગાયું છે. શ્રી

નિરાંતના અનુગામીઓ એ પણ તે રીતે જ્ઞાનની પરંપરાને દઢ કરી છે.

નિરાંત મહારાજના શિષ્ય ગોવિંદરામ મહારાજ કે,જેમણે સુરતમાં જ્ઞાનગાદી સ્થાપી હતી.તેમની પરંપરા વડગામ તાલુકાના માલોસણા ગામે જીવંત છે.ત્યાં નિરાંતધામ પણ બંધાયું છે.આ પરંપરાના હજારો શિષ્યો ઉત્તરગુજરાત અને અન્ય વિસ્તારો માં રહેલો છે.નિરાઃત સંપ્રદાય ની વિશેષતા એ રહી છે કે તેમના કોઈપણ શિષ્ય હોય તેઓ પદ-ભજન રચતા રહે છે.ને એ રીતે ગુરુ પરંપરામાં દઢ રહી નિજનામ ને સાર્થક કરે છે.નિરાંત પરંપરાની અને નિરાંત મહારાજનો જય જય કાર કરતી રચનાને જોઈશું તો ખ્યાલ આવશે કે જેમ ભાણફોજ કહેવાતી હતી.તેમ નિરાંતફોજ પણ કહેવાય છે.એ રચના નછીચે પ્રમાણે છે, ને તે રોશન કવિની છે.

'નવ ખંડમાં ભારત ભૂમિ ઈતિહાસમાં પ્રખ્યાત છે,
પતિત પાવન મુજ ધરા ગુણવંત ધર્મી ગુજરાત છે,
ફરકે ધજાયુ ધર્મની મહારાજ નિરાંત રામની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની' (૧)

'ગુણવાન ગોવિંદરામે ગાયો મહામૂળમર્મની વાત છે,
ખુશાલ સિંહને બાવારામ બેઉ સુપુત્રો આશ્વાત છે,
પડે હાક ગાયકવાડમાં શુરવીર બાપુ મહારાજની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની ' (૨)

'મસ્તાન મંછારામને ખુમાનસિંહની ખ્યાતિ અતિ,
શામદાસ સન્મુખ રહે દયાળદાસની અકળિત ગતિ,
ગુણ ગણપત ગ્રહ્યોજપ નારણગીર ગોપાળરામની
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની ' (૩)

'સન્મુખ સુરત શહેરમાં રણછોડજી પ્રગટ મરે,
પુરણ પુરૂષોત્તમના ચરણે ભૂપના મસ્તક નમે,
મહામણિ અરજુન કવિ ચૌદવિદ્યા સદ્‌ગુરુધામની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની ' (૪)

'પ્રેમદાસ પુનાભગત ધરમગીર સૂરજ રામ છે,
ફતેસિંહ દયારામ ખેલે મગનદાસ મહિમા અપાર છે,
દિવ્ય ગીરામૃત વાણી, શોભે મનસુખ રામની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની' (૫)

'સુરત મધ્યેથી જ્ઞાનલીધી માલોસણામાં પ્રગટી,
પ્રતાપ પુરણ રણછોડજીનો, જ્ઞાનગંગા ઉમટી,
ઉમટી અખંડધારા, નિરાંતજીના નામની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની' (૬)

'સંત સદ્‌ગુરુ પુરણ પુરૂષોત્તમ પરમ ધામ છે,
શુરા પુરા શરણે રહે ઠરવા કેં ઠામ છે,
શુરાપુરા સેવા કરે, કુરબાની તનમન ધનની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની' (૭)

પુરૂષોત્તમ સુપુત્ર હરિદાસના મૂળગાદી મહિમા બિરદાવતા,
સર્વત્ર જ્ઞાની નિર્ભયવાણી, શ્રી નિર્ભયરામ દિપાવતા,
ઉતર ગુજરાતની મૂળગાદી, નિરભે નિરાંત રામની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની (૮)

બાઈ મીરાં સિદ્ધપુરવસે, ધીણોજ ધણી સાસજી,
જેઠારામને આનંદી શેઠ, પુરૂષોત્તમ દાસજી,
શ્રી છગનરામ નામ મહાત્મ્યવાણી, મહારાજ છગનરામની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની (૯)

નિરાંત નિવાસી રીદ્રોલવાસી મહારાજ મણીરામ આવીયા,
સંત સેવામાં શૂરવીર સંતો સંત છગનરામ મન ભાવીઆ,
નિરાંત ફોજ નિરભે ચડી, વાગી નવખંડે નોબત નામની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની (૧૦)

જંગલમાં મંગલકરવા, શરણે કરમસિંહજી આવીયા,
વાડી તાલુકે વાડી ખીલી, મનાજી મન ભાવીયા,
હિંસાને અધર્મ છોડાવી, ધજા ફરકાવી ધર્મની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની (૧૧)

સરદારજી શૂર ખરા, મેનપુર મધ્યે ગાજતા,
હાક મારે હકકની તો, રાજ ને ધ્રૂજાવતા,
દેવપુરી ડંકા દીયા, હાક વાગે હરિનામની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની (૧૨)

શેખલા મધ્યે સંતયોગી મૂળવંતજી પણ મહાલતા,
ગોદડજી ગર્જના કરે તો, પાપ તાપ ટાળતા,
કવિ કાળીદાસ કેવળજ્ઞાની, જીવનમુકત પ્રકાશની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની (૧૩)

નિખાલસ નિર્ભયસદા, બાળચંદદાસ સેવે સંતને,
પરવા ન કરે પિંડ ની રીઝવે છે ભગવંતને,
નિર્મળમૂર્તિ નારાયણદાસની ભકિત સ્વીકારી ભાવની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની (૧૪)

ગંગારામની ગોળી છૂટે તો પાખંડ પડદા તોડતી,
વજીર, કરીમ, પોલરાએ, પુરણ પ્રેમની મૂર્તિ
શીર સાટે સત્ય બોલે પરવા નથી પિંડની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની (૧૫)

નિરાંતફોજ નિર્મળી લાખો શૂર સંત છે,
મર્મ સમજે ધર્મનો પૂરા પારખવંત છુ,
રીત રાખે રઘુકૂળની ધન્ય નિરાંત નામની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની (૧૬)

સંત સદ્ગુરુ પૂરા મળ્યા, જાય અજંપા આપતા,
જ્ઞાનના ચક્ષુ મળે, શ્રી રામને નિહાળતા,
સદ્ગુરુ મારા શિરધણી જય બોલો કેશવરામની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની (૧૭)

અમરવેલી ધર્મઘેલી, જેનો મહિમા અપરંપાર છે,
સાર સર્વે ધર્મના, એક નિરાંત જયજયકાર છે,
રસધાર રોશન ગંગાવહી, નિરાંત પતિત પાવની,
અખંડ હેલી અમરવેલી, નિરભે નિરાંત નામની (૧૮)

- રોશનકવિ.

(બાળચંદરામ જ્ઞાનપ્રકાશ )

નિરાંત સંપ્રદાય નું સાહિત્ય વિપૂલ પ્રમાણમાં રચાયું છે. ગુજરાતમાં જેટલા સંપ્રદાયો છે. તેના સાહિત્ય કરતાં પણ આ નિરાંત સંપ્રદાય નું સાહિત્ય ઘણું મોટું છે. ને તેનો વ્યાપ પણ ઘણો છે. એમ કહેવામાં અતિશ્યોકિત નથી. નિરાંત મહારાજનો એવો પ્રભાવ રહયો છે કે સૌરાષ્ટ્રના વિદ્યમાન જયદેવ મહારાજ જેવા જ્ઞાની પુરૂષો પણ નિરાંતના દર્શનથી આકર્ષાઇ તેમના સંપ્રદાયમાં જોડાયા છે. ઉપરાંત કહાનવાડીની મૂળધારા રવિ - ભાણ સંપ્રદાય ની રહી છે. આજે પણ આ જગ્યા એ જ સંપ્રદાયની ઓળખાઇ છે. પણ તેમાં 'નિરાંત સંપ્રદાય'ની ધારા પણ ભળી છે. ડો. એન. યુ. ગોહિલે એ સંપ્રદાયના વર્તમાન ગાદીપતિ દલપત રામને પૂછયું:

પ્રશ્ન - તમારે ત્યાંની રવિભાણ ધારામાં આ નિરાંતધારા કયારે ભળી ?

ઉત્તર - આ સદીના છઠ્ઠા દાયકાના ઉતરાર્ધમાં.

પ્રશ્ન - સૌપ્રથમ આ નૂતનધારાને કોણે આવકારી ?

ઉત્તર - મારા પિતા, નારાયણ રામે.

પ્રશ્ન - મૂળધારામાં શું કમી હતી તે આ નવી ધારાને સ્વીકારવી પડી ?

ઉત્તર - કમીનો પ્રશ્ન ન હતો. પણ અમારા માટે તો આ દૂધમાં સાકર નો દાખલો સિદ્ધ થયો. કટોરામાં દૂધ છલોછલ રહ્યું, અને અંદર વિશેષ મધૂર ઉમેરો થયો તે નફામાં.

પ્રશ્ન - આ બાબતમાં તમારા પિતાજીના વ્યકિતત્ત્વ અને વિચારધારા વિશે કહેશો ?

ઉત્તર - મારા પિતાજી પ્રકૃતિએ સ્થિર અને શાંત. આત્મપ્રતીતિ વિશે તે એકદમ દઢ અને એકાગ્ર. એમના હૃદયની કોમળતા, દષ્ટિની વિશાળતા અને ભકિતની નિર્માળતા માત્ર કુટુમ્બીજનો

ને નહીં, આખા સેવક સમુદાયને પ્રભાવિત કરતા. ભજન સિવાય બીજામાંભાવ નહીં. સત્સંગ સિવાય બીજું બોલે નહીં, વાણી બંધ હોય ત્યારે આંખો બોલ્યા કરે નર્યા પ્રેમની મૂર્તિ. ઘર કુટુમ્બના, સમાજના બધાજ વ્યવહારો નિભાવે પણ મૂળ અને સ્થાયી નિસ્બત ભીતર સાથે. વચન અને વાયકા વિશે અડોલ. લાંબી વાત નહીં કં. એમને કંઠી શેરખાની જગ્યાની. રાઘવપ્રસાદ એમના કંઠી ગુરુ. આગળ જતાં એમને નિરાંત આચાર્ય શ્રી સરતાન રામનો ભેટો થયો. તેઓ તેમના જ્ઞાન અને સત્સંગથી પ્રભાવિત થયા. સરતાન રામને ગુરુ કર્યા. ને ઉપદેશ લીધો. પોતે તો ગુરુ હતા જ. વિશાળ શિષ્ય સમુદાય હતો. તેમ છતાં તેમણે ગુરુ કર્યા. એટલે શિષ્યોને પણ ત્યારે થયેલું કે, અમારા ગુરુને વળી એમની ઉપર ગુરુ કરવાની શું જરૂર ? આખો સંપ્રદાય આંચકો ખાઈ ગયેલો. પણ પિતાજી પોતાના મત વિશે મકકમ રહેલા.[૩૫૯]

આ મૂલાકાત એટલા માટે નોંધી છે કે નિરાંત મહારાજ ના દર્શનની આટલા સમય પછી પણ કેવી વ્યાપક અસર પડી ! નિરાંત મહારાજ સગુણ-નિગુર્ણ બન્ને ધારાની વાત કરે છે. પણ સગુણ એટલે સોહી બ્રહ્મ અર્થાત્ ગુરુરૂપે દેહધારી પરમાત્મા. અને નિર્ગુણ તે સર્વ વ્યાપક નિરાંતે નામભકિત નો જ મહિમા ગાયો છે. આ નામ એટલે નિજનામ પોતે પોતાના સ્વરૂપને જાણવું. બાપુ સાહેબ ગાયકવાડ તેમના સમકાલીન નિરાંતની નામભકિત થી પ્રભાવિત થયા. ને તેમો નિરાંતનો મહિમા તેમના પદો દ્વારા વયકત કરે છે. બાપુ સાહેબ કહે છે:

એમ થાય ઉત્તર ને પ્રશ્ન તો અનેક ભાઈ,
પણ નામનિજ જાણે તેને લાગે શો સંતાપ રે,
તે તો નિરાંતનો નેજો કરે, રીતિ તણો રેજો કરે,
ફડ ફડ ઉડાવે બાપુ સત્ય ધરી આપ રે.

નિરાંત નો નાતો કરો બ્રહ્મભાવ હ્દે ભરો,
એક તુહિ ભણી ભણો મોટો દેવરો.

બાપુ નામ સાચું એક નિરાંતને જાચું હું તો,
ડાચું બાળો ઢોંગી (ગુરુ) ઘાલ્યો જેણે ભામરે.

સત્નામ એક છે ને બીજું અવિવેક છે,
સદ્ગુરુ પર જાઉં હું વારી,

નામ નિરાંત બાપુ દઢ કરીને ધારજો,
દે પળમાં તો પાર ઉતારી.

એવો જોયો એંઠવાડો(ત્યારે)પડયો મૂકયો વાડો મેંતો,
થયો નિરાંત કેરો હું તો વાસી રે.
'નિરાંતનું નામ અલ્યા જુગો જુગ વાગી ગયું,
બાપુ તેની નાત જાત ખોળ જઈ ભાતરે.'

અને...

'બાપુ નામ સાચું ઝાલે નિરાંતને દાપું આલે,
તો તો ભાળે બ્રહ્મરૂપ જેહ છે અછેદ રે.'

આ રીતે બાપુ સાહેબ ગાયકવાડે શ્રી નિરાંત પ્રત્યેનો ભાવ વ્યકત કર્યો છે.બાપુ સાહેબના સાહિત્યમાં કહો કે પ્રત્યેક કાવ્યમાં નિરાંત ભકિત દષ્ટિગોચર થાય છે.ખૂબીની વાત તો એ છે કે શ્રી બાપુસાહેબ જયારે નિરાંતના શિષ્ય થયા ત્યારે તેઓ દાસ ધીરાના શિષ્ય હતા જ.એવા પૂર્ણજ્ઞાનીના શિષ્ય પણ જ્ઞાની જ હતા.તેમણે નિરાંત મહારાજનું સાન્નિધ્ય સ્વીકાર્યુંએ મોટી ઘટના છે.એજ રીતે શ્રી દયાળદાસ નિરાંત મહારાજના શિષ્ય હતા.ને તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા.શ્રી નિરાંત મહારાજે દયાળદાસને કેવી રીતે જ્ઞાતપ્રાપ્તી કરાવી તે ઘટના પણ નોંધવા જેવી છે. -

મહારાજ શ્રી નિરાંત મહારાજ ઘોડી પર બેસીને અણસ્તુ જતા હતા. બન્ને સામસામે આવ્યા.નેળ સાંકડી હતી.એટલે નિરાંત મહારાજે દયાળદાસને કહયું સુરદાસજી,બાજુ ઉપર ઉભા કહો.ત્યારે દયાળદાસે કહયું ભાઈ,મારે તો નેત્ર જ નથી,ને તમે તો સુર્વાંગે સારા છો.માટે પોતે ઉભા રહી, મને રસ્તો બતાવો તો તે માર્ગે હું ચલ્યો જાઉં.દયાળદાસના વચનો સાંભળી મહારાજ શ્રી ઘોડી ઉપરથી નીચે તિર્યા.દયાળદાસના વચનો સાંભળી મહારાજશ્રી ઘોડી ઉપરથી નીચે ઉતર્યા દયાળદાસનો હાથ ઝાલી નેળની બહાર મેદાન સુધી તેડી લાવ્યા જયારે મહારાજ શ્રી એ હાથ છોડી દેવા માંડયો એટલે દયાળદાસે કહયું આપ કોણ છો ?કયાં કહો છો ?ને કયાં જાઓ છો ?એ વચન સાંભળી મહારાજશ્રી એ કહયું:મારે અણસ્તુમાં હરિભકત મુળજીભાઈ ભાઈજી ભાઈને ત્યાં જવું છે.શું દેથાણ ગામે રહું છું,અને મને નિરાંત ભગતના નામે સહુ બોલાવે છે.-દયાળદાસ નિરાંતભગત નામ સાંભળતાંજ મહારાજશ્રીને ભેટયા અને કહયું:પ્રભુ હવે હાથ પકડીને તરછોડો એ ઠીક નથી દયાળુ હવે છોડી દીધે નભશે નહીં.જયારે સંતે હાથ ઝાલ્યો,ને તેને સંસાર સિન્ધુમાંથી બૂડતો ન બચાવે.પરંતુ સંસાર સહેલાઈથી પારંગત થવાનો માર્ગતો મળવો જ

જોઈએ. માટે દયાળુ  હવે તો હાથ ઝાલ્યો છે તે પાર ઉતારજો છોડશો નહીં ૨૧ ( દિવ્યગીરામૃત )

આ દયાળદાસે પણ ઘણા પદ લખ્યાં છે. તેમાં નામ ભકિતની સાથે ગુરુ નિરાંત પ્રત્યે નો પણ ભાવ છે.  -દયાળદાસ કહે છે:

'એવે એકપણે થઈ દયાળ અવિગત ઓચરે,
અદ્વૈત ભાસ્યું સદ્‌ગુરુ નિરાંત ને પરતાપ.'

આ દયાળદાસના શિષ્ય ગૌરીશંકર હતા. તેઓ લખે છે:

'ગૌરી ને સદ્‌ગુરુ મળ્યા, જ્ઞાન નીધિ દયાળ,
નિજ નામ પ્રાપ્ત થયું, છૂટી જગની જાળ.'

ગૌરીશંકર મહારાજના શિષ્ય બહેચરદાસ લખે છે:

'નિજનામ ઉદે થતાં, ટળે સરવ સંતાપ,
આશા તૃષ્ણા ના રહે, એ નામનો પ્રતાપ.'

બેહચરદાસના શિષ્ય દેવશંકર શર્મા છે તેઓ લખે છે:

'નિજ નિરાકાર કહયો, સૌને સ્વામી,
આશા તૃષ્ણાના રહે, એ નામનો પ્રતાપ.'

દેવશંકર મહારાજના શિષ્ય કેશવદાસ કહે છે:

'કેશવને નિજનામ આપ્યું, ચરણે રહું નીત્ય લળી લળી,
કરજોડીને નમુ છું નિત્ય ગુરુ, દેવશંકર દેવ એક હરિ.'

નિરાંત ધામ માલોસણા તા. વડગામ જિ. બનાસકાંઠાના ગાદીપતિ વિદ્યમાન નરભેરામજીએ પણ નિરાંત વિષયક સાહિત્ય સર્જ્યું છે. તેઓ સંપ્રદાયના મહંત થઈ માત્ર બેસી નથી રહેતા. પણ સતત પરિભ્રમણ કરી તેઓ નિરાંતના સંદેશનો પ્રચાર-પ્રસાર કરે છે. તેમના એક પદની પંકિત લઈએ-

'સમજી લ્યો સત્ય વસ્તુ રે: અવસર નહિં આવે ફરી,
સદ્‌ગુરુ કરવા સાચારે, સહેજે સંસાર જાઓ તરી,
પાંચ તત્ત્વને ત્રણ ગુણથી, ભિન્ન પોતાની જાત,
સચરાચરમાં વ્યાપક પોતે, નહિ જાત કે ભાત,
બાવન બહાર બોલે રે, લેજો તેને હ્રદે ધરી.'

તો, નરભેરામના શિષ્ય બાબુરામ લખે છે:

'રહેણી-કહેણી એક રાખવી રે,
ગુરુ નિરાંતનો સિદ્ધાંત મારા વાલા.'

અને-

'સત્ગુરુ નરભેરામજ મળ્યા, નિજપદ પરખી ગાય,
કહે બાબુ આ સત્ય સમજ, હું તું ટળી જાય.'

નરભેરામજીના ગુરુ બંધુ મણીરાજ નિરાંત પરંપરામાં જે છે, તેને સર્વ ગુરુના વચનમાં રહેવાની શીખ આપે છે. -

'ઓ નિરાંત દેશકે વાસી, સબ ગુરુ કે વચન મેં રહેના,
ગુરુ કે વચનમૈ: રહેના, સબ ગુરુ કે વચનમેં રહેના,
સત્ય નામ ગુરુકા લેના, હૃદયમે ધ્યાન ગુરુ કા ધરના,
ધોખા દિલમેં નહીં ધરના, ઓ નિરાંત દેશ કે વાસી.'

અને-

'શબ્દરૂપ ધરીને બોલે, વાણીથી થયો રે વેવાર,
અક્ષરાતીત આપતું પોતે, સર્વેનો તું છે આધાર.'

તો, દાસ વજીર નિરાંત પરંપરાના અનુયાયી છે તેઓ લખે છે:

'વજીર ખુદા બીજો નથી, નુર ખુદા જુદો નથી,
મોરસદના અંતરમાં રહું છું, રે વહેદતમાં રહું છું.'

'શ્રી પુરૂષોત્તમ મણિપ્રકાશ' ગ્રન્થના લેખકમાં નિરાંત પરંપરાના અનુયાયીઓની વાણી સંગ્રહાયેલી છે. અ ગ્રન્થના લેખક મણિરામ છે. ને પ્રકાશક મણિરામ તેમજ કંચનભાઇ વસાવા છે. એજ રીતે એક બીજો ગ્રન્થ છે. તેનું નામ પણ જય નિરાંત-પુરૂષોત્તમ મણિપ્રકાશ છે. તેના લેખક મણિરામ મહારાજ અને પ્રકાશક તરીકે સુરત નિરાંત ભકત મંડળ છે. આ ગ્રન્થમાં પુરૂષોત્તમગુરુ ની વાણી, નરભેરામજીની વાણી, મણિરામની અને જુનાગઢ નિવાસી જયદેવ બાપુની વાણી સંગ્રહાયી છે. એજ રીતે ઈશ્વર અનુભવપ્રકાશ નિરાંત પરંપરાના અનુયાયીનો ગ્રન્થ છે. તેમાં અનેક ભકતોનસ રચનાઓ છે. સાહિત્યક રીતે તેનું મૂલ્ય અલ્પ છે. પણ સામાજિક જાગૃતિ તરીકે આ ગ્રન્થ મહત્ત્વનો છે. એજ રીતે બાળચંદદાસ જ્ઞાનપ્રકાશ બાળચંદરામ મહારાજનો ગ્રન્થ છે. તે નિરાંત પરંપરાને અભિવ્યકત કરતો ગ્રન્થ છે. એ જ રીતે ગડખોઇના અરજુન મહારાજ તો વિદ્વાનોને પણ પ્રિય છે. તે પણ નિરાંત દર્શન ને પ્રગટ કરે છે. નિરાંત સંપ્રદાયનું સાહિત્ય તેમના

અનુયાયી  ઓ દ્રારા વિપૂલ માત્રામાં પ્રગટ થયું છે. એજ રીતે જીવન મુકત પ્રકાશની પ્રથમ આવૃતિ ઈ.સ.૧૯૬૦ પ્રગટ થયેલ. આ ગ્રન્થ નિરાંત સંપ્રદાય ના ભકતજનો એ પ્રગટ કરેલ છે. વાલજી ઉગા ડાંગર આ ગ્રન્થના પ્રસિદ્ધકર્તા છે. આ ગ્રન્થમાં માલોસણાના પુરૂષોત્તમ મહારાજના પદ, મહાત્મા કાળુરામના પદ, સંત મગનરામ મહારાજના પદ, દજારામના પદ, વાલજીરામના પદ, સંત જયદેવભાઈના પદને બીજા અનેક નિરાંત અનેક નિરાંત સંપ્રદાયના અનુયાયીઓના પદ છે. આ સર્વ પદોા નિરાંત દર્શનને અભિવ્યકત કરે છે. આપણે આ પ્રકરણમાં જ બાળુરામ અને મગનરામની પંકિતઓ મૂકી છે. હવે જયદેવ મહારાજ અને વાલજી મહારાજ વિશે ટૂંકમાં જોઈશું-

શ્રી નિરાંત સંપ્રદાય ઉત્તર, મધ્ય અને દક્ષિણગુજરાત માં પ્રસરી ચૂકયો હતો. પણ સૌરાષ્ટ્રમાં આ સંપ્રદાય કેવી રીતે પ્રસર્યો એ જાણવું રસપ્રદ થઈ પડશે. રાકજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મોટી ચણોલ ગામમાં શ્રી વાલજીભાઈ ડાંગરનો જન્મ થયો. માતા ડાહીબેનને પિતાનું નામ ઉગાબાપા. મજુરીનો વ્યવસાય કરીજ જીવન નિર્ગમન કરે. માતા-પિતા ધર્મપ્રેમી અને સેવાભાવી હોવાથી પુત્ર વાલજીરામમાં પણ તેવા ગુણ ઉતર્યા. વાલજીરામને ધર્મ અને ઈશ્વરમાં ધણી શ્રધ્ધા ઘરમાં ગરીબાઈ હોવાથી વાલજીભાઈ અને તેના વડીલબંધુ અમદાવાદ વ્યવસાય અર્થે ગયા. ત્યાં તેઓની આર્થિક સ્થિતિ ધણી સારી થઈ. પણ બાળપણના ધર્મના સંસ્કાર એવાને એવાજ રહ્યા હતા. એટલે તેમને સતત એમ થતું કે શું કોણ ?ઈશ્વર શું છે ? આ જગત શું છે ?કેવી રીતે તનું નિર્માણ થયું ?વગેરે અનેક પ્રશ્નો તેના મનમાં થયા કર્યા. અંતે એણે ભગવા વસ્ત્રો ધારણ કરી અનેક ધર્માચાર્યોનો અનુભવ કર્યો. પણ ઈશ્વરની પ્રાપ્તિ થઈ નહીં. તીર્થયાત્રા, વ્રત, ઉપવાસ, કર્મકાન્ડ સતત કરતા રહેતા. તેઓએ દઢ નિર્ણય કર્યો કે મારે આ જન્મમાં જ ઈશ્વરના દર્શન કરવાં છે. તેથી શ્રીવાલજીરામ ને ત્રણ ગુરુ થયા હતા. અમદાવાદમાં તેમણે પોતાના નિવાસસ્થાને પાટ માંડયો. શ્રીભીમસાહેબની જગ્યા ના મહંત શ્રી જેરામદાસ ધનદાસને બોલાવી પોતાને ઉપદેશ આપવા વિનંતી કરી. શ્રી જેરામદાસે ઓહંગ-સોહંગ નો મંત્ર આપીને સ્મરણ કરવાનું કહ્યું. પણ સત્ય માર્ગ મળ્યો નહીં. રામેશ્વરના એક સંન્યાસીનો ભેટો થયો. વાલજીરામે ગુરુબોધ આપવા વિનંતી કરી, શ્રી સન્યાસીએ તેમને પદમાસન  બતાવ્યું ને નાભીથી પ્રણવાયુ ખેંચી સુનમાં રોકીને ત્રિકુટિમાં ધ્યાન લગાવવાનું કહ્યું, .......આવું ભજન  તેમણે ત્રણ વર્ષ કર્યુ પણ કાંઈ વળ્યું નહીં, હિમાલયના કેદારનાથ પાસે એક સાધુનો ભેટો થયો......સાધુએ આપેલા મંત્ર-તંત્ર છોડાવીને શ્વાસ-ઉચ્છ્વાસની ક્રિયા આપી. ને પ્રાણાયામ કરવાનું શિખવ્યું. આમ બારમાસ સુધી કર્યુ પણ પ્રભુ મળવાની આશા સફળ ન થઈ . ૨૧ શ્રી વાલજીરામ ઈશ્વરની સતત શોધમાં જ હતા. તેવામાં તેમને ઈ.સ.૧૯૫૦ માં કચ્છના વાગડમાં શ્રી દજારામ અધારામનો ભેટો થયો. તેમના સત્સંગથી

વાલજીરામને આનંદ થયો.દજારામે શ્રી વાલજીરામને પોતાના ગુરુબંધુ કાળુરામના પટ્ટશિષ્ય મગનરામનો પરિચય કરાવ્યો મગનરામે વાલજીરામને શિષ્ય તરીકે સ્વીકાર્યા વિક્રમ સંવત ૨૦૧૦ના આશોશુદી ૪ શુક્રવારે તેઓશ્રીને સત્‌નામની સમજણ આપી.અનામી નામ ઓળખાવ્યું સતત અધ્યાસ અને મનન ચિન્તન કરવાથી વાલજીરામને નિજનામ નું જ્ઞાન થયું.જ્ઞાન થયા પછી પણ ઘણા સંઘર્ષનો તેમણે સામનો કર્યો.કેમકે મૂર્તિપૂજાને લાગતા હોય છે.સમયે સમયે સંત મહાપુરૂષોને આ પ્રકારનો સામનો કરવો જ પડયો છે.શ્રી વાલજીરામના પાંચ પદ પ્રાપ્ત થાય છે.પણ આ પાંચ પદમાં પણ પરમને પ્રગટ કરવાની અભિવ્યકિત અભિનંદનીય છે.વાલજીરામ લખે છે:

સાખી:

'ઊંચ-નીચ એ જાણે નહીં,ઘટે ઘટ બોલે આત્મા,
બાલદાસ કહે કોઇ વિરલા જાણે,ઓળખે એના આપમાં.'

**:પદ:**

કોણ બોલે કોણ ચાલે,કોણ કહે વહેવારા,
કોણ કિસીકો કહેતા હે,કોન હે શબ્દકા સર્જનહારા,
શબ્દ શબ્દકાભેદકા,ઉન ભેદકા કરો નિસ્તારા,
આપ અનુભવી આત્મા,તો કોણ કરે વિચાર,
વિચાર કરકે કોણ ચાલે,આવે ને જાવે કરે વહેવારા,
આપ અનુભવી આત્મા,તો કહાં વસે કિરતારા,
કિરતાર કહેતા કોન કહાવે,કોન નામ નિરધારા,
નામ નિર્ગુણ કહાં વસે,કૌન હે બાવન બારા,
સાન સાજી ને કોણ ચાલે,કૌન ચલાવન હારા,
કોણ ગુરુને કોણ ચેલા,કૌન હે નાદ બુંદથી ન્યારા,
દાસ દીન પર દયાલાવી,ભેદ બતાવો સારા,
જાણ અજાણ નામ અનામી,જાણે જાણન હારા,
અમરબોલ હે આદ અનાદિ,સકળ જગકાએક સહારા,
ગુરુ ગમસે વોહી મિલત હે,વસ્તુ અપરંપારા,
વાલદાસ વસે વિશ્વમાં,ચણોલગામ હમારા,
નામઠામ એક નામ નિશાના,નામ સે હે સકલ વિસ્તારા.

- વાલજીરામ મહારાજ

શ્રી જયદેવ મહારાજનો જન્મ રાજકોટ જિલ્લાના પીપરડી ગામે થયો હતો. અટક સોંદરવા, પિતાનું નામ નાગજી ભાઈ અને માતા જેઠીબેન. પીપરડીમાંદતેઓનો પરિવાર મોટો છે. તેઓ ધર્મચાર્યો છે. તેમનો મૂળપંથ પાલનપીરનો બારામતીની ધાર્મિક વિધિ કરવી એ તેઓનું મુખ્ય કાર્ય અને ધર્મ. જયદેવભાઈ એ રાજકોટની કાપડ મીલમાં પણ નોકરી કરી છે. ત્યાં ઘણો સમય રહ્યા . પિતાનું મૃત્યુ થયું. પછી રાજકોટથી પરત પીપરડી આવ્યા. ને ફરી વખત પાલનપંથ નો ઉપદેશ આપવાનું શરૂ કર્યુ કારણકે ગર માતંગનો દિકરો એટલે બીજા ગરમાતંગનો દિકરો એટલે બીજા ગરમાતંગ વર્તન કરે એમ કરવું પડે. પોતાના પિતાશ્રીના શિષ્યોજે ગામમાં રહેતા, ત્યાં જઈ ધર્મોપદેશનું કાર્ય કરતા. જયદેવભાઈ સત્યપ્રિયને સ્પષ્ટવકતા હોવાથી પોતાના ધર્મમાં પાખંડ થતો જોઈએ તે સહન કરી શક્યા નહીં. ને અંતે પાલણપંથ ત્યજી દીધો. પીપરડી માંથી પરિવાર સહિત નીકળી પોતાના મામાશ્રના ગામ વિજાપુર આવી વસ્યા (આ વિજાપુર જૂનાગઢ ની તદ્દન નજીકનું ગામ છે. ) વિજાપુરમાં આવ્યા પછી પ્રભાતનાથ ને ગુરુ કર્યા. છતાં પરમતત્ત્વની પિછાણ ન થઈ ત્યારબાદ ગોંડલ તાબાના બાંદરા ગામના ઉગારામબાપાના શિષ્ય થયા. ઘણા વર્ષ સુધી ગુરુસ્મરણ કર્યુ. અહીં આગળ તેમના ઉપર ખૂબજ કસોટી થઈ. બાંટવા તાબાના ગામ સીતાણા માં તેમણે ધર્મ સંમેલન બોલાવ્યું. આ વિસ્તારમાં વીસા ધર્મીઓનો મોટો રાફડો ફાટયો હતો. જેથી ધર્મ ઘર્ષણ થયું. શ્રી જયદેવ ભાઈ માણસોને મુકત કરવા માગતા હતા. જયારે સામે પક્ષે ધર્મ ઢોંગમાં માનતા ધર્માચાર્યો પોતાની આજીવિકા તૂટતી જોઈને છંછેડાઈ ગયા હતા. સિતાણાના યુવાનો શ્રી જયદેવભાઈ ની પડખે ઉભા રહ્યા. અરે! સીતાણા એક જ નહીં પરંતુ આજુ બાજુના ઘણાં ગામડાઓ તેની પ્રેમભક્તિ ઉપર આક્ફ્રિન પોકારતા હતા.[૩૨]

ઉગાબાપાના પંથમાંથી શ્રી જયદેવ મહારાજ નીકળી ગયા. નિવાસી શ્રી વાલજીરામનો રાજકોટ તાબાના શાપર માં સવંત મેળાપ થયો. તેમની સાથે તેઓ મોટી ચણોલ ગયા. ત્યાં આગળ શ્રી વાલજીરામના ગુરુ શ્રીમગનરામ મહારાજ પધાર્યા હતા. ચૌદ દિવસ સુધી અખંડ સત્સંગ કર્યોને જયદેવભાઈ ની મનોકામના પૂર્ણ થઈ.

'જોતું હતું તે જડી ગયું, અખંડ અનામી નામ,
જયદેવ જ્યોતુ જાગીયુ, સભર ભર્યો નિજશામ.'

**: ૫૬ :**

'એવી વાલમ તે તો વેળાવાળી, નિપજ તારી નજરે ભાળી,
ચણોલ ગામ સોહામણુ રે, ત્યાં વાલા ઊગા છે નામ.
મસ્તગુરુ એને મગન મળ્યા, પુરી હૈયાંની હામ,
એવું ડાંગરનું ફૂળ દેખાણું, પિધું વાલા પ્રેમનું પીણું.'

'માણસો સર્વ મોજ ઊડાવે, ઊગ્યા સમજણના સૂર,
ચણોલ ગામે સત્સંગ કેરા, નીત નીત વરસે નૂર.
ચાલે સમાગમ સાંજ સબેરા, વરતાણા આનંદ લેરા.'

'ડંકોવાગે વાલમના નામનો રે, પ્રગટ એનું પ્રમાણ,
ભાણીમાતા એના ભેળા વસે, એને નથી તાણવાણ.
સેવા કરે એતો બહુસારી નીતિવાળા એવા નરને નાર.'

'દેશ સોરઠ ને જિલ્લો જૂનાગઢ, મુકામ વિજાપુર ગામ,
જેવું છે તેવું જ કહું છું, જયદેવ મારુ નામ.
દયાળુ વાલમને દીઠા, મગનરામ લાગે મીઠા.'

–જયદેવ મહારાજ.

'આત્મા નો અનુભવ વર્ણવતા શ્રી જયદેવ કહે છે:
અનુભવ નેત્ર ઉઘાડ્યાં અંતરના, સુરતા શબ્દમાં જઇ ભળે,
પિંડ બ્રહ્માંડ પર આપ બિરાજે, ઝળહળ ઝળહળ જ્યોત ઝળે.'

અને–

'અખંડ રહું મેં આપ એકિલા, અનહદ અપરંપાર રે,
બાહીર–ભીતર એક નિરંતર, લાગી રહ્યા ઝણકારા.'

જેને પોતાની પ્રતીતિ નથી તેને અજ્ઞાનતાનું અંધારું જ રહે છે. જયદેવ મહારાજ કહેછે:

'એવુ આપ નથી ઓળખાણું રે, અનુભવ વિના અંધારુ રહ્યું,
એવુ મન પછી મુંજાણું રે, અણધાર્યુ એવું થયું.'

વ્યક્તિને પોતાના સ્વરૂપની પ્રાપ્તિ અર્થે જયદેવ કહે છે:

'પોતાના પદને પારખી, પ્રેમે ઊતરવું પાર,
કોઈ કોઈનું નથી, સ્વાર્થી જગ સંસાર.
સ્વાર્થી વગ સંસાર, ચાર અવસ્થા છે સ્વપ્ના,
પછી મૂળનો કરવો વિચાર, છોડવી કૂડી કલ્પના.
જયદેવ કહે એવું જાણીને, નકકી કરવો નિસ્તાર,
પોતાના પદને પારખી, પ્રેમે ઊતરવું પાર.'

આ રીતે સૌરાષ્ટમાં શ્રી વાલજીરામ મહારાજ અને જયદેવબાપુ દ્વારા શ્રી નિરાંત સંપ્રદાય ની વિચારધારાપ્રસરી શ્રી જયદેવ બાપુ પૂર્વ જીવનમાં જયદેવ પીર કહેવાતા હતા. આજે પણ એજ નામે લોકો તેમને ઓળખે છે. શ્રી જયદેવ મહારાજનું ધમૃ પ્રદાન અનન્ય છે. સૌરાષ્ટના દલિત સમાજમાં ઘણી અંધશ્રધ્ધાઓ વહેમો અનેક દેવી-દેવતા ઓની પૂજા ને તદ્‌વિષયક અનેક પ્રકારની માન્યતાઓ હતી. શ્રી જયદેવ મહારાજ માત્ર પદ-ભજન લખીને બેસી નથી રહ્યા. સમાજની વચ્ચે જઈ તેમને સમજાવ્યા છે. સૌરાષ્ટ નો કોઈ પ્રદેશ તેમનાથી અજાણ નથી સમ્રગ સૌરાષ્ટ માં ફરીને તેઓએ નિરાંત દર્શન પ્રસ્તુત કર્યુ. સમાજમાંથી માન્યતાઓ-વહેમો ને કુરુઢિઓ ના દૂષણો ને દૂર કરવાનું શ્રેય શ્રી જયદેવપીર ને જાયછે. અતિ શ્યોકિત કર્યા વિના કહું તો સૌરાષ્ટના તેઓ નિરાંત મહારાજ છે. વિદ્યમાન જયદેવબાપુ આજે પણ સમાજ સુધારણાનું કાર્ય કરી રહ્યા છે. દલિત સમાજમાં નિરાંતસંપ્રદાય વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેના પાયામાં શ્રી જયદેવ મહારાજ છે.

## ◉ સિદ્ધાંત અને ઉપાસના પદ્ધતિ:

નિર્ગુણ માર્ગ ની પરંપરામાં શ્રી જિનરાંત મહારાજ પોતાનું જ્ઞાન પ્રગટ કરે છે. સંતવાણીમાં પિંડે સો બ્રહ્માંડે એમ કહેવાયું છે. એટલે પરમતત્ત્વની શોધ બહાર નહીં પણ ભીતર કરવાની વાત સંતોએ કરી છે. ને એ જ્ઞાન પ્રાપ્ત કરવા સંતવાણીમાં અનુભવ ઉપર વિશેષ ભાર મૂકયો છે. શ્રી નિરાંત મહારાજ એવા અનુભવી સંત હતા. એમ તેમની વાણીને આધારે કહી શકાય. તેમણે કહ્યું:-

'અનુભવ એવો રે, અંતરે જેને ઉદય થયો,
કૃત્ય ટળયા તેનારે, જેણે તેનો આત્મા લહયો.'

આમ અનુભવ દ્વારા આત્મદર્શન થયા પછી કોઈ આવરણ રહેતુ, નથી પછી તો તે-

'સર્વાતીત ને સર્વનો સાક્ષી, ખટવીશમો નિરધાર,

તેથી પર પોતે રે, એકાએકી આપ રહયો.'

આ પ્રકારનું દર્શન થતાં સર્વ દ્રન્દ્રો નો અંત આવે છે. શ્રી નિરાંત મહારાજનો આ સિદ્ધાંત રહ્યો છે. પરમતત્ત્વને કોઇ રંગરૂપ કે આકાર નથી. તે નામ રૂપથી પર છે. ને તે બીજો કોઇ નહીં પણ પોતે જ રહેલો છે. શ્રી નિરાંત લખે છે:

'સર્વની માહેંને સર્વથી ન્યારો,

સર્વના પ્રેરક પોતે રે.'

જીવ - શિવથી પણ જે પર છે. તે પદ વિશે કહે છે.

'નીરખીર બે મળ્યાં એકઠાં, નોખાં કરે તે હંસ,

જીવ - શિવની પર જે પદ છે, નવ નરખે બગવંશ.'

જે પરમહંસ છે તે પરમપદને પ્રાપ્ત કરે છે. કારણ એ છે કે અજ્ઞાન જ સર્વદુ:ખનું કારણ છે. અજ્ઞાન થી જ પાપ - પૂણ્ય, દાન - દક્ષિણા, તીર્થાટન, પૂજા - વિધિ ને આત્મા - પરમાત્માના ચકકરમાં જીવ ફસાઇ છે. શ્રી નિરાંત મહારાજ કહે છે કે -

'મનવાણીથી પર પરમેશ્વર, નિર્વાણી પદ નિરખો રે,

સર્વાતીત અને સર્વની માંહે છે, સચરાચરમાં સરખો રે.'

આ રીતે પરમતત્ત્વ મનાતીત ને શબ્દતીત છે. વાણીરહિત તેને જાણી શકાય છે. પરમતત્ત્વ સર્વાતીત છે. ને સર્વેની ભીતર પણ છે. અચરાચરમાં અનુભવનો વિવેક કરીને તેનું દર્શન થઇ શકે. એ રીતે રી નિરાંત મહારાજનો સિદ્ધાંત સગુણ - નિગુર્ણ એવાં જે પદ છે, તે પદથી પણ જે પર નું પરાપરાનું અર્થાત પોતાના સ્વરૂપનું પદ તેમનો સિદ્ધાંત રહયો છે. શ્રીનિરાંત મહારાજનું પ્રતિપાદ છે કે સર્વ શાસ્ત્રો નો જે સાર છે તે દેહ છે.

તેઓ લખે છે:

'વેદાંતને વાંચીને, સિદ્ધાંતને સહી કરો રે,

સર્વોનું સિદ્ધાંત દેહ કહેવાય.

દેહરહિત દરશ્યો રે, દેહ માં અત્યારે,

આત્મપરમાત્મા એક થાય.'

આમ કહી તેઓ માત્ર શુષ્કજ્ઞાનની જ હિમાયત નથી. કરતા પણ જયાં સુધી પ્રેમતત્ત્વ પ્રગટ થતું નથી ત્યાં સુધી પરમતત્ત્વ દૂર જ છે. તેઓ લખેછે:

'નેહ વિના હરિ નવ મળે, કરીએ કોટિ ઉપાય,

બીજા સાધન આદરે, હિરદું શુદ્ધ ન થાય.'

આત્મજ્ઞાન માટે ગુરુનું શરણું અનિવાર્ય છે. કેમકે ગુરુવિના જ્ઞાન ન થાય ત ે મ સંતવાણીનું પણ પ્રતિપાદન છે. નેજ્ઞાન-વિના મુકિત-મોક્ષ મળે નહીં. નિરાંત દર્શનમાં મૃત્યુ પછીના મુકિત-મોક્ષ-મુકિત મળે નહીં. નિરાંત દર્શનમાં મૃત્યુ પછીના મોક્ષ-મુકિતની વાત નથી પણ જીવતાં જ સર્વ દુ:ખોને ઉપાધિ રહિત થવું તે ઉપનિષદમાં યાજ્ઞવલ્કયે કહ્યું છે. કે, આત્માને જાણ્યા પછી આ જગતમાં કશું જ જાણવાનું શેષ રહેતું નથી. શ્રી નિરાંતનું પણ એજ પ્રકારનું દર્શન રહ્યું છે. પરમતત્ત્વની પ્રાપ્તિ પછી શું ? તો, શ્રી નિરાંત લખે છે:

'ઓળખીને અંતરમાં લાવો, પ્રેમે પકડી રાખો રે,
અરધ ઉરધના ઘાટમાં ભાઈ, અચવ્યો એ રસ ચાખો રે.'

પરમતત્ત્વની પ્રાપ્તિ માટેનો માર્ગ બતાવતાં કહે છે:

'સાચી સદ્‌ગુરુની સાધના ,
બીજું તે આળપંપાળ.'

શ્રી નિરાંત મહરાજે વૈરાગ્ય અને ભકિત ઉપર વિશેષ ભાર મૂકયો છે. એજ રીતે સદ્‌ગુરુની પણ મહત્તા ગાઈ છે.

'બિના ખેવટ કોઈપાર ના પાવે, બિનાનાવ બૂડે તરતાં,
નિરાંત નામ નાવ ચઢ પાવે, સહેજે ભવ સરતાં.'

સંતસંગત વિશે કહે છે:

'સંતોની સંગતને, મરણે ના મૂકીએ રે,
ચૂકીએનાચાર દિવસનો લાહાવ,
માટે મન રાખો રે, સંતોમાં મળ્યું રે,
વિલંબના કરશો, આવ્યો દાવ.

-નિરાંત

શ્રી નિરાંત મહારાજ સિદ્ધાંતમાં VHFTJFNL હતા. એમ એમના ભજનો ઉપરથી પ્રતીત થાય છે. -

'મૂળ જોતા તે વસ્તુ એક છે, તાણોવાણો તે વસ્ત્ર અનેક છે,
ભિન્નભાવ નિરાંત ન નરખીએ, ગ્રહીનામ હરિનું હરખીએ.'

'કંઇએ નહીં ને સર્વસ્વ તેનું, વૃક્ષબીજ છે જેવું,

પરાપાર પારખો રે, વેદે વેદે G[lTG[lT કહ્યો.'

સારાંશ એ છે કે એક અનંતા દ્વૈત પરમતત્ત્વ જ સત્ છે અને બીજું બધુંયે અસત્ છે. કિંવા વસ્તુમાં મધ્યવ્યકત છે.[૭૭] (ગુજરાતના આધુનિક સંતો)

એજ રીતે -

નિરાંત અને તેમના શિષ્ય બાપુ સાહેબ ગાયકવાડ જીવણદાસના જીવન-કવનથી પરિચિત હતા. બન્ને અખાના નિર્ગુણવાદ અને શંકરાચાર્યના કૈવણ દ્વૈતના સિદ્ધાંતના હતા.[૩૦૦]

(મધ્ય.ગુજ.સાહિ.જ્ઞાનમાર્ગી ડો.બહેચરભાઇ પટેલ)

નિરાંત મહારાજ દેહમાંજ પરમતત્ત્વના દર્શન કરવાની વાત કરે છે. માનવદેહ સર્વ અવતારોમાં શ્રેષ્ઠ છે. તેવું તેઓ વારંવાર કહે છે. લખે છે:

'તું કોણ છે, તન તારું જો ને તપાસી,

પાંચ તત્ત્વનું પૂતળુ બન્યું છે.

માંહે અગુણ તત્ત્વ નિવાસી,

પાંચની આદ લેઇ ગણીએ અઠાવી,

એટલામાં આપ ઓળખાસી.'

અને-

'મનુષ્ય દેહનો મમર્મ ન જાણો,

એવા નર અભાગી.'

આ પ્રમાણે દેહ માં જ પરમતત્ત્વ રહેલું છે. પણ અજ્ઞાનતા ના આવરણથી તે દેખાતું નથી. અજ્ઞાન દૂર થતાં પરમની પ્રાપ્તિ થાય છે. ને તે ગુરુદ્વારાજ ઉપલબ્ધ બને છે. મનુષ્યનો દેહ પાંચતત્ત્વને ત્રણગુણનો બનેલો છે. ને તેની પચ્ચીસ પ્રકૃતિ છે. એ રીતે પંચીકરણ કરવાથી મનુષ્યને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે. પોતે જ આ સૃષ્ટિની રચના કરી છે. ને પોતેજ તેમાં વિલસે છે. તે પ્રકારનું નકકર જ્ઞાન તેને પ્રાપ્ત થાય છે. જયાં સુધી ભિન્ન ભાવ છે. મારા-તારાની ભાવના છે. ત્યાં સુધી દ્વંદ્વ છે. અજ્ઞાન છે. તત્ત્વનું જ્ઞાન થયા પછી સદ્‌ગુરુ ભીતર પ્રગટે છે. પછી તેને કોઇ પ્રકારની દ્વિધા રહેતી નથી. શ્રી નિરાંત મહારાજનું આ દર્શન રહયું છે.

શ્રી નિરાંત સંપ્રદાયની ઉપસના પદ્ધતિ નિર્ગુણની છે. આ નિર્ગુણ ઉપાસના ઉપનિષદોમાં ને કબીરમાં જોવા મળે છે. તે પ્રકારની છે. ગુજરાતમાં અખા અને દાદૂદ્વારા પ્રવાહમાન બનેલ. નિર્ગુણ ધારા શ્રી નિરાંત મહારાજે અપનાવી છે. તેમના પદોમાં આલેખાયેલો નિર્ગુણ બ્રહ્મ

ભારતીય નિર્ગુણ પરંપરામાં મૂળ સુધી જાય છે.શ્રી નિરાંતમાં સાકાર ઉપાસના નથી.પણ નિરાકારની રહી છે.નિર્ગુણ નિરાકાર પરિબ્રહ્મ સર્વત્ર વિલસે છે.સચરાચરને સર્વ વ્યાપક સળંગ સુત્ર એક તાર છે.તેથી અભિન્ન છે.એ રીતે અદ્વૈત છે.પરંપરા શ્રી નિરાંત મહારાજની છે.નિરાંત સંપ્રદાયમાં ગુરુ પૂજા થાય છે.ગુરુનેજ આરાધ્ય દેવ માનવા માં આવે છે.આ સંપ્રદાયમાં ગુરુની મહત્તા વિશેષ છે.ને પૂર્વે થયેલા સંતો ને સદ્ગુરુ રૂપે ભજવામાં આવે છે.

શ્રી નિરાંત સંપ્રદાયમાં જ્ઞાન ગાદીની પરંપરા રહી છે.ગુરુને પરમાત્માનો દરજ્જો આપવામાં આવે છે.કેમકે ગુરુ ભકિતની સાન આપે છે.ને બંધન મુકત કરે છે. તેથી પ્રથમ વંદન ગુરુને કરવામાં આવે છે.આ સંપ્રદાયના અનુયાયીઓ જયારે એક બીજાને મળે છે ત્યારે જયગુરુ મહારાજ એમ બોલે છે.એટલે ગુરુ મહિમાં આ પરંપરામાં જોવા મળે છે.સંતોને પરમતત્ત્વના રૂપમાં જોવે છે.ને સંત્સંગનો મહિમા આ પરંપરામાં વિશેષ છે.નિરાઃત સંપ્રદાયમાં ધોળ અને ભજન ગાવાની પરંપરા આજ સુધી અખંડિત રહી છે.ભજન ગવાઇ રહે પછી સતસંગમાં તેનું વિવરણ કરવામાં આવે છે.ને એ રીતે આધ્યાત્મિક જ્ઞાન આપવામાં આવે છે.સતસંગમાં કોઇ પરંપરા સાથેનો વિરોધ જોવામાં આવતો નથી.સગુણ કે નિર્ગુણ કોઇ પણ પરંપરા હોય.તેના પ્રત્યે સહિષ્ણુતા દાખવવામાં આવે છે.ભારતીય આધ્યાત્મ પરંપરામાં થયેલી કે થઇ ગયેલી કોઇ પણ વ્યકિતના પદ કે ભજનની પંકિતઓના ઉદાહરણ પણ આપવામાં આવે છે.ટૂંકમાં આ સંપ્રદાય માનવતા વાદી રહયો છે.

નિરાંત સંપ્રદાય ઉપર કબીર,અખો,નરસિંહ અને ઈસ્લામના સૂફીવાદનો પ્રભાવ પડયો છે.નિરાંતના પદો અને સાહિત્યનો અભ્યાસ કરતા એમ પ્રતીત થાય છે.

શ્રી નિરાંત મહારાજે નામભકિતની ઉપાસના પદ્ધતિ આપી છે.શ્રી નિરાંતની નામ ભકિત એટલે નિજ નામ-અર્થાત્ પોતાનું સ્વરૂપ.પોતે જ પોતાને જાણવો એ નામ ભકિત.આ નામ તે અનામ છે.તે નામ,રૂપ,ગુણ સહિત પરિબ્રહ્મ છે.ગુરુદ્વારા તેની પ્રાપ્તિ થાય છે.આત્માની પ્રતીતિ થાય પછી કોઈ બીજા પરમાત્માની સાધના કરવાની રહેતી નથી એ પ્રકારની સાધના ધારા શ્રી નિરાંત મહારાજની રહી છે. આત્માની ઓળખ કરાવવા માટે આ સંપ્રદાયમાં જુકિત-મુકિત નો પાટ ભરવામાં આવે છે.તેને ગુરુ ગાદી પણ કહેવામાં આવે છે.ગુરુ જે સ્થળ પર બેસી ઉપદેશ કરે તે ઉપદેશ કરવાની વિધિ કે સ્થળને ગુરુગાદી કહેવામાં આવે છે.કેટલાક તેને જ્ઞાન ગાદી પણ કહે છે.

## ◉ ગુરુગાદીમાં વપરાતી સાધન સામગ્રી :

(૧) શ્રીફળ

(૨) સાકર

(૩) ફળ( ઋતુ પ્રમાણેના )

(૪) ફૂલ( ઋતુ પ્રમાણેના )

(૫) ૩ મીટર કપડું (કોઈ પણ કલરનું)

(૬) જયોત -અથવા મીણબતી

(૭) મુખવાસ

(૮) કોઈ પણ દેવની છબી

(૯) સ્વચ્છ મકાન અથવા ઓરડો

(૧૦) અગરબત્તી

ગાદીની વસ્તુને પ્રતિક ગણી તેના દ્વારા શિષ્યોને બોધ આપવામાં આવે છે.સમજણ આપવામાં આવે છે.

## ◉ વિધિ વિધાન:

આ ગાદી ત્રણ પગથિયાની બનાવવામાં આવે છે.ત્રણે પગથિયાને પ્રતિક ગણી, ત્રણે પગથિયાને નામ આપવામાં આવે છે.નામ,રૂપ અને ગુણ.બન્ને બાજુ ફળ રાખવામાં આવે છે.પહેલા પગથિયે જે કોઈ પણ દેવ હોય તેની છબી રાખવામાં આવે છે.ને બીજા પગથિયે ફૂલ રાખવામાં આવે છે,ફળ રાખવામાં આવે છે.ત્રીજા પગથિયે જયોત રાખવામાં આવે છે.દાબી અથવા જમણી બાજુએ ગુરુનું સ્થાન એટલે કે બેઠક બનાવવામાં આવે છે.જે ગામમાં આ ગાદી રાખવામાં આવે છે તે ગામમાં એક દિવસ અગાઉ આ બધી વ્યવસ્થા તેના શિષ્યો દ્વારા કરવામાં આવે છે.એક અલગ ઓરડામાં આ બધુ ગોઠવવામાં આવે છે.જે લોકો ઉપદેશ લેવાના હોય તેના નામ ગાદી કર્યા પહેલા તેના ધર્મગુરુને આપવામાં આવે છે.ત્યાર બાદ રાત્રીના સમયે લગભગ દશ વાગ્યાની આસાપાસ જેલોકો ઉપદેશ લેવાના હોય તેને બોલાવવામાં આવે છે.જે ઓરડો નકકી કરર્યો હોય,ત્યાં બધા એકત્ર થાય ત્યાર બાદ ગુરુનું આસન થાય બધા પોતાના બન્ને હાથ પહોળા કરી છાતીએ અડાડી,થોડા નામી ગુરુનો આદર્શ સત્કાર કરે છે.ત્યાર બાદ ગુરુ જયોત પ્રગટાવે જે લોકો ઉપદેશ લેવાના હોય તેને આગળ બેસાડે છે.ને બોધ આપવાની શરૂઆત કરે છે. [૩૫/૧૦]

## ◉ ગુરૂને ચરણે મસ્તક ધરવું :

શ્રીફળને મસ્તકનું પ્રતીક ગણવામાં આવે છે.એટલે કે આ સત્ય સમજવા માટે જે મરજીવા છે,એ પોતાનું મસ્તક ઉતારતાં પણ અચકાતા નથી.તેવા લોકો જ આ વસ્તુને પચાવી શકે.કારણકે ગંગાસતી કહે છે:

'જયાં લગી લાગ્યા ભાગ્યાની ભે રહે મનમાં,
ત્યાં લગી ભગતી ન થાય.'

-ગંગાસતી

એટલે પ્રથમ મસ્તક ગુરુના ચરણે ધરવું.માન, બડાઇ,મોટાપણું, ધણીપણું છોડી દેવું.સતી લોયણ કહે છે:

'જી રે લાખા ધરમ કરો તો તમે ધણી પણું મેલોજી,
તમે ગુરુ ચરણે ચિત્ત ધારો હાં....'

-લોયણ

એટલે બધા શ્રીફળ રૂપી મસ્તક ગુરુ ચરણે ધરે કારણકે આ વસ્તુ કોઇ મફતમાં નથી મળતી જોગી,મુનિ,સાધકે,આરાધકે આને માટે કિંમત ચૂકવવી પડે છે.

'હાટે બેઠા સદ્ગુરુ મોટા શેઠિયા,
માથા સાટે આપે છે માલ;
હાલોને ગુરૂજીના દેશમાં.'

-જયદેવ મહારાજ

## ◉ તન,મન,ધન ગુરુને અર્પણ:

ત્યાર બાદ ગુરુ તન,મન અને ધનની માગણી કરે છે.તમામ શિષ્યો જેબોધ લસવા બેઠા હોય,તે તન,મન અને ધન ગુરુ ચરણે ધરે છે.પછી દરેક શિષ્યોને પ્રશ્ન પૂછવામાં આવે છે.તમે શા માટે અહીં આવ્યા છો?તમારે શુ જોઇએ છે ?ત્યારે અમુક પોતાની જિજ્ઞાસા બતાવે છેતો, કોઇ મૌન રહે.કારણકે આ બધુ નવીન લાગવાથી તેઓ નિરીક્ષણ કરતાં હોય છે.ત્યાર પછી એક દૃષ્ટાંત આપવામાં આવે છે.તમે દુકાને માલ લેવા જાઓ છો.તે દુકાનમાં જીવન જરૂરિયાતની દરેક વસ્તુ પડી છે.તમે દુકાને જઇ પૈસા આપી ઊભા રહો છો.તો,દુકાનદાર તમને શું આપવાનો હતો! દુકાનદાર તમને તરત પૂછવાનો કે તમારે શું જોઇએ છ?એટલે તમારે જે વસ્તુની જરૂર છે.તે તરત કહેવાના.ને દુકાનદાર તમને તે વસ્તુ આપવાનો.એમ ,તમે અહીં આવ્યા છો તો શા માટે આવ્યા છો?ભલે આવ્યા પણ તમારે શું જોઇએ છે?શું મેળવવા માટે આવ્યા છો?કારણ શુ છે?કારણ છે

તો, નિવારણ છે. ત્યારે બધા શિષ્યો એક પછીએક પોતાને શું જોઈએ છે. ને શામાટે આવ્યા છે તે જણાવે છે. બધાની જિજ્ઞાસા જાણ્યા બાદ ગુરુ થોડો વિરામ રાખે છે. બધાને અંદરો -અંદર ચર્ચાનો મોકો આપે છે. ત્યાર બાદ એક પછી એક ને એમ ક્રમશ: બોધ આપવાની શરૂઆત કરે છે. ઉદાહરણ તરીકે કોઈ શિષ્ય એમ કહે કે મારે સત્ય સમજવું છે તો કોઈ કહે છે કે મારે કૂળદેવના દર્શન કરવા છે. આવી તો અનેક જિજ્ઞાસા હોય છે. ને વ્યકિત-વ્યીકતએ અલગ-અલગ હોય છે. દા.ત કોઈ જિજ્ઞાસુ એમ કહે કે મારે કૃષ્ણ ને સમજવા છે. ત્યારે ગુરુ સવાલ કરે કે -તારે ફકત કૃષ્ણ ને સમજવા છે કે જોવા પણ છે?કે સાથે જાણવા પણ છે? ત્યારે બધાજ શિષ્યા હા પાડે છે. અહીં થી ગાદીની અથવા ઉપદેશની શરૂઆત થાય છે.

**ઉપદેશ :**

ગુરુ : જો ભાઈ આ તારી સામે છબી છે એ કોની છે ?

શિષ્ય : કૃષ્ણ ભગવાન ની.

ગુરુ : તો તે કૃષ્ણ ભગવાનને જોઈતો લીધાને ?

શિષ્ય : હા .

ગુરુ : જો બરાબર જો જે, તે કૃષ્ણ ભગવાન જ છે ને ?

શિષ્ય : હા કૃષ્ણ ભગવાન જ છે.

ગુરુ : જો ભાઈ આ કૃષ્ણ એ શું છે ?

શિષ્ય : નામ છે.

ગુરુ : હા, બરાબર, નામ પછી, આતું જે છબી જોઈ અને ઓળખ્યો તે શું છે?

શિષ્ય: રૂપ છે.

ગુરુ : હવે આ કૃષ્ણ ભગવાને જે કાર્યો કર્યા: અથવા આ છબી ને તું પૂજામાં મૂકે છે. એમ શા માટે કરે છે?

શિષ્ય: તે એના ગુણ છે.

ગુરુ : જો ભાઈ, આ વિશ્વમાં એવી કોઈ વસ્તુ અથવા પદાર્થ નથી. કે જે આ ત્રણ વસ્તુ થી પર હોય. નામ, રૂપ અને ગુણ.

આમ મુખ્ય ત્રણ પગથિયાં નામ, રૂપ અને ગુણ ઉપર સમજ આપવામાં આવે છે. અહીં સુધી બોધ કર્યા પછી. પ્રથમ મુદ્દો આવે છે. નામ શું છે ?

**નામ :**

જ્યારે તમારો જન્મ થાય ત્યારે રૂપ અને ગુણ સાથે જ હોય છે.ને બીજું જાતિ નકકી હોયછે.કા સ્ત્રી અથવા પુરુષ.જન્મતાની સાથે જ કહેવામાં આવે.દિકરી જન્મી અથવા દિકરો જન્મ્યો.ગુણ તો અંદર સમાયેલા જ હોય છે.સારાં અને નરસા બન્ને.આટલી સમજ આપ્યા પછી ગુરુ નામ ઉપર આવે છે.

ગુરુઃ આ નામ કયાંથી આવ્યું ?

જ્યારે તમારો જન્મ થયો.ત્યારબાદ છઠ્ઠા દિવસે છઠ્ઠી આવે ત્યારે તમારી જ્ઞાતિ મુજબ ફોઈબાએ તમારુ નામ આપ્યું.

શિષ્યઃ હા બરાબર.

ગુરુ : પણ આ નામ તો તમારું છઠ્ઠા દિવસે આપવામાં આવ્યું છે.તો એ પહેલાંના એટલે કે છ દિવસ પહેલાનો હતો તે કોણ ?

શિષ્યઃ કશું બોલતો નથી.કારણ કે ત્યારે તો તે અનામ હતો.

ગુરુઃ હાલ જે તમારું નામ છે.એતો તમારા શરીરનું નામ છે.ને તે આપણી એક સામાજિક વ્યવસ્થા પ્રમાણે તમારી ઓળખાણ માટે આપવામાં આવેલું નામ છે.

આટલું સમજાવ્યા પછી એક દષ્ટાંત આપવામાં આવે છે–

કોઈપણ જાહેર સ્થળ ઉપર થૂંકદાની મૂકવામાં આવે ત્યારે પ્રથમ તો તે ચોખ્ખી હોય છે.સૌ પ્રથમતો તેને આકાર ન હતો.તે ફકત પતરાંની એક પેટી હતી.પણ ત્રણ પાયાવાળી એક ઘોડી વચ્ચે મૂકીને જાહેર સ્થળ ઉપર મૂકવામાં આવી એટલે પ્રથમ જનામ પડયું થૂંકદાની જે એનો આકાર થયો તેનું રૂપ છે.ને કરારો સંગ્રહ કરવો તે તેનો ગુણ છે.છતાં પણ ભીંતમાં આ થૂંકદાની સ્વચ્છ છે.ત્યાર બાદ તેમાં પાનની થૂંક,કચરો અને વિવિધ ખાદ્ય સમગ્રી નાંખી.આ થૂંકદાની એટલી ગંદી કરવામાં આવે છે કે,એ થૂંકદાનીમાં થૂંકવાની હિમ્મત ન થાય.ત્યાં સુધી ગંદી બનાવી દેવામાં આવે છે.

એ રીતે આપણા ખોળિયાંને (શરીરને)એટલું ગંદું બનાવવામાં આવે છે.પ્રથમ નામ નાખ્યું.ત્યારબાદ નાત, જાત, અટક, કૂળદેવ, પીર, ગ્રહ, પનોતી, શુકન-અપશુકન, પંચક, દિશાશૂળ, માનબડાઈ, સત્તા, ડીગ્રી, બાપુપણું, ભગતપણું, નર્ક, સ્વર્ગ, જન્મ, મરણ, ચોર્યાશીફેરા, દારુ, જુગાર, ચોરી, જારી (વ્યભિચાર)હિંસા, તમાકુ, બીડી, ગાંજો, ભાંગ અને અનેક જાતના આડંબરો નાખ્યો.એમ રોજ પેલી થૂંકદાની માફક આપણું માસ આવા કચરાથી ભરાતું ગયું.આવા પ્રકારનો કચરો ભરાવાથી જે મૂળ અસલ નામ છે.તે ઢંકાઇ ગયું.એટલે તો

કબીર કહે છે:

'પાંચ પચ્ચીસકે જધડેમે,
હીરો ખોવાણો કચરો મે.'

પણ આ બધાં જ વિશેષણો,આવરણો દૂર થતાં જે શેષ વધે તે અનામી નામ. નામ, રૂપ, ગુણ થી પર જે છે તે જ આ અનામી નામ આ નામ નો જ મહિમા ગાયો છે.નામ અથવા શબ્દને સાધન છે.જે વડે જીવ, મન અને માયાના મંડળ તથા જન્મ મરણના ચકકર માંથી મુકિત મેળવી શકે છે.કબીર કહે છે કે,નામ તે મજબૂત નૌકા છે.જે જીવન સંસારનો તોફાની સાગર પાર કરી પ્રભુની સાથે મેળવે.નામની આ નૈકાનું નિર્માણ સ્વયં સુપરત કરી દીધું છે.જેઓ ડામાડોળ મનની સાથે નામને પકડવાની કોશિષ કરે છે.તેમના હાથમાં કશું આવતું નથી.ને તેઓ અગાધ સમુદ્રની અંદર ગોથાં ખાઇ છે.જેઓ સદ્ગુરુને ઓળખી લઈ તેમનું શરણ સ્વીકારે છે.તેઓ નિર્મળગતિ પ્રાપ્તિ કરી લે છે.પરંતુ જેઓ તેમને ઓળખતા નથી તેઓ પોતાની વાસનાઓના અગ્નિમાં કૂદાની માફક બળીને ભસ્મ થઈ જાય છે.જેમકે -

'સિરજનહાર નઉ છુ તેરા,ભૌસાગર તિરિબેકું ભેરા,
જે યહું ભેરા રામ ન કરતા,તો આપે આપ અવરિ જગ મરતા,
રામ ગુસાઇ મિહર જું કિન્હા,ભેરા સાજિ સંતકો દીન્હા.'

(સંતકબીર પૃ.૧૨૦ )

આ નિજનામનો વિશેષ મહિમા ગાતાં કબીર કહે છે: -

'આદિ નામ પારસ અ હૈ,મન હૈ મેલા લોહ,
પરસત હી કંચન ભયા,છૂટા બંધન મોહ,
આદિ નામ નિજ સાર હૈ,બુઝિ લે હું સો હંસ,
જિન જાન્યો નિજનામકો,અમર ભયો સો બંસ,
આદિ નામ નિજ મૂલ હૈ,ઐાર મંત્ર સબ ડાર,
કહત કબીર નિજનામ બિનું બૂડી મુઆ સંસાર.'

- કબીર

નામનો મહિમા ગાતાં નિરાંત મહારાજ પણ આજ વાત કરે છે:

'પોતે પોતાનો કરવો વિચાર,નિરખી નિજ નામ ને,
ભૂલ્યો શીદ ભમે તું આ ભવ વિશે,નથી નામ સમોવડ સાર,
કરે જપ,તપ,જોગ,આરાધના,કરે કરણીના કોટિ ઉપાય.' -નિરાંત

'ગુરુ જ્ઞાને આતમ ઓળખાશે, હરિ હીરો વીંધાશે,
અનામી નામ ભેળા થાશે, કે ઠરવાનું ઠામ.'

-નિરાંત

'સુધા પીતાં અમરપદ પામીએ, કોટિ કલ્યાણથી અધિકાય,
જન નિરાંત મહિમા નામનો, નેતિ નિગમ નિરંતર ગાય.'

-નિરાંત

આમ, આવા સંતો-મહંતોના સત્વચનનું સિંચન કરી મુમુક્ષુજીવને નિજનામ ની ઓળખાણ કરાવવામાં આવે છે. ગળતીરાત, ઢળતીરાત, ત્રીજો પહોર બેસવાની તૈયારી છે. હવે જિજ્ઞાસુ નિરંતર સ્વચ્છ અને નિરાલંબ બનતો જાય છે. બસ હવે એક સાનરૂપી ઈશારાની જ જરૂર છે.

જ્ઞાનદીક્ષા :- (ત્રણ પ્રશ્નો)

હું કોણ છું ?
હું કયાંથી આવ્યો ?
હું કયાં જવાનો ?

જેમ કૃષ્ણ એક નામ છે. એમ તારું પણ એક નામ છે. તારું નિજનામ એ જ તું પોતે સંત મૂળદાસ કહે છે.

'તું આપે છો આતમરામ રે,
હાલે ખબરવિના ખોળતો,
મૃગલો મોયો માયા કેરી માંયરે,
હીંડો ઝાંઝવાના નીર ડોળતો.'

-મૂળદાસ

તું જ ઈશ્વર, તું જ પ્રભુ છે. પણ જે નામ રૂપ ગુણ થી ન્યારો જે બહાર ભીતર એક જ છે. તે અનામી નામ તું પોતે જ છે. આપણો નરસિંહ પણ કહે છે:

'ઘાટ ઘડયા પછી નામ-રૂપ જૂજવા,
અંતે તો હેમનું હેમ હોયે.'

-નરસિંહ

'હું કયાંથી આવ્યો અને કયાં જવાનો ?
જહાં સે ઉપના વહાં સમાયા.'

આ શરીરનો નાશ થાય છે. પરમ ચેતન તત્ત્વતો અમર છે. આદિ અનાદિથી છે જ. વેદ પણ કહે છે નેતિ-નેતિ.

જેમ પાણીનો ઘડો પાણીમાં હોય. ત્યારે અંદર પણ પાણી અને બહાર પણ પાણી છે. તેમ આ શરીરમાં ભીતર પણ તું અને બહારપણ તું. વચ્ચેથી શરીર હટી જાય ત્યારે બસ- જહાં સે ઉપના વહાં સમાયા: -જેવી સ્થિતિ થાય છે.

રવિ-ભાણ પરંપરાના સંત રવિસાહેબ આભેદ ઉકેલતાં એમની મર્મીવાણીમાં સાત સમજાવતાં કહે છે:

'આ કોણે બનાયો પવન ચરખો ?
તમે નૂરતે-સૂરતે નિરખો.
એના ઘડનારાને પરખો,
આ કોણે બનાયો પવન ચરખો ?
આવેને જાવે, બોલે બોલાવે, જયાં જોઉં ત્યાં સરખો,
દેવળે દેવળે દેવે હોંકારા, પારખ થઈને પરખો. આ.
ધ્યાનકી ધૂનમે જયોતિ જલત હે મિટયો અંધાર અંતરકો,
ઈ અજવાળે અગમસૂઝે, ભેદ જડયો ઉન ઘરકો. આ.
પાંચ તત્ત્વ કા બનાયા ચરોા, ખેલે ખરો હુન્નરકો,
પવન પૂતળી રમે પ્રેમસે, જ્ઞાની હોકર નીરખો. આ.
રવિરામ બોલ્યા ને પડદા ખોલ્યા, મેં ગુલામ ઉન ઘટકો,
ઈ ચરખાની આશ મ કરજો, ચરખો નંઈ રિયે સરખો. આ.
એના ઘડનારા ને તમે પરખો,
તમે નૂરતે-સૂરતે નિરખો.
આ કોણ બનાવ્યો પવન ચરખો ?' -રવિસાહેબ

આ કોણે બનાવ્યો પવન ચરખો ? રવિસાહેબનું રૂપક પ્રકારનું ભજન છે. માનવદેહને પવનચરખાનું રૂપક આપી આ કાયા રૂપી પવન ચરખાનું રહસ્ય સમજાવ્યું છે. આ દેહ રૂપી ચરખો કોણે બનાવ્યો હશે ? તમે એક ચિત્તે થઈને ચરખાના રહસ્યને સમજવા પ્રયત્ન કરો આવા અદ્‌ભૂત ચરખાના રચયિતાને પિછાળો. આ દેહમાં વસેલા પરિબ્રહ્મને ઓળખો. આવે ને જાવે, બોલે ને

બોલાવે. આ ચરખાની અજબ કરામત છે. શ્વાસની ગતિ આવે ને જાય. આ કોણ બોલે છે ? આંખની કરામતો જુઓ ? બહારથી દરેક માનવ દેહના ઘાટ સરખા લાગે છે. છતાં દરેકના ઘાટ જુદા છે. એક માણસ જેવો આબેહૂબ બીજો હોય જ નહી ! આ અજબ રચના છે. વળી આ ચરખાને કોણ ચલાવી રહયું છે ? કોઈ પારખ થઈને પરખી લો. પણ તેને પારખવો કેમ એ મોટો સવાલ છે? સામાન્ય દૃષ્ટિથી જુઓ તો આ દેહ માટીનો ઢગલો છે. જો તેમાં ધ્યાન ધરીને જુઓ તો આ શરીરમાં આત્મા રૂપી જયોત જલી રહી છે. આ આત્મજયોતિના દર્શન થાય તો અંતરનું અજ્ઞાન દૂર થાય. આ આત્મજયોતને અજવાળે અગમ ( મન - બુદ્ધિ થી જે ન જાણી શકાય તેવું ) પરિબ્રહ્મ તત્ત્વની ઝાંખી થશે. એટલે કે આ કાયાના ઘડનાર રામને ઓળખી શકાય છે. જેને આત્મજયોતને અજવાળે આ અગમભેદ સમજાતો નથી તેને પોતાના ઘરનું સરનામું મળતું નથી.

'પાંચ તત્ત્વકા બનાયા ચરખા, ખેલ ખરો હુન્નરકો,
પવન પૂતળી રમે પ્રેમ સે, જ્ઞાની હોકર નિરખો.'

આ પવન ચરખો પાંચ તત્ત્વનો ( પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ ) બનાવ્યો છે. આ ચરખામાં પરમાત્માએ પ્રાણ રૂપી પૂતળી મૂકી છે. જે આનંદથી રમી રહી છે. જો આપણે આ પ્રાણ રૂપી પૂતળીનું રહસ્ય જોઈ લઈએ એટલે કે, શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા જાણી તેના ઉપર વિજય મેળવી લઈએ તો મનને વશ કરી શકાય. આ પ્રાણને મન સાથે સીધો સંબંધ છે. પ્રાણ અને મનની એકતા થતાં પરમનું ધ્યાન લાગી જાય છે ને આ કાયામાં રહેલા પરમાત્માને નિરખી શકાય છે. આ પ્રાણ રૂપી પવન પૂતળી ગગનમાં ( ચિદાકાશમાં ) રમી રહી છે. તેને નૂરતે - સૂરતે નિરખવાની છે. એટલે કે નૂરત - સૂરતની નાડીથી સુષમણા દ્વારા પ્રાણની ઊર્ધ્વગતિ કરવાની છે. જગતની અસાર વસ્તુ માંથી મનને હટાવીને એક માત્ર સારતત્ત્વ પરમાત્મામાં મનને જોડી દેવું સૂરતા - તલ્લીનતા પરમ તત્ત્વમાં લાગી જવી જોઈએ તો આ પવન ચરખાનો ભેદ ખૂલી જાય. ને અલખના દર્શન આ કાયા નગરી માં જ થઈ જાય.

આટલી સમજણ આપ્યા પછી, ગુરુ આ રહસ્યની સાન આપે છે. ને કહે છે:

'પૃથ્વી વિના પાંવ માંડવો, વણવાટે છે દીવો,
જે ઘેર જવું મૂઆ પછી, ઈ ઘર જીવતા જુઓ.'

-અખો

## ◉ સાનદીક્ષા :

જે પોતાના સ્વરૂપ તરફ લઈ જાય છે. સંતોના શાસ્ત્રો વેદ, વાણી માત્ર પોતાના નિજ સ્વરૂપ તરફ લઈ જવાની દિશા સૂચવે છે. જે સિદ્ધાંત (સાર)સમજ્યા વિના વળગી રહે છે. તેઓની દશા કેવી થાય છે? ગુરુ એક દષ્ટાંત દ્વારા સમજાવે છે કે.

કોઈ એક ગામમાં એક બીમાર માણસ પોતાની તબિયત બતાવવા વૈદ્ય પાસે ગયો. વૈદ્યે તેની શારીરિક તપાસ કર્યા બાદ એક કાગળમાં ઔષધિ લખી આપી અને ક્હયું કે આને જીણું વાટીને ત્રણ ટાઈમ સરખે ભાગે પી જજો. પેલા માણસે ઘેર જઈ કાગળને વાટી જીણો ભુકકો કરી સરખા ભાગે ત્રણ વખત કાગળને પી ગયો. ને બીજા દિવસે વૈદ્ય પાસે પાછો તબિયત બતાવવા ગયો. વૈદ્યે ક્હયું, કેમ છો? પેલા માણસે કહ્યું - એમનું એમ છે. વૈદ્ય કહે: મારી લખેલ દવાથી ચોકકસ ફેર પડવો જ જોઈએ અને આમ કેમ? લાવો કાગળ? તમે કહ્યા મૂજબ તો કર્યુ હતુ. કે સરખે ભાગે વાટીને ત્રણ વખત પી જજો. હું તો કાગળ વાટીને ત્રણ વખત પી ગયો. પાછા કાગળ માંગો છો ?

એમ આપણે કાગળ પર લખેલ છે. તેને જ સમજયા વગર વળગી રહીએ તો પરિણામ શુ આવે ? કાગળ પર લખેલ આત્મા-પરમાત્મા, નિરંજન, નિરાકાર, નિર્વાણ, નામ-અનામ, જન્મ-મરણ, અનેમોક્ષ વગેરે તમામ મન, બુદ્ધિ થી કલ્પેલા માત્ર અક્ષરો અને શબ્દ જ છે. સંતો તમામ અક્ષરોને શબ્દોથી પર જઈ જીવ મુકત દશા લાવવાની ભલામણ કરે છે.

'વેદ થકે, વાણી થકે, થકે શંકર અને શેષ,
ગીતા કો ગમ નહીં, વહાં હૈ સદ્ગુરુકા ઉપદેશ.'

-કબીર

અને-

'એક શબ્દ ગુરુદેવકા, તાકા અનંત વિચાર,
થાકે મુનિજન પંડિત, વેદ ન પામે પાર.'

-કબીર

'જેને વાણી શકે નહીં વર્ણવી, એવું સદ્ગુરુનું સ્વરૂપ,
કહે પ્રીતમ એ પદ પ્રીછજો, ઉપમા રહિત છે અનૂપ.'

-પ્રીતમ

આ અંતિમ ઉપદેશ પછી બધા જ જિજ્ઞાસુઓને થોડો આરામ કરવા માટે આપવામાં આવે છે. થોડા વિશ્રામ બાદ ગાદી પૂર્ણાહૂતિની તૈયાર કરવામાં આવે છે.

તન, મન, ધન શિષ્યોને ફરી સુપરત :

જે ગુરુને શિષ્યોએ તન, મન, ધન, આપ્યાં હતાં તે, તન, મન, ધન ગુરુ શિષ્યોને સુપરત કરે છે. ત્યાર બાદ સૂરતા અને શબદનું સંમિલન કરતી આત્મદર્શનની સાન ગુપ્ત રીતે સમજાવે છે.

તનઃ - ગુરુઃ જો ભાઈ, આ તન(શરીર) હું તને સેવા કરવા માટે અને બાળક સ્વરૂપે રહેવા માટે પાછું આપું છું તેનો સદ્‌ઉપયોગ સન્માર્ગે કરજે.

મનઃ -ગુરુઃ જો ભાઈ, આ મન તને વચનમાં અને વશમાં અને વશમાં રાખવા માટે પાછું આપું છું. કારણ કે મન ચંચળ છે. ધજાની પૂંછડી જેવું છે. એટે વચનમાં રાખવા માટે તને આપું છું.

ગુરુઃ - જોભાઈ, ધન તને સદ્‌માર્ગે વાપરવા માટે આપું છું. દાન કરજે, ગરીબની મદદ કરજે. દારુ, જુગાર અને અન્ય ખરાબ કાર્યમાં ન વાપરતો.

## ⦿ વચનઃ

'વચન કોણ પલટે, બે બુંદકો જાઓ,
વચન કોણ પલટે, જેણે મુખસે હરામ ખાઓ,
વચન કોણ ન પલટે, સંત, ભગત, દાતા, સૂરો.
વચન કોણ ન પલટે, જેને મળ્યો હોય સદ્‌ગુરુ પૂરો.
વચન ના માર્યા મરી ગયા, વચને છોડયા રાજ,
વચન વિચારી જે ચાલ્યા, એના સુધરી ગયા કાજ.'

-કબીર

## ⦿ ધ્યાનદીક્ષાઃ

સંપૂર્ણ ઉપદેશ પૂરો થયા પછી. બધા જ શિષ્યોને ધ્યાનમાં બેસાડવામાં આવે છે. શ્વાસની આવન-જાવન ઉપર સાક્ષીભાવે નિરીક્ષણ કરવાનું હોય છે. જે શ્વાસ અંદર અને બહાર આવન-જાવન કરે, તેને આધ્યાત્મિક પરિભાષામાં ઓહંમ-સોહમ્ નામથી ઓળખવામાં આવે છે. આ ઓહમ્-સોહમ્ ઉપર સાક્ષીભાવથી નિરીક્ષણ કરવું. આ ધ્યાનની પ્રક્રિયાપૂર્ણ કર્યા બાદ બધાને સ્વસ્થ રીતે બેસાડીને ગુરુ દ્વારા વચન માગવામાં આવે છે.

## ⦿ ગુરુદક્ષિણાઃ

ગુરુદક્ષિણામાં કોઈ વસ્તુ કે પદાર્થ માગવામાં આવતો નથી. પણ વચન માગવામાં આવે છે. ને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે.

## ◉ પ્રતિજ્ઞા:

હે, ગુરુ મહારાજ આજના આ ઉપદેશની વાત, ગુરુ મહારાજની રજા સિવાય કોઈની આગળ નહીં કરું. મારી ખરી લાગણી અને ખરા વચનનું હું પાલન કરીશઆ રીતે પ્રતિજ્ઞા લીધા બાદ જ્ઞાનગાદીની પૂર્ણાહૂતિ થાય છે. ગાદી ઉપર રાખેલ ફળ ફળાદિનો પ્રસાદ કરીને શિષ્યોમાં વહેંચવામાં આવે છે.

## ◉ પ્રતિજ્ઞાભંગ:

જો કોઇ શિષ્ય ગુરુની આજ્ઞા સિવાય આ જ્ઞાન ગાદીનું રહસ્ય બીજી વ્યકિત આગળ કહે તો તેને સજા પણ કરવામાં આવે છે. તેને નગણો (નગુણો) કહેવામાં આવે છે.

'નગણો મળશો નહીં એક, ભલે પાપી મળે હજાર,
એક નગણાના શીર ઉપર, લાખ પાપીનો ભાર.'

બીજા ગામમાં ફરીથી જ્ઞાનગાદી વખતે તેને અંદર પ્રવેશ દેવામાં આવતો નથી અથવા તેને સજાના રૂપમાં ગુરુની હાજરીમાં ફરી પ્રતિજ્ઞા લેવી પડે છે.

'હે, ગુરુ મહારાજ !
હવેથી વચન નહીં ચૂકું.
મારી ભૂલ માફ કરો.'

ત્યાર બાદ શિષ્ય મંડળ નકકી કરે, તે સજા કરવામાં આવે છે. આમ આ જ્ઞાનગાદી પૂર્ણકરી બધાજ ધ્યાનની સાધના શરૂ કરી નામમાં મસ્ત બની સંસાર શરૂ કરે છે.

ગુરુ કે ગુરુભાઈને નમણસાન :

જયારે ગુરુ પૂર્ણિમાને દિવસે ગુરુના આશીર્વાદ લેવા જાય, ત્યારેને ગુરુનો આદર સત્કાર કરવો હોય ત્યારે અથવા ગુરુ ભાઈ સામે મળે ત્યારે દેવાતો આદર સત્કાર કેવી રીતે કરવો તે શિષ્યો દ્વારા સમજાવવામાં આવે છે. ગુરુની સન્મુખ બેસી તેની આંખમાં આંખ પરોવી બન્ને હાથ ધૂંટણ ઉપર પહોળા રાખી ગુરુએ આપેલ નામ સ્મરણ કરવાનું.

નામ સ્મરણ:

'જય ગુરુમહારાજ જયપરમાત્મા જય પ્રભુ,
સચરાચરના વાસી અખંડ આનંદી !'

આ મંત્ર ત્રણ વખત સામ સામે બોલવાનો. આ નામસ્મરણ ગુરુમંત્ર આપવામાં આવે છે. ત્યાર બાદ ગુરુગાદીની સંપૂર્ણ પૂર્ણાહૂતિ કરવામાં આવે છે.

આચરણના નિયમો :

(૧) પંચશીલનું ચૂસ્તપણે પાલન :

૧) દારુ પીવો નહીં.

૨) ચોરી કરવી નહીં.

૩) માંસાહાર કરવો નહીં.

૪) પરસ્ત્રી ગમન કરવો નહીં.

૫) જુગાર રમવો નહીં-અસત્ય બોલવું નહીં.

(૨) સંતસભામાં હાર બંધ જવું.લાઇનસર બેસવું.

(૩) સંતદર્શને યથા યોગ્ય પૂષ્પ,પ્રસાદ ભેટ લઈને જવું.

(૪) સંતોના પ્રવચન દરમિયાન વચચે બોલવું નહીં,શાંતિ જાળવવી.

(૫) યોગ્ય વ્યકિતને યોગ્ય આસને આદરથી બેસાડવા.

(૬) કોઈને પણ તકલીફ થાય.તે રીતે એક જગ્યાએ વધુ રોકાવું નહીં.

(૭) ગુરુ દ્વાર સિવાય અન્યત્ર આમંત્રણ વગર જવું નહીં.

(૮) આરતી પ્રાર્થના દરમિયાન લાઇનસર શાંતિથી લાભ લેવો.

(૯) સ્વચ્છતા અને આરોગ્યની જાળવણી થાય તે રીતે રહેવું .અને તે જાળવવામાં મદદ કરવી

(૧૦)સંતસભામાં પોતાનાથી બનતી સેવા કરવાના ભાવથી જઈ યથા યોગ્ય સેવા કરવી.

(૧૧)પ્રેમભરી રીતે સંતશાસ્ત્રની મર્યાદાથી વાણી બોલવી.

(૧૨) બહેનોની મર્યાદા જળવાય તે રીતે આદરથી રહેવું.

(૧૩) અધિકાર અધિકારી સિવાય અપાઈ નહીં.અધિકાર આપી શકે.એક સૂત્રતા જાળવવા મુખ્ય સ્થાનેથી અધિકાર અપાય તેવો આગ્રહરાખવો.

(૧૪)રહેણી વિનાના આડંબરીઓને જાહેરમાં લાવવા એકતાથી રહેવું.

(૧૫) ગુરુપૂર્ણિમા,સંતશાસ્ત્રોએ નકકી કરેલ તિથિએ ગુરુદ્વારે જ ઉજવવી.

(૧૬) ભજન સત્સંગના કાર્યક્રમમાં પણ નિષ્ઠાવાન રહેણી વાળા અધિકારી જનો ને જ આમંત્રણ આપવાનો આગ્રહ રાખવો.

(૧૭) સંત એકતા અતૂટ રાખી નિરાંતની નિતિ અને રીતિ બન્ને રાખો.

(૧૮) સદ્ગુરુ કરતાં પહેલા સંપૂર્ણ ચકાસણી કરવી.અંધશ્રદ્ધા રાખવી નહીં.

(૧૯) સંતશાસ્ત્ર અને ગુરુની મર્યાદા જાળવવી.

(૨૦) ભકિતની રીત રાખો,આડંબર ના કરો.સ્વપુરૂષાર્થ વિના ભકિતનું ફળ મળતું નથી

(૨૧) જેના દ્રારા આપણે આત્મા, પરમાત્મા, સત્ય અને પોતાના સ્વરૂપને ઓળખીએ તેજ સદ્‌ગુરુ છે.

(૨૨) ગુરુ-તીર્થ, દવા, દેવ, મંત્ર, શાસ્ત્ર અને સંતપુરૂષ આ બધા નિષ્ઠાથી જ ફળ આપે છે. માટે સત્ય નિષ્ઠ રાખો.

(૨૩) ભકિત અને ધર્માચરણ સ્વકલ્યાણ માટે છે. ધંધા માટે નહીં. ભકિતને ધંધો ના બનાવો.

(૨૪) જિજ્ઞાસુની ચકાસણી કર્યા વિના ઉપદેશ કરવો નહીં. અધિકારી જ ઉપદેશ આપીશકે .

(૨૫) પોતાના ધર્મની નિંદા થાય તેવું આચરણ કરવું નહીં.

(૨૬) સત્ય સમાજ ટકાવવા અને મેળવવા દૂરિજનો નો સંગકરવો નહીં.

(૨૭) વાણી અને વર્તન ધર્મમય રાખો.

(૨૮) સદ્‌ગ્રન્થોનું વાચન કરવું તેમજ સંતપુરૂષો દ્રારા સમજતા પ્રયત્ન કરવો. અશ્લીલ સાહિત્ય વાંચવું નહીં.

(૨૯) તન પવિત્ર રાખી શુભ પુરૂષાર્થ કરી સંતોની સેવા કરી બ્રહ્મચર્યનું પાલન કરી નામ સ્મરણમાં મગ્ન રહેવું તેમજ ગૃહસ્થ આશ્રમ દીપાવવો.

(૩૦) સદ્‌પાત્રને દાન આપવું અને સદ્‌ગ્રન્થોના પ્રકાશનમાં ધનનો ઉપયોગ કરવો.

(૩૧) સંત પુરૂષોના વચન ઉપર કદી ખોટા તર્ક કરવા નહીં. અંધશ્રદ્ધા રાખ્યા વિના શ્રદ્ધા રાખવી.

(૩૨) પાખંડ કરવું નહીં તેમજ પાખંડીએથી દૂર રહેવું.

(૩૩) નીત્ય ગુરુદર્શન કરવું જોઈએ તેમના બની શકે તો વર્ષમાં એકવાર તો અચૂક ગુરુદર્શને વિધિવત જવું.

(૩૪) આદ્યપુરૂષોએ બતાવેલ આણમાં રહેવું.

(૩૫) જ્ઞાનચર્ચા મર્યાદામાં કરવી. વાદ-વિવાદ કરવો નહીં.

(૩૬) સદ્‌પુરૂષોના સત્‌સંગમાં ભાવથી અચૂક જવું. [૪૭]

શ્રી નિરાંત સંપ્રદાય માં આ રીતે ગુરુગાદી અથવા જ્ઞાનગાદી સ્થાપવામાં આવે છે. ઉપરાંત શિષ્ય બન્યા પછી આ સંપ્રદાયમાં કેટલાક આ ચરણના નિયમો પણ કરવામાં આવ્યા છે. તેને આચાર સંહિતા પણ કહેવામાં આવે છે. શિષ્ય સમુદાય આ જ્ઞાનગાદીનું રહસ્ય સમજી પરમતત્ત્વની પ્રાપ્તિ કરવા મન વચન અને કર્મથી પ્રવૃત રહે છે. નિર્મળ જીવન પસાર કરી જીવનને સફળ બનાવે છે.

આ જ્ઞાનગાદી અથવા ગુરુગારી સૌરાષ્ટ્રમાં નિરાંત સંપ્રદાય માં પ્રચલિત છે. મારા સંશોધન કાર્યમાટે હું કરજણ તાલુકાના મિયાગામમાં ગયેલ. ત્યારે નિરાંત સંપ્દાયના ઉતરાધિકારી

વિદ્યમાન ઈન્દ્રવદન મહારાજની મૂલાકાત કરી.તેમને વિશે પ્રશ્ન પૂછયો ને આ ગુરુગાદી તમે કેવી રીતે કરો છો.એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મહારાજશ્રી એ જ્ઞાનગાદી લખાવી તે પાછળ પ્રમાણે છે.

દીક્ષા વિધિઃ-(જુકિત-મુકિત)

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના મિયાગામ માં શ્રી નિરાંત સંપ્રદાય ની ગુરુગાદી છે.તેને જ્ઞાનગાદી પણ કહેવામાં આવે છે.આ જ્ઞાનગાદીના ઉત્તરાધિકારી તરીકે સાંપ્રતમાં શ્રી ઈન્દૂવદન જોશી મહારાજ છે. તેઓ કેવી રીતે જ્ઞાનગાદી સમજાવે છે.તે વિધિ તેમની પાસેથી રૂબરૂ મૂલાકાતમાં લખી,તે નીચે મુજબ છે.

(૧) પ્રથમ ગુરુગાદીની પ્રદક્ષિણા કરવામાં આવે છે.

(૨) દંડવત પ્રમાણ.સ્ત્રી અને પુરૂષ.

-પુરૂષોએ દંડવત પ્રણામ કરવા

-સ્ત્રીઓએ ભારતીય બેઠકમાં વંદન કરવાં

-વંદન ત્રણ વખત કરવાં

-અહીં ત્રિવિધના તાપની સમજ આપવી.

(૩)સંકલ્પ. (૧) વ્યકિતગત - સંખ્યા ઓછી હોય તો.

(૨) સામુહિક - સંખ્યા વધુ હોય તો.

(૪)ગાદીપૂજન- વ્યકિતગત થાય છે.

- પૂજાપડા અથવા અબીલ,ગુલાલ,ચંદન ચોખા વગેરેથી.

(૫)ગુરુપૂજન-

(૬) પ્રતિજ્ઞા.- શિષ્ય થવા આવેલાને પૂછવામાં આવે છે કે,કોઈના કહેવાથી આવ્યો છો કે પોતાએ નિર્ણય લીધો છે ?

(૭) તન,મન અને ધન અર્પણ.-અહીં ઉપદેશનસ ગુપ્તતા રાખવાની સમજ આપવી.

(૮) શ્રીફળ અર્પણ વિધિ અને તેની સમજ-ગુરુસમક્ષ અહંકાર ત્યાગવાનો એકરાર કરવો.

(૯)નામ,રૂપ અને ગુણ.- નામ એટલે શુ ?તેની વિસ્તૃત ચર્ચા દ્વારા સમજ આપવી.રૂપ એટલે શું ? ગુણ એટલે શુ? તેની વિસ્તૃત સમજ આપવી. આ સમજ ગાદી ઉપરની વસ્તુ બતાવીને સ્પષ્ટ કરવી.

(૧૦) જીવ,ઈશ્વર અને માયાની સમજ સાથે નામ,રૂપ અને ગુણની સરખામણી કરવી વિશદ્ ચર્ચા કરવી.બિંબ અને પ્રતિબિંબ,તેમજ સૂત્રાત્મક માળા દ્વારા સમજ આપવી.અણુથી મેરુ પર્યન્ત આત્માની ચર્ચા કરવી ને સમજ આપવી.

(૧૧) મંત્ર દીક્ષા અને તેની સમજ.કંઠી, માળા અને સાકરનો વિધિ તથા તેનો હેતુ સમજાવવો.

(૧૨) ગુરુનું ઉત્તરપૂજન.તથા ભેટ પૂજાને ગુરુગાદીનું પૂજન.

(૧૩) ઉપદેશની મિતિ.સત્કાર્ય કરવું આદિ સમજાવવું.

(૧૪) સંતોનું સ્વાગત

(૧૫) ગુરુમહારાજની આરતી

(૧૬) પરસ્પર ભેટવાની વિધિ

(૧૭) પ્રસાદ વહેંચી વિસર્જન કરાવવું.

(૧૮) ગૌણકાર્ય-જરૂર પડે તો સમૂહભોજન કરાવવું.

આ પરંપરામાં સંધભાવનાને અગ્રસ્થાન આપવામાં આવે છે.ને વ્યકિતને સત્કાર્ય વડે જીવ વ્યતિત કરવા સમજાવવામાં આવે છે.આ સંપ્રદાયમાં ગુરુ સર્વેસર્વા છે. તેને ઈશ્વરને સ્થાને બિરાજમાન કરવામાં આવે છે. શિષ્યને વાંવાર કહેવામાં આવે છે.કે ગુરુ કરવા માટે તુર્તજ નિર્ણય ન કવો. પણ વિચારવું. ગુરુની ચાલ-ચલગત વિશે માહિતી મેળવવીને પછી જ ગુરુ કરવા.કરણીને કથનીમાં જેની એકતા છે.તે જ ગુરુ કરવા યોગ્ય છે.તેમ વારંવાર કહેવામાં આવે છે. શિષ્યતત્ત્વ સ્વીકાર્યા પછી સંપ્રદાયના આચાર-વિચારનું ચૂસ્ત રીતે પાલન કરવું અનિવાર્ય છે.તો જ જ્ઞાન પ્રાપ્ત થાય ને પરમતત્ત્વને પિછાણી શકે.

હવે આપણે આ સંપ્રદાયની કેટલીક લાક્ષણિકતા વિશે જોઈશું.

નામભકિત :- શ્રી નિરાંત મહારાજ બહુધા નામ ભકિતનો સ્વીકાર કરે છે.ભકિતના અનેક પ્રકાર છે.તેનો ભેદ પણ છે.શ્રી નિરાંત મહારાજ કહે છે.

ભકિતના ભેદ છે.ઝાઝા વિરાજી મારા ભકિતના ભેદ છે ઝાઝા ચારને છોડી સાધાના ખસીએ, ને રાખીએતો થાય રે અકાની.

નિરાંત અહીં મૂળધર્મની વાત કરે છે.આ મૂળધર્મને માનવધર્મ પણ કહયો છે.સંતવાણીનો સાર મનુષ્ય દેહ રહયો છે.મનુષ્ય અવતાર જ સર્વમાં ઉત્તમ છે.તેથી તેના સ્વરૂપનું જ્ઞાનપ્રીંત કરવું એ દરેક મનુષ્યનો નૈતિક અધિકાર છે.માટેસંતોએ તેને મૂળ ધર્મ કહયો છે.સંતવાણીમાં નામ એટલે નિજનામ-પોતાનું સ્વરૂપ.ને એટલે જ શ્રી નિરાંત મહારાજ લખે છે-

'સમજી લે મન સુધી કળા, સદ્ગુરુ નિજનામ લખાવે,
જોગ જગન વ્રત દાન આચરે, અડસઠ તીરથ ફરી આવે,
વનમાં જઈને તપ આરાધે, તોહી ભૂલમે ભરમાવે,

કષ્ટકરી કાયાને પીડે, ભૈરવ જાપ જપાવે,

ચારખાણ ચોરાશી ભટકે, નિરભે પદ નવ પામે.'

અને -

'ઇંગલા પિંગલા સાધે સુષુમ્ણા, ભમરગૂફામાં ભાવે,

તેજ તત્ત્વનો કરે નિવેડો, તો યે અલખતણી લખ નાવે.'

- નિરાંત

ને એટલે જ નામ નો મહિમા ગાતાં કહે છે:

'નામ બિના કછુંના મીલે, જ્ઞાનીજન ગત પાવે,

નામ મીલે જાઈ નામ કુ રે, નામે નામ લખાવે.'

- નિરાંત

આ નામ ની સ્પષ્ટતા કરતાં કહે છે:

'અગમ અગોચર નામ હે, નામ નિરગુણ કાવે,

સિરગુણ સોઈ સતનામ હે, રે નામે સબ ધાવે.'

- નિરાંત

નામ એજ નિજનામ એજ પરમતત્ત્વ. ને આ પરમતત્ત્વ નામ રૂપ, ગુણ રહિત છે. શ્રી નિરાંત લખે છે:

'વિના પંખ નો એ છે પંખી, વિણ ઈન્દ્રીનો ભોગી,

વિના પીંડનો એ છે પ્રાણી, વિના જોગ સંજોગી.'

- નિરાંત

અને -

' ઉત્પત પ્રહ્લે એને નાહી, આદઅનાદિ એવો રે,

નિરાંત નામ ગુરુ તરતારન, સદોદિતને સેવોરે.'

- નિરાંત

આ નામ નું સ્મરણ શ્વાસે શ્વાસે કરવાનું નિરાંતમહારાજ કહે છે:

'શ્વાસે શ્વાસે સમરન કરને, તુહિં તુહિં કર તન મે રે,

સાન ગુરુ કી એહી સત્યારથ, દેખો દિલ દરપન મે રે.'

નામભકિત કરીને વ્યાસ અને વાલ્મિકી પણ તરી ગયા છે. લિંગભંગ થયા વિના મૂકિત નથી. તેમ સંતવાણીનું પણ પ્રતિ પાદન છે. શ્રીનિરાંત એક સાખીમાં કહે છે:

'વ્યાસ મુનિને વંદન કરુ, વળી, વાલ્મિકકો અંગ,

નિરાંત નામ અપના લહયા, ભયો લિંગ કો ભંગ.'

નિરાંતસંપ્રદાયમાં જયારે દીક્ષા આપવામાં આવે છે ત્યારે નામમંત્ર આપવામાં આવે છે. એ નામ નિર્ગુણ પરમ તત્ત્વ છે. તમામ આવરણોથી દ્રંદ્રોથી મુકત થયેલ સદ્ગુરુ નિર્ગુણજ છે. તેથી સદ્ગુરુને આ સંપ્રદાયમાં ઈશ્વરનો દરરજો અપાયો છે. નિરાંત મંદિરો માં કે નિરાંતધામમાં કયાંય કૃષ્ણ કે રામનું પૂજન થતું નથી કે તેમની પ્રતિમાઓ પણ નથી ફકત સદ્ગુરુની સવિશેષ નિરાંતમહારાજની પ્રતિમા કે તેમની ચરણ પાદુકાનું પૂજન થાય છે. નિજનામ ના ભકિતબોધ થી મનુષ્ય જીવનમુકત બની સંસારમાં રહી ભકિતભાવપૂર્ણ જીવન નિર્ગમન કરે છે. એ આ સંપ્રદાયની લાક્ષણિકતા છે.

પંડિત-પૂરોહિતોનો ને કથાકારોની આલોચના:-

શ્રી નિરાંતમહારાજ અદ્વૈતવી છે. નિરંજન નિરાકારમાં માને છે. પરમતત્ત્વ નિરાકાર છે. એ સિદ્ધાંતને તેઓ સ્વીકારે છે. પરમતત્ત્વની મૂર્તિ બનાવી તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરવી એ તો નર્યો દંભ છે. મૂર્તિપૂજન કરી તે દ્રારા આર્થિક ઉપાર્જન કરવું. ને જીવન નિર્વાહ ચલાવવો તે અધર્મ છે. એમ સંતવાણી પણ કહે છે. નિર્ગુણમાર્ગી કબીરસાહેબથી લઇ શ્રી નિરાંતમહારાજ સુધીના સંતકવિઓ પોતપોતાનો વ્યવસાય કરીને જીવન નિર્ગમન કરતા હતા. તે પરંપરા રહી છે. શ્રીનિરાંતમહારાજ અહીં દ્વૈતાચાર્યનો સખત વિરોધ કરે છે. કહે છે:

'સિદ્ધાંત નો રે સાર સમજી શકયો નહીં, વાણી તેં બહુ વિસ્તારી,
પોતાનું પોત નવ શકયો પારખી, ઉદરની વૃતિ વધારી,
જાચવાની જુગત તને જોરે આવડી છે, ને પુજાની પેઢી પ્રસારી,
એમ નથી જાણતો કર્તા હું કર્તા હું કોણ છું ? વિખવાણ જાણે વેપારી.'

-નિરાંત

અને-

' કહેણીના કુત્ય વડે ગુરુ થઈ બેઠા, સેવક ની ગરજ ન સારી,
મરતીવેળાએ તમો કયાં જઈ મળશો? એ અર્થની વાત ન વિચારી.'

-નિરાંત

જગતમાં અનેક ધર્મો અને પંથો છે. તેનું નિર્માણ માનવીએજ કર્યુ છે. આ વિશ્વમાં સર્વપ્રાણીઓમાં માનવી જ વિચાર કરી શકે છે. એ શકિતમાત્ર માનવી પાસે જ છે. એ શકિતનો ઉપયોગ કરવો જોઈએ. પણ તેમ કરવાને બદલે કેટલાક લોકો ધર્માચાર્યો કહે તેમ વગર વિચારે

કરવા લાગે છે.ને કર્મ-ધર્મમાં વ્યસ્ત રહે છે.મંદિરોના પૂજારીઓને શાબ્દિક ફડકા મારતાં શ્રી નિરાંત લખે છે:

'કર્મ કરીશું રે કમાયો,વિચારને કર્મકરી શું રે કમાયો.
નાહી ધોઇ ને તું નીત્ય આદરે છે,પંથી જેમ પંથે પળાયો,
જાગી ને જોને તું પોતા તારું પ્રીછને,કોણ યોનિનો તું જાયો,
પૂર્વ જોતાં તો તારે કર્મ કાંઇ નોતાં,કયાંથી કર્મ લઇ આવ્યો,
પાછો વળી ને તું કયમ નથી પેખતો,પરખ વિના પૂરો પિડાયો.'

-નિરાંત

ધર્મશબ્દ ઘણો અદ્ભૂત છે.આ શબ્દ જયારે અસ્તિત્ત્વમાં આવ્યો તેં પહેલાં મનુષ્યની બુદ્ધિનો વિકાસ થઇ ગયો હતો.ને તો જ ધર્મની સ્થાપના થઇ ને?! સમગ્ર વિશ્વની પ્રજાના ઉત્કર્ષ માટે ધર્મ હોય છે. ધર્મ માનવ માટે હોય પણ માનવ ધર્મ માટે છે.તેમ કહેવું બરાબર નથી. કેટલાક તથા કથિત ધર્માચાર્યો અવનવા સ્વાંગ સજી ધર્મપ્રેમી લોકોનુ ધાર્મિક શોષણ કરતા હોય છે. તેવા ધર્માચાર્યોને પણ શ્રી નિરાંત અડફેટે લેતાં કહે છે:

'ભગવાં કહાવે મુંડ મુંડાવે,દિલ અંદર નહીં દરશાયા,
ઓહમ્ શબ્દ મેં બહે જાત હે,અલખ નામકું ના પાયા.'

-નિરાંત

અને-

'બ્રાહ્મણ કહાવે,જનોઇ સોહાવે,ખટકરમ નીત્ય નિરમાયા,
એહી કરમ કર બહેજાત હૈ,નેહ કરમકુ ના પાયા.'

-નિરાંત

શાસ્ત્રો વાંચીને,તેમાં રહેલી કથાઓ કંઠસ્થ કરીને કેટલાક ધર્માચાર્યો બની બેઠા છે.એવા તત્કાલીન ધર્માચાર્યો વિશે શ્રી નિરાંતનો અભિપ્રાય જાણવા જેવો છે.-

'ભારે થયા ભણી ભણી,વિદ્યાઓ ઘણી ઘણી;
નાગ શિરોમણિ નાગ જેવો.
ભણિ ઉદ્યોત કરે,અંજાયા જીવ ચરે,
એમ ઉદર ભરે નાગ દેવ.'

એ જ રીતે-

'વ્યાસનો વેશ ધરી,સમજણ શી કરી,

આશના પરહરી ઢોંગ ધારી.'

અને-

'પૂણ્ય ભાગવત તણું, પંડિતે એમ ભણ્યું,

ભાર વહયા ધાણું ભાર વહશે.'

કેટલાક સાધુઓ મુંડન કરાવી, ભગવાં વસ્ત્રો ધારણ કરી સંત મહાત્મા જેવા બની ફરતા રહેતા હોય છે. તેઓ વિશે કહ્યું છે-

'મરમ ન પાયે સ્વાંગ બનાયે, ખાખ લગાવે નાગા હે,

મનકા મૂ:ડા કોઉના મળિયા, શિરમુંડા સબ માગા હે.'

એ જ રીતે-

'જોગી હોકર જોગ પસારે, સુખમના સાધન કરતા હે,

ઓહંગ સોહંગ અજંપા જપતા, ધ્યાન વાહીમે ધરતા હે.'

અને-

'તરવેણીસે તાર મિલાવે, ગંગા જમુના ન્હાયા હે,

ઇંગલા-પિંગલા દોઉ સાધકે, ચંદ્ર સૂરજ ઘર લાયા હે.'

આ રીતે રી નિરાંત મહારાજ પંડિત-પૂરોહિતોને સાધુઓ વિશે પોતાનો મત પ્રગટ કરે છે. જે વસ્તુ પાસે છે તેને દૂર બતાવે એ દંભ અને અજ્ઞાન છે તેમ તેઓનું સ્પષ્ટ કથન છે.

વર્ણાશ્રમનો વિરોધ :

ભારતીય સમાજ વર્ણવ્યવસ્થા આધારિત છે. સંતો મહાપુરૂષોનું કહેવું છે કે, સમગ્ર બ્રહ્માંડમાં પરમતત્ત્વ વિલસી રહ્યું છે. નરસિંહ મહેતા પણ કહે છે.

'અખીલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,

જૂજવે રૂપે અનંત ભાસે.

એ રીતે ઘટ, પટ અને મઠમાં શ્રી હરિનો વાસ છે. દાસી જીવણ પણ કહે છે:

'બોલે બોલાવે સબઘાટ બોલે,

ભારતીય દર્શન શાસ્ત્ર પણ એજ પ્રતિપાદન કરે છે. કબીર ના ગુરુ રામાનંદ પણ જ્ઞાતિ-જાતિનો વિરોધ કરેલો. એટલું જ નહીં પણ ભારતીય સંતસાહિત્ય વર્ણવ્યવસ્થાના ભારે વિરોધી રહ્યા છે. હિન્દુધર્મ નિર્ગુણ પરમાત્માનો સ્વીકારતો કહે છે. પણ તેની સાધના-આરાધના હંમેશા સગુણની રહી છે. નેવર્ણાશ્રમ ધર્મનું પાલન કરી પરમાત્માને ભજવો એવી નિતિ પણ તેમની રહી છે. શ્રી નિરાંત મહારાજ પણ સંતપરંપરાના પ્રવાસી છે તેઓએ પણ કહ્યું-

'વર્ણાશ્રમ નિયમ નિત્ય પાળતા,

ખટદર્શનની બલિહારી.

-નિરાંત

વર્ણાશ્રમમાં બ્રાહ્મણ વર્ગ પોતાને શ્રેષ્ઠ માને છે. તે વિશે નિરાંત મહારાજ શું કહે છે તે જોઇએ-

'બાહામન તુમે કાહા ચીના હે, કાંહાંસે બાહામન આયા હે,

બાતન બાહામન મોહે બતાવો, જાહેર જુઠ બનાયા હે.'

-નિરાંત

ધર્મદર્શનના અધ્યયન થી કે વર્ણાશ્રમ ધર્મ દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થતી નથી-

'ખટ દરશન ખોળયે નવ લાધે, વર્ણાશ્રમ થી દૂર,

સ્થાવર જંગમ સભર ભરાભર, કથમ ભાસે ભરપૂર.'

અને-

'વર્ણાશ્રમતો રહે વિમાશી, નીત્ય કર્મ નિરમા વે રે,

ખટ દર્શન મીલી ખોજ કરત હે, મૂળમર્મના પાવે રે.

એ જ રીતે-

'આ સુષ્ટિમાં સર્વથી ઉંચા, નિરખ્યા નામ સનેહી રે,

નિરાંત વર્ણાશ્રમથી ન્યારા, હરિભજે જન જેહીરે.'

-નિરાંત

આ રીતે તેઓનું સ્પષ્ટ કહેવું છે કે ઈશ્વરની પ્રાપ્તિ માટે વર્ણાશ્રમના નિયમો વિઘ્નરૂપ છે.

**⊙ નિર્ગુણભકિત :**

નિરાંત મહારાજની નામ ભકિત નિર્ગુણ પરમતત્ત્વની રહી છે. નિરાંત નો ભકિતમાર્ગ નિર્ગુણ પરમાત્માનો છે. શ્રી નિરાંત મહારાજનું માનવું છે કે સમગ્ર બ્રહ્માંડમાં નિર્ગુણ નિરાકારની સત્તા છે. અણું અણું માં તે નિવાસ કરે છે. શ્રી નિરાંત બાહ્યાચાર કે કર્મકાન્ડમાં માનતા નથી તેમ જ કોઈ સગુણ પૂજા વિધિ-વિધાન કે તીર્થાટન માં પણ તેમને શ્રધ્ધા નથી તેઓ તો નિર્ગુણરામના વકતા છે કહે છે:

'રૂપ નહીં જેને ગુણ નહીં ને નામ નહીં છે એવું રે,

કાંઇ નહીંને સર્વે તેનું, વુક્ષ બીજ છે જેવું રે.'

નિગુર્ણનામ લ્યો નર નારી રે, આ અવસર છે બલિહારી.'

-નિરાંત

'ખંડખંડ મે અખંડ બ્રહ્મ હે,
અનભે હોત અવાજા રે,
બાહેર ભીતર એક નિરંતર,
ઘોર ગગનમેં ગાજા રે.'

-નિરાંત

નિર્ગુણ પરમતત્ત્વ અખંડ છે. તે આ બ્રહ્માંડમાં સચરાચર વ્યાપત છે. બહાર-ભીતર પણ તેની જ સત્તા છે. નામ જ પરમતત્ત્વ છે. ને તે નિર્ગુણથી ભિન્ન નથી તેમ કહેતો કહે છે:

'નામ નિરવગુણસે નહીં ન્યારા રે, એકાએકી આપ કિરતાર રે,
મન પવન ન પહોંચે જયાં હી રે, વાકી ખોજ કરો ઘટ માંહી રે.'

-નિરાંત

એજ રીતે-

'સર્વાતીત ને સરવની માંય છે રે, નહીં વરણ ને વેશ,
વસવું વિણ આધારનું રે, ઊણું આપ લખેશ.'

-નિરાંત

દશ્યમાન જગતમાંતો બધું ભિન્ન ભિન્ન ભાસે છે. પણ એ ભિન્નતામાં ને વિવિધતામાં એક જપરમતત્ત્વ વિલસી રહ્યું છ પોતાના સ્વરૂપ ને જાણ્યા વિના પરમત્ત્વમાં ભિન્નતા લાગે છે-

'પિંડ બ્રહમાંડ તે પોતમાં પરખવું, જુગતિ જોઈ અતિમન હરખવું,
પોતના પારખ્યે ભાત ભાળે.'

-નિરાંત

અને-

'આપમાં આપ તે વિશ્વ વ્યાપિક છે, એક નિરાંત બ્રહ્મ ભાસે,
તાણો ને વાણો તે સર્વ તંતુ લહયા, દ્રૈતનું પાસું ત દૂર નાસે.'

નિરાંત મહારાજના પદોમાં નિર્ગુણ ભકિતનો વિશેષ મહિમા ગાવામાં આવ્યો છે. એટલે શ્રીનિરાંત તત્ત્વતઃ નિગુર્ણ માર્ગી જ છે. તેમની પરંપરામાં પણ નિર્ગુણ ઉપાસના જ જોવા મળે છે.

**⊙ જ્ઞાનયોગ :**

નિરાંત મહારાજના પદો જ્ઞાન-ભકિતના છે. તેઓ જ્ઞાનમાર્ગી છે. પરમતત્ત્વ પ્રાપ્તિ અર્થે આપણે ત્યાં કેટકેટલા પંથો-સંપ્રદાયોનું નિર્માણ થયું છે ?તપ, વ્રત, દાન, યજ્ઞ અને યોગ

એવા વિવિધ માર્ગો પણ પરમાત્માની પ્રાપ્તિ અર્થે જ થયો છે. પણ શ્રી નિરાંત મહારાજ જ્ઞાનયોગ દ્રારા રપમાત્માની પ્રાપ્તિત કરવાનું કહે છે તેઓ લખે છે:

'કોઈ દેવ દેરાં ફરે, તીરથવ્રત જાત્રા કરે,
ના ટળે કર્મનો કીચ કો થી.
કોઈ મૌનવ્રત ગ્રહી રહે, અસત્ય નવ ઉચરે,
ધર્મરૂડી કરે વેદ સાખે.
તોયે અલ્યા શું થયું, દ્રૈતનું દુઃખ નવ ગયું,
હારદ અળગું રહ્યું, પિંડ પાખે.'

- નિરાંત

જ્ઞાનીગુરુ સંબંધી સાખીઓમાં પણ તેઓ જ્ઞાનને જ મહત્ત્વ આપે છે. નેજ્ઞાની ગુરુ દ્રારા જ પરમની પ્રાપ્તિ થાય છે -

'જયું સોની સોના કસે, સબ મેલ કાઢે શોધ,
જ્ઞાની ગુરુ એસા કસે, સબ કરમ કાટે બોધ.

- નિરાંત

અને -

'જ્ઞાની ગુરુ ઉપદેશ કરી, ભેદ બતાયા એક,
રામનામ નિજ સારહે, દૂજા બ્રહ્મ અનેક.'

- નિરાંત

પરમતત્ત્વના મુખ્ય બે સ્વરૂપ કહેવામાં આવ્યા છે. (૧) સગુણ અને (૨) નિર્ગુણ સગુણ અથવા નિર્ગુણને ભજવાથી તેની પ્રાપ્તિ થાય છે. પણ શ્રી નિરાંત લખે છે:

'સિરગણ - નિરગુણ સબ કોઈ ભાખે,
જીંદગાની ખોઈ સારી ઢૂંઢતા રે ધાંખે.
કોઈ કહે તનમે ને કોઈ કહે ન્યારા,
દોનું જગ્યા દેખી ના પાયા દેદારા,
હિન્દુ સારેને મીલી જોત ઠેરાની,
મુસલમાનને મીલી નૂર બખાની,
દૂજા ના દેખા મૈં સબ ફીરી આયા,
આપ મેં રહે આપ સદ્‌ગુરુએ લખાયા,

આપ હે કરતા હરિ આપ હે હરતા,

દાસ નરાંત ગુરુ આપે ઓચરતા.'

-નિરાંત

આ રીતે પરમાત્માની પ્રાપ્તિ માટે કોઈ પણ પ્રકારની સાધના રી નિરાંત મહારાજને સ્વીકાર્ય નથી. સદ્ગુરુ દ્વારાજ તેની પ્રાપ્તિ થાય છે. પિંડમાં જ રહેલું પરમતત્ત્વ તે જ ઈશ્વર એવી સંત પરંપરાની માન્યતા શ્રી નિરાંતે ઈષ્ટ છે. મનુષ્ય બ્હ્મમાં લીન થાય, બ્રહ્મ સિવાય બીજું કશું જ જુએ નહીં. તેના સુખની શું વાત કરું?

'ચઢી બ્રહ્મ ખુમારી ના ઉત્તરે, સુખમુખ કહયું નવ જાય,

એવો અજર અમર રસજો પીવે, તેના નેણ વેણ પલટાય.

-નિરાંત

બ્રહ્મજ્ઞાનમાં મસ્ત થઈ રહેવાથી જગત પળોજણ તેને સ્પર્શતી નથી.

'એવા જ્ઞાનધનવત થઈ રહે, ગાળે બ્રહ્મ હિમાળે હાડ ,

પછે કશું તેને નવ રહે, પાણી પથ્થર કે પહાડ.'

-નિરાંત

બ્રહ્મજ્ઞાની થયા પછી અન્ય દેવની તૃષ્ણા મનુષ્યને રહેતી નથી.

'પોતામાં કૃષ્ણને કૃષ્ણમાં પોતે, કૃષ્ણ વના ન દીસે આન,

પણ એતો કયારે ભાઈ થયું છે, જયારે ભૂલો બ્રહ્મમાં ભાન.'

-નિરાંત

**⊙ ગુરુમહિમા:**

સંતવાણીમાં સદ્ગુરુનો મહિમા ખૂબ ગવાયો છે. ગુરુ વિના મિલે ન અગમ ભેદ, ગુરુ વિના અજ્ઞાન-અંધારું ટળે નહીં. સદ્ગુરુ પાસે તન, મન, ધન, અર્પણ કર્યા વિના ને ગુરુના દાસ થયા વિના પ્રભુ મળતા નથી. અખો તો ત્યાં સુધી કહે છે કે-

'અખા ગુરુકૃપા વિના, રખે કરે હરિની આશ,

શિખે સૂણે કહે કથે, કાંત્યું થાય કપાસ.'

-અખો

અને-

'ગુરુ પદ પંકજ પૂજતાં, ચૌદ લોક પૂજાય,

શિવ વિરંચીને શારદા, ગુરુના જશ ગાય.

-પ્રીતમ

આનંદ તો ત્યારે જ પ્રગટે જયારે ભીતર સદ્‌ગુરુ મળે-

' બેની !મુને ભીતર સત્‌ગુરુ મળિયા રે,

વરતાણી આનંદ-લીલા!મારી બાયું રે.'

સદ્‌ગુરુ વિના પરિબ્રહ્મની પ્રાપ્તિ થતી નથી આ સદ્‌ગુરુ ઘટભીતર વસી રહયો છે.આ સદ્‌ગુરુનું પદ શિક્ષાગુરુ ને સાન ગુરુથી અલગ છે.તેની પ્રાપ્તિ સિવાય અલખ મળે નહીં.તેમ સંતવાણીમાં કહેવાયું છે.શ્રી નિરાંત લખે છે:

' વારે વારે ગુરુને જાઉં વારણે,

જેણે નિરખાવ્યા નિજનાથ.'

-નિરાંત

અને-

'સત્‌ગુરુ કો સમરણ કરલે,ચેત ચેત નર નારી રે,

હરદમ દોરી કાળ હલાવે,પલમે લેગો મારી રે.'

-નિરાંત

અધ્યાત્મના ક્ષેત્રમાં અનેક પ્રકારના ગુરુઓ છે.કોઈ શિક્ષાગુરુ છે.કોઈ દિક્ષા ગુરુ છે.તો કોઈ દેહના ગુરુ છે.પણ મનનાં ગુરુ વિના પરિબ્રહ્મ મળતો નથી.તેમ નિરાંત મહારાજ કહે છે.

'આરે સંસારમાં ગુરુ વિના કોણ છે,સર્વેને શિર ગુરુ ધારો,

દેહના ગુરુ તો સર્વેને જાણજો,મનનો ગુરુ છે ન્યારો,

મનનાં ગુરુ વિના ભૂખ નથી ભાંગતી,એતો ભૂલે ભમે જગ સારો,

નિરાંત સત્‌ગુરુ મનનાં મળે તો,પળમાં કરે ભવ ખારો.'

-નિરાંત

સાગરમાં વહાણ ચલાવનાર ખેવટ વિના સામે પાર જવાતું નથી તેમ આ ભવ સાગરમાં સદ્‌ગુરુ જ્ઞાનની નૌકામાં બેસાડી ભવસાગર પાર કરાવે છે.પણ નૌકા ચલાવનાર સદ્‌ગુરુ ના હોય તો ?તો,નિરાંત લખે છે.

'બિના ખેવટ કોઈ પાર ના પાવે,બિના નાવ બૂડે તરતાં,

નિરાંત નામ નાવ ચઢ પાવે,સેજે ભવ સરતા.

અને-

'ગુરુનો મહિમા શું રે વર્ણવિયે, વર્ણવ્યામાં નવ આવે રે,
કહેવા માત્ર જો કૃપા કરે તો, પળમાં પાર કરાવે.'

-નિરાંત

અને-

'સખી મહા મહિનાનો મર્મ, કોઈના જાણે રે,
મારું વ્રેહે બાળે છે તન, મોહરસ આણે રે.'

-નિરાંત

પોતાના પિયું વિના પ્રિયતમાને ઘરકામ કરવું પણ ગમતું નથી. વિરહનો વલવલાટ એટલો છે કે હૈયામાં રૂંધામણ થવા લાગી-

'સખી મને ઘરનો ધંધો ગમતો નથી, જોવા જાદવ રાય
વ્રેહે વ્યાકૂળ થઈ રે સ્થિરતા નહીં, હૈંડે રૂંધણ થાય.'

-નિરાંત

કૃષ્ણ નો સંદેશો લઇ ઉદ્ધવ ગોકુળ માં આવે છે. ગોપીઓને કૃષ્ણનો સંદેશો કહે છે. ત્યારે ગોપી કહે છે:

'ઓ ઓધવજી, પ્રાણપતિ પ્રત્યેર અરજી અમારી,
જઈ ને કહેજો, તમ ટાળી તલખે રે બ્રીજળી નારી.'

-નિરાંત

ગોપીનો મનભાવન મોહન જ્યારે ગોપીને મળે છે ત્યારે ગોપી ને અતિઆનંદ થાય છે.

'આવો આવો ને મારે ઘેર, મોહન મન ગમતા,
હાવે થઈ છે લીલા લહેર, મનની થઈ સમતા.'

-નિરાંત

જેમ યોગ થાય તેમ વિયોગ પણ થાયફ ત્યારે ગોપી નો ઉદ્દ્ગાર આ રીતે પ્રગટ થાય છે:

'મન વિંધાયું વહાલાજીની સાથ, મને વહાલો વિસાર્યો ના વિસરે,
આઠે પહોરે ઓળંભા મારા ઊરમાં, બીજી વહાલી ન લાગે વાત .'

-નિરાંત.

અને -

'મેરે પિયા બિન ભયીમેં તો બાવરી, મતિ આન કરો ઉતાવરી,'

-નિરાંત.

કૃષ્ણ ગોકુળ છોડી મથુરા ગયા પછી નો વલવલાટ આ રીતે પ્રગટ થયોછે:

'કોને કહીયે દુ:ખ ની વિનંતી રે,
કોણ મારો સંદેશો લઈ જાય હો લાલ.
મોહન મથુરા જઈ બેસી રહ્યા રે,
મળવા મનડું અતિ અકળાઈ હો લાલ.'

-નિરાંત.

અને-

આ પ્રકારના અનેક પ્રેમ લક્ષણાત્મક પદોમાં વિરહિલન નાયિકાનો વિરહ નિરૂપાયો છે.

**⊙ વસતી ચેતાવી :**

નિરાંત મહારાજ અને તેમના સંપ્રદાયના અનુયાયીઓ એ પ્રજા જીવનને ચેતવણી પાખંડ, દંભ અને બાહ્યાચારો દ્વારા સમાજમાં અને તેમના અનુગામીઓ એ ભજન અને પ્રવચનો દ્વારા ભગીરથ પ્રયત્ન કર્યો છે. એ રીતે તેઓ એ સમાજ જાગૃતિનું કાર્ય કર્યુ છે. શ્રી નિરાંત મહારાજ કહે છે:

'સત્ગુરુ કો સમરન કરલે, ચેત ચેત નર નારી રે,
હરદમ દોરી કાળ હલાવે, પલમેલેગો મારી રે.'

-નિરાંત.

અને-

'કંચન સરખી કાયા બની હે, મંજન ખૂબ સમારી રે,
કહે નિરાંત હરિનામ નહિં મુખમે, વા મુખમે રજવાડી રે.'

-નિરાંત.

એજ રીતે મનુષ્ય દેહનો મહિમા વ્યકતા કરતાં કહે છે:

'કોણ સુકૃત મનુષ્ય દેહ પાયો, બહોત ફર્યો તું ફેરા,
હજુ ચેત ભૂલ મત ભાઇ, માથે મરણકા હેરા રે.'

-નિરાંત.

એજ રીતે નિરાંત શિષ્ય બાપુ સાહેબ ગાયકવાડ પણ કહે છે:

'ચેતે તો ચેતાવું તુંને રે, પામર પ્રાણી,
શાને કહે છે મારું મારું ? તેમાં નથી કાંઈ તારુ,
અંતકાળે રહેશે ન્યારુ રે.'

નિરાંત મહારાજના પટ્ટ શિષ્ય ગોવિંદરામ મહારાજના શિષ્ય શ્રીરણછોડરામ મહારાજે પણ પદ રચ્યાં છે. તેઓ દ્રારા પણ આ પરંપરાનો ઘણો વિકાસ થયો છે. અંકલેશ્વર તાલુકાના ખડખોલના અર્જુન મહારાજ અને વડગામ તાલુકાના માલોસણાના પુરૂષોત્તમરામ મહારાજના તેઓ ગુરુ હતા. તેઓ કહ્યું છે-

'દિલમાં દીવો કરો રે, દીવો કરો....
કૂડાકામ ક્રોધને પરહશે, કે દિલમાં દીવો કરો રે, દીવો કરો,
દયા દિવેલ, પ્રેમ પરણાયું સાવો, માંહી સૂરતાની દિવેટ બનાવો,
પછી બ્રહ્મ અગ્નિ ચેતાવો, કે દિલમાં દીવો કરોરે, દીવો કરો.'
-રણછોડરામ મહારાજ.

અંગ્રેજી શાસનમાં સર્વક્ષેત્રે ગુલામીમાં સબડતી ભારતીય પ્રજાને જાગૃત કરવા સંતોએ પોતાની વાણી રજૂ કરીને એ દ્રારા ચેતવણી પણ આપી શિક્ષણના અભાવે હજારો માનવી અજ્ઞાનતાના અંધારાંમાં અટવાયેલ હતા. તેને સૂરવીર અને વિદ્રવાન બનાવવા સંતો એ ઘણી મહેનત કરી. રણછોડરામના શિષ્ય અર્જુન મહારાજ લખે છે:

'શીખે તેને શૂરો બનાવે, વાંચે તે વિદ્વાન,
પરખે તેને પંડિત બનાવે, સમજે તેને સાન.
જેવું રામ-લક્ષ્મણનું બાણ, તેવી શૂરવીર મારી વાણ.'
-અર્જુન મહરાજ.

## ⊙ અંધશ્રધ્ધા અને વહેમોનું નિવારણ :

સમાજ જીવનમાં જ્યારે અંધશ્રધ્ધા પ્રસરી જાય અનેક વહેમો અને માન્યતાઓમાં પ્રજા જીવન ફસાઈ જાય. ધર્મ માત્ર કર્મકાન્ડ બની જાય. ને પૌરાણિ સમાજની પરિસ્થિતિ મુજબ ધર્મની થયેલી સ્થાપના વર્તમાન સમયમાં પણ એજ રીતે રહે, ત્યારેધર્મ યાંત્રિકબની ને રહી જાય છે. ત્યારે સંતો માનવ સમાજની વહારે આવે છે. પોતાના જીવન અને વાણી દ્રારા સમાજને ઉપદેશ આપે છે. ધર્મ ને નામે પ્રસરતી અંધશ્રધ્ધા સામે સંતોએ વિદ્રોહ કર્યો સમાજમાં જોગી, જતિ, તપસ્વી ને સન્યાસીઓ ની બોલાબાલા હતી. સમાજમાં તેમનો ઘણો પ્રભાવ હતો. પણ તેમાના કેટલાક લેભાગુઓ ધર્મને નામે પ્રજાનું શોષણકરતા હતા. શ્રી નિરાંત મહારાજ લખે છે:

'જોગી, જતિ ને તપસ્વી સન્યાસી હાર ન મૂકે હઠકી,
પની મતસે જહાં તહાં અટકે ભજવી ભેખ ઉલ ટકી.
મન કોઈ મિથ્યાના મરશો ભટકી.'

-નિરાંત.

મંત્ર, તંત્ર માં શ્રધ્ધા ધરાવતો માનવી પોતાનું સ્વરૂપ વિસરી ગયો છે. તેવા લોકોને કહે છે:

'મંત્ર, તંત્ર ભૈરવ ભવાની, બીર જોગણી જંદા,
ઉન સંગત કરી આપ ભૂલાયો, પરે હે કાલ કે ફંદા.'

-નિરાંત.

અને-

'સન્યાસી સો સબ કરનાસી, ના આપા પદ પરસાયા,
ગાયત્રીમેં જનમ ગૂમાવે, મૂલ મંત્રકા ના પાયા.'

-નિરાંત.

નિરાંત શિષ્ય બાપુ સાહેબ ગાયકવાડ કહે છે:

'પંડિતે ખેલ બગાડ્યો,
આ જીવનોતો પંડિતે બગાડ્યો.
તેં કરમા-ધરમીના બે મારગ કીધા,
પા-પૂણ્ય રૂપી ભ્રમને જગાડ્યો.'

-બાપુસાહેબ ગાયકવાડ.

અને-

'દેવમૂકો તમે, દેવી મૂકોભાઈ, વળી અથડાવું ઠામોઠામ,
કથા સાંભળી કાંઈ કામ ન આવે, નથી રાતો પીળો સુંદર શ્યામ.'

-બાપુસાહેબ ગાયકવાડ.

આ રીતે નિરાંતમહારાજ અને તેની શિષ્ય પરંપરાના સંત કવિઓ એ અંધશ્રદ્ધા અને વહેમોના નિવારણ અર્થે કામ કર્યુ છે. શ્રીબાપુસાહેબ ગાયકવાડ ના પદો માં તો ધર્મવેતા ઓને ખૂલ્લો પડકાર જ ફેકવામાં આવ્યો છે. એ રીતે તેમની કવિતામાં વિદ્રોહ વધુ તીવ્ર રૂપે પ્રગટ થયો છે.

**⊙ સાહેબ પરંપરા :**

સંતવાણીની અનેક પરંપરાઓમાં એકસાહેબ પરંપરા પણ છે. સાહેબ પરંપરા નાપ્રણેતા કબીરસાહેબ કહેવાય છે. આ પરંપરાના સંતોના નામ સાથે સાહેબ શબ્દ જોડાયેલો છે. આપણે

ત્યાં રવિ-ભાણ સંપ્રદાયના સંત કવિઓ ને સાહેબ કહેવાની પરંપરા છે જેમકે ભાણસાહેબ, રસિાહેબ, ખીમસાહેબ, ત્રિકમસાહેબ, ભીમસાહેબ, ને દાસી જીવણસાહેબ, વગેરે પરિબ્રહ્મ ને તેઓ એ સાહેબ ના રૂપમાં ભજવ્યા છે.

આ પરિબ્રહ્મ કે સતસાહેબ ઘટોઘટને સર્વત્ર વ્યાપ છે. તે સાહેબ તો સગુણ-નિર્ગુણ થી પણ પર છે. જેમ રવિ-ભાણ સંપ્રદાયના સંતકવિઓના નામ પાછળ સાહેબ શબ્દ જોડાયેલા છે. તેમ અહીં નિરાંત સંપ્રદાયના સંતકવિઓના નામ પાછળ સાહેબ શબ્દ લાગતો નથી. તેમ નિરાંત મહારાજ પણ સાહેબ તરીકે ઓળખાતા નથી. તેમ છતાં નિરાંતની ભક્તિ સાહેબ ની રહી છે. તેઓ જ્ઞાનમાર્ગી છે. અખા ના અદ્રૈતમાર્ગ ના અનુગામી છે. સંત સ્વરૂપ જ સાહેબ છે અન્ય નથી તેમ કહે છે-

'સાહેબ કો સાહેબ નહીં, સંત સાહેબ પરમાન,
નિરાંત હરિજન સો લહે, અવરશું લહે અજાણ.'

-નિરાંત

એજ રીતે ગુરુ ને જ સાહેબ નો દરજ્જો અપાયો છે:

'સચ્ચા સાહેબ સદ્ગુરુ મિલિયા, મેર કરી તબ મન માન્યા,
ઔર બડા કૌન ઉનસે કહીએ, પિતા-પુત્ર પે સમજાના.'

-નિરાંત.

આ સદ્ગુરુ સાહેબ જો દ્ષ્ટિસમક્ષ હોય તો કાશી અને ગંગા જેવા તીર્થસ્થાનોમાં જવાની જરૂર રહેતી નથી.

'સેહેજ બાતમેં સબ સુખ પાવે, ત્યાગી કાહા ઘરબાસી,
સદ્ગુરુ સાહેબ સન્મુખ હોવેતો, ઘર ગંગા ઘર કાશી.'

-નિરાંત.

સદ્ગુરુમાંજ સાહેબના દર્શન કરતાં-

'સદ્ગુરુ તુમ સાહેબ મેરા,
અલખ પુરૂષ ઓળખાવો.
આપ સાહેબ પણ કછુ ના હોતા,
ઔર ના માનું દૂજા.'

-નિરાંત

નિરાંતમહારાજ કહેછે કે સાહેબ મારી પાસે છે. તેમ જો સૂરતા ધરી તેનું ધ્યાન કરો તો સાહેબના દર્શન થાય-

'સાહેબ હે વેસા રે, નિરાંત કી પાસે,
મનવા કરો તાર રે, દિખા દેઉં જો ખાશે.' -નિરાંત.

શ્રી નિરાંતમહારાજ કહે છે કે પરિબ્રહ્મની પ્રાપ્તિ માટે સર્વ સાધન નો ત્યાગ કરી નામ સાહેબનું સ્મરણ કરવું જોઇએ.

'એક નામ સાહેબ કા સમરો, મત ભૂલો મન ભાઈ રે,
- નિરાંત

સુષ્ટિના રહસ્ય ને ઉજાગર કરતાં શ્રી નિરાંત મહારાજ કહે છે કે આ સર્વ માયા સાહેબની છે. ને તે સાહેબ અલખ છે. અનાદિ છે. ને સબ ઘટમાં વિલસી રહ્યો છે. છતાં અજ્ઞાની લોકો ભ્રમમાં પડીને તેને જોઈ શકતા નથી. સદ્‌ગુરુ મળે તો ભ્રમના તાળાં ખોલે. આ ભ્રમના તાળાંની ચાવી સદ્‌ગુરુ પાસે જ છે. મનુષ્ય દેહ તો હીરા સમાન છે. મનુષ્ય અવતાર મળ્યો છે. પણ અજ્ઞાનતા માં તેને ગુમાવી બેસે છે. જ્ઞાની કવિ અખા એ પણ કહ્યું હતું-

'ખટ ને નું ખટપટવા દે,
અળગો રહેને તું પ્રીછી લે.' -અખો.

એજ રીતે નિરાંતમહારાજ પણ કહે છે:

'તેરા કરત ને તુંહી પિયા રે, સબ સાહેબ કી માયા હે,
સો સાહેબ હે અલખ અનાદિ, ઘટ અંતર નહીં આયા હે.
તુકા ભીતર ભરમ પડા હે બીન સદ્‌ગુરુ ન પાયા હે,
ઉતર ચઢમેં અવસર બિતા, હીરા હાથ ગમાયા હે.
બડા બખેડા છોડ દે બંદે, નામે સુરત મિલાયા હે,
નિરાંતસાહેબ નામ સમરલ સદ્‌ગુરુ ઓહી બતાયા હે.'
-નિરાંત.

આ રીતે કબીર અને અખાની પરંપરા અનુસરી શ્રી નિરાંત મહારાજ પણ સાહેબ પરંપરાને સ્વીકારે છે. આ સાહેબ ની શોધ પીંડમાંજ કરવાની છે. તે પ્રકારનો સંતોનો ઉપદેશ રહ્યો છે. પીંડમાં પરમતત્ત્વ રહેલું છે. પણ ગુરુ વિના તેની પ્રાપ્તિ થતી નથી. ને એટલેજ સંતવાણીમાં ગુરુનો મહિમા વિશેષ ગવાયો છે.

# : સંદર્ભસૂચિ :



| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ | | ૧૭ |
| ૨ | મધ્યકાલીન ગુજરાતી<br>જ્ઞાનમાર્ગી કવિતા | ડૉ. બહેચરભાઈ પટેલ | ૩૮ |
| ૩ | નારણરામની અમૃતવાણી | પ્રા. અમરસિંહ સોસા | |
| ૪ | સત્સાહેબની સરવાણી | ડૉ. નાથાલાલ ગોહિલ | ૨૨૦ |
| ૫ | નિરાંત સુધાસાગર | | |
| ૬ | નિરાંત કાવ્ય | નટવરલાલ પંડયા<br>બીજી આવૃતિ | ૧૬ |
| ૭ | એજન | નટવરલાલ પંડયા<br>બીજી આવૃતિ | ૨૧ |
| ૮ | મધ્યકાલીન ગુજરાતી<br>જ્ઞાનમાર્ગી કવિતા | ડૉ. બહેચરભાઈ પટેલ | ૩૨૧ |
| ૯ | ગુજરાતના આધુનિક સંતો. | શ્રી કેશવલાલ અ. ઠક્કર | ૩૫ |

પધ્ધતિ દ્વારા નિર્ગુણ બ્રહ્મ ની પરંપરા રહી છે.

જ્ઞાનમાર્ગી સંત કવિઓએ જ્ઞાનનો મહિમા ગાયો છે.તેમાં પણ જ્ઞાન, ભકિત અને વૈરાગ્યની આવશ્યકતા ઉપર ભાર મૂકયો છે.દા.ત.અખો કહે છે:

જ્ઞાન વિના ભકિત નવ થાય.

જયમ ચક્ષુહીણો જયાં ત્યાં અથડાય.

અને.....

ભકિતરૂપી પાંખિણી જેને જ્ઞાન-વૈરાગ્યની બે પાંખો છે વગેરે.એટલે ગુજરાતમાં નિર્ગુણ પરંપરા શુદ્ધ રીતે વહી હોય તો એ આ જ્ઞાનમાર્ગી સંતકવિઓએ વહાવી છે. ઉતર મધ્યકાળમાં નિરાંત મહારાજ પણ આ જ્ઞાન માર્ગી પરંપરા સ્વીકારી, નિર્ગુણ પરમતત્ત્વ નો મહિમા પ્રગટ કહે છે.પરંતુ આ નિર્ગુણ પરંપરા આપણે ત્યાં સાહેબ દ્વારા પ્રગટી.પણ આ નિર્ગુણ પરંપરા આપણે ત્યાં પ્રાચીનતમ છે.તો એ નિર્ગુણ પરંપરતત્ત્વની પ્રાપ્તિ માટે પ્રાચીન ભારતમાં કઈ ઉપાસના પધ્ધતિ હતી ને તેનું સ્વરૂપ કેવું હતું.તે વિશે વિચાર કરવો જરૂરી ગણાય છે.

## ◈ *પ્રાચીન ભારતીય દર્શનશાસ્ત્રોમાં નિર્ગુણ :*

ભારતીય દર્શનશાસ્ત્રોના પ્રવાહોમાં સૃષ્ટિની રહસ્યમય સ્થિતિની શોધ કરવામાં આવી છે.આ પ્રકારની શોધ કરવા પાછળનું કારણ તો સત્યનું પ્રતિપાદન જ કરવાનું રહયું છે.પણ પરિસ્થિથિ એવી નિર્માણ થઈ કે કઈ પરંપરાનું પ્રતિપાદન સત્ય છે? વિશ્વની પ્રાથમિક અવસ્થા ચૈતન્ય રૂપી હતી કે જડરૂપ ? નિર્ગુણ કે સગુણ ? ચૈતન્ય માંથી જડનો ઉદ્ગમ થયો કે જડ માંથી ચૈતન્યનો?સત્ય અને અભાસની કસોટી કઈ ? સાચા જ્ઞાનનું સાધન શું છે ?ભૌતિક પરિસ્થિતિ જ વિચારોની અને સામાજિક પરિવર્તનની જનની છે કે વિચાર જ માનવીની મૂળભૂત પ્રેરક શકિત છે ? આ પ્રશ્નોના જવાબ શોધવા એ દર્શનનો મૂળભૂત વિષય છે.[૧]

ભારતીય દર્શન શાસ્ત્રોના પ્રવાહમાં બુધ્ધ, મહાવીર, મહિર્ષિગૌતમ, મહર્ષિકણાદ, ચાર્વાક અને કપિલમુનિનું પણ નોંધપાત્ર પ્રદાન રહયું છે.દર્શનના આ ભિન્ન પ્રવાહો માટે અંગ્રેજીમાં રૂઢ અને સર્વ સામાન્ય નામો છે.આઈડીયાલિઝમ તથા મટિરિયા લિઝમ.ભારતીય ભાષામાં એવા રૂઢ નામો નથી.પણ પહેલા પ્રવાહને ચૈતન્યવાદ અથવા કૈવલ્યવાદ કહી શકાય.બીજા પ્રવાહને ભૌતિકવાદ અને જડવાદ કહી શકાય.

વૈદિક સાહિત્યની સર્વથી પ્રાચીન કૃતિ ઋગ્વેદ છે.ઋગ્વેદની રચના ઈ.સ.પૂર્વે બારમી સદી મનાય છે.વેદના ચારેય ગ્રન્થોમાં વૈચારિક વિકાસની પ્રક્રિયા જોઇ શકાય છે. ત્યાર બાદ ઉપનિષદોમાં ઋગ્વેદના દેવોને સ્થાને પુરૂષની રચના થઈ.એ પુરૂષના સ્વરૂપ વર્ણનમાં ધીમે

ધીમે આગળ વધતાં ઉપનિષદોમાં નિરંજન, નિર્ગુણ, નિષ્કલ એવા બ્રહ્મનું વર્ણન આપણને મળે છે.[૩]

આ રીતે વેદ – ઉપનિષદમાં નિર્ગુણશબ્દ ઈશ્વરના પર્યાય તરીકે વપરાયો, તે સ્પષ્ટ છે. ભારતીય દર્શન શાસ્ત્રોમાં જુદા જુદા દાર્શનિકોએ શોધ તો પરમતત્ત્વ વિષયક કરી છે. એટલે પ્રશ્ન પરમતત્ત્વના અસ્તિત્ત્વ વિશેનો છે. વેદાંત દર્શન પ્રમાણે નિર્ગુણ, નિરાકાર, અવ્યકત, અચિંત્ય અને સ્થિર બ્રહ્મએ વિશ્વની પ્રાથમિક અવસ્થા જડાત્મક છે. આવી સ્પષ્ટ ભૂમિકા સાંખ્ય, લોકાયત અને કણાદ વગેરેએ સ્વીકારી હતી. મીમાંસાકારોએ પણ કણાદની ભૂમિકા માન્ય રાખેલી.[૪]ભારતીય દર્શન શાસ્ત્રથી સ્પષ્ટ થાય છે કે, નિર્ગુણ પરમતત્ત્વની વાત નિરીશ્વરવાદીઓને માન્ય નથી. કેમ કે તે વિશ્વની પ્રાથમિક અવસ્થા જડરૂપ હતી, તેમ માને છે. આ વિશે વેદાંતનો મત એવો છે કે, અવ્યકત બ્રહ્મ પોતાની લીલા માટે આ માયાત્મક, નામ રૂપાત્મક જગતનું નિર્માણ કર્યુ, અને તેને ગતિ આપી.[૫]

વેદાંત કર્તાઓ સ્પષ્ટ માને છે કે, અવ્યકત બ્રહ્મે પોતાની લીલા કરવા માટે આ જગતનું નિર્માણ કર્યુ છે. આ દલીલની સામે નિરીશ્વરવાદીઓ એ પ્રશ્ન કર્યો કે, જો ઈશ્વર જગતનું નિર્માણ કર્યુ, તો ઈશ્વરનું નિર્માણ કોણે કર્યુ ? એ જો સ્વયંભૂ હોય તો જગત પણ એવું શા માટે નહીં? ને જો આ જગતનું નિર્માણ ઈશ્વર લીલાથી થયું, તો પછી જે નિર્ગુણ અને નિર્વિકાર છે. તેમનામાં અનુકંપાની ઈચ્છા શાથી થઈ ? નિર્વિકાર ઈશ્વર નિર્હેતુક હોવો જોઈએ. નિર્વિકાર પણું અને સહેતુકતા એ બન્ને ગુણો એમનામાં એકી સાથે કઈ રીતે હોઈ શકે ?કારણ જો એ નિર્વિકાર હોય તો એની ઉપર ઉદ્દેશ, હેતુ અને ઈચ્છા એ માનવ ગુણનું આરોપણ થઈ શકે નહીં. ને જો થાય તો એ ઈશ્વર શાનો ?

ભારતીય દર્શન આ રીતે ઈશ્વરવાદી અને નિરીશ્વર વાદી દાર્શનિકોની દલીલો પ્રતિદલીલોથી રચાયેલું છે. ભારતીય દર્શન જડવાદી અને ચૈતન્યવાદી એમ બન્ને પ્રકારનું પ્રાપ્ત થાય છે. નિર્ગુણ ઈશ્વર ચૈતન્યવાદી દાર્શનિકોની શોધ છે. નિર્ગુણ ભકિતના બીજ ઋગ્વેદ અને યજુર્વેદની ઋચામાં જોવા મળે છે. તેમાં સર્વવ્યાપક, સર્વ શકિતમાન પરમાત્મા અજર, અમર, નિત્ય, નિરાકાર અને નિર્ગુણ કહયો છે. સૂકતો અને ઉપનિષદોમાં પણ ઈશ્વરને રૂપગુણથી રહિત કહયો છે. કેટલાક વિદ્વાનોનો મત છે કે, નિર્ગુણધારા બૌદ્ધના વજયાની અને સહજયાની શાખામાં જોવા મળે છે. સિદ્ધો અને નાથયોગીઓ નિર્ગુણ માર્ગી જ હતા.... નિર્ગુણ ભકિતના મૂળમાં બુદ્ધનો શૂન્યવાદ, શૈવનો અદ્વૈતવાદ, ઈસ્લામનો એકેશ્વરવાદ, રામાનંદીઓ નો વિશિષ્ટ દ્વૈતવાદ, વૈષ્ણવ ભકતોનો પ્રપતિવાદ, નાથયોગીઓનો હઠયોગ તથા સૂફીઓની પ્રેમસાધના આ બધાની

અસર માંથી જન્મે છે, નિર્ગુણ ભકિત.[૭]

પ્રાચીન દાર્શનિકોમાં નિર્ગુણ બ્રહ્મ વિશે ઘણા મતમતાંતરો પ્રવર્તે છે. પણ દાર્શનિકોનો એક મોટો વર્ગ નિર્ગુણ બ્રહ્મનો હિમાયતી રહયો છે. તેમણે એ પ્રકારનું દાર્શનિકતત્ત્વ પ્રદાન કર્યુ. એ તેઓની મૌલિક વિચાર ધારા છે. તેઓને ચૈતન્યવાદી તરીકે હવે આપણે જાણીએ છીએ. ને જે પ્રતિપક્ષ છે તેઓ જડવાદી કે ભૌતિકવાદી તરીકે ઓળખાય છે. ચૈતન્ય વાદીઓનું સ્પષ્ટ મંતવ્ય છે કે, નિર્ગુણબ્રહ્મએ આ સૃષ્ટિનું પરમતત્ત્વ છે. તે નામરૂપ ગુણ રહિત છે. નિરંજન, નિરાકાર, નિષ્કલ, શબ્દાતીત અને વર્ણનાતીત છે. ને નિર્ગુણ બ્રહ્મજ આ સૃષ્ટિનો કર્તા છે.

આટલી ચર્ચા કર્યા પછી, હવે આપણે મધ્યકાલીન સંત સાહિત્યમાં નિર્ગુણ ભકિત વિશે જોઈએ -

## ◈ *મધ્યકાલીન સંતસાહિત્યમાં નિર્ગુણ માર્ગ:*

નિરાંત મહારાજ નિર્ગુણ માર્ગી સંતકવિ છે. તેમને લાભેલું નિગુર્ણતત્ત્વજ્ઞાન તેમણે પોતાની કૃતિઓમાં પ્રગટ કર્યું છે. મધ્યકાળના સંત સાહિત્યમાં નિર્ગુણમાર્ગની શી સ્થિતિ હતી તે તપાસવી જરૂરી છે. સાહિત્ય એ સમાજનું દર્પણ છે. એટલે જે તે સમયના સમાજની સ્થિતિગતિ તેમાં પ્રતિબિંબિત થયેલી હોય છે. મધ્યકાળમાં દેશના સર્વ ક્ષેત્રોમાં અંધાધૂધી અને અરાજકતા હતી.

'રાજનૈતિક રુપ સે દેશ ગુલામ હો ચૂકા થા. કિન્તુ ઉસકી આત્મા મરી નહીં થી. નિર્ગુણ સંતોકી યહ પરંપરા ભકિત આંદોલનકા હી એક ભાગ થા. એક ઔર વહ વિદેશિયોં કો આત્મસાત્ કરને કી શકિત રખતી થી, તો દુસરી ઔર ભારતીય તત્ત્વોં કો પૂર્ણ કો પૂર્ણ રૂપસે સુરક્ષિત રખને કા ઉસકા દાવા થા. યે સમાજ કે નિચલે સે નિચલે વર્ગ સે ઉઠે. ઔર અપની સાધના, યોગ્યતા ઔર તપસ્યાસે સબકા આદર પ્રાપ્ત કર ઉન્હોને યહ બતા દિયા કિ યે કિસી ઉચ્ચ જાતિ કે લોગોં સે પીછે નહીં હૈ. ભારતીય સંસ્કૃતિને એક બાર પુન:લન નિર્ગુણ સંતો કે રૂપ મેં અપને આપકો સમયાનુકૂલ બનાકર અપની ગતિશીલતાકા પરિચય દિયા. ઈસે ભલે કટ્ટર મુસલમાનો યા ઉચ્ચવર્ણીય હિન્દુઓ ને ન સ્વીકાર કિયા હો, કિન્તુ ઈન સંતો કો ઉસકી લેશમાત્ર ચિન્તા ભી નહીં થી.[૮]

ભારતીય દાર્શનિકો - વિચારકોએ ભારતીય સાહિત્ય અને સમાજને સમૃધ્ધ કરવા નોંધપાત્ર પ્રદાન કર્યું. સમાજ જીવન નો અને રહસ્ય વિષયક કોઇ પ્રશ્ન એવો નહીં હોય જેની પ્રાચીન વિચારકો એ ચર્ચા ન કરી હોય. ભારત વૈચારિક રીતે સમૃધ્ધ રહયુંછે. એનું પ્રમાણ વિભિન્ન શાસ્ત્રો છે. તેને સમૃધ્ધ કરવામાં પ્રાચીન દાર્શનિકોનો ફાળો નાનો સૂનો નથી. પણ મધ્યકાળમાં

ભારતનું અહિત ધર્મ ના નામે ચાલતી ધાર્મિકતાથી થયું.ધર્મ ફકત બાહ્યાચારોને ક્રિયાકાન્ડોમાં સીમિત રહી ગયો.દેશમાં અસ્પૃશ્યતા પ્રસરી. વર્ણાશ્રમ ધર્મે દેશને છિન્ન ભિન્ન કરવામાં મહત્વની ભૂમિકા ભજવી.દંભીઓ-ઢોંગીઓ ધર્મગુરુ બની બેઠા.ને તેમના દ્વારા ધર્મને નામે અનેક પ્રકાર ના વિધિ-વિધાનો,યજ્ઞો,વ્રત,મંત્ર-તંત્ર વગેરેનો પ્રચાર અને પ્રસાર થયો.પરિણામ સ્વરૂપ ભારતીય સમાજ દિશા વિહિન બની ગયો.એવા સમયે-

ઈન સંતોને ચાહા કિ જનતા અંધ વિશ્વાસોં બચેં ઔર ધર્મ કે નામ બાહયાચારોં મેં ન ફંસે.પરોક્ષ તત્ત્વ સે ભલે હી હિન્દુ નિરાકારવાદી રહે હો,કિન્તુ ઉનકી ઉપાસના પધ્ધતિ તો સદૈવ હી સાકાર રહ હે.અનેક પ્રકાર કે નિરાકાર દર્શનો કે બાવજૂદ ભી ઈન્હોને ઈસ બાત કો સ્વીકાર કિયા હૈ,કિ પરમાત્મા કા પ્રતીક સાકાર હી હૈ.અપની કમજોરી કે કારણ હી મનુષ્ય સાકાર પ્રતીક ઢૂંઢતા હૈ .સાકારવાદીયોં કી સંખ્યા નિરાકાર વાદિયોં કી સંખ્યા સે અધિક હૈ.[૯]

મધ્યકાલીન સંતકવિઓ એ સમાજમાં પ્રવર્તતી ધાર્મિક અરાજકતા અને અમાનુષિતા સામે ભકિત આંદોલન શરૂ કર્યુ.આ આંદોલને વિશેષ કરીને સામાન્ય જનસમુદાયને પ્રભાવિત કર્યો હતો.સંતો અને સુધારકોએ ભારતમાં નવચેતનના અને પ્રગતિશીલ વિચારધારા વહેવડાવી.બૌદ્ધ ધર્મ પછી ભારતમાં આટલા મોટા પાયા પર ધાર્મિક સુધારણાનું આંદોલન થયું હોય તો તે આ ભકિત આંદોલન જ હતું. [૧૦]

મદ્યકાલીન સંતકવિઓએ સમાજમાં પ્રવર્તતી ધાર્મિક અરાજકતા અને અમાનુષિતા સામે ભકિત આંદોલન શરૂ કર્યુ.એમ કહેવું તે જરા વધુ પડતું છે. બલ્કે એમ કહેવું જોઈએ કે સમાજ માં પ્રવર્ત માન વિપરિત પરિસ્થતી ની ધાર્મિક જડતા ને તેમાંથી પ્રગટથતી અમાનુષિતા નો પડધો સંતસાત્યિ મા પડયો છે.

પ્રાચીનકાળથી ભારતીય સમાજ વિવિધ વર્ણોમાં વિભાજિત હતો.મદ્યકાલીન સમયમાં પ્રવેશતા વર્ણવ્યવસ્થાનું વધુ ચૂસ્ત રીતે પાલન થવા લાગ્યું.સમાજ અનેક જ્ઞાતિ અને પેટા જ્ઞાતિ ઓમાં વિભાજિત થતો ગયો.તેમ વિદ્વાનો એ પણ સ્વીકાર્યુ છે.સમાજના વિભિન્ન સમૂહો પોતપોતાના ધર્મ સંપ્રદાય, સંસ્કૃતિ આચાર-વિચાર,ખાન-પાન અને રીત -રિવાજો નું પાલન કરતી હતી.પરિણામે અને કે શ્વસવાદમાં પ્રજા બદ્ધ થયેલી હતી. મુસ્લિમોના આક્રમણને પણ તે ખાળી શકી નહીં ને ભારત ગુલામીની ગર્તામાં ધકેલાઇ ગયું તેવા સમયે મદ્યકાલીન સંતકવિઓ એ પ્રજાને એક સૂત્રે બાંધવા ભગીરથ પ્રયાસ કર્યો પ્રેમ,ભાઇભાવના, એકતા અને અખંડિતતા સ્થાપિતા કરવા આ સંતકવિઓ એ નિર્ગુણ માર્ગ દ્વારા સાંસ્કૃતિક કાર્યકર્યુ:સંત કબીર સાહેબ,નાનક,રૈદાસવગેરેના સમયમાં ધાર્મિક અને સામાજિક અશાંતિ હતી.શંકરાચાર્ય અને તે

પછી વૈષ્ણવ આચાર્યો દ્વારા અદ્રૈત દર્શન નો પ્રચાર અને પ્રસાર થઇ ગયો હતો. શૈવમાર્ગી ઓ અને શાકતો પણ અદ્રૈત્યનો પ્રચાર કરી રહ્યા હતા. સિદ્ધો અને નાથયોગીઓનો સમાજ ઉપર ઘણો પ્રભાવ હતો. ટૂંકમાં કબીર અને તેમના સમકાલીન સંતોને પ્રભાવિત કરતો અદ્રૈતવાદ પ્રસરી ચૂકયો હતો.

'નિર્ગુણધારા કે સંતકવિઓને જીસ નિરાકાર, નિરંજન, અવ્યકત, અગોચર ઈશ્વરકી આરાધના, ઉપાસના - યા ભકિતકા ઉપદેશ દિયા, વહ શુદ્ધ યા સર્વથા અનાવિલ ન રહકર ઉપર્યુકત ધર્મ સંપ્રદાયો તથા દાર્શનિક મતવાદોં સે અવશ્યમેવ પ્રભાવિત થી ।સંતો કા ઈશ્વર નિર્ગુણ નિરાકાર રહને પર ભી સગુણતા કે ઉન લક્ષણો સે રહિત નહીં થા, જો દયા - દાક્ષિણ્ય આદિ સે ઉસે દયાલુ ઔર રક્ષક બનાતે હૈં। બ્રહ્મ, ઈશ્વર યા રામકા સ્વરૂપ સત્ય, વ્યાપક ઔર સર્વશકિતમાન હૈ ।' [૧૧]

કબીર અને તેમના સમકાલીન નિર્ગુણમાર્ગી સંતકવિઓ એ હિન્દુધર્મ કે મુસ્લિમધર્મની પરંપરા સ્વીકારી નથી. તેમજ તેમની નિંદા કરવાનો પણ તેઓનો કોઈ આશય જણાતો નથી. હિન્દુ અને મૃસ્લિમ બન્ને પ્રજાએ આ નિર્ગુણમાર્ગી સંત કવિઓનો હંમેશા આદર કર્યો છે. કેમ કે તેમની કથની અને કરણી માં ઐકય હતું તેમના જીવનમાં વિતંડાવાદ કે અહંકાર ન હતો. અલબત્ત તેમને વિરોધનો સામનો પણ કરવો પડયો. પણ સત્યના પ્રતિપાદન માટે તેઓ હંમેશા અડગ રહયા.

કબીર નિર્ગુણ ભકિતમાંશાસ્ત્ર અને સંપ્રદાયની કોઈ માન્યતા સ્વીકારતા નથી. બાહયક્રિયાકાન્ડ ના જબરા વિરોધી છે. આ ભકિતમાર્ગ માં કોઈ જ્ઞાતિ, જાતિ, વર્ગ, કે સંપ્રદાયના વાડા નથી. અરે! મંદિર, મસ્જિદના બંધન પણ નથી. માનવ સમાજને જે કલ્યાણકારી છે તેનોજ ઉપદેશ આપ્યો છે. માણસ - માણસ વચ્ચેના ભેદ, કોમવાદ, અસ્પૃશ્યતા મિથ્યાચાર અને દંભીઓને ખૂલ્લા પાડી તેનો સખત વિરોધ કર્યો. ૧૨

સંત સાહિત્યમાં ગુરુ નું વિશેષ મહત્ત્વ છે. ગુરુ નેજ તેઓ સગુણ -સાકાર રૂપે ઈશ્વર માને છે. એજ રીતે માનવ દેહ ને પણ સગુણ - સાકાર માને છે. સંતવાણીમાં ગુરુ જ સાક્ષાત પરિબ્રહ્મ છે. એ સચરાચર ને સર્વવ્યાપક છે. ગુરુ અને શિષ્યમાં પણ એકજ તત્ત્વ રૂપે રહેલો છે. પણ ગુરુ દ્વારા જે નિર્ગુણ ની પ્રાપ્તિ થઈ, તે માટે ગુરુ ને વિશેષ વંદે છે. કબીર સાહેબ કહે છે :

સગુણ કી સેવા કરો, નિર્ગુણ કા કરો જ્ઞાન,
નિર્ગુણ સગુણ કે પરે, તહૈ હમારા ધ્યાન.

-કબીર

એજ રીતે નાનક પણ પ્રતિપાદિત કરે છે:

' ગુરુ મુખ હોવે સુ કાયા ખોજે,

હોર સભ ભરમિ ભુલાઇ.'

-નાનક

નરસિંહ મહેતા પણ પરમતત્ત્વના સ્પર્શ ને પામ્યા પછી તેને સર્વત્ર જુએ છે-

'બત્તી વિણ,તેલ વિણ,સૂત્રવિણ જોવળી અચળ ઝળકે સદા અચળ દીવો
નેત્ર વિણ નિરખવો,રૂપ વિણ પરખવો,વણ જિ્હવાએ રસ સરસ પીવો

-નરસિંહ

અવ્યકત સ્વરૂપને વંદન કરતાં નરહરિ કહેછે:

'અવ્યકત સ્વરૂપને પ્રણમુ,જે નિરાકાર પરિબ્રહ્મ,
શબ્દાદિક વર્જિત સદા,જે રહિત આકાર ગુણકર્મ.'

-નરહરિ.

અખો અવ્યકત નિર્ગુણને આ રીતે પ્રગટ કરે છે:

'મુખ વિના રસપાન કરવો,એહેવું તે બ્રહ્મજ્ઞાન,
શ્રવણ વિના તે શબ્દ સુણવો,નેત્ર વિહોણું ધ્યાન.'

-અખો.

રવિ-ભાણ સંપ્રદાયના પ્રવર્તક ભાણસાહેબ લખે છે:

'પંથ હતા સો થયા પરિપૂરણ,નવધા નામ મિટાયો,
દશમદશા આવી દિલ ભીતર,એકમેં અનેક સમાયો.'

-ભાણસાહેબ.

રવિ સાહેબ પણ લખે છે.

'સગુણ -નિર્ગુણ ઘર હૈ ન્યારા,સો અસ્થિર ઘર હમારા,
કહે રવિદાસ આપકુ બૂઝે,સો સદ્‌ગુરુ કા પ્યારા.'

-રવિ સાહેબ.

અખાના શિષ્ય લાલદાસજી પરમતત્ત્વને આ રીતે ઉજાગર કરે છે:

'હું જ વિશ્વમાં,વિશ્વ મુજમાં,
આદિ,મધ્યને ખંતરે,
ભાઇલાલદાસ કહે તે સાને સમસ્યા,
કોઇ સમજયા સંતરે.'

-લાલદાસજી

અખાનો સમકાલીન સંતકવિ ગોપાલદાસ કહે છે:

'અખંડ આત્મા અગોચર એક, પિંડ ઉપાધે ધાસે અનેક,
વ્યાપક વસ્તુ હરિ ભરપૂર, તો જીવ જાય આવે કયાં દૂર ?'

-ગોપાલદાસ

સંતકવિઓમાં જેની ગણના થાય છે. તે સંતકવિ બુટાએ ભલે આલ્પ સર્જન કર્યુ હોય, પણ તેમની રચનાઓ ગુણવત્તા સભર છે.

'જીવ-શિવ એક રે,
જો તેને જડે જીવની જાત .'

-બુટો

સ્ત્રી કવિયિત્રી ગૌરીબાઇ અખાની પરંપરાના જ્ઞાનમાર્ગી છે. તે સદ્ગુરુ દ્રારા નિર્ગુણની મહત્તા ગાય છે. તે નરસિંહ મહેતાની જેમ જીવ-બ્રહ્મની એકતા વિશે કહે છે:

'જીવ બ્રહ્મ તે એક છે, જોવે જીવકી જાત,
ઘટ ઘટ મેં ગિરધર વસ્યો, જયું ફૂલનકી બાસ,
કનક કુંડલ અંતર નહીં, વેદ-વેદાંત તો ગાય,
ગવરી કહે એક સંતજન, પૂરણ બ્રહ્મ સમાય.'

-ગૌરીબાઈ

જિતા મૂનિ નારાયણ અદ્રૈતની સમજ આપતાં લખે છે:

'અખંડ અખંડ સહુ કો કહે, ખંડ કહે નહીં કોય,
ખંડ અખંડ બે એક છે, તે મુનિ જિતા જોય.'

-જિતામુનિ

અખાના શિષ્ય લાલદાસની બીજી પરંપરાના અગ્રણી સંતકવિ જીવણદાસ છે. તેમની કૃતિ જીવનગીતા માં અદ્રૈતનું પ્રતિપાદન થયેલું છે. તેઓ કહે છે:

'સિન્ધુમાં બિન્દુ ભળ્યું રે, ભલો મળ્યો સંયોગ,
સર્વ સમાપ્ત થઈ રહયું રે, ગયો ભવનો રોગ.'

-જીવણદાસ

અખાના શિષ્ય પરંપરાના જિતામુનિ નારાયણ, તેમની શિષ્ય પરંપરામાં કરુણ સાગર મહારાજ થઇ ગયા. તેમણે કેવા જ્ઞાન સંપ્રદાય ની સ્થાપના કરી. તેઓ કહે છે:

'કાય પંથ હમારડા-કૈવલ કા દેદાર,

સત્ કુવરે હે આગુવા, આવોને કોઈ યાર.'

આ કરુણા સાગરની પરંપરામાં કવિ છોટમ્ પણ અદ્વૈતનું નિરૂપણ કરે છે:

'ઘન વિના ગાજે રે, વાદળ વિના વિજળી રે,

અરણવ ઉછળે આઠે પહોર,

ઝળહળ દીસે રે જયોતિ, અતિ નિરમાળી રે,

રવિ ચંદ્ર ઠરી રહે એક ઠોર'

વસ્તો વિશ્વંભર અઢારમાં શતકના ઉતરાર્ધમાં થઈ ગય તે અખાની શિષ્ય પરંપરાનો છેલ્લો અને મોટો કવિ છે. તે લખે છે:

'જ્ઞાન તણી સુણને ભાઈ વાત, જેવી છે તેવી સાક્ષાત,

ખાંડ તણુ જેમ શ્રીફળ થાય, એવો બ્રહમ સધળે લહેરાય'

સંતકવિ પ્રીતમ અદ્રૈતમાર્ગી છે. તેઓ પ્રતિપાદિત કરે છે કે, ઈશ્વર ભેદ રહિત છે. જ્ઞાતિ-જાતિ કે, સ્ત્રી-પુરૂષના પણ ભેદ નથી એવા નિર્ગુણ પરિબ્રહ્મને આ રીતે પ્રગટ કરે છે:

'ઈશ્વરકું ઊંચ-નીચ નહીં, પુરૂષ નપુસંક નાર,

કહે પ્રીતમ વ્યાપી રહયો, સબધટ બોલનહાર.'

-પ્રીતમ

નિર્ગુણ પરિબ્રહ્મ સર્વવ્યાપી છે. તે શરીર અને બ્રહ્માંડમાં એક રૂપે વિલસી રહયું છે. તેવા પરમતત્ત્વને આ રીતે વ્યકત કરે છે.

'જે છે પિંડમાં, તે છે વરમંડમાં,

વેદ-કુરાનને વખાણ્યા.'

-મેધજીવો

એજ રીતે દાસી જીવણ પણ કહે છે:

'બોલે બોલાવે સબધટ બોલે,

સબધટ મેં રહયો સમાય.

-દાસી જીવણ

આમ, નિર્ગુણ કાવ્યધારા મધ્યકાળમાં સંતકબીર દ્રારા પ્રવાહમાન થઈ. સમગ્ર ભારતવર્ષમાં કબીરનો નિર્ગુણવાદ પ્રસર્યો. તેની અસર ગુજરાતના સંતકવિઓએ પણ ઝીલી. નિર્ગુણ માર્ગી સંતો ક્રિયાકાન્ડો અને મૂર્તિપૂજાને મિથ્યાચાર માને છે. ઘટભીતર રહેલ પામવાની હિમાયત આ સંતકવિઓ એ કરી. નિર્ગુણ માર્ગીઓનું પ્રતિપાદન છે કે, દ્રૈત-અદ્રૈત, ગુણ-નિર્ગુણથી પણ

પરમેશ્વર છે.સંત કવિઓ ધીરો કહે છે તેમ-

'તરણા ઓથે ડુંગર,

ને ડુંગર કોઈ દેખે નહીં.

સગુણ કે નિર્ગુણ માં બદ્ધ થઈ જાય તેવા સંકુચિત અને સંકીર્ણ મતવાદી ઓઆ સંતકવિઓ નથી. કહેવા ખાતર આપણે તેને નિર્ગુણમાર્ગી જરૂર કહી શકીએ નિર્ગુણમાર્ગી સંત કવિઓનુ દર્શન નિજ સ્વરૂપનું રહ્યું છે.અર્થાત પોતાની ભીતર જ પરમતત્ત્વ અંકિત છે. તે કર્તા પણ છે,ને અકર્તા પણ છે. સંતવાણી કહેવાય છે કે જ્ઞાન વિના અનુભવ ન થાય ને અનુભવ વિના જ્ઞાન સંભવ નથી.અનુભવ અને જ્ઞાન પ્રાપ્ત કરવા માટેસંતોએ વૈરાગ્ય ઉપર વિશેષ ભાર મૂકયો છે. અખો પણ કહે છે:ભકિત રૂપી પંખિણી તેને જ્ઞાન-વૈરાગ્ય ની પાંખો છે.

આ ઉપરાંત પરમતત્ત્વના જ્ઞાન માટે સદ્ગુરુ ની જરૂર રહે છે.ગુરુ વિના જ્ઞાન નથી તેમ ગુરુ વિના મુકિત નથી તેમપણ કહેવાયું છે.સદ્ગુરુનું શરણગ્રહી, નિજ નામમાં અર્થાત્પોતાના સ્વરૂપમાં મગ્ન રહેવાથી પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે. પરમતત્ત્વની પ્રાપ્તિ એટલે જ્ઞાન.નેજ્ઞાન વડેજ મુકિત મળે છે.સંતવાણીનું દર્શન એ રહયું છે કે મૃત્યુ પછી ની મુકિત માત્ર કલ્પના છે.જીવતાં જ જ્ઞાનની પ્રાપ્તિ થાય એટલે મુકિત આપોઆપ મળે છે.જ્ઞાન થી જ માનવીનું ઉર્ધ્વીકરણ થાય છે.પછી સંકુચિતતા ને સંકીર્ણતા માંથી મૂકિત મળે છે. સર્વમાનવ સમાજમા,જીવજંતુમાં, સર્વે પ્રાણીઓમાં એકજ પરમતત્ત્વ વિવિધરૂપે વિલસી રહ્યું છે.તે પ્રકારનું જ્ઞાન દઢ થતાં ઊંચ-નીચ ,મારુ-તારું એવા દ્વંદ્વ નું નિરસન થાય છે.માનવી સંસારના સુખ દુ:ખ થી પર રહી ઉન્નત રીતે જીવન નિર્ગમન કરે તે પ્રકારના માર્ગનું આ સંત કવિઓ એ પ્રગટ કરણ કર્યુ.મધ્યકાળના અંધાધૂંધી ને અરાજકતા ના સમયમાં આ પ્રકારની સંતવાણી આશીર્વાદ રહી.મધ્યકાળના સામાજિક જીવનની આવશ્યકતા ને પરિપૂર્ણ કરવા આ સંતકવિઓએ કથની અને કરણીને એકકરી જાણી.પોતાના જીવનના દ્દષ્ટાંત વડે વિસંવાદિતામાં સંવાદિતા સર્જી.નિર્ગુણમાર્ગ અનેકતામાં એકતા સ્થાપવા માં સંતકવિઓએ સતત મથામણ કરી છે. ને એટલેજ વિદ્વવાનોએ આ સંતકવિઓને ભારતીય સંસ્કૃતિના વિવેક વણઝારા કહ્યા છે.

## ◈ *નિર્ગુણમાર્ગી સંતકવિ નિરાંત મહારાજ:*

કબીર સાહેબ અને તેના સમકાલીન સંતકવિઓનો નિર્ગુણમાર્ગ.ને તેની પૂર્વે પ્રચલિત થયેલા નિર્ગુણવાદ વિષયક આપણે ચર્ચા કરી. તે સર્વ માંથી એટલું પ્રતીત થાયછે. કે,શ્રી નિરાંત મહારાજે પોતાના સર્જનમાં જે નિર્ગુણ બ્રહ્મનું આલેખન કર્યું છે.તેની પરંપરા આપણે ત્યાં રહી છે.શ્રી નિરાંત મહારાજે લખવા -વાંચવા પૂરતું અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલું .અપરોક્ષનુભૂતિ જન્ય

જ્ઞાન પ્રાપ્ત કરવા સ્વાનુભવ જ અગત્યનો છે.તેમ સંત કવિઓનું પ્રતિપાદન છે. ઉપરાંત ગુરુ દ્વારા પણ શિષ્યને જ્ઞાન આપવામાં આવતી હોયછે.પછી તેનું વારંવાર નિદિધ્યાસન કરવાથી અપરોક્ષાનુભૂતિ જન્ય જ્ઞાન જન્મે છે.એ રીતે શ્રી નિરાંત મહારાજે પણ જ્ઞાન પ્રાપ્ત કરેલું.તે માટે તેઓ વારંવાર પોતાના પદોમાં ગુરુ નો આભાર પ્રગટ કરે છે:

'ગુરુગમ વિના નહીં મળે, પઢીએ વેદ-પુરાણ,
જપ તપ તીરથ વ્રત કરો, પણ નહીં પાવો પદ નિર્વાણ.

અને-

'ગુરુજીના શબ્દ વિચારીએ, ટળે માયા મોહ અહંકાર,
બાળી ભસ્મ કરે બીજી વાસના, ઊર પ્રગટે પ્રેમ અપાર.

એજ રીતે -

'પૂજન કરવું તો ગુરુને પૂજવા, ગુરુ ની આણ સહુ માને રે,
ગુરુ થી મોટો કોઈ મળે નહીં, સમજો ગુરુની સાન રે.

આ રીતે અનેક પદોમાં શ્રી નિરાંત મહારાજે ગુરુ વિશે મહિમા વ્યકત કર્યો છે. શ્રી નિરાંત મહારાજે ગુરુ વિશે મહિમા વ્યકત કર્યો છે.શ્રી નિરાંતના સાહિત્યનું પરિશીલન કરતાં આપણને લાગે કે આ સંતકવિનું સાહિત્ય પારલૌકિક નથી.પણ વાસ્તવસક્ષી છે.તેમના દ્વારા આલેખિત વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં તત્કાલીન સમયના સમાજનો રણકો છે.સમાજમાં પ્રવર્તતી અજ્ઞાનતા, અંધશ્રધ્ધા, રૂઢિચૂસ્તા, સંકીર્ણતા, ઊંચ-નીચ ના ભેદભાવ, ઈશ્વરને નામે થતી અનેક પ્રકારની વિધિઓ, ક્રિયાકાંડો, અનેક પ્રકારના વહેમો અને માન્યતાઓ.એમ વિભિન્ન સ્થિતિગતિનું તેમણે નિરૂપણ કર્યુ છે.તેમાં ઈશ્વરના નિરંજન-નિરાકાર રૂપને પણ પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો છે.વિશ્વમાં માનવસમાજ એક છે.હવે, આપણે નિરાંત મહરાજના પદો માંથી પ્રગટ થતા નિર્ગુણ બ્રહ્મ વિશે વિહંગાવલોકન કરીએ.

### ◈ *નિરાંત મહારાજની કવિતામાં નિર્ગુણબ્રહ્મનું નિરૂપણ :*

'નિર્ગુણ નામ લ્યો નર નારી રે,
આ અવસર છે બલિહારી રે.'

-નિરાંત.

ધાર્મિક વૃતિવાળા સ્ત્રી-પુરૂષો સામાન્યત: વિશેષ રીતે ધાર્મિક કાર્યોમાં, મૂર્તિપૂજામાં, તીર્થસ્થાનોમાં, જપ, તપ, વ્રત યજ્ઞ, વિધિ વિધાનોમાં શ્રધ્ધા રો છે.બાહયાચારોમાં ઈશ્વર પૂજન કરી પોતાને ભાગ્યશાળી માને છે.પૂજારી, પૂરહોહિતોને બની બેઠેલા દંભી ધર્માચાર્યો

પોતાના ઊદર પૂર્તિ માટે પ્રજાને બાહયાચારમાં વ્યસ્ત રાખે છે.પ્રજા અશિક્ષિત અને નિરીક્ષર હોવાથી જગત શું ? ધર્મ શુ ?કર્મ શુ?વગેરે પ્રશ્નો થી અનભિજ્ઞ હોય છે.તેમાંથી અનેક પ્રકારની રૂઢિઓ જન્મે છે.ત્યારે પ્રજાને માર્ગદર્શન આપવા સંતો ગમે તેવી પરિસ્થિતિમાં પણ અડગ રહે છે.વિવિધ સાધના,ક્રિયાકાન્ડોમાં વ્યસ્ત રહેતી પ્રજાને નરસિંહ પણ કહયું-

'જયાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહીં,ત્યાં લગી સાધના સર્વ જુઠી,
માનષી દેહતારો એમ એળે ગયો,માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી.'

મંત્રોચ્ચાર કરવાથી કે ભાગવત પાઠ કરવાથી શ્રી હરિ પ્રસન્ન થતા નનથી જયાં સુધી પરમાત્માનો વિરહ નથી થતો,ત્યાં સુધી માત્ર બકવાસ જ છે.

'હરિને જાણ્યા વિના હરિ કેરોજન થયો,
વાત પકવાને નહીં ભૂખ ભાંગે,
વિરહની વેદના ભેખથી નવ શમે,
ગગનમાં મેઘ જેમ ઠાલો ગાજે.'

-નરસિંહ

જેનું દ્વૈતમાં મન સતત ભમે છે.ને જે મૂર્તિપૂજામાં જીવનની ઈતિશ્રી સમજે છે.તેવા લોકો ઉપર પ્રહાર કરતા અખો લખે છે:

'વૈષ્ણવ ભેખ ધરીને ફરે,પ્રસાદ ટાણે પત્રાવળાં ભરે,
રાંધ્યા ધાન વખાણતા જાય,જયમ પીરસે ત્યમ ઝાઝાં ખાય.'

-અખો

અને-

'જ્ઞાન વિના ભકિત નવ થાય,
જયમ ચક્ષુહેણો જયાં ત્યાં અથડાય.'

-અખો

નરસિંહ અને અખાની જેમ શ્રી નિરાંત મહારાજ પણ નિર્ગુણ બ્રહ્મની ઉપાસનાનો ઉપદેશ આપે છે.નિગુર્ણનામ એટલે નામરૂપ ગુણ રહિત નામ.નામ એટલે નિજનામ પોતાનું સ્વરૂપ.નિરાંત કહે છે:

'નામ નિર્ગુણ સે નહીં ન્યારા,એકાએકી આપ કિરતારા,
મન પવન ન પહોંચ જયાં હીરે,વાકીખોજ કરો ધટમાં હીરે.

નામ નિર્ગુણથી ભિન્ન નથી. પરમતત્ત્વ સર્વવ્યફાપક છે. ને સળંગ સૂત્ર એકતાર છે. તેથી આપ પોતે જ કિરતાર છો. આમ અહીં અભેદની સ્થાપના શ્રી નિરાંત કહે છે: પિંડ-બ્હ્માંડમાં એક જ તત્ત્વ રૂપે વિલસી રહયો છે.

'પિંડ બ્રહ્માંડ તે પોતમાં પરખવું, જુગતિ જોઇ મન અતિ હરખવું,
પોતના પારખ્યે ભાત ભાળે.'

-નિરાંત

જે પિડમાં પરમતત્ત્વને પિછાણતો નથી જે પોતાના જ સ્વરૂપ ને જાણતો નથી તેને આ જગતમાં ભિન્નતાજ લાગે છે. નિરંજન-નિરાકાર અગમ છે. તેની ગમ પડે તો પ્રત્યક્ષ થાય. સમજપ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે અગમ રહે છે. ને તેથી તો તેને અગોચર કહયો છે. અગોચર અર્થાત્ જે ગોચર (પ્રત્યક્ષ) નથી થતો તે. આ નિર્ગુણ બ્રહ્મ નામ રૂપ ગુણથી પણ પર છે. જે સગુણ છે તે સત્નામ છે. અર્થાત્ ગુરુ છે. જે સત્યની જ સમીપ રહે છે. તે શ્રી હરિના સાચા ભકતો તેનું જ સ્મરણ કરે છે. આ નિર્ગુણ બ્રહ્મનું જેને દર્શન થાય છે. પછી તેને સંસારની માયા રહેતી નથી. નિર્ગુણ-સગુણ વિશે નિરાંત મહારાજ કહે છે:

'અગમ અગોચર નામ હૈ, નામ નિરગુણ કા વે,
સિરગુણ સોઈ સતનામ હૈ, નામે સબ ધાવે.'

મીરાંએ કહ્યું કે -

રાણાજી હું તો અખંડવર ને વરી. અર્થાત જે કયારેય ખંડિત થતો નથી. તેવા પરમેશ્વર સાથે મેં નાતો જોડયો છે. લગ્ન પછી પતિપત્નિ જેમ સાથે રહે તેમ ભકત-પરમાત્મા ની સાથે હમેશ અતૂટ રીતે રહેતો હોય છે.

શ્રી નિરાંત મહારાજ પણ લખે છે:

'નિર્ગુણ સગુણ એને નવ કહેવાયરે, સાહેલી,
એવા વર ને સહુ વરવાને ધાય.'

નિર્ગુણ કે સગુણ પણ તેને કહી ન શકાય. કેમ કે તે શબ્દાતીત છે. શબ્દમાં નિર્ગુણ અને સગુણ છે. પણ શબ્દથી પણ જે પર છે, તેવા અખંડ, અજીત અને અખર ધણી ની સાથે અનુસંધાન કરવા ભકતો ધસે છે. તે અખંડ ધણી કેવો છે?

શ્રી નિરાંત લખે છે:

'રૂપ નહીં ને જેને ગુણ નહીં ને, નામ નહીં છે એવું,
કાંઇ નહીં ને સર્વે તેનું, વૃક્ષ બીજ છે જેવું.'

જ્યાં વાણી, વિચાર ને વિવેક ન પહોંચે તે કૈવલ્યપદ છે. કર્મધર્મના પરંપરિત માર્ગે ચાલવાથી કશાની પ્રાપ્તિ થતી નથી પરમ્ તત્ત્વને પિછીણવા મનુષ્યએ પોતાના નિજ સ્વરૂપને જાણવું જોઇએ. તે માટે શ્રી નિરાંત કહે છે:

'કર્મ કરી શું રે કમાયો, વિચાર ને,
કર્મ કરી શું રે કમાયો.
નાહી ધોઇ ને તું નિત્ય આદરે છે,
પંથી જેમ પંથે પળાયો.'

અને -

'શુભ અશુભ કર્મ જાણ ને તે જાળ છે,
જીવ તે જાળ માં બંધાયો.

વિદ્વાનો એ નિરાંત ના માર્ગને નિવૃતિનો માર્ગ કહ્યો છે. નિવૃત્તિ એટલે સંસારના સઘળા વ્વયવહારો છોડી દેવા એમ નહીં, પણ પરમતત્ત્વની જાણકારી માટે પ્રવર્તમાન કર્મ-ધર્મને ત્યાગી, મુકત થઇ પોતાના સ્વરૂપનું અનુસંધાન દાસીજીવણને સંસારની માયામાંથી મુકત કરવા કહ્યું હતું -

'જીવણ જીવને ન્યાં રાખીએ જ્યાં વાગે અનહદ તૂરા,
ઝીલ મિલ જ્યોતિ ઝળહળે, ને પછી વરસે નિર્મળ નૂરા.'

અહી નિરાંત મહારાજ નિજ સ્વરૂપનું જ્ઞાન આપતાં કહે છે:

'તન તારું જોને તપાસી,
તું કોણ છે? તન તારું જોને તપાસી.
પાંચ તત્ત્વનું પૂતળું બન્યું છે,
માણે અગુણ તત્ત્વ નિવાસી.
પાંચની આદ લઈ ગણીએ અઠાવી,
એટલામાં આપ ઓળખાશી. તુ કોણ છે ?'

શરીર ભીતર રહેલા પરમતત્ત્વને શોધવાની અહીં વાત કર છે. પોતે કોણ છે? શું છે? તેનું જ્ઞાન થાય છે. પાંચ તત્ત્વ અને એક એક તત્ત્વ ની પાંચ-પાંચ પ્રકુત્તિ એટલે અઠાવીશ તત્ત્વનું બનેલું શરીર ને તેને ચલાવનાર તો નિર્ગુણ બ્રહ્મ છે. ને તે બીજો કોઇ નહીં પણ પોતેજ રહેલો છે. અજ્ઞાનવશ માનવી તેને બહાર શોધે છે. પોતાના સ્વરૂપનું પણ તેને સ્મરણ રહ્યું નથી. વિસ્મરણની ગર્તામાં ધકેલાઈ માનવી સુખ દુ:ખ અનુભવ્યા કરે છે. ને બીજો કોઇ પરમાત્મા

આ સુષ્ટિ માં છે.તેમ માની તેની શોધ કર્યા કરે છે.આ નિર્ગુણ તત્ત્વનું સ્થાન કયાં?ને તે કેવો છે,તે વિશે નિરાંત કહે છે:

'સર્વાતીત ને સરવની માંય છે,નહિ વરણ ને વેશ,
વસવું વિણ આધારનું રે,ઉલટું આપ લખેશ.'

આ સૃષ્ટિનું સર્જન શબ્દ વડે થયું છે.શબ્દ જ તેનો સર્જનહાર છે. પણ શબ્દાતીત ને કોણ જુએ છે? એ તો સર્વથી ન્યારો છે.બેખબર મનુષ્ય કલ્પના ના ઈશ્વરનેશબ્દવડે શોધે છે.પણ પરમ તો શબ્દાતીત છે.નિરાંત લખે છે:

'એક શબ્દ સબહી સરખા,શબ્દ હી સર્જનહારા રે,
શબ્દાતીત કો કોન લખાવે,સો સબ લખતે ન્યારા રે,
એસા એક અનંત માં દેખો,અનંત એકમાં લહિયે રે,
નિરાંત નામ નૌતમ વાકો,સમજ ગ્રહો કોઈ કહિયે રે.'

નિરાંત મહારાજ નિર્ગુણ રામના ઉપાસક હોવાથી અદ્રૈતની હિમાયત કરે છે.દ્રૈતપણામાં જન્મ ગુમાવવા જેવું છે.સત્યધર્મ ની જેને ખબર નથી તે પરમની ઉપાસના માટે ધણા સાધન કરે છે.એજ તેનું અજ્ઞાન છે.

નિરાંત લખે છે :

'અણ સમજ્યો તે સાધન બડ કરે,
એમાં અર્થ એકુ નો નવ સરે,
એવા કર્મ ઉપાસી દીઠા ધણા,
જેમ શેકાયા ઉની વેળુ એ ચણા.

માયા અવિનાશી પદ છે.માયાનો નાશ થઈ શકતો નથી.પણ માયાથી જે પર છે તે પૂર્ણ પદ છે.જે દશ દ્વાર થકી પણ દૂર છે.તે ન્યારો હોવા છતાં ભરપૂર છે.કાયા તો માયાનું કારણરૂપ છે.તેથી જે સગુણ છે, એજ આપણું સ્વરૂપ છે.

'કાયા માયા નું કારણરૂપ છે,
તેથી સગુણ તે આપ સ્વરૂપ છે.

પાંચ તત્ત્વ,પચ્ચીસ પ્રકૃત્તિ,પાંચ જ્ઞાનેન્દ્રિય,પાંચકર્મેન્દ્રિય,અને ચાર અંત:કરણને જે જાણે છે તે આત્મા છે.તેથી પણ જે પર છે તે પરમાત્મા છે.એટલે તેને જાણવું જોઈએ.

જે આત્મદર્શી છે.તેને કોઈ પ્રકારના આવરણ રહેતા નથી.આત્મદર્શન નો જે

અનુભવી છે. તેના અંતરમાં જ્ઞાનનો ઉદય થાય છે.

નિરાંત મહારાજ લખે છે:

'આત્મદર્શી જેને કહીયે, આવરણ નાહીં લગાર,
સર્વાતીત ને સર્વનો સાક્ષી, ખટવીશમો નિરાધાર.

આ રીતે અદ્રૈત્ય ના અનુભવ પછી તે મુકત પદને માણે છે. પછીતેને દ્રૈત્યભાવ રહેતો નથી. તે અદ્રૈત્યરૂપ બની જાયછે. પછી તેને કોઈ ઈચ્છા પણ રહેતી નથી. તે મુક્ત બને છે. શ્રી નિરાંત મહારાજ આ નિર્ગુણની વ્યાખ્યા કરતાં કહે છે.

'જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીયા, તુરીયાતીત પદ તેહ,
સ્થૂળ સૂક્ષ્મને કારણ કહીએ, મહાકારણ થી પર જેહ,
પરાપાર પરખો રે, જેને નેતિનેતિ વેદે કહયો.

નિરાંત મહારાજ વારંવાર ઘટમાં બિરાજેલ પરમતત્ત્વને જોવાની વાત કરે છે. લખે છે:

'ઘટમાં જુઓ વિચારી આપ,
બીજો શીદ કરો સંતાપ,
અલખ લખો અનહદની વાણી,
બીન રસના એ બોલે,
આપે તાળું આપે કુંચી,
આપે અંતર ખોલે.'

સેવા, પુજા, વિવિધ પ્રકારની સાધના, ક્રિયાકાન્ડો વગેરે લોકો સમજયા વિના કર્યા કરતા હોય છે. પંડિતો માત્ર વેદ-વેદાંતની વાતો કરે છે. તેની ભકિત પણ શબ્દથી ભાષણ આપવા પૂરતી છે. પણ જે આત્માને જાણતો નથી તેના ત્રિવિધના તાપ શમતા નથી. તેમ કહેતાં નિરાંત લખે છે:

'સેવા પૂજા સાધન કરિયા,
વણ સમજયે શું ડોળો,
ચારવેદ મુખ ભાષણ ભકિત,
પંડિત જુગમાં વાધ્યા.
આત્મારામ અચળ નહીં પરચો,
તે દૂર્મતિમાં દાધ્યા.

આ પ્રકારના ક્રિયાકલાપો કરવામાં મનુષ્યદેહને વેડફી નાખવાનો નથી. મનુષ્યદેહ સર્વોતમ છે. દેવને પણ દૂલર્ભ છે. તેમ કહેવાયું છે. નિરાંત પણ કહે છે:

'શીદ ને મરો છો તાણી,
તરીલાં તમો, શીદને મરો છો તાણી.
અને મનુષ્યનું ગૌરવ કરતાં લખે છે.
મનુષ્યા રે દેહી નો લા વો રે ,
ને હરિ ને જુઓને હેત આણી,
નિરાંત નહીંતર જાશો વ વાયા,
પસ્તાશો પળમાં પ્રાણી '

અને -

'મનુષ્યા દેહનો મર્મ ન જાણ્યો,
એવા નર અભાગી.
હરિને ભજતાં હરિ સમોવડ,
ભિન્નભાવ ના જાણું,
નિરાંત નિશાવત્ તન ન્યારો,
મનુષ્યા દેહી તે વાહાણું.'

ભારતીય દર્શનમાં ચૈતન્યવાદી દાર્શનિકોનું પ્રતિપાદન છે. કે નિર્ગુણ ને ઈન્દ્રિય રહિત જોઈ શકાય. ઈન્દ્રિય વડે થતું દર્શન ભ્રાન્તિ હોઈ શકે, પાંચ જ્ઞાનેન્દ્રિયો પાંચ કર્મેન્દ્રિય થી તે પર છે. આપણા કબીર, નરસિંહ, અખો, નરહરિઅને બીજા અનેક નિર્ગુણમાર્ગી સંત કવિઓનું પણ આ પ્રકારનું દર્શન રહ્યું છે.

નિરાંત મહારાજ પણ કહે છે:

'ઈન્દ્રિય રહિતપદારથ પ્રી છો, તે ઈન્દ્રિયને નવ આવે,
સહુ મે વરતે સહુ થી ન્યારો, સાખી સાખ નવ કહાવે.'

વાણી રહિત જે વિચારે છે તે અંતર્યામીથી ભિન્ન નથી. ને પછી પોતાના જ રૂપને આ રીતે પ્રત્યક્ષ નિહાળે છે.

'પરબ્રહ્મ તો પ્રગટ પ્રીછે, રૂપ અનુપમ એનું,
નામરૂપ ને ગુણથી ન્યારુ, ભૂત પંચામણ તેનું.

ઈશ્વરને પ્રાપ્ત કરવા ધર્મ શાસ્ત્રોમાં અનેક પ્રકારની વિધિઓ, જપ, તપ, સાધના, યોગ વગેરે જોવા મળે છે. પણ સંતકવિઓ નું કહેવું છે કે ઈશ્વરની પ્રાપ્તિ માટે કોઈ સાધનની જરૂર નથી અરે! ભાષાની પણ ત્યાં જરૂર રહેતી નથી સર્વ વિચારો ને વિકારોથી મુકત થયા પછી આપોઆપ પરમની પ્રાપ્તિ થાઈ છે. અખો પણ કહેછે:

'ખટ ને તું ખટપટવા દે,
અળગો રહીને તું પ્રીછિ લે.'

અર્થાત્ શાસ્ત્રો ભલે તેની પોતાની રીતે ઈશ્વરવિષયક ચર્ચા કર્યા કરે. પણ તેનાથી મુકત થઈને પરમની પિછાણ થઈ શકે. આ પ્રકારનું દર્શન બધાજ જ્ઞાનમાર્ગી સંતકવિઓનું વિચારોનું શમન થયા વિના પરમાત્માનું દર્શન થતું નથી. ઈશ્વર પ્રાપ્તિની અભિપ્સા, લોલપ્રતા, લોની કે મોહ અથવા લાલસા જ્યાં સુધી રહે છે ત્યાંથી પરમાત્માના દર્શન શક્ય નથી શ્રી નિરાંત લખે છે:

'સાધન કરમ ધરમ બહુ ધોખો, ખોટી કલ્પના ખટકી,
દેખા દેખી દોદશ ધાવે, લાલચ રહી લટકી.'

જપ, તપ હોય-હવન કે તીર્થ સ્થાનોમાં તેને શોધવાની જરૂર નથી કેમકે જેની શોધ કરવી છે. (પરમની)ને તો આ શરીરમાં જ રહેલ છે. નિરાંત લખે છે:

'જો કછું ચાહે સો ઘટકી ભીતર, દુરમતિ દો પટકી,
નિરાંત નામ નિરખો ગુરુદેવ , રણે અંતરમાં અટકી.

પ્રાણના આધાર એવા પરમતત્ત્વને નિરાંત આ રીતે પ્રગટ કરે છે:

'વિશ્વ રચી રહ્યો વિશ્વમાં રે,
ન્યારો ને નિરધાર,
ભિન્ન કમળ જળમાં રહ્યું રે,
એમ છે પ્રાણ આધાર રે.

નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ કરતાં નિરાંત મહારાજ લખે છે:

'મનવાણી થી પર પરમેશ્વર,
નિર્વાણી પદ નિરખાવો રે,
સર્વાતીત ને સર્વની માંહે છે,
સચરાચરમાં સરખો રે.

ભવસાગરને પાર કરવા હોડીની જરૂર પડે. તેવિના તું ડૂબી મરાઇ. સંતવાણીમાં સંત ભવસાગર પરા કરવાની નાવ કહી છે. શ્રી નિરાંત મહારાજ કહે છે:

'સાધનકરમ ધરમ બહુ ધોખો, ખોટી કલ્પના ખટકી,

દેખાદેખી દોદશ ધાવે, લાલચ રહી લટકી.'

જપ, તપ હોમ-હવન કે તીર્થસ્થાનોમા, તેને શોધવાની જરૂર નથી કેમ કે જેની શોધ કરવી છે. (પરમની) તેતો આ શરીરમાં જ રહેલ છે. નિરાંત લખે છે .:

'જો કછું ચાહે સો ઘટકી ભીતર, દુરમીત દો પટકી,

નિરાંત નામ નિરખો ગુરુ દેવ, રહો અંતરમાં અટકી.'

પ્રાણના આધાર એવા પરમતત્વને નિરાંત આ રીતે પ્રગટ કરે છે:

'વિશ્વ રચી રહયો વિશ્વમાં રે,

ન્યારોને નિરાધર,

ભિન્ન કમળ જળમાં રહયું રે,

એમ છે પ્રાણ આધાર રે.'

નિર્ગુણ બ્રહમનું નિરૂપણ કરતાં નિરાંતમહારાજ લખે છે:

' મનવાણી થી પર પરમેશ્વર,

નિર્વાણી પદ નિરખો રે,

સર્વાતીત ને સર્વની માંહે છે,

સચરાચરમાં સરખો રે.

ભવસાગરને પાર કરવા હોડીની જરૂર પડે તે વિના તું ડૂબી જ મરાઇ. સંતવાણીમાં સંતને ભવસાગર પાર કરવાની નાવ કહી છે. નિરાંત મહારાજ કહે છે :

'સંતસ્વરૂપી રે, ભવમાં નાવ છેશે,

વિરલા કોઇ એક બેસી ને જાય,

જે જન બેઠા રે તે જન ભવ તર્યા,

નિરાંત બીજા ગોથાં ખાય.'

વર્ણાશ્રમ ધર્મ નું પાલન કરી ભકિત કરવાથી પરમેશ્વર પ્રાપ્ત થતા નથી. છ શાસ્ત્ર (ષડ્દર્શનનું) અધ્યયન કરવા થી પણ તેની પ્રાપ્તિ થતી નથી. તે વિશે નિરાંત કહે છે:

'વર્ણાશ્રમ તો રહે વિમાશી,

નિત્ય કર્મ નિરમાવે રે,

ખટ દરશન મિલી ખોજ કરત હૈ,

મૂળ મર્મ ન પાવે રે.'

આ નિર્ગુણ બ્રહ્મ તો પોતાનામાં સમાયેલો છે.જે અજપાના જાપ કરેછે.અર્થાત નિજ સ્વરૂપમાં ધ્યાન કરે છે.શ્વાસે શ્વાસે પરમનું સ્મરણ કરે છે.ને જીભ વિના નિર્ગુણના ગુણ ગાય છે. પરમતત્ત્વ ને બહાર નહીં, પણ ભીતર છે તેવું દર્શન કરે છેતે વિશે શ્રી નિરાંત કહે છે:

'સો જન જોગી જપે અજપા,
બિન રસના ગુણ ગાવે રે,
ક્ષર અક્ષર નિરખ નામકુ,
ઉલટ નિરંતર ધાવે રે.'

પંડિત-પૂરોહિતો તો ગૂંચવાયા છે પણ જ્ઞાનીઓ પણ તેના દર્શન કરી શકતા નથી ગુરુ વિનાનું જ્ઞાન શુષ્ક છે તેમ સંતવાણીમાં કહેવાયું છે.રૂપ,રંગ ને આકાર માયા છે.જે આત્મદર્શી છે.તેમાયાની જાળમાં ફસાતો નથી.

'જ્ઞાની પંડિત સહુ ગૂંચાયુ,
ગુરુ વિના મતિ ઘેરી રે.'

અને-

'ઉત્પત્તિ પ્રલય માયા રે,
રૂપ રંગ તે માયા જાણો.
માયા ને જગ જાયા રે,
માયાના મુખમાં નવ આવે,
આત્મજ્ઞાની અળગા રે.'

નિર્ગુણ બ્રહ્મ ની પ્રાપ્તિ પછી આત્મજ્ઞાની પણ નિર્ગુણ બની આ જગતમાં રહે છે.નિજ સ્વરૂપનું જ્ઞાન તેને પ્રત્યક્ષ થાય છે.નેપછી પોતાને આ રીતે પ્રગટ કરે છે:

'વિશ્વ ચરાચર વશી રહ્યો છું,
કામ નથી કાંઈ કાલું,
ચતુર્ધા મુક્તિ મ્હારી પદવી,
હું તો નામને પ્રતાપે મહાલું રે.'

નિરાંત મહારાજ મનુષ્યત્ત્વ નો ખૂબ મહિમા ગાયો છે.મનુષ્ય હોય તે મનન કરે.બીજા ને અનુસરે તો એ પ્રાણી જ છે.માનવ જ પરમત્ત્વનું પ્રગટ સ્વરૂપ છે.નિજ નામ ને અર્થાત પોતાના સ્વરૂપને જે જાણતો નથી તે પશુ છે.નિરાંત લખે છે:

'મનુષ્ય થયો ને હરિનામ ન જાણ્યું,

તે પશુની તોલે કહીએ કહેવાય છે.'

આત્મા પરમાત્માના અભેદનું વર્ણન કરતાં શ્રી નિરાંત મહારાજ કહે છે:

'દેહ રહિત દરશ્યો રે,દેહમાં આત્મા રે,
આત્મા પરમાત્મા એક થાય.
સદ્‌ગુરુ સ્વામીરે,આપ ઓળખાવશે રે,
નિરાંત નામ ઓળખાય.'

મંત્રનું રટણ તો સૌ કોઇ કર્યા કરે છે પણ મંત્રના મંત્ર ને મહામંત્રને કોઇ જાણતું નથી.સાચા સદ્‌ગુરુ મળે તો આ મહામંત્ર નું રહસ્ય સમજાય આ મહામંત્ર ને તો શિવ-સનકાદિ ચાહે છે.

નિરાંત લખે છે:

'મહામંત્ર કયમ વર્ણવિયે,નિવાર્ણી વરણવ્યો ન જાય,
વિષ્ણુ,વિરંચી આદિ લેઇને,સહુકો એને ચાહાય,
નિરાંત મંત્ર સાચો રે,મળે ના સદ્‌ગુરુ વનો.'

આ મહામંત્રનો મહિમા અપાર છે.વેદ-ઉપનિષદ્,ભાગવત-ગીતા એનું વર્ણન કરે છે.પણ તેનો સત્ય મહિમા વર્ણવી શકાતો નથી.શ્રી નિરાંત લખે છે:

'વેદ-પુરાણ ભાગવત ભાખે,ગીતા અગોચર ગાય,
ત્રિભુવનતારણ દાસદાસનો,મહિમા કહ્યો નવ જાય.'

અંતર્યામી તો હૃદયમાં વસે છે.ને તે બીજો કોઇ નહીં પણ સદ્‌ગુરુ જ છે.તેજ પૂર્ણ પુરૂષોતમ છે.નિરાંત મહારાજ કહેછે:

'અંતરજામી ઊરમાં વસ્યા છે,સદ્‌ગુરુ રૂપે સ્વામી,
નિરાંત નામ પૂણ્ પુરૂષોત્તમ,બ્રિજ વિનતા પદ પામી.'

સર્વ શાસ્ત્ર નો સાર માનવ દેહ છે.તત્ત્વમાં તત્ત્વ માત્ર નામ છે.નામ ઈશ્વર છે. નામ નિજનામ છે માટે મનુષ્ય જ ઈશ્વર રૂપે છે.આ નામ ને પ્રગટ કરતાં નિરાંત લખે છે:

'સર્વે શાસ્ત્ર મથી જોઇને કાઢ્યું,તત્ત્વ તે કેવળ નામ,
નિરાંત રહ્યા નામને આશરે,તેહ થયા છે કરી કામ.'

આ સકળ બ્રહ્માંડ અદ્વૈત પદ રૂપે છે.તે સિંાતને નિરાંત સ્વીકારે છે.બીજું જે કોઇ રંગ-રૂપ છે.તેમાયા છે.કહે છે:

'અદ્વૈતપદ એકનામ હરિનું,બીજું તે માયા પસારો,

નિરાંત નિવૃત્તિ પદ છે ન્યારુ, નિર્ગુણ નામ ઉચ્ચારો.'

પરમતત્ત્વ સર્વવ્યાપક છે. ઘટ ઘટમાં તેનો વાસ છે. તેવા પરમને શ્રી નિરાંત આ રીતે વ્યક્ત કરે છે:

'નામ નિરંજન ગુરુ હી લખાવે, સાહેબ સકળ પસારા,
ઘટ ઘટ રૂપ રામકો સંતો, બોલત હે સો ન્યારા.'

દર્શન શાસ્ત્રોમાં શોધવાથી પરમની પ્રાપ્તિ ન થાય આત્માનુભવ વિના તેને પામી શકાતો નથી. એ વિશે નિરાંત લખે છે:

'શિવ બ્રહ્માને નારદ આદિ, શિવ અભ્યાસી દેવ,
અંધા કાષ્ઠ અંધારે વદતા, આપે રહ્યો અભેવ,
વિત વિશ્વનું વિષ્ણુરે, નિત્ય પદ નિરવાણી,
ખટ દરશન ખોળ્યે નવ લાધે, વર્ણારિમથી દૂર'

નામરૂપ ગુણ તેને નથી તે નિર્ગુણ છે. ત્યાં પાપ અને પૂણ્ય પણ નથી તે કોઈ એક સ્થળે નથી તે વ્યાપક છે. નિરાંત નિર્ગુણને આ રીતે અભિવ્યકત કરે છે:

'બીજો ભીતર જાણવો બોલતો જો,
આપ જુઓ સર્વમાં વ્યાપ જો,
નામ રૂપ ગુણ તેને નહીં,
ત્યાં પહોંચે ના પૂણ્ય ને પાય જો.'

જે નિજ સ્વરૂપનું સંધાન કરી શકે છે. તે જીવનમુક્ત છે. નિરાંત મહારાજ લખે છે:

'દેહ જાવા નો રે જુઠો જાણી ને,
મોહ માયામાં નવ બંધાય,
જીવન મુક્ત તેહને જાણવા,
આપ આપમાં ઊલટ સમાય.'

હરિનો મહિમા અપાર છે. વાણી તેનું વર્ણન કરવા સમર્થ નથી. શાસ્ત્રો પણ તેને નૈતિ નૈતિ કહે છે. તેને નિરાંત મહારાજ આ રીતે પ્રગટ કરે છે:

'મહિમા મોટો હરિના નામ જે,
વાણીમાં વર્ણવ્યામાં ન આવે,
બ્રહ્મા સરખા કોઈ નવ કહી શકે,
નેતિ નેતિ નિગમ ગાવે.

નિરાંત મહારાજ જે રામનો મહિમા ગાય છે તે નિર્ગુણ રામ છે.અન્ય દેવની ઉપાસના થી મુક્ત થયા પછી તેને તેના દર્શન થાય છે.તે પ્રકારનો ઉપદેશ આપતાં કહે છે:

'ઉપાસના માં ના આવે એવું નામ,
આદિ અનાદિ અદ્વૈત્ય સર્વની ઉપરે રે,
સચરાચરમાં સૂત્રમણિ જયમ તાર,
નિરાંત ભિતર નિરખો નૌતમ નાથ ને રે.

શ્વાસોચ્છ્વાસે જે સોહમ્ ના જાપ જપે છે.તો પણ તેને પરમ તત્ત્વ ની પ્રાપ્તિ થતી નથી શ્રી નિરાંત કહે છે કે નિજરૂપ ને જાણ્યા વિના પરમાત્મા ની પ્રાપ્તિ થતી નથી પોતાના સ્વરૂપ માં સિથત રહી વાણી રહિત તેનો વિચાર કરવો જોઈએ તેવું તેમનું પ્રતિપાદન છે:

'સ્વાચ્છ્વાસે સો હં સાધતા,
ભૂલ્યા આપોયું મેલ્યું વિસારી,
સર્વાતીત પદારથ પ્રીછવું,
વાણી રહિત તે લેવું વિચારી.'

તું જ તારો સાહેબ છે.અન્ય સાહેબ ને ભજવા એજ અજ્ઞાન છે.પોતાએ પોતાનો વિચાર કરવો જોઈએ.નિજસ્વરૂપ જ સાહેબ નું સ્વરૂપ છે.નિરાંત લખે છે:

'અપના આપ બિચારો,તરો તબ અપના આપ બિચારો,
આપ બિના કછું ઔર ન દૂજા,સાહેબ આપ તું હારો.

જે મનુષ્ય પોતાના સ્વઅપ ને જાણતો નથી તે અંધ સમાન છે ભક્તિ વિષયક ગ્રન્થોનું અધ્યયન કરવાથી વસ્તુની પ્રાપ્તિ થતી નથી તે તો પેટ ભરવાના ધંધા છે.

'આપ ચીન્યા બિન અંધા,જગત સબ આપ ચીન્યા બિનઅંધા,
પઢવે ગણવે વેદ આદ લેઉં,સબહી ઉદરકા ધંધા.

કેટલાક લોકો મુંડન કરી,ભગવાં વસ્ત્રો ધારણ કરી સન્યાસી બની ફરતા રહેત ાહોય છે.પણ તેવા લોકોને પોતાના સ્વરૂપ ની જાણ હોતી નથી.જો જાણ હોય તો બાહ્ય વેશની જરૂર જ રહેતી નથી અચળ બ્રહ્મની ખબર હોવા છતાં તેવા લોકોનું મન હિંડોળાની જેમક રહે છે.નિરાંત લખે છે:

'મુંડ મુંડાવે ભગવાં કહાવે,સાચા વેશ સન્યાસી,
આપ અડાલેકી ઓલખ નાહીં,ડોલત મન હીંડોલાસી.'

અધ્યાત્મના ક્ષેત્રમાં પિંડે સો બ્રહ્માડે એમ કહેવાયું છે.બ્રહ્મ સર્વત્ર વિલસી રહ્યો

છે. નરસિંહે પણ કહ્યું છે-

'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'

નિરાંત મહારાજનું પણ એજ પ્રતિપાદન છે. તે કહે છે:

'પિંડ બ્રહ્માંડ તે પોતમાં પરખવું, જુગતિ જોઈ અતિમન હરખવું,
પોતાના પારખ્યે ભાત ભાળો.'

અને-

'સચરાચર મેં સોહી બિરાજે, આપ આપ આપનમે રે,
બાહેર ભિતર એક નિરંતર, બાજે નાદ ગગનમે રે.'

પરમતત્ત્વ નિર્ગુણ છે. તેની પ્રાપ્તિ થી નિવાર્ણ મળે છે. નામરૂપ ગુણ વિનાનો હોવાથી શબ્દ વડે તેને પ્રગટ કરી શકાતો નથી નિરાંત લખે છે:

'વાણીમાં આવે તે વણસે, નિરવાણી તે સાચું રે,
નામરૂપ ને ગુણ થી ન્યારુ, તે જાહેર પદ જાચું રે.

ઇંગલા, પિંગલા ને સુષમ્ણા સાધવાથી કે યોગ કરવાથી અમર વસ્તુ મળે નહીં. તત્ત્વજ્ઞાનનું અધ્યયન કરવાથી પણ તેની પ્રાપ્તિ થતી નથી. આત્મજ્ઞાન વિના પરાતત્ત્વની પ્રાપ્તિ ન થાય. નિરાંત લખે છે:

'ઇંગલા-પિંગલા સાધે સુષમ્ણા , ભમર ગૂફામાં ભાવે,
તેજ તત્ત્વનો કરે નિવડો, તોયે અલખતણી લખનાવે.'

શ્રી નિરાંત મહારાજે પ્રેમ લક્ષણત્મક પદો પણ રચ્યા છે. છતાં તેનો નાવલિયોતો નિર્ગુણ જ રહ્યો છે. લખેછે:

'વર વર્યા એક તમને ત્રિકમ, નિર્ગુણ નામ તમારું જી,
નિરાંતના સ્વામી વશ કીધું, મન અટક્યું છે મારું જી.'

અને-

'નામ રૂપ ગુણથી ન્યારુરે, દરશન છે દાડી,
વારંવાર કરુ છું રે, દરવાજે કાડી.'

આત્મતત્ત્વને જાણ્યા વિના કોઈપણ પ્રકારની સાધના અંધારાને ઉલેચવાની ક્રિયા જેવા છે. વર્ણાશ્રમ ધર્મનું પાલન કરે તો પણ તેને હરિની પ્રાપ્તિ થતી નથી. સકળ બ્રહ્માંડમાં એક તત્ત્વરૂપે તેનું અસ્તિત્ત્વ છે. નિરાંત લખે છે:

ઘણું ઘરગારાનું સુખ, સહુ સાધન માં રે,
ચાર વર્ણ, આશ્રમથી દૂર, તત્ત્વ તનમાં રે.

મધ્યકાળમાં કબીર સાહેબ દ્વારા પ્રગટેલો નિર્ગુણવાદ અને તેની પરંપરાનું ગુજરાતના સંતકવિઓ નરસિંહ માંડણ, નરહરિ, અખો, ધીરો ભોજો, રવિ ભાણ, સંપ્રદાયના સંતકવિઓ નિજારપંથના સંત કવિઓ અને અન્ય સંતો ભક્તો એ અનુસરણ કર્યુ છે. નિરાંત મહારાજ પણ આ પ્રકારના નિર્ગુણ માર્ગના પ્રવાસી છે. તેઓ એ પોતાના સર્જનમાં નિર્ગુણબ્રહ્મ નું આલેખન કર્યું છે. નિરાંત મૂલત: તત્ત્વજ્ઞાની છે. પણ શુષ્ક તત્ત્વજ્ઞાન માં તેઓ માનતા નથી તેમાં ભક્તિની મહત્તા પણ તે ગાય છે. જ્ઞાનની સાથે ભક્તિ ન પ્રગટે તો પરમની પ્રાપ્તિ થતી નથી. આપણે ત્યાં નરસિંહ, અખો વગેરે ની રચનાઓમાં પણ જ્ઞાનની સાથે ભક્તિ અને વૈરાગ્યનો મહિમા છે. આત્માનુભૂતિ માટે સ્વાનુભવ ઉપર નિરાંતે ભાર મૂક્યો છે. જે નિર્ગુણ છે તે પરમતત્ત્વ છે. તેની પ્રતીતિ સગુણરૂપે તેઓ કરે છે. પણ આ સગુણ એટલેપરંપરિત ઈશ્વરની મૂર્તિ નહિ. અહીં સગુણ એટલે સદ્‌ગુરુ. ગુરુ ને જ સગુણ રૂપે પ્રત્યક્ષ પરમતત્ત્વ કહ્યો છે. નિરાંતમાં સગુણ અને નિર્ગુણ એમ બન્ને ધારાઓ આ અર્થમાં પ્રયોજાયેલ છે.

# : સંદર્ભસૂચિ :


| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/ પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | ભારતીય દર્શન | એસ.જી. સરદેસાઈ | ૩૧ |
| ૨ | ભારતીય દર્શન | એસ.જી. સરદેસાઈ | ૩૨ |
| ૩ | જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા | ડૉ. સુરેશભાઈ જોશી | ૧૮ |
| ૪ | ભારતીય દર્શન | એસ.જી. સરદેસાઈ | ૮૬ |
| ૫ | એજન | એસ.જી. સરદેસાઈ | ૮૭ |
| ૬ | એજન | એસ.જી. સરદેસાઈ | ૮૯ |
| ૭ | સત સાહેબની સરવાણી | ડૉ. નાથાલાલ ગોહિલ | ૧૨૮ |
| ૮ | સંત સાહિત્ય:ભારતીય સાંસ્કૃતિક અભ્યુત્થાનમેં સંતોકા યોગદાન | | ૩૬૦ |
| ૯ | સંત સાહિત્ય:ભારતીય સાંસ્કૃતિક અભ્યુત્થાનમેં સંતોકા યોગદાન | | ૩૬૧ |
| ૧૦ | ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળો | સુરેશભાઈ ચી.શેઠ | ૧૫ |
| ૧૧ | હિન્દી સાહિત્યકા ઈતિહાસ | વિજયેન્દ્ર સ્નાતક | ૪૨ |
| ૧૨ | સત સાહેબની સરવાણી | ડૉ. નાથાલાલ ગોહિલ | ૧૨૯ |

## પ્રકરણ : ૭

# સામાજિક ક્રાન્તિકારી નિરાંત મહારાજ

ભારતમાં ચિન્તન મનનની સ્વતંત્રા પ્રાચીનતમ છે. આ પ્રકારની સ્વતંત્રા વૈયકિતક તેમજ સામાજિક સ્તરે પણ જોવા મળે છે. ને એટલેજ આપણે ત્યાં અનેક પંથો - સંપ્રદાયોનું સર્જન થયું. કેટલાયે પંથો / સંપ્રદાયો હોવાથી સમયાન્તરે ભારતીય અધ્યાત્મદર્શન વધુ વ્યાપક, સંકુલ અને સુક્ષ્મ બનતું ગયું. વૈયકિતક તેમજ સામુહિક ચિન્તન - મનન રૂપી ઝરણા સતત વહેતાં રહયાં છે. ને એ રીતે નદીરૂપ બની મહાસાગરમાં વિલિન થઇ પરમતત્ત્વનું ગાન કરતા રહયા. ભારતીય ચિન્તન વિશેષત: અધ્યાત્મનું રહયું હોવાથી તેની ગવેષણા પણ નિજનામ રૂપની કે હરિલીલા રૂપની રહી છે.

કોઈપણ ચિન્તન કે મનન ને પંથ/સંપ્રદાયમાં બદ્ધ કરવામાં આવે, એટલે તેનું સ્વરૂપ, નીતિ - નિયમ, આચાર - વિચાર અને સિદ્ધાંતોની સ્થપના થાય. પછી સમયાન્તરે તેમાં સંકીર્ણતા પ્રવેશે. પરિણામે તેમાં અનેક પ્રકારની રૂઢિઓ જન્મે. તેના ફળસ્વરૂપ સમાજ જીવનમાં અજ્ઞાનતા, અંધશ્રદ્ધા, માન્યતાઓ, વહેમો અને શુકન - અપશુકન જેવા દૂષણો પ્રગટે. આ પ્રકારની સ્થિતિ કયારેક તથાકથિત ધર્મગુરુઓ માટે આર્શીવાદ રૂપ પણ નીવડે. લોભી - ઢોંગી, લાલચી અને દંભી ધર્મગુરુઓ પોતાની ક્ષુલ્લક સ્વાર્થ ને વશવર્તી સમાજમાં પ્રવર્તતી અજ્ઞાનતા અને અંધશ્રદ્ધા નો પૂરેપૂરો લાભ ઉઠાવે. ધર્મના નામે અધર્મને પ્રસ્તુત કરતા રહે. તેમાંથી પ્રગટ થતા વહેમો, પાખંડ, અંધશ્રદ્ધા માન્યતાઓ અને કુરુઢિઓ સમાજની પ્રગતિમાં અવરોધ રૂપ બને છે. ત્યારે કોઈને કોઇ સંત - મહાપુરૂષ પોતાની વૈયકિતક પ્રતિભા વડે સમાજને દીશા - સૂચન કરી, ભારતીય સંસ્કૃત્તિનું સંરક્ષણ કરે છે.

આપણે ત્યાં વેદ - ઉપનિષદો, સ્મૃતિઓ, દર્શનશાસ્ત્રો વગેરે જેવા સંસ્કૃત ભાષાના ધર્મશાસ્ત્રોએ સંસ્કારનું સતત સિંચન કર્યુ છે ! તો, બીજી બાજુ આમ પ્રજા માટે મહાવીર અને બુદ્ધે વૈચારિક ક્રાન્તિ પ્રગટાવી. એજ રીતે ગોરખથી શરૂ થયેલી ભજનવાણી અને કબીર થી શરૂ થયેલી સંત પરંપરાએ ભારતીયતાને નવી દીશા ચીંધી. સમાજમાં ધાર્મિકદંભ, પાખંડ અને જડતાના દૂષણોને અનાવૃત કરવા યુગેયુગે આપણે ત્યાં મનિષીઓ જન્મ્યાં! ભારતીય સમાજ વિવિધ જ્ઞાતિ - જાતિમાં વિભકત થયો હોવાથી, તેમની વચ્ચે વિસંવાદિતા ન પ્રગટે ને સંવાદિતા જળવાઈ રહે, તે પ્રકારનું ચિન્તન આપણે ત્યાં નિર્ગુણ પરંપરા દ્વારા પ્રગટ થતું રહયું. આ પ્રકારના અધ્યાત્મએ ભારતના દરેક પ્રાન્તના સમાજને પરમતત્ત્વ વિષયક જ્ઞાન આપ્યું.

દશસી સદી પછી ભારતમાં મુસ્લિમ સામ્રાજય સ્થપાયું. ઇસ્લામના એકેશ્વર વાદે કેટલાકને આકર્ષિત કર્યા. તો, કેટલાંકની સાથે બર્બરતા પૂર્ણ વ્યવહાર કરી, તેમને મુસ્લિમ બનાવ્યા. એજ રીતે આપણા ધર્મ / સંપ્રદાયોના રૂઢિ અને જડતાપૂણ્ વ્યવહાર ઉબાઇ ગયેલી પ્રજાને સાન્ત્વના બક્ષવા તથા તેમના જીવનને મધમધતું કરવા સંતોએ ભારત વ્યાપી ધાર્મિક બળવો કર્યો. કબીર અને રૈદાસ જેવા કાંઈ કેટલાયે સંતો / મહાપુરૂષોએ ધર્મપ્રહરી બની ભારતીય સંસ્કૃતિને અખંડિત રાખી છે. આ માટે હિન્દુ અને મુસ્લિમ બન્ને ધર્મોની કુરૂઢિઓ સામે જંગપણ છેડયો. મૃત્યુની પરવા કર્યા વિના આ મરજીવાઓએ સતત સંઘર્ષ કર્યો છે. તેઓએ પોતાના જીવન અને કવન વડે ભારતીય સમાજની સેવા કરી છે. એ રીતે તેઓ સમાજ સુધારક પણ હતા.

'ये सन्त कवि होने के साथ साथ समाज सुधारक भी थे। माली जिस प्रकार पेड़-पोंधो के अनावश्यक विस्तारको कांट छांट कर उन्हे सुन्दर स्वरुप प्रदान करता है, उसी प्रकार इन सन्त कवियों ने समाज में व्याप्त दूषित तथा हानिकारक तत्त्वों का निराकरण किया। अपने आदर्शो के अनुरुप उन्होने एक स्वस्थ समाज की कल्पना की। इनके आदर्श किसी जाति विशेष के लिए न होकर पूरे भारतीय समाज के लिए थे। ये सन्त, जाति और वर्ण, स्पृश्य-अस्पृश्य की भावना से उपर उठ चूके थे। ये सचमुच उदार चेता थे। एसे उदार जिनके लिए सारी वसुधा ही कुटुम्ब के समान होती है। '[२]

આ સંતમહાપુરૂષો કોઈ મહત્ત્વનું ધાર્મિક સ્થાન પસંદ કરી બેસી રહ્યા નથી. તેઓએ ભારત વ્યાપી પરિભ્રમણ કર્યું. ગોરખ, નામદેવ, કબીર, નાનક, રૈદાસ, નરસિંહ, મીરાં, અખો, દાદૂ, મૂળદાસ, દાસીજીવણ, જલારામ, ભોજાભગત, રવિસાહેબ વગેરે. આ કોઈ એક પ્રાન્તના નહીં, પરંતુ સમગ્ર ભારતના ઝળહળતા તારલાઓ હતા. તેમણે શાસ્ત્રોની નહીં, પરંતુ સ્વાનુભૂતિની વાણી પ્રગટ કરી.

'तू कहेता है कागज़ लिखी,
मैं कहेता हूँ आँखन की देखी;
तेरा मेरा मनुआ एक कैसे होय।'

\- कबीर

ધર્મના નામે અનેક ધતિંગ ચાલતા હતા. આવા સંજોગોમાં કબીર ધાર્મિક અને સામાજિક ક્રાન્તિ સર્જે છે. માનવીય મૂલ્યો દયા, દાન, શીલ, સદાચાર, સત્ય, અહિંસા, સત્સંગ, હરિકીર્તન ઉપદેશ દ્વારા સમજાવે છે. ભારતમાં ભકિત આંદોલનની સાથે જ આ સમાજ સુધારણાનું કાર્ય થયું છે.[૩] ગોરખથી પ્રારંભાયેલી આ ભજનાવલી ભારત વ્યાપી હતી. આ સમય ભારતીય

ઈતિહાસમાં ધાર્મિક ઉથલ પાથલ અને આપ-લે નો ગણાયો છે.ભારતવવર્ષમાં ઈસ્લામ જેવા સુસંગઠિત ધર્મનું આગમન થયું હતું.ભારતવર્ષમાં લાંબા સમય-થી ચાલતી આવેલી ન્યાતજાતવાળી વર્ણવ્યવસ્થાને માટે ઈસ્લામના સામાજિક સમાવેશ ની ઘટના ભારે કસોટીરૂપ હતી.ભારત વર્ષને પહેલી જ વાર પોતાના કરતાં સાવ જૂદી એવી આ નવી ધર્મ વ્યવસ્થા અને સમાજ વ્યવસ્થાનો સામનો કરવો પડયો હતો.[૩] આ પ્રકારના સંઘર્ષના સમયમાં ભારતીય સંતપરંપરાએ લોકોની વચ્ચે જઈ તેમને માર્ગ દર્શન પૂરું પાડયું.સામાજિક વ્યવસ્થામાં વર્ણાશ્રમ ના ભેદ, જ્ઞાતિનાભેદ હળવા કરી, સમાજમાં નારીનું સ્થાન પ્રતિષ્ઠાવાળું બનાવ્યું. માનવીય મૂલ્યો દયા, દાન, શીલ, સદાચાર, સત્ય, અહિંસા, સત્સંગ, હરિકીર્તન ઉપદેશ દ્રારા શાંતિ અને પ્રેરણા આપી.અઢારમી સદીના ગુજરાતની સ્થિતિ સર્વક્ષેત્રે નિરાશા જનક હતી. કૃષ્ણ પક્ષની રાત્રિ તેમાંયે અમાવસ્યાની રાત્રિ,સામાન્ય રીતે અંધકાર ભરી અને ભયજનક ભાસે છે.એ પ્રમાણે અઢારમાં સૈકાના આખરના વર્ષોને અંધકારના અને અજ્ઞાનતાના,અશાંતિ અને અરાજકતાના વર્ણવી તેને આપણે કાળરાત્રિ નું રૂપક આપી એ તો ખોટું કહેવાશે નહીં.પ આ સમય દરમિયાન ધર્મ/સંપ્રદાયોમાં ભોગવિલાસે માજા મૂકી હતી.લોકોની ધાર્મિક શ્રદ્ધાડગમગી ગયેલી.ભારતીય સમાજ પહેલેથી જ જુદી જુદી જ્ઞાતિ-જાતિમાં વિભકત હતો.વળી,મુસ્લિમ શાસનમાં ધર્મસ્થાનકો પરના હુમલાઓ થયા.ધર્મને રાજ્યાશ્રય પણ ન હતો.પ્રજા ચારે બાજુથી ભીંસમાં મુકાયેલી હતી.મોગલ સામ્રાજયની અવનીતિ થઈ પછી મરાઠી રિયાસતો આવી.તે ગાળામાં આખો દેશ છિન્ન ભિન્ન હતો,અને ગુજરાત પણ ધણીધોરી વિનાનો પ્રદેશ હતો.મુલકગિરિ,ઈજારાશાહી,વેઠની પદ્ધતિ, દુકાળો,ખોટા રિવાજો,અંધશ્રદ્ધાઓ,જ્ઞાતિસંસ્થાની જડતા, વહેમો-ભૂતપ્રેતના વળગાડના-આ બધો આપણો પરિવેશ હતો.રાજયો છિન્ન ભિન્ન હતાં.જેનું રાજય કહી શકાય તે પણ સીધું રાજય કરતા ન હતા.રાજાઓ પણ લૂંટારા જેવા હતા.ગાયકવાડનું રાજય હતું. ગાયકવાડ ને પેશ્વા લૂંટતો,ગાયકવાડ ઈજારદારોને લૂંટતા,ઈજારદારો પ્રજાને લૂંટતા આમ એક લૂંટણખોરી વચ્ચે લોકો જીવતા હતા.[૬]

આ રીતે અઢારમી સદીમાં સમગ્ર ગુજરાત પ્રદેશ અંધકારની ગર્તામાં ડૂબેલો હતો.ત્યારે આ લોકસંતોએ લોકો પાસે જઈ,તેમને જ્ઞાન અને ભકિતનો માર્ગ બતાવ્યો.આ જ્ઞાન ભકિતથી સમગ્ર ગુજરાત પ્રદેશ પરિપ્લવિત રહ્યો.તેનું શ્રેય આ સંતોને જાય છે.આપણે ત્યાં એકબાજુ કથા-કીર્તન,વ્રત,વિધિ-વિધાન,કર્મકાન્ડ,યજ્ઞો, હોમ હવન, સવર્ણ-અવર્ણના ભેદ,અસ્પૃશ્યતા,તો બીજી બાજુ સંતોએ સમાનતાનો નારો આપ્યો.૭ આ સર્વ પરિસ્થિતિ વચ્ચે પણ જ્ઞાતિજાતિના ભેદભાવ ઘણા પ્રબળ હતા.ત્યારે આ લોક સંતોએ ઉપદેશ આપ્યોકે આપણે સૌ એક છીએ.ને પરમપિતા પરમાત્મા છે.કોમી એકતા,અસ્પૃશ્યતા અને જ્ઞાતિવાદ સામે કહ્યું કે:

'હિન્દુ મુસલમાન એક વિસ્તારા, સર્વ એક જનુનીના જાયા,
આયાં આવીને સૌ હુવા જુજવા, મારા સાયબને દરબાર એક.'

-દાસ હમીરો

આ લોકસંતો ઘરદીવડા બની પ્રજન જીવનને અજવાળતા રહયા. સંતકવિઓનો ધર્મસંદેશ સ્થાનિક ન રહેતા સમગ્ર પ્રદેશમાં ફેલાયો. મધ્યકાળના આ કવિકુળે સમાજને એના સારા દિવસોમાં તેમજ રાજકીય-નૈતિક વિપત્તિ વેળા બૌદ્ધિકવિનોદ, સાહિત્યરસ, ધર્મલભ્ય આશ્વાસન અને નૈતિકબળ આપ્યું છે. ને સમાજને એકાદ ડગલું આગળ લઈ જવાની સેવા બજાવી છે. ગોવર્ધનરામે સાચું જ કહ્યું છે કે આ કવિઓ વિના ગુજરાતનું લોકજસવન રણ જેવું વેરાન અને શુષ્ક બની ગયું હોત અને હૃદયની સચેતનતા ખોઇ બેઠું હોત. ગુજરાતી ભાષાને એમણે પોતાના કાવ્ય સર્જનથી ઘડી, પળોટી, કેળવી, તેને ભાવક્ષમ, અર્થવાહી અને મધુર બનાવી એ સેવા તો જુદી. [૯]

ગોરખથી પ્રારંભાયેલી આ ભજનવાણી ઉત્તરમધ્યકાળમાં નિરાંતમહારાજ સુધી વિસ્તરે છે. ભારતના તમામ સંતોની વાણી ભલે ભાષાકીય રીતે ભિન્ન હોય, પણ અનુર્ભતિ અને અર્થની દષ્ટિએ તેમાં સમાનતા દેખાય છે. દક્ષિણભારતના સંત તિરૂવલ્લુવર હોય કેમ મહારાષ્ટ્રના ચોખામેળા કે તુકારામ હોય, બંગાળના બાઉલો હોય કે મુસ્લિમ સંતો ફરીદ, દાદૂ કે રજબ હોય. અખાની શિષ્ય પરંપરા હોય કે રવિભાણ સંપ્રદાયના સંતકવિાઓ હોય. મહાપંથી ધારાના નિજારી ભકત કવિઓ હોય કે, દેવીદાસ, અમરમાં, દાનાબાપા, આપાગીગા હોય એ તમામની અનુભૂતિ એકસરખી રહે છે. આ તમામ અધ્યાત્મકના માત્ર પ્રવાસીઓજ નથી. પોતાનું ઉત્તરદાયિત્ત્વ પણ સિદ્ધ કર્યુ છે. સાહિત્યમાં જેને યુગકર્મ કહે છે. તેવું યુગકર્મ આ સંતકવિઓ એ કર્યુ છે. આ તમામ સંતોની વાણી અનુસંધાનરૂપ છે. એણે જે જ્ઞાન જયોત પ્રગટાવીતે સાંપ્રતમાં પણ અખંડ રહી છે. આત્મજ્ઞાન વડે પ્રગટેલી તેમની વાણી સાંપ્રતમાં વિશ્વને માર્ગદર્શન આપી શકે તેવી છે.

નિરાંત મહારાજના સમયમાં ભારતમાં અંગ્રેજી શાસન હતું. અમદાવાદમાં મુસ્લિમસુબાઓ અને વડોદરા પ્રાન્તમાં મરાઠાઓનું શાસન હતુ:. એ સમયના મરાઠા શાસન-માં ગુજરાતની સ્થિતિ કેવી હતી. તેની આપણે ચર્ચા કરેલી જ છે. આ પ્રકારની અંધાધૂધી અને અરાજકતા વચ્ચે પ્રજાજીવનને વ્યવસ્થિત રાખવા અને તેમને શાંતિપ્રદાન કરવા નિરાંત મહારાજે યુગકર્મ કર્યુ, તેમ કહીએ તો જરાયે અતિશ્યોકિત નથી. પોતાના પદઅને ભજન વડે લોકોને આધ્યામના માર્ગ બતાવ્યો. એ સમયે બીજા કોઈ રસ્તો જ કયાં હતો? નિરાંત મહારાજે ગુજરાતમાં સતત પરિભ્રમણ કરી, લોકોને સાંત્ત્વના આપવાનું કાર્ય કર્યુ. કોઈપણ પ્રકારના વિધિ-વિધાન, કે કર્મકાન્ડને બદલે જ્ઞાનમાર્ગ વડે લોકોને સમાજાભિમુખ રહ્યા છે. સમાજની વ્યથા, દુ:ખ, દર્દ, યાતનાઓ ને માત્ર વાચા

જ નથી. આપી, પણ તેમની રહી સતત માર્ગદર્શન પણ આપ્યું. સંત પરંપરાના દરેક કવિઓની જેમ નિરાંત મહારાજની કવિતા પણ પ્રાસંગિક હોય તેમ લાગે છે. સંજોગો અને પરિસ્થિતિ પ્રમાણે, તેમણે પોતાના વિચારો કવિતા દ્વારા પ્રગટ કર્યા. ને એ રીતે સમાજસુધારણાનું કાર્ય કર્યુ.

હવે, નિરાંત મહારાજના સાહિત્ય સર્જન માંથી તેમની સમાજ સુધારક તરીકેની ભૂમિકા તપાસીએ તત્કાલીન સમયમાં ધાર્મિક ક્ષેત્રે પણ અરાજકતા પ્રવર્તતી હતી. બની બેઠેલા તથાકથિત ધર્મગુરુઓ, લોકોના ગુરુ બની ધર્મની ઓથે અધર્મ આચરી પ્રજાનું શોષણ કરતા હતા. નિરાંત પ્રજાનું ધ્યાન દોરતાં લખ્યું -

'નરખી - પરખીને ગુરુ કરવા,
રે ભાઈઓ સદા નરખી - પારખીને ગુરુ કરવા.'

પોતાના શિષ્ય બાપુ સાહેબ ગાયકવાડને નિમિત્ત બનાવી તેમણે ક્હયું -

'બાપુ નાવ તપાસી બેલો, પથ્થર હોય તો માંહી નવ પેલો,
બાપુ જંત્ર જેવું તન જાણો, સાચું સમજીને સુખ માણો.'

એજ રીતે તત્કાલીન પંડિત - પુરોહિતો ઉપર પ્રહાર કરતાં ક્હયું -

'બાવન અક્ષર બૂઝત નાહીં, બેદ - પુરાન વિચારી હૈ,
ખટ દર્શન મત ખેલ પશુઆ, કહા બડે આચરી હૈ.'

એજ રીતે

'બ્રાહ્મણ કહાવે જનોઈ સોહાવે, ખટકરમ નિત્ય નિરમાયા,
એહી કરમ કર બહે જાત હૈ, નેહે કરમકુના પાયા.'

મધ્યકાળમાં અનેક દંભીઓ અને પાખંડીઓ ધર્મનું આવરણ પહેરી લોકસમુદાયનું ધાર્મિક શોષણ કરી રહ્યા હતા. પંડિત - પુરોહિત વર્ગમાત્ર શાસ્ત્રો ને જ આગળ ધરી ધર્મકાર્ય કરી રહ્યા હતા. નિરાંત મહારાજના ઉદ્દગારો જોતાં એ વાતની પ્રતીતિ થાય છે. પણ અહીં પ્રશ્ન થાય છે કે, આમ શા માટે થયું? ધર્મગુરુઓ, પંડિત - પુરોહિતો પોતાનાજ દેશવાસીઓને ગુમરાહ શા માટે કરે ? 'જટિલ માનવ વંશીય સંયોગો ધરાવતો ભારતીય સમાજ દેશી અને પરદેશી એવી અનેક જાતિઓનો બનેલો છે. ભારત નો પ્રાચીન ઈતિહાસ દ્રાવિડ, દશ્યુ અને નાગ જાતિના આર્યો સાથેના લાંબાગાળાના સંઘર્ષનો ઈતિહાસ છે. તે પછી સિંધીયન, મોંગોલ, ગ્રીક, ઈરાની, મુસ્લિમ અને છેલ્લે આવેલી પ્રજા હતી યુરોપિયન. યુરોપિયનો સિવાય ભારતમાં આવેલી બીજી બધી પ્રજાઓએ ભારતમાં કાયમી વસવાટ કર્યો. (૧૦)આ રીતે ભારતીય સમાજ અસ્તિત્ત્વ માં આવ્યો. પ્રારંભથી જ અહીં વર્ણવ્યવસ્થા હતી. સમય જતા વર્ણો વિવિધ જાતિઓમાં વિભકત થયા. ઈ.સ. પૂર્વે બીજી સદીમાં થયેલા

પૂષ્પમિત્રશૃંગ ના શાસનથી ભારતમાં જાતિઓનું નિર્માણ થયું. સમય ભૂતકાળમાં જ્ઞાતિપ્રથા નામની વિશિષ્ટ સામાજિક સંસ્થા વિકાસ પામી હતી. ભારતીય પ્રજાના વિશિષ્ટ ઐતિહાસિક વિકાસની એ ઉપજ ગણાવી શકાય.....હિન્દુઓ જાતે અનેક જાતિઓ અને પેટા જાતિઓ માં વહેંચાઇ ગયા હતા. એટલે અનેક કોમો, જ્ઞાતિઓ અને પેટા જાતિઓ વચ્ચેના ભાર્મિક અને સામાજિક તનાવો અને સંઘર્ષોએ ભારતીય સમાજના વિકાસને રુંધ્યો છે અને રુધી રહ્યા છે. (૧૧) મુસ્લિમોના આક્રમણ પછી ભારતીય સમાજની વિવિધ જ્ઞાતિઓ એ અંગસંકોચન કર્યુ. તેમ ઈતિહાસકારોનું પણ પ્રતિપાદન છે. પ્રકરણ -૨માં આપણે આ વિષય ઉપર વ્યાપક ચર્ચા કરી જ છે. પરદેશીઓના શાસનથી ભારતીયોમાં ગુલામી માનવ પેદા થયું. પરતંત્રથયેલી આ પ્રજા ને પોતાની મૂળ પ્રકૃતિમાં પાછા લાવવા સંત પરંપરાએ ધણો પરિશ્રમ કર્યો છે. નિરાંત મહારાજે મનુષ્ય અવતારનું ગૌરવ કરતાં કહ્યું-

'મનુષ્યા દેહીનો રે મહિમા છે મોટો સર્વ થી ઊંચ કહાવે,
મનુષ્ય થયોને હરિનામ ન જાણ્યું, અંધ મણિને ગમાવે.'

-નિરાંત.

અને-

'હરિનું ભજન ભૂલશો નાહીં ભાઇ,
કોણ કરમે મનુષ્યા દેહ પાઇ.'

એજ રીતે-

'મહાપદારથ દેહ મનુષ્યાનો પૂન્યે પામે નર નારી,
પ્રભુને ભજે તો પ્રભુને પમાડે, નેક વિના થાયે નકારી.'

-નિરાંત

અને...... પ્રજા જીવનને આશ્વાસન આપતા શબ્દો જુઓ -

'દિલમત ધાંખા ધરના બંદે, એહી ખુદાકા કરના,'

સમાજમાં સત્ય, અહિંસા, શીલ, સદાચાર જેવા મૂલ્યોનું સંતોએ પુનઃ નિર્માણ કાર્ય કર્યુ છે. તત્કાલીન સમયમાં પંડિત-પુરોહિતો સંસ્કૃત ભાષાનું અધ્યયન કરી ધર્મની કથાઓ/વાર્તાઓ કહેતા હતા. ને તે દ્રારા તેમની આજીવિકા પ્રાપ્ત કરતા હતા. નિરાંત મહારાજ સંતપરંપરાના પ્રવાસી હોવાથી તેમને લાગ્યું કે આ રીતે માત્ર કથા-વાર્તાથી પ્રજા જીવનમાં મૂલ્યોનું પ્રગટી કરણ ન થાય. તે માટે તો આચાર-વિચાર અને જ્ઞાન અનિવાર્ય છે. તેમણે પંડિત-પુરોહિતોને ઉદેશીને કહ્યું:

'ભણીને તું થયો છે ભીખારી, કમાયો શું? ભણીને તું થયો છે, ભીખારી,
સિદ્ધાંતનો રે સાર સમજી શકયો નહીં, વાણીતેં બહુ વિસ્તારી,

પોતાનું પોત નવ શકયો પારખી, ઊદરની વૃતિ વધારી.'

અને...

'ભણ્યો - ગણ્યો રે મનમાં થયો મોટો વાણીમાં વેંધાયો રે,
વારતાનું વડપણ નવ છૂટે, આશાને પાશે બંધાયો રે.'

એ જ રીતે..

'ઊંચ અજ્ઞાનમાં આચાર દાખવે, ભ્રષ્ટ ભીતર ઘણો ભેદ રાખે,
વેદ વાંચી ભણી, સાંભળી શું લણ્યું ? પાસેની વસ્તુ તે દૂર રાખે.'

એ જ રીતે..

'ખટદર્શન મળી ખેલ ગાયો, કહાવે સાહેબકા બંદા,
ઉનસબે આપ લખે નહીં આયો, ભેખ ધરીહી ભિખંદા.'

આ પ્રકારની અનેકપંકિતઓ તેમના સાહિત્ય સર્જન માંથી પ્રાપ્ત થાય છે. પરાર્પર્વથી વહેતો આવેલો ધર્મ, સમયના વહેવા સાથે પરિવર્તન પામ્યો. તેમાં અનેક દૂષણો પણ પ્રવેશ્યાં. પરિણામે નિરાંત મહારાજ કે જે આત્મજ્ઞાની છે. તે કેવી રીતે ચૂપ રહી શકે ? તેમણે આલોચનાત્મક વાણીમાં કહ્યું:

'ફોગટ ફંદ સંસાર સમજી રહો, ના લહો નાથ મન સાથ શોધી,
કોઈ દેવ દેરાં ફરે, તીરથવ્રત જાત્રા કરે, ના ટળે કર્મનો કીચકો'થી.'

આ સમયમાં અનેક પંથો / સંપ્રદાયો પ્રવર્તમાન હતા. 'આ વખતે શ્રીપ્રીતમદાસ, શ્રી સહજાનંદ, શ્રીકુબેરદાસ વગેરે ધર્મનો પ્રચાર કરી પોતપોતાનો સંપ્રદાય સ્થાપી મંદિરો બંધવતા હતા. શ્રી નિરાંત મહારાજના શિષ્યો ને પણ પોતાના સંપ્રદાયનું ધામ બાંધવાની ઈચ્છા થઈ.'[૧૨] શિષ્યોના અતિ આગ્રહે પાછળથી તેમને જ્ઞાનગાદીઓ સ્થાપવાની પરવાનગી આપી. જે સાંપ્રતમાં પણ દેથાણ, મિયાગામ, વડોદરા, સુરત, માલોસણા વગેરેમાં જોવા મળે છે. આ વિવિધ પંથો / સંપ્રદાયો થી પર રહી નિરાંત મહારાજ કહ્યું -

'પંથનો પાર ન આવે ભજન વિના, પંથનો પાર ન આવે,
લખ ચોરાશીનો પંથ છે પૂરો, ચાર ખાણ ફરતો ફેરાવે .'

અને-

'ભકિતના ભેદ છે ઝાઝા વીરા મારા, ભકિતના ભેદ છે ઝાઝા,
ચારને છોડીને આધાના ખસીએને રાખીએ ચારની માઝા.
મૂળ ધરમ નો મારગ મૂકી ખસીએતો થાય અકાઝા.'

વિવિધ ધર્મો / સંપ્રદાયોમાં કેટલાક દંભી અને ઢોંગી લોકો શિષ્ય બની ચતુરાઇ પૂર્વક ગુરુપદ ધારણ કરી ઈતા હોય છે. આવા લાલચુ અને પાખંડીઓ ધર્મ/સંપ્રદાયનો ઓથે પોતાની ઈચ્છાઓ તૃપ્ત કરતા રહેતા હોય છે. નિરાંત મહારાજ પ્રજાને બની બેઠેલા ઢોંગી ગુરુઓથી દૂર રહેવાનું કહે છે. જુઓ -

'મિથ્યા ના મારશો ભટકી, મન કોઈ મિથ્યા ના મરશો ભટકી,
પૂરા ગુરુ વિના પાર ના પાવે, ખોજ ખબર નહીં ઘટકી,
સાધન કરમ ધરમ સહુ ધોખો, ખોટી કલપના ખટકી,
દેખાદેખી દોદશ ધાવે, લાલચમાં રહી લટકી.'

'ભગવા કહાવે મૂંડ મૂંડાવે, દીલ અંદર નાહીં દરશાયા,
ઓહ્મ શબ્દ મેં બહેજાત હૈ, અલખ નામકુ ના પાયા.'

'ગુરુ જાણીને કરતા જાણો, શિષ્ય સરવે સાચું માનો,
ગુરુ ધન કાજે આથડતા, ગુરુ પૈસા માટે પડતા. '

આ સંસારમાં માનવી સંબંધોની જટાજાળમાં એવો તો ફસાયો છે કે તેમાંથી છૂટવાનો તેને માર્ગ મળતો નથી. બંધનમાં બંધાયેલા માનવીને મુકત કેમ થવું તે વિશે તેમણે માર્ગદર્શન આપતાં કહ્યું:

'કરલે આતમબોધ બોધ સે બંધન છૂટે,
કાલ કરમ કટ જાય, નાહિં જમ કિંકર લૂંટે.'

'શીદને મરો છો તાણી તરીલાં તમો, શીદને મરો છો તાણી,
મારૂંને તારૂં મન મિથ્યા કરો છો, મિથ્યા જ બોલવી વાણી.'

નિરાંત મહારાજે સંતોનો મહિમા સવિશેષ ગાયો છે. એક સંત શરણ જ વ્યકિત માટે લાભકર છે. નિરાંત લખે છે -

'સંતોની સંગત રે, મરણે ના મૂકીએ રે,
ચૂકીએના ચાર દિવસનો લ્હાવ,

માટે મન રાખો રે, સંતોમાં મળ્યું રે,

વિલંબ ના કરશો આવ્યો દાવ.'

પણ આ સંત એટલે કોણ ? તેને કેવી રીતે જાણવા ? તેની ઓળખ શી? તો, તે વિશે નિરાંત મહારાજે સ્પષ્ટતા કરી છે. જુઓ -

'બ્રહ્માનંદમાં મગન નિરંતર, એક જપે તેનું નામ,

જીવ શિવકો ન્યારાના જાને, કે'વા તેને પરમધામ,

ગગન ચળે પણ સંત ન ચળતા, દઢ મનના એવા ધામ,

ક્ષમા તણા તો શિરદાર સાચા, જેથી હારે સુંદર શ્યામ.'

એ જ રીતે સદ્ગુરુના લક્ષણ પણ બતાવ્યા છે. જુઓ -

'શત્રુ નવ કોઈરે જેને આ દુનિયામાં,

મિત્ર નહીં કોઈ રે, પલડયા રાખે મીણિયામાં,

મૂર્તિ જેની શાંતરે, ભલી ભાતે પેખો,

કૂડું નહીં કાંઈ રે, એવા સંત જોઈ દેખો,

કથા કરે સાચી રે વ્યર્થ વાચા નવ બોલે,

ખરૂં ખોટુ કે 'તારે, કથની બીજી નવ તોલે.

જરૂર જેતું બોલેરે, બીજી નહીં વાતો,

કથા એક તેની રે, જણાયે જેની જાતો.'

આ રીતે નિરક્ષર અને અશિક્ષિતપ્રજાને સંત અને સદ્ગુરુ વિષયક સાચું માર્ગદર્શન પૂરું પાડયું. સાચા 'લોકપ્રહરી' બની સમાજને દીશા સૂચન કર્યુ. એ સેવાની નોંધ સમાજે લેવી જોઈએ. યે સંત કવિ વિરકત જીવન વ્યતીત કરને વાલે થે. ઈનકા કોઈ નિશ્ચિત ધર્મ અથવા સંપ્રદાય નહીં થા. ઉનકે ઉપાસ્ય દેવ તુલસી કે રામ સે ભિન્ન થે. ઈન સંતોને હિન્દુ તથા મુસલમાન દોનોં પર હી વ્યંગ કિયા ઔર ઉંચી થી કર્યોકિ ઈનકા સ્વર તત્કાલીન સામાજિક તથા ધાર્મિક દુરાવસ્થા કે વિરોધમેં મુખરિત હુઆ થા. ૧૩ આ નિર્ગુણ સંતપરંપરામાં રહેલા નિરા:ત મહારાજે પણ હિન્દુ અને મુસલમાન બન્ને પર કટાક્ષ કર્યો છે. જુઓ: -

'બેદ - કિતાબા પઢે નિશદિન, સાચા આપના પાવે રે,

હુઆ દેખતા પણ મારગ ભૂલ્યા, અંધા કિસબિધ જાવે રે.'

'અણ સમજયો તે સાધન બહુ કરે, એમાં અર્થ એકુ નો નવસરે',
એવા કર્મ ઉપાસી દીઠા ઘણા, જેમ શેકયા ઊની વેળુએ ચણા.

'વ્યાસનો વેશધરી, સમજણ શી કરી, આશના પરહરી ઢોંગધારી.'

'આશાને બાંધણી એ રે, પુસ્તક બાંધિયાં રે,
વિશેષ વાંચીને ભરવા પેટ,
પેટ માટે વહેતા રે, પારકાં પોટલાં રે,
નાખી ન દેવાય મોટાની વેઠ.'

એજ રીતે......

'મુસલમાન પરમાન સાંઇસબ ઘટમેં દેખે,
રહેમ નજરસે રહે, ઔર દૂજા ના પેખે.'

'ચીજ નિવાલા માટી ખાયે, કૌન કતેબા લખા બતાવે,
બેઈમાન સોઇ કામા કરતે, જીવ ઝબે કર રોજા ધરતે.'

'મુલ્લાં કાજી દોઉ મિલીબોલો, અદલી આપ કહાવો,
કૌન તરેહકા કામ તુમેરા, કેસી અદલ ચલાવો.'

'ઇલમ અકલ કે બડે કહાવો, સબકુ તુમ સમજાવો,
મેં મુખસે કહું મુરસદ મેરા, મેહેરમ મોહે બતાવો.'

'બિન દેખેકી બાત તુમારી, કામ તુમેરા કચ્ચા,
રહેમ બિના સાહેબ નહિં રાજી, બિના રહેમ કુન સચ્ચા.'

'જીતા જી કું પટક પછાડો, હરદે રહેમ ના આવે,
કૌન કતેબાં મોહે બતાવો, હક હલાલી કહાવે.'

એ જ રીતે ઈડા – પિંગલા, સુષમણા સાધી કેટલાંક દંભી – ઢોંગી જતિઓ સમાજમાં વ્યાપક રીતે શોષણ કરતા હતા. તે વિશે નિરાંતે કહ્યું:

'જોગી હોકર જોગ પસારે, સુખમના સાધન કરતા હૈ,
ઓહંગ સોહંગ અજંપા જપતા ધ્યાન વાહી મેં ધરતા હૈ,
તરવેણી સે તાર મિલાવે, ગંગા જમુના ન્હાયા હૈ,
ઈંગલા, પિંગલા દોઉ સાધકે, ચંદ્ર સૂરજ ઘર લાયા હૈ.'

'બાવન બીર જોગનિ ચોસઠ સાધીવા પર સાયા હૈ,
જોગ જુગત કા ઘર હૈ ન્યારા ઓ તો વીરલ પયા હૈ.'

'તુંકા ભીતર ભરમ પડા હૈ બીન સદ્ગુરુ ન પાયા હૈ,
ઉતર ચઢ મેં અવસર બીતા હીરા હાથ ગમાયા હૈ.'

નિરાંત મહારાજ ઉપાસનાને વ્યર્થ અને નિરર્થક માને છે. એજ રીતે યોગ અને સમાધિનો પણ વિરોધ કરે છે. સમાજમાં પ્રવર્તતા આ પ્રકારના દ્રંદ્રો એ જ માણસને ભયભીત કર્યો છે. નિરાંત મહારાજ પ્રસ્તુત કરે છે.

'પૂજા કરું પણ પારના પામું, કૃત્ય કં પણ કાચું,
મનનવાણીમાં જે ના આવે, તેને કોણ જુગતે કરી નીચું.'

'જપ જોગને શ્વાસ સમાધિ, દીન પણાના દીસે,
ઉપાસનાએ અર્થ સરે નહીં, મન મળવાને હીસે.'

'યોગ કરી થાય ઘેલો, તોય જમડા લેશે પેલો,
જગ્ન કરીને જીવને જાળે, વાંકી દષ્ટિ જમડા ભાળે.'

સમાજજીવનમાં નૈતિક મૂલ્યોનું જતન કરવામાં સંતોનું યોગદાન ખૂબ મોટું છે. સ્ત્રી – પુરૂષોના જીવનમાં પવિત્રતા સમાજને ઉન્નત બનાવે છે. ઉચ્ચ ચારિત્ર્ય દ્રારાજ પ્રગતિ કરી શકાય છે. નિરાંત મહારાજના કાવ્યો માંથી તત્કાલીન સમાજનું પ્રતિબિંબ પ્રાપ્ત થાય છે. તેમણે કહ્યું:

'તું તો પરદારા શું પ્રીત કરે, તેમાં તત્ત્વતારો તોઈ હરે,
તું તો અજાણ અંધો થઈ ને ફરે.'

સમગ્ર સંસાર ભ્રાન્તિ અને ભ્રમણામાં સપડાયો છે. સાચું શું ? અને ખોટું શુ ? તે વિશે તે નિર્ણય કરી શકતો નથી. અખા એ 'અખેગીતા' માં જીવ ને ઘેટાંની ઉપમા આપી છે. ખાટકી ઘેટાંના બચ્ચાને કૂણું કૂણું ઘાંસ ખવાડાવે છે. તેને નિયમિત પાણી પાય છે. તેના શરીરને વારંવાર પસવારે છે. તેથી ઘેટું એમ માને છે કે, આ જ મારો સાચો માલિક છે. ને હિતેચ્છુ છે. ઘેટું જયારે મોટું થાય છે. ત્યારે ખાટકી તેની કતલ કરે છે. તે સમયે ઘેટાંની આખ ખૂલી જાય છે. પણ ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હોય છે! કંઈક એ જ રીતે સંસારમાં મનુષ્યની સ્થિતિગતિ હોઈ છે. નિરાંતપણ શબ્દ ફેરે કાંઇક એ વાતનું જ સૂચન કરે છે.

'દેખો રે દુનિયા કા મારગ જૂઠે કું કહે સચ્ચારે,
અવાચકકું આદર દેવે, વાચકકું કહે કચ્ચારે.'

'અંધી દુનિયા કહા કહિયે, કાજીપંડિત અંધારે,
ખરે ખોટેકા નહિં પારખુ, પઢે ગનેસે ધંધારે.'

નિરાંત મહારાજ કહે છે કે જપ, તપ, યોગ, આરાધના વગેરે સાધનો નિરર્થક છે માટે –

'પોતે પોતાનો કરવો વિચાર, નિરખ નિજ નામનો,
ભૂલ્યો શીદ ભમે છે તું ભવ વિશે, નથી નામ સમોવડ સાર,
કરે જપ તપ જોગ આરાધના, કરે કરણીના કોટિ પાય,
ત્યમ ત્યમ તપે તન તાહરું, ઝાઝી જુકિતના મળરે બંધાય.'

'મન અળગું કયાં અફળાય, બીજો નથી બોલતો,
જોને જાગી તું તારા રૂપને, ખોળી જોતાં તું રે ખોવાય.'

પરમતત્ત્વ વિશે સમજ આપતાં કહે છે:

'રૂપ નહિં જેને ગુણ નહિંને, નામ નહિં છે એવું,
કાંઇ નહિં ને સર્વે તેનું, વૃક્ષ બીજ છે જેવું.'
'વાણી વિવેક વિચાર ન પહોંચે કૈવલ્ય પદ તે કેવું,
આપ બીના કછું ઔર ન દૂજા, સાહેબ આપ તુંહારો.'

આ પ્રકારના અનેક પદ રચી તેમણે તત્કાલીન સમાજને પરમાત્મા વિષયક ભ્રમણાઓ માંથી મુકત કરવાનો પ્રયાસ કર્યો. ધર્મ દ્રારા એણે સમાજને જોડવાનું કાર્ય કર્યુ. ઊંચ નીચના ભેદભાવ તો અજ્ઞાનતા માંથી નિર્માયા છે. વાસ્તવમાં માનવસમાજ પરમતત્ત્વ નો જ વિસ્તાર છે. તેવું પ્રતિપાદિત

કર્યુ.'અનેક સાધુ સંતોએ સમાજમાં રહીન. માનવ સમાજમાં રહેલા દૂર્ગુણોની સફાઈ કરી છે.જયારે સમાજમાં અન્યાય, અત્યાચાર, અવ્યવસ્થા ફેલાય ને ધર્મના નામે અંધશ્રદ્ધાઓને ક્રિયાકાંડો વધે ત્યારે સાચો માનવધર્મ પ્રગટાવવાનું ભગીરથ કાર્ય સંતો એ કર્યુ છે.'[૧૪]

નિરાંત મહારાજે છપ્પાઓ, યોગસાંખ્ય ઐકયનો સલોકો, અવતાર ખંડન અને વિવિધ પદ-ભજન દ્વારા સમાજને સત્યનો રાહ રતાવ્યો છે.તેમણે મૂર્તિ પૂજા, અંધવિશ્વાસ, વહેમો અને ધાર્મિક ક્રિયાકાન્ડોની સખત આલોચના કરી છે. નિરાંતનો માર્ગ જ્ઞાનભકિતનો છે. અમન સાહેબના સતસંગથીપણ તેઓ પ્રભાવિત થયેલા. અમન સાહેબને તેમણે ગુરુ પદ આપેલ છે. નિરાંત મહારાજજ પોતે જ ગુરુ વિશે સ્પષ્ટતા કરે છે:

'અટકળે નામ સહુ લે છે, નિરાંત તો નિશ્ચે કરી કે' છે,
અગમ ગુરુ નામે વ્યાપિક રહે છે, ઠરવાનું ઠામ ગુરુ સાચું.'

આ અમનસાહેબ સૂફી સંત હતા. ને તેથી નિરાંત મહારાજ સૂફી પરંપરાથી પ્રભાવિત થાય છે. ભારતમાં સૂફી સંત પરંપરાએ હિન્દુ મુસિલમ બન્ને ધર્મીઓને જોડવાનું કાર્ય કર્યુ છે.સૂફીઓનું પ્રતિપાદન છેકે, પરમાત્મા એક અને સર્વવ્યાપક છે.તે મંદિર, મસ્જિદમાં વસતો નથી. એતો મનુષ્યના હૃદયમાં વસે છે.ને આત્મા પરમાત્માનું જ એક અંગ છે.ઘટક છે.'આ બધા સૂફી સંપ્રદાયોએ ભારતમાં હિન્દુઓ પ્રત્યે સરખો અભિગમ રાખ્યો હતો.જે દુશ્મનાવટથી આરંભાયો સહઅસ્તિત્ત્વના તબકકા માંથી પસાર થયો. અને અંતે સહનશીલતા અને સમજણમાં પરિણમ્યો. હિન્દુ-મુસ્લિમ ભકતો અને વિદ્વાનો માટે મિલનની ભૂમિકાનું વાતાવરણ સર્જ્યુ જેને લીધે કોમી એખલાસ સધાયો. સૂફીસંતો હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચેનું અંતર ઘટાડવા ઉત્સાહી હતા.'[૧૫]

નિરાંત મહારાજ પોતાના સર્જનમાં હિન્દુ અને મુસ્લિમ એમ બન્ને ધર્મીઓનો માત્ર વિરોધજ કરતા નથી. તેમને ઉપદેશ પણ આપ્યો છે. -

'કૈસી ફકીરી બંદે તેરી, કૌન ફકીરી કહાવે હૈ,
કૌન ફકીરી હાલ હજુરી, કૌન ઈસમકું ધાવે હૈ,
દેખ બિચાર કરો દિલ અંદર, કૌન મુખનસે ખાવે હૈ,
બાતન સે જાહેર રહી બોલે, ફેર જાહેર કાંહા જાવે હૈ,
એ મસલતકા કરો અયના એ મસલત મોહે ભાવે હૈ,
કૌન કલમેસે કલમા હોતા, કલમા કૌન સુનાવે હૈ.'

'હ્યું સે આયા લલા હ્યુંસે જાના, હ્યું મિલના હૈ,
નિરાંત નામે લલા લખલે, પલ ભરમેં પલટાના હૈ.'

એજ રીતે –

'બડા બખેડા છોડ દે બંદે નામે સુરત મિલાયા હૈ,
નિરાંત સાહેબ નામ સમરલે સદ્ગુરુ ઓહી બતાયા હૈ.'

'પાંચ લખતકી નિવાજ ઠાને, હરદમ સાહેબ પાસના જાને,
દેખપેખ કે છૂટી ચલાવે, એહી કરમસે દોજખ જાવે,
કવિ કહે નિરાંત, સાહેબકા સબહી જોખા,
મુસલમાન પરમાન, સાંળ સબ ઘટમેં દેખા.'

નિરાંત મહારાજે તત્કાલીન સમયના ભકતોને પણ તારવાનું ઉપદેશવાનું કાર્ય હતું. તે સાથે જ સામાન્ય પ્રજા માટે પણ ભકતો વિશેની સમજ પ્રસ્તુત કરી છે, જુઓ –

'ભકત થયા પીડ પારકી નવ લહે,
દુષ્ટ તે ભેખના ભાર જેવા,
સત ચિત નવ વર્યો દયા નિજ પરહ્યોં,
જે કરે કર્મ તે દંડ દેવા.'

'ઈન્દ્રિ રૂધન કરે ધ્યાન હરિનું ધરે,
ચિત્ત ચૌદશ ફરે નામ ધારે.
શીલ સ્વભાવના આવ્યો સમજણ નહિં,
બોલતો વેણ જાણે બાણ મારે.'

'તપસી કહાવે તપ તપાવે, તનના દેવે તપાસી,
હક જોગ સો હઠિયારે કહાવે, આપે આપ ગુમાસી.'
'તારે ઓથે તું હરિ નથી દેખતો,
કુંડળ ઓથે જયમ કનક ઢંકાય,
તારે ઠેકાણે હરિને ઠરાજને,
એવું સમજે તો મહાસુખ થાય.'

નિરાંત મહારાજ આત્મજ્ઞાની છે. તેઓ કોઈ પંથ / સંપ્રદાય ના વર્તુળમાં પૂરાય રહ્યા નથી. આત્મજ્ઞાન વડે તેમણે સમાજમાં ભાવભકિત પ્રગટાવી છે. તેમાટે ધોળ, ગરબા, કાફીઓ, છપ્પા, સવૈયા, પ્રભાતિયાં, પદ્યાત્મક કથાઓ જેવા પદ – ભજન રચ્યા છે. આ ઉપરાંત અવતાર ખંડન અને યોગસાંખ્ય ઐકયના સલોકા જેવી દીર્ઘકૃતિઓ પણ સર્જી છે. એજ રીતે પ્રેમલક્ષણાત્મક પદો રચી તેમાં નિર્ગુણના વલિયાના વિરહનું નિરૂપણ કર્યુ છે. ઉત્તરમધ્ય કાળના ગુજરાતના તેઓ સામાજિક અને ધાર્મિક ક્રાંન્તિના અગ્રદૂત રહ્યા છે. ઊંચ – નીચ ના કોટિક્રમમાં રહેલા ભારતીય સમાજમાં એકતા અને અખંડતા પ્રસ્થાપિતા કરવા તેઓ હમેશાં સક્રિય રહ્યા છે. સમાનતા અને સમરસતા તેમના જીવનનું લક્ષ્ય હતું આ સર્વ બાબતો તેમના સર્જનમાંથી પ્રતિબિંબિત થાય છે. વર્ણાશ્રમ વિશે તેમણે કહ્યું –

'વર્ણાશ્રમથી વિશેષ વંદુ,
જોગ જુગત થી ન્યારૂ રે.'
જાતિ હીણ પણ હરિ ભકત છે,
રામનામ અધિકારી.'
'વર્ણાશ્રમ તો રહે વિમાશી,
નિત્યકર્મ નિરમાવે રે,

'ખટ દર્શન મિલી ખોજ કરત હૈ,
મૂળ મર્મ ના પાવે રે.'

આ સંસાર સ્વપ્ન સમાન છે. ને તેથી મિથ્યા છે. કાયાનો પ્રાણ કોઈ ભરોસો નથી. એટલે અહંકાર છોડી, પરમતત્ત્વની પિછાણ કરી લેવાની નિરાંતમહારાજ વાત કરે છે. લખે છે:

'ફોગટ ફંદ સંસાર સમજી રહો,
ના લહો નાથ મન સાથ શોધી.'

'સતગુરુકો સમરન કરલે, ચેત ચેત નર નારી રે,
હરદમ દોરી કાળ હલાવે, પલમેં લેગો મારી રે.'

'ઘડી પલકકા નહિં ભરોસા, દલમેં દેખ વિચારી રે,
આખર એક દિન ઊઠ ચલેગા, કોઈ નહીં સાથી તેરા.'

આ પ્રકારની અનેક રચનાઓ તેમના સાહિત્ય સર્જનમાં જોવા મળે છે. તેમણે આ દ્વારા લોકોને ચેતવ્યા છે. મનુષ્ય અવતાર પાણી ના પરપોટા જેવા છે. જેને ફૂટતા વાર નથી લાગતી. સમાજમાં બુદ બુદ છે. ફૂગા જેવું છે. જેને ફૂટતા કાંઇ વાર નથી લાગતી. સમાજમાં ધર્મ વિષયક પ્રચલિત માન્યતાઓને વળગી રહેનારાઓને તેમણે ઉપદેશ દ્વારા મુકત કરવાનો પ્રયાસ કર્યો છે. તેમના સાહિત્ય સર્જનમાં અઠ્ઠાવીસ જેટલી પદ્યાત્મક કથાઓ છે. આ કથા ઓ રોજની એક એમ પૂરી અઠ્ઠાવીસ દિવસની છે. આધ્યાત્મિક રીતે જોઇએ તો પાંચ તત્ત્વની પચ્ચીસ પ્રકૃતિ અને ત્રણ ગુણ નો સરવાળો પણ અઠ્ઠાવીસ થાય છે. જે માનવ શરીરમાં નિહિત છે. રોજની એક એક કથા પ્રસ્તુત કરી તેમણે લોકોને સંસ્કારવાનું ઉમદા કાર્ય કર્યુ છે. શ્રધ્ધા જેવી પરંપરાગત રૂઢિ અને માન્યતા વિશે કહ્યું –

'પણ શ્રધ્ધા જોઇશું સાંભળવાની, નહિં મિલનકો વાંટ,
શ્રધ્ધા વિના જો સાંભળશો તો, હો જાવેગી છાંટ.'

વૈદિક કાળમાં ધન શબ્દ આપણે ત્યાં ગાયો માટે વપરાતો. ઘણી સંખ્યામાં ગાયો હોય તે ધનવાન ગણાતો. પણ સમય જતાં ધન શબ્દ વિવિધ અર્થ નો દ્યોતક બન્યો. અર્વાચીન સમયમાં પૈસોજ ધન નો પર્યાય બની ગયો. ને આ ધન કોઇ લઇ ન જાય તે માટે માણસ વિશેષ સજાગ બની ગયો. નિરાંત મહારાજના સમયમાં ઠગ લોકોનો ઘણો ઉદ્રદ્રવ હશે. તેમની કવિતામાં એ પ્રકારના સંકેત પણ રહેલા છે. જુઓ –

'તું બહોત મજુરી કરી કમાયો, ધન રહેવાની નથી જાગ,
સાચવી સાચવી તેં જે રાખ્યું, પ્રજ્ઞે કરશે આગ.
કોઇક ઠગ તો ઠગી જાશે, ત્યારે રડશો આપ,
કિમિયો કરવા ધનથી જાશે, ઉપજશે માંહી તાપ.'

પૈસા ને જ ધન માનવું તે અજ્ઞાન છે, ને દુ:ખદાયી પણ છે. નિરાંત મહારાજ કહે છે કે એક ધન એવું છે. જે નિર્વાણની પ્રાપ્તિ કરાવે છે.

'નામ નિરાંતનું ધન જે જાણે, તેણે જાણ્યું નિરવાણ.'

સંત પરંપરામાં સ્ત્રી ને માયારૂપે વર્ણવી છે. કેમ કે તે પરમતત્ત્વના જ્ઞાનમાં વિઘ્નરૂપ બને છે. સ્ત્રી ને સંસારના સુખની જ વિશેષ લગની રહેતી હોય છે. વળી, તે મોહિની પણ છે. તેથી જ તેને માયા કહી સંતોએ વર્ણવી છે. આ નિર્ગણ સંતો આધ્યાત્મિક સાધના પણ કરતા હતા. તેઓ ગૃહસ્થી પણ હતા. પરિણામે તેમની સાધનામાં સ્ત્રી વિઘ્નરૂપ ગણાતી હશે. ને તેથીજ કદાચ તેમને માયા કહી છે. પણ આ સંતો એ સ્ત્રીને માતાના રૂપમાં અને પતિવ્રતાના રૂપમાં સ્વીકાર કર્યો છે ને પ્રશંસા પણ કરી છે. પણ માતા અને સતીથી વર્ણવે છે. સંત સાહિત્ય મેં જો કુછ નિંદા મિલતી હૈ વહ નારીકી ન હોકર ઉન

ગુણોકી હૈ, જિનમે કારણ એક સાધુ પુરૂષ અપની સાધનાસે ભ્રષ્ટ હો સકતા હૈ। અન્ય નિર્ગુણ સંતોની જે.મ નિરાંત પણ સ્ત્રી ને આત્મા રૂપે કલ્પે છે. પોતાના પિયુ પરમાત્માના વિરહમાં નિરાંત શું કહે છે. જુઓ -

'વિજોગ સંકટ સહેવાતું નથી,
નિરાંતના સ્વામી સાંભળજો રે લોલ.'

'વર વર્યા એક તમને ત્રિકમ, નિર્ગુણ નામ તમારૂં જી,
નિરાંતના સ્વામી વશ કીધું, મન અટકયું છે મારૂં જી.'

પતિવ્રતા નારીનો સ્વીકાર અહીં કર્યો છે. પણ સાધનામાં કે જ્ઞાન માર્ગમાં વિઘ્નરૂપ બનતી નારી તેમને ઈષ્ટ નથી તે માટે કહે છે. જુઓ -

'મુરખા સ્ત્રીમાં તું લબધાણો, હરિનો વિવેક ન પિછાણ્યો,
મૂઢ રસ્તો તેં ના જાણ્યો, મારી મારી કરી સુખ માણ્યો.

'કરે લીલા ખોટી નારી, તારી મતિ ને જાણ ધમાડી,
એને નથી તું કે તારી કોઈ, વો તો લાગતું દેખતી જોઈ.'

'એ તો સગી જાણો ધનની, નથી તારી કે તારા મનની,
જુઓ હઠીલી પીતવ્રતા, રામજી જેવે ખાધી ખત્તા.'

એજ રીતે ગુરુશ્રદ્ધા, ગુરુ ઉપદેશ, વિશ્વાસ, સંતતિ વિરાગ, માયાત્યાગ, ષડ્રિયુ, ચિત્તશુદ્ધિ, એકાગ્રતા, બ્રહ્મદર્શનનો લાભ, માયારૂપ કથન, પુરૂષપ્રકૃતિનો પરિવાર, બ્રહ્મદર્શન, ત્યાગ, સદ્ગુરુનાલક્ષણ, બ્રહ્મનિરૂપણ, શરીરની ઉત્પત્તિ, માનવશરીર બ્રહ્મરૂપ, યુવાનીમાં દિવાનાપણું, મૃત્યુ સમયની સ્થિતિ. આમ વિવિધ રીતે નિરાંત મહારાજે જ્ઞાન પ્રસ્તુત કર્યુ છે. ને એ રીતે સમાજ જીવનમાં સુધારણા વિષયક પ્રવૃત્તિ કરી. વર્ણવ્યવસ્થા અંતર્ગત જાતિ વ્યવસ્થામાં વિભાજિત થયેલા એવા સમાજ માંથી કોઈ એક વર્ગ માટે તેમણે સુધારા પ્રવૃત્તિ કરી નથી. પણ સમગ્ર સમાજના હીતને ઘ્યાનમાં રાખીને તેમણે સુધારણાત્મક પ્રવૃત્તિઓ કરી. નિરાંત મહારાજ આત્મજ્ઞાની છે. સંત જીવન વ્યતીત કરનાર હતા. તેઓ સંત કેવા હોય છે? સંતવાણીમાં કહેવાયું છે કે -

'સરોવર તરુવશ સંતજન ચોથા વરસે મેહ,
પરમાર્થકે કાન ચારોયેં ધરિયા દેહ.'

આ રીતે લોક શિક્ષક બનીને તેમણે પ્રજા જીવનને શિક્ષણ આપી શિક્ષિત બનાવવાનું ભગીરથ કાર્ય કર્યુ હતુ.

નિરાંત મહારાજે પોતાના સાહિત્ય સર્જનમાં બે દીર્ઘકૃતિઓ આપી (૧)અવતાર ખંડન અને (૨)યોગ-સાંખ્ય ઐકયનો સલોકો. આ બન્ને કૃતિઓ દ્વારા તેમણે જન સમુદાયને માર્ગદર્શન પૂરું પાડયું છે. અવતાર ખંડન ની દશ કૃત્તિઓ છે. જે દશ પંકિતઓમાં લખાયેલી છે. એટલે તેને પદ પ્રકારની જ કવિતા કહેવી જોઇએ. આ દશ પદોની શૈલી પણ પદ્યકથાઓ જેછી છે. સામે શ્રોતા બેઠા હોય અને વાર્તા કહેવાતી હોય એ પ્રકારની અહીં શૈલી છે. હિન્દુ ધર્મમાં વિષ્ણુના જે દશ અવતારો છે. તે વિષયક અહીં ખંડનાત્મક વર્ણન છે. અવતારોનું ખંડન કયું હોવા છતાં નિરાંત મહારાજ ઔચિત્ય ચૂકતા નથી. આજના સમય જેવું ત્યારે શિક્ષણ ન હતું. મોંટેભાગે અભણ નિરક્ષર પ્રજા હતી. તેમના ઉપર ધર્મનું પ્રબળ વાતાવરણ હતું. ત્યારે આ પ્રકારની કથાઓએ ક્રાન્તિ સર્જી હશે. તેમ કહેવામાં જરાયે અતિશયોકિત નથી. પદ્ય વાર્તાઓ રોજની એક એમ કુલ અઠાવીશ દિવસ સુધી સળંગ રીતે કરેલી તેમ અહીં અવતારખંડન ની દશ કૃત્તિઓ જોવા મળે છે. પ્રથમ કૃત્તિનો પ્રારંભ જુઓ-

'ભુંડ પૂજે મુર્ખજન, પુરાણનું દેઇ પ્રમાણ,
નરક ખાય નરકે સૂવે, એ તો છે સહુ જાણ.
તોય જઈને પૂજવો, એ કેવું અજ્ઞાન,
પુરાણ કાંઇ ખોટાં નથી, સર્વત્ર ઈશ્વર જાણ.'

એમ કહી સર્વત્ર પરમતત્ત્વ વિલસી રહ્યું છે, તેવું પ્રતિપાદન કર્યુ છે. એ જ રીતે મત્સ્ય પણ ઈશ્વર નથી. કેમ કે જાત અને ભાતમાં દ્રંદ્ર રહેલું છે. ઈશ્વરતો દ્રંદ્રાતીત છે. નિરાંત મહારાજ કહે છે.

'જ્ઞાનીજન નવ ગાંઠતા, માને ખોટી વાત,
જગત બ્રહ્મ જો માનીએ, તો પ્રાણી વિખ્યાત,
પણ પૂજાને પાત્ર નહિં, બિના સદ્‌ગુરુ જાત,
નિરાંત બ્રહ્મ માનો વૃથા, ખોટી જાતને ભાત.'

લોકો પરિબ્રહ્મને છોડીને પથ્થરને પૂજી રહ્યા છે. એથી મોટું અજ્ઞાન બીજું શું હોય શકે? નિરાંત લખે છે:

'બ્રહ્મરૂપ કો છોડ કે, કાચબા પૂજે પાણ,
સમજો વામે બ્રહ્મ હૈ, પૂજને કો કયા લાણ,

આવરણમાં આવી પડયા, સદ્‍ગુરુ કાઢે કોઇ,

સમજ સાચી દાખવે, રૂડી દિખાઇ સોઇ.'

નિરાંત મહારાજ કહે છે કે લોકો મોહિની રૂપ ને ઈશ્વરનો અવતાર માને છે. આ મોહિનીએ દૈત્યોને વશ કરેલા તેવી કથા છે. પણ અજ્ઞાનતાને વશવર્તી લોકો આ વાત માની લે છે. પ્રકૃત્તિ કાંઈ ઈશ્વર નથી. પ્રકૃત્તિ કાંઇ ઈશ્વર નથી પ્રકૃત્તિ તો લશ્વર સર્જીત છે. લશ્વર ને મન તો સર્વ સમાન છે. તેને મન દેવ શું? ને દૈત્ય શું? પણ લોકો આવી સૂક્ષ્મ વાત સમજી શકતા નથી ને મૂઢ બની વાતો કરતા રહે છે. નિરાંત મહારાજ લખે છે:

'સમજે જ્ઞાની સવૃતો, મુરખ ખત્તા ખાય,

બ્રહ્મતણું કંઈ રૂપ છે, જો નારી લખાય.'

એજ રીતે 'નૃસિંહ અવતાર' ની વાત કરતા કહે છે કે જે ભકત છે, અર્થાત્ પ્રહલાદ છે તેની કોઇ વાત કરતા નથી ને પથ્થરની મૂર્તિ આગળ કરી તેને ઈશ્વર તરીકે રજુ કરે છે. નિરાંત કહે છે કે બ્રહ્મ માનવો હોય તો પ્રહલાદને માનવો જોઇએ -

'માનો બ્રહ્મ પ્રહલાદને, જેહ થયો તદ્રૂપ,

વૃત્તિ રૂડી એહની ભકિત માંહિ અનુપ,

તેને કોઇ પૂછે નહિં, નૃસિંહ આગળ જાણ,

મારે પલક એકમાં, કશું રૂપ ધરે અજાણ,

એવી વાત અનેક છે, મૂરખ ને નહીં સાન,

બન્ને રૂપને પૂજતા, પંડિત નહિં તે પા'

જે ભકત બ્રહ્મરૂપ થયો છે, તેને કોઇ માનતું નથી ને પ્રાણી પણ કહી ન શકાય તેને સૌ માને છે. આ પ્રકારની તો અનેક વાતો છે, પણ મુરખા લોકો પુરાણનું પ્રમાણ દઈ વાતો કર્યા કરે છે. એ જ રીતે બળરામ ને પણ બ્રહ્મનો અવતાર લોકો માને છે. નિરાંત કહે છે. -

'બ્રાહ્મણને તો મારી ડાર્યા, બ્રહ્મ એ તો બળરામ,

સીધી વાત અમે સમજાવી, જાણો અવિચળ નામ,

અવતાર બ્રહ્મની બલા ઉતારો, મળશે આત્મારામ,

શુદ્ધ મને તો જુઓ નિહાળે, આપો આપ થાય કામ.'

કૃષ્ણની લીલા પણ લોકો ગાય રહયા છે. તેમણે ગોકુળમાં પૂતના મારી, નેઅનેક રાક્ષસને પણ માયા! લોકો વિચાર ન કરતાં વાર્તામાં કહેવાયેલી વાત સત્ય માની રહયા છે. નિરાંત કહે

છે:

'પછે ગોપી સંગ ખેલે, બડા વો અદ્‌ભૂત,

પરબ્રહ્મ ને કૈસા મચાયા, વિષય વાસના તૂત.'

એજ રીતે રામનો પણ મહિમા લોકો ગાય રહયા છે !રામને બ્રહ્મનો અવતાર માને છે. પણ આ બ્રહ્મની વેઠ કોઈ જોતું નથી. જેઓ-

'દુષ્ટ લોકો કો માર માર કે, પહુંચાયે ઠેઠ,

રાવણ નારી લે ગયા, વળગી બ્રહ્મને વેઠ.'

અને-

'નારી માટે જેહ રડે તે મુકિત કયાંથી આપે,

સમજો તો તો કોઈ ના જાશો, મપાશો નહીં પામે.

જે સ્ત્રી માટે વનમાં આંસુ સારતો હોય. રાવણને મારી બ્રહ્મ હત્યા કરતો હોય. પોતાની સ્ત્રીને વનવાસ આપતો હોય તેવા મનુષ્યને પરમાત્મા માનવા અને તેનું પૂજન કરવું કેટલું યોગ્ય છે ? એવું પ્રતિપાદિત કરી, તેઓ કહે છે:

'શિક્ષા માનો તો એવા થાઓ, જીવતાને જઈ માનો,

પથ્થર તેને પાર ઉતારો, થયો અલ્યા દિવાનો !'

નિરાંત મહારાજ કહે છે કે, લોકો પરશુરામને પણ ભગવાન માને છે. લોકોની વિચારશકિત ક્ષીણ થઈ ગઈ છે. જેણે એકવીશ વાર પૃથ્વીને નક્ષત્રિ કરી, તે શું ભગવાન કહેવાય ? નિરાંત મહારાજ કહે છે:

'હત્યારે સે જ્ઞાની અલગે, નામ સુણી લાગે પાપ,

ક્ષત્રિયોંકા મર્દન કરતા, મુનિકો પૂછો જવાબ.'

જેણે લોહી ઉપર બેસી ક્રિયાઓ કરીને શ્રાદ્ધ કર્યુ: માતા ને મારી પિતાને પણ મૃત્યુ તરફ ધકેલ્યા. એવા માણસની લોકો પૂજા કરે છે. લોકોએ આત્મજ્ઞાની બની અવિદ્યા માંથી મુકિત મેળવવી જોઈએ તેમ તેઓ કહે છે. એ જ રીતે વામન ને પણ લોકો ઈશ્વર માને છે ને તેની પૂજા પણ કહે છે. બધા લોકો ગતાનુતિક રીતે જ વર્તે છે. પણ કોઈ વિચાર કરતું નથી કે-

'કપટ જાણે પરબ્રહ્મ, એથી ભૂંડું શુંય,

કપટ કરવા રૂપ લીંધુ, ભકત કે પછી શુંય!'

નિરાંત મહારાજ પોતાના દશ અવતાર ખંડનના પદ દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવવાનું ઉમદા કાર્ય કરી રહયા હતા. નિરક્ષર અને ભોળી પ્રજાને કથાઓ દ્વારા અવતારો પ્રતિપાદિત કરી પંડિત-

પૂરોહિત લોકોને લોકો અજ્ઞાનતામાં રાખી રહ્યા હતા. ત્યારે નિરાંત મહારાજે લોકોને જ્ઞાનનો માર્ગ બતાવી લોકસેવા કરી છે. પ્રજાજીવનમાં વ્યાપેલી બદીઓ જેવી કે મૂર્તિ જ ઈશ્વર છે, કથાઓ જ સત્ય છે. વગેરે બાબતોને દૂર કરવા નિરાંત ઘણો પ્રયાસ કર્યો છે. એ નોંધનીય બાબત વણાવી જોઇએ.

નિરાંત મહારાજ નિર્ગુણમાર્ગી સંત છે. પરમતત્ત્વ સચરાચરમાં વ્યાપેલું છે. ને તેથી સર્વમાં તે રહેલું છે. લોકા એ પોતાના ઘટ ભીતર જોવું જોઇએ. પરમાત્માની પ્રાપ્તિ કરવી જોઇએ. અજ્ઞાનતા અને જડતા માંથી મુકત થવું જોઇએ ને માનવ અવતારને ચરિતાર્થ કરવો જોઇએ. તેવું સતત ને સતત તેઓ કહેતા રહયા છે. આ રીતે સુધારક વાદી નિરાંતની પ્રતિભા ધ્યાનકર્ષક છે.

નિરાંત મહારાજ તત્ત્વત: માનવવાદી છે. ને તેથી તેમણે હંમેશા લોકોનું મંગળ ઇચ્છયું છે. શુદ્ધ જ્ઞાનમાર્ગ પ્રગટાવી લોકોને જૂના ખ્યાલો થી મુકત કરવાનું તેમણે કામ કર્યુ છે. તેમણે પોતાનું સંપૂર્ણ આયુષ્ય પ્રજાને સમર્પિત કર્યુ છે. સંશોધન કાર્ય માટે તેમના ગામ દેથાણ જવાનું થયું. ત્યારે તેમના ઘરની દૂદર્શા પણ નજરે પડી. માટીની મોટી ઇંટોથી બનાવેલ ઘર આજે પણ જર્જરિત દશામાં નજરે પડે છે. પૈસાદાર શિષ્યોની ફોજ હોવા છતાં તેમણે ધન સંચય કર્યુ નથી. કે કોઇ મોટા ભવ્ય મંદિરોનું પણ નિર્માણ કર્યુ નથી. તેમણે જીદગી ભર લોકોને જાગૃત રાખવાનો ઉપક્રમ રખ્યો. સતત ફરતા રહી ભારતીય અધ્યાત્મજ્ઞાન વહાવ્યું. પ્રેમલક્ષણા પદો દ્વારા ભકિત ભાવના પ્રગટાવી. જ્ઞાન - ઉપદેશના પદ દ્વારા નિર્ગુણ નિરાકારની પ્રતીતિ કરાવી. પ્રાસંગિક પદો રચી તત્કાલીન પ્રજા જીવનને માર્ગદર્શન આપ્યું. માનવ અને માનવતાવાદના તેઓ હિમાયતી રહ્યા છે. તેમણે સંસારના મોહમમતા અને તેની માયા માંથી મુકત થવાનું કહયું છે. નિરાંત મહારાજ સમાજ વચ્ચે રહ્યા છે. સમાજની સેવા કરી છે. તેમની આ સેવા નોંધપાત્ર કહી શકાય.

નિરાંત મહારાજ નિર્ગુણમાર્ગી છે. તેમની વિચારધારા શુદ્ધજ્ઞાન ની જ રહી છે. મંત્ર અને તંત્ર તેમનો કવન વિષય નથી. તેમણે સાદી સીધી અને સરળ વાણીમાં લોકોને ઉપદેશ કર્યો છે. સામાન્ય માનવી પણ સમજી શકે તે રીતે તેમણે સાહિત્ય સર્જ્યુ છે. કેટલાક વિવેચકો સંતવાણી પરત્ત્વે કહે છે તેમાં ઇહલોક કરતાં પારલૌકિકતાને વધુ મહત્ત્વ અપાયું છે. પરંતુ નિરાંત મહારાજના સર્જનાત્મક સાહિત્યનું સૂક્ષ્મ અવલોકન કરવામાં આવે તો, ખ્યાલ આવશે કે તેમાં પારલૌકિક નહીં, પણ વાસ્તવ દર્શી હકિકત છે. દા. ત.

'તન તારૂ જો ને તપાસી તું કોણ છે ? તન તારૂ જોને તપાસી'

આ પ્રકારની અનેક પંકિતઓ તેમના સાહિત્યમાં દષ્ટિગોચર થાય છે.' ભારતીય તત્ત્વજ્ઞાનના સમગ્ર પ્રવાહનો પ્રધાન સૂર આશા છે, નૈરાશ્ય નહિં, પુરૂષાર્થ છે, અકર્મણ્યતા નહિં. નીચામાં નીચી ભૂમિકાએ ઉભેલા મનુષ્ય ને પણ તે આંગળી પકડીને ઊધ્ર્વનો માર્ગ ચીંધે છે. ગાઢ

તિમિરમાં ગોથાં ખાતાં મનુષ્યોને તે આશાનું કિરણ આપે છે. પ્રત્યેક મનુષ્ય સમક્ષ વિકાસની પારાવાર શકતાઓ રજૂ કરે છે. કોઈએ કહ્યું છે તેમ, જગત અને ઈશ્વર – તત્ત્વજ્ઞાનના આ ત્રણ પાયાના પ્રશ્નોની સર્વાંગી સમાલોચના ભારતીય તત્ત્વજ્ઞાનમાં જેવી અને જેવી રીતે થઈ છે, તેવી ભાગ્યેજ અન્યત્ર જોવા મળશે.'[૧૭]

નિરાંત મહારાજનું પ્રતિપાદન છે કે માત્ર જ્ઞાન મેળવવવું જ પૂરતું નથી. તેને આચરણમાં ઉતારી, જીવનને પવિત્ર અને સંયમિત કરી, મનુષ્ય અવતારને સાર્થક કરવો જોઈએ. આ માટે તેમણે રૂઢ થયેલા શબ્દ પ્રયોગો, રૂઢિપ્રયોગોનો આધાર લઈ સંદેશ આપ્યો કે

'હરિ ન મેળવાનો આવ્યો અવસર, ઉંઘે અમથો ખોયો રે,
વાશીદામાં ગયું મૂશળું, જૂઠુ જનમ વગોવ્યોરે.'

એજ રીતે –

'હરતાં ફરતાં ધંધો કરતાં ધ્યાન હરિનું ધરવું રે,
નિરાંત કહે નિષ્ઠાનું ફળ છે, અધર્મથી ઓસરવું રે,
અધર્મથી ઓસરવું પ્રાણી, ધરમ ધસીને કરવું.'

પણ આ ધર્મ કાર્ય શું ? ને તે કેવી રીતે કરવું ? તે વિશે નિરાંત મહારાજ ઉપદેશ આપે છે. ધર્મની સમજ માટેતેઓ ગુરુનો મહિમા ગાય છે. સાચા સદ્‌ગુરુ વિના સત્યની ઝાંખી થતી નથી તેમ કહે છે –

'મળે ગુરુ સાચા રે, સત્ય સોઈ ઓળખાવે,
સત્ય એક કહીએ રે, અસત્ય કહેવાય,
સત્ય સદોદીત જેમનું તેમ છે, ના આવે ના જાય.'

'અનુભવિયાનો ઉપદેશ, સમજે સમજાશે,
આવરણ નહીં આવે લેશ, આત્મા ઓળખાશે,
એ દેહ રહિત દર્શ્યામાં આવે, જેમ પ્રતિબિંબ પાણીમાં રે,
બિંબજ પરખાય પાણીમાં, એમ દરશે વાણીમાં.'

સાચા સદ્‌ગુરુદ્વારા જેને આત્મદર્શન થાય છે. તે આધિ, વ્યાધિ અને ઉપાધિ માંથી મુકત થાય છે. ને પછી જ તે જીવનમુકત બને છે.

'તન તેનું તેને તન નહીં, એહ અનુભવને આશેરે,
નિરાંત નિરખો જીવન મુકત છે, બંધન સરવે જાશે રે.'

નિરક્ષર અને અજ્ઞાન પ્રજાને સમજાય તે રીતે નિરાંત મહારાજ ઉપદેશ કાર્ય કરતા રહ્યા.' મધ્યકાલીન ભકત-સંત-જ્ઞાની કવિઓ તો આપણી સંસ્કૃત્તિના વિવેક વણઝારા છે. તેમનું જીવન કવન સાંસ્કૃતિક વિશેષતા થી ઝળહળે છે. તેઓ સદાય સમાજ જીવનમાં સંસ્કૃતિનો પ્રકાશ પાથરતા રહ્યા છે.'[૧૮] નિર્ગુણમાર્ગી સતપરંપરાએ ભારતીય સમાજ જીવનને સતત અજવાળ્યું છે. નિરાંત જેવા કેટકેટલા જીવન ચિન્તક-જ્ઞાની ભકત કવિઓએ ગુજરાતીઓ ના હૃદયને ભારતીય સંસ્કૃતિના ધર્મ તત્ત્વજ્ઞાનના પ્રકાશથી ઉજજવળ રાખ્યું છે.'[૧૯]

આપણે ત્યાં સમાજ સુધારણાત્મકધણા આંદોલનો થયા છે. રાજારામ મોહનરાય, દયાનંદ સરસ્વતી વગેરે સુધારકો દ્વારા ઘણું સારું કાર્ય થયું છે. પણ નિરાંત મહરાજનું સુધારપાત્મક કાર્ય વિસરાવું ન જોઇએ. તેમણે પોતાનું આયુષ્ય સમાજની ઉન્નતિ માટે સમર્પિત કર્યુ હતું. એ માટે સાહિત્ય પણ સજર્યું. ને ધર્મ તત્ત્વજ્ઞાનને જીવનમાં ઉતારી આચરણ દ્વારા પ્રતિબિંબિત પણ કર્યુ. તેમણે કદાચ સાહિત્ય સર્જન ન કર્યુ હોત તો પણ સંત જીવન દ્વારા તેઓ પોતાના સંદેશ ફલાવવા સક્ષમ હતા. નિરાંત મહારાજે જ્ઞાનમાર્ગી ધારામાં રહી સમાજને દીશા સૂચન કર્યુ છે. જયારે મધ્યકાળમાં શિક્ષણ વ્યવસ્થા ન હતી, ત્યારે આ કવિઓ જ સાચા શિક્ષકો હતા. માટે જ સદ્ગુરુનો તેઓ મહિમા કરે છે. ધર્મની કવિતાની ગુરુ- શિષ્ય પરંપરાએ સંસ્કારની વિદ્યાશાખા છે. તેઓ જ મધ્યકાલીન પ્રજાના સાચા શિક્ષક અને ઉપદેશક હતા. જો મધ્યકાળના કવિઓની આ પરંપરા ન હોત તો અંધાધૂંધીના એ કાળમાં પ્રજા અધ:પતન પામી હોત, ખોવાઇ ગઈ હોત , ભારતીય ધર્મ સંસકૃત્તિનું અસ્તિત્ત્વ ન રહ્યું હોત. જ્ઞાનમાર્ગી કવિઓ તો ધર્મ સુધારક હતા.[૨૦] નિરાંત મહારાજે પોતાના જીવન અને કવન વડે તત્કાલીન સમાજની સેવા કરી છે. વિવિધ ધર્મ / સંપ્રદાયના વિતંડાવાદ માંથી તેમણે લોકોને મુકત કરવાનો ઉમદા પ્રયાસ કર્યો છે. ભારતીય મૂલ્યો અને આદર્શોનો તેમણે મહિમા ગાયો છે. જપ, તપ, યોગ, ધ્યાન, સમાધિ કે કર્મકાન્ડોનો તેમણે વિરોધ કર્યો. આ બધી બાબતને તેમને વ્યકિતના ઊર્ધ્વમાર્ગ માટે બાધક સદ્ગુરુના સાનિધ્યમાં રહીને જીવન મુકત થઇ શકાય છે. તેવું તેમણે પ્રતિપાદન કર્યુ, યુગકાર્ય જ કહેવાવું જોઇએ. ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં તેમનું નામ આદર પૂર્વક લખાવું જોઇએ. 'કેમકે તેમણે જે સમયે આ કાર્ય કર્યુ તે સમયની સ્થિતિગતિ પણ જોવી જોઇએ. એ સમયે તેમણે જે સમાજ સુધારણાત્મક કાર્ય કર્યુ તે પ્રશંસનીય અને અનન્ય છે.

# : સંદર્ભસૂચિ :



| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧. | હિન્દી નિર્ગુણસંત કાવ્ય | ડો.રમા અ.શુકલ | ૦૨ |
| ૨. | સતસાહેબની સરવાણી | ડો.નાથાલાલ ગોહિલ | ૧૯૬ |
| ૩. | કબીર વચનાવલી | અનુ. પિનકિન્ ત્રિવેદી | ૦૬ |
| ૪. | સૌરાષ્ટ્રના હરિજન ભકતકવિઓ | ડો.નાથાલાલ ગોહિલ | ૧૬૬ |
| ૫. | અર્વાચીન ગુજરાતીનું રેખાદર્શન | શ્રી હીરાલાલ ત્રિ. પારેખ<br>પ્રકાશક:ગુજરાત<br>વર્નાકયુર સોસાયટી.૧૯૩૫-૩૬. | ૦૯ |
| ૬. | સ્વામિનારાયણ સંતસાહિત્ય | સંપાદક:રઘુવીર ચૌધરી<br>પ્રકાશક:બોચાસણવાસી<br>શ્રી અક્ષર પુરૂષોત્તમ સંસ્થા,<br>શાહીબાગ રોડ-અમદાવાદ. | ૧૨૪ |
| ૭. | નારણરામની અમૃતવાણી | સંકલન:સમીક્ષા<br>પ્રા.અમરસિંહ સોસા<br>પ્રકાશક: સતનામ સંત આશ્રમ<br>મિતિયાજ,તા.કોડીનાર. | ૦૭ |
| ૮. | સતસાહેબની સરવાણી | ડો.નાથાલાલ ગોહિલ<br>ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર. | ૨૦૩ |
| ૯. | ભારતમાં સામાજિક<br>અને ધાર્મિક ચળવળ | પ્રા. સુરેશભાઈ ચી.શેઠ, યુનિ.ગ્રન્થ<br>નિર્માણબોર્ડ, ગુજરાત રાજય. | ૨૫૪ |
| ૧૦. | ગુજરાતી સાહિત્ય મધ્યકલીન | અનંતરાય રાવળ, ગૂર્જર પ્રકાશન ૨ | |
| ૧૧. | એજન | અનંતરાય રાવળ,<br>ગૂર્જર પ્રકાશન | ૨૫૪ |
| ૧૨. | ગુજરાતના આધુનિક સંતો | | ૭૬ |
| ૧૩. | હિન્દી નિર્ગુણસંત કાવ્ય | ડો.રમા અ.શુકલ | ૧૯ |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક/<br>પ્રકાશન વર્ષ/આવૃતિ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧૪. | સતસાહેબની સરવાણી | ડો. નાથાલાલ ગોહિલ | ૨૦૨ |
| ૧૫. | જ્ઞાનગંગોત્રી, ગ્રન્થશ્રેણી-૨૧<br>ભારતીય દર્શન-૨ | | ૧૪૦ |
| ૧૬. | હિન્દી નિર્ગુણસંત કાવ્ય | ડો. રમા અ. શુકલ | ૮૨ |
| ૧૭. | અભીપ્સા | શ્રી રમણલાલ જોશી.<br>કમલેશ પુસ્તકભંડાર<br>રાયખડરોડ અમદાવાદ. | ૬૫ |
| ૧૮. | મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય | ડો. બેચરભાઈ પટેલ | ૦૯ |
| ૧૯. | એજન | ડો. બેચરભાઈ પટેલ | ૦૯ |
| ૨૦. | એજન | ડો. બેચરભાઈ પટેલ | ૩૭૭ |
| ૨૧. | ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ | | ૩૧ |
| ૨૨. | મધ્ય ગુજ. જ્ઞાન માર્ગી કવિતા | | |
| ૨૩. | નારણરામની અમૃતવાણી | | |
| ૨૪. | સત સાહેબની સરવાણી | ડો. નાથાલાલ ગોહિલ | ૧૨૦ |
| ૨૫. | નિરાંતસુધાસાગર | | ૪૬ |
| ૨૬. | નિરાંતકાવ્ય બીજી આવૃતિ | નટવરલાલ પંડયા | |
| ૨૭. | નિરાંતકાવ્ય બીજી આવૃતિ | સં. ગોપાલરામ | |
| ૨૮. | મધ્યગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા | ડો. બેચરભાઈ પટેલ | ૩૨૧ |
| ૨૯. | ગુજરાતના આધુનિક સંતો | - | |
| ૩૦. | - | અશ્વિન કાળા | ૩૫ |

# પ્રકરણ-૮
# નિષ્કર્ષ અને સમાપન

આ શોધ પ્રબંધમાં ૧ થી ૭ પ્રકરણમાં નિરાંત મહારાજના જીવન કવન સાથે, તેમના પૂર્વકાલીન અને સમકાલીન સમાજ જીવનની તાસીરને વિગતે તપાસી છે. નિર્ગુણ માર્ગનો તલસ્પર્શીય અભ્યાસ રજૂ કર્યો છે. ગુરૂગાદી વિશેની વિગતો ને વિશદ્ રીતે તપાસી છે. આ આઠમાં પ્રકરણમાં તત્સંબંધી તારણો અને નિર્ગુણમાર્ગી સંતસાહિત્ય વિશે તથા નિર્ગુણમાર્ગી નિરાંત મહારાજ વિશે મહત્ત્વના નિર્દેશો કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

આ શોધપ્રબંધમાં નિરાંત માટે 'મહારાજ' અને 'સંત' શબ્દ પ્રયોજ્યો છે. મધ્યકાલીન ગુજરાતી સંત સાહિત્યમાં 'સંત' અને 'ભક્ત' એવી સંજ્ઞા પરત્ત્વે કોઈ શાસ્ત્રીય વિચારણા થઈ નથી. હિન્દીસાહિત્યમાં આ પ્રકારની વિચારણા વ્યાપક રીતે થઈ છે. મારા આ શોધ પ્રબંધમાં નિરાંત માટે 'ભક્ત' સંજ્ઞા પ્રયોજી નથી. કેમ કે ભક્ત પરંપરિત ધર્મના પ્રવાહમાં રહેતો હોય છે. તે મૂર્તિપૂજા, હોમ-હવન, વિધિ-વિધાન અને સગુણસાકાર ને ભજતો હોય છે. એક રીતે તે રૂઢિચૂસ્ત અને રૂઢિગ્રસ્ત હોય છે. જયારે 'સંત' સંજ્ઞા સત્‌ને સ્વીકારે છે. સત્-અસત્‌નો ભેદ કરે છે. અનુભવ જન્ય જ્ઞાનમાં શ્રદ્ધા રાખે છે. એ રીતે તે પ્રજ્ઞાવાન હોય છે. આવા પ્રજ્ઞાવાનને અર્હત અથવા સંત કહેવામાં આવે છે. 'મહારાજ' એવી સંજ્ઞા અભિધાસ્તરે કોઈ સાધુમંડળનો વડો અથવા રસોઈયા માટે પણ પ્રયોજાય છે. મારા આ પ્રબંધમાં 'નિરાંત મહારાજ' એવી સંજ્ઞા એટલા માટે રાખી છે કે, સંતવાણીમાં 'ગુરૂ'ને 'મહારાજ' તરીકે ઓળખવામાં આવે છે. નિરાંત પોતાના પદોમાં મહારાજ શબ્દ પ્રયોગ કરે છે, જુઓ -

'મુને મળિયા ગુરૂમહારાજ અતિ ઉપકારી,
જાણી પોતાને જન આવ્યા દેહધારી.'

-નિરાંત

એજ રીતે-

'એવી વ્રેહે અબળાની રે વાત માનો સ્વામી રે,
નિરાંત કહે મહારાજ, પૂરણ કામી રે.'

- નિરાંત

'એક સ્વામી વિના સહુ સુખ સ્વાદ ન લાગે રે,
નિરાંત કહે મહારાજ, મળવું માગે રે.'
- નિરાંત

આ રીતે નિરાંત ખુદ 'મહારાજ' શબ્દપ્રયોગ કરે છે. આ શોધપ્રબંધનો વિષય 'નિરાંત મહારાજ : જીવન અને કવન-એક અધ્યયન' છે. તે આ અર્થમાં. નિરાંત મહારાજ વિશે આ પ્રબંધમાં 'સંત' સંજ્ઞા સ્વીકારી છે. તે એટલા માટે કે 'સંત' એ કાંઈ 'ભક્ત' નથી. સંત તો ક્રાન્તિકારી હોય છે. તે સ્વતંત્ર અને મુક્ત હોય છે. ને તેથી સંતકવિ નિરાંત એવો શબ્દપ્રયોગ અહીં કર્યો છે. ગુજરાતી સંત સાહિત્યના વિવેચકો પોતાની સમજ પ્રમાણે, કોઈ તાર્કિક ભૂમિકા વિના 'ભક્ત' અને 'સંત' શબ્દની ભેળસેળ કરે છે. ગુજરાતી સાહિત્યને બાદ કરતાં મરાઠી અને હિન્દીમાં 'ભક્ત' અને 'સંત' સંજ્ઞા સ્પષ્ટ કરવામાં આવી છે. જે વધુ તર્કસંગત લાગે છે. મારા આ શોધ પ્રબંધમાં નિરાંત માટે 'ભક્ત' સંજ્ઞા ટાળી છે. નિરાંત માટે 'સંત' અથવા 'મહારાજ' શબ્દ પ્રયોગ સ્વીકાર્યો છે.

મધ્યકાલીન ગુજરાતી સંત સાહિત્યમાં સગુણ અને નિર્ગુણ એવી બે ધારાઓ સમાન્તર વહે છે. સગુણ માર્ગી ભક્ત કવિઓ સગુણકારની ઉપાસના કરે છે. આ ધારામાં તુલસીદાસ, ચૈતન્ય વગેરેનો સમાવેશ કરી શકાય. જ્યારે નિર્ગુણધારામાં કબીર, રૈદાસ, દાદૂ, અખો, રવિ-ભાણ સંપ્રદાયના સંતકવિઓ, નિરાંત અને તેમના સંપ્રદાયના સંતકવિઓ, નિરાંત અને તેમના સંપ્રદાયના સંતકવિઓનો સમાવેશ થાય છે. સગુણાધારામાં ગુરૂને ઈશ્વર તરીકે નહીં, પરંતુ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તથા વિષ્ણુના અવતારો ને સગુણ સાકાર રૂપે ભજે છે. જ્યારે નિર્ગુણ નિરાકારવાદીઓ ગુરૂને 'સ્વામી', પરમતત્ત્વ, મહારાજ જેવા શબ્દો વડે નવાજવામાં આવે છે. આમ, નિર્ગુણધારામાં ગુરૂ જ પરમાત્માને સ્થાને હોવાથી સગુણ-નિર્ગુણ એવી બન્ને સંજ્ઞાઓ પ્રયોજાય છે. નિરાંત મહારાજ આ અર્થમાં નિર્ગુણમાર્ગી સંતકવિ છે. જ્યાં સુધી જ્ઞાન પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી ગુરૂને સગુણ રૂપમાં ભજે છે, પૂજે છે. પરંતુ જ્ઞાન પ્રાપ્ત થયા પછી, નિરંજન નિરાકાર, શબ્દાતીત, અક્ષરાતીતના રૂપમાં ગુરૂને સ્વીકારે છે. અખો કહે છે :

'ગુરૂ થા ત્હારો તું,
જૂજવો કોઈ નથી ભજવો.'
- અખો

એજ રીતે દાસી જીવણ કહે છે:

'ગુરૂને કાયામાં ગોતીયે, મારા વા'લાના શું કરૂં વખાણ ?
દશમે મોલે દેરી બિરાજે, ઈ ધોળી ધજાના પ્રમાણ.'

– દાસી જીવણ.

એજ રીતે નિરાંત મહારાજ પણ કહે છે :

'ગુરૂ તેરા હૈ સંત-સન્યાસી ગુરુએ મંત્ર દિના હૈ,
વો મંત્ર પઠકર કહાં જાઓગે, ગર અપના નહીં ચિન્યા હૈ.'

– નિરાંત

નિર્ગુણમાર્ગીઓ પોતાના શરીરની શોધ કરે છે. પરમતત્ત્વને પિછાણવા સાચા સદ્‌ગુરુની શોધમાં રહેતા હોય છે. સાચો સદ્‌ગુરુ એજ, જે જે શરીરમાં જ સદ્‌ગુરુની પ્રાપ્તિ કરાવે. નરસિંહ મહેતા પણ કહે છે –

'શરીર શોધ્યા વિના સાર નહીં સાંપડે.'

– નરસિંહ

આમ, સ્વની શોધ, પિંડમાં બ્રહ્માંડ, સચરાચરમાં જે વ્યાપ્ત છે. ઘટ, પટ અને મઠમાં જે છે તે એક જ છે. સર્વમાં પરમતત્ત્વ વિલસી રહ્યું છે. આ પ્રકારનું જ્ઞાન થયા પછી ભેદ રહેતો નથી, દ્વૈત રહેતું નથી. પછી તે અદ્વૈત અને અભેદ બનીને રહે છે. એજ 'સંત' અથવા 'ગુરુમહારાજ'.

ઉત્તરમધ્યાકાળના નિર્ગુણમાર્ગી નિરાંત મહારાજ મધ્યકાલીન સાહિત્યના વિવેચકો દ્વારા ઉપેક્ષિત રહ્યા છે. નિરાંત મહારાજ વિશે સંશોધન કાર્ય કરી રહ્યો હતો, ત્યારે એક વિવેચક સાથે નિરાંત મહારાજના સંદર્ભમાં ચર્ચા થઈ. આ ચર્ચા દરમિયાન તેઓ એ કહ્યું કે નિરાંત મહારાજ તો ઉત્તર મધ્યકાળના ગૌણકવિ છે. મેં કહ્યું કે કયા આધારે તમે નિરાંતને ગૌણકવિ કહો છો ? કયા માપદંડ થી ? શું તેમના વિશે નથી લખાયું, એટલે તેઓ ગૌણકવિ છે ? આ પ્રશ્નોનો સંતોષકાર ઉત્તર એમણે આપ્યો નહીં. સંતસાહિત્યના ક્ષેત્રે જેનો આટલો વ્યાપક પ્રભાવ હોય. જુગરાતમાં અનેક સ્થળે તેમના ધામ-આશ્રમો અને હજારો શિષ્ય હોય ; તે કેવી રીતે ગૌણ કવિ હોય શકે ! તેમના સર્જનાત્મક સાહિત્યમાં મેં તેમનું કવિકર્મ તપાસ્યું છે. હા, તેઓની ભાષા ગ્રામિણ, તળપદી છે. શબ્દો શોધવા માટે તેઓને કોઈ ઝાઝો પરિશ્રમ કરવો પડ્યો નથી. તે સમયની ભાષા-શબ્દો સહજ રીતે તેમની કવિતામાં નિરૂપાયેલા છે. આ સંતકવિ નિર્ગુણની વાત કરે છે. મૂર્તિપૂજા, હોમહવન, વિધિ-

વિધાન, ઓહમ-સોહમ્, મંત્ર-તંત્ર, ઈશ્વરનો અવતાર અને વર્ણાશ્રમનો સખત વિરોધ કરે છે. તેમના સર્જનાત્મક સાહિત્યમાં આ પ્રકારના પદોની સંખ્યા ઘણી વધુ છે. મને લાગે છે કે, વર્ણાશ્રમધર્મ જેને પ્રિય છે. તેમને કદાચ નિરાંત મહારાજ ગૌણકવિ લાગતા હશે. ને તે સ્વાભાવિક પણ છે. કેમ પ્રજ્ઞાવાન મનુષ્ય જ પોતાની પ્રકૃતિનો ત્યાગ કરી શકે છે. નિરાંત મહારાજ ગોહિલ રજપૂત હોવા છતાં, વર્ણાશ્રમનો સખત વિરોધ કરે છે. એજ બતાવે છે કે તેઓ કેટલા પ્રજ્ઞાવાન હશે !

ભારતમાં સંતપરંપરા પ્રાચીનતમ છે. વેદકાલીન ઋષિઓ આર્ષદ્રષ્ટા હતા. સૌપ્રથમ તેમના મુખે સત્ અભિવ્યક્ત થયું. 'ઋગ્વેદ'ના કેટલાક સૂકતો જોતાં આ બાબત સ્પષ્ટ થઈ જાય છે. ભાષા વૈજ્ઞાનિકોએ ભાષાના વૈજ્ઞાનિક અભ્યાસથી શોધી કાઢ્યું છે કે, આ દશમ મંડળની ભાષા એકથી નવ મંડળની ભાષા કરતાં વધુ આધુનિક ભાષા છે. એટલે આ દશું મંડળ ઘણા લાંબા સમય પછી 'ઋગ્વેદ' માં ઉમેરી દેવામાં આવ્યું છે. તે હવે સ્પષ્ટ થઈ ગયું છે. આ દશમાં મંડળમાં વર્ણવ્યવસ્થાની ઉત્પત્તિ ઈશ્વર સર્જિત્ છે, તેમ બતાવવાનો અમાનવીય પ્રયાસ કરવામાં આવ્યો છે. વર્ણવ્યવસ્થા એટલે ચાતુર્વર્ણ વ્યવસ્થા. આ સામાજિકે કે અસામાજિક વ્યવસ્થા અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રના રૂપમાં પ્રસ્થાપિત કરવામાં આવી હતી. જે લોકોનો વર્ણવ્યવસ્થામાં સમાવેશ ન કર્યો, અથવા જે લોકોએ વર્ણવ્યવસ્થાનો સ્વીકાર ન કર્યો ; તેવા લોકો અવર્ણ અને પંચમાં કહેવાયા. જે લોકો બૌદ્ધધર્મીઓ હતા, તેઓ એ આ વિચિત્ર વ્યવસ્થાનો સ્વીકાર ન કર્યો. આ બૌદ્ધધર્મીપ્રજા અવર્ણ, આદિવાસી, અતિશુદ્ર, મહાશુદ્ર તરીકે ઓળખાયા. આ અવર્ણ પ્રજા વર્તમાનમાં અનુ.જાતિ અને અનુ.જનજાતિ તરીકે ઓળખાય છે.

વર્ણ વ્યવસ્થામાં જે શુદ્રવર્ણ છે, તેને દાસની સ્થિતિમાં રાખવામાં આવ્યા હતા. આ શુદ્ર વર્ણની પ્રજાનો ધર્મ એ હતો કે ઉપરના ત્રણ વર્ણની સેવા જ કરવી. નિષ્કામ કર્મયોગ. એજ તેનું કર્મ અને એજ તેમનો ધર્મ. (વર્તમાનમાં શુદ્રવર્ણમાંથી કેટલીક જ્ઞાતિઓને ક્ષત્રિય અને વૈશ્ય બનાવવામાં આવી છે.) વર્ણવ્યવસ્થા અંતર્ગત જાતિ વ્યવસ્થાના આ બધા સ્થિત્યંતરો છે. ઈ.સ.૧૯૪૭ પૂર્વે અર્થાત્ ભારત આઝાદ થયા પૂર્વે આ શુદ્રવર્ણમાં સમાવેશ જ્ઞાતિ-જાતિઓએ ઉપરના ત્રણ વર્ણની સેવા કરવાની રહેતી હતી. તેને શિક્ષણ કે સંપત્તિ રાખવાનો અધિકાર ન હતો. તેઓએ માત્ર નિષ્કામકર્મ જ કરવાનું રહેતું. ખેતીકામ, મજુરી કામ અને કારીગરીનું કાર્ય કરવું પડતું હતું. વેઠપ્રથાનો કડક રીતે અમલ થતો હતો. આ શુદ્ર વર્ણ એટલે વર્તમાનમાં ઓ.બી.સી.માં સમાવિષ્ટ થતી જ્ઞાતિઓનો સમૂહ. આ રીતે

ભારતીય પ્રજા વિભાજિત હતી. વિભાજિત થયેલી ભારતીય પ્રજામાં અજ્ઞાનતા, અંધશ્રદ્ધા, શુકન-અપશુકન, ભૂતપ્રેતની માન્યતા, કૂપમંડૂકતા, ગતાનુંગતિકતા વગેરે પ્રકારના દૂષણો પ્રગટયાં હતા. આ દૂષણોએ સમાજમાં અરાજકતાનું નિર્માણ કર્યું. આ અરાજકતા અને અજ્ઞાનતામાંથી ભારતીય પ્રજાને મુક્ત કરવા વેદોત્તરકાળમાં તથાગત બુદ્ધેસ્તૂત્ય કાર્ય કર્યું હતું. તથાગત બુદ્ધની આ વિચારધારા સમતા, સમાનતા, માનવતા અને બંધુતાની હતી. તેમાં ઊંચ-નીચની ભાવનાને કોઇ સ્થાન હતું. તેમાં જાતિ-જ્ઞાતિ કે વર્ણનું મહત્ત્વ પણ ન હતું. તેમાં હતો મનુષ્ય માત્રનો સ્વીકાર, તેમાં મનુષ્ય-મનુષ્ય વચ્ચે હતી સમતા અને સમાનત. બુદ્ધની આ પરંપરાને 'શ્રમણપરંપરા' કહેવામાં આવે છે. આ પરંપરાએ વર્ણવ્યવસ્થા અને ઈશ્વરનો ઇન્કાર કરી દીધો. અનુમાન આધારિત કોઈપણ વાતનો ઇન્કાર કરી દીધો. તેમનો સિદ્ધાંત હતો 'પ્રતિત્ય સમુત્પાદ' અર્થાત્ 'કાર્ય-કારણનો સિદ્ધાંત'.

તથાગત બુદ્ધે જોયું કે, વર્ણાશ્રમધર્મ કલ્યાણકારી નથી. ઉપરાંત તેમાં હોમ હવન, વિધિ-વિધાન, મંત્ર-તંત્ર, કર્મકાન્ડ અને હિંસાત્મક યજ્ઞો છે. આ સર્વ નિરર્થક છે. ભારતીય સમાજને છિન્નભિન્ન કરનારા અને અમાનવીય છે. અલ્પજન માટે લાભદાયી છે, શ્રેયકર છે. પરંતુ બહુજન માટે તો યાતનાસભર છે. તેથી તથાગતબુદ્ધે 'બહુજન હિતાય-બહુજન સુખાય' સૂત્ર પ્રસ્તુત કરી, માનવધર્મ-લોકધર્મની સ્થાપના કરી, બુદ્ધે પંચશીલ, સમાધિ અને પ્રજ્ઞાને મહત્વ આપ્યું. દુઃખનું કારણ શોધી, દુઃખમાંથી મુક્ત થવા; તેમણે ચાર આર્યસત્યનું પ્રતિપાદન કર્યું. આ ઉપરાંત માનવ કલ્યાણ માટે 'અષ્ટાંગમાર્ગ' પ્રસ્તુત કર્યો. આવા માનવતાવાદી ધર્મથી પ્રેરાઈને ભારતીય પ્રજા બુદ્ધના પ્રબોધેલા ધર્મ તરફ અભિમુખ થઈ હતી.

ભારતના ઈતિહાસનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે, અગિયારમી સદી સુધી ભારતમાં 'બૌદ્ધધર્મ'નું અસ્તિત્ત્વ હતું. અગિયારમી સદીમાં વિદેશથી આવેલા મહમદ ગઝની અને અન્ય આક્રાન્તાઓએ મંદીરો-વિહારોનો નાશ કર્યો હતો. આ આક્રાન્તાઓએ તક્ષશીલા, નાલંદા, કાલીબંગા, પીલીબંગા, વલ્લભી જેવી વિદ્યાપીઠોનો તથા પુસ્તકાલયોનો નાશ કર્યો. બોદ્ધસાધુઓ સમૂહમાં રહેતા હોવાથી, તેમનો સામુહિક સંહાર કર્યો હતો. પરંતુ તથાગત બુદ્ધે પ્રબોધેલા સમતાવાદી અને માનવતાવાદી ધર્મ પ્રજા માનસમાં રહ્યો હતો. પ્રજાજીવનમાં તેની વ્યાપક અસર હતી. વિધર્મીઓની પ્રતિક્રિયામાં બૌદ્ધધર્માચાર્યો, નાથપંથીઓ વગેરે એ પદપ્રકારની રચનાઓ દ્વારા માનવતાવાદી ધર્મનો પ્રચાર અને પ્રસાર ચાલુ રાખ્યો હતો. પરિણામ સ્વરૂપ મધ્યકાલીન ભારતમાં કબીર, રૈદાસ, દાદૂ, નરસિંહ,

મીરાં તીરુવલ્લુવર, સંતતુકારામ, સંત ચોખામેળા, અખો, નિરાંત, ધીરો, બાપુસાહેબ ગાયકવાડ વગેરે જેવા અસંખ્ય સંતકવિઓએ આ માનવતાવાદી ધર્મના પ્રવાહને અવિરત ચાલુ રાખ્યો. ગુજરાતમાં અને રાજસ્થાનમાં 'નિજારધર્મ' કે 'મહાધર્મ' નો પ્રવાહ પણ ચાલુ રહ્યો હતો. આ ઉપરાંત કબીર અને રૈદાસની અસર પણ ગુજરાતના સંતકવિઓએ ઝીલી. પરિણામે ગુજરાતમાં સાહેબ પરંપરાનો જન્મ થયો. 'સાહેબ પરંપરા'ના કવિઓનો સમાવેશ 'રવિ-ભાણ સંપ્રદાય'માં થાય છે. આ નિર્ગુણમાર્ગી સંતપરંપરામાં શીલ, સદાચાર, માનવતા-નૈતિકતા, બંધુતા અને પંચશીલ જેવા ભારતીય મૂલ્યો દૃષ્ટિગોચર થાય છે. હજીયે ગુજરાત-સૌરાષ્ટ્ર અને કચ્છમાં નિર્ગુણમાર્ગી સંતધારા પ્રવાહમાન છે. આ સંતધારાના સત્સંગીઓ પરસ્પર મળે છે, ત્યારે પૂછે છે - 'તમે કોનો બોધ લીધો ?' આ 'બોધ' શબ્દની વ્યુત્પતિ વિચારવા જેવી છે. આ 'બોધ' શબ્દ બુદ્ધના 'બોદ્ધધર્મ'નું સ્મરણ કરાવી જાય છે. સંતવાણી અનુભવની નિરવાણી છે. તેથી તો કબીર સાહેબે કહ્યું હતું કે -

'અનુમાન કા આશરા છોડ દે બાલક,
ઊલટ ઘર અપના દેખ.'

- કબીર.

સંતવાણીમાં મૂર્તિપૂજા, વ્રત, ઉપવાસ, તીરથ, જપ-તપ, પૂણ્યની ભાવનાને કોઈ સ્થાન નથી. નિરાંત મહારાજ કહે છે :

'પૂણ્ય કર્યાથી પાર ન આવે, પૂણ્યનું ખોટારું,
તીરથ, વ્રતને જપ કરી થાક્યા, મન ના કર્યું મારું'

- નિરાંત.

★ ★ ★

પ્રસ્તુત મહાનિબંધમાં નિર્ગુણમાર્ગી નિરાંત મહારાજ વિશે 'સંતકવિ' એવો શબ્દપ્રયોગ કર્યો છે. વર્તમાનમાં કથાકારો અને ભક્તોને ઇલેકટ્રોનિક મિડિયા અને પ્રિન્ટેડ મિડિયા 'સંત' શબ્દથી નવાજે છે. કથાકાર પોતાની પસંદગીના ધાર્મિક પુસ્તકોનો આધાર લઈ, કથા કરે છે. અર્થાત્ વાર્તા કરે છે. એજ રીતે ભક્ત મૂર્તિપૂજા, કર્મકાન્ડ, વ્રત, ઉપવાસ, વિધિ-વિધાન અને ગતાનુગતિક રીતે વર્તે છે. પરિણામે તે અંધશ્રધાળુ અને અજ્ઞાની હોય છે. તેમ છતાં પણ મિડિયા તેઓને 'સંત'નું બિરુદ આપે છે. નૈતિક દૃષ્ટિએ

આ ઘણું ખોટું કહેવાય. કારણ કે તેનાથી સાચા સંતોનું યોગ્ય મૂલ્યાંકન થતું નથી. સમાજ જીવનમાં પણ એક ખોટો સંદેશો જાય છે. 'સંત' અને 'ભક્ત'ને એકસરખા માપદંડથી કેવી રીતે મૂલવી શકાય ?! હિન્દી સાહિત્યમાં અને મરાઠીમાં 'સંત' અને 'ભક્ત'ની અલગ વ્યાખ્યા કરવામાં આવી છે. જયારે ગુજરાતીમાં હજીયે આ કાર્ય બાકી છે. બાહ્ય ટીલાં-પટકાં કે સાધુવેશ ધારણ કરવાથી કાંઈ સંત બની શકાતું નથી. સંત તો મન, વચન અને કર્મથી ઓળખાય છે. સાચા શીલવંત સાધુ વિશે ગંગાસતી કહે છે :

'શીલવંત સાધુને વારે વારે નમીએ, પાનબાઈ,
જેના બદલે નહીં વ્રતમાન રે.'

- ગંગાસતી

સંતવાણીમાં સ્વાનુભાવને મહત્ત્વ આપવામાં આવે છે. કોઈ શાસ્ત્ર કે પોથી-પુરાણને નહીં, તેથી તો કબીર પણ કહે છે :

'મેં કહેતા હું આંખન કી દેખી,
તું કહેતા હેં, કાગજ કી લેખી,
તેરા-મેરા મનુઆ એક કૈસે હોય'

- કબીર

નિરાંત મહારાજ પણ લખે છે :

'અનુભવ એવો રે, અંતર જેને ઉદય થયો,
કૃત્ય ટળયાં તેના રે, તેણે તેનો આત્મ લહ્યો.
આત્મદર્શી જેને કહીએ, આવરણ નાહીં લગાર,
સર્વાતીત ને સર્વનો સાક્ષી, ખટવીશમો નિરધાર,
તેથી પર પોતે રે, એકાએકી આપ રહ્યો.'

- નિરાંત

★ ★ ★

પ્રકરણ-૧ માં નિરાંત મહારાજના સમયના ગુજરાતનું, તેમના જન્મપૂર્વેના ગુજરાતના સમાજ જીવનની તાસીરને વિગતે ચર્ચી છે. સમકાલીન આર્થિક, રાજકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષામાં સમાજ જીવનની વિગતે ચર્ચા કરી છે. તે સમયના

સમાજની સ્થિતિ, અંધશ્રદ્ધા, અજ્ઞાનતા, વહેમ, કામણટૂંમણ, ભૂતપ્રેત, શુકન-અપશુકન વગેરે દૂષણોની ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે.

પ્રકરણ-૨ માં નિરાંત મહારાજના જીવન અને કવનને આવરી લીધું છે. ભારતીય આધ્યાત્મિક ધારાની વિગતે ચર્ચા કરી, સંતવાણીના સંતકવિઓની વિગતવાર ચર્ચા કરી છે. આ ઉપરાંત નિરાંત મહારાજનો જન્મ, તેમનું બાળપણ, ગૃહસ્થજીવન, આ બધું તેમના જન્મસ્થાનગામ, દેથાણ, તાલુકો કરજણ, મિયાંગામ, માલોસણા, વિજાપુર (જુનાગઢ) વગેરે સ્થળોએ જઈ જાત માહિતી પ્રાપ્ત કરી છે. નિરાંત મહારાજનું બાલપણનું નામ રામસિંહ હતું. તેમ વિજાપુરવાસી (જુનાગઢ) ના નિરાંતાચાર્ય જયદેવ બાપુનું કહેવું છે. તેનો આ પ્રકરણમાં નામ જોગ ઉલ્લેખ કર્યો છે. આ પ્રકરણમાં નિરાંત મહારાજના ગુરુ વિશેની વાત કરી છે. નિરાંતપંથ પરંપરા અને તેમના સર્જનાત્મક સાહિત્યની અહીં ચર્ચા કરી છે.

પ્રકરણ-૩માં નિરાંત મહારાજની કાવ્યસંપદાનો પરિચય આપી, તેમના સાહિત્યનું યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કર્યું છે. નિરાંત મહારાજના સાહિત્યનું સ્વરૂપગત અને વિષયગત વિભાજન કરી તેની વિગતે ચર્ચા કરી છે.

પ્રકરણ-૪માં જ્ઞાનમાર્ગની ભૂમિકા અંતર્ગત વેદ-વેદાંત, ષડ્દર્શન, લોકાયિતો, ચાર્વાક દર્શન, બૌદ્ધદર્શન, જૈનદર્શન અને સંતમતની વિવિધ સાધના ધારામાંથી પ્રગટ થતા જ્ઞાન માર્ગનું આલેખન કર્યું છે. તે માટે તેમની વિવિધ કૃતિઓનું જ્ઞાનમાર્ગના આધારે મૂલ્યાંકન કર્યું છે.

પ્રકરણ-૫માં નિર્ગુણમાર્ગની પૂર્વભૂમિકા બાંધી છે. નિર્ગુણમાર્ગની સમીક્ષા કરી તદ્‌વિષયક વિદ્વાનોના મંતવ્યોને આધાર તરીકે સ્વીકાર્યા છે. નિર્ગુણ માર્ગની પ્રાગૈતિહાસિકતા અહીં સિદ્ધ કરી છે. મધ્યકાળના સંત-કવિઓની રચનાઓમાંથી પ્રગટ થતો નિર્ગુણવાદ તથા નિર્ગુણવાદી નિરાંત મહારાજની ભૂમિકાને પણ તપાસી છે.

પ્રકરણ-૬માં 'નિરાંત સંપ્રદાય ઉદ્‌ભવ અને વિકાસ'ની વિગતે ચર્ચા કરી છે. સાંપ્રતમાં આ સંપ્રદાયની ઉપયોગિતા કેટલી ? તે વિષયક અહીં છણાવટ કરી છે. ઉપરાંત ધાર્મિક ગતિ-વિધિ ને પણ તપાસી છે. આ સંપ્રદાયનો ઉદ્‌ભવ કેવી રીતે થયો ? તથા સંપ્રદાયની ગુપ્ત સાધના ને પ્રત્યક્ષ મૂલાકાત દ્વારા પ્રાપ્ત કરી. અહીં મૂકી આપી છે. ઉપરાંત આશ્રમના નીતિ-નિયમોનું પણ આલેખન કર્યું છે.

પ્રકરણ-૭માં વૈચારિક ક્રાન્તિકારી તરીકે નિરાંત મહારાજને ચિત્રિત કર્યા છે. તેમના સર્જનાત્મક સાહિત્યમાંથી પ્રગટ થતી વૈચારિક ક્રાન્તિની અહીં આ પ્રકરણમાં નોંધ લીધી છે. તેમનું સાહિત્ય પ્રશિષ્ટ છે, કેમ કે સાંપ્રતમાં પણ તેમના વિચારો પ્રસ્તુત છે. અંધધાર્મિકતા, વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિ-જાતિનું તિરોધાન તેમના વિચારો દ્વારા થાય છે. આ બધું અહીં વિગતે આલેખિત કર્યું છે.

★ ★ ★

નિગુર્ણમાર્ગી નિરાંત મહારાજ તેમના જીવન અને કવન દ્વારા કીર્તિપ્રાપ્ત કરી ગયા છે. અલબત સંતો ને કીર્તિ, માન-મરતબો કે પ્રસિદ્ધિની ખેવના નથી હોતી. તેઓ તો વહેતા ઝરણા જેવા હોય છે. કહેવાય છે ને કે -

'સરોવર, તરુવર સંત જન ચોથા બરસે મેહ,
પરમારથ કે કારન ચારોયે ધરિયા દેહ.'

એ રીતે સંતજન પરોપકારી હોય છે. નિરાંત મહારાજનો સમય ૧૮મી સદીનો ઉતરાર્ધ અને ૧૯મી સદીનો પૂર્વાધ રહ્યો છે. આ સમય દરમિયાન ગુજરાતનું સામાજિક જીવન અસ્ત વ્યસ્ત હતું. તે બાબતની ચર્ચા પ્રકરણ-૧માં વિગતે કરી છે. નિરાંત મહારો સંત જીવન વ્યતીત કરી, સંતપ્ત પ્રજાને પ્રેરણાના પિયુશ પાયાં હતાં. સાંપ્રતમાં પણ તેમના વિચારો એટલા જ પ્રસ્તુત છે. વર્તમાનમાં અનેક ધર્મસંપ્રદાયો બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળયા છે. કાળા નાણાનો દાન તરીકે સ્વીકાર કરી, સાધુવેશ પહેરી ભૌતિક જીવન જીવી રહ્યા છે. પ્રજાની કોઈને પડી નથી. ત્યારે આ પ્રકારની સંતવાણી પ્રજા જીવનને જીવવાનું બળ પૂરું પાડે છે.

# : પરિશિષ્ટ :


| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/પ્રકાશક |
|---|---|---|
| ૦૧ | આપણી ભજનવાણી | ગંગાદાસ મહેતા |
| ૦૨ | આગમવાણી | ડૉ. નાથાલાલ ગોહિલ |
| ૦૩ | આત્મચેતનાનું મહિયર | ડૉ. હિંમાશુ ભટ્ટ |
| ૦૪ | આત્મવિલાસ ભજન સાગર | સંપા. સોમાજી મકવાણા |
| | યાને યોગવાણી | |
| ૦૫ | આધુનિક ગુજરાતીના સંતો | ડૉ. કે. એ. ઠક્કર |
| ૦૬ | આપણી લોકસંસ્કૃતિ | જયમલ પરમાર |
| ૦૭ | કબીર બીજક ગ્રન્થ | કબીર : સ્વામી બ્રહ્મલીન મુનિ મહારાજ |
| ૦૮ | કબીર | લે. ક્ષિતિમોહન સેન |
| | | અન. મોહનદાસ પટેલ |
| ૦૯ | કબીર | ડૉ. પારસનાથ તિવારી |
| | | અનુ. રઘુવીર ચૌધરી |
| ૧૦ | કચ્છના સંતો અને કવિઓ | દુલેરાય કાનાણી |
| ૧૧ | કબીર બ્રહ્મ પ્રકાશ | શ્રીમાન તપસ્વી સાહેબ |
| ૧૨ | કબીર | લે. હજારીપ્રસાદ દ્વિવેદી |
| | | અનુ. કિસનસિંહ ચાવડા |
| ૧૩ | કબીર વચનાવલી | અનુ. પિનાકીન ત્રિવેદી |
| | | રણવીર ઉપાધ્યાય |
| ૧૪ | કબીરવાણી વિલાસ | સંપા. નૌતમકાન્ત વિલાસી |
| ૧૫ | કબીરનો વારસો | જયેન્દ્ર ત્રિવેદી |
| ૧૬ | કબીર સંપ્રદાય | કિસનસિંહ ચાવડા |
| ૧૭ | કબીર સાહેબ | રાજેન પટ્ટણી |
| ૧૮ | કબીર સાહેબના ભજનો | મણિલાલ મહેતા |
| ૧૯ | ગુજરાતી સાહિત્ય કોશ ખંડ-૧ | સંપા. જયન્ત કોઠારી |
| | (મધ્યકાળ) | જયન્ત ગાડિત |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/પ્રકાશક |
|---|---|---|
| ૨૦ | ગંગાસતીનું અધ્યાત્મ દર્શન | ભાણદેવ |
| ૨૧ | ગુજરાતી સાહિત્યમાં સૂફી રહસ્યવાદ | ડૉ. દશરથભાઈ ઠક્કર |
| ૨૨ | ગુરુગુન લિખા ન જાય | શૈલેષ ટેવાણી |
| ૨૩ | ધુમ્મસને પેલેપાર | મકરન્દ દવે |
| ૨૪ | બીજક-કબીર | હનુમાનદાસજીસાહેબ |
| ૨૫ | ભજન મીમાંસા | ડૉ. નિરંજન રાજયગુરુ |
| ૨૬ | ભજન રસ | મકરન્દ દવે |
| ૨૭ | ભાણગીતા | સં. લાલબાપુ-હાથીજણ |
| ૨૮ | મધ્ય.ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા | ડૉ. બળવંત જાની |
| ૨૯ | ભારતીય દર્શન ભાગ-૧ | ડૉ. રાધાકૃષ્ણ |
| ૩૦ | મરમી સંતોનું દર્શન | જયંતિલાલ આચાર્ય |
| ૩૧ | યોગ વેદાંત ભજન ભંડાર | સં. પ્રેમવશ ગોવિંદરામ |
| ૩૨ | રામકબીર સંપ્રદાય | ડૉ.કાન્તિકુમાર ભટ્ટ |
| ૩૩ | રવિએ રમતા દીઠો | ડૉ. નાથાલાલ ગોહિલ |
| ૩૪ | રવિ ગીતા બ્રહ્મપ્રકાશ | રવિરામ સાહેબ |
| ૩૫ | રવિ-ભાણ સંપ્રદાયની વાણી | સંપા. ન્હાનાલાલ વ્યાસ |
| ૩૬ | રવિ-ભાણ સંપ્રદાયની વાણી | સંપા. મંછારામ મોતી |
| ૩૭ | સત કેરી વાણી | મકરન્દ દવે |
| ૩૮ | સદ્‌ગુરુ સુધા | મહંત સ્વામી સત્યરામ શાસ્ત્રી |
| ૩૯ | સમિધ-૨ | સંપા. સુરેશ દલાલ |
| ૪૦ | સંત કબીર | જયેન્દ્ર ત્રિવેદી |
| ૪૧ | સંતવાણી તત્ત્વ અને તંત્ર | સં.ડૉ. બળવંત જાની |
| ૪૨ | સંતવાણીનું સત્વ અને સૌંદર્ય | ડૉ. નાથાલાલ ગોહિલ<br>ડૉ. મનોજ રાવલ<br>ડૉ. નિરંજન રાજયગુરુ |
| ૪૩ | સંતસુધા -૧ | જોરાવરસિંહ જાદવ |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/પ્રકાશક |
|---|---|---|
| ૪૪ | સેવાધરમના અમરધામ | જયમલ પરમાર |
| | | રાજુલ દવે |
| ૪૫ | સોરઠી સંતવાણી | ઝવેરચંદ મેઘાણી |
| ૪૬ | સૌરાષ્ટ્રના સંતો | દેવેન્દ્રકુમાર પંડિત |
| ૪૭ | સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ | ડૉ.નાથાલાલ ગોહિલ |
| ૪૮ | હરિજન સંત અને લોકસાહિત્ય | ડૉ. દલપત શ્રીમાળી |
| ૪૯ | જ્ઞાનમાર્ગી કાવ્યધારીની ભૂમિકા | ડૉ. સુરેશ જોશી |
| ૫૦ | શ્રી નિરાંત સુધાસાગર | નિરાંત આશ્રમ મોલાસણા |
| | | સં. નરભેરામ ગુરુ પરસોતમદાસ |
| | | માલોસણા તા. વડગામ, જિ. બનાસકાંઠા |
| ૫૧ | જીવન મુક્ત પ્રકાશ | વાલજીરામ ઉગારામ ડાંગર |
| ૫૨ | જયદેવ પ્રકાશ | સકરાભાઈ કાનજીભાઈ મેવાડા |
| ૫૩ | હિન્દી કે જનપદસંત | સંપા. કાકાસાહેબ કાલેલકર અને અન્ય |
| ૫૪ | કબીર ગ્રન્થાવલી | સંપા. ડૉ. ભગવદ્ સ્વરૂપ મિશ્રા |
| ૫૫ | ગુજરાત કે સંતો કી હિન્દીવાણી | સંપા. અંબાશંકર નાગર |
| ૫૬ | કબીર ઔર કબીર પંથ | કેદારનાથ ત્રિવેદી |
| ૫૭ | કબીર પરંપરા | ડૉ. કાન્તિકુમાર ભટ્ટ |
| ૫૮ | સાખી ગ્રન્થ ભાગ-૧,૨ | શ્રી હનુમાન દાસજી સાહેબ |
| ૫૯ | સત્સાહેબની શબ્દાવલી | સંકલન. વડનગર કે મણિલાલ મહેતા |
| ૬૦ | હિન્દી કે નિર્ગુણ સંતો | |
| ૬૧ | તિપિટ્ટક મે સમ્યક સમ્બુદ્ધ ભાગ-૨ | સત્યનારાયણ ગોયેન્કા |
| ૬૨ | હિન્દી સાહિત્ય કા ઈતિહાસ | વિજયેન્દ્ર સ્નાતક |
| ૬૩ | મનહરી પૂજા હી ધૂપ (રૈદાસવાણી) | ઓશો રજનીશ |
| ૬૪ | ભારત કે પ્રાચીન નગરો કા પતન | રામશરણ શર્મા |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/પ્રકાશક |
|---|---|---|
| ૬૫ | સિન્ધુઘાટી સભ્યતા કે સૃજનકર્તા શુદ્ર ઔર વણિક | ડૉ. નવલ વિયોગી |
| ૬૬ | કોલી જાતિ કા ઈતિહાસ | કનૈયાલાલ સંચરિક |
| ૬૭ | એશિયા કે મહાન બૌદ્ધ સમ્રાટ | ડૉ. ભિક્ષુ મેઘંકર |
| ૬૮ | મહાવંશ | અનુ. ભદંતઆનંદ કૌશલ્યાયન |
| ૬૯ | નાગસંસ્કૃતિ | ડૉ. અવન્તિકા પ્રસાદ મરમર |
| ૭૦ | ચંદ્રગુપ્ત મૌર્ય ઔર ઉસકાકાલ | રાધાકુમુદ મુખર્જી |
| ૭૧ | મૂજા ખોજો વિવાદ મિટેગા | સંકલન અને અનુવાદ. શ્યોરાજસિંહ |
| ૭૨ | નંદમૌર્ય યુગીન ભારત | કે. એ. નીલકંઠ શાસ્ત્રી |
| ૭૩ | સંક્ષિપ્ત બુદ્ધચર્યા | અનુ.ભદંતઆનંદ કૌશલ્યાયન |
| ૭૪ | પંચીકરણ (ગુજરાતી) | ભાષાંતર : વેદાન્ત કવિ હીરાલાલ જાદવરાય બૂચ |
| ૭૫ | શ્રી નિરાંત કાવ્ય | પ્રકાશક: નિર્લોભીસંત ભક્તરાજ લક્ષ્મીદાસજી મહારાજ |
| ૭૬ | શ્રી નિરાંત કાવ્ય | પ્રકાશક: નટવરલાલ પંડયા |
| ૭૭ | એકતા જ્ઞાનપ્રકાશ | રામજીભાઈ ભેમાભાઈ ચૌધરી |
| ૭૮ | કાવ્યમાળા | ભક્તશ્રી ડાહીબહેન કાળીદાસ |
| ૭૯ | રામચરિત માનસ | સંક્ષેપ અને ભાષાંતર : રામનારયણ નાગરદાસ પાઠક |
| ૮૦ | નારણરામની અમૃતવાણી | સંપા.: અમરસિંહ આર. સોસા |
| ૮૧ | ચૂંટેલા ભજનો | સંપા.: નરોત્તમ પલાણ |
| ૮૨ | શ્રી બાપુ કાવ્ય | સંપા.: લીલાબેન ભવાનસિંહ રાઠવા |
| ૮૩ | કાલીદાસ અમરપ્રકાશ | પ્રકા.: રમેશભાઈ પ્રભુદાસ |
| ૮૪ | સનાતન ધર્મ | લે. મણિલાલ નભુભાઈ દ્વિવેદી |
| ૮૫ | કાવ્ય પરિચય | સંગ્રાહક : રામનારાયણ વિ. પાઠક નગીનદાસ ના. પારેખ |

# સત્સંગીઓની મૂલાકાત

| ક્રમ | નામ | ગામ/તાલુકો/જિલ્લો |
|---|---|---|
| ૦૧ | શ્રી નરભેરામ ગુરુ પુરુષોત્તમદાસ<br>નિરાંત આશ્રમ-માલોસણા-ગાદીપતિ. | માલોસણા, તા. વડગામ<br>જિ. બનાસકાંઠા |
| ૦૨ | નિરાંત આચાર્ય રતુરામ મહારાજ<br>નિરાંત આશ્રામ-દેથાણ-ગાદીપતિ | દેથાણ, તા. કરજણ જિ. વડોદરા |
| ૦૩ | ઈન્દ્રવદનભાઈ જોશી-નિરાંત આચાર્ય<br>નિરાંત આશ્રમ મિયાગામ-ગાદીપતિ | મિયાગામ, તા. કરજણ જિ. વડોદરા |
| ૦૪ | લક્ષ્મીદાસ મોહનદાસ પટેલ | દાળિયાવાડી, વડોદરા |
| ૦૫ | દીપસંગભાઈ ગોહિલ<br>(નિરાંત મહારાજની છઠ્ઠી પેઢીના વારસ) | દેથાણ, તા. કરજણ જિ. વડોદરા |
| ૦૬ | અમરદાસ મહારાજ (કબીરપંથ) | મોટા કોટડા, તા. વિસાવદર જિ.જુનાગઢ |
| ૦૭ | જયદેવ બાપુ-નિરાંત આચાર્ય | મું. વિજાપુર, તા. જુનાગઢ જિ. જુનાગઢ |
| ૦૮ | નારણરામ મહારાજ (મહંત)<br>(કબીર પંથ પરંપરા) | સતનામ સતસંગ આશ્રમ<br>મુ.પો.મિતિયાજ<br>તા. કોડીનાર જિ.જુનાગઢ |
| ૦૯ | અરજણભગત | કરમદી |
| ૧૦ | ડૉ. રાજુભાઇ જે મયાત્રા | દેવગઢબારિયા જિ. દાહોદ(પંચમહાલ) |
| ૧૧ | જાદવભાઈ સીદીભાઈ રાઠોડ | આલીદર તા. કોડીનાર જિ. જુનાગઢ |
| ૧૨ | વાઢેર નાથાલાલ ભાણાભાઈ | મુ.મોટી ફાફણી<br>તા.કોડીનાર જિ.જુનાગઢ |
| ૧૩ | કેસરીસિંહજી રાઠોડ | મુ. મિતિયાજ તા. કોડીનાર જિ.જુનાગઢ |
| ૧૪ | સીદીભાઈ રાણાભાઈ સોચા | મુ. મિતિયાજ તા. કોડીનાર જિ.જુનાગઢ |
| ૧૫ | મસરીભાઈ ગોવિંદભાઈ વાઝા | મુ. મિતિયાજ તા. કોડીનાર જિ.જુનાગઢ |
| ૧૬ | લખમણભાઈ રાણાભાઈ સોચા | મુ. મિતિયાજ તા. કોડીનાર જિ.જુનાગઢ |
| ૧૭ | તેજાભાઈ હામાભાઈ ચાવડા | મુ. મિતિયાજ તા. કોડીનાર જિ.જુનાગઢ |
| ૧૮ | બાબુભાઈ ઉગાભાઈ વાઢેર | મુ. મિતિયાજ તા. કોડીનાર જિ.જુનાગઢ |

| ક્રમ | નામ | ગામ/તાલુકો/જિલ્લો |
| --- | --- | --- |
| ૧૯ | કાનજી જાદવજી પરમાર | મુ. મિતિયાજ તા. કોડીનાર જિ.જુનાગઢ |
| ૨૦ | લખમણભાઈ જીવાભાઈ પારધી | મુ. સાંઢવાયા<br>તા. કોટડા સાંગાણી જિ. રાજકોટ |
| ૨૧ | જયંતીભાઈ ભીખાભાઈ મકવાણા | એમ.ડી. નગર, જુનાગઢ હાઈવે,<br>કેશોદ. જિ. જુનાગઢ |
| ૨૨ | દેવશીભાઈ ભીખાભાઈ ગોહિલ | ગીતાનગર-૨, એરપોર્ટ રોડ,<br>કેશોદ. જિ. જુનાગઢ |